જો. બનાકે

ક્યોં મેરી મિટ્ટી ખરાબકી?



અમૃત કેશવ નાયક.

જન્મ: સંવત ૧૯૩૩
વૈશાખ, શુક્લ પ્રતિપદા.

મરણ: સંવત ૧૯૬૩
અષાઢ, શુક્લાષ્ટમી.

એમ. એ. બનાકે
ક્યોં મેરી મિટ્ટી ખરાબકી?

લખનાર

અમૃત કેશવ નાયક

"તાલીમ યુનિવર્સિટી ખાના ખરાબકી,"
"એમ. એ. બનાકે ક્યું મેરી મિટ્ટી ખરાબકી?"

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસમાં
સાસૂન બિલ્ડિંગ્સ, સર્કલ, કોટ, મુંબઇમાં
મણિલાલ ઇચ્છારામ દેસાઇએ છાપી પ્રકટ કર્યું.

વિ૦ સં૦ ૧૯૭૫. ઈ. સ. ૧૯૧૯

કિંમત રૂ. ૧-૮-૦

(દ્વિતીય મુદ્રણ)

મુંબઈ:
"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ, કોટ.

ઉપોદ્ઘાત

"જો સુખનવર હયઁ વોહી, લુકે સુખન રખતે હયઁ;
વર્ના કહને કો તો ગૂંગેભી દહન રખતે હયઁ."

એક ઉર્દુ કવિ.

આજથી લગભગ બે અઢી વર્ષ પૂર્વે "ગુજરાતી" નામક સુપ્રસિદ્ધ પત્રમાં સમાપ્ત થયેલી અને ગુર્જરીય પ્રજામાં પ્રશંસાને પાત્ર થયેલી "**એમ. એ. બનાકે ક્યોં મેરી મિટ્ટી ખુરાબકી ?**" નામક નવલકથા, આજે ગ્રંથના આકારમાં વાંચકો સમક્ષ રજુ થાય છે. જેવી રીતે "ગુજરાતી" પત્ર પોતાનાં ભેટનાં પુસ્તકોદ્વારા ઐતિહાસિક જ્ઞાનામૃતનું વાંચકોને પાન કરાવે છે, તેવી જ રીતે સામાજિક અને વર્તમાન રાજકીય વિષયને ચર્ચતી નવલકથાઓ પ્રકટ કરી, ગુર્જરીય પ્રજાને એ વિષયોનો પણ ભાસ કરાવવો જોઇએ, એવા ઉદ્દેશથી જ પ્રથમવાર ઉપર્યુક્ત નવલકથા એ પત્રમાં પ્રકટ કરવામાં આવી હતી.

આ વાર્તાનું પુસ્તક વાંચકો સમક્ષ રજુ કરતાં જેટલો આનંદ થાય છે, તેટલો જ ખેદ એટલા માટે થાય છે કે, એ નવલકથાના લેખક **અમૃત કેશવ નાયક**, પોતાની કૃતિને પુસ્તકના આકારમાં પ્રકટ થયેલી જોવા માટે જીવતા નથી; બે વર્ષથી તેમનો સ્વર્ગવાસ થયો છે. એથી, અર્થાત્ પુસ્તકની ઉપયોગિતાનું વર્ણન કરવા પૂર્વે, સ્વ. **અમૃત કેશવ નાયક**—પ્રસ્તુત ગ્રંથના કર્ત્તાનું—જીવન સંક્ષેપમાં અહીં આપવું, એવી એમના ઘણા મિત્રોની ઇચ્છાને વશવર્તી, આ સંક્ષિપ્ત જીવન આપવાનો પ્રયાસ કીધો છે, જે અસ્થાને તો નહિ જ ગણાય. અમૃતના જીવનમાં એટલી બધી અનુકરણીય ગુણાવલિ સમાયલી હતી કે, તેના સ્ફોટ માટે બીજો આટલો જ ગ્રંથ લખવો જોઇએ, પરંતુ સ્થાન અને સમયનો અભાવ હોવાથી, સંક્ષિપ્ત જીવનથી અત્યારે તો એમના મિત્રોએ સંતુષ્ટ થવું પડશે.

અમૃતનો જન્મ અમદાવાદની ત્રાગાળા જ્ઞાતિના કેશવલાલ નામક એક ગૃહસ્થ પિતાના ગૃહમાં થયો હતો. એમનાં માતુશ્રીનું નામ સંતોકબાઈ—જે આજે હયાત છે. પનાભાઈ અને વલ્લભદાસ નામના બે ભાઇઓ તેમને હતા. એમાંના પનાભાઈ આજથી લગભગ છ વર્ષ પહેલાં જ સ્વર્ગવાસી થયા છે અને સર્વથી ન્હાના વલ્લભદાસ મુંબઇની પારસી નાટક મંડળીના ડાયરેક્ટર છે.

અમૃતનો જન્મ વિક્રમાર્ક ૧૯૩૩ ના વૈશાખ માસની શુક્લ પ્રતિપદાને દિવસે અમદાવાદમાં થયો હતો અને વિક્રમાર્ક ૧૯૬૩ ના આષાઢ માસની શુક્લાષ્ટમીને દિવસે મુંબઈમાં પરલોકવાસ થયો હતો. મૃત્યુસમયે એનું વય માત્ર ૩૧ વર્ષનું જ હતું. અમૃતના જન્મ સમયે તેના પિતાની આર્થિક અવસ્થા સારી ન હોવા છતાં પણ સાધારણતઃ વિદ્યામાં અભિરુચિ ધરાવનારા હોવાથી, પોતાના પુત્રને તેમણે પાંચેક વર્ષની વયે અમદાવાદમાં સ્વામીનારાયણના મંદિર પાસે આવેલી કેશવલાલ નામના મહેતાજીની નિશાળમાં ભણવા બેસાડ્યો. ત્યાં તેમણે ગુજરાતી (હોપસીરીઝ) બે ચોપડીઓનો અભ્યાસ કર્યો! એ પછી સાત વર્ષની અવસ્થા થતાં તેઓ હરિયાપુરમાંની મ્યુનિસિપલશાળામાં ભણવા બેઠા અને ત્યાં પાંચ ચોપડી સુધી અભ્યાસ કરીને ગુજરાતી ભાષાના અભ્યાસનો તેમણે ત્યાગ કર્યો. પોતાને બાલ્યાવસ્થામાં જ સ્વાભાવિક રીતે ઉર્દુ ભાષા તરફ વધારે અભિરુચિ હોવાથી, અમદાવાદ કાળપુરની ઉર્દુ નિશાળમાં ઉર્દુ બે ચોપડીઓની પરીક્ષા આપી અને એ પરીક્ષાઓ આપવા સાથે જ તેમનાં શાળાશિક્ષણની ઇતિશ્રી થઈ!

અમૃતના પિતાની સાંસારિક સ્થિતિ સારી નહોતી, એટલે એટલો અભ્યાસ કરાવ્યા પછી પોતાના પુત્રને તેમણે ધંધે વળગાડવાનો પ્રયત્ન કરવા માંડ્યો. અચાનક યોગ આવી મળવાથી અમૃતનો મુંબઇની એક નાટક મંડળી સાથે સંબંધ થયો. એ નાટક મંડળી તે અત્યારે સમસ્ત ભારતવર્ષમાં એકે અવાજે વખણાતા નામાંકિત ઍક્ટર અને બાહોશ માલિક કાવસજી પાલનજી ખટાઉની 'ઓરીજીનલ આલ્ફ્રેડ નાટક મંડળી' જ છે. એ નાટક મંડળી તે સમયમાં કોટમાં ટિવોલી અને ગેઇટી થીએટરમાં પોતાના ખેલો ભજવતી હતી. અમૃત શરુઆતમાં જ ચાળીસ રૂપિયાના પગારથી નાટક તખતાપર આવ્યો હતો. પોતાના પુત્રની દેખરેખ માટે તેમના પિતા કેશવલાલ પણ મુંબઇમાં તેની સાથે જ રહેતા હતા. નાટકના વ્યવસાયના મંગલાચરણમાં જ 'ગામરેની ગોરી' નામના નાટકમાં ઈશાનીની અને 'બીમારે બુલબુલ' નામના નાટકમાં ગુંબાની ભૂમિકા ભજવીને કાવસજીની, તેમ જ પ્રેક્ષકોની એટલી બધી પ્રશંસા મેળવી હતી કે, ભાગ્યે જ કોઈ અલ્પવયી બાળક પાત્રને એવો પ્રસંગ પ્રાપ્ત થયો હશે અથવા થશે. કેટલાક કાળ પછી એ કંપનીના મહમ્મદઅલી નામના ભાગીદાર કાવસજીથી છૂટા પડ્યા અને તેમણે 'નવી આલ્ફ્રેડ નાટક મંડળી' નામની નાટક કંપની સ્થાપી. અમૃત પણ એ કંપનીમાં આવ્યા અને ત્યાં કંપનીના અનુભવી ડાયરેક્ટર સોરાબજી ઓગરાના હાથ તળે ઍસિસ્ટંટ ડાયરેક્ટરનું કામ કરવા લાગ્યા. ઍક્ટીંગ (અભિનય)

અને ઉર્દુ ભાષાપરના તેમના સારા કાબૂને લીધે જ, એ જવાબદારીનું કામ તેમને સોંપવામાં આવ્યું અને તેમાં અંતપર્યંત તેઓ ફતેહમંદ નીવડ્યા છે કે કેમ, તે નાટ્યકળાના શોખીનો સારી રીતે જાણે છે. ઍસિસ્ટંટ ડાયરેક્ટરનું કામ સંભાળવા ઉપરાંત તે 'અલાઉદ્દીન' નાટકમાં અલાઉદ્દીન અને 'લયલા ઉર્ફે સિતાર-યે મિંગરેલીયા' આદિ નાટકોમાં પણ મુખ્ય નાયકની ભૂમિકા ભજવતો, તેમજ સાથે પોતાના ઉર્દુ અભ્યાસમાં પણ વધારો કરતો. જો મારી સ્મરણશક્તિ મને દગો ન દેતી હોય તો ઈ. સ. ૧૮૯૭ કે ૯૮ સુધી અમૃત એ કંપનીમાં હતો અને રૂ. ૭૦ ના પગાર સુધી આવી પહોંચ્યો હતો. નવી આલ્ફ્રેડ નાટક મંડળીનો 'લયલા' નામનો નવો ખેલ ઇ. સ. ૧૮૯૫ માં બહાર પડયો, તે વેળાએ જ મારો અમૃત સાથે મિલાપ થયો અને અંતપર્યંત તે સંબંધ અખંડ અને અવિચળ હતો–કારણ કે મિત્રના સંબંધને જાળવી રાખવાની અમૃતના અંગમાં કાંઈક આશ્ચર્યકારક યોગ્યતા હતી.

ઈ. સ. ૧૮૯૭ કે ૯૮ માં 'નવી આલ્ફ્રેડ નાટક મંડળી'ની નોકરી છોડવાનો યોગ તેમને કેવી રીતે પ્રાપ્ત થયો, એ જાણવા માટે કાવસજી ખટાઉનો થોડોક ઇતિહાસ અહીં આપવો આવશ્યકીય છે. કાવસજી ખટાઉ અને મહમ્મદઅલી પોતાના ભાગીદાર તરીકેના સંબંધને તોડીને જૂદા પડ્યા અને મહમ્મદઅલીએ નવી નાટક કંપની કરી, તે દરમ્યાન કાવસજી ખટાઉએ પોતાની જૂની કંપની કેટલાક વખત સુધી ચલાવી અને ત્યાર પછી તેઓ બાલીવાલાની વિક્ટોરિયા નાટક મંડળીમાં ભાગીદાર તરીકે જોડાયા. મીસ મેરી ફ્રેન્ટન નામની જાણીતી અંગ્રેજ એક્ટ્રેસ (નર્તકી) પણ તેમની સાથે જ હતી. બેક વર્ષ પછી કેટલાંક કારણોને લીધે ખટાઉએ વિક્ટોરિયા કંપની સાથેનો પોતાનો સંબંધ પૂરો કર્યો અને કેટલાક દિવસ છૂટા છવાયા પારસી સંસારી ખેલો ભજવ્યા પછી, પાછી એક નવી નાટક મંડળી ઉભી કરવાનો તેમણે પ્રયત્ન કરવા માંડ્યો. રેનાલ્ડના 'લયલા ઑર ધિ સ્ટાર ઑફ મિંગરેલીયા' નામક નૉવેલના આધારે તેમણે 'લયલા ઉર્ફે સિતાર-યે મિંગરેલીયા' નામનું ઉર્દુ નાટક લખાવ્યું. રિહર્સલ ચલાવીને નાટક તૈયાર કર્યું અને તે ગ્રાન્ટરોડપરના રીપન થીએટરમાં થોડા દિવસમાં જ પ્રેક્ષકો સમક્ષ રજુ થવાનું હતું, એટલામાં એકાએક મિસ મેરી ફ્રેન્ટન સાથે કાંઈ વૈમનસ્ય થતાં તે સિંગાપોર ચાલી ગઈ અને બીજાં પણ કેટલાંક એવાં કારણો બની ગયાં કે, જેને લીધે ખટાઉને કંપની બંધ જ કરવી પડી. પોતાનો તૈયાર ખેલ અને ડ્રેસ સીન સીનેરી વગેરે તૈયાર સામાન તેમણે નવી આલ્ફ્રેડ

કંપનીના માલિક અને પોતાના જૂના ભાગીદાર મહમ્મદઅલીને વેચી નાંખ્યો અને પોતે પણ ૧૭૫ કે ૨૦૦ રૂપિયાના પગારે એ જ કંપનીમાં એક્ટર અને એસિસ્ટંટ મેનેજરનાં કામો સંભાળવાની શરતથી નોકરીમાં રહ્યા. ખટાઉનો એ પણ એક ન ભૂલી શકાય તેવો વખત હતો–જે માણસોનો એક વખતે પોતે શેઠ હતો, તેમના હાથ તળે જ નોકરી કરવાનો પ્રસંગ આવ્યો. છતાં "કાઉ ખટાઉ"એ ઘણી જ શાંતિ અને ધીરતાથી એ દિવસો વીતાવ્યા હતા. 'લયલા'માં તેમનો ટયૂનરનો પાર્ટ ઘણો જ વખણાયો.

"નવી આલ્ફ્રેડ નાટક મંડળી"માં બે અઢી વર્ષ તો શાંતિથી ખટાઉએ ગાળી કાઢયાં, પરંતુ કેટલાક અદેખાઓની અંદરખાનેની અદેખાઈ અને તુંદાઇને લીધે પુનઃ તેમનો નવી નાટક મંડળી કરવાનો વિચાર થયો. એ દરમ્યાન અમૃત પણ કેટલાંક ખાનગી કારણે, અને એ કંપનીમાં ભોગવવી પડતી અસહ્ય પરતંત્રતાને લીધે, નોકરીથી કંટાળી ગયો હતો. જૂના શેઠ અને જૂના નોકર એકમત થયા. પ્રથમ ખટાઉએ નોકરી છોડી દીધી અને ત્યાર બાદ કાયદેસર નોટીસ વગેરે આપીને અમૃતે પણ એ કંપની સાથેનો સંબંધ છોડ્યો. ખટાઉને જોઈતી મદદ મળી, કંપની ઉભી કરવામાં આવી, અમૃત ડાયરેક્ટરની જગ્યાએ નીમાયો અને એ 'જૂની આલ્ફ્રેડ નાટક મંડળી'એ નવા રૂપમાં દેખાવ આપી, મુંબઈની પ્રજા સમક્ષ પોતાના પ્રથમ પ્રયત્ન તરીકે 'ખૂને નાહક' (શેકસ્પીયરકૃત 'હેમ્લેટ') નામનો ખેલ રજુ કર્યો. ઉર્દુ રંગ ભૂમિપર પૂર્ણ શોકપર્યવસાયી (ટ્રેજેડી) નાટકો ભજવવાની પહેલ કરનાર જો કોઈ પણ હોય તો તે ખટાઉ જ છે. અમૃત અને ખટાઉના નાટકની કળાને વધારવાના સંબંધમાં એક જ પ્રકારના વિચારો હોવાથી, પોતાની નવી પદ્ધતિને અનુસરીને તેમણે 'ખૂનેનાહક', 'મુરીદેશક', 'બાજમેફાની', 'અસીરેહિર્સ' અને 'શહીદેનાજ' આદિ શેકસપીયર અને શેરીડન જેવા અંગ્રેજ નાટકકારોનાં નાટકોને ઉર્દુ પોશાક પહેરાવી, એવી તો દક્ષતાથી હિંદુસ્તાનની પ્રજા સમક્ષ રજુ કર્યાં કે, સમસ્ત આર્યાવર્ત્તમાં એ નાટક મંડળી ધન્યવાદ મેળવવાને ભાગ્યશાળી થઈ, અને કેટલાક રસજ્ઞોએ, પત્રોમાં ભાવ અભાવ દર્શાવનારી છૂટથી ટીકાઓ પણ કીધી. આજે બધી ઉર્દુ નાટક મંડળીઓએ ખટાઉ અને અમૃતની એ પદ્ધતિનું એક સરખી રીતે ડગલે ને પગલે અનુકરણ કરવા માંડયું છે, એ કાંઈ જેવા તેવા માનનો વિષય નથી.

અમૃતને બાલ્યાવસ્થાથી જ વિદ્યાની વિશેષ અભિરુચિ હતી, પરંતુ નવી આલ્ફ્રેડ નાટક મંડળીમાં પરતંત્રતા વિશેષ હોવાથી એ વિદ્યાનો વિકાસ

કરવાનો તેમને પ્રસંગ મળી શક્યો નહોતો. હવે પુનઃ ખટાઉ જેવા ઉદાર અને વિદ્યાવિલાસી શેઠના ગૃહમાં આવવાથી અને પોતે જ એ કંપનીના ડાયરેક્ટર અથવા રિહર્સલ મેનેજર હોવાથી, તેમને પૂર્ણ સ્વતંત્રતા મળી અને તેથી ધીમે ધીમે પોતાનો વ્યવસાય કરતાં અવકાશનો જેટલો સમય મળતો, તેનો વિદ્યાના વિલાસમાં ઉપયોગ કરવાનો આરંભ કર્યો. દિલ્હી, લખનૌ અને બનારસ વગેરે પ્રદેશમાં કંપની સાથે અનેકવાર પ્રવાસ કરવાનો પ્રસંગ આવેલો હોવાથી અને ત્યાં હિન્દી ભાષાના સારા સારા કવિઓ તથા પંડિતોનો પરિચય થયેલો હોવાથી, તેમને ઉર્દુ ઉપરાંત હિન્દી ભાષાનો પણ સ્વાદ લાગ્યો અને એનું પરિણામ એ થયું કે, તેમણે ગુર્જરગિરાના ધુરંધર વિદ્વદ્રત્ન અભેદમાર્ગ પ્રવાસી મણિલાલ નભુભાઈ દ્વિવેદીના 'પ્રાણવિનિમય'નો હિન્દી ભાષામાં અનુવાદ કર્યો અને તે ખટાઉની આર્થિક સહાયતાથી લખનૌના નવલકિશોર છાપખાનામાં છપાવીને પ્રકટ પણ કર્યો. એ અનુવાદની હિન્દુસ્તાનમાં સારા સારા પંડિતોએ પ્રશંસા કરી છે, એટલે અત્ર તેનું અધિક વિવેચન કરવાની કશી પણ અગત્યતા નથી. ગુજરાતી ભાષામાં પ્રથમ 'ભારતદુર્દશા' નામક નાટક, કાશી નિવાસી ચક્રચૂડામણિના હરિશ્ચન્દ્રના નાટકપરથી સારા ફેરફાર સાથે લખ્યું અને તે ઈ. સ. ૧૯૦૩–૪ માં તે વેળાએ મારી દેખરેખ તળે પ્રકટ થતા 'મુસાફર' નામક માસિક પત્રમાં મેં કટકે કટકે પ્રકટ કર્યું. 'મુસાફર'માં વારંવાર તેઓ બીજા પણ કેટલાક લેખો લખતા હતા. ઈ. સ. ૧૯૦૪ માં મારો અને અમૃતનો 'ગુજરાતી'ના તંત્રી સાથે પરિચય થયો. 'ભારતદુર્દશા નાટક', 'મુસાફર' માસિક પત્રમાં છપાઈ ગયા પછી ઈ. સ. ૧૯૦૪ ના અંતમાં ખટાઉની કંપની કલકત્તે ઉપડવાની તૈયારીમાં હતી, એવામાં એક નજીવી બાબત માટે ખટાઉ અને અમૃત વચ્ચે કાંઇક મીનાફેરો થયો અને અમૃતે રાજી ખુશીથી પોતાની નોકરી છોડી દીધી. એ સમયે તેમને ૧૬૫ રૂપિયા પગાર મળતો, પરંતુ હૃદયના તેઓ એટલા બધા ઉદાર હતા કે, પોતે કંપની છોડવા છતાં, પોતાના ભાઈ વલ્લભદાસને ખટાઉનું કામ ન બગડે માટે, કલકત્તે સાથે જ જવા દીધો. જે દિવસે ખટાઉની કંપની છોડી તેને બીજે જ દિવસે પારસી નાટક મંડળીના માલેકો ફરામજી દાદાભાઈ અપ્પૂ અને રતનજી દાદાભાઈ અપ્પૂના અત્યંત આગ્રહને વશ થઈ, તેઓ પારસી નાટક મંડળીના ડાયરેક્ટરના હોદ્દાપર આવ્યા (રૂ. ૧૭૦ ના પગારે). ખટાઉની કંપની છોડવાથી અને ત્યાંના વર્ષોના પરિચિત મિત્રોનો વિયોગ થવાથી, કેટલાક દિવસ સૂધી તેમના મનમાં અત્યંત ઉદાસીનતા રહેતી અને તે ઉદાસીનતાને ભૂલી જવા

માટે તેમણે 'મરીયમ' નામક મુસલમાન સંસારનું ચિત્ર રજુ કરનારી વાર્તાનું પુસ્તક લખવા માંડ્યું. એ પુસ્તક પણ છપાઇને વાંચકોના હાથમાં આવી ચૂક્યું છે અને તે જોઇએ તેવું વખણાયલું પણ છે. એ પછી કેટલાક દિવસ નાટકના કામમાં જવાથી તેમનાથી કાંઈ લખી શકાયું નહોતું. પારસી નાટક મંડળીમાં એમની દેખરેખ તળે પ્રથમ 'મીઠાઝહર' (શેક્સપિયરકૃત 'સિમ્બેલાઇન'નું ઉર્દૂ રૂપાંતર) નામક નાટક પ્રજા સમક્ષ રજુ કરવામાં આવ્યું અને એ નાટક આગળ 'જુલ્મે નારવા' તથા 'બાગે બિહિસ્ત'ના નામથી ઉર્દૂ તથા ગુજરાતી ભાષામાં ભજવાઇને ન વખણાયલું હોવા છતાં પણ, અમૃતની. કુશળતાથી 'મીઠાઝહર' નામનો તેનો એ નવો અવતાર સારો વખણાયો. એ વખતે જ પારસી નાટક મંડળીની કાર્યપદ્ધતિમાં લોકોને અતિશય પરિવર્તન દેખાયું. પછી 'ઝહરીસાંપ' નામનું નાટક લખાવવાનું કામ સ્વર્ગવાસીએ હાથમાં લીધું; અને એ જ સમયમાં 'ગુજરાતી'ના માલેક સાથે પરિચય થતાં "ભારતમિત્ર"માંથી રૂપાંતર રૂપ 'શિવશંભૂ શર્માના ચિઠ્ઠા'ઓએ 'ગુજરાતી'માં દેખાવ આપ્યો અને તે ચિઠ્ઠાઓ 'ગુજરાતી'માં વખણાયા. અને એમાં છેલ્લો ચિઠ્ઠો, લોર્ડ કર્ઝનના કાર્યભારપર ટીકા રૂપ હોવાથી, ઍંગ્લો-ઇંડિયનોને ભારે ગણગણાટનું કારણરૂપ થઈ પડ્યો હતો. 'એમ. એ. બનાકે ક્યોં મેરી મિટ્ટી ખરાબકી?' એ નવલકથા લખવાનો તેમણે આરંભ કર્યો અને 'ગુજરાતી'માં તે જેમ જેમ પ્રકટ થતી ગઈ, તેમ તેમ કેટલી સ્તુતિને પાત્ર થતી ગઈ, તે કહેવાને ખાસ આ સ્થાન નથી. 'ગુજરાતી'માં એ વાર્તા ચાલતી હતી અને બીજી તરફ 'ઝહરીસાંપ' નાટકનું રીહર્સલ પણ નિયમિત રીતે ચાલતું હતું, એટલે કર્તાને બે માનસિક કાર્યો એક સાથે કરવાં પડતાં હતાં. મૂળ પ્રકૃતિ કોમળ હોવાથી અને તેમાં આવાં કામનાં દબાણો થવાથી, એ સમયથી જ તેમની તન્દુરુસ્તિમાં બગાડો થવા માંડ્યો અને તેથી 'એમ. એ. બનાકે ક્યોં મેરી મિટ્ટી ખરાબકી?' એ વાર્તાનો છેલ્લો-લગભગ ચોથો ભાગ-કર્તા પાસે બેસી ડિકટેશન તરીકે મારે જ લખવો પડ્યો હતો, પરંતુ એટલાં પણ સદ્ભાગ્ય કે, પોતાની વાર્તાની 'ગુજરાતી'માં પૂર્ણાહુતિ થતાં સુધી અને લોકોની પ્રશંસા સાંભળવા માટે તેઓ જીવતા હતા. 'ઝહરીસાંપ'નો ખેલ બહાર પડ્યા પછી અને તેમાં જાલિમ નવ્વાબનો ખૂની પાર્ટ ભજવ્યા પછી, તેમની પ્રકૃતિમાં ચાલૂ બગાડો થતો જ ગયો અને પરિણામે લગભગ એક વર્ષમાં જ તેમનો દેહાંત થઈ ગયો. 'અમૃત' નાટક પણ તેમણે જ વસ્તુ પસંદ કરીને પોતાની દેખરેખ તળે જ લખાવ્યું છે, પણ અફસોસ કે, તેને રંગભૂમિપર રજુ

કરવા પહેલાં જ નિર્દય કાળે તેમના દેહનો અંત લાવી નાંખ્યો છે. મરણ સમયે અમૃતનો પગાર રૂ. ૨૨૫ નો હતો, એ જ તેમની યોગ્યતાને દર્શાવી આપનારું એક પ્રબળ પ્રમાણ છે.

સ્વ. અમૃતલાલ સુપુત્ર હતો, ઉદાર હતો, વિનોદી અને દુઃખહારક મિત્ર હતો, રસીક ને રસજ્ઞ હતો, તેમ જ નાટ્યકળાનો સારો જ્ઞાતા હતો. અને પ્રસંગે પ્રસંગે કહેતો કે 'નાટકે જ મારી આ દુર્દશા કીધી છે!'

માતાપિતા પ્રતિ સ્વર્ગવાસીનો પૂજ્ય ભાવ હતો. કોઈ દિવસે પણ માતાપિતાની અવજ્ઞા તેણે કરી નથી અને પિતા જીવિત હતા ત્યાં સુધી પિતાની આજ્ઞા પ્રમાણે જ તે વર્ત્તતો અને મરણ પર્યન્ત માતાની મર્યાદા પણ તેણે એવી જ જાળવી છે. ત્રાગાળા જ્ઞાતિ ગુજરાતમાં હલકી ગણાય છે—જો કે વાસ્તવિક તો તે જ્ઞાતિ ઉચ્ચ છે—બ્રાહ્મણ જ્ઞાતિ છે, પણ આચાર ભ્રષ્ટતાથી જ, ને ભવાઈ આદિ પેશાથી તેના વિશે લોકોનો એવો અભિપ્રાય બંધાઈ ગયો છે અને લોભિષ્ઠ મનાય છે; પરંતુ અમૃત એ જ્ઞાતિમાં અમૃતરૂપ હતો. પોતાના જ્ઞાતિ બંધુઓને, મિત્રોને અને અન્ય અર્થાર્થી જનોને બનતી સહાયતા આપવા માટે એને હાથ સદા મોકળો હતો. કૉંગ્રેસ આદિ સાર્વજનિક મંડળોમાં પણ વારંવાર તે નાણાંની રકમો ભરી આપતો અને અતિથિઓનો આદર સત્કાર કરવામાં પણ લગભગ આવકના ચોથો ભાગ—ચાલીશ પચાસ રૂપિયાનો ખર્ચ કરતો હતો. પોતાની જ્ઞાતિને સુધારવાની તેની ઘણી જ ઇચ્છા હતી અને તેટલા માટે આજથી સાત વર્ષ પહેલાં તેણે અમદાવાદમાં "ત્રાગાળા ભોજક હિતવર્ધક શાળા અને સમાજ"ની સ્થાપના કરી હતી, અને તેનું પોતાના જીવનનો અંત થતાં સુધી દ્રવ્યદ્વારા પોષણ કર્યું હતું અને પોતાના મિત્રોમાંથી પણ એ શાળાને પુસ્તકો ને નાણાંની સારી સહાયતા મેળવી આપી હતી. એ શાળા અદ્યાપિ ચાલુ છે. અમૃતને પોતાના જીવનમાં પગાર અને રાજા મહારાજાઓ તથા નવાબો પાસેથી મળેલાં ઈનામો વગેરેથી લગભગ સાઠથી સિત્તેર હજારની કમાણી થઈ હશે ને જો તે સંગ્રહ કરવા ઇચ્છત તો સારો જીવ કરી શકત.

મિત્રો સાથે કોઈ પણ પ્રકારનું અભિમાન રાખ્યા વિના વિનોદમાં જ અમૃત પોતાનો કાળ વીતાડતો અને શોકાતુરને આનંદ આપવાની આશ્ચર્યકારક કળા તેનામાં સમાયલી હતી. એ ગુણો ઉપરાંત વિદ્વત્તાનો પણ અપૂર્વ ગુણ તેમનામાં સમાયલો હતો કે, જે તેમનાં લખેલાં પુસ્તકોથી સર્વ જ્ઞાત છે. કેળવણીના ધાટા સંસ્કાર વગર, એક સારા અને કુદરતી લેખક તરીકે થોડા કાળમાં અમૃતે જે

નામના અને કીર્તિ મેળવી છે, તે બીજા લેખકોએ વર્ષોનાં વર્ષો પ્રયાસ કરવા છતાં પણ ભાગ્યે જ મેળવી હશે. હિન્દી, ઉર્દુ અને ગુજરાતી ભાષાનું સારું જ્ઞાન ધરાવતો એ અંગ્રેજી અને સંસ્કૃત સાધારણ સમજી શકતો, જે તેમના ખાનગી અભ્યાસ અને દેશાટનનું જ પરિણામ હતું. સ્વ૦ નાયકમાં વક્તૃત્વશક્તિ પણ સારી હતી. જો કે, વક્તા તરીકે પ્રકાશમાં આવવાનો એને વધારે પ્રસંગ મળ્યો નહોતો, તોપણ સાધારણ સભાઓમાં અને અન્ય પ્રસંગે જ્યારે પણ એ બોલવાને ઉભો રહેતો ત્યારે શ્રોતાઓને બહુધા તે મુગ્ધ જ બનાવી દેતો. નાટ્યકળાનું એને એટલું બધું ઉચ્ચ પ્રકારનું જ્ઞાન હતું કે, 'ખૂનેનાહક'ના નાટકમાં મલકાની ભૂમિકા જે અભિનયયુક્ત સ્વર્ગવાસી ભજવી ગયો છે, તેની જગ્યા આલ્ફ્રેડ નાટક મંડળીમાં અદ્યાપિ ખાલી જ છે. બીજાં પણ ઘણાંક નાટકોમાંની એની ભૂમિકાઓ અત્યંત વખાણાયલી હતી અને જે વેળાએ તે ભૂમિકા બીજું કોઈ પાત્ર ભજવે છે, ત્યારે પ્રેક્ષકોને તત્કાલ સ્વર્ગવાસીનું સ્મરણ થઈ આવ્યા વિના રહેતું નથી. એથી પણ વિશેષ કળા તેમનામાં એ હતી કે, કોઈ ગમે તેવો નિર્બળ અને નમાલો એક્ટર હોય તો તેને પણ થોડા વખતમાં કેળવીને એવો હુશિયાર બનાવી દેતો કે, તેની સારા એક્ટરમાં ગણના થતી. અત્યારે પણ એની પાસે પંદર ને સત્તર રૂપિયાના પગારથી આવેલા એક્ટરો, શીખીને સો સવાસોના પગારપર કાર્ય કરે છે અને સ્વર્ગવાસીના નામનું નિરંતર સ્મરણ કરે છે. સ્વર્ગવાસી પોતે 'ઑલરાઉન્ડ્' એક્ટર હતો, એમ કહીએ તો ચાલે. સ્ત્રી તેમ જ પુરુષની ભૂમિકા એકસરખી રીતે અને ઉત્તમતાથી તે ભજવી શકતો, તેમ જ ટ્રૅજિક અને કૉમિક બન્ને રસની કુશળતા બતાવી શકતો હતો. એની નાટકકાર તરીકેની કુશળતાને જોઇને એક અંગ્રેજ નાટકકાર પણ એટલો બધો પ્રસન્ન થયો હતો કે, ખટાઉ અને અમૃતનાં ચિત્રો ઇંગ્લૅંડના 'ટૅટલર' નામક બહુ ફેલાવો પામેલા પત્રમાં, તેમના ટૂંક વિવેચન સાથે પ્રકટ કર્યાં હતાં. ખટાઉ જેવા માલેકને અમૃત જેવા બાહોશ ડાયરેક્ટર મળવાથી, બમણી શોભા મળી હતી, એમાં તો જરા પણ શંકા નથી જ.

અમૃતના 'પ્રાણપરિવર્ત્તન' (હિંદી), 'મરીયમ' (નવલકથા) અને આ 'એમ. એ. બનાકે કર્યોં મેરી મિટ્ટી ખરાબ કી ?' મળીને ત્રણ ગ્રંથો બહાર પડી ચૂકયા છે અને 'ભારત દુર્દશા નાટક' તથા પ્રસંગે પ્રસંગે લખેલા તેમના બીજા કેટલાક પ્રકીર્ણ લેખોનો સંગ્રહ છપાઈ રહેવા આવ્યો છે જે, થોડા વખતમાં બહાર પડશે. સ્વર્ગવાસીએ 'સંસ્કૃત અને ફારસી ભાષાનો પરસ્પર સંબંધ' અને

'નાદિરશાહ' એ બે પુસ્તકો લખવા માંડ્યાં હતાં, પણ દુર્ભાગ્યે તે અધૂરાં જ રહી ગયાં છે અને તેથી પ્રસિદ્ધ પણ થયાં નથી.

સ્વ. અમૃતના મરણથી એના જ્ઞાતિ બંધુઓએ પોતાનો એક ઉદાર અને હિતૈષી અગ્રેસર ખોયો છે, પણ ગુજરાતી ભાષાએ પોતાના એક સારા ઉગતા સંતાનનો અંતકાળ જોયો છે. જો અમૃત વધુ જીવ્યો હત, તો ગુર્જર ભાષાની સારી સેવા કરી શકત અને જ્ઞાતિના હિતમાં પણ વધારો કરી શકત. પણ જીંદગીએ યારી ન આપી, તેથી સર્વની એ આશાઓ મનમાંની મનમાં જ રહી ગઈ. અસ્તુ! નામ તેનો નાશ તો છે જ, પણ અમૃત કીર્તિરૂપે અમર છે, એ એક રીતે આનંદ માનવા જેવું જ છે.

"નામ રહે છે વિશ્વમાં, અવિચલ રહે ન શરીર;
માટે કીર્તિ મેળવો, પરિશ્રમ કરીને વીર!"

સ્વર્ગવાસીના જીવન વિશે હવે માત્ર એક જ વાત કહેવાની બાકી રહે છે અને તે એ છે કે, કોઈ કદાચિત્ એવી શંકા કરશે કે "તમે સ્વર્ગવાસીના બધા ગુણોનું વર્ણન તો કર્યું, પણ તેમના કોઈ અવગુણ વિશે કેમ કાંઈ બોલ્યા નહિ? શું તેઓ સર્વથા અવગુણથી મુક્ત દેવ તુલ્ય જ હતા કે?" એના પ્રત્યુત્તરમાં હું કહીશ કે, ના; દોષના સાગર હશે, પણ 'ચંડકૌશિક' નાટિકામાં એક સ્થળે કહેલું છે કે:-

"दृष्टं किमपि लोकेऽस्मिन्न निर्दोषं न निर्गुणम्।
आवृणुध्वमतो दोषान् विवृणुध्वं गुणान् बुधाः॥"

'આ જગતમાં કોઈ સર્વથા નિર્દોષ પણ નથી, તેમ જ ગુણરહિત પણ નથી, એટલા માટે હે સુજ્ઞ જનો! દોષોને ઢાંકીને માત્ર ગુણોનો જ પ્રકાશ કરો–એટલે કોઈ સદોષ દેખાશે જ નહિ.' એ ન્યાયને અનુસરીને જ જીવન ચરિત્રના લેખકો મહાનુભાવોના અવગુણોનો ઉલ્લેખ કરતા નથી. અમુક વ્યક્તિમાં જે દોષ હોય છે, તે તેના જડ દેહ સાથે જ નષ્ટ થાય છે અને તેથી તે અન્ય જનને અપાય કરી શકતા નથી. માત્ર ગુણો જ સંગ્રહણીય હોય છે, એટલે તેનો ઉલ્લેખ કરવો, એ જ લેખકનું મુખ્ય કર્તવ્ય છે. સ્વ. અમૃત મનુષ્ય હતો અને તેથી તેનામાં અવશ્ય દોષ તો હોવો જ જોઇએ, પરંતુ તેના સદ્ગુણો એટલા બધા હતા કે, તેથી દોષો ઢંકાઈ ગયા હતા અને તેથી તે ઉલ્લેખને પાત્ર પણ નથી જ.

"એમ. એ. બનાકે કયોં મેરી મિટ્ટી ખરાબ કી ?" એ વાર્તા આજ-કાલના વિદ્યાભ્યાસની પદ્ધતિઓમાં કેટલી બધી ખામીઓ સમાયલી છે, અને એથી કેટલીકવાર વિદ્યાર્થીઓને કેવી કેવી પ્રાણહારક હાનિઓ સહન કરવી પડે છે, ઇત્યાદિ વિષયોનું સ્પષ્ટીકરણ કરવાના મુખ્ય ઉદ્દેશથી જ લખાઈ હતી અને મૂળ લેખકે પોતાના તે ઉદ્દેશને સારી રીતે સિદ્ધ કરી બતાવ્યો છે, એમ વાર્તાના વાચન પછી સમસ્ત વાંચકોનો નિશ્ચય થઈ ચૂકયો હશે પરંતુ લેખકની ખૂબી તો એ હતી કે, આવા એક શુષ્ક વિષયને પણ પોતાની કલ્પનાશકિત અને ઉત્તમ વર્ણન શૈલીથી એટલો બધો રસિક બનાવી દીધો છે કે, લોકો 'ગુજરાતી' પત્રની કાગને ડોળે વાટ જોયા કરતા હતા. એ વાર્તાને ભિન્ન પુસ્તકરૂપે છપાવવાનો વાચકોનો આગ્રહ થવાથી જ આજે આ ગ્રંથ "ગુજરાતી" પ્રેસના માલિક છપાવીને બહાર પાડે છે.

આ પ્રસંગે એક વાત ખાસ કહેવી જોઇએ. પ્રસ્તુત ગ્રંથમાં 'ગુજરાતી'ના તંત્રીએ કેટલેક સ્થળે યોગ્ય સુધારા વધારા અને પ્રસંગ તથા કાળને અનુસરતા પારિભાષિક (ટેકનીકલ) શબ્દોની યોજના કરવાનો પરિશ્રમ ન લીધો હોત, તો ગ્રંથ જેવા સ્વરૂપમાં વાંચકો સમક્ષ રજૂ થયો છે, તેવા સ્વરૂપમાં રજૂ થઈ શકયો હોત કે નહિ, એની શંકા જ છે.

ઠક્કુર નારાયણદાસ વિસનજી.
(વડોદરા.)

'ગુજરાતી' પત્રમાં આ વાર્તા ઠક્કુર નારાયણ દ્વારા જ પ્રાપ્ત થઇને પ્રકટ થવા માંડી હતી અને સ્વ. અમૃતલાલની રફ કોપીપરથી ભાષાવિષયક શુદ્ધિ કરીને અને બીજા પણ કેટલાક સંશોધન કરીને ફેઅર કોપી ઠક્કુર નારાયણે જ કરી આપી હતી. ઠક્કુર નારાયણે આ વાર્તા પૂરી થતાં સુધીમાં અત્યંત પરિશ્રમો વેઠયા છે, કે જેના વિવેચનની અત્યારે આવશ્યકતા નથી. જો અત્યારે અમૃતલાલ હયાત હત, તો ઠક્કુર નારાયણનો અંતઃકરણપૂર્વક અને મુક્તકંઠે કૃતજ્ઞતાથી આભાર માન્યો હોત; પરંતુ તેમનો સ્વર્ગવાસ થએલો હોવાથી, પોતાના મિત્રના કાર્યને પોતાના કાર્ય કરતાં પણ અધિક ગણીને, મિત્ર ધર્મ પૂર્ણ કરવામાં મી૦ ઠક્કુરે જેવી ખંત દર્શાવી છે તે ખંત અને મિત્ર તરફની અદ્વિતીય લાગણી માટે ઠક્કુર નારાયણ ધન્યવાદને પાત્ર જ છે.

પ્રકાશક

અનુક્રમણિકા

એમ. એ. બનાકે
ક્યોં મેરી મિટ્ટી ખરાબ કી?

પ્રકરણ ૧ લું
અરજીઓના ઉત્તરો

લાહોર ગવર્નમેન્ટ કૉલેજના બોર્ડિંગ હાઉસ તરફથી મળેલા એક ઓરડામાં એક જણ પાંચ સાત પત્રોનાં પૅકેટો લઈ, એક જુની ખંખ ટેબલ આગળ, તેવી જ ખુરશીપર બેઠો. એક પછી એક એમ છ પૅકેટો તેણે ઉખેડ્યાં, જેમાં નીચે પ્રમાણે તેણે મોકલેલા પત્રોના પ્રત્યુત્તરો હતા.

૧–(મોકલેલી અરજીઓની પુંઠે જ લખી મોકલેલું) "તમારી અરજ મંજુર નથી."

૨–"આખા ડિપાર્ટમેન્ટમાં કોઈ જગ્યા ખાલી નથી."

૩–"એક વર્ષ સુધી ઉમેદવાર તરીકે રહી અમારી ઓફીસનાં કામકાજથી ભોમિયા થાવ, તો પછી કંઇક આશા આપી શકીએ."

૪–"ઉમેદવારોની ટીપમાં નામ અને એડ્રેસ લખી લેવામાં આવ્યું છે."

૫–"હિન્દુઓ અમારા ખાતામાં બહુ જ છે, માટે પ્રથમ બીજી ન્યાતવાળાને ચાન્સ આપવાની અગત્ય છે."

૬–"અરજદારે રૂબરૂમાં મળી જવું."

છ છ ખાતાંઓ તથા ઓફિસોના નિરાશા ભર્યા ઉત્તરોમાં, છેવટનો જવાબ જરા આંસુ લ્હોનાર હતો. અરજદાર માણેકચંદ એમ. એ., એ છેલ્લા જવાબ-વાળો પત્ર ગજવામાં મૂક્યો. બીજે દહાડે આશા ભર્યો હાજર થયો. પોલીસ સુપરિન્ટેન્ડન્ટ સાહેબે મોઢું જોતાં જ કહ્યું–

"તમને કિયા મૂર્ખ ગધેડાએ સલાહ આપી કે પોલીસની નોકરીનું સાહસ કરો? જાવ બાપુ જાવ, કોઈ નિશાળમાં છોકરાં ભણાવો!"

વ્હીલે મોઢે માણેકચંદ બાપડો પાછો પોતાને સ્થાને આવ્યો. પણ ત્યાં તેને લેશ પણ ચેન પડ્યું નહિ. પોતાના પ્રારબ્ધને રડતો, આટલી બધી વિદ્યા

સંપાદન કરી, ડિગ્રીઓ મેળવી, પણ કંઈ ન વળ્યું, એ વાતપર શોક કરતો, માબાપની નિર્ધનાવસ્થાનું સ્મરણ કરતો, કૉલેજથી બ્હાર નિકળ્યો–એવા વિચારથી કે ફરીહરી જીવને શાન્ત કરું. ફરતો ફરતો "પબ્લિક લાઇબ્રેરી ઓફ લાહોર"માં તે જઈ પહોંચ્યો. પાટિયાપર લગાડેલા એક અંગ્રેજી સમાચાર પત્રમાં નીચે પ્રમાણે જાહેર ખબર વાંચી–

જોઇએ છે.

"મ્હારી વેપારી પેઢીપર એક કલાર્કની અગત્ય છે. ઉમેદવાર સારી કેળવણી પામેલો હોવો જોઇએ. અરજ નીચલે સરનામે કરવી.

"એદલજી જનરલ મર્ચન્ટ,–લાહોર."

માણેકચંદે તરત ઘેર આવી અરજી લખી મોકલી. ત્રીજે દહાડે સવારની પોસ્ટમાં ઉત્તર આવ્યો. "રૂબરૂ મળી જાવ." માણેકચંદ ત્રીજે પહોરે સારાં કપડાં પહેરી એદલજીની પેઢીપર ગયો.

પારસીઓ વ્યાપારમાં કેટલી ઉન્નતિ કરી શકયા છે, એ વાત તો જગત્પ્રસિદ્ધ છે. એદલજી એક મોટો વેપારી હતો. તેની દુકાન જોતાં જ મનુષ્ય દંગ થઈ જાય. દુકાન જાણે એક નાનકડું વન ઘેરી લીધું હોય તેવી હતી. તે અનેકાનેક પ્રકારની વસ્તુઓથી એવી તો શણગારી હતી કે, જોનાર તે જોઇને મોહિત જ થઈ જાય. એકેક વસ્તુ એવી ઉંચી અને એવા ટેસ્ટથી ગોઠવેલી કે સહેજ જોવા ગયલો માણસ પણ આ લઉં કે પેલું લઉં, એવા વિચારમાં પડે, અને પાંચનો માલ લેવા ગયેલો પચ્ચીસનો સોદો વ્હોરી લાવે. એના ધીકતા ખાતામાં ચિઠ્ઠી પત્રીઓના ઢગલા થતા. એદલજી અધેડ વયનો, મધ્યમ બાંધાનો ને ઘઉં વરણો હતો. આંખપર સોનાની ફ્રેમના ચશ્માં લગાડેલાં હતાં. લાલ પાજની ઇજાર અને હાથના ખુબસુરત કામથી ભરેલો નીચો સદરો પહેરેલો હતો. માથે ખાંડણીયા જેવી ટોપી પહેરેલી–એમ બધી રીતે જુની ઢબછબથી સુસજ્જિત થઈ, એક આરામ ખુરસીપર વરંડામાં બેઠો હતો. આગળ એક કાચ જેવી ચકચકતી પોલિશ ટ્રીપાઈ હતી, જેનાપર બેએક લેમનેડની બાટલીઓ અને ગ્લાસો પડ્યાં હતાં. પાસે એક મખમલની ગાદીવાળી ખુરસીપર તેની લાડકી પુત્રી જરબાનુ બેઠી હતી. સામે બેન્ટવુડની ડજનેક ખુરસીઓ પડી હતી. એદલજીને દીકરો દીકરી જે ગણો તે કેવળ જરબાનુ જ હતી. તેણીનાં રૂપ અને ગુણ સંબંધી વર્ણન અગત્ય પડવે આગળ થઈ રહેશે. હાલ તો એટલું જ કહેવું બસ થશે કે,

જર એક બહુ જ ભલી, નિર્માની, માયાળુ અને દાની બાળા હતી. વળી તેણીએ મુંબઇથી જ સારો વિદ્યાભ્યાસ કરેલો હતો. તે ઉપરાંત ચિત્રકળામાં અતિ નિપુણ હતી. પોતાનો ઘણો ખરો સમય તેણી એ જ કાર્યમાં ગાળતી હતી. આપણી વાર્તાના આરંભ સમયે તેણી કોઈ ગુપ્ત વેદનાથી પીડાતી હતી. તેનો પિતા કે જે પ્રતિપળ પોતાની પુત્રીના સુખની ચિન્તા રાખતો હતો, તેને એ વિષયની લેશે જાણ ન હતી, એ આશ્ચર્યજનક હતું.

થોડીવાર પિતાપુત્રીમાં ગામગપાટા ચાલ્યા, તેવામાં એકેએક ઉમેદવારો આવી ખુરસીઓપર ગોઠવાયા. એ ઉમેદવારો નીચે પ્રમાણે હતા.

૧–અલીગઢ કૉલેજનો બી. એ. ફેલ. મુસલમાન. પોતાની અટક ખાન બતાવતો હતો, એટલે પઠાણ હોવો જોઇએ ખરો. શરીર ભરેલું, કસરતી, હાથ પગ લક્કડ જેવા, મોંઢાપર યુવાવસ્થાનું તેજ, કોલર નેકટાઇ ધારણ કરેલાં, નાકપર રેશમી બારીક દોરાથી બાંધેલા ચશ્મા, માથે કાળા ફુમતાવાળી તુર્કી ટોપી, કોઇ મોટી શોપના કારીગર દરજીના હાથનું સીવેલું પાટલુન, એક બારીક કાશ્મીરીની અચક પહેરેલી, ગજવામાંથી અડધો બહાર નિકળી પડેલો સેન્ટથી તર રૂમાલ, ચાંદીની સાંકળી સાથે જકડેલું ઘડિયાળ, ફડાફડ ને તડાતડ અંગ્રેજી ફેંકતો, એટિકેટથી ભરેલો, જણાતો હતો. ક્રીકેટ, ટેનિસ, ફુટબોલ અને ઘોડાની સ્વારીમાં એવો નિપુણ જણાતો કે, જાણે અલીગઢ કોલેજવાળાઓને તે ગળસુદ્દીમાં જ પાય છે! રીતભાત વાતચિતમાં સ્પષ્ટ, ચાલાક અને સ્ફૂર્તી આગળ પડતી હતી.

૨–એંગ્લો વૈદિક કૉલેજનો બી. એ. પાસ. જાતનો વાણીઓ, ગણીતના કામમાં વિજળીની ઝડપ ધરાવનાર, પગમાં હલકા દામના પંજાબી જોડા, મોજા હરામ, પટુનો રૂંછારૂંછાવાળો કોટ કે જેને અંગ્રેજી કોટની નકલ બલ્કે ફજેતી કહીએ તો ચાલે, મેલુંડાટ ગુંથણું–એવા દરજીનું સીવેલું કે જેણે આખા જન્મમાં તંબૂરાના ગલેફ વિના બીજું લુગડું સ્વપ્ને પણ ન સીવેલું, ગજવામાં રૂમાલને સ્થાને ગળામાં એક ટુવાલ બાંધેલો, મ્હોંપર હવાઇઓ ઉડતી, આંખોમાં કુવા પડી ગયેલા, રંગ ફીકોફચ્ચ, અંગ્રેજી રીતભાત, પહેરવેશ, વસ્તુમાત્ર, સમસ્ત પ્રત્યે ધિક્કાર, મિલ્ટન અને શેકસપીયર કંઠાગ્ર, વાત કરે તો એમ લાગે કે જાણે કોઈ પુસ્તક વાંચી રહ્યું છે, એટિકેટથી સર્વથા અજાણ્યો, સર્વ વિચારો ધર્મના ઝનુનથી ભરેલા, હિન્દુ ધર્મપર મરી ફીટેલો, હજારો શ્લોકોથી માથાનો ભંડાર છલાછલ ભરેલો અને હિન્દુઓ વિના અખિલ જગતના લોકોને મૂર્ખ ગણનાર ને માથા ફરેલ હતો.

૩–એક ઇસાઇ કૉલેજનો કેળવાયલો. એની માતા કોઇ નીચવર્ણની હિન્દવાણી હતી, પિતા મુસલમાનમાંથી ઇસાઇ થઈ ગયેલો, જેણે તેણીને મુક્તિફોજનો માર્ગ બતાવી પોતાની ધણિયાણી કરેલી; એ છીપનું મોતી; અંગ્રેજી એટલું સારું બોલતો કે જાણે માતૃભાષા જ તેની અંગ્રેજી હોય; રીતભાત, વર્તાવ, એટિકેટમાં અલીગઢવાળાને ટક્કર મારે તેવો; વસ્ત્રો સાદાં અને સસ્તાં છતાં એવાં સફાઇથી પહેરેલાં કે જોવાં ગમે; માબાપની ધન સંબંધી સ્થિતિ હીન હોવાને લીધે ફર્સ્ટ આર્ટસ સુધી શીખી માંડી વાળેલું.

૪–એક નવયુવક કાશ્મીરી બ્રાહ્મણનો પુત્ર; એન્ટ્રન્સ સુધી ભણેલો; બાપની એટલી શક્તિ નહોતી કે તેને ઘરમાં ખવરાવી પીવરાવી કૉલેજમાં કેળવણી અપાવે–કૉલેજના બોર્ડિંગ હાઉસમાં મૂકવાનું સાહસ નહોતો કરી શકતો, કારણ કે તેના ન્યાતીલા કે જેઓને તે નાગને નામે ઓળખાવતો હતો તે લોકો તેને ન્યાત બહાર કહાડે; દેખાવ ચકડોળ–મીણના પુતળા જેવો ઉજળો ફટક; અણિયાળું નાક, લીંબુફાડ આંખ્યો, ભવ્ય લલાટ, ચંચળતા ચેહરાપર ગુલ પાડતી, પાશ્ચાત્ય એટિકેટથી પૂર્ણ પરિચિત, અભ્યાસ તરફ જોતાં ઘણું સારું અંગ્રેજી બોલતો હતો. પણ ગણિતમાં લોથ, જો તેણે પોતાને પ્રથમ જ બ્રાહ્મણ ન કહ્યો હત તો એદલજી તેને એક જરથોસ્તી માની ગુજરાતીમાં જ વાતચિત કરવા મંડી પડત.

૫–એક બંગાળી. જાણે કોયલનું બચુડિયું–શીશમ કે અબનુસનું પુતળું. કલકત્તા યુનિવરસિટીનો એમ. એ. પાસ. ગણિત શાસ્ત્ર, અંગ્રેજી અને સાયન્સ ત્રણેમાં એમ. એ. સારાં સારાં સર્ટિફીકેટ ધરાવનાર, ઘરનો સુખી પણ માબાપ સાથે વઢી ઝગડી ચાલી આવેલો. ઉચ્ચારણની અશુદ્ધ બાદ કરતાં ઘોડાપાટ અંગ્રેજી બોલનાર, ગણિતશાસ્ત્રનો એવો પૂર્ણ અભ્યાસી કે આંકડાઓ એની સમીપ હાથ જોડી હાજર રહેતા, એકેએક શબ્દે સ્વદેશભક્તિનો ભાસ ઉભરાઈ પડતો. શરીર બેડોળ, આંખ્યોપર ચશ્મી ચઢેલી, માથું ઉઘાડું, કાળા ભમર જેવા ઘુઘરીયાળા વાળોમાંથી ખોપરેલની વાસ આવતી, દેશી બુટ ને દેશી ધોતિયું (ઢાકાનું) એટલું ઝીણું કે જો ઉપર કોટ ન પહેર્યો હોય તો ધોતિયું પહેર્યું ન પહેરલું સરખું જ ગણાય ! વળી કાછડી એવી ઉત્તમ રીતે વાળેલી કે પગની પિંડલીઓ બધી ઉઘાડી દેખાય. ઘેરથી નિકળતી વેળા જે કંઈ ગરથ ગાંઠે હતું તે ખાઈ પી ખાખાવાખાના થયા ત્યારે કોઈ પ્રાઇવેટ સર્વિસ કરવા નિકળી પડ્યા છે.

૬–માણેકચંદ એમ. એ. લાહોર ગવર્નમેન્ટ કૉલેજનો વિદ્યાર્થી. બાપડો જ્યાં અરજી મોકલે ત્યાંથી નિરાશાના ઉત્તરો, જ્યાં ઉમેદવારી કરે ત્યાંનું ખાતું

બરખાસ્ત-એટલો બધો ભાગ્યહીન કે દૂધ લેવા જાય તેની ભેંસ મરી જાય, અને દેવતા લેવા જાય તેનું ઘર બળી જાય-

"જો દાના માંગે તો ખેત આગ સારે હો જાયે,
જો પાની ચાહે તો દરિયા કનારે હો જાયે."

જાતિનો રજપૂત. બી. એ.માં ગણિતનો ખાસ વિષય લીધેલો. એમ. એ.માં તત્ત્વજ્ઞાન લીધેલું. ગરીબડા બાપે વડીલોપાર્જિત ખેતરો અને ઘરો ઘરાણે (ગિરવી) મુકીને દેવાદાર થઇ જઈ, પેટે પાટા બાંધી, પરાણે આટલી કેળવણી આપી હતી. માણેકચંદનું શરીર ચોખ્ખું હાડપિંજર હતું. ખાલ ઉતારવા વિના શરીરનાં એકે-એક હાડકાં ગણવાં હોય તો વિના અડચણે ગણી શકાય. આંખોમાં કુવા પડી ગયેલા, નેત્રો તળે કાળા કાળા ડામ પડી ગયેલાં કુંડાળાં, હાથ પગ દોરડીઓ જેવા ગળી ગયેલા, ડાચાંઓ બતરીસી સાથે પ્રેમથી બાઝી પડેલાં, ઘટમ રૂપાળો, રંગ ઘઉં વર્ણો, મોટાં મોટાં નેત્રો, ભ્રુકુટી વાળોથી ગીચ ભરેલી અને સાથે મળી એવી ખેંચાયેલી કે જાણે કોઇ સૂરમા સિપાહીની ખેંચેલી કમાન! અંગ્રેજી પણ સારું બોલતો હતો. ધર્મનો બોધક હતો. જેટલો શરીરસંપત્તિથી કમનસીબ હતો, તેટલો જ મસ્તિષ્ક શક્તિ માટે ભાગ્યશાળી હતો. સરકારી નોકરીમાટે એને સર્ટિફિકેટ મળવું અસંભવિત હતું. હસવાની રીત કંઈ ખાસ પ્રકારની હતી, કે જેમાં બન્ને હોઠો એવા નમી પડતા હતા, કે બે ઘડી જોવા ગમે.

ઠાવકા એદલજીએ છએ જણની બારીકીથી પરીક્ષા લીધી. જર પણ વચ્ચે વચ્ચે એકાદ પ્રશ્ન કરતી રહેતી હતી. સૌથી પહેલા કાશ્મીરી પંડિતજીને પેન્ડો મળ્યો. તેમનો અભ્યાસ ઓછો હતો. અક્ષરો તો મોતીના દાણા જેવા હતા, પણ એટલા ગુણપર આવા મોટા ખાતામાં કામ ચાલે તેમ નહોતું.

પંડિતજીના પધારવા પછી બાપ દીકરી વરંડામાંથી ઉઠીને કંઈ સલાહ કરવા ઘરમાં ગયાં. બંગાળી મોશા માટે તો બંનેનો એક જ અભિપ્રાય હતો, કે તે અસભ્ય અને હઠીલા જેવો છે. એક પારસીને ઘેર ચાકરીની આશાએ આવ્યો છે અને અડધો ઉઘાડો છે, તો એ નોકરીપર રહેવા પછી શરીરપર વસ્ત્ર પણ રાખશે કે નહિ, એ સવાલપર બંને જણાં પેટ પકડીને હસ્યાં. વાણિયાને બંને જણે એકમતે ચોપડીનો કીડો, ધર્માન્ધ અને એટિકેટથી નાવાકિફ કરી કહાડ્યો-વર્ણસંકર હોવાથી ઇસાઇને જુના વિચારના એદલજીએ નાપસંદ કર્યો. જરે બાપની હામાં હા મેળવી. હવે રહ્યા માણેકચંદજી અને અલીગઢિયા ખાં

સાહેબ. બાપનું કહેવું એમ હતું કે, અલીગઢવાળો હૃષ્ટપુષ્ટ અને ચાલાક છે, વૈતરું પણ કરશે અને આપણી વેપારની કોટી પણ ઝટ સમઝી જશે. બીઝનેસ માટે એવો જ માણસ જોઇએ. વળી મુસલમાન છે, એટલે ખાવાપીવામાં વટલવાના અને અભડાઈ જવાના વાંધા પણ નહિ કહાડે. આપણને જોઇએ તેવો એ જ માણસ છે. જરની પ્રસન્નતા માણેકચંદપર ઉતરી હતી. તેણી પેલા કરતાં બધી વાતે માણેકને સારો બતાવવાની કોશીશ કરતી હતી.

"તારી મરજી હોય તો હું તેને રાખું, મારાં ફરજન્દ!" એદલજીએ જરપર પ્રેમથી હાથ ફેરવતાં કહ્યું. "પન બીઝનેસ સામું જોતાં આય મોહમેદન ઘનો સારો છે. જો દીકરી જરાં, એ બિચારો લેલે મજનુને ઘરે આવી રયોચ, એ શું કરી સકસે? જોજે હું તુંને કેહેઉંચ કે મહીનામાં પંદર રજાઓ અને તેબી ડાકતરી સર્ટિફિકેટ સહિત એને નામે લખવી પરસે. વરી ખાવા પીવાનાં હજારો નખરાં કરસે. આય તો અભરાયું ને આય તો વટલાયું, એમ તરેહવાર વાંધા સાંધા લાવસે. પૂજા ને સેવા કરવામાં જ છ કલાક પાસ કરસે. વરી ધાર કે મુને બીઝનેસ વાસ્તે તેને કેથે જેપાન કે ચીન જ મોકલવો પરે તો દરિયામાં ન બેસવાનો વાંધો, ધરમને બ્હાને લાવી મૂકસે.'

પારસી બચ્ચાઓ વેપારમાટે જ સરજેલા હોય તેમ પ્રથમથી લાંબા વિચારો કરી લે છે. ખરું જોતાં માણેકમાં અલીગઢવાળા કરતાં વિદ્યાનું બળ વિશેષ હતું. પણ એદલજીની દુકાન માટે તો જેટલી આવશ્યકતા અલીગઢવાળાની હતી, તેટલી માણેકચંદની નહોતી. મૂઠી હાડકાં, શરીરમાં વિત્ત નહિ, લેવાયલો લુંટાયલો જેવો. જેનાં માર્યાં ન મરે તેનાં દીઠાં શું મરે? જ્યારે અલીગઢવાળો દેખાવમાં જ આંજી નાંખે તેવો, બોલચાલમાં પણ અંગ્રેજી જ્ઞાન દુકાનદારી જેટલું બહુ ઠીક હતું.

"બાવાજી! તમારો અનુભવ ઘનો મોટો;" જરે અચકાતાં અચકાતાં નીચે દૃષ્ટિ રાખી કહ્યું. "પન મને તો મુસલમાનના મિજાજથી ઘની બીક લાગેચ. મરે જરા ગુસ્સાથી બોલિયે તો તડુકીને સામ્ભો જવાબ દે. આપરો નોકર થઇને ઉલ્ટો આપુને જ ડબરાવા આવે, વરી જેમ પેલો પૂજાપાટ કરવામાં ટાઇમ ગારસે તેમ આય સ્હેંથા પાટલી પારવાને એસ્કી ફાંકરો થવામાં વખત ગારસે. પેલો સિકલી હોસે ત્યારે રજા માગસે ને આય ક્રીકેટ, પોલો, ધૂરધમાસાની મેચો રમવા ને જોવાની લાલચમાં બનાવટી કાગજ લખી સિક પરસે. વરી આય હન્દુ, રજપૂત છે, ગોસ ઇંડાં તો ખાતો જ હોસે, એમેવેર સીખેલો ભનેલો છે,

એટલે કંઈ અભરે અડકે જવાનાં ઘનાં વેઝાંઓ તો માનતોબી નહિ હોસે ને તેમ હોસે તોબી પરોસ પરતાં પરતાં ઠેકાને આવી જસે."

"જરાં બેટા!" એદલજીએ પોતાની પુત્રીનું માથું પસવારતાં પોતાના વિચારો દર્શાવ્યા. "એટલું તો ખરું કે, એ લોક જરા ભેજાંના કડક હોયચ, જ્યારે આય બિચારા પોતિયાંદાસો સભાવે ગરીબ ખરા."

"હા મરું બાવાજી!" જર બાપને પોતાની પક્ષમાં ઢળતો જોઈ બોલી ઉઠી. "વરી જો કે આપરા વિચારો એવા નીચ નથી કે સેંકડો વરસની અદાવતો યાદ કરી કીનો લેવો. છતાં એક સાધારન ધ્યાન આપતાં એમબી લાગેચ કે એ લોકો આપુને આપરાં પ્યારાં વતનથી બેવતન કરનાર અને આય રજપૂતો ખાસ આસરો આપનાર છે."

"ઘેલીરે, ઘેલી દીકરી!" એદલજીએ પોતાની લાડકી છોડીને હેતથી પાસામાં ચાંપી કહ્યું. "તૂંબી શું જાતવારાની વાત કહાડી, તેની જાતવારાને ચાકરી અપાવા નિકરી પરીચજો. એમ તો હિન્દુઓનો આખ્ખો દેસ પચાવી પારી મુસલમાનો તે લોકોને આપરેથીબી વધૂ હેરાન કરી ચુકાચ, એટલે હવે કોઈ મુસલમાનને હિન્દુઓ નોકરી રાખતા જ નથી કે? આપરે હિસાબે તો હિન્દુસ્તાનમાં હિન્દુ મુસલમાન બંને સરખા જ છે. એ હજારેક વરસનાં મુવાં મુર્દાં આપુને સાનાં ઉખારવાનાં હોય?"

"તેમ હું નથી કેહતીની બાવાજી!" ચતુર જર એક ઉપાયમાં નિષ્ફળ થતાં, બીજી તરકીબ રમવા લાગી. "આય બિચારાએ જે આપુને ચિઠ્ઠીમાં પોતાની હાલત થોરીઘની લખી મોકલીતી તેબી રેહેમને પાત્ર છે. બિચારાનાં બાપ માયે ઘેરબાર ને ખેતર પાદર વટિક ગિરવી મૂકી, પોરિયાને ભનાવિયો અને તે અભાગિયો બધેથી જ નોકરી ચાકરી લેવા જતાં ઘોરે મ્હોંએ પાછો ફરેચ! તે જો આપરે ત્યાંથીબી નિરાસ થસે તો ઓંઝિયો જીવબીવપર કરસે. મને તો એની ઘની જ દયા આવેચ, બાવાજી." આટલું બોલી જર આશાભરે વદને પિતા સામું જોવા લાગી. સમઝણ નથી પડતી કે જર, માણેકચંદની ચાકરી માટે આટલી બધી અધીરી કેમ થઈ ગઈ!

અંતે એદલજીએ કાંતો પોતાની પુત્રીના કહેવાથી કે કાંતો માણેકચંદની દીન દશાપર દયા કરીને, અથવા તો તેના સારા વિદ્યાભ્યાસપર રીઝીને, કે કોઈ અન્ય કારણથી, પણ તેને જ નોકરીપર કાયમ કરવાનો નિશ્ચય કર્યો અને જરબાનુ તરફ ફરી બોલ્યો, 'ભલે વ્હારે જરાં! આપરે હાલ તો એ હિન્દુ પોરિ

યાને જ આપરાં છાપરાંનો આશરો આપિયે." જરે એક દીર્ઘ શ્વાસ એવી રીતે લીધો કે, જાણે એની આન્તરિક ઇચ્છા પૂર્ણ થઈ. "મ્હોનાપરથીબી કંઈ ભલો અને મક્કમ વિચારવારો જનાયચ. ચાલો, તારે આપરે બ્હાર જઈ એ લોકોને કહી દઇયે."

વરંડામાં જઇ પોતપોતાને સ્થાને બન્ને જણ બેઠાં અને પછી ભલા એદલજીએ કોઇને ખોટું ન લાગે તેમ ધીરેથી કહ્યું કે; "ભાઇઓ, તમારાં બધાંનાં એડ્રેસ મારી પાસે છે, વિચાર કરીને કાલે જેની નોકરી મંજુર હોસે તેને જનાવી દેવસ." બધા સલામ કરી પોતપોતાના ઘર ભણી ચાલતા થયા. એદલજીએ પોતાનો નોકર દોડાવી માણેકચંદને પાછો તેડાવ્યો. પેલાઓ સાઝાતાજા હતા, ઝટપટ ચાલતા થયા હતા, પણ માણેકચંદ પગ ઘસડતો ઘસડતો બંગલાના કમ્પાઉન્ડ બ્હાર પહોંચ્યો હતો. નોકરે સાદ દીધો તેવો આશાથી પાછો ફર્યો અને જતી વખતની ચાલ કરતાં બમણી ઝડપે એદલજીની પાસે આવી ઊભો. વાહરે આશા, તારી બલિહારી છે! તું ચાહે તો મારેલાને પણ બે ચાર પગલાં ચલાવી શકે છે! માણેકને દૂરથી આવતો, જર એકી ટગરે જોઇ રહી હતી અને મુગ્ધ કરીને તેની મુખમુદ્રાપરથી તેનું ધ્યાન અને આંખ ખસતાંજ નહોતાં. આ પહેલીવારના મિલાપે, આવી ભણેલીગણેલી સુધરેલી અપ્સરા જેવી બાલિકાના હૃદયમાં શું પ્રભાવ નાંખી દીધો કે, તેણી એક પરજાતના યુવક ઉપર આટલો બધો ભાવ દેખાડવા મંડી ગઇ!!

"ભાઇ!" માણેકચંદને પોતા સામે ખુરસીપર બેસવા નિશાની કરી, દયાળુ એદલજીએ બોલવા માંડ્યું. "કાલથી તમારી જગા મહારે ત્યાં હું કાયમ કરુંચ. હાલ તરત તમુને વીસ રૂપીયા પગાર આપસ. જો કે તમારા નોલેજ તરફ જોતાં એ પગાર બોલતાંબી મને શરમ લાગેચ, પન મ્હારાં ખાતાંને જે કામની અગત છે, તેટલી વાત હું કરુંચ. વરી તમે ધ્યાન રાખી કામ કરસો અને વફાદારીથી રહેસો તો હું આગર જતાં તમુને ચાન્સ આપસ. બોલો તમારી મરજી છે?"

"હું એ વીસ રૂપીઆને વીસ પાઉન્ડ ગણી મ્હારે માથે ચઢાવું છું;" માણેકચંદે ગદ્દગદ્દ કંઠે કહ્યું. "પરમેશ્વર તમારી વેલ વધારે અને મારા જેવા વખાના મારેલાઓની સહાયતા કરતા રાખે." આટલું કહી માણેકચંદે હાથ જોડ્યા અને સભ્ય ગૃહસ્થ એદલજીએ તેને તેમ કરતો ના કહી અટકાવ્યો.

પોતાને સ્થાને આવી માણેકે માતપિતાને પોતાને મળેલી નોકરીવિષે પત્ર લખ્યો. તેનાં માબાપ પંજાબમાં હોશિયારપુર જીલ્લે અમોટા નામના

ગામમાં રહેતાં હતાં. માબાપ આટલા ખરચ પછી વીસ રૂપરડીની નોકરીનું નામ વાંચી આનંદ તો શું પામે, પણ એમ ધારી સંતોષ માની લીધો કે, અસ્તુ, છોકરો ઠેકાણે તો પડ્યો! પોતાનું ખાધાખરચ કુટી કહાડશે અને ઘેરથી જે પગાર દર મહીને મોકલવો પડતો હતો તે આપદા ટળી.

હિન્દુ પ્રથા પ્રમાણે **માણેક**નાં લગ્ન બચપણમાં જ કરેલાં હતાં. તેની પત્નીનું વય અઢાર વર્ષનું હતું: **માણેક** બાવીસ વર્ષનો હતો. તેની સ્ત્રી પગાર ઓછો છે કે વધારે તે કંઈ સમજી નહીં. કાગલ જેવો વંચાયો કે તેણીએ તો મનથી નિશ્ચય કરી લીધો કે, હવે તેણીને બહાર જવું પડશે; જુદું ઘર વસાવવું પડશે અને સાસુ નણંદનાં મેણાં ટુંણાથી હવે તેણીનો પિંડ છુટશે. **માણેક**નાં સગાં વ્હાલાંઓનાં છોકરાંઓ, જેઓ પરીક્ષાઓમાં નાપાસ થઈ બળદનાં પૂછડાં આંબળવા અને હળ ખેડવામાં પડ્યાં હતાં તેઓ મનમાં તો બળી ગયાં, પણ ઉપર ઉપરથી તેના પિતા ગોવિન્દરામને વધામણી આપવા આવ્યાં.

પ્રકરણ ૨ જું

અમોટા તાલુકો–માણેકની જન્મભૂમિ

હોશિયારપુર જીલ્લાને આપણા ગોરાગબરુ જુવાન બહાદર, પંજાબનો બગીચો કહેતા હતા. હવે તો નહેરોના પ્રતાપથી બીજાં બધાં સ્થળો પણ નંદનવન જેવાં બની ગયાં છે. **અમોટા** એક નાનકડું પણ રળિયામણું ગામડું છે. **માણેકચંદ**નો પિતા ગોવિંદસિંહ ત્યાંનો વતનદાર છે. બીજા વર્ગનો એક રજપૂત નામે **સરૂપસિંહ** પણ ત્યાંનો વતનદાર છે. બન્નેમાં ઘણા વખતથી અંટશ ચાલુ છે. કેવળ અંટશ જ નહિ, પણ એક બીજા ઉપર વૈરભાવ રાખતાં રાખતાં આખરે ગામમાં બે તડ પડી ગયાં છે અને અનેક બહાને એકેકની છેડતી શોધી એક બીજાને કોરટને બારણે ઘસડવામાં મમતપર ચઢયા છે. કેવળ પટલાઇ શબ્દે જ પરસ્પરને એક બીજાના લોહીના તરસ્યા વિકરાળ વરૂ બનાવ્યા છે. બે ચારેક ઘર **અમોટા**માં મુસલમાન રજપૂતોનાં પણ છે. એ લોકો મુગલિયા સલતનતના દોર વખત ઇસલામી ધર્મ સ્વીકારી બેઠા છે. એ લોકોના રીતરિવાજ હિંદુઓ જેવા જ છે. લગ્ન વિવાહ વેળા એક પાસ **મૌલવી** ઇજાબ અને કુબુલના કલ્મા ભણે છે અને બીજી તરફ બ્રાહ્મણો નવગ્રહોની પૂજા કરાવે છે. પંજાબ દેશમાં એક **મીરાસી** નામની જાતિ વસે છે. એ લોકોને ‘લાગી’ (લાગાવાળા) કહે છે.

એ લોકો લગ્નમાં ગાવા બજાવવાનો ધંધો કરે છે. મીરાસી મુસલમાનો પણ હોય છે અને હિંદુઓ પણ હોય છે. પંજાબના રજપૂતો અત્યંત આળસુ, એશઆરામી અને પડ્યા ખાઉ પાડા થઇ ગયા છે. મોટે ભાગે તે લોકો દેવામાં ડુલી રહ્યા છે.

ગોવિંદસિંહ, પુત્ર પુત્રીનાં લગ્નોમાં કુલણજીપણે અતિશય ખરચ કરી તદ્દન નીચોવાઇ ગયો છે. વડીલોપાર્જિત જમીનનો અડધા કરતાં વધારે ભાગ ગિરવી મૂક્યો છે અને ત્રણ ઘરોમાંથી બે ડુલી ગયાં છે. કેવળ એક પોતે રહે છે તે ઘર બાકી છે. માણેકને કેળવવા પાછળ પણ તેણે છુટે હાથે નાણું વેર્યું હતું. થોડીક જમીન ગામને પાદરે હતી, જ્યાં પોતે વાવેતર કરતો હતો, તેમાંથી પરાણે એટલું પાકતું કે, પોતાના કુટુમ્બનો નિર્વાહ કરી શકે. તેના પીતરાઇઓ, જે અમોટામાં જ વસતા હતા તેઓ તેના જુના વેરીઓ હતા. રાત દહાડો તેને પગતળે કચડી નાંખવાની ગણત્રીમાં ગુંચવાયલા રહેતા. ન્યાતિલાઓ, કે જે લોકોમાંનો મોટો ભાગ દારૂડિઓ અને રાંડોના ફંદાનો શિકાર થઇ રહ્યો હતો, તેઓ તો ગોવિંદના પૂરા શત્રુ હતા; કારણ કે તેનો છોકરો ભણેલો ગણેલો અને સુધારાની પાયરીએ ચઢેલો હતો, એટલે તે પાપીઓ અદેખાઇથી બળી રાખ થતા. મોંઢાપર તો બધા ભલું મનાવતા, પણ પેટમાં છરી રાખી ફરતા હતા. ઘણા ખરા લોકો તેની વતનદારી કયારે જતી રહે તેની કાગને ડોળે વાટ જોતા હતા અને કેટલાકો તેને કોરટને બારણેથી વેરાન ખેરાન થઇ નિકળતો જોવાની બાધાઓ અને આખડીઓ લઇ બેઠા હતા. બાપડા ગોવિંદે કોઇનો બાપ નહોતો માર્યો, પણ ન્યાતિલાઓ અને તેમાં મુખ્ય કરીને અભણ જાતિના ન્યાતિલાઓ કેવા અને કેટલા દુર્જન છે તે તો તે જ વ્યક્તિ જાણી શકશે કે જેનું પાનું તેવાઓથી પડ્યું હશે. એક ન્યાતિલો સારો થયો કે, થોડાક ડંગોરિયાઓ તેને પજવવાને તૈયાર થઈ જતા ને વાતે વાતે ન્યાત બહાર–અસે મસે ડંડ. આ ડંગોરિયાઓને બીજો કામ ધંધો નહીં, એટલે રાત પડે કે પંચમાં ભેળા ને હુક્કા બીડી ને બબાના ચેલા! કોઈ સામો થયો તો સરકારનાં ઘોડાંને ઘાસ ખવરાવવા કોરટને બારણે લાખો રૂપિયા ઘરમાંથી કે પંચમાંથી કહાડી વેરવા તત્પર થશે, પણ ન્યાતમાં વિદ્યાલય કે ઔષધાલય કે ધર્મશાળા બંધાવવાના ઉઘરાણામાં પાંચ પૈસા આપતાં હૈયામાં લાહેના ભડકલા ઉઠશે.

ગોવિંદની ન્યાતમાં એક સજ્જન એવા હતા કે, જેમને ન્યાતવાળાઓ પોતપોતામાં ખાસડે દાળ વ્હેંચે એ જ જોઇને આનંદ થાય! વાંચક, આ વાતમાં

લેશ અતિશયોક્તિ ના સમજતો! પ્રત્યેક દેશમાં અને દરેક ન્યાતમાં એવા ડંગોરિયા પડેલા છે કે, જેઓ પારકી હાનિમાં જ પોતાનો લાભ સમજે છે. મહાત્મા તુલસીદાસે રામાયણમાં પણ તેવા દયાસિંધુઓ માટે આ પ્રમાણે લખ્યું છે—

'પરહિત હાનિ લાભ જીન કેરે, ઉજરે હર્ષ વિષાદ બસેરે,
જો પરદોષ લખ હિંસહ સાખી, પરહિત ધૃત જીનકે મન માખી;
વચન વજ્ર જેહિ સદા પિયારા, સહસ નયન પરદોષ નિહારા.'

વળી એક જણ તો કેવળ તે દહાડાથી ગોવિંદનો શત્રુ થઈ બેઠો હતો, કે જે દહાડે તેણે પોતાના દીકરા દીકરીનાં લગ્ન સારી ધામધૂમથી કર્યાં! જે દહાડાઓની વાત હાલ લખીએ છિયે તે દહાડાઓમાં એક રજપૂતે પોતાના ઘરમાં મોચણ ઘાલી હતી અને તેને ન્યાત બહાર મૂક્યો હતો. વળી તેને ગામને કુવે પાણી ભરવાનો નિષેધ હતો. તે બાપડો ગામથી ત્રણ ગાઉ દૂર નદીએથી પાણી ભરી લાવતો હતો.

અમોટામાં એક તુલારામ પટવારી નામનો સારસ્વત બ્રાહ્મણ રહેતો હતો. તેનું રહેઠાણ ખરું તો ગુરદાસપુરમાં હતું, પણ અહીં મૂર્ખાઓને ભમાવી કમાઈ કરવાનું ફાવતું જડ્યું, એટલે પોતાના દેરા તંબુ અહીં જ જમાવી દીધા હતા. તે આગળ પાછળ અગિયારસ ને વચમાં ગોકળઆઠમ જેવા એકલારામ હતા. સ્ત્રી પાંચેક વર્ષથી પરલોક પધારી ચૂકી હતી. અજાણ્યો માણસ એમની રીતભાતથી એમ જ સમજે કે, એ કોઈ કાશ્મીરી પંડિત છે. તેમની બધી બાબતો કાશ્મીરી વિપ્રોને મળતી હતી. કારણ એમ હતું કે, તે એક કાશ્મીરી બ્રાહ્મણના હાથ તળે પાંચેક વર્ષ નોકરી કરી ચૂક્યા હતા. તે પંડિત ડેપ્યુટી સુપરીન્ટેન્ડેટ હતો. તેની રીતભાત પોતે બધી આચરવા મંડી પડ્યા હતા. હસમુખાપણું, સારું સારું ખાવામાં અને રાંધવામાં ઉસ્તાદ, કપડાં પહેરવાની ઢબછબ સારી, વાતચીત કરવાની છટા પણ તેવી જ સુઘડતા ભરેલી; સવારમાં બે કલાક શિવપૂજનમાં એવી રીતે ગાળતો કે દર્શને આવતાં બસો ચારસો માણસ જુવે. ટીલું પણ એટલું લાંબું અને જાડું તાણતા હતા કે, અધગાઉથી જણાઈ આવે. વળી લાલ શૈવી ટીલાની આગળ પાછળ કેશર લપેટતા, તે એવું દેખાતું કે, જાણે તાંબાની તપેલીપર કંદેવાળો કર્યો હોય! બે ભ્રમરો વચ્ચે એક મેસની ગોળ બિનકી કરતા—લોક જાણે કે "कस्तूरी तिलकं ललाटपटले!" લાંચ અને જૂઠા સોગન એવી લટકથી ખાતા કે, જાણે દૂધપાક પૂરી કે બરફી ચુરમું જમી રહ્યા હોય! પાંચ સાત ગતો સીતારની પણ ખખડાવી જાણતા હતા. સાંઝના ચાર વાગે એક લોટો વિજીયા (ભાંગ)નો ગટ-

ગટાવી, ઉપરથી એકદમ ચિરસની ચિલમનો દમ ખેંચી, ચોતરાપર સિતાર લઈ, બેસતા. ગામના છટેલા છોકરાઓ, ગધાપચ્ચીસીના તરંગમાં વંઠી ગયેલા તરુણો અને ભંગેરી, ચિરસિઆ તથા ગાંજાખોરીઆઓનું, સાંઝના સાત વાગ્યા સુધી, જુથ જામ્યું રહેતું. રાતના આઠથી અગિયાર પર્યંત શાક્તોનું મંડળ મળતું. તે વેળા કોઈ પશુ પણ પ્રવેશ કરી શકતું નહોતું. બસ, તે સમયે તો માત્ર અધિકારી મંડળજ મળતું અને किञ्चित् पानम्, किञ्चित् ध्यानम्, किञ्चित् किञ्चित् चर्वणम् નો વ્યાપાર ચાલતો. ઈશ્વરે હિન્દુ ધર્મને બહુ બ્હોળો કર્યો છે. ભાંગ પીવી હોય તો શિવજીની બૂટી ! એટલે તેના પીવામાં પાપ જ કેવું !

"મહાદેવ કહે સુન પારવતી, બિજીયા મત દેવ ગઁવારનકો."

ગાંજો ચરસ પણ ભોળા શમ્ભુ અને ભૈરવનાથ દુલ્લાનો સ્વીકારેલો છે. તેના દમ મારવામાં પણ દોષ નહિ. મદિરાપાન કરવું હોય ત્યારે મહાકાલીની દીક્ષા લીધી, એટલે દેવીનો પ્યાલો થઈ રહ્યો ! પછી કોની તાકાત છે કે દોષિત ઠરાવે ? તેમ જ માંસનો પણ શાક્તોને નિષેધ શાનો ? આપણા તુલ્સારામજી પટવારી પણ પ્રત્યેક કામો, શાસ્ત્રાધારે જ કરતા હતા. પરસ્ત્રીગમનથી પણ પોતે ખંચાતા નહોતા અને તેના રદિયા પણ તેઓ પાસે હાજર હજુર હતા. વિદ્યાજ્ઞાન કંઈ જાણવા જોગું નહતું, પણ સંગતોનાં સારાં ફળ મેળવ્યાં હતાં. સ્વભાવ લેશ હસમુખો હતો. એકચરણી કવિતા પણ ઘડી લેતા હતાઃ પણ બીજું ચરણ લખતાં કે ઘડતાં તો એઓના પિતાશ્રી સ્વધામ પહોંચતા હતા. કદી કદી કાગસ્વરે કોઈ રાગડો પણ રડતા હતાઃ પણ તે મધુપાન પછી જ અને ઘણો ખરો કવિતામાં જ !

"મુતરિબે ખુશાનવા બુગો-તાજાઃ બતાજાઃ નવ બનવ."

વળી પોતે સ્વયંપાકી પણ હતાઃ હાથે જ રાંધતા સીંધતા હતા. કોઈનું અડકેલું ખાવામાં પાપ માનતા. શાક્તની અધિકારીઓની મંડળીમાં ગમે તો ઘેડ કાં ન હોય, ત્યાં અટકાવ કે અભડછીટ નહીં. વળી પ્યાલો પીતીવેળા ભૂમિપર છાંટા નાંખતા, શ્લોકો ભણતા. એક કવિએ ઠીક લખ્યું છે.

"પીતા નહીં શરાબ કભી બે વજૂ કિયે,
કાલિબમેં મેરે રૂહકિસી પારકી હય."

ગામના પરવાતા જવાનિયાઓ એને ત્યાં નિત્ય આવતા અને એ બ્રાહ્મણનો દીકરો થઈને એવાં કર્મ કરતો, એટલે રાજપૂતો અને બીજાઓ તેનું અનુ-

સરણ કરે તેમાં નવાઈજ શી? માણેક કદી ભૂલે ચૂકે પણ તેના રહેઠાણ ભણી ફરકતો નહોતો અને તેથી તે પાપી, માણેકના કુટુમ્બનો શત્રુ હતો. ગોવિન્દને ડરાવવા, અવારનવાર તેના નામના ખોટા રિપોર્ટ પણ સરકારમાં કરતો, અને બાપડા ગોવિન્દને બીકને મારે તેને ઘી કે લોટ મોકલી, કાલાવાલા કરી મનાવવાની અગત્ય પડતી. ગામને પાદરે ગાઉ ત્રણેકને છેટે, એક નાનકડી નદી વહે છે, જ્યાં પટવારીજીની સવારી નિત્ય એક આંટો મારતી: સંધ્યાને વિષે બૈરાંઓને ખૂબ ધારી ધારીને જોતા હતા. નીચી શ્રેણિના કાશ્મીરી પંડિતોનાં આચરણો પોતે બધાં અંગીકાર કર્યાં હતાં; ધર્મ ધર્મ એ શબ્દનું નિરંતર બોલવું તેનું જ નામ પોતે ધર્મ સમજતા હતા.

ગોવિંદસિંહની ઘરખાનગી સ્થિતિ સર્વથા કઢંગી હતી. એની સ્ત્રી પ્રેમદેવી એટલી હદ બહાર તુમાખી અને તુન્દ સ્વભાવની હતી કે, માણેકચંદની સ્ત્રી રુકિમણીને જંપીને બેસવા પણ દેતી નહોતી. નિત્યના કંકાસ અને રોજના ભવાડા ચાલુ હતા. માણેકચંદની બહેન પણ પોતાને પીયરે જ રહેલી હતી; કારણ કે તેણીનો ધણી અભણ મૂર્ખ અને લંપટ હતો: તેણે એક છટેલી તંબોલણ રાખી હતી અને પોતાની સ્ત્રીથી ઘર માંડતો નહોતો. મા, પોતાની દીકરીથી વધારે ડાહી અને સમજુ, જગતમાં કોઇને જોતી નહોતી. દીકરી વળી તેમાંની હતી કે જેણીને સાક્ષાત્ ચંડિકા કહેવી જોઇયે! નણંદ ભોજાઇને .એક ઘડી બનતું નહોતું. દહાડાની દોઢસો વઢવાડો થતી અને પ્રેમદેવી પોતાની પુત્રીનું ઉપરાણું લઈ, રાંકડી રુકિમણીના ભાઈ બાપને મનમાં આવે તેમ ભાંડતી હતી.

વિલ્હર નામનો ઇતિહાસવેત્તા લખે છે કે–"હિન્દુઓને સંસારનું સાચું સુખ સ્વપ્નમાં પણ મળતું નથી. સવારથી સાંઝ અને સાંઝથી સવાર, ધર્મના ખટરાગોમાંથી માથું ઉચું કરવાનો અવકાશ પણ તેમને ન મળે. ચોકખાઈ, મર્જાદ, પવિત્રતા, શેવા, પૂજા, પાઠ, અબોટ, ચોકા આદિ નિત્યનિયમમાંથી તેઓ ઉંચા જ આવતા નથી. મરણ અને લગન વખતે તેઓ એટલો બધો અપરિમિત નકામો ખર્ચ કરે છે કે, દેવાળું જ નિકળી જાય! એટલું કરતાંએ કોઇપર ઉપકાર જેવું કંઈ ન મળે. ખાઇપી જનારાઓ ત્યાંને ત્યાં જ લાખો ખોડખાંપણ બતાવવા તથા નિન્દા કરવા ઉભા રહે છે. પૂર્વજોએ જ એવા વ્યવહારની સાંકળથી જકડી લીધા છે કે, એવા મિથ્યા ખરચ કરવા વિના ચાલે જ નહીં. ઘરમાંથી સ્ત્રીઓનો કંકાસ તો કદી ખુટતો જ નથી. કયાં યુરોપિયન જાતિ કે જેનું સુખી ઘર (happy home)! ઘરને જ સ્વર્ગ બનાવી મૂકે છે.

જ્યારે એશિયાઇ લોકો ઘરને સાક્ષાત્ નરક કરી નાંખે છે. એ લોકોમાં ઘર-સંસાર સુખી કરવાની કળા જ નથી!” વિલ્હર બહાદુરનો આ મત, બીજે સ્થળે તો ખરો પડે કે ન પડે, પણ ગોવિંદને ત્યાં આબાદ! ગોવિંદને એક કલાક પણ ઘરમાં બેસવું મુશ્કેલ હતું. ન્હાયો ધોયો, એટલે જે કંઇ દાળ રોટલી તૈયાર હોય તેના બે કોળિયા ખાધા ન ખાધા કે તરત હાથમાં હુકકો લઈ, ગામને ચોરે કે ઉઘરાતદારને ઉતારે જઈ બેસતો, અને ત્યાં જ દહાડો ગાળતો. જેવો ઘરમાં આવ્યો કે બૈરાંઓના ઝઘડાનાં દફતરો ઉઘડતાં. દીકરી એક ખૂણે તોબરો ચઢાવી બેઠી હોય, તો સ્ત્રી બીજે ખૂણે તોબરો ચઢાવી બડબડાટ મચાવી રહી હોય; બાપડી વહુ ત્રીજે ખૂણે પોતાના ભાગ્યપર આંસુની ધારો વ્હેવરાવતી ઓશિયાળે મ્હોંડે ઉભી હોય. કોઇએ સવારનો નાસ્તો ન કર્યો હોય તો કોઇએ બપોરનું ખાવાનું ન ખાધું હોય ને કોઇને બબ્બે કડાકા થયા હોય. એ તો કોને વારે? જેને કહે તેને ખોટું લાગે અને એકબીજાનો વાંક અકેકપર ઢોળવા મંડી પડે. આવા નિત્યના કલેશ કજીયાથી કંટાળી ગોવિંદરામે તે લોકો સાથે વાતચીત કરવી કે તબીયત પૂછવીએ મૂકી દીધી હતી. બસ, ઘરખરચ આપવું અને ત્રણવાર ખાઇ, બ્હાર વખત ગાળી રાત્રે ઘરમાં સુઇ રહેવું—એવો નિયમ તેણે રાખ્યો હતો.

ગોવિંદસિંહે, માણેકના અભ્યાસપર બહુ બહુ આશાઓના કોટ ચણ્યા હતા. છોકરો કોઈ મોટે હોદ્દે ચઢશે, સારો પગાર પામશે, ગિરવી મૂકેલી મિલ્કતો છોડવશે, મોટું ઘર ચણાવીશું, ન્યાતવાળાઓ આપોઆપ ઓશિયાળ થતા આવશે, વિગેરે એવાં એવાં સ્વપ્ન નિત્ય જોતો હતો. માણેકના કાગળે તેનાં નેત્રો ઉઘાડી નાંખ્યાં. તેણે જોયું કે, દીકરો વીસ રૂપડીએ વેપારીની પેઢી પર મ્હેતાગરીપર નોકર રહ્યો! માણેકે પોતાના પત્રમાં સરકારી નોકરીઓની નિરાશા વિષે ઇસારો કર્યો હતો. ગરીબ ગોવિંદને દુઃખ તો ઘણુંએ લાગ્યું. પણ શું કરે? એટલાપર જ મન વાળ્યું કે છોકરો કોઈ ધંધે વળગ્યો છે, તો હવો હવે તેની સ્ત્રીને પણ તેની પાસે મોકલવી જ પડશે. એટલે બીજું કંઈ નહીં તો ઘરનો નિત્યનો કંકાસ અને હાયપીટ તો ઓછાં થશે. બીજી બાજુ મા, એ ચિન્તામાં હતી કે છોકરો જુદો રહેશે, વહુ તેના કાન ભરશે, અમારી ઘરની લોંડી થઈ અમારી પરવાહ નહીં કરે, છોકરો સ્ત્રીનો પક્ષ કરશે, છોકરાનું ઘર મંડાય ને દીકરી પીયરમાં પડી ખાય એ કેમ જોઈ શકાશે? પ્રેમદેવીએ મનમાં ગાંઠ વાળી કે આકાશપાતાળ એક થાય, પણ રુકિમણીથી ધણીનું મોં ન જોવાય

માણેકચંદ પણ પોતાની મા બ્હેનના સ્વભાવથી પરિચિત હતો. ભણેલો ગણેલો માણસ, મનમાં સારી રીતે સમજી શકતો હતો, કે પોતાની પરણેતરની શી દશા હશે. એ તો અંગ્રેજી રીત પ્રમાણે ઘરને 'હેપી હોમ' બનાવવાના હવાઇ કિલ્લાઓ બાંધતો હતો. તે પોતે તો એમ લખી ન્હોતો શકતો, કે મ્હારી સ્ત્રીને **લાહોર** મોકલો; કારણ કે એ તો હિંદુધર્મશાસ્ત્રથી વિરુદ્ધ વાત હતી. જેની સાથે આખો જન્મારો ગાળવો છે તેની સાથે વાતચીત કરે કે તેનાં સુખ દુઃખની ચિંતા કરે, તો વહી ગયલો, ફાટેલો, વંઠેલો, ઉખડેલો, નિર્લજ્જ, માબાપનું નાક કપાવનાર ઠરે! **ગોવિંદ** ચાહતો કે બનતી ત્વરાએ પુત્રવધૂને તેના પતિ પાસે મોકલવી. પણ જ્યારે તે **પ્રેમદેવી** આગળ એ વાત છેડતો, ત્યારે મુહૂર્ત, જોગણી, સામો કાળ, સરસગાંને ત્યાં લગ્ન કે એવાંજ કંઇ ભળતાં બહાનાં કહાડી, વાત ઉડાવી દેતી. બ્હેન ચાહતી કે ભાઈ ભાભીને ન બોલાવે તો સારું કારણ કે જે પાંચ રૂપિયા બચાવીને મોકલતો હશે તે બંધ કરશે. **પ્રેમદેવીને** માતા તરીકે ઘણીકવાર એમ વિચાર અવશ્ય આવતા, કે છોકરો શીખવા ભણવાની જંજાળોથી અડધો થઈ રહ્યો છે, અન્ન પચતું નથી, આંખ્યો વાંચી વાંચી અશકત થઈ ગઈ છે, તેથી ભરજવાનીમાં ચશ્મો લેવો પડ્યો છે; હાથે બાંસુરી બજાવશે તો આંખ્યો સમૂળી બગાડી નાંખશે; કોઈ છકેલાઓની સંગતે ચઢશે તો ભોગ મળશે; માંદે સાજે ચાકરી કોણ કરશે? આવા વિચારોથી એક માતા તરીકે તેણીને ઘણીવાર મન થતું કે, પોતે જ **લાહોર** જાય અને દીકરા પર પોતાનો દાબ બેસાડી રુકિમણીને મનમાન્યો નાચ નચાવે. પણ એમ કરવા જતાં ભર્યુંભાદર્યું ઘર વહુને સોંપી તેણીને ત્યાંની રાણી થઇ બેસવાનો, ભય લાગતો હતો. જ્યારે ઘરનો કામ ધંધો બહુ કરે ત્યારે સસરો પણ તેને આધીન થઈ જાય—એ વાત **પ્રેમદેવી** જેવી ખારીલી સ્ત્રીને કેમ પાલવે? આવી ઘડભાંજમાં **પ્રેમદેવીએ** કેવું સત્યાનાશ વાળ્યું, એ આગળ જણાશે. હિંદુ સંસારમાં સ્વેચ્છાચારી સ્ત્રીઓનું મોટે ભાગે ચલણ હોય છે અને તેણીઓ પોતાની નજીવી બુદ્ધિથી, પુરુષોને મૂર્ખ સમજી અનેક ઘોંટાળા કરી, સુખી ઘરને, અભણપણે, અસ્તવ્યસ્ત કરી નાંખે છે. કવીશ્વર દલપતરામે સર્વથા સત્ય લખ્યું છે કે—

"સમઝે ન પોતે અણસમજુ પતિને કહે,
ધુંધવતા બોલે બોલ ધમકી વિચારી તે."

પ્રકરણ ૩ જું

ભણ્યાની સ્થિતિ

મેટ્રિક માંદા ના મટે, બિ. એ. થયા બેહાલ;
એમ. એ. મરણ પથારિએ, એ વિદ્યાના હાલ.

ચાકરી મળ્યા પછી માણેકે બોર્ડિંગહાઉસનો નિવાસ જલદીથી છોડ્યો. અનારકલી નામના બજારમાં એક સાધારણ કાતરીયું ભાડે લઇને, પોતાનો અટારો ખટારો ત્યાં લાવી નાંખ્યો. કાતરિયામાં શું શું સરસામાન ગોઠવેલો છે તેપર આપણે થોડીક દૃષ્ટિ નાંખી જઇએ, એક નેતરની ગૂંથેલી પેટી, પૃથક્ પૃથક્ ધર્મો સંબંધી ભિન્નભિન્ન વિદ્વાનોને હાથે લખાયલી ચોપડીઓથી ભરેલી બીજી તેવી જ પેટી—જેમાં તત્ત્વજ્ઞાન, સાયન્સ ને કૉલેજમાં ચાલતી ચોપડીઓ ઉપરાંત માણેકે પોતાના શોખથી વાંચવા ખરીદેલી ચોપડીઓ હતી. તેવા જ એક નેતરના બાક્ષમાં પહેરવાનાં વસ્ત્રો હતાં. ત્રીજી એક લાકડાની મોટી પેટી હતી, જેમાં વૈદિક, યુનાની અને અંગ્રેજી ભિન્નભિન્ન પ્રકારની ઔષધિઓ હતી. કોઇપર અંગ્રેજીમાં ટિંક્ચર સ્ટીલ, તો કોઇપર બાલબોધમાં નમક સુલયમાની, તો કોઇપર ઉર્દુમાં અર્કે કાફુર, ખાકી ઓઇલ. ઇ. ઇ. નામો વાંચવામાં આવતાં હતાં. એક તરફ આરસી મુકી હતી. એક નહાની હવલાઈપર બ્રશ, કાંસકી અને સેન્ડોના ગ્રીપ ડમ્બેલ્સ પડ્યાં હતાં. આરસી ઉપર એક લાંબું પાટિયું જડેલું હતું, જેનાપર થોડીક દવાની શીશીઓ, નહાના મોટા ડાબડી ડાબડાઓ અને કરિયાતાની નાનકડી ભારી પડી હતી.

માણેકે એક નોકર પણ રાખ્યો હતો. તે નૈનીતાલ તરફનો લાંગરી જાતિનો બ્રાહ્મણ હતો. માણેક પોતાના ગજવામાં ત્રણ ચશ્મા રાખતો હતો. એક ઉડતી ધૂળથી આંખનું રક્ષણ કરવા, એક દૂરનું જોવામાટે અને એક વાંચવા લખવા વાસ્તે. ત્રણમાંથી એક ચશ્મા તેની આંખપર નિરંતર જોવામાં આવતાં હતાં. એ ચશ્માનાં એક બે ભાગેલાં જુનાં ઘરો પણ હવલાઇપર પડેલાં હતાં. એક જુની ટિપાઇ, એક તેવી જ પુરાણી ખુરસી અને એક કંતાનની ઇઝીચેર, કોઈ કબાડીની દુકાનપરથી ઉપાડી લાવ્યો હતો. રાંધવા સીંધવા માટે માણેકે કંઈ ખાસ વાસણ વસાવ્યાં નહોતાં. થોડું ઘણું રાંધીસીંધી લેવાતું. શાક ભાજી બજારથી તૈયાર આવતું અને એમ ગાડું ગબડી જતું.

માણેકને એદલજીને ત્યાંની નોકરી બહુ ભારી પડી ગઈ હતી. બરાબર

આઠ કલાક ટેબલપર બેસીને લખવું, **માણેક** જેવા નબળા માણસને કેમ પરવડે? વળી વેપારીઓના કાગળ પત્રોમાં અમુક અમુક શબ્દો એવા વિચિત્ર આવી પડતા કે જેથી આખું વાકય જ ગુંચવાઈ જાય–માથું ફોડીને મરી જતાં અર્થ ન નિકળે; દહાડામાં દશવીશ વાર ખુરસીપરથી ઉઠીને **એદલજી** પાસે અર્થ પૂછવા જવું પડતું. **એદલજી** બહુ આશ્ચર્યમાં પડતો કે, આ એમ. એ. થયેલો માણસ, દુકાનદારીના વ્યાવહારિક કાગળ પત્રોમાં આટલો બધો ગુંચવાઈ જાય છે, ત્યારે એની સ્કુલ અને કૉલેજમાં કેવા પ્રકારની કેળવણી અપાતી હશે! **એદલજી** વધારે અચરત એ પામતો હતો કે, **માણેક** પ્રતિકલાકે એકેક ભાગ દવાનો પીયે છે; આખો દહાડો ઠૂઠૂ કરે જાય છે; દર અરધે અરધે કલાકે માથું પકડી પાંચ પાંચ દશ દશ મીનીટ ટેબલપર કોણી ટેકવી બેસી રહે છે; કોઈ અંગ્રેજ ગ્રાહક જો કંઈ ખરીદવા આવે છે તો થરથર કંપે છે અને તોતડો બોબડો થઈ જાય છે; સારી રીતે ફેરવી હેરવીને આખી દુકાન દેખાડવાને સ્થાને બનતાં સુધી જલદી પતાવી દેવાની વેતરણ કરે છે. **એદલજી** ઘણીવાર તેને નોટિસ આપવાનો વિચાર કરતો, પણ વળી દયાની લાગણીઓ ઉભરાઈ આવી તેને તેમ કરતો અટકાવી નાંખતી. કોઈ કોઈ સમયે ગૃહસ્થ **એદલજી** એમ પણ વિચાર કરતો હતો કે, આવા અશક્ત હાડપિંજર પાસે વીશ રૂપરડીમાં આઠ કલાક કાગળપર ઘંટી દળાવવી, એ એક પ્રકારનું ઘાતકીપણું છે! કોઈવાર ખાવાની ટેબલપર, જો **એદલજી** **માણેક**ને રજા આપવાની વાત કહાડતો તો **જરબાનુ**ના મ્હોમાંથી ઝટ નીચલા શબ્દો વિચિત્ર લાગણીથી નિકળતા–"પપ્પા! આવા, લાચાર, મુફલિસ, ગરીબ ગ્રેજ્યુએટના પેટપર લાત મારવી, એ તો એકચ્યુઅલી ઘાતકીપનું જ ગનાસે. ખુદાએ આપુને સું ઓછું એનાયત કીધુંચ. કોઈ જોય કે એકવાર આવા માનસને આસરો આપી પછી આપરે કહાડી મૂકિયોચ તો ખરિયું ઘનું જ નરસ લાગે."

કેટલીકવાર એવી વાતચીતો થવાથી, **જરબાનુ**ને ભય ઉત્પન્ન થયો કે, તેણીનો પિતા **માણેક**ને આવશ્ય કહાડી મૂકશે. છેવટ તે સહૃદય સુંદરી માણેકનો ભાર ઓછો કરવા માટે તેને સહાયતા આપવા મંડી પડી. **એદલજી** એ વાતથી સર્વથા પ્રતિકૂળ હતો કે પોતાના દીકરાથી વિશેષ લાડવાઈ દીકરી, એક સાધારણ કલાર્કનું કામ કરે. પણ જ્યારે **જરે** તે વિષયમાં પોતાને આનંદ આવતો પ્રકટ કર્યો ત્યારે, સીધા સરલ **એદલજી**એ, કંઈ વાંધો ન લીધો. આપણા એમ. એ. ચંદ કરતાં તો **જરબાનુ** પત્રવ્યવહારમાં વિશેષ કુશળ નિકળી. તેણી ઉલટી **માણેકચંદ**ને સમજાવતી હતી. **માણેક**નો બધો સમય દુકાનના કામમાં

પૂર્ણ થઈ જતો, બાપડાને નવનવા ગ્રંથો નિહાળવા કે ઉત્તમોત્તમ વિષયોનું અવલોકન કરવાની વેળા તો વહી જતી. તે જરબાનુની સહાયતાને,એક દૈવી સહાયતા માની તેના આભારતળે પ્રતિદિન દબાતો હતો. ઘણીકવાર તે પોતાના મનથી વિચાર કરતો કે, આ દયાની દેવી મ્હારા જેવા એક ગરીબડાને આટલી બધી મદદ શા માટે કરે છે? મુજ અભાગિયાને માટે પોતાના નાજુકડા શરીરને આટલો બધો પરિશ્રમ શા માટે આપતી હશે? પણ આ પ્રશ્ન મનમાં જ સમાઈ જતો હતો. થોડાક દહાડા સુધી તો ચુપચાપ અને મર્યાદાથી કામ ચાલ્યું. પછી ધીરે ધીરે થોડું ઘણું કામ કરી આંગળીઓના ટચાકડા ફોડતાં અમથી કંઇને કંઈ વાત કરવાનો આરંભ થયો. એમ ઘણે દહાડે સંકોચ દૂર થયો, એટલે એક દહાડો થોડું કામ હતું તે આટો-પાઈ ગયું પછી અવકાશ મળતાં માણેકે ધીરે રહી પૂછ્યું:--

"જરબાઈ! હું આશ્ચર્ય પામું છું કે, આપે આટલું બધું અંગ્રેજી જ્ઞાન ક્યાં સંપાદન કર્યું? કેટલું સ્પષ્ટ અને વિના અટકવે આપ બોલો છો કે હું ડાચું વિકાસી આપનું મુખ જ નિહાળી જાઉં છું! વળી વધુ તો અચરત એ પામું છું કે, આપ ઘરગતુ ભાષા અને વ્યાપાર સંબંધી ચાલુ શબ્દોનો એક ભંડાર ધરાવો છો! હું જો કે એમ.એ.ની ડિગ્રી મેળવી ચુકયો છું, પણ મોલવી સખા સાહેબના વચન પેઠે–

"સખા હમને બહોત કુછ કોશિશેં કી તાકે કુછ સમઝે,
મગર સમઝે તોયે સમઝે કે અબતક કુછ નહી સમઝે."

"તમે ધારોચ તેટલું બધું કંઈ મ્હારું નાલેજ નથી મી૦ માણેકચંદ!" જરે માણેકના પ્રશ્નથી મલકાતાં, પણ સાચો સ્વીકાર કરતાં કહ્યું. "હું ન્હાલ્લી હુતી ત્યારે બેહરામજી જીજીભાઈ ગર્લસ્કૂલમાં ભનવા જતીતી, પછી થોડો ટાઇમ દીનશા પિટીટ ગર્લસ્કૂલમાં શીખી. અવાર નવાર ફ્રામજી કાવજી ઇન્સ્ટીટયુટમાં જૂની જૂની ચોપરીઓ બી વાંચવા જવા લાગી. વધૂ છૂટથી બોલવા ચાલવાની આદત તો અમારાં સગાંવહાલાંઓને લીધે પડી. મ્હારાં બધાં બેસીઓ ઘનાં જ સીખેલાં ભનેલાં ગ્રેજ્યુએટ છે. ખુદાયની મેહેરથી અમારા પારસીઓમાં અંગ્રેજી બોલવાની સ્ટાઇલ નેચરલ જ સારી હોયચ ને અમારા મુંબાઇગરાઓનું સિખવારવાનું બી ઘનું જ સરસ. તમારા પંજાબીઓના તો પ્રોનનસિયેશન જ કંઈ નેચરલી ખરાબ હોયચ-જાને લેંગ્વેજને બિચારીને બેરેહેમપને ભચરી કચરીને બધી સુવરાવીચ દે. સ્ટેશનને અસટેશન, અને સ્પેશિયલને અસપેશીઅલ ને એવું જ બરિયું તરેહવાર રીતે બોલેચ. ઑગ્ગે તે ઑગ્ગે જ છે. હજારો જાતની શખવા ભન-

વાની સગવરે, જોઇયે તેવા ટીચરે. તમારો પંજાબ દેસ તો, માફ કરજો, હું મિસ્તર માનેકજી–તોબા આઇ મિન ટુ સે”–માણેકજી શબ્દ બોલતાં જરા કંઈ ગભરાયા જેવી થઈ ગઈ. એક દીર્ઘ નિશ્વાસ ખેંચવા પછી વળી તેણીએ પોતાના કોકિલ સ્વરને છેડ્યો. “હું તમારું દિલ દુઃખાવવા કે ફિસીઆરી કરવા ન્હે બોલતી, પન તમારો દેસ મને તો કંઈ જંગલી જેવો લાગેચ. હું તો ધારુંચ કે અંગરેજોના રાજ પેહલ્લે અહીં કોઈ દરજીબી નહીં હોસે. આખું મલમલનું થાન માંથાપર લપેટેચ ને તેબી આંતો એક ઉત્તર તો એક દખ્ખન, ઇજાર કે લેંઘાને ઠેકાને પેલી સુંજો બરી, આપરે લુંગી–હા લુંગી–લપેટીને સાંઈ કવડાની કાની ફરેચ. બૈરાંઓબી મુવાં ગલીચ જેવાં અરધાં નાગાં ફરેચ, ન લાજ ન મલાઝો. એક લામ્બું ચાદરું ઓઢિયું કે પરદાબીબી થઇને ચાલિયાં. પગમાં બૂટ તો હજારમાં એકાદ બૈરી પેહેરતી હોસે, ને તેમાં નદ્દી તલાવ પર તો મુવો અજબ પાક બેહયાસીન થાયચ. મરદો ને બૈરાંઓ એકી આરે મુંવાં નફટપને ન્હાય! અમે તો તે દેખાવ જોવા કરતાં ગારત થઈ જવું બેહતર સમઝિયે!”

જરબાનુની છટાદાર વાતો અને સ્પષ્ટપણે દરસાવેલા મતથી માણેકચંદ દિગ્મૂઢ જેવો બની ગયો. એ તો વિચારમાં જ પડ્યો કે આ તે સ્ત્રી કે પુરુષ? ક્યાં સોવાર બોલાવતાં પણ, મોંઢેથી “જી” કે “હાં” જેટલો બોલ કાઢતાં અઢારસો ખોટાં નખરાં કરનારી ગામડિયણ સ્ત્રીઓ અને ક્યાં આ પુરુષોને કોરણે બેસાડે તેવી સતેજ, બાહોશ બાળી?

“ભલે કાજે અંગ્રેજી રાજ થયું–” જરબાનુ સહજવાર થોભી શ્વાસ લઈ પાછી બોલી. “બિચારાઓ કોટ પાટલૂન તો પહેરવા લાગા. નહીં તો પેલી લુંગી કે પાંચ મન દાના સમાય તેવો બે તાકાનો લ્હેંગો, જેને હું ભૂલતી ન હોઉં તો શલવાર કેહેચ તે, અને ચાર માનસ સમાય જાય તેવું કુરતું, કે જેની અગલી હેલ જેવી બ્હોંયમાં આઠ હાથ સાથે રહી શકે. કાલે બાવાજીને કંઈ વાવટા અને લેમ્પો ને એવી જ કંઈ પરચુટન ચીજો માટે કોઈ કૉલેજના પ્રૉફેસરે તેરાવિયાતા, તે પ્રૉફેસરના મ્હોંને ના બોલતા, તેવન જીભરૂ કહેતાતા કે, હિન્દુઓના પોરિયાઓ રાતના બાર બાર વાગાવેર છાપરાંના મોભ સાથ દોરી લટકાવી તેવરે પોતાની ચોટલીઓ બાંધી ‘સ્ટડી’ કરેચ ને સવારે ચાર વાગેથી પાછા ભડવા મંડી પરેચ. ખાવામાં દાર ને ચાવલ ને ઘઉંની જારી ભેંસારસૂર જેવી રોટલી, બસ. એમ. એ. ને બી. એ. થવાપર જ મચિયાચ. એક એકને મ્હોને ઇમ્તેનહાન (પરીક્ષા), ઇમ્તેહાન ને ઇમ્તેહાન જ, બસ, પંજાબીઓ કેથા એમ જ

શમઝી બેઠાય કે ભનવું ગનવું ફકત સરકારી નોકરીને જ ખાતર છે. બસ ડિગ્રી ને ચાકરી બેથી જ આ ઈંડિયામાં મેડ થઈ ગિયાચ."

"તમારાં એકેએક વચનો ખરાં છે, બાઈ સાહેબ!" **માણેક** કે જે પોતે પણ તેવી જ રીતે પરિશ્રમથી શીખેલો તે બોલી ઉઠ્યો. "અહીંના લોકોમાં કંઈ દમ નથી. પ્રથમ કદાચ કંઈ હશે, પણ હમણાં તો તેનાં ચિહ્નો સુદ્ધાં દૃષ્ટિએ પડતાં નથી! બસ યુનિવર્સિટીની પરીક્ષાઓ પાછળ હાથ ધોઇને પડ્યા છો! મને જ જુવો, કોઈવાર અવકાશ મલવે મ્હારી ભણવાની મોંકાણ વર્ણવીશ તો આપ દાંતમાં આંગળી ઘાલશો."

"જરા! દીકરી જર!" અંદરથી **એદલજી**નો સાદ સંભળાયો.

"જી આવીજી બાવાજી; **જર** દોડતી કે પોતાના ઓરડા ભણી ગઈ. **માણેક** હાવરો બાવરો ટેબલ આગળ જઈ પોતાની ખુરસીપર બેઠો. તે મનથી એ જ બડબડતો હતો કે, આ લોકોના સંસારસુખનો પાર જ કયાં હશે? આવી સ્ત્રીને એવો જ સાક્ષર પતિ મળે એટલે પછી સ્વર્ગમાં અને સંસારમાં અંતર શો? વળી પારસીઓમાં ડગલે ને પગલે ભણેલા પડ્યા છે. હું એમ. એ.! કિંમત શી? વીસ રૂપરડી! **એદલજી** શેઠનું અંગ્રેજી, વારુ, ઠીક છે, લાખોનો ધણી! રે! મેં એમ. એ. થઈ નાહક કયાં જીંદગી બરબાદ કીધી."

આમ વિચાર કરતાં કરતાં તેની દૃષ્ટિ **જાપાન**ના માલના લીસ્ટપર પડી કે જે ત્યાંથી આવ્યું હતું અને તેણે તથા જરબાનુએ સાથે બેસી જેનો ઉતારો કર્યો હતો. લીસ્ટને સહેજ સાજ વાંચી **માણેક** બોલ્યો–"અહાહા! દેશ તે આનું નામ, કેવી અને કેટલી શીઘ્રતાથી એણે પોતાની ઉન્નતિ કરી! વાહરે સંપ! ઐકયનું પ્રાબલ્ય જ જુદું છે. અરેરે! આપણા જેવા દીન દરિદ્રને આવા દેશમાં કોણ લઈ જાય? અને કોઈ લઈ જાય તો અણઘડ ન્યાતિલાઓ આપણા શરીર-પર ખાલે શાની રહેવા દે."

"તુમકો સાબ બુલાઈત હૈ, બાબુજી!" એક પૂરબિયા નોકરે આવી **માણેક**ને કહ્યું. **માણેક**, **જાપાન**નું લીસ્ટ લઈ પોતાના શેઠના ઓરડામાં ગયો. **એદલજી**એ લીસ્ટ જોઇને કહ્યું–"હવેલ બાબૂ! યુ આર એ લકી મેન. તમારા કરતાં તો મારી પનોતી દીકરીએ ચાર લાઇન વધારે લખીચ."

"જી હાં, ગરીબનવાજ!" **માણેકે** લજ્જાથી નીચી ડોક કરી ઉત્તર આપ્યો. "જરબાઇના મારાપર લાખો ઉપકાર છે. આપ મ્હારા અન્નદાતા છો, અને આપની પુત્રી મારી સાથે લખવા બેસે છે, એ દેખાવ મને લજ્જીત કરે છે

પણ શું કરું ? શરીરથી લાચાર છું, નહીં તો હું મરતાંએ એ બાઇને તકલીફ ન આપું. વધારે તો શું કહું ? કિરતાર પાસે એટલું જ માગું છું કે, દયાળુ દેવ ! મ્હારા આટલા દુઃખી શરીરપર એકાદ દુઃખ એ બાઇનું નાંખી દે અને તેના ભોગે એઓને આરોગ્ય રાખે. ભગવાન મ્હારા વયમાંથી પાંચ વર્ષ એ દયામયીને અર્પણ કરે.” આ શબ્દો બોલતાં **માણેક**નાં નયનોમાં ઝળઝળીયાં આવી ગયાં.

“પન બાવાજી ! હું કહાં એ કામથી ટ્રબલ માનુંચ જે !” **માણેક**ને આડું જોઈ આંસુ લ્હોતો દેખી, દયાળુ જરે, દિલથી દુઃખી થઈ કહ્યું. “હું તો ફક્ત મારી પ્રેકટીસને ખાતર જાની બૂઝીને લખવા બેસુંચ. મીસ્તર **માણેકચંદ** ! તમે એમ ઓસિયારા સું કામ થઈ જાવચ ? ઈન્સાનને ઈન્સાન કંઈ મદદ કરે તો તેમાં તેણે સું એક મોટો વાઘ મારિયો ? તે તો તેની ફરજ છે.”

“એ તમારું કુળવાનપણું અને સાચા જરતુશ્તીની બાલિકા તરિકેનું પવિત્ર રક્ત બોલે છે, બાઇશ્રી !” **માણેકચંદે** ખરા હૃદયથી એક દીર્ઘ નિશ્વાસ, પોતાની શરીર સ્થિતિપર નાંખતાં નમીને કહ્યું. “આપ પોતાના પિતા જેવાં જ પવિત્ર અને દયાળુ છો. બીજા કોઇની આટલી લાડકી દીકરી જો તેના કલાર્કને આટલી બધી સહાયતા કરે તો તે ઘડીવાર પણ તેને નોકરીમાં ન રાખે ! મારી સ્થિતિ હું સારી રીતે સમઝી શકું છું. આપ લોકોનું ઈશ્વર કલ્યાણ કરો કે આપે એક માથે પડેલા દીન દુઃખીને પોતાનો આશ્રય આપ્યો છે અને તેને નિભાવો છો.”

“કંઈ નહીં દીકરા **માણેક** !” સરલચિત્ત માયાળુ **એદલજી**એ પોતાના નોકરને દુઃખે દુઃખી થઈ તેને ધીરજ દેતાં કહ્યું. “જા, આજે કંઈ કામ નથી, જરા સકારો ઘેર જા.” **માણેક** આભારથી નમી સાહેબજી કરી ચાલતો થયો. “નમાનો પોરિયો છે;” **એદલજી**એ તેના જવા પછી જર ભણી જોઈ કહ્યું. “**હિન્દુઓ** સ્વભાવે કુદરતી જ ગરીબ ને ઉપકારને જાનનારા હોયચ. **પારસી** પોરિયાઓ જેવા ઉછાંછળા ને તોફાની ને આઠે ઉઠે ઓતરા જેવા નથી હોતા !”

એ પછી બાપ દીકરીમાં અમથા ગામગપાટા ચાલવા માંડ્યા, જેની સાથે આપણને કંઈ કામ નથી. આપણે આપણા યુનિવર્સિટીના રૂસ્તમ અથવા ભડવીર **ભીમસેન માણેકચંદ** ભણી જઇયે.

નોકરીપરથી નીકળી આપણી વાર્તાનો નાયક સીધો પોતાને કાતરિયે આવ્યો. આવતાં જ બૂટ કહાડી સીધો પોતાના ઔષધાલય (પ્રથમ કહેલી લાંબી અભરાઈ) ભણી એવી રીતે ધસ્યો કે જેમ ભૂખ્યો બંગાળી ભાતપર ! એક શીશી ઉતારી

તેમાંથી એક ચૂર્ણની ગોળી ગળી. પછી લૂગડાં લત્તાં કહાડી એક ધોતિયું બદલ્યું. ગરમ પેટી તો સદાની ગળે પડેલી જ હતી. ધોતિયાનો કચ્છો વાળી ડમ્બેલના પાંચેક હાથ કર્યા કે શ્વાસ ભરાઈ આવ્યો. પાંચ મિનીટ દમ લઈ કાતરિયામાં સવાસો પગલાં ફરી હરી પ્રસ્વેદ લોહી, ઉના પાણીથી સ્નાન કરી લીધું. ભટજી, પહાડી માણસ. તેઓના પેટલાદમાં યા દેવી સર્વભૂતેષુ ક્ષુધારૂપેણ સંસ્થિતાવાળો હિસાબ ચાલુ થઈ ચુકયો હતો. ઉતાવળે ઉતાવળે માણેકચંદના આવતાં જ નીચે ઉતરી અનારકલીમાંથી શાક અને પકોડા તૈયાર લાવ્યો, આટો બાંધી પૂછયું, "શેઠજી! શાકભાજી લાવ્યો છું, જો આજ્ઞા હોય તો ફુલકા ઉતારું, બે ગફફા ગરમાગરમ!"—"ઉભા રહો મહારાજ;" માણેકચન્દે પેટપર ડાબો હાથ ફેરવતાં આડાઅવળા ફેરા મારતાં કહ્યું. "હું કહું નહીં ત્યાં સુધી તવી ન ચઢાવશો.'

ભટજીએ હાય મારી નિઃશ્વાસ નાંખ્યો. ભુખ્યા બ્રાહ્મણની સ્થિતિ કેવી હોય છે, એ તો વાંચનારથી છાનું નથી. ચૂર્ણની ગોળીએ કંઈ ક્ષુધાગ્નિ પ્રદીપ્ત ન કર્યો, એટલે નિરાશ થઈ પાછું માણેકને હવલાઇ ભણી જવું પડ્યું. બીજી શીશી ઉપાડી અંગ્રેજી દવાનો એક ભાગ પીધો. વળી દસ મિનીટ ફેરા આંટા કર્યા. પણ ભૂખ માણેકનું પેટ ભૂલી જઈ, ભટજીના પેટમાં પ્રવેશ કરી જતી હતી! પા કલાક વાટ જોઈ, પણ ભૂખ ન લાગી. ખીજવાઇને ડાકટરી અને વૈદક બન્નેને મિથ્યા અને અધુરાં કહી, વળી હવલાઈ ભણી હેરિયું લીધું. હવે આવ્યો યુનાની દવાનો વારો. એક શીશી ઉપાડી એક ભાગ 'જવારિશે મુસ્તગી'ને ઉડાવ્યો. વળી ઘાંચીની ઘાણીના બળદ પેઠે ચક્કર ચાલ્યાં. જેમ વાઘરીએ ડાકલાં, ઢોલકી, ઝાંઝ, કંસારાં કુટી "ભાગી હો, હો," કરીને ધુણતાં માણસન શરીરમાં દેવી લાવી મુકે છે, તેમ અંતે પરાણે, અડધે કલાકે, દવાઓએ લગારેક ક્ષુધા દેવીનાં દર્શન, આપણા પહેલવાનને કરાવ્યાં. વિના દવા ખાધે પણ આટલીવારે તો સહજસાજ ભૂખ સ્વાભાવિક જ લાગી હોત, પણ આપણા માણેકચન્દે તો યુનાની તબીબુ જ સર્વોપરી ઠરાવી, બે કોળિયા વાળુ કરી લીધું.

જમી, પાણી પીને ઉઠયા એટલે હવે પાચક ઔષધિઓની વારી આવી. અંગ્રેજી મેડિસન અને દેશી ઔષધિઓપરથી તો શ્રદ્ધા ઉઠી જ ગઈ હતી, માટે યુનાની પાચક દવાઓથી શ્રીગણેશાય નમઃ આરંભાયા. પ્રથમ એક ગોળી ખાધી, પછી અડધો કલાક વૈદકનાં પુસ્તકોમાંથી શક્તિની દવાઓ વાંચી, છેવટ એક ફાકી, ફાકી, સુખાળવો થયો. લોકો તો કહે છે જે જવાનીમાં ઉંઘનું ઘેન વિશેષ હોય છે. એક કવિયે પણ કહ્યું છે કે,

"લડક પન ખેલ મેં ખોયા,
જવાની નીંદ ભર સોયા,
બુઢાપા દેખ કર રોયા."

પણ યુનિવર્સિટીના કોર્સો ભરડી ભરડી ભેજું સુકવી ચૂકેલા, હીણભાગી માણેકને, જેમ ક્ષુધાદેવી સાથે વૈર હતું, તેમ જ નિદ્રાદેવી સાથે પણ, બિછાનાપર નિત્યનું યુદ્ધ ચાલતું. પહાડી મિશ્રજી મહારાજનાં નસકોરાંમાંથી તો વરસાદનાં દેડકાં પુકાર કરી રહ્યાં હતાં. શું ધાર્યું? કોણ સરસ, કલમવાળો કે કડછીવાળો? એક દિશાયે ડિગ્રી મેળવી વિદ્વાન કહેવડાવનાર, અભ્યાસ પાછળ પોતાના અમૂલ્ય શરીરનું સત્યાનાશ વાળનાર માણેકચંદને નિદ્રા અને ક્ષુધા માટે, જળવિનાની માંછલી પેઠે તરફડતો જોઇ, દયાની લાગણી ઉશ્કેરાઈ આવે છે, ત્યારે બીજી પાસે તેના રસોઇઆ બ્રાહ્મણને લાગી ભૂખે જમી લઇ, આવી ઊંઘે ઊંઘતો જોઈ, એક કવિકુલકંઠાભરણના દોહરાનું સ્મરણ થાય છે.

"સુખે સુવે સંસારમાં, ભાગ્યવંત કુંભાર,
ચિન્તા બાંધી ચાકડે, ધન્ય ધન્ય અવતાર."

મારફૂટે ઘડીવાર આંખ મીંચાઈ તો તેમાં અગણિત સ્વપ્નો અને તે પણ એવાં આવે કે જેનું ફળ જો "સ્વપ્નાધ્યાય"ની સો ચોપડીઓ જુવો તોપણ ન જડે! ઘડીમાં સાપે કરડ્યો, તો ઘડીમાં વાઘે ભરખ્યો, પળમાં પહાડપર ચઢયો તો ક્ષણમાં ખાઇમાં પડ્યો; ઘડીમાં માથામાં ફટકો વાગ્યો, તો પલકમાં બૂમ પાડી એકાએક જાગ્યો. આખી રાત બડબડાટ ચાલુ! "આભારી છું, બાપ દેવાદાર છે, સ્ત્રી નદીએ ન જાય, તુલારામ લુચ્ચો, જાપાન જવું છે, ન્યાતવાળા દુષ્ટો છે, કપડું સારું છે, વાપરીને યાદ કરશો ઇ૦ ઇ૦" બાપડો કંઈ ભયંકર સ્વપ્નમાંથી, "ઓ બાપરે" કરીને જાગી ઉઠયો, તો સવારના સવા છ વાગેલા. સાત વાગે તો ચાકરીપર હાજર થવું જોઇયે. વાડામાં ગયો તો ખળખળીને ઝાડો ન થયો. દાતણ પાણી કરી બે લોટા અંગપર ઢોળી કપડાં બદલ્યાં અને ચાહ સાથે એક ગોળી કિવનાઇનની લીધી; ટિંચરની બાટલી ગજવામાં મૂકી અને બૂટ પહેરી દુકાનનો માર્ગ લીધો. સૂઈ ઉઠયાને કલાક વીત્યો, છતાં મોઢાપર થોથર, નેત્રોનાં પોપચાં સૂઝેલાં, હોઠપર સોઝા જેવું.

વાંચનાર! ભણ્યા ગણ્યા ને સરસ્વતી મન્દિરના ભરતરાજની એક રાતનો નમુનો આપ આગળ દર્શાવ્યો છે; તેવી એક જ રાત નહિ, પણ ત્રણસેંને પાંસેઠ રાતો એવીને એવી જ આપણા ગ્રાજ્યુએટોના મોટા ભાગની છે. માણેકની તો

નિત્ય એવીને એવી દશા ચાલુ રહેતી. અરેરે! બાપડાના ઉત્તમોત્તમ વિચારો, સ્વદેશભક્તિ, ધર્મ સંબંધી શોધની અને રિવાજો સુધારવાની ઉત્કંઠા, રાજકીય વિષયોની બારીકીઓ, દેશાટનનો ઉત્સાહ, સાયન્સ ને તત્ત્વજ્ઞાનના ભેદો, કવિયોનાં ઉત્તમોત્તમ પદ્યો અને લેખકોના નવનવા અભિપ્રાયો-જે તેણે દીર્ઘકાળના અભ્યાસથી પોતાના મગજના ભંડારમાં મહા મહા મેહનતે ભર્યા હતા, તે બધું પૈસા પ્રાપ્ત કરવાની ચિન્તા અને દવાઓની દુગ્ધામાં ભુંસાઈ ગયું. ભણવા ગણવાનું તાત્પર્ય હાલ તો આખો દહાડો પારકી દુકાનના કાગળો ચીતરવા અને દવાઓથી અન્ન પચાવવું એટલુંજ હતું. જેનું નામ આનંદ કે શાંતિ છે. તેનું સ્વપ્ન સુદ્ધાં, દીન માણેકને આવતું નહોતું. આખા દિવસના કંટાળા પછી, બે ઘડી જો જર સાથે વાર્તાલાપ કરવાનો સંજોગ આવતો, તો તેટલી ઘડીએ માણેકને માટે સહજ મન વાળનારી લાગતી હતી.

પ્રકરણ ૪ થું

જરનું ઘર

એદલજીની દુકાન એક મોટા મહેલ જેવી, બહુ વિશાળ જગામાં હતી. તેના એક ભાગને ગોડાઉન તરીકે રાખ્યો હતો, જેમાં જુદા જુદા માલોની સેંકડો પેટીઓ ભરી મુકી હતી. વચલો હોલ, જે લગભગ સો ફુટ લાંબો અને પચાસેક ફુટ પહોળો હતો તેમાં, વેચવાનો સામાન ખુલ્લો મુકયો હતો. જાત જાતના કાચના કેસોમાં ભાતભાતની વસ્તુઓ સુઘડતાથી ગોઠવી હતી. નાકાપર બે ઓરડા હતા. એકમાં અંગ્રેજી ઓફીસ અને બીજામાં એક પારસી, ગુજરાતીમાં બધા હિસાબ કિતાબ લખતો હતો. આ પારસી મહેતો એદલજીનો આઘેનો સગો હતો. એનાપર એદલજીનો સંપૂર્ણ વિશ્વાસ હતો. બે બીજા પણ તરુણ પારસીઓ દુકાનમાં નોકર હતા. જે બંને એદલજીની મરનાર બહેનના પુત્રો હતા. એદલજીની પત્ની તો ઘણાં વર્ષથી ગુજરી ગઈ હતી, પણ તે સરલ હૃદયના ગૃહસ્થે બીજીવાર લગ્ન કરવાનો સ્વપ્ને પણ વિચાર કર્યો ન હતો. જર પોતાના બાપની કેટલી લાડકી હતી, એ તો વિચક્ષણ વાંચકોએ જોઇ જ લીધું છે, એટલે તે માટે લંબાણ વિવેચન કરવાની અગત્ય નથી. એદલજી પોતાના ધન, સંપત્તિ, આબરુ, જીવન, બધુંજ જરને ગણતો હતો. જર જો આકાશના તારા માગે તો એદલજી આભ ફાડી લાવી આપવામાં આનન્દ માનતો હતો. તેમ જર પણ

એક દેવીનો અવતાર હતી, તેનું શરીર ઈશ્વરે દયાની માટીથી ઘડેલું હતું. પરમાર્થ માટે વેચાવામાં પણ ખડેપગે તત્પર હતી. દુકાનના પાછલા ભાગમાં એક વિશાળ મજલાનો બીજો બંગલો હતો. તેના આગલા ભાગમાં એદલજી રહેતો અને પાછલા ભાગમાં પોતાની એકની એક પુત્રીમાટે વિવિધ પ્રકારનાં રાચરચીલાંથી શણગારેલા ત્રણ ઓરડા હતા. આગલો મોટો ઓરડો જરનો ડ્રોઇંગરૂમ હતો. બારણાપર "પૂછયા વિના આવવું નહીં" એવું પાટીયું માર્યું હતું. જાતે એદલજી પણ જો કોઈવાર તેણીના ઓરડામાં જતો તો પ્રથમ બહારથી પૂછી લેતો. ડ્રોઇંગરૂમમાં પેસતાં જ સામી ભીંતપર ચાંદીના સુશોભિત ચોકઠામાં મઢેલી શપેતમાન જરતુસ્ત સાહેબની, ફુલ સાઇઝની છબી, પ્રથમ ધ્યાન ખેંચતી હતી. જેની નીચે એક શોભાયમાન ટેબલપર રૂપાનું ધૂપદાનીયું મુકેલું હતું–તેમાંથી ચંદનની સુગંધી નિરંતર નીકળી મસ્તિષ્કને શાન્ત કરી, ચિત્તમાં શુદ્ધતા અને ભક્તિ ઉત્પન્ન કરતી હતી. હજરત જરતુસ્તના ચિત્રને એક પડખે જરની મૃતક માતા મેહરબાનુ, અને બીજે પડખે એદલજીનાં ચિત્રો સુન્દર ચોકઠામાં જડેલાં લટકી રહ્યાં હતાં. આ ત્રણ ચિત્રો મુંબઇની આર્ટ સ્કુલના પ્રોફેસર, જેણે જરબાનુને ચિત્રકળામાં ચતુર બનાવી હતી, તેની ઉત્તમ પીંછીના નમુના હતા. તેમાં કેવળ પ્રાણ મુકવાની જ બાકી હતી. માતાપિતાનાં ચિત્રો તળે, જર એકેક અગરબત્તી નિરંતર સળગતી રાખતી. બારણામાં જમણી અને ડાબી દિશાએ એકેક સંગેમરમરના કાળા આરસની ટેબલ, જોનારને છક કરી નાંખે તેવી હતી. એ નાજુકડી પણ બહુ મૂલ્યવાન ટેબલો, એક જ અખંડ પથ્થરમાંથી ઘડી કાઢેલી હતી. બંનેપર ફુલના ગુચ્છાઓ મુકવાનાં એક એક મનોહર ફુલપાત્રો, તાજાં ફુલોથી ભરેલાં દૃષ્ટિગોચર થતાં હતાં. બીજે બે ખૂણે તે ટેબલોના જેવી જ સહજ મોટી બે ટેબલો–હોશિયારપુરના કારીગરોના હાથની, સુખડના લાકડાની બનાવેલી હતી–જેમાં બહુ બારીક હાથીદાંતના પાડેલા સુંદર વેલ બુટ્ટા, હિંદના કારીગરોનું ગૌરવ બતાવતા હતા. એ ટેબલોપર નાની નાની ફ્રેમોમાં જુદા જુદા ફોટોગ્રાફો મુકેલા હતા. મખમલની કોચ ખુરશીઓપર રેશમી ગલેફો ચઢાવેલા હતા. વચ્ચોવચ એક બિલોરી ટ્રીપાઈ અને તેની આગળ ફરતી ચાર બિલોરી ખુરશીઓ, ચીનના કારીગરોની ઉંચી કારીગરી પુકારી રહી હતી અને તેની બરાબર વચ્ચે, ઉપલી છતમાં એક બસો કેન્ડલ સ્ટીકનું ઝુમ્મર લટકતું હતું–જેનું પ્રતિબિમ્બ ટેબલ અને ખુરશીઓમાં પડી, ઓરડાની શોભામાં ચોગણો વધારો કરતું હતું. ભીંતપર વિવિધ

પ્રકારનાં સુન્દર ચિત્રો જડ્યાં હતાં, જે પ્રત્યેકની સાથે કાશ્મીરી ઝીણા ભરત-કામના દુશાલાઓની ઝાલરો લટકતી હતી. બે સુન્દર કબાટોમાં ચીનની બનાવટનાં હાથીદાંતનાં, દિલ્લીની કારીગરીનાં ચાંદીનાં અને પુના તથા લખનોરના કારીગરોની કુશળતા બતાવતાં માટીનાં રમકડાં ગોઠવ્યાં હતાં. એક દાંતની ટેબલ, શેતરંજનાં ખાનાં કોતરેલી, દાંતના મોહરાં સહિત, મુકી હતી. દરેક ટેબલની આજુ બાજુ બબે 'સ્ટેચ્યુઓ' આરસનાં ગોઠવેલાં હતાં. ટુંકમાં એક રાજવંશીના ઓરડા જેવો રૈનકદાર જરનો ડ્રોઇંગરૂમ હતો.

બીજા ઓરડામાં ચિત્રકળાને લગતાં અનેક સાધનો પડ્યાં હતાં. તે ઓરડો સદા પીતળના તાળાની પાકી પહેરાચોકી તળે રહેતો, કારણ કે તેમાં કોઇની છબી જરને હાથે ચિતરાઇ રહી હતી. હજુ તેમાં બહુ કામ બાકી હતું અને જર રાત્રિએ જ—એક કલાક—તે ઓરડો અંદરથી બંધ કરી, બે મોટાં લેમ્પો સળગાવી, બહુ ધ્યાન અને પ્રેમથી તે ચિત્ર આલેખતી હતી. ત્રીજો ઓરડો તેનું શયનગૃહ હતું અને તેમાં બે મોટી કબાટો ભાતભાતના અમૂલ્ય વસ્ત્રોથી ખીચોખીચ ભરેલી હતી. બે કબાટોની વચ્ચે એક બારણું હતું. તેમાં વળી એક નાનકડો ઓરડો, જરને અલંકાર પહેરવા માટેનો હતો. તેમાં બે મોટી આરસીઓ અને બ્રશ, કાંશકી, તેલ, ફુલેલ, સેન્ટ આદિનાં બાકસો ગોઠવેલાં હતાં.

પ્રકરણ ૫ મું

જરબાનુની સ્થિતિ

માણેકની એક રાત જોઇ. હવે એક રાત **જર**ની જોઇયે. આઠ વાગે ખાવાની ટેબલપર આઠ માણસ જમે છે. સાડા નવ વાગે સૌ પોતપોતાને સ્થાનકે જાય છે. **જરબાનુ** બધાંને સાહેબજી અને બાપને કોટી કરી પોતાના ઓરડામાં ગઇ. ડ્રોઇંગરૂમનું બારણું અંદરથી બંધ કરી, પ્રથમ ટેબલપરથી આલબમની કળ ઉઘાડી, એક ફોટો, જેની નીચે "ફકત તારો **માણેક**" એમ લખેલું હતું તેને પાંચ મિનીટ જોતી ઉભી રહી. પછી આલબમ બંધ કરી કળ વાસી પોતાના ચિત્રકળાના ઓરડામાં ગઇ. ત્યાં જઈ પોતાને હાથે બે લેમ્પો સળગાવી, રંગ અને પીછીઓથી એક ઓઈલપેન્ટ બસ્ટ ઉપર થોડીકવાર મેહનત લીધી. બસ્ટ ચીતરવા કરતાં અસલ ફોટો જોવામાં તેના સમયનો ચાર ગણો વિશેષ

વ્યય થતો હતો. પાંચ મિનીટ એકીટસે ફોટો જોતી અને એક દીર્ઘ નિશ્વાસ નાંખી, એકાદ મિનીટ કામ કરતી કે વળી પાંચ સાત મિનીટ ફોટો જોવામાં લીન થઈ જતી હતી. સાડાદશ ને પાંચ મિનીટે તે ઉઠી. લેમ્પ બુઝવ્યા અને ઓરડાને તાળું માર્યું. કપડાં બદલવાના ઓરડામાં ગઈ, દીવો ઝઘઝઘતો કીધો, એક બાકસ ઉઘાડી તેમાંથી સુખડનો ચીનાઈ સુશોભિત ચોખંડો બાકસ કહાડ્યો. તેનું ઢાંકણું ઉઘાડ્યું, ઢાંકણા સાથે દિલ્લીના સુપ્રસિદ્ધ ચિત્રકાર નજીર હુસનના હાથની, હાથીદાંતપર આલેખેલી તે જ ધણીની છબી જડેલી હતી કે જે જર બે જગાપર જોયા પછી અહીં આવી હતી. વસ્ત્રો કહાડી સુવાનાં કપડાં પહેરતી ગઈ અને પેલી છબી જોતી ગઇ. કપડાંલત્તાં બદલી સંભાળથી બોકસ બંધ કરી એક ઠંડી હાય મારી. તેને મોટા બોકસમાં મુકી શયનાલયમાં આવી, પલંગપર બેઠી. તકિયાના કવરમાંથી એક જાપાની બનાવટનું રેશમી પરબીડિયું કહાડી, પેલીજ છબી પાસામાં દાબતી, કદી તેને ચુમતી, કદી હાય મારતી, કદી માણેક, કદી પ્યારા, કદી જીગર, એવા શબ્દો બોલતી, બાર સવાબાર વાગે નિદ્રાવશ થઈ ગઈ.

સવારમાં ઉઠી છબી જોઈ, ચુમી કરી, તકિયાના ગલેફમાં સંભાળથી મુકી, ન્હાઈ ધોઈ કુશ્તી પાદિયાબ કરી, સ્વચ્છ વસ્ત્રાલંકાર ધરી, હજરત જરતુસ્તની છબી પાસે જઇ ઉભી. ધુપદાનીયામાં સુખડ લોબાન મુકી, પાક મનસ્ની ગવસ્ની કુનસ્નીથી દાદાર અહુર્મજદનું સ્મરણ કરી, પવિત્ર ઝંદ અવસ્થાનો પાઠ લગભગ એક કલાક સુધી વાંચ્યો. ફરી ફરી નાક ઘસી તોબા કરી, ત્યાર પછી જળના મોઅક્કલ ફિરિશ્તાનું સ્મરણ કર્યું કે કોણ જાણે આવાંઇજદ ફિરિશ્તાનું સ્મરણ કરી, જરે શું દુઆ ચાહી કે તેની હરણીને લજાવનારી કાળી આંખોમાંથી મોતીની સેર જેવાં અશ્રુની ધારા વહી! આલબમ ઉઘાડી છબી જોઈ બંધ કરી, સાડા આઠ વાગે, તેણીએ ઓરડો ઉઘાડી, વોર્નિંગ બેલપર બે ટકોરા માર્યા કે બે મિનિટમાં ચાહ નાસ્તો હાજર થયો. નાસ્તો કરી મુંબઇથી આવેલી ટપાલ–જે ચાકર લાવ્યો હતો તે–હાથમાં લીધી. પોસ્ટમાં કોઇ કાગળ ન્હોતો. માત્ર ત્રણ સમાચારપત્રો જ હતા. જરે પ્રથમ અંગ્રેજી છાપો ઉઘાડી તેમાંથી દરિયાઇ ખાતાં વિષેના જેટલા લેખ હતા તેટલા બારીકીથી વાંચ્યા, પછી ગુજરાતી છાપાની વારી આવી. તેમાંથી પણ પ્રથમ તે જ સમાચાર જોયા. એકવાર ઉઠી, પાછી છબી જોઇ, અને પછી આરામ ખુરશીપર પડી, પેપર વાંચવામાં રોકાઈ દસ વાગે પિતાની પાસે ગઇ, પા કલાક ત્યાં વાતચીત કરી પાછી ઓર-

ડામાં ગઇ. વળી છબી જોઇ, 'પ્રાઇડ ને પ્રેજ્યુડીસ' વાંચી, અગિયારને ટકોરે ઉઠી છબી જોઇ. આલબમ બંધ કરી માણેકચંદ પાસે ગઇ અને એક કલાક તેને તેના કામમાં સહાયતા કરી. બાર વાગે ખાવાની ટેબલપર બેઠી. એક વાગે રૂમ અંદરથી બંધ કરી એક કાગળ લખ્યો, કવરમાં બીડ્યો, ઉઠી નિઃશ્વાસ નાંખતી, ડ્રેસીંગ રૂમમાં ગઇ, એક પેટી ઉઘાડી તેમાં નાંખ્યો. એ પેટીમાં એવાં જ કાગળોનો મોટો ઢગલો પડેલો હતો. ત્રણથી સાડાચાર સુધી વળી પાછી માણેક પાસે જઇ બેઠી. કામકાજથી પરવારી જરે માણેકચંદને પૂછ્યું—

"મિસ્તર માણેકચંદ! એપોલો સ્ટીમરનો પત્તો લાગ્યો હોય એવું કોઇ પેપરમાં વાંચવામાં આવ્યું?"

"બાઇ સાહેબ! આપના આ નિત્યના સવાલમાટે મ્હારે પ્રતિદિન લાઇબ્રેરીમાં જઇ દશવીશ પત્રો જોવાં પડે છે; પણ હજુ કંઇ સમાચાર મ્હારા તો વાંચવામાં આવ્યા નથી."

"ઓલ્રાઇટ, સાહેબજી." જર એક દીર્ઘ નિઃશ્વાસ નાંખી ચાલતી થઇ. તે પોતાના પિતા પાસે નિત્યના નિયમ પ્રમાણે વરંડામાં જઇ બેઠી.

એક દહાડો જર પોતાના નિયમિત સમયપર અગિયાર વાગે જેવી માણેકને મદદ કરવા ગઇ કે તરત તેણે ગંજવામાંથી એક અંગ્રેજી સમાચાર પત્રના એક્ષટ્રા તારની પ્રત આપી. જરે ઝટપટ તેમાંથી દરિયાઇ ખબરો વાંચી. હર્ષથી ઉછળતી એ માણેક તરફ ફરીને બોલી; "થેંક યુ, મિસ્ટર માણેકચંદ! મચ ઓબ્લાઇજડ. તમારા આભાર અને લાવેલા મુબારક સમાચારના બદલામાં હું આય અદના ભેટ આપુંચ તે કબુલ કરો." હર્ષિત જરે એક ગીની, પરાણે માણેકના હાથમાં મૂકી. માણેકને તો લગભગ એક મહીનાનો પગાર મળી ગયો. હજારો હજાર આશીશ મનથી દેતો તે પોતાના કામે લાગ્યો. નિત્ય કરતાં આજે તેના હાથપગમાં કંઇ વિશેષ બળ જણાવા માંડ્યું; આજે તેને ભૂખ પણ ન લાગે તેમાં શું આશ્ચર્ય છે!! પેલા અંગ્રેજી સમાચારપત્રમાં લખ્યું હતું કે, "એપોલોની શોધમાં ગયેલી એક જાપાની સ્ટીમરે તેને બહુ દૂરથી જોઇ હતી. આશા છે કે બહુ શીઘ્ર તેનો પત્તો લાગશે." આટલી લીટી જરે ઓછામાં ઓછી પચ્ચીસ વાર વાંચી અને કોમળ હરણીની ઢબથી કુદતી કુદતી પોતાના ઓરડામાં ચાલી ગઇ.

બીજે દહાડે જ્યારે પાછી જર ઓફીસમાં આવી ત્યારે તેણીએ અસેમસે માણેક આગળ વાત છેડી. "માણેકચંદજી એપોલો કેટલું પ્યારું નામ છે, હેં? તમુનેબી એ નામ ગમેચ કે? અમારા ઓરબમાં એજ નામનું એક બંદર છે.

ત્હાં સાંઝનાં તો બિહિશ્તનો દેખાવ થાયચ. વરી બીજું તમે જાનોચ કે રોમન અને ગ્રીકનો ગાયન, તેમજ વેધક વિદ્યાનો એપોલો દેવતા હુતો. આહહા! હું એપોલો સ્ટીમર જોવા ગઇતી, કેવી મજેની, નવી, કલીન, જાને એકચ્યુઅલી પિકચર! અંદર ઇલેકટ્રીક લાઇટ હતી. ડુટકપર રોજ બેન્ડ વાગતું હતું. લોકો કહેતા કે ચાલવામાં બી એટલી લાઇટ અને જરાબી રોલ નહોતી કરતી. વરી તેમાં યુરોપથી ઇંડીયા જોવા આવેલો એક શાહજાદોબી બેઠેલો હતો. મારાં કેટલાંક સગાંઓબી તેમાં ઉતાં, પરવરદિગાર તે સ્ટીમરને સહીસલામત કીનારે લાવે. તેમાં એક લેફ્ટેનંટ-લેફ્ટેનંટ...હા, બરાબર અંગ્રેજો પારસીઓ ઘણા જન હુતા. યા પરવર દીગાર, યા દાદાર અહુર્મજદ-કોઇના ભાઇઓ, કોઇના દીકરાઓ અને કોઇના...હાય-સૌપર ખુદાય રેહેમ કરે, સૌની મુરાદ બર લાવે. અરેરે દુનિયાં! દુનિયાં!"

માણેક આજે પ્રથમ જ જરને આવી રીતે ચિંતિત અને શોકિત જોવા પામ્યો હતો. તે એમ જ સમજ્યો કે જે પારસીઓ તેમાં સવાર થયા હતા તેઓમાં કોઇ તેના શેઠના દૂરનાં સગાંએ હશે, તેથી જર આટલી દુઃખી છે. તેણે બાપડાએ પોતાની કૃપાળુ બાઇને ધીરજ આપવાના હેતુથી કહ્યું; "બાઇશ્રી! ઈશ્વરે પોતાની લીલાથી કોઇને જાણીતો કર્યો જ નથી. છતાં આપણે સારું ઇચ્છવું, એ આપણો ધર્મ છે. પછી તો જે ધણીને ગમે તે ખરું. એમ તો તેમાં લાઇફ બોટો વગેરે મનુષ્યોના બચાવનાં સાધનો તો અનેક હોય છે. હા, સરસામાનની મોટી હાનિ-"

"હા, હા, માનેકચંદ! ખરું છે;" જર લાઇફ બોટનું નામ સાંભળી આશાથી બોલી ઉઠી. "હા, લાઇફ બોટ-અને વરી મદદે ગિયેલી સ્ટીમરો-બરાબર છે. આવાં ઈજદ દયા કરશે, જરૂર દયા કરશે-હું દરિયે જઈ શાકર ચહરાવસ. હા, લાઇફબોટ-જીદન્ગીનો સહારો-કેટલું સ્વીટન નામ! લાઇફ બોટ-ઓ લાઇફ બોટ!" એક અધીરા માણસ પેઠે જર પોતાના ઓરડા ભણી ચાલી ગઇ અને માણેકચંદ મોઢું વકાસી જોતો જ રહ્યો કે આજે બાઇને શું થયું છે. પાંચ વાગે જ્યારે શેઠને સલામ કરવા ગયો ત્યારે શેઠે બીજે દહાડે રજા છે એમ કહ્યું; કારણ કે બીજે દહાડે જમશેદજી નવરોજ હતો.

પ્રકરણ ૬ ઠ્ઠું

લાહોર-મ્યુઝીયમ

આજે નવરોજ છે. લાહોરમાં રહેતા પારસીઓ ખુશીખુશાલીમાં મસ્ત થઈ ગયા છે. બપોરના ખાઇપી પરવારી લાહોરનું મ્યુઝીયમ જોવાને ગયા છે. મ્યુઝીયમમાં એક પાસે પ્રદર્શન જોવામાં પારસીઓનું નાનું મોટું મળી ચાલીસેક માણસ રોકાયું છે; બીજી પાસે તે લોકોને જોવામાટે નાગરિક જનોનું સો સવાસો માણસનું ટોળું ઉભું છે. કેટલાંક ભોળી પ્રકૃતિનાં મનુષ્યો, બાળકોને જોતાં જ ઉભાં છે, તો કેટલાંક સ્ત્રીઓના ઠઠ્ઠા મશ્કરીથી પેટ ભરવા ખોટી થઈ રહ્યાં છે. પોલીસ સ્ટેશનપર જેવા સમાચાર પહોંચ્યા કે પાંચ સિપાઇઓ બંદોબસ્ત માટે આવ્યા. ઈશ્વરની લીલા જુવો કે સજ્જન પુરુષોથી પરમેશ્વરના પિત્રાઈ પોલીસવાળાઓ પણ ભય પામે છે. જોતજોતાં ટોળામાંથી છૂટા ભાગલા પડી ગયા. સ્ત્રીઓ ભાતભાતનાં વાસણો, લુગડાંઓ અને ભરતકામો જોવામાં રોકાઈ; પુરુષો સિક્કા, ખનિજ પદાર્થો અને શિલ્પકારીગરી નિહાળવામાં રોકાયા. બાળકો સ્ટફ કરેલાં સાપ, વીંછી, અજગર, નોળીયા તથા પંખીઓ જોવામાં આનંદ લેવા લાગ્યાં; જરબાનુને કોણ જાણે વળી શું ભૂત ભરાઈ આવ્યું કે બધાંથી જુદી પડી, જ્યાં સ્ટીમરો અને વહાણોનાં લાકડાંના નમુનાઓ તથા ચિત્રો ગોઠવેલાં હતાં ત્યાં જ ફરવા મંડી.

ભાગયોઘડિયે આપણા માણેકચંદજીને આજે વિશેષ અપચો જણાવાથી તેઓ ડાકટરને ત્યાં ગયા, વીશ રૂપરડીમાં માણેક નિત્ય ઉઠી ડાકટરની ફી કયાંથી આપતો હશે? ડાકટર વાચ્છા, જે જરના સગા મામા છે, તેઓપર એદલજીએ જરની ભલામણથી એક ચિઠ્ઠી આપી હતી. તેમાં લખ્યું હતું કે, માણેકચંદની દવાદારુનું બિલ દુકાન ખાતે લખી રૂપિયા મંગાવી લેવા. માણેક વાચ્છાને ઘેર ગયો-ત્યાંથી કેહવામાં આવ્યું કે એદલજીને ત્યાં છે. જઈ પૂછતાં મ્યુઝીયમનું ઠેકાણું મલ્યું. ગરજનો માર્યો માણેક ત્યાં ગયો. ત્યાં જુવે છે તો આખા લાહોરના પારસીઓ સહકુટુમ્બ સહપરિવાર ત્યાં મોજ મારી રહ્યા છે! માણેકે શેઠને નમીને સલામ કરી. એદલજીએ પોતાના કામદારને જોઈ એમ માની લીધું ભલે આવ્યો! કદાચ કંઈ કામકાજ પડશે તો અડચણ નહીં પડે. જરનું મન કોણ વાંચી શકે? તેણી કંઈ માણેકને જોઇ હસી, કંઈ આનંદ પામી અને પાછી પોતાના વિચારોમાં લીન થઈ ગઈ.

માણેક સલામ સાહેબજી કરી ડાકટર પાસે ગયો. ડાકટરે હસી એટલું જ ઉત્તર આપ્યું કે; "આજે દવાની જરૂર નથી, ફક્ત આય દુનિયાંની અજાયબીઓ જુઓ અને જરા વૉક કરો; તમુને આપોઆપ જ ભૂખ લાગશે."

જર ફરતી ફરતી જ્યાં પ્રાચીન મૂર્તિઓનું સંગ્રહસ્થાન હતું ત્યાં જઈ ચઢી. ધરતી ખોદતાં કયાંઇથી નિકળી આવેલી મૂર્તિઓ અને તેમનાં વૃત્તાન્તો તથા તે કયાંથી મળી, કેમ મળી આદિ એક પાટીપર લખીને મૂકેલું હતું. લખેલી પાટીઓ ઘણું કરી જનરલ કનિંઘહામના નામવાળી હતી, એક મનુષ્યાકાર પ્રતિમા બહુ ઉત્તમ શિલ્પકારીગરીથી બનાવી હતી—જે નીચેના ભાગથી કંઈ ખંડિત હતી, પણ ઉપરનો બધો ભાગ અખંડ હતો. એ મૂર્તિના ગળામાં એક પિછોડી નાંખેલી હતી અને માથે મુગટ હતો; એક રાજ્યદંડ હતો અને બીજો હાથ ખભા આગળથી ભાગી ગયો હતો. બચ્ચાંઓ બીકથી, સ્ત્રીઓ અણગમાથી અને પુરુષો બેપરવાઇથી ત્યાં ન ઉભાં રહેતાં આગળ ચાલ્યાં ગયાં. પાટિયું વાંચતાં જણાતું હતું કે, તે પ્રતિમા પેશાવર જીલ્લામાં યુસુફજઈ નામના સ્થાનથી મળી આવી હતી. તેની પાસેજ એક બીજી પ્રતિમા, પેલીને મળતા મ્હોડાની મૂકી હતી. બે મૂર્તિઓ તેની આસપાસ પલાંઠીવાળી, હાથ જોડી બેઠેલી હતી. ત્રીજી મૂર્તિ એક કમળના પુષ્પમાં બેઠેલી હતી, હાથો બંને ભાગી ગયેલા—બાકીનો બધો આકાર આખો હતો. ચતુર શિલ્પીએ તે મૂર્તિનો ચેહરો એવો કોતર્યો હતો કે, કોઈ પણ સમજી શકે, કે તે કોઇથી બીહે છે. માણેક વાચ્છા પાસેથી ફરતો ફરતો જ્યાં જર ઉભી તે પ્રાચીન મૂર્તિઓ નિહાળતી હતી ત્યાં આવી લાગ્યો. જરે માણેકચંદને જોતાં વાર પાસે આવી પૂછ્યું.

'મિસ્તર માણેકચંદ ! આય કોન્નું સ્ટેચ્યુ છે ?'

'જી ! એ ગૌતમ બુદ્ધનું પૂતળું છે !' માણેકે મમતાથી પોતાના શેઠની પુત્રીને સમજાવ્યું. 'એ પેશાવર જીલ્લામાંથી નિકળ્યું છે. જુઓને આ જનરલ કનિંઘહામની નોટસ.'

"બુધ ! એ સું આપરે જેને બુધવાર કહિયેચ તેનું પુતલું કે ?" ભોળી જરે પૂછ્યું.

'જી નહીં બાનુ !' માણેકે મ્હોં મલકાવી કહ્યું. (માણેકે તો અમથું મ્હોં મલકાવ્યું હતું, પણ જરના હૃદયપર તેના બન્ને હોઠો જે સ્મિતહાસ્યમાં વિલક્ષણ રીતે નમી પડતા હતા તેણે કંઈ કંઈ અસર કરી દીધી). "બુદ્ધ એક મહાત્મા ઋષિનું નામ છે. આ મૂર્તિ તે કપિલવસ્તુના રાજકુમાર, જેનું નામ

ગૌતમઋષિ–જે ન્યાયશાસ્ત્રનો કર્તા છે, તેના નામપરથી રાખવામાં આવ્યું છે. એ પુરુષને જે દહાડાથી અંતર્યામીત્વ પ્રાપ્ત થયું, તે દહાડાથી લોકો તેને બુદ્ધ કહેવા લાગ્યા. એણે મનુષ્યોના ભલામાટે સંસારનો ત્યાગ કર્યો અને મુક્તિના દ્વારની ખરી શોધ કરી. એ ગૌતમ બુદ્ધના કરોડો શિષ્યો છે. ચીન, જાપાન અને બરમામાં તેનો જ ધર્મ લોકો માને છે."

"ત્યારે તો હોંગકોંગમાંબી એ જ ધર્મ ચાલતો હોસે ?" જરે આતુરતાથી પ્રશ્ન કર્યો. 'જો એપોલો સ્ટીમર બચસે તો આપુને વધુ જાનવાનું મલસે, કેમ ?'

"કદાચ !" માણેકે જરના ભોળા પ્રશ્નથી મંદહાસ્યપૂર્વક કહ્યું. 'એમ તો અનેક સ્ટીમરો ત્યાં જાય છે, પણ ધર્મસંબંધી શોધ તો જે થઈ ચુકી છે તેની તે જ વાંચવામાં આવે છે. આપે બૌદ્ધ મતનું કંઈ વાંચ્યું હોય એમ લાગતું નથી, તેથી જ એમ કહો છો. હા, ઠીક ધ્યાન આવ્યું. આજના તારો એવા હતા કે એપોલો બહુ ભયાનક સ્થિતિમાં છે. ચાર પાંચ સ્ટીમરો તેની સહાયતા માટે ઉપડી ચુકી છે, બનતાં સુધી માણુસોને બચાવવાની યુક્તિ કરશે.' આટલું કહી માણેકે ગજવામાંથી એક અંગ્રેજી પત્ર આપ્યું. આજ તો જરબાનુનો તેહવાર હતો, બાપે રૂપિયાથી ગજવાં ભરી દીધાં હતાં. વધામણીનું સમાચાર પત્ર વાંચીને પોલકાના ગજવામાંથી બે ગીનીઓ કહાડી જરે માણેકના હાથમાં મૂકી. માણેક ઘડી ઘડી આમ થવાથી લજ્જીત થઈ બોલ્યો–

'જરબાનુ! હવે હું ફરીથી કોઈ દહાડો આપને પેપરના સમાચાર લાવી આપવાનું કામ નહિ કરું; કારણ કે આપ મને સહજમાં બક્ષીસ આપી શરમાવો છો. એનો અર્થ તો એ થાય છે કે, હું સોના મ્હોરો લેવા, આપને પેપરોમાંથી ખબરો ખોળીને લાવી આપું છું. નાના હું એટલો બધો લાલચુ કે નીચ નથી; હું તો મારા શેઠની પુત્રીની આજ્ઞા'–

"લેઓ, ચાલો ના, હવે પછી નહિ આપશું." જરે વાત અટકાવી કહ્યું. "વારુ હું એમ પૂછું મિસ્ટર માનેકચન્દ, પેશાવરમાં તો બધી મોહમેડનોની વસ્તી છે, ત્યાંથી જે આય પુતલાંઓ નિકલિયાં તે શું એ લોકો પુતલાંની પૂજા કરતા હુતા કે શું?"

"જી તેમ નથી!" માણેકે ભુલ ભાગી, "મુસલમાનો પ્રથમ મૂર્તિપૂજા કરનારા હતા. એ લોકનાં પૂજ્ય સ્થળ મક્કામાં હજારો મૂર્તિઓ હતી. પણ જ્યારે હજરત મહમ્મદ સાહેબ પેગમ્બર થયા, ત્યારે તેઓએ એ ચાલ બંધ કર્યો અને

બધી મૂર્તિઓના કટકા કરાવી નાંખ્યા. પેશાવર જીલ્લામાં બુદ્ધની મૂર્તિઓ નિકળી, એપરથી એમ જણાય છે કે, ત્યાં પણ કંઈ બૌધમતનો પ્રચાર થયો હશે."

"ખરું, કોઈ દહાડો ઓફીસમાં ફુરસદે એ બાબદને પૂરેપૂરી તમારી પાસે સમઝશ;" જરે કહ્યું.

માણેકે વિચાર કર્યો કે પોતાના શેઠનો મોટા તેહવારનો દિવસ છે; પાસે પૈસા પણ આવી ગયા છે તો કંઈ સભ્યતાની રીત પ્રમાણે શેઠને ત્યાં મેવો મિઠાઈ ભેટ મોકલવી જોઇએ. તે ધીમેથી બહાર ચાલી ગયો. પાસેના ચોટામાંથી બે રૂપિયાની મિઠાઈ અને ત્રણ રૂપિયાનો સુકો મેવો લઈ આવ્યો. શેઠ સામે હાથ જોડી નમ્રપણે ભેટ મૂકી. શેઠે હસ્તે મ્હોડે તેના માથાપર હાથ ફેરવી સ્વીકાર કર્યો. જરને આજ્ઞા કરી કે બધાં બાળકોને વહેંચી દે. જરે કાચમેનોને બોલાવી બધું ગાડીમાં મુકાવી દીધું કે ઘેર જઈ વહેંચી અપાશે. મ્યુઝીયમમાં ફરી રહ્યા પછી બધાંઓની ઈચ્છા શાલીમાર બાગ જોવાની થઈ. ગાડીઓ ભરાઈ, ત્યાં ચાલી, બાળકો વાંદરાં જોઈ કુદકા મારવા માંડ્યાં, સ્ત્રીઓ મોરના રંગોપર મોહી પડી અને પુરૂષો વાઘ, ચિત્તા, સિંહની છેડછાડ કરવામાં રોકાયા. જર તલાવને કીનારે જઈ ઉભી. તલાવને જોઈ તેના મનમાં સમુદ્રનાં મોજાંની પેઠ તરંગ ઉઠવા લાગ્યા. એક વૃક્ષને વેલીપેઠે વળગી ઉભી અને પેલું અંગ્રેજી પેપર કહાડી તાર વાંચવામાં ને તેના મન ગમતા અર્થ ઉઠાવવામાં લીન થઈ ગઈ. માણેક, તલાવને કીનારે ઉભો રહી, બગલાં બતકો નિહાળવા મંડ્યો. તલાવની વચ્ચે તારોની જાળનો એક ગોળ ઘુમટ કરી લીધેલો હતો-તેમાં રંગબેરંગી પાણીમાં રહેનારાં પંખીઓ ઉડતાં ફરતાં તરતાં હતાં. માણેકને એ દેખાવ જોઈ હિન્દુ સંસારનું સ્મરણ થયું. તે મનથી બડબડવા લાગ્યો; 'આહાહા! હિન્દુઓનો ઘર સંસાર અને ધર્મ, આ જાળના ઘુમટ જેવો છે. હિંદુઓ આ પંખીઓ જેવા છે. ઉડે ફરે રમે જમે ને ગમે તે કરે, પણ આટલી બાવલી જગામાં જ! ઉન્નતિની પરવા ન કરનારાઓ તો પેલાં પાંખો ખરી ગયેલાં બગલાં જેવા છે! તેમને તો ઉડવું જ નથી અને ઉડી શકાતુંએ નથી. પણ ઉન્નતિના વિચાર રાખનારાઓપર આ ધર્મની જાળ ફરી વળી છે, તેનું કેમ? જ્યાં સુધી એ જાળ કાપી એક માર્ગ આવવા જવાનો કરવામાં ન આવે ત્યાં સુધી એક બંદીવાનની ગતિમાં કોઇનો આપ્યો ટુકડો ખાય અને પડી રહે એ જ એમની ગતિ! અહો ઋષિઓ! અહો મુનિઓ! તમારો ઉદ્દેશેલો સનાતન ધર્મ સંભળાવો! જર અને માણેક બન્નેમાં થોડીવાર પછી બુદ્ધદેવની મૂર્તિ સંબંધી પાછી વાત નિકળી.

"**માણેકચન્દ**! તે કેવો હિમ્મતવાળો અને વિચારોપર કાબુ ધરાવનારો માનસ હોસે કે તે રાજપાટ, ધનદોલત, એસઆરામ, હુકુમત મૂકી, સગાંવાલાં છોડી, ફકીર કે સાધુ થઈ ગયો! પારસીમાં એને 'તારેકુદુનિયા' કહે છે. તમારા સંસ્કૃતમાં હું ધારુંચ તહાંવેર ત્યાગી કહેચની?"

"હા બાઇ સાહેબ!" **માણેકે** જરનું બોલવું કંઇ આશ્ચર્યયુક્ત મુદ્રાથી સાંભળી ઉત્તર દીધો. આજે એની બદહજમી (અપચો) દૂર થઇ ગઈ હતી. એટલામાં બધાં ફરતાં ફરતાં તલાવપર આવ્યાં અને સાંજ પડી હોવાથી ઉપડવાની તૈયારી થઈ. અંધારું થવા પૂર્વે સૌ એદલજીને ઘેર આવ્યાં. **માણેક** આજ્ઞા માગી ઘેર ગયો. જમ્યો, વાંચ્યું, પણ એના મનમાં આખો વખત **જરના** જ વિચારો ઘુમ્યા કરતા હતા. એ શું કામ આખો દહાડો એપોલોની ચિન્તામાં રહેતી હશે? તેના પત્તાના સમાચાર આપનારપર તે અશરફિયો કેમ લુટાવતી હશે? સ્ટીમરમાં એનું કોણ માણસ ગયું હશે કે તે આટલી બધી આતુર રહેતી હશે? શું એના હૃદયની કોઈ સાથે ગાંઠ પડી હશે? શું એ કોઇના પ્રેમમાં પડી હશે? આમ અનેકાનેક સંકલ્પવિકલ્પ તેના મનમાં થતા રહ્યા, પણ બાપડો કોઈ નિર્ણયપર આવી શકયો નહિ.

અહીં **માણેક** પોતાની ઘડભાંજમાં હતો ને ત્યાં એદલજીને ત્યાં મેહમાન પરોણાઓ જમીખાઈ પોતપોતાને ઘેર ગયા અને બાપ દીકરીમાં વાતો થવા માંડી. "પપ્પા! આજના તારો વાંચિયા કે? એપોલોની મદદે ચારેક સ્ટીમરો જુદાં જુદાં બંદરોથી ઉપડી ગેઇચ. ધનાકો એમ ગેસ કરેચ કે પરવરદિગાર કોઈના જીવને નુકસાન નહિ પોહોંચારે."

"હા દીકરી જર!" એદલજીએ ઝુલ્લા ખુરસીપર હીંચકા ખાતાં કહ્યું. "મ્હેંબી વાંચિયું ખરું. એ પત્રવાલો લખેચ કે માલ અસબાબ સાથ સ્ટીમરબી દરિયાને તલિયે બેઠી, પણ ઇન્સાનોના બચવાની સોયે સો ટકા ઉમેદ છે. લાઇફ બોટોપર લોકોને ઉતારી દીધાચ. કેહેચ કે અંદર એક યુરોપનો શાહજાદોબી છે."

"હું ધારુંચ બાવાજી! હોરમજીના ખાનદાનવારાંઓ અરદિશુરનું જશન નહિ કરતાં હોસે;" જરે પોતાનો અભિપ્રાય આપ્યો. "એ લોકોની બે તન સ્ટીમરો છે તે એ લોકોએ તો જરૂર આવાંઈજદપર ફેથ રાખવું જોઇયે."

આવી વાતો લગભગ દસ વાગ્યા સુધી થઈ. એ પછી જર પોતાના બાપને કોટી કરી સુવાના ઓરડામાં ગઈ. આજે તેણીએ પેન્ટિગરૂમમાં જઇ ઉજાગરો કરવો ઠીક ન ધાર્યો. માત્ર પોતાના પ્રેમપાત્રની છબી જોઇને જંદઅવસ્થા હાથમાં લઈ

બેઠી. અરેરે! આશા અને પ્રેમ માણસ પાસે શું નથી કરાવતાં? જે મુસલમાની ધર્મમાં મૂર્તિઓ પૂજવાનો સર્વથા નિષેધ છે, જે પારસીઓના પેગમ્બરે બુતો ન પૂજવા એવી આજ્ઞા લખી છે, તેજ લોકોનાં બાળકોને જ્યારે બળિયા નિકળે છે ત્યારે તેમની સ્ત્રીઓ સીતલાદેવીની પ્રતિમાની પૂજા કરવા જાય છે! પુરુષો જાણે છે છતાં બચ્ચાંનો પ્રેમ, સ્ત્રીની આશાયુક્ત ઈચ્છા અને જીવતર સારું એટલી આકાંક્ષાને આધીન થઈ, ના નથી કહેતા, જવા જ દે છે. સુધરેલા ગોરાઓની મેમ સાહેબાંઓ ઘણીકવાર પોતાનાં બચ્ચાંઓને પગે પડાવવા લાવેલી જોવામાં આવી છે. પ્રેમને વશ પડી ગયેલાં સ્ત્રી પુરુષો મૂર્તિઓ અથવા કબરોની અનેક માનતાઓ રાખે છે. આર્યસમાજીઓ મૂર્તિને અછાડે છે, પછાડે, પણ ગુરુદેવ દયાના આનન્દને હાર પુષ્પ ચઢાવી, સવારના તેનાં જ દર્શન કરે છે. એકેશ્વરવાદી પ્રાર્થના સમાજીયો કેશવ, રામમોહન ને દેવેન્દ્રનાં દર્શનના ઉત્સુક રહે છે; કર્મવાદીઓ પાર્શ્વનાથની મૂર્તિની પૂજામાં કલ્લોલ કરે છે–પોતાના પ્રેમપાત્રના ટપકા, જ્યોતિષ, રમલ, નજુમ આદિ દેખાડે છે. એ બધું મિથ્યા જાણવા છતાં કોઇના પણ પ્રેમની જાળમાં પડેલી વ્યક્તિઓ જ તે કરે છે. માતાપિતા પુત્ર માટે, પુત્ર માતાપિતા બ્હેન ભ્રાત કે પત્ની માટે, સગું સગાં માટે, મિત્ર મિત્ર માટે, આશક માશુક માટે, કંજુસ પૈસા માટે, પતંગ દીપક માટે, બુલબુલ કે ભ્રમર પુષ્પ માટે, ચકોર ચંદ્ર માટે, સ્ત્રી પુરુષ માટે અને પુરુષ સ્ત્રી માટે જે કંઈ કરે છે તે કેવળ પ્રેમના પ્રભાવમાં અંજાઈ જવાથી જ. સત્ય છે—

ભૂત લગે મદિરા પિયે, સબકાહુ સુધિ હોય;
(પરંતુ) પ્રેમ સુધારસ જીન પિયો, તિન ન રહે સુધિ કોય.

આપણી વાર્તાની નાયિકા જરબાનુ જો કે એક સુધરેલી, શીખેલી, ભણેલી અને નવીન વિચારવાળી હોવા છતાં, અત્યારે પ્રેમપાશમાં બંધાયેલી હોવાથી, ભવિષ્ય જોવાની ચટપટમાં પડી. ટીપણું પંચાંગ કે બીજું કોઈ સાધન તો હતું નહિ; એટલે અંતે જંદઅવસ્થામાંથી જ જે કંઈ નિકળે તે જ ભવિષ્ય એમ વિચાર કરી, તેણે અવસ્થાપોથી હાથમાં લઈ મનને સ્થિર અને શાન્ત કરી બોલી, "ઓ પાક દાદાર! ઓ સચ્ચાઈના પરખનાર, ઓ મારા દીનમજહબના પેશવા જરથુસ્ત, જો મારો પ્યાર સાચ્ચો અને પાક હોય તો આય પવિત્તર કિતાબમાંથી મને રસ્તો સુઝાડનારા ફકરાઓ દેખાડ." આટલું બોલી ચોપડી ઉઘાડી અને તેમાં નીચલા શબ્દો નિકળ્યા.—

"પ્રત્યેક વિપત્તિઓ ટળી જાય છે, સંસાર સંકટોનું દ્વાર છે. કોઈ એવું

નથી કે જેનાપર કષ્ટ ન પડ્યું હોય. સારી તે જ વાત કે જેનું છેવટ સારું. મનને વ્યાકુળ ન કરવું. ઈશ્વરની ઇચ્છા હશે તે અવશ્ય થશે જ. માણસના ઉદ્યોગોનું ગજું શું છે? ધન દોલતથી સુખશાન્તિ નથી મળતાં બલ્કે બુદ્ધની પેઠે નિશ્ચય અને શ્રદ્ધાથી, શાન્તિ અને મુક્તિની પ્રાપ્તિ થાય છે."

આટલું વાંચી રહી જર વિચારના વમળોમાં ઘેરાઈ ગઈ. બહુવારે તેણીને ભાન આવ્યું ત્યારે બડબડી; "ફલ તો ઘનું સારું નિકલ્યું વળી બુદ્ધનું નામ વાંચી તેણી બહુ અચરજ થઈ કે જરતુસ્તી ધર્મના પુસ્તકમાંથી તે મહાત્માનું નામ નિકળ્યું, જેની પ્રતિમા આજે જ જોઈ હતી. હવે તો તેણીને વધુ ચટપટ થઇ કે કયારે સવાર પડે અને કયારે બુદ્ધવિષે માણેકચંદને પૂછું.

પ્રકરણ ૭ મું

પરીક્ષા! બસ!! પરીક્ષા પરીક્ષા!!!

આ દેશની યુનિવર્સીટીઓ કેળવણી અને શીક્ષણ આપનારી નથી. તેનું કામ તો કેવળ પરીક્ષા લેવાનું જ છે! ઈન્જીલમાં વાકય છે કે "પ્રભુ કોઇને પરીક્ષામાં ન નાંખે." બ્રિટિશ રાજ્યના આરંભમાં સરકારી કાર્યાધ્યક્ષોનાં બે ટોળાં થઈ ગયાં હતાં, અને તે લોકોમાં મતફેર પડ્યો હતો. એક સ્વાર્થાન્ધ એકલપેટું ટોળું એમ કહેતું હતું કે, "ભારતવાસીઓને ઉંચી કેળવણી આપી સુધારવા એ બ્રિટિશ સરકારમાટે બહુ ભયભરેલું અને હાનિકારક છે!" એથી પ્રતિકૂલ બીજું ન્યાયી અને શુદ્ધ મનનું મંડળ એમ કહેતું હતું કે; "ભારતવાસીઓને ઉચ્ચ પ્રકારની કેળવણી આપી સુધારવાથી સરકારને લાભ થશે. અભણ અને જંગલી રાખવાથી તે લોકો બંડખોર થઈ જશે. જ્યાં સુધી કેળવાશે નહિ, ત્યાં સુધી તેઓ પોતાના રાજ્યકર્તાના ગુણોની કદર નહિ કરી શકે." લાર્ડ મેકોલેએ આ વાતનો બહુ પક્ષ કર્યો હતો. તેણે મોટી મોટી આર્ટિકલો એ વિષયપર સ્વતંત્રપણે લખી હતી. તેનું કથન એમ હતું કે "ભારતવાસીઓને સારું શિક્ષણ આપી કેળવવા અને સુધારવા એ જ અંગ્રેજ સરકારનું મુખ્ય કર્તવ્ય છે. ઈશ્વરે જે લોકોને અંગ્રેજી રાજ્યકર્તાઓના આશ્રયતળે નાંખ્યા છે તે લોકોનું ભલું કરવાથી તે કિરતાર પ્રસન્ન થશે." અંતે એ પ્રધાન પુરુષની શુભ લાગણીઓએ પ્રતિપક્ષિઓનો પરાજય કર્યો અને સરકારી સ્કૂલો તથા કૉલેજો ઉઘડી. ઉંચી

કેળવણીનો આરંભ થયો. તે કેળવણીએ વધતાં વધતાં એવું ભયાનક રૂપ ધારણ કર્યું કે ભારતવાસીઓની શારીરિક સંપત્તિનું સત્યાનાશ વાળી નાંખ્યું.

માણેકચંદનું નાજુક કાઠું મ્યુઝીયમની સેલઘાહનો પરિશ્રમ સહન કરી શકયું નહિ. ઘેર આવતાં જ તેના શરીરમાં તોડ થવા લાગી. હાથ, પગ અને બરડો ફાટવા માંડ્યો, શરીરમાં સહેજ તાવ ભરાઇ આવ્યો—જે આજકાલના વિદ્યાર્થીઓનો વારસો જ છે; અનાજ છાતીપર રહ્યું. આખી રાત છારા ઓટકાર આવ્યા, સ્વપ્નાં તો જન્મ-કુંડળીમાં જ લખેલાં હતાં. સવારના પહોરમાં ઉઠીને ડાકટર વાચ્છાને ઘેર ગયો.

હજુ સવાર હતું. લોકોની ભીડ થઇ નહોતી, ડાકટર વાચ્છાએ માણેક-ની નાડી જોઈ હસ્તાં હસ્તાં કહ્યું; "મિસ્ટર એમ. એ. દાસ! તમારે વરે કિયા આસ્માનપરથી દવા લાવું? તમારા આંગમાંના એકેએક ભાગ ખવાઈ ગિયાચ, ટેને ટાકતની દવાઓ શું અસર કરે? બધું બદન કમજોર પરી ગિયુંચ. અંદરનું મશીન વર્ક કરતું જ નથી, બધું સાંચાકામ બરહ્માલ થઈ ગિયુંચ, ત્હાં ડાકટર સું કરે ને સાથે દવાબી બિચારી સાની સાનીપર અસર કરે? ફેફસું, હાર્ટ, ભેજું, આંટરડા, સ્ટમક, કલેજું, બધાંજ આવી રહ્યાંચ. જરા વેધર કોલ્ડ થાય તો તમુને કોડલીવર ઓઈલ ચાલુ કરાવસ. પન વારુ હું એમ પૂછું મી૦ ઇમ્તેહામચંદ?" ડાકટર વાચ્છાએ હસ્તાં હસ્તાં પૂછવા માંડ્યું, "તમો સાહેબે કેટલાં ઈમ્તેહામ આપ્યાં?"

"આપે મ્હારું નામ ઠીક ખોળી કહાડ્યું ડાકટર સાહેબ!" માણેકે મ્હોં મલકાવી કહ્યું. "ખરેખર અમારા લોકોને ઇમ્તેહામચંદ કે પરીક્ષાદાસનું નામ જ યોગ્ય છે. કેમકે અમે ભણ્યા, પણ ગણ્યા નહિ—વેદીયા ઢોર જ! મોટા મોટા હિસાબ કરીએ, પણ દોઢીયાનું દોઢ શેર તો ત્રણદમડીનું કેટલું પૂછે તો મોં વકાશી ઉભા જ રહીએ, એવા અમે ઇમ્તેહામચંદ છીએ. વ્યવહારમાં તો અમે ભણ્યા ગણ્યા ભેંસના ભાઇ ને ગાયના જમાઈજ જાણવા. ભૂગોળ, ને ખગોળ, ભૂમધ્ય સમુદ્ર ને ડોવરની સામુદ્રધુની કયાં છે તે જાણીએ, પણ ગંડકી ને ગોગરા ને સત-લજ ને પ્રતાપનું નામ નિશાન નહિ; ટાપૂની વ્યાખ્યાત કરીએ. પણ ટાપૂ ને અખાતને પીછાનીએ જ નહીં. ફકત ઈમ્તેહામ તે ઇમ્તેહામ જ! અલેફ બે–પે–ટે જીમ ને એબી સીદી ને તુમબી સીદીમાં જ મુંડી! લ્યો સાંભળો મ્હારી પરી-ક્ષાની કર્મકથા તમને માંડીને સંભળાવું. એક રીતે કહું તો સમસ્ત જીવન જ ઇમ્તેહામમાં ગાળ્યું અને જો કંઇ થોડું ઘણું જીવવું બાકી હશે તો તે પરીક્ષા-ઓનો ડંડ ભરવામાં ગાળીશ. લ્યો ત્યારે ગણવા માંડો.

(૧) પહેલી પરીક્ષા, પહેલી ચોપડીની થઈ.—અલેફ–બે–પે–ટે, જેને તમે

કકો કેવેલો કહો છો તેમાં થઈ. જ્યારે લંગોટી પહેરવાની પણ અમને શુદ્ધિ નહોતી. મને હજુ સુધી ધ્યાન છે કે એક ઘીના કુલ્લા જેવો અંગ્રેજ પરીક્ષક થઈ મને પ્રશ્નો પુછતો હતો અને મારું ધ્યાન ઘરમાં આવેલી શકરટેટીઓ (ખડબુજ)માં ભટકાં મારતું હતું. ગાયને બે દહાડાથી વાછડું થયું હતું તેને રમાડવાના તરંગો મનમાં જુદા જુદા ઉછાળા મારી રહ્યા હતા. બલા જાણે તેણે શું પૂછયું અને હું શું બકી ગયો. પાછળથી જાણ્યું કે પાસ થયા છેયે. મનને કંઇક આનંદ થયો.

(૨) હવે કકો કેવેલો મુકી વાકય ને કવિતા શીખવા માંડી-હસ્તા રમતા બાળકને સાડા પાંચ કલાકનું કેદખાનું શરુ થયું. ઉમર તો પાંચની હતી, પણ દીકરો વહેલો ભણે ને બાપનું દલદર ફેડે તેમ ધારી છ ઠાકી મારેલા, પણ જીવડો તો પાંચનો-તે ચહેન ન પડે નિશાળમાં-ચિત્ત રમવા દોડે, પણ એક બજરંબટુ જેવા કાંણા મેહેતાને ધાકે પઢમપઢા ચાલી રહે. વરસ વળ્યું ને ગણીત ને બીજા વિષયોની પરીક્ષા જ્યારે થઈ ત્યારે અમે ભુખ્યા તરસ્યા છ છ કલાક તરફડ્યા. ઘેર આવ્યા તેટલામાં ભૂખ મરી ગઈ. ન રમતું ગમ્યું, ન જમતું. હવે પરિશ્રમ વધી પડ્યો. માસ્તર ઘેરથી પાનાંને પાનાં ચીતરી લાવવા આપતા. ન લખી જઇયે તો નેતરના ઝપાટા ખાવા પડે. જીવ સીંકે રહેતાં હતાં તેમાં જ સુકામણાની શરુઆત થઇ.

(૩) જેમ તેમ કરતાં ત્રીજીની ત્રીજી પરીક્ષા આવી. આ વેળા એક ગાટપીટસાટપીટ ઇન્સ્પેકટર અમારું લોહી પીવા પરીક્ષક તરીકે આવ્યા હતા. જ્યાં સુધી ઇન્સ્પેકટર સાહેબ પાસ ન કરે ત્યાં સુધી ત્રીજીના કેદખાનામાંથી અમારી મુક્તિ થાય તેમ ન હોતું અને ઇન્સ્પેકટર સાહેબને પૂછે તેને પરમેશ્વર પૂછે! તેઓને સેંકડે વીસ છોકરા પાસ કરતાં ટાઢીઓ તાવ આવતો હતો. જે દહાડે તે સાહેબ અમારી સ્કુલમાં આવ્યા તે દહાડે છોકરાઓની વિચિત્ર સ્થિતિ હતી. જાણે ભૂખ્યા વાઘ આગળ બકરાનું ટોળું ઉભું રહ્યું હોય! અસ્તુ, તમારો સેવક તો રામરામ કરતો પાસ થયો. એક હફતેખાન અથવા અભિમન્યુનો કોઠો પસાર કર્યો.

(૪) ચોથે વર્ષે ચોથીમાં ગયો. વાર્ષિક પરીક્ષા માસ્તરોએ લીધી; પાસ, ડાકટર પાસ. પણ ચોપડાનો ચોડો બારા શેર! કંઇક કોપી, કંઇક વ્યાકરણ, ભૂગોળ ને અર્થના ચોપડા!

(૫) પાંચમે વર્ષે અંગ્રેજી સાથે દેશી ગણીત, વ્યાકરણ, ભૂગોળ, કવિતા, લેખાં, ને આંક ને બાંક-સોની છેલ્લી પરીક્ષા ઇન્સ્પેકટર સાહેબે લીધી. તે

વેળા પ્રથમ જેટલો ભય તો નહતો લાગતો, પણ પરીક્ષા બહુજ કઠણ. એટલું ધ્યાનમાં છે. આ વર્ષે પેલા ઇન્સ્પેક્ટર મીયાં નહોતા, તેઓ રજાપર હતા. તેમના આસિસ્ટંટ પરીક્ષક બન્યા હતા. "બડે વો બડે, છોટે સુબહાન અલ્લા !" ભલો માણસ આખો જન્મ છોકરાં ભણાવી ભણાવી એવો ખીજવાઉ અને બળિયલ થઇ ગયો હતો કે ઈશ્વરનું ઉપરાણું-જાણે કોઇને ભખી ખાશે કે પોતેજ આપઘાત કરશે. તે પોતાની મેહેતાગીરી વેળા બાપડાં છોકરાંઓના બરડા ફાડી નાંખવામાં જ મોટાઇ ગણતા હતા. હવે જેટલા છોકરા ફેલ થાય તેટલો પરીક્ષક ચતુર અને કસાયલો ગણાય એમ માનતા હતા, તેમાં મારી ભગવાને જ રક્ષા કરી, નહિ તો પડ્યાતા ત્રણસો સાઠ હાથના ઉંડા કુવામાં. એકાદ માર્કે લાજ રાખી. એક માર્ક જો ઓછી મળી હોત તો ભોગ જ મળ્યા હોત. પાસ થયલાઓ ઉપહાસ કરી બાળત તે જુદા, માબાપ કાચો ને કાચો જ ખાઈ જવા ઉભાં થાત, આખું વર્ષ નકામું પિષ્ટપેષણ કરતાં કંટાળો આવત. પણ પ્રભુએ પડતો પડતો બચાવ્યો. અમારા ક્લાસમાં $\frac{3}{4}$ નાપાસ થયા. માબાપે હેતથી હૈયે ચાંપ્યો અને નોકરીના કિલ્લા બાંધવા મંડી પડ્યાં.

(૬) છઠ્ઠાની શરૂઆતમાં દેશી ભણતર ભણી પરવાર્યા. હવે અંગ્રેજીમાં પહોંચ્યા. આપે સાંભળ્યું તો હશે કે અંગ્રેજીમાં દાખલ થવાની આ પરીક્ષા વિચિત્ર છે. દેશી ભાષામાં પાંચ ધોરણ પસાર કર્યાં હોય, ઇન્સ્પેકટરે સરટીફીકેટ આપી હોય, તો પણ અંગ્રેજી એન્ટ્રન્સની પરીક્ષા આપવાની કર્મે ગોટેલીજ રહે છે. જાણે કંઇક કેવા કચકડા જેવા સ્કુલ માસ્તર પાવરધા હોય, તેમ વાંકી-ટીકી ડોક કરી સવાલ પૂછે ને લખાવે ને ઉપરાઉપરી પલાખા પૂછતા હોય તેમ પૂછયા જ જાય. એમાં વખતે શેરીયા ને અધમણીયાના પણ હીસાબ પૂછે, જે કાંણા મેહેતાએ શિખવેલાજ નહિ હોય.

દેશી ભાષાની પરીક્ષાનો એક ખાડો છે. હજારો વિદ્યાર્થીઓ પ્રતિવર્ષ એમાં બેસે છે. જો પાસ થયો તો આગળનાં જંગલોમાં ઝિપલાવે અને નાપાસ થયો તો ભાગ્યને રડતો બેસી રહે.

(૭) પાંચ વર્ષ દેશી ભાષામાં માથાં માર્યાં. છઠ્ઠે પહોંચ્યા અંગ્રેજીમાં. પહેલી બીજી અને ત્રીજી એમ ત્રણ વાર્ષિક પરીક્ષાઓ અને માસિક પરીક્ષાઓ માસ્તરો લેતા તે મળી ઓગણચાલીસ પરીક્ષાઓ થઇ. એમાં દેશી ભાષાની છ મેળવો એટલે પિસ્તાલીસ પરીક્ષાઓ ! છેલ્લી પરીક્ષામાં સારા ભાગ્યે હું સારો નંબર મેળવી શકયો. હાય ! હું નહોતો જાણતો તો કે, એ નંબરો મને મારી વયની

એકેક ઘડીના બદલ માં મળે છે! અરેરે! શા માટે મેં એટલો બધો પરિશ્રમ કર્યો. હવે તે દહાડાઓપર મને શોક થાય છે. માબાપ, સગાં સંબંધી અને ઇષ્ટમિત્રો તરફથી અનેક ધન્યવાદ અને મુબારકબાદીના પત્રો મળ્યા!! બસ એ પરીક્ષાએ મને ગાંડો ઘેલો બનાવી દીધો. એ પછી મને નાદ લાગ્યો કે હવે એન્ટ્રન્સમાં એટલે હાઇમાં ક્યારે પાસ થાઉં. લાલચે મનમાં ઘર કર્યું કે મને સ્કોલરશીપ મળે. શેઠ સાહેબ! પીસ્તાલીસ પરીક્ષાઓ પાછળ મૂકી આગળ હવે પાછી માસિક પરીક્ષાઓ ચાલવા માંડી. ચાર વર્ષમાં ૪૮ ઇમ્તેહામ આપી અને છેલ્લું ઇમ્તેહામ એન્ટ્રન્સનું આપ્યું. એ તમારી તરફની મેટ્રીક! અહિં સુધીમાં બધી મલી ચોરાણું પરીક્ષાઓ થઈ. સ્કોલરશીપ મેળવવાની લાલચમાં ને લોભમાં મ્હેં જે અસીમ પરિશ્રમ કર્યો હતો તેના પરિણામમાં હું પહેલે નંબરે પાસ થયો, એ મ્હારી સત્યાનાશીનું મૂળ નંબર બીજું થયું. શું શું કઠણમાં કઠણ વિષયો ચાલતા હતા અને વિદ્યાર્થીઓની શક્તિ ઉપરાંતનાં કેટલાં કામો લેવાતાં હતાં તેનાં રોદણાં વળી કોઈ બીજે સમયે રડીશ, આજ તો કેવળ ઇમ્તેહામ (પરીક્ષાઓ)ની જ ગણત્રી ગણો. અંતે મોટામાં મોટી આશા જે સ્કોલરશીપ મેળવવાની હતી તે મળી અને ફર્સ્ટ આર્ટસમાં પેઠો. કૉલેજમાં કવાટરલી એગઝામિનેશન એક વર્ષમાં ત્રણ વાર આપી જેને, અમારા પંજાબમાં હાઉસ એગઝામિનેશન કહે છે. છેલ્લી પરીક્ષા ગ્રાડયુયેટ થવાની આપી. ચાર વરસની. બાર કોલેજની ને બે યુનિવર્સીટીની મળી ૧૪ પરીક્ષા થઈ. બધા મલીને માળાના મણકા ૧૦૮ થયા. પછી એમ. એ.માં પોહોંચ્યા. ત્યાં માળાનો મેર–મેરૂ પર્વત, એમ. એ. ની, ડાકટર સાહેબ કાંણ બેઠી! શું કહું ને શું ન કહું? મ્હેં કેમ કેમ દુઃખો વેઠયાં, શું શું ખાધું, કેવી કેવી મહેનતો કરી અને પંદર વર્ષના પરિશ્રમ પછી એમ. એ. ની ડીગ્રી મેળવી તે બધું કહું કે લખું તો એક કથાનું પુસ્તક ભરાય. હું તો મ્હારા મિત્રોને મરતાં મરતાં ભલામણ કરીશ કે મને બાળે નહિ, પણ ડાટે અને મારી કબરપર આટલો લેખ કોતરાવે–

દેશને આબાદ કરનારી વેપાર ધંધાની ને હુન્નર
કળાની કેળવણી મુકી સામાન્ય મનુષ્યે એમ. એ. થવું
ને ભુખે રખડવું તે કરતાં મરવું હજારવાર બેહતર!"

"અલો મિસ્તર ઇમ્તેહામચંદ!" ડાકટરે માણેકની વાતોથી દયા ખાઈ કહ્યું. "તમારી કથા ઘણી જ દિલ ઉસ્કેરનારી છે. તમારાં ભેજાંપર આફ્રીન છે કે તમે કેથેબી ફેલ નહિ થયા. જો એકાદ બે જગામાં ફેલ થતે તો સવાસો એગઝા-

મિનેશનનો આંકડો પૂરો થતે. તમારી હાલતનો નમુનો બતાવી એક આર્ટીકલ મેડીકલ ગેજેટમાં આપી, પંજાબ યુનિવર્સીટી, સ્ટુડન્ટસોની હેલ્થનો સું ધાન વારી મુકેચ તે હું પબ્લિકને દેખારસ. તોબા ખુદા! એવા ભણવા કરતાં તો અભન રહી પોતાની હેલ્થ સંભારવી હું વધારે લાયક ગનુંચ."

"આપ ખરું કહો છો ડોકટર સાહેબ!" માણેક ગદ્દગદ થઈ બોલ્યો. "પણ ડાકટર! પંજાબને કયાં રડો છો? મેં વાંચ્યું છે કે, આજકાલ તો સઘળા ઇલાકામાં એવું જ ભણતર છે. વળી ભણતર મોંઘું પણ કેટલું કે ગરીબ તો અડધે રસ્તે જ રવડી મરે, ને મરે નહિ તો મારી પેઠે માંદો પડી, ખાટલો સેવે જ! દરેક કલાસની ફી એવી ભારે ને ચોપડા એટલા જોઇએ કે, જે બાપને બેચાર ભુજડવાલ હોય તેના માથાની ટાલકી જ તુટી જાય. આ ચોપડી લાઓ ને તે કોપી લો, આ કીતો લો ને તે અર્થ ખરીદો, લાઇબ્રેરીને ભેટ, ક્રીકેટને ભેટ, પ્રીન્સીપાલ ને પ્રોફેસર પધારે તેને લીલું નાલિયર ને ફુલનું ફંડ—એમ નવા નવા ઢોંગસોંગમાં બાવાનું તેલ નિકળે. દર વરસે નવી નવી કીતાબ બદલાય ને વિલાતના નવા સાહેબો આવી કેળવણીના બડા સાહેબની બુટ પાલીસ કરે, ક્રીસ્તમસ પરજેંટ મોકલે કે બુક બદલાઈ, ને વાંચન ને ઇતિહાસ ને ભૂગોળ ને ગણિતના નવા પોથાં લેવાં પડે, તેથી એકની ઉતરેલી બીજાને ચાલે પણ નહિ, એ પીડા કંઈ ઓછી છે? હિંદમાં કેટલાંના પોથાં—મેકમીલન, લોંગમેન, કેસલ, દત્ત, ફ્રેઝર, વગેરે બે એક દઝન કંપનીના પોથાંપર મારો ચાલુ છે ને નવા ફૂલ હાર ચ્હડાવે તો તેની પણ જે—ને નિશાળિયા એ જ પૈસા! તમે જુવો કે આટલી મહેનતનું પરિણામ શું? વીશ રૂપરડીની નોકરી! યુનિવર્સીટીમાંથી દર વરસે હજારો બકરા રહેસાઈ સોષાઈ તવાઈ નિકળે છે, જેમાંથી ભાગ્યે બે પાંચને ધંધાની ગમ પડે છે—ઘણા તો રખડી રવડી, કંઈ કલાર્ક, કે માસ્તર, કે પોલીસમેન, કે પોસ્ટનો પટાવાળો જ થાય છે. દેશમાં સાહિત્ય શિક્ષણ જરૂર હશે, પણ પેટના ખાડાનું કંઈ સાહિત્ય કામ કરે છે? જર્મની, જાપાન, ફ્રાંસ, અમેરિકામાંની યુનિવર્સીટીની શિક્ષણ પદ્ધતિ જ જુદી છે. ત્યાં હુન્નર—કળા—ધંધો—વ્યાપાર—સાહિત્ય—ફીલસુફી એ સઘળાંની શિક્ષણ રીતિ જ નિરાળી છે. કેળવણી એટલે શું ડાકટર સાહેબ? તે થોડા જ સમજે છે ને મારા પ્રોફેસરોએ, કદી પણ સમજાવ્યું નથી. આજની કેળવણી તો 'પઢોરે પોપટ રાજરામના' તેમ પોપટ પંડિત જેવી છે—તેથી દેશનું દલદર કેમ જાય? આજકાલની યુનિવર્સીટીમાંથી ટકે શેર ભાજી ને ટકે શેર ખાજાં તેમ સબી ધાંટે બારે ટકે નીકળે છે; ત્યાં દેશની દુર્દશાનું પુછવું જ શું? ખરે,

આ દેશના વિદ્યાર્થીઓની બહુ દુર્દશા છે. પંદર પંદર વરસ સુધી શ્રમ વેઠી બે પાંચ હજાર માબાપના બગાડયા પછી, મોટી મોટી ડિગ્રીઓ મેળવનારને પણ અંગ્રેજી રાજ્યમાં નોકરી ચાકરીના વાખા! ધંધા ધાપાની તો કેળવણી જ નથી. કોળી નાળી તાઈ તંબોળી દરજી હજામ સૌ ગ્રાડયુયેટ ને સૌને જોઇએ સરકારી નોકરી! કરમની કઠણાઈ કાંઈ થોડી છે? નોકરી મળી કે મીયાંભાઈ રોજના માંદા! જુવો ગોરાઓનાં બાળકોને, તે કેવા લાલબૂન જેવાં રહે છે! થોડું શીખવું, થોડું જ વઇતરું કરવું અને નોકરીઓના લાભ મોટા! ઘણાક હિંદી વિદ્યાર્થીઓ એવા છે કે, જે બાપડા સો સો પરીક્ષાઓ આપી પાસ થાય છે અને મારી પેઠે શરીરસંપત્તિનો નાશ કરી, પરિણામમાં નોકરી ચાકરી વિના રવડતા ફરે છે. વાસ્તવમાં ઈશ્વરી લીલા વિચિત્ર છે. કેવત છે કે,

પઢે ફારસી બેચે તેલ, યે દેખો કુદરતકા ખેલ!"

"મિસ્ટર ઇસ્તેહામચંદ! તમે કહોછ તે સઘળું દરોબસ્ટ છે. આજ કાલના ભનતરને પરીણામે ભનેલા ગનેલાની એવી જ અવસ્તા છે." ડાકતર વાચ્છાએ કહ્યું. "આ દેશની કોલીજો અને ઇષકોલોમાં જેમને ભનાવવામાં આવે છે તેનાથી તદ્દન જુદી જ રીતે જેપાનમાં શીખવવામાં આવે છે, એ જયારે હું જેપાન ગયો હતો ત્યારે મેં જોયું હતું. અહીંના માસ્તરો શિક્ષક નહિ, પણ પરીક્ષકની માફક શીખવે છે. ઇતિહાસ કરી લાવજો-પાના ૧૨ થી ૧૭-વ્યાકરણની કલમ ૬ થી ૧૮, ભૂગોળમાં પંજાબના પહાડો અને નદીઓ, કવિતામાં ૧૫ થી ૨૫ લીટી અને અરથ પરથ તો ચોપડીમાં જોઇ લેવાના. માસ્તર શીખવવાની તસ્દી લે તો તેનો બાપ મરે. બસ ફક્ત એન્ટ્રન્સમાં પોતાનું પાની બતાવવા મહેનત કરે તેટલી જ બસ! વિદ્યાર્થી ભણે તો તેનું નસીબ. કૉલેજોમાં પણ છોકરો પાસ થાય તો તેને નસીબને જોગે જ પાસ થાય. પ્રૉફેસર કેવું ભનાવી પટપટારો કરે છે તે જોવા જોગ જ! નવા નવા ને વિલાતના ભુસાઓને અલરેની કોલેજમાં જગા આપે તે શું ઉકાળે? માસ્તર ઇસ્તેહામ! જો હું એન્ટ્રન્સ બેન્ટ્રન્સને મેડીકલ કોલેજ ફાલે જ કરવા રીયો હોત તો સત્તર વર્ષે પણ મારો પત્તો લાગતે નહિ; અને દાકતરો શું કમાય છે તે તો મને બધી ખબર જ છે. મેં દેશી વૈદું અને વિલાયતી વૈદાંનો અભ્યાસ કીધો છે, તેને પુને આજે જરા તરા સુખી છું."

"ડાકતર સાહેબ! હું શું કહું? આપે કહી તે પીડા એ કંઈ પીડા નથી." મીસ્ટર માણેકચંદે આગળ ચલાવ્યું. "આખો યુનિવર્સીટીનો કોર્સ અને એક પણ

પરીક્ષા ન ચુકતાં એક સો નવ પરીક્ષા આપવી પડે, એ કંઇ જુવાન કુમળાં મગજના વિદ્યાર્થીના માથાપર થોડો બોજો છે? ભણવાની અને ભણાવવાની પદ્ધતિ જ ખામી ભરેલી છે, કંઇ કેળવણી ખામી ભરેલી નથી. કેળવણીનો મુખ્ય ઉદ્દેશ એટલો જ છે કે Memory, Power of Imagination and Power of Judging બહુ સારી ખીલવાવી જોઇએ. આજની કેળવણીને પ્રતાપે છેલ્લાં બેને નામે તો મીંડાં જ મુકવાં ને સ્મરણશક્તિની તો તોબા! પરીક્ષા પસાર ને માસ્તરનું માસ્તરને ત્યાં. પોપટ પંડિતની માફક અચરે અચરે રામ પઢે, સમજ્યા? એમ પઢી જવામાં જ આજની કેળવણીનું સાર્થક છે. જે ભૂગોળ અને ખગોળ મને શીખવવામાં આવી છે તે મને વ્યવહારમાં શું ઉપયોગી છે? આજે મને તેનો એક અક્ષર પણ યાદ નથી. છ છ કલાક સુધી બાળક વિદ્યાર્થીને નિશાળમાં ગોંધી રાખવાથી અને તે પણ નિશાળના કંગાળ મકાનમાં ચોંટહુક માફક ચોંટાડી મુકવાથી, તેમના શરીર તમે જોશો તો કંતાયલા સોરાયલા સુકાયલા જણાશે. આગલા વખતમાં પચાસ અને સાઠ વરસ વગર બહુ જ થોડાઓને ચસમાં લગાડવાં પડતાં હતાં; અને આજે તો બાર બાર વર્ષના કિલ્લાઓ ચસમેઢબ થયલા જોવામાં આવે છે—એ હાલની કેળવણીના પ્રતાપ જ કેની? પરીક્ષાઓની ફીકરમાં ને ફીકરમાં વિદ્યાર્થીઓનું શરીર એવું ખવઈ જાય છે કે, કેટલાક તો પરીક્ષાના મંડપમાં બેહોશ થઇને પડે છે, અને કોઈ કોઈ તો પરીક્ષા પાસ કરી તેને બીજે જ દહાડે મસાણમાં જઇને પોઢે છે. અને જેઓ આયુષ્ય ગાળે છે, તેઓનો ઉત્સાહ અને ઉમંગ તો રામશરણ થઇ ગયલો હોય છે. જ્યારે ભણેલા યુરોપિયનો ભરપેટ પેન્સન ખાય છે—ત્રીસને પાંત્રીસ વરસ સુધી હિંદી સરકારને ચૂસે છે, ત્યારે ભણેલો દેશી, કાંતો નોકરીમાં જ રામબોલો ભાઇરામ કરે છે કે બે ચાર વરસ પેન્સન ખાધા ન ખાધા કે સાફ! બાવા આદમ પાસે ગયો! આ આપણા ભણતરની ખૂબી! પેટને ખાતર વેઠ કરવાને માટે જે કંઈ કરે છે તે કરે છે, દિલમાં જ કંઈ નહિ, તે દેશને માટે શું દલદર ફેડવાનું કામ કરે? જ્યારે ઈંગ્લંડ, જર્મની, જાપાન, અમેરીકા અનેક ચુન્દા માણસો ઉત્પન્ન કરે છે ત્યારે ડાકતર સાહેબ, તમે તપાસ કરશો તો જણાશે કે મુંબઈ, કલકત્તા, મદ્રાસ, અલાહાબાદ, લાહોર આદિ દેશોની અમારી યુનિવર્સીટીમાંથી, ભાગ્યે જ પાંચ પંદર એવા ચુન્દા ગ્રેડયુએટો નિકલ્યા હશે કે, જેને માટે લોકોને માન હશે અને લોકો માનતા હશે કે, તેઓએ દેશનું કંઇ કલ્યાણ કીધું છે. હાલના ભણતરમાં નિર્વાહનાં સાધનો મળે એવું ભણતર તો થોડું જ છે. એ પદ્ધતિ

સુધરે નહિ અને દેશની પ્રજાને દેશના વિષયમાં સારા જ્ઞાતા કરવામાં આવે નહિ, ત્યાં સુધી દેશનો ઉદય પણ થવાનો નથી અને વિદ્યાર્થીની હાલત પણ સુધરવાની નથી."

"મીસ્તર ઇમ્તેહામ!" ડાકટર વાચ્છાએ કહ્યું, "વાટ તો ખરી. મારી પાસે જે વિદ્યાર્થીઓ દવા લેવા આવે છે તેમાંના મોટા ભાગની માંદગીનું કારણ આજકારનું ભણતર જ છે."

"અરે ડાકતર સાહેબ! ભણતરની પીડા જેટલી જ પરીક્ષાની પણ પીડા છે. પરીક્ષકો જાણે સતનો કાંટો લઈને બેઠા હોય તેમ અર્ધો અને એક એક માર્કને માટે બાપડા વિદ્યાર્થીના બાર વગાડી દે છે. ગણિતના પત્રો તપાસશે, પણ રીત જોશે નહિ, વિદ્યાર્થીએ શું ઉકાલ્યું છે તે પણ જોશે નહિ, પણ માત્ર જવાબ—અને તેમાં જ વિદ્યાર્થીનું નસીબ ફુટયું કે ઉગ્યું તેનો નિકાલ થઈ જાય છે. કહે છે કે કેટલાક પરીક્ષક સાહેબો તો છાપ કે કાંટાની રમતની પેઠે પરીક્ષાનાં પત્રો આકાશમાં ઉરાડી ઉંધા પડ્યા તે ઉંધા પડ્યા અને ચત્તા તે પાર પડ્યા—એમ રીજલ્ટ જણાવે છે. કોઇ કોઇ પરીક્ષક, એક ત્રણ પાંચ સાત પાસ, બે ચાર છ આઠ નાપાસ—એ જ ધોરણે પસાર કરે છે. કોઈ બાયડીને પત્રકો તપાસવા આપે છે, કોઈ દોસ્તદાર ભાઇબંધને શોધી કહાડે છે; અને કોઈ ઉંઘમાં જ ઉંઘતા ઉંઘતા પત્રકો તપાસી વિદ્યાર્થીના નસીબની કસોટી કરે છે. આવી પરીક્ષામાંથી પસાર થવું અને તે પણ વેદીયાઢોર જેવા ભણતરથી પસાર થવું, કેટલું મુશ્કેલ છે તેનો અનુભવ તો જેને હોય તે જ જાણે.

"પ્રસૂતાની પીડા તે વંઝયા તે શું જાણે; જાણ્યું કેમ આવેરે માન્યાને પ્રમાણે."

"ખરેખર, જો આ જ રીતની પરીક્ષા અને આ જ રીતનું ભણતર ચાલુ રહેશે તો વિલાયતવાળાઓને હિન્દુસ્તાનના વિદ્યાર્થીઓ માટે નવા અવયવો બનાવી મોકલવા પડશે; તેમ નહિ થાય તો સેંકડો બાળકો ખોટા અક્ષરો પેઠે ચહેરાઈ જશે અને તેમનાં વહાલાંઓ આખો જન્મ યુનિવર્સીટીને નામે પોક મૂકતાં રહેશે! મારાં માતાપિતાએ મને વંશપરમ્પરાનો મર્દાની ધંધો છોડાવી, હીંમતમાં પાછળ ને રડવામાં આગળ એવી કેળવણીના ઝઘડામાં ન નાંખ્યો હોત તો બહુ સારું થાત. હું રજપૂતનો દીકરો છું. ટાડના લેખો વાંચી મારા હૃદયમાં અનેકવાર ઉભરા આવ્યા છે કે હું કોઇ વીર જાતિનું બીજ છું. પણ કેવા પ્રકારે પોતાનું ગુજરાન ચલાવું છું? વાચ્છા શેઠ! હું કોઈ પલ્ટનમાં સાત રૂપરડીની સિપાઈગીરીમાં

રહ્યો હોત તો ઘણું સારું. લાગી ભુખે ખાત, આવી ઉંઘે ઊંઘત, મારામાં બાપ દાદાના રક્તનો પ્રભાવ હોત તો તલવારથી મારી ઉન્નતિ કરત. પણ અફસોસ–

ઓસાફે રાજપૂતી તો મુઝમેંભી થે કભી,
એમ. એ. બનાકે કર્યો મેરી મિટ્ટી ખરાબ કી."

"તમારી હાલત ઘણી જ જાનવા અને બોધ લેવા લાયક છે, મિસ્ટર માણેકજી!" ડાકટર વાચ્છાએ સાચા મનથી માણેકની દયા ખાતાં કહ્યું. "તમારો યુનીવરસીટીની કેળવણીનો હેવાલ ખરેખર ઘણો ખરાબ છે. બેહતર થતે કે તમે ડિગ્રી મેળવવાની ટ્રાઈ નહીં કીધી હોતે. મને લાગે છે કે, મિડલે તમારું ખાધું પચાવવાની તાકાત લુંટી લીધી, એન્ટ્રન્સે તમારું હાર્ટ ખરાબ કીધું, ફર્સ્ટ આર્ટસે સ્ટમક ને આંતરડાંનો ઘાંન વારી નાંખીયો અને બી. એ.એ તમુને ચસ્મો લેવડાવ્યો. છેવટ રહ્યાં ફેફસાં ને ભેજું–તે એમ. એ ને પ્રેજન્ટ કીધાં! હવે તમારા આંગમાં શું રહ્યું? તેમાં તો ધૂરપર લીપન. તમે કલાકની નોકરી કીધી! એણે બેસતાં બેસતાં તમારા આખા આંગના વર્ક કરતાં લોહીને ચાલતું અટકાવી દીધું. હું ધારુંચ કે તમારે વરે મેહેનટ કરતાં હાલ રેસ્ટની ઘનીજ અગત છે. જો બને તો તમે ઓછામાં ઓછું એક વરસ કામકાજ છોરી એકાંતમાં રેહવાની ટ્રાઈ કરો. દવા ખાવા કરતાં તમુને હવા ખાવાની બહુ જરૂર છે."

"એ શું કહો છો ડાકટર સાહેબ!" માણેકે લગભગ રડી પડવા જેવા થઈ કહ્યું. "શું તમે કંઈ મને લખપતિનો દીકરો બીકરો ધારી લીધો છે કે, સાહેબ? હું કંઈ પારસીનો દીકરો નથી કે ન્યાતનાં ફંડથી ઉભાં કરેલાં સેનીટરીયમમાં, કોઇ લાગતા વળગતાની ભરભલામણ કે વગથી જઇ પડું. હું તો એક દીન સ્થિતિનાં દેવાદાર માતાપિતાનો પરાણે પેટે પાટા બાંધી ભણેલો પુત્ર છું. જો આજે નોકરી છોડું તો કાલે મા, બાપ, બાઇડી અને બેહેનની શી ગતિ થાય?

રહિ મન નિજ મનકી વ્યથા, મનહી રાખો ગોય,
સુનિ અઠલૈહે લોગ સબ, બાંધ ન લૈહે કોય.

"વળી ભાગ્યદેવીનો એટલો માનીતો સેવક છું કે, જ્યાં જ્યાં નોકરીની અરજીઓ મોકલી ત્યાં ત્યાંથી જે ઉત્તરો આવ્યા છે તે જ જો સંભળાવું તો માણસ દાંતમાં આંગળાં કરડે. બેહલજી શેઠ અને તેમની પુત્રીને પરમાત્મા ચિરંજીવ રાખે કે મારા જેવા એક નકામા–કેવળ માથે પડી ગયલા નોકરને નિભાવે છે." આ શબ્દો બોલતાં બોલતાં દીન માણેક ધીરજ છોડી ખુરશીપર પડ્યો.

દયાળુ ડાકટર વાચ્છાએ તેને બહુ ધીરજ આપી. તેના જેવા એક સાક્ષરને

બનતી સહાયતા આપવાનાં વચન સાથે સારામાં સારી દવા આપી. લગભગ કલાક દોઢ કલાકની વાતો અને તે પણ ખરી લાગણીના જોશની વાતોથી થાકી લોથપોથ થયેલો માણેક, પોતાને ઘેર ગયો. એક ભાગ દવાનો પીધો, પણ થાકને લીધે નોકરીપર જવાનું ન બની શક્યું. નિરાશ થઈ માંદગીની ચિઠ્ઠી લખી. એદલજીએ જરને ચિઠ્ઠી બતાવી. જરે બચાવ કર્યો કે,–"માણસ છે. હોય માંદોબી પરે." એદલજીએ કંઈ ન કહ્યું, પણ જરે મનમાં ગાંઠ વાળી રાખી કે, જો એને તેણીનો પિતા કહાડી મુકે તો પોતાની ગાંઠથી વીસ રૂપિયા આપી તેનું પોષણ કરવું, પણ રખડી મરવા ન દેવો. આણી પાસ, માણેકે વાચ્છાની વાતોથી ભય ખાઇ, રેલવેમાં એક સેકન્ડ ગાર્ડની નોકરીની અરજી આપી રાખી. એમ જ દહાડાઓ વહેતા ચાલ્યા. માણેકની અરજી મંજુર થવી તો વાંઝણીને પુત્ર થવા જોગીજ હતી, કેમકે તે જગાઓ તો ગોરા બાપના ગોરા દીકરાઓ માટે અનામત છે!

પ્રકરણ ૮ મું

શેઠ વાણોતરના ગપાટા

માણેકચંદનો પિતા ગોવિન્દ એમ ચાહતો હતો કે, જો તેની પુત્રવધૂ રુકિમણી લાહોર જાય, તો દીકરો સુખી થાય. ગોવિન્દની સ્ત્રી અને માણેકચંદની માતા પ્રેમદેવી એમ ઈચ્છતી હતી કે, ગમે તે પ્રકારે રુકિમણીને પોતાની પાસેજ રાખવી અને ધણી ભેગી ન થવા દેતાં લોંડીની માફક તેની પાસે કામ કરાવવું! ગોવિન્દ જ્યારે પોતાની ઇચ્છા દર્શાવતો, ત્યારે પ્રેમદેવી છણકો કરીને કહેતી કે, "બેસી રહો, બેસી રહો છાનામાના, ઢીચણ જેટલી છોડીના હાથમાં છોકરાના ઘર કારભાર આપી લોક હસાવવા છે કે શું? દઈ જાણે, એ છટકી જાય કે છોકરો બ્હેકી જાય, તો નાત જાતમાં મોઢાં કાળાં મેસ થઈ જાય!" બીજી તરફ રુકિમણી જે દિવસથી તેનો પતિ ચાકરીએ લાગ્યો હતો, તે દિવસથી એમ જ ધારી બેઠી હતી કે, 'હવે સાસુ નણંદના ત્રાસમાંથી છૂટવાનો વખત આવશે.' એ બિચારી પરણી તો હતી, પણ ધણી સાથે કોઈ દિવસે સામે મોઢે વાત કરવાને ભાગ્યશાળી થઈ નહોતી. માણેક તો પોતાના અભ્યાસમાં ગુંથાયલો હતો, એટલે તેના મગજમાં તો સાંસારિક સુખોની જોઈએ તેવી કલ્પના જ હતી નહિ.

નિત્યનાં મેણાં ટોણાંનાં બળાપાથી અંતે રુકિમણીની શારીરિક સ્થિતિ લથડવા માંડી. સાસુનું મોઢું આખો દિવસ ચઢેલું ને નણંદના નસકોરાં નિરંતર ફુલેલાં રહેતાં. છીંકતાં દંડે ને ચાલતાં ગાળ દે. ન બોલે તો મુમડી ને બોલે તો ચીબાવલી કહે. ટુંકામાં, વાતે વાતે તેને પજવવામાં આવતી હતી. માણસ તે કેટલુંક ખમે? અંતે બાપડીનું શરીર બગડવા માંડ્યું. જ્યાં ખાવું પીવું જ ન ભાવે અને સુખે ઉંઘ પણ ન આવે, ત્યાં શરીર તે શી રીતે સારું રહી શકે? બિચારીએ એક બે વાર પિયરિયાંને કહેવડાવ્યું કે, "થોડા દિવસ ત્યાં બોલાવી લ્યો." પણ ત્યાંવાળાં એવાં રીઢાં કે એક કાને સાંભળીને બીજે કાને કાઢી નાંખે. છતાં પણ તેઓ એટલું તો સારી રીતે સમજતાં હતાં કે, સાસુ અને નણંદ, છોડીપર દુઃખનાં વાદળ વર્ષાવતાં હશે!" પણ સર્વ સ્થાને એવું જ જોતાં એટલે ચૂપ થઈ બેસી રહેતાં. મનમાં ધારતાં કે, "કોઈ રીતે તેનો વર જો જુદું ઘર માંડશે, તો બધી વિપત્તિઓ દૂર થશે."

પોતાથી બનતા સઘળા પ્રયત્નો કર્યા, પણ હઠીલી પ્રેમદેવી એકની બે ન થઈ. તેથી છેવટ ગોવિન્દે પોતાના પુત્રપર આઠ દિવસની રજા લઇ ઘેર આવવાને એક પત્ર લખ્યું. એમ કરવામાં તેનો અંતઃસ્થ હેતુ એવો હતો કે, "કદાચિત્ પુત્રને જોઇ તેની માતા કાંઇક પોતાનો વિચાર ફેરવશે અને છોકરાનું ઘર મંડાશે!" પ્રેમદેવી પણ કાંઈક એમ તો નહોતી જ ઇચ્છતી કે, "છોકરાનું ઘર ભાંગે!" પણ તેને એવી હોંશ હતી કે વહુને પગતળે દબાવી રાખી, દાસીની પેઠે તેની પાસે કામ કરાવ્યા કરવું અને ઘરમાં તેનું ચલણ જરાય થવા ન દેવું. વહુ છોકરાની માનીતી થાય ને સુખ ભોગવે તે તેનાથી ખમાતું ન હોતું. તેના વિચારો જ એવા દૃઢ થઈ ગયા હતા; કારણ કે, તેણે પોતે પણ પોતાના વહુઆરુપણામાં તેવુંજ સંકટ ભોગવ્યું હતું; અને ખરું જોતાં એને ત્યાં એ સાત પેઢીથી ઉતરી આવેલો એવો જ રિવાજ હતો. હિંદુ સંસારમાં એ વાતની કંઈ નવાઈ નથી. એમાં કંઈ કલંક ગણાતું નથી. ગોવિન્દે આ સઘળું જોઇને જ માણેકચંદપર ઉપર કહેલું પત્ર લખ્યું અને તેને માત્ર આઠ દિવસ (વધારે ન બને તો) ઘેર આવી જવાની આજ્ઞા લખી.

કાગળ વાંચતાં જ માણેકના પેટમાં ફાળ પડી. હજી હમણાં જ બે ત્રણ રજાઓ ભોગવી છે-તેવામાં સામટી આઠ દિવસની રજા તે શેઠ શી રીતે મંજુર કરશે? એવો પ્રશ્ન-પત્ર વાંચતાં જ તેના મનમાં ઉત્પન્ન થયો. આખો દિવસ લખવાનું એટલું બધું કામ પહોચતું કે, દયાળુ જર તેમાં મદદ આપીને તે પૂરું કરાવતી ત્યારે જ મરી મરીને તેનો અંત આવતો. બીજો કોઈ કલાકે પણ નથી,

કોઈ બદલીમાં મુકી જવા જેવો બીજો કોઈ માણસે નથી! એવા એવા અનેક વિચાર કરી અને પોતાની એક જ મદદગાર સલાહકાર અને નિભાવનાર જર પાસે તેણે ઘરનું દુઃખ ગાયું. સમય જોઈ તેના આગળ કાગળ મુકીને માણેકચંદે આઠ દિવસની રજા માટે વિનતિ કરી.

"ઓહોહો! માણેકચંદ! ત્યારે તમારાં લગન થઇ ગિયાંચ કે?" જરબાનુએ સવાલ કર્યો અને તેના જવાબમાં માણેકે નીચી નજરે લખતાં લખતાં "હાજી"નું માથું હલાવ્યું. જરે એક દીર્ઘ નિઃશ્વાસ નાંખ્યો. "તમે લોક ખરેખરાં સુખી છો! માયબાપે ચાર ચોખા છાંટી ગાંઠ જોડિયો તેને નિભાવવા સાથે પાક દિલથી પોતાના સુખ દુઃખના સાથીથી વફાદાર રહેવું, એ હિન્દુઓનાં જ જિગરમાં લખેલું છે. નઈ પહેલ્લાં વસીને કસી જોવું, ન મહુબ્બતના જંગલોમાં ભટકવું અને ન અજમાવવું કે ન વમાસવું. તેમ તમારી બૈરીયોબી ખુદાયના હુકમથી મહુબ્બતની મૂર્તિઓજ હોય, જેનો પલ્લો પકરી બેઠી તે જ વર-બલ્કે તે જ પરવરદેગાર! કેટલી ધીરજ! કેવો વિસવાસ!!" જરે હિંદુઓની તારીફ કરતાં કહ્યું.

"હા-બાઇ!" માણેકે કલમદાનમાં લેખણ મુકી જવાબ આપ્યો. "અમારા પુરુષો કરતાં અમારી અભણ સ્ત્રિયો વધારે પવિત્ર, સુશીલા અને પતિપરાયણા હોય છે. ગરીબમાં ગરીબ સંસારને પણ વેતરું કરીને નિભાવવો અને પતિ સાથેના પ્રેમને સાચવી રાખવો, એ વાતમાં સમસ્ત સંસારની સ્ત્રિયોપર સરસાઈ ભોગવનારી આર્ય અબળાઓ જ કહેવાય છે. પાણી ભરવું, વાસણ ઉટકવાં, રાંધવું સીંધવું દળવું ખાંડવું વાળવું ઝાડવું, ઢોર ઢાંખરને પાળવાં, છૈયાં છોકરાં ઉછેરવાં, ખેતર પાદરના કામમાં પણ પતિને સહાયતા કરવી, પતિના ઉઠવા પૂર્વે ઉઠવું, જમવા પછી જમવું, ઉંઘાડી ઉંઘવું અને અંતે મૃત પતિ પાછળ જીવતાં બળવું, એવા અલૌકિક ગુણો ધરાવતાં અગણિત સ્ત્રીરત્નોને જન્મ આપનારી માત્ર હિંદુ કોમ જ છે."

"પન ત્હારે મરદો બી તમારે ત્યાં તેટલા જ વફાદાર થાયચ ખરા કે માનેકચંદ?" જરે વાતમાં રસ લેતાં પ્રશ્ન કર્યો.

"હા-બાઇજી!" માણેકે નમ્રતાથી કહ્યું. "જો રાજા રામચંદ્રનો ઇતિહાસ તમે વાંચો, તો તમને આરસી પેઠે દેખાય કે, પુરુષોએ કેમ ચાલવું જોઇએ, અને તે મહાત્માએ એ નિયમ કેવી સરસ રીતે પાળી બતાવ્યો છે."

"પન ત્હારે હમારામાં તેવા મરદો હોસે કે જે પોતાની બૈરીને રામ-

ચંદ્રની કાની જીવથી વ્હાય?” જરે કાંઇક વિચિત્ર ઉત્કંઠા અને અધીરતાથી પૂછ્યું, તેમ જ ઉત્તરમાટે પણ એટલી બધી આતુર થઈ રહી કે જાણે માણેકના મનમાં પેસી જઈ જલદી ઉત્તર મેળવી લે.

“ ત્હમારામાં, બાઈ! હા, છે.” માણેકે મગ્ન મને પ્રત્યુત્તર વાળ્યું. “ત્હમારામાં રામાવતાર થયો છે, અને તે અદ્યાપિ જીવિત છે. રાજા રામચંદ્રે તો સીતા જેવી એક જ્ઞાની, વિલક્ષણ, બુદ્ધિમતી અને સુંદર સ્ત્રી સાથે એકપત્નીવ્રત જાળવ્યું હતું, પણ હિંદના દાદા, દાદાભાઈ નવરોજજી. કે જેમને પાલવે એક ભોળી અને ઓલિયા જેવી સ્ત્રી પડેલી છે. તેને જ આખો ભવ નિભાવી જેવી રીતે રામચંદ્ર સીતાની શોધમાટે સમુદ્રપાર ગયા હતા, તેવી રીતે દાદાભાઈ પોતાની પત્નીને સાથે લઇને સમુદ્રપાર ગયા હતા. આ વાતથી તમે મારા કરતાં વિશેષ જાણીતાં છો, હું તો કેવળ કાને સાંભળેલું કહું છું, પણ આપે તો એ અલૌકિક પુરુષનાં પ્રત્યક્ષ દર્શન પણ કર્યાં હશે!”

“મીસ્તર માણેકચંદ!” જરે એક છુટકારાનો શ્વાસ ખેંચીને કહ્યું. “તમે બહુ ફ્રી આઇડિયાના અને સાચ્ચા છેવ. ઠીક છે–હું તમારી રજાને વાસ્તે કોસીસ કરસ. હવે હું એમ પુછું કે તમોએ મને એક દારો એમ બી કહ્યું તુંની માનેકશા! અરે તોબા–મારું ભેજું બરે–હું ત્હારે માનેકચંદ! તમે હમારા મજહબનુંબી કંઇ ગિયાન ધરાવોચની!”

“જી–હા–યથાશક્તિ;” માણેકે હાથમાં લેખણ લેતાં કહ્યું. “તેમ સંસ્કૃત તથા ફારસીની ફાયલોલોજી કે જે પ્રોફેસર સુમ્સલઉલ મૌલવી મહમ્મદ હુસયન આઝાદે હમણાં બહાર પાડી છે, તેના અવલોકનપરથી પણ હું તો એમ જ સિદ્ધ કરી શકું છું કે, આપણે લોક એકજ માત પિતાની સંતતિ છીયે. તેને કાળના પ્રભાવે એકદમ છુટાં પાડી, બીજા રૂપમાં પાછાં મેળવ્યાં છે કે, જેથી પરસ્પર આપણે એક બીજાંને ઓળખી શકતાં નથી.”

કામકાજથી પરવારી માણેક વરંડામાં નિત્યની બેઠક આગળ ગયો. પાંચેક મીનીટ કામ કાજની વાતચીત પછી સાહેબજી કરીને ચાલ્યો ગયો. જરે તેના જવા પછી પોતાના પ્રિય પિતા પાસે ધીરે ધીરે માણેકવીશે વાત કાઢી.

“બાવાજી! કોઇએ સોલે સોલ આના ખરું કહ્યુંચ કે માનસ જોઇએ વસી ને સોનું જોઇએ કસી. આય માનેકચંદને આપરે જેટલો ધારતા હતા, તેટલો બીજા હિંદુઓ જેવો ઘરીઘરીમાં અભરૈ ને અરકૈ પરે તેવો સિપલાંખોર નથી. વરી આપરા પાક જરથોસ્થી ધરમને પન એ ઘનોજ માનેચ, ને તે સંબંધી

ઘનું સ્ટડી કરી ચુકોચ. એતો વાત પરથી વાત નીકરતાં એમજ બોલી પરીયો કે હિંદુઓ અને પારસીઓ એક જ માંય બાપની ઓલાદ છે. બાવાજી! મરું એક દહારો એના મોનેથી એ બધું સમજીએ તો કેવું મજેનું! ટાઈમ બી સારો પાસ થશે ને વરી ધનીધની બાબતો મજહબી ને ફીલસુરી સાંભરવા મલસે."

"જેમ તારી મરજી, મારાં ફરજંદ!" એદલજીએ તરત હા પાડી.

બીજે દિવસે એદલજીએ જાપાન મોકલેલા માલના વેચાણુના તારો આવ્યા, તેમાં તેને ચૌદ હજારનો નફો થવાના સમાચાર મળ્યા. એદલજી એક અનુભવી અને મોટો વ્યાપારી હતો, એટલે એ લાભ તેને કાંઇ મહાભારત તો ન જ ગણાય. એ માલ મોકલતી વેળાએ માણેકે પોતાના શેઠને પાંચથી છ હજારના લાભની અટકળ કરી બતાવી હતી, અને શેઠે આંગળીઓપર ગણી આઠથી દશ હજાર કહ્યા હતા; માટે એદલજી આજે કાંઇક વધારે આનંદમાં હતો ખરો. એ તકનો લાભ લઈ સમયસૂચકતાવાળી જરે માણેકના લાભની વાત છેડી. એદલજીએ પોતાની નિત્યની બેઠક વરંડામાં કરી. આજે લાંબી ટેબલપર સોડા, બરફ, એક બોટલ બ્રાંડી અને કેક બિસ્કીટ સાથે થોડુંક ફ્રુટ પણ મુકાવ્યું હતું. ચાર વાગે જ્યારે દુકાનનું કામકાજ બંધ કરી લહેર કરવા બધાંને બોલાવ્યાં, ત્યારે ત્યાં માણેકને પણ બોલાવવામાં આવ્યો. પોતાના શેઠ અને તેમના સગાંઓ સાથે ભાગ લેવાનો માણેકને આજે પ્રથમ પ્રસંગ મળ્યો હતો. તે પોતે રાજપુતનો પુત્ર હતો, એટલે તેને દારૂનો વાંધો ન હતો, પણ શેઠ સાથે ખાતાં ખંચાતો હતો. પણ થોડોક ફ્રુટ ખાધો. પછી બીજાં બધાં, ઇચ્છાનુસાર ખાઇપી ફરવા હરવા ગયાં, કેવળ એદલજી, જર અને ઘરડો મ્હેતો (એદલજીનો વિશ્વાસપાત્ર દૂરનો સગો) ત્રણ જણ રહ્યાં; એટલે ફુટડી જરે મધુર સ્વરે માણેકચંદને કહ્યું કેઃ-

"મિસ્તર માનેકચંદ! હમારા અને તમારા ધરમમાં એક મલતાપણું સું સું છે, તે જાનવાની બાવાજીની મરજી છે. માટે ગોઓન, ચલાવો જોઈએ."

એટલું કહી તેણે કાંઈ એવી સાન કરી કે, જેથી માણેક સમજી ગયો કે, આજે શેઠને રીઝવવાથી આઠ દિવસની રજા સહેલથી મળી શકશે. સામી ખુરશીપર અદબથી ગોઠવાઈ જરા ધુનમાં આવેલા આપણા એમ. એ.એ નીચે પ્રમાણે વાત ચલાવાનો આરંભ કર્યોઃ-

"જયારે હું કોલેજમાં ભણુતો હતો, ત્યારે જ તમારી ચપળ, સુઘડ અને ઉદ્યોગી ન્યાત માટે મારા હૃદયમાં કેટલાક વિચારો ઉદ્ભવવા માંડ્યા હતા. પારસીઓ કોણુ, કયાંથી આવ્યા? ઈત્યાદિ પ્રશ્નો મારા મગજમાં નિત્ય ઉત્પન્ન

થતા હતા. જે કોઈ પારસી સાથે મારો મેળાપ થતો હતો, તેને હું એ પ્રશ્નો પૂછયા કરતો હતો, તે વેળાએ મને સ્વપ્ને પણ એવી કલ્પના થઈ નહોતી કે, મારા ભાગ્યમાં તેજ ન્યાતની નોકરી લખાયલી છે. અહોભાગ્ય તે અનુચરનાં કે જેને આપ જેવા પવિત્ર હૃદયના માલેકની ચરણસેવા કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય! એવો તે કયો શેઠ હોઈ શકે કે જે પોતાના ચાકરને દીકરા દીકરી કહી બોલાવે? વળી તેની રત્ન જેવી પુત્રી ચાકરના કાર્યમાં સહાય કરે અને તેમાં પિતા જરાય વાંધો ન લેતાં ભર્યો પુર્યો પગાર આપે જાય? એવાં કોનાં નસિબ? આ ગંગા જેવી નિર્મળ દેવી, જે આપના હૃદયનો કટકો છે, એ જો કોઈ હિન્દુને ત્યાં જન્મી હોત, તો અમારા જેવા નોકરોને એના દર્શનનો લાભ કયાંથી મળ્યો હોત? હિન્દુ હોત તો જનાનખાનામાંથી બહારજ શેની આવે? અને આટલું બહોળું વિધાજ્ઞાન કયાંથી ધરાવતી હોય? જે દિવસે જાદવરાણાએ પારસીઓને પોતાનો આશ્રય આપ્યો, તે દિવસ આ દીન દેશને માટે હું તો અંતઃકરણથી મુબારક માનું છું! સંજાણ ગામનું મોટું ભાગ્ય કે દીવ બંદરે થઈ પારસીઓની જાતિ ત્યાં આવી વસી! આજ અમારા દેશનું તમારી જાતિથી ગૌરવ ગણાય છે.”

“વળી વફાદારીમાં પણ તમારી જાતિ ઓછી નથી ઉતરી.” થોડીક વિશ્રાંતિ લઇને માણેકે પોતાનું ભાષણ આગળ ચલાવ્યું. “જે જે શર્તો સંજાણના રાજા સાથે કરી હતી, તે અદ્યાપિ તમારામાં તેવી જ રીતે પળાય છે, અને હવે પછી પણ પળાતી રહેશે. ગોવધ ન કરવાની તમારી ભલાઈ અમારા હૃદયમાંથી કદાપિ વિસરાય તેવી નથી. ઇ૦ સ૦ ૬૫૧ માં શાહ યજદેજર્દની સાથે ઈરાનના સલ્તનતરૂપી સૂર્યનો અસ્ત થયો. એ બાદશાહ કયમૂરિયા ખાન્દાનનો પિસ્તાળીસમો અધિકારી હતો. મુસલમાનોથી પરાજિત થઇ જે લોકો અહીં આવી વસ્યા હતા, તેઓ હથિયાર છોડીને ખેતીવાડીનું કામ કરવા લાગ્યા. લગભગ ત્રણસો વર્ષ સુધી તેમને સર્વથી શાંતિમાં રહેવાનો સમય મળ્યો. પણ ત્યાર પછી જાદવરાણાના પૌત્રોપર અલીફખાં એક મોટા સૈન્ય સહિત ચઢી આવ્યો. પારસીઓનું બ્લ્યુ લોહી હજી જેવું નું તેવુંજ હતું. ખેતી કરવાથી કાંઈ તેઓ એટલા બધા નિર્બળ નહોતા બની ગયા કે, પોતાના આશ્રયદાતાપર પડતી વિપત્તિઓને બેઠા બેઠા જોયા કરે. એક અરદેશર નામના શૂરવીર પારસીએ પોતાની સરદારી તળે લગભગ પંદરસો માણસનું સૈન્ય એકઠું કર્યું અને એકવાર દુશ્મનો સામે એવી તો બહાદુરીથી ટક્કર લીધી કે ઇસલામી લશ્કરને અંતે પાછા પગ કરીને ન્હાસવાની ન ધારેલી ફરજ પડી. પાર-

સ્ત્રીઓના લશ્કરમાં પુરુષ વેશે કેટલીક અબળાઓ પણ લડવાને આવેલી હતી. ન્હાસતા દુશ્મનો પાછળ પીછો કરતા જે પારસી સવારો દોડ્યા હતા, તેમનામાં બે ચાર સ્ત્રિયો પણ હતી. અકસ્માત્ એકના માથેથી ફેંટો નીકળી પડ્યો અને તેનો લંબ કેશ કલાપ તેના પૃષ્ઠ ભાગે છવાઇ ગયો. લાચારીએ તેણે પોતાનો ઘોડો પાછો વાળ્યો. એ બનાવ લગભગ પચાસેક સવારોના જોવામાં આવ્યો. વાત ઉડતી ઉડતી ઠેઠ અલિફખાં સુધી પહોંચી. એટલે બીજી ચઢાઈ તેણે અસંખ્ય દળ સાથે કરી–એણે હિન્દુઓ તથા પારસીઓનો પરાજય કર્યો."

"હવે તે અરદેશરની ઓલાદમાં કોઈ બાકી છે કે?" જરે કાંઇક વિચિત્ર અધીરતાથી પૂછ્યું, અને ઉત્તરની વાટ જોતી બેઠી.

"એની મને ક્યાંથી ખબર હોય, બાઈ સાહેબ?" માણેકે પોતાની અજ્ઞાનતાનું દર્શન કરાવનારું પ્રત્યુત્તર આપતાં કહ્યું.

પ્રકરણ ૯ મું

શેઠની ફીદાગીરી

"છે–છે!" માણેકની વાતોથી પ્રસન્ન થયેલા એદલજીએ પોકાર કરીને કહ્યું. "મેં એ પોરિયાને ઘનો ન્હાંલ્લો જોયોતો, નામબી કંઈ મઝેનું ઉતું રે. મને અતારે યાદ નઈ આવતું. આસરે બે એક વરસપર ન્યુસમાં આયુંતું કે લેફ્ટનન્ટ જનરલ થઇને તે પોરિયો કેથે નોકરીપર ગિયોચ, ને જો હું ભુલતો નઈ હોઉં તો ઇન્ડિયાથી કેથે બ્હાર."

જરની સ્થિતિ એ વેળાએ વિચિત્ર થઈ ગઈ. તે નિઃશ્વાસપર નિઃશ્વાસ નાંખતી અને બલાત્કારે મનોભાવને દબાવતી, રખેને પોતાના મનનો ભાવ કાંઈ સમજી જાય, તેથી બ્હીતી બ્હીતી, આડું અવળું જોઈ રહી હતી.

"બીજા બધા વર્ણોની ઉદારતા પારસીઓની ઉદારતા આગળ રદ છે!" માણેકે વળી બોલવા માંડ્યું. 'ન નાત જોવી, ન જાત જોવી; ન દ્વેષ, ન પક્ષપાત. જે કામ તેમણે કર્યું છે તે કામનારહિત કર્યું છે. જે ફરજ બજાવી છે, તે ગરજ વિના બજાવી છે. સ્કુલો ઉઘાડી તો બધાના લાભ માટે અને હોસ્પિટલો ખોલી તો પ્રત્યેક જાતિના આરોગ્યના વિચારથી. દાદાભાઇ નવરોજજી જેવા અને સર જેવા પુરુષો મેળવવાનું માન તમારી ન્યાતને જ છે.'

"પન માસ્તર માનેકચંદ!" જર તેને વચમાં અટકાવી બોલી. "આ તો

બધી તમે અમારી જાતની વખાન કીધી, પણ આપરા ધરમોનું મલતાપણું અને પેલી ફાયલોલોજી તો વા ખાતીજ નાંખી કે ?"

"જી-તેબી કહું બાઇ !" માણેકે એક વિષય કહી બીજાંપર ટુટી પડવાથી મનમાં કાંઇક શરમાતાં શરમાતાં, જરના સવાલનો નમ્રતાથી જવાબ આપ્યો; અને પોતાના મૂળ વિષયની ચર્ચાને આરંભવા લાગ્યો. "અમારા હિંદુ ધર્મમાં મૂર્ત્તિપૂજાનો પ્રચાર થયો તે પહેલાં વૈદિક ધર્મનાં તત્ત્વોને અનુસરીને અમારા પૂર્વજો સૂર્ય, અગ્નિ, વરુણ, ઇન્દ્ર આદિ નૈસર્ગિક વિભૂતિઓની જ પૂજા અને પ્રાર્થના કરતા હતા. એનાં અનેક પ્રમાણો અમારાં ધર્મશાસ્ત્રોમાં મળી આવે છે. તમારા ધર્મમાં આજ સુધી એજ તત્ત્વો જળવાઈ રહ્યાં છે અને મૂર્ત્તિપૂજાનો પ્રવેશ થવા નથી પામ્યો. જે વેળાએ પારસીઓને આશ્રય આપ્યો, તે વેળાએ, આશ્રયદાતા રાજાએ, તેમને તેમના ધર્મવિશે કેટલાક પ્રશ્નો કર્યા હતા અને તેનાં જવાબમાં ઈરાનથી આવેલા પારસીઓએ કહ્યું હતું કે–'હે દયાળુ રાજન્ ! અમે અમારા ધર્મનું વર્ણન કરિએ છિયે તે સાંભળો. અમારા ધર્મની આપે જરા પણ ભીતિ રાખવાની નથી. અમારા અહીં આવવાથી આપને લેશમાત્ર પણ અડચણ પડશે નહિ. આર્યાવર્ત્તમાં અમે બધાંના મિત્ર થઈ રહીશું. આપે અંતઃકરણપૂર્વક માનવું કે, અમે માત્ર એક જ યજદાન-પરમેશ્વરની આરાધના કરીએ છિયે. અમારા ધર્મનું રક્ષણ કરવા માટે જ અમે મુસલમાનોના પંજામાંથી છુટીને આટલે દૂર ન્હાસી આવ્યા છિયે. અમે અમારી સ્થાવર અને જંગમ સંપત્તિનો માત્ર ધર્મરક્ષણમાટે જ ત્યાગ કર્યો છે. આટલો લાંબો પ્રવાસ કરવામાં અમને અનેક પ્રકારનાં સંકટો અને દુઃખો વેઠવાં પડ્યાં છે તે ધર્મને માટે. ગૃહ, ભૂમિ અને ધન ઇત્યાદિ સર્વ પદાર્થોનો અમે એકાએક ત્યાગ કર્યો છે તે ધર્મરક્ષણાર્થે ! અમે પ્રખ્યાત જમશેદ બાદશાહના એક સમયે જાહોજલાલીવાળા, પણ અત્યારે કંગાલ થયેલા વંશજો છિયે. સૂર્ય અને ચંદ્ર એ બે આકાશની વિભૂતિઓને અમે પૂજ્યભાવથી માનીએ છિયે. એ ઉપરાંત બીજી ત્રણ નૈસર્ગિક વસ્તુઓને પણ અમે પવિત્ર માનિયે છિયે, અને તે ત્રણ વસ્તુઓ આ છેઃ–ગૌ, જળ અને અગ્નિ. અમે અગ્નિ અને જળની એકનિષ્ઠાથી પૂજા કરિયે છિયે અને ગૌ, સૂર્ય તથા ચંદ્રની પણ આરાધનામાં લીન રહિયે છિયે. પરમાત્માની જે જે પ્રકાશરૂપ અને અલૌકિક વિભૂતિઓ છે, તે સર્વને અમે પૂજ્ય માનિયે છિયે. પારસીઓએ પોતાના ધર્મનાં બતાવેલાં એ તત્ત્વો અમારા પુરાતન વૈદિક આર્યધર્મ સાથે કેટલી બધી સમાનતા ધરાવે છે, તે હું હવે તમને અમારા ધર્મનાં તત્ત્વોના વિવેચનથી સમજાવવાનો મારાથી

બનતો થોડો ઘણો યત્ન કરીશ. અમારા આર્યધર્મમાં પણ અગ્નિ, જળ, સૂર્ય, ચંદ્ર આદિ વિભૂતિઓને અતિ પવિત્ર માનવામાં આવેલી છે. જળને માટે વેદમાં એક સ્થળે એવો ઉલ્લેખ છે કે, "आपो नारा इति प्रोक्ताः" આપઃ એ જળ શબ્દનું બહુવચન છે એટલે કે, જળનો સમૂહ તે જ સાક્ષાત્ નારાયણ પરમેશ્વર છે. એવી રીતે અગ્નિ, સૂર્ય અને ચંદ્રની પણ પ્રશંસા કરેલી છે, પરંતુ તે સર્વ વાતો કહેવી ને સાંભળવી એ કંટાળાનું કાર્ય છે. યજ્ઞના અગ્નિને અમારામાં, તમારા આતશબહેરામ જેટલો જ પવિત્ર માનવામાં આવે છે. જેવી રીતે તમારામાં અગ્નિ, જળ કે સૂર્ય સન્મુખ ઉભા રહીને પ્રાર્થના કરવાનો નિયમ છે, તેવી જ રીતે અમારામાં પણ છે. ગાયને અમારો ધર્મ પણ પવિત્ર માને છે, તમારામાં પોતાના ધર્મદર્શક ચિહ્ન તરીકે જેવી રીતે કસ્તી ધારવાની આજ્ઞા કરવામાં આવેલી છે, તેવી રીતે અમારામાં યજ્ઞોપવીત ધારણ કરવાનો મહિમા કહેલો છે. જેવી રીતે અમારા યજ્ઞમાં સોમ-રસનો ઉપયોગ કરવામાં આવે છે, તેવી રીતે તમારામાં હોમની ક્રિયા કહેલી છે. અહીંથી આપણે ધર્મના વિષયની સમાપ્તિ કરીને ફાયલોલોજીના વિષયને ચર્ચીશું. સ નો હ થવો એ એક સાધારણ નિયમ છે અને તેથી સોમ અને હોમમાં કાંઈ પણ ભેદ હોય એમ જણાતું નથી. અગ્નિને માટે ઝંદ ભાષામાં આતસ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે અને સંસ્કૃત શબ્દ હુતાશન છે. અશ્વ અને અસ્પ, મર્ત્ય અને મર્દ. સંસ્કૃતમાં જે વાહનને રથ નામથી ઓળખવામાં આવે છે, તેને જ ઝંદ ભાષામાં રસ કહે છે, અને સ નો થ થવો, એ પણ ભાષા અપભ્રષ્ટ થવાનો એક પુરાતન નિયમ છે. હસ્ત શબ્દનો અપભ્રષ્ટ શબ્દ હાથ થયો. સંસ્કૃતમાં દેવ શબ્દ દેવતાવાચક છે અને ફારસીવાળાઓ એ શબ્દનો દૈત્યના અર્થમાં પ્રયોગ કરે છે. પ્રાચીનકાળમાં ફારસી ભાષામાં પણ દેવ શબ્દનો પવિ-ત્રાત્મા અથવા સુર એવો જ અર્થ થતો હતો. પયગમ્બર જરથુસ્તે ધર્માન્તર કર્યો, ત્યાર પછી એ શબ્દ દાનવકોટિનો વાચક થયો. એવી રીતે ભાષા અને તેના શબ્દો વિષે જેમ જેમ આપણે વધારે અને વધારે વિચાર કરતા જઇએ છિયે; તેમ તેમ જણાય છે કે, પારસી અને આર્યોના મૂળ ધર્મસંસ્થાપકો અને તેમની ભાષાઓ એક જ હોવી જોઇએ. એ સઘળા એક જ નવાણના સમાન પ્રકાશવાળા હીરાઓ હોવા જોઇએ."

એદલજી, માણેકના આટલા બહોળા અનુભવથી ઘણો જ પ્રસન્ન થયો. તેણે મનથી નિશ્ચય કર્યો કે, "આજ પછી માણેકપર બધી રીતે લક્ષ રાખવું." પોતાની જાતિની સ્તુતિ કોને નથી ગમતી? એદલજી કરતાં જુના વિચારવાળો

મહેતો તો **માણેક**પર એટલો બધો પ્રસન્ન થયો કે ઉઠીને તેને ગળે વળગી પડ્યો અને પારસીઓ તરફ હમેશ વફાદાર રહેવાની વારંવાર શીખામણ આપવા લાગ્યો. અહીં જણાવવું જોઇએ કે, **માણેકે** કાંઈ પણ સ્વાર્થ સાધવા કે શેઠનું મન રીઝવવાના હેતુથી એ ખુશામત કરી નહોતી. તેણે તો પોતાના ખરા વિચારો જ પ્રકટ કર્યા હતા. પણ આજની એ પારસી પ્રશંસા **માણેક**ને માટે ઘણી જ લાભદાયક નીવડી. **એદલજી માણેક**પર એટલો બધો બલિહાર થઇ ગયો કે, તેને બનતા પ્રયત્ને ઉંચી પાયરીએ ચઢાવવાનો મનમાં ને મનમાં નિશ્ચય કરી રાખ્યો.

"તારાં લગન થયાંચ કે દીકરા **માનેક**?" **એદલજી**એ હેતથી પૂછ્યું.

"હા, બાવાજી!" **માણેકે** નમીને નીચી દૃષ્ટિથી કહ્યું.

"ત્યારે તું તારી બૈરીને અહિંયાં જ કાંય નઈ બોલાવી લેતો?" **એદલજી**એ મમતા અને ઉદારતાથી કહ્યું. "હું તને નજીકમાં જ કેથે ઘર અપાવસ અને દાનોદુની ભરાવી આપસ. તુને તકલીફ નઈ થવા દેઉં. બલ્કે જો તું મને વફાદાર **રહેસે**, તો આખી લાઇફ વેર તુને મારાં બચ્ચાં તરીકે રાખસ."

"આપનો આખા જન્મસુધી વિશ્વાસપાત્ર અનુચર રહેવા હું ઇચ્છું છું. મને આપથી વધારે સારી રીતે કોઈ પાળી શકે એવું મારું શરીર નથી. એક નિરાધાર અને અશક્ત થઇ પડેલા મનુષ્યને આપને આંગણે જે કાંઈ પણ સુકો ટુટો ટુકડો મળ્યો છે, તે અમૂલ્ય ભોજન સમાન છે. આપ પાસે રજા લેવા માટે મારી જીભ ઉપડતી નહોતી. મારા પિતાએ ત્રણ દિવસથી મને એક પત્ર મોકલ્યું છે અને તેમાં પણ એ જ ઇશારો કરેલો છે. પણ હું આપના કામને રખડતું મુકી કેવી રીતે જઈ શકું? મારાથી આપની સામે આવી ન શકાયું, પણ બ્હેન **જર**બાઇને મેં તે પત્ર દેખાડ્યું હતું."

"કાંયરે ઘેલી પોરી!" **એદલજી**એ લાડકી **જર**ને પાસમાં દબાવી પૂછ્યું; "તેં મને કયું કાંય નઈ?"

"જી-બાવા, તમે અખ્ખે રહા કામમાં ઉતા-મેં આજે જમતી વખતે ટેબલપર **માનેક**ની રેકમેન કરવાનો વિચાર રાખીયો તો!" **જરે** બાપના પાસામાં હેતથી ચંપાઈ રહેતાં જવાબ આપ્યો.

"વારુ-ચાલ, **માનેક**! એક કામ કરજે બચ્ચા! તારા કોઈ ફરફ્રેનને આઠ દહારા ઉપરટપકેનું કામકાજ કરવા રાખી, સમજાવીને તું સબ્ખે સિધાવજે. **એરામજી**!" **એદલજી**એ વૃદ્ધ સગા ભણી ફરી કહ્યું. "એને બે સૂટ જેટલું સારું જેવું

ગરમ કપરું કાલે કહારી આપજો. જો જો હાંવાન નાં કરતા. સોજ્જું જ આપજો અને ઉંચ્ચું આપજો."

"વારું રે ભૈ!" બેરામજીએ સગાની ઉદારતાથી બાગ બાગ થઈ જતાં કહ્યું. "વરી ધરમી ધરમ કરે, તેમાં આરા હાથ કોન પાપી કરે? તમોને પાક પરવરદેગારે હમાં સુખોથી નવાજીયાચ તે તમે આવા ગરીબોને નઈ આપો, તો કોન આપસે? સખાવતમાં પાછી પાની કરે કે કરાવે તે જરથોસ્તી બચ્ચો જ નઈ!"

મહફિલ બરખાસ્ત થઇ; માણેક સીધો નીલાગુમ્બદ નામના મોહલ્લામાં પહોંચ્યો. ત્યાં તેનો એક મેટ્રિક વેળાનો સહપાઠી રહેતો હતો, તેને જેમ તેમ પોતાની બદલીમાં આઠ દિવસ કામ કરવાની હા પડાવીને તે પોતાને ઘેર ગયો. જે માણેક, બે ચાર પગલાં ચાલતાં થાકી જતો હતો અને છ સુધી બોલતાં હાંફી જતો હતો, તેને માતૃભૂમિમાં જવાના ઉત્સાહે આનંદપૂર્વક એક લાંબું લેકચર અને બે માઇલની મુસાફરી કરવાનું બળ આપ્યું.

બીજે દિવસે માણેક પોતાના મિત્ર સાથે નોકરીપર ગયો, અને તેને બધું કામકાજ સમજાવતો બેઠો. દશ વાગે શીશી કાઢી, દવાનો ભાગ પીધો કે બેરામજીનું તેડું આવ્યું. હરખાતો હરખાતો માણેક ત્યાં જવા માટે દોડયો. તે ભલા વૃદ્ધે દરજીને પણ બોલાવીને હાજર રાખ્યો હતો. ખંતીલી જરબાનુ પણ પોતાના કાંઇ કારણથી રખાવેલા માણેકની મદદમાટે ત્યાં જ હાજર હતી. બેરામજીએ દરજીના કહેવા પ્રમાણે કપડું પસંદ કરી કપાવ્યું, અને દરજીને તાકીદ આપતાં કહ્યું કે, "દેખો મિયાં સાબ! કાલ સાંઝકું સીવકર બરાબર નઈ લાવિયા તો કપરેકા પૈસા તમેરે માથે મારેંગા!" જર અને માણેક એ ડોસાની ઉર્દૂ ભાષા સાંભળીને હસી પડ્યાં. ભલા વૃદ્ધે સીલાઇના પૈસા પણ પેઢીમાંથી જ આપ્યા.

ત્રણ દહાડા વીતી ગયા. બપોરના ભોજન પછી જર એક નાનકડું પોટલું લઇ આડું અવળું જોતી માણેક પાસે આવી. તેની પાસે નવો કલાર્ક બેઠેલો હતો, એટલે ચૂપચાપ પોટલું અને એક પરબીડિયું મુકી તે ચાલતી થઈ. માણેકે ઝટ પરબીડિયું ફાડી વાંચ્યું. તેમાં નીચે પ્રમાણે લખેલું હતું:–

"મિસ્તર માનેકચંદ! તમે જે લાઇકીથી અમારે ત્યાં રહોચ અને મને જે કુદરતી તમારી કદર લાગેચ તેનો બદલો આપું તેટલી મારામાં સકતી નથી. બાવાજીએ તમોને જે આપયુંચ તે સાથે મને કાંઈ પણ કનેકસન નથી. હું મારી તરફથી આય અદના ભેટ તમારી પરનેતર માટે આપુંચ, કે જેને ના પારવાનો પન તે બાઈ સિવાય કોઇને હક નથી, એટલે તમે તે લેસો જ. આય ભેટ બાવા-

જીથી પ્રાઇવેટ આપવાનો અઝીમ ગુનાહ હું કરુંચ તે મને ખોદાય માફ કરે. બનતાં સુધી જલ્દી આવી તમારી સરવીસ તપાસી લેજો. કારન કે, મારાથી આય નવા માનસ સાથ વાત નઈ થાય. ખોદાય તમારી સફર સફલ કરે.

લી. પાક દિલથી તમારું ભલું ચાહનાર

જર.

વાંચી લીધા પછી માણેકે ચીઠ્ઠી ફાડીને તેની ઝીણી ઝીણી કરચો કરીને નાખી દીધી. પોટલું એકાંતમાં જઇને છોડી જોયું, તેમાં એક જરીની ઝીણી કિનારીવાળી રેશમી સાડી, ચોળીમાટે બે વાર મખમલ, ત્રણ રેશમી રૂમાલ, એક સેન્ટની શીશી, અને એક સુશોભિત દાબડીમાં નાનકડી સોનાની વીંટી, એટલી વસ્તુઓ તેના જોવામાં આવી. પોટલું બાંધતાં માણેકની આંખોમાં ઝળઝળીઆં આવી ગયાં. જર અને તેના પિતાને તેણે મનમાં લાખ લાખ આશીર્વાદ આપ્યા. સાંઝે બેરામજીએ તેને બોલાવીને સૂટ પહેરાવ્યો અને એક સૂટ તથા જુનાં કપડાંનું પોટલું બંધાવી હાથમાં આપ્યું. માણેકે ઓફિસમાં જઈ ટેબલના ખાનામાંથી જરવાળું પોટલું કાઢીને તેની સાથે બાંધ્યું. ત્યાર પછી વરંડામાં તે શેઠને છેલ્લી સલામ કરવાને ગયો. પાછળ બેરામજી અને જર હસતાં હસતાં જઈ ઉભાં. માણેકે જઇને ખરા અંતઃકરણથી શેઠના પગમાં માથું મુકયું. શેઠે તેને પ્રેમથી ઉઠાડી માથે હાથ મુકીને ખુશીથી રજા આપી. પછી જર અને બેરામજીને નમી માણેક પોતાના કાતરિયાપર ગયો. બીજે દિવસે માણેક પોતાની માતૃભૂમિમાં જવાને ઉપડ્યો અને જેને મઝિયારું અથવા સૈયારું ઘર કહેવામાં આવે છે. તે અભાગિયા ઘરમાં તે જઈ પહોંચ્યો. સૈયારા ઘરમાં એક કમાય ને દશ ખાય તોય રતિ ભાર આભાર ન મનાય, એવો જ હિસાબ ચાલતો હોય છે, એ કોણ નથી જાણતું ?

પ્રકરણ ૧૦ મું

પતિપત્નીનો મેળાપ

આજે વિદ્વાન્ પુત્ર આવશે અને લોકો મળવા ભેગાં થશે, તેથી ગોવિંદ હુક્કો લઇને ઓટલા ઉપર પુત્રની વાટ જોતો બેઠો હતો. આગળ પીતળની ગોળ દાબડીમાં અફીણ પડયું હતું. તમાકુના લાડવા, સઘડી અને કોયલાનો ઢગલો બેઠકને દીપાવનારી મુખ્ય વસ્તુઓ હતી, ઝારણો ઉઘાડીને મુકેલો હતો અને તેમાંથી વારંવાર કોપરાના કટકા, ખારેકની કરચો અને શાકરના ગાંગડાનું ડુંગણ

ચાલતું હતું. જનાનખાનામાં પ્રેમદેવી પણ મનમાં મગ્ન થતી વિચાર કરતી બેઠી હતી કે, "ભણ્યો ગણ્યો ને નોકરીએ લાગ્યો દીકરો આવશે અને રૂપિયા લાવશે માતાને મંદિરે વધામણાં લઈ જઇશું અને બ્રાહ્મણને સીધાં અપાવીશું." બહેન વાટ જોઇને બારણાં પાસે જ ડોકયું કરતી ઉભી હતી. પવનથી દરવાજા ખખડ્યા કે, "ભાઈ આવ્યા" અને કાગડો બોલ્યો કે, "સમાચાર આવ્યા. **માણેક** ભાઈ આવે છે;" એવા તે ઘડીઘડી અને ક્ષણેક્ષણે પોકાર કર્યા કરતી હતી. રુકિમણી કે જેને સાસુ નણંદ પાસે બેસવાનું માન મળતું જ નહતું–તે એક ખુણે મનમાં આશા નિરાશાના અનેક વિચારો કરતી બેસી રહી હતી. "કયારે ધણી આવે, કયારે એકાંત મળે, કયારે સાસુ નણંદના વર્તાવેલા કહેરની કર્મ કથા કહી પોતાનું જુવારું (ઘર) જુદું મંડાય?" એવા એવા વિચારમાં તે ગરકાવ થયેલી હતી. મઝિયારામાં તો બધાંની બાયડી થઈ રહેવું પડે છે; અને જુવારામાં તો ઘરનો ધણી ભલો ને પોતે ભલી; આવા સુખને તે ચહાતી હતી.

એવી રીતે ગોવિંદના ઘરને ચાર ખુણે ચાર પ્રકારના જુદા જુદા તરંગ ચાલતા હતા. થોડીક વાર જોવડાવી **માણેક**ચંદ પધાર્યા. આવતાં જ બાપે ઉભો થઈ તેને છાતીએ લગાડ્યો. **માણેકે** પિતાના પગે હાથ અડાડીને તેના પગની ધૂળ આંખે તથા માથે ચઢાવી. અંગ્રેજી ભણેલા પુત્રના આવા નિયમપૂર્વક વર્તનથી પિતાના નેત્રોમાં હર્ષનાં અશ્રુ આવ્યાં. ત્યાંથી જઈ માતાના પગમાં પડી, **માણેકે** એક સુપુત્રનું કર્તવ્ય બજાવ્યું. માતાએ ઓવારણાં લીધાં અને હાથની આંગળીઓના પંદરવીસ ટચાકા ફોડ્યા. કેમ ન ફોડે? અંતે જનની જ હતી. પુત્રનો હાથ લઈ તેણે પોતાની આંખોમાં દાબ્યો, બહેને ગળે બાઝીને ભાઇને ઢંઢોળી નાંખ્યો. બહેનની બાથમાં **માણેક** એવો દેખાતો હતો કે, જાણે હેડંબાની બાથમાં અભિમન્યુ! રુકિમણી બિચારી છાણાં ભરવાની ઓરડીમાં સંતાઈ બેઠી હતી, તે છેક સાંજ સુધી બહાર નીકળી જ નહિ. એનું જ નામ ગુજરાતમાં લાજ અથવા મલાઝો છે અને ઉત્તર હિંદુસ્તાનમાં હયા અથવા મરજા છે.

માણેક આવ્યા પછી માતાના મંદિરમાં વધામણા લઈ ઘરની સ્ત્રીઓ અને પાડપાડોશણો ગાતી અને મલકાતી છલકાતી ચાલી. **માણેક**, બાપ પાસે જઈ બેઠકમાં બેઠો. આડોસીપાડોસી–સગાં સંબંધી જે કોઈ મળવા આવ્યાં, તે સર્વ છુટથી એ સવાલ કરવા લાગ્યાં કે, "કેમ ભાઈ! મંદવાડમાંથી ઉઠયા છો કે શું?" **માણેક** તો હાનું ડોકું ધુણાવતોએ થાકી ગયો. બાપ મનમાં વિચાર કરતો, બળાપાના મહાસાગરમાં ગોથાં ખાતો હતો કે, દીકરાની આ કેવી દુર્દશા થઈ ગઈ? સુખમાં

તેજનું નામ નથી, ડાચાં મળી ગયાં છે, આંખો ઉંડી ઉતરી ગઈ છે અને ચામડી હાડકાં સાથે ચોંટી જવાથી તેમાં કરચલી પડી ગઈ છે." પિતાએ પતાસાં પલાળી શરબત બનાવીને તે માણેકને પાયું, તેથી તો માણેકની રહીસહી ભુખ સમૂળગી મરી ગઈ. ભોજન વેળા થઈ-બારનાં ચોઘડીયાં વાગ્યાં અને મળવા આવેલાં સૌ પોતપોતાને ઘેર ચાલ્યાં ગયાં. એકાંત જોઇને માણેકે સાથે લાવેલી ચાલીસ રૂપિયાની રકમ પિતાના હાથમાં મુકી. પિતાએ "તારી માને સોંપી દે બેટા!" એમ પુત્રના શરીર વિષેની ચિંતામાંથી જાગીને પુત્રને આજ્ઞા કરતાં કહ્યું. માણેકે ઘરમાં જઈ માતાને રૂપિઆ આપ્યા. મા હરખાઈ ગઈ! અહા! રૂપાદેવ! મહાલક્ષ્મી, રૂપલાંબાઈ, ઉજળાં ફટક રાણી સાહેબની તસવીરવાળા અને તનનન તનનન અવાજવાળા રૂપિયા તે કોને ન ગમે વારૂ? "કમાઉ દીકરો માને વ્હાલો" એ કહેવતને કોણ ખોટી કહી શકે એમ છે? 'છોકરો કમાતો થયો' એ વાકયે માતાના માથામાં સુઈ રહેલું અભિમાન પાછું જાગ્રત થયું. આજે આટલા લાવ્યો, તો કાલે હજારો લાવશે એવી આશા બંધાઈ. અંતે રાત પડી. સાસુએ આટલે વર્ષે પહેલીવાર વહુને માથે હાથ ફેરવીને "સુઈ રહો દીકરી!" એવા રૂડા શબ્દોનો ઉચ્ચાર કર્યો. વહુ સમજી કે "ધણીના આવવાથી આમ થયું."

હવે આપણે માણેકચંદના શયનગૃહ તરફ નજર કરીએ. વાત જરા બેઅદબીની છે, પણ વિવેકને ન મુકીશ. પ્રથમ તો દંપતીની બેઠક જોવા જેવી હતી. માણેક, પ્રિયાને હર્ષિત કરવાના હેતુથી જરે આપેલું પોટલું ઓશીકે લઇને બેઠો હતો; પણ બાઈ સાહેબ તો ખાટલાની પાંગતે, પતિ સામી પુંઠ કરીને, લાંબો ઘુંમટો તાણી-ભુંડાને નામે મોં વાળતાં હોય તેમ-કોણી ઘુંટણપર રાખી અને હાથનો પહોંચો લમણે દઇને, બેઠાં હતાં-જાણે એકમેકને ઓળખતાં જ નહોય, એવી રીતનો પતિ અને પત્નીનો આદર્શ તે વખતે જોવામાં આવતો હતો.

"કેમ વારૂ? કંઈ શરીર અસુખી છે કે શું?" માણેકે થોડીવાર તેના બોલવાની વાટ જોઇને પોતે અધીરતાથી સવાલ કર્યો.

વહુ રાણી લજવાઇને સંકોચાતાં ઠેઠ ખાટલાના પાયાપર જઇને બેઠાં; અને ઘુંમટાને એક વેંત લાંબો ખેંચીને મુખ મંડળને કાળા વસ્ત્રરૂપી વાદળાંમાં છુપાવી દીધું.

"કેમ કાંઈ ઉત્તર નથી મળતું?" માણેકે મિઠાશથી લગાર આગળ વધીને પાછો સવાલ કર્યો.

વહુ રડી પડ્યાં અને આંસુ તથા લીંટ, તે જ ઘુંમટાથી, અંદરને અંદર લુછી નાખ્યાં. કયાં એમ. એ. સાહેબે પુસ્તકોમાં વાંચેલી ઓફિલિયા, જુલિયટ,

કલીયોપેટ્રા; કયાં લયલા, શીરીં, અંજુમનઆરા તથા જલીખા; કયાં દમયંતી, સુલોચના, સંયુકતા અને રાધા; અને કયાં તેમની સરખામણીમાં આ ગામડાની અભણ, શરમાળ, ઝાડની જોડી! સાસુ નણંદના ત્રાસથી આગનો ભભુકો થઈ રહેલી બિચારી રુકિમણી રજપુતાણી! માણેક જરાક આગળ જઈ વ્હાલ દેખાડી પીઠપર હાથ ફેરવવા ગયો કે, "આઘા ખસો!" ના શબ્દે તેને ભોંઠો પાડી પાછો ઓસીકે બેસાડી દીધો.

"પણ કાંઈ મારો અપરાધ છે?" માણેકે પત્નીના અવિવેકી વર્તનને ન ગણકારતાં, ત્રીજીવાર પૂછવાનું સાહસ કર્યું.

"જાવ-જાવ-" ડચકાં ખાતી અને સાડીથી આખ્ખે મોઢે આંસુ ચોપડતી, ભોળી પણ છેડાયલી રુકિમણી બોલી. "તમે ઉપર ઉપરથી એટલુંએ પૂછયું કે, બાયડીએ મુઇએ આખા દહાડામાં કાંઈ ગળ્યું છે કે નહિ?"

"માબાપ આખો દિવસ પાસે હતાં, એટલે વિવેક મુકીને કેવી રીતે પૂછી શકાય વારૂ? બે ત્રણ વાર એ વાત મારા ધ્યાનમાં આવી હતી ખરી, પણ માતાપિતાની મર્યાદાનો ત્યાગ કરીને મારાથી કાંઈ પણ બોલી ન શકાયું!" નિર્દોષ માણેકે ખરેખરો ખુલાસો કરી નાંખ્યો.

"બાપ તો બાપડો બ્રહ્મા જેવો છે! સો વરસ જીવતા રહે!" સામું મોઢું તો થયું, પરંતુ ઘુંમટો તો જેમનો તેમ જ રાખી, રુકિમણી બોલી. "પણ તમારી મા તો, ખરેખરી રાખસણી જ છે!-" એ ન ઘટતા શબ્દો સાંભળવાથી માણેકના મનમાં જો કે ખેદ તો થયો, પણ શું બોલે? બોલે તો બમણું સાંભળવાની તેની ખાતરી હતી. "મારા લોહીની તરસી થઇને પાછળ પડી છે. બે વરસમાં હાસ કરીને બેસવા દહાડો નથી આવવા દીધો!" પત્નીએ પાછો બળાપો કર્યો.

"મા એટલું બધું તે તને શું વીતાડે છે?" માણેકે પૂછયું.

"શું વીતાડે છે?" રુકિમણીએ એ પ્રશ્નથી વધારે છેડાઇને સામો પ્રશ્ન કર્યો અને પ્રત્યુત્તરમાં કહેવા લાગી કે, "હાય! હાય! જો ચીરીને બતાવાતું હોત, તો દેખાડત કે મ્હાંય હૈયું આખું છે કે ચારણી? ઉઠતાં ને બેસતાં-મેંણે ને ટુણે-મને ચુંટી ખાધી છે! મને કોઈ દહાડો લોંડી-ગુલામડી-બેમરજાદ-છીનકી-વના બોલાવી નથી. આઠે પહોર ને બતરીસે ઘડી ગામની-મા-ગામની ભોજાઈ-કભારજા-વેશ્યા એવી ને એવી ગાળો ભાંડ્યા કરી છે! વળી મારા ભાઈ બાપને તો એવું એવું કહે છે કે, મારી છાતીમાં ભભુકા વાગે!!"

"તમારી કંઈ ભૂલ જોતાં હશે. આપણાં વડીલ છે, એમની ગાળો કંઈ

દ્વેષની નથી હોતી !" માણેક જો કે સારી પેઠે સમજતો હતો કે, સાસુ વહુમાં પાડાખાર વારસામાં ઉતરેલો જ હોય છે, છતાં પણ ઘેરેઘેર એવા બનાવો જોતાં જોતાં આંખો જુની થઈ ગયેલી હોવાથી, જેમ તેમ વાત ઉડાવવાનો પ્રયત્ન કરવા લાગ્યો. પણ રુકિમણીનો તો બે વરસનો દબાયલો ઉભરો અત્યારે ઉભરાઈ રહ્યો હતો, તે શી રીતે રોકી શકાય? તે તો દફતરોનાં દફતરો જ ઉઘાડતી ચાલી.

"તમને નોકરી મળી તેમાં મ્હેં શાં પાપ કર્યાં? તે દહાડાથી તો ખાઇપીને મારી પુંઠે જ પડ્યાં છે. ભોગ ચોઘડિએ તમારા બાપે મને લાહોર મોકલવાની વાત કહાડી, એટલે તો મારા પૂરા ભોગ મળ્યા. 'છોકરાને કોડીનો કરી નાંખશે, છોકરાને ભરખી લેશે, ચૂશી લેશે,' એમને એમ કહેવા માંડ્યું. જાણે હું કોઈ જીવતી ડાકણ ન હોઉં કે તમે મને વ્હાલા ન હો !' એમ મારાં પીંખડાં પીંખવાને કંઈ બાકી નથી રાખી. વળી એક દહાડો મારે માથે એવું આળ મૂક્યું કે તેં તો તારા સસરાને કાંક ખવરાવીને વશ કર્યો છે, તે તારી જ આંખે જુએ છે !" પત્નીએ ઇતિહાસનું 'શ્રી ગણેશાયનમઃ' કીધું.

"અરે ભોળી ! તને હજી નાની જાણીને નહિ મોકલવાનો વિચાર કર્યો હશે, તેમાં શું?" માણેકે હસ્તે મુખે વાતને ટુંકી કરવાનો યત્ન કર્યો. "વળી એમ તે સંસારમાં અંધેર હોય કે છોકરાનું ઘર મંડાય અને માને ન ગમે? આપણા દેશનો રિવાજ જ એવો છે, તેમાં એમનો શો વાંક? થોડા દિવસ દુઃખે સુખે ચલાવી લ્યો, એટલે આગળ ચાલતાં જુદું ઘર માંડીશું. એ એમને રસ્તે અને આપણે—"

"ના, તે મારાથી તો હવે નહિ ખમાય !" રુકિમણી માણેકની વાતને અટકાવી પાસે આવી વચમાં જ બોલી ઉઠી. "તમે મને તમારી સાથે લઈ જાવ."

"એમ ઇચ્છા હશે, તો એમ કરી લઇશું;" માણેકે હામાં હા મેળવી પોટલામાંથી રેશમી રુમાલ કાઢી, ઉપર સેન્ટ છાંટી હાથમાં આપ્યો અને કહ્યું કે; જુઓ, આ મારા શેઠની દીકરીએ તમારે માટે ભેટ મોકલી છે અને બીજી આ વીં—"

"બળ્યું દારુ દારુ જેવું શું હોશે જે?" રુકિમણીએ હાથમાંથી રુમાલ નાખી દઇને છણકો કરી કહ્યું. "વાતો ઉડાવતાં કેવી આવડે છે ! હું બધુંય સમજું છું. એ તો જેનું તે તેને ! મારી વાતનો જવાબ દેવાય છે?" રુકિમણીએ વચમાં જ છબરડો વાળ્યો.

"અરે પણ કાંઈ ઘરડાં માબાપને કાઢી મૂકું?" માણેકે કાંઈક કંટાળીને કહ્યું. "સવારે વાત પૂછી જોઇશ. હા કહેશે તો સાથે લઈ જઇશ, નિકર થોડા દહાડા રહીને વાત. એમાં શું થયું?"

"તે એટલા દહાડા જીવશે કોણ પેટબળી?" રુકિમણી રડી પડતાં છણકો

કરી બોલી. "તમારી બલારાત જાણે કે અહીં શી વિપત્યો પડતી હશે? એક દહાડો માંદી હતી, ખાવાનું નહોતું ભાવતું એટલે જમવા ન બેઠી, તે ઉપરથી તો 'માટી સાંભર્યો હશે; લાહોર મ્હાલવા જવું છે,' એવું એવું કહીને મને તો આંધળી કરી નાંખી. પછી વગર ભુખે ઝખ મારીને ખાવા બેઠી, ત્યારે પાછાં ફરી મેણાં મારવા માંડ્યાં–'ભુખ ન્હોતી ને? માંદી હતી તારે ગળચવા શે ગગ્યું?' ભાવ્યા વગર શી રીતે ખવાય? એમ કહેવા માંડ્યું. બીજે દહાડે હું વધારે માંદી પડી, પણ એમની માને બલારાત. કહે કે એણે તો ઢોંગ કરવા માંડ્યા છે. તાવના ઘેનથી આંખો લાલ થઈ ત્યારે કહેવા લાગ્યાં કે માટીનું સ્મરણ કરતાં આખી રાત ઊંઘ નહિ આવી હોય, તે આંખો લાલચોળ થઈ રહી છે. ન તપાસ કરે કે ન શરીરને હાથ અડકાડી જુએ. હું બાપડી કોના આગળ જઇને મારુ દુઃખ રડું? એકલી ખુણામાં જઇને ભરાઈ બેસતી, રોતી અને પરમેશ્વર પાસે મોત માંગતી!" એ વાક્યો રાંક રુકિમણીએ ખરેખરાં જ ઉચ્ચાર્યાં હતાં. વાક્ય પૂરું કરતાં તેનાં નેત્રોમાંથી અશ્રુની ધારાઓ વહેવા માંડી.

માણેક પણ લાગણીઓવાળો માણસ હતો. તેને પોતાની માતાના તીખા સ્વભાવનો પરિચય હતો; પણ લોકલાજે તેનાથી બોલાતું નહોતું. જો સ્ત્રીના કહેવાને ખરું માની, માતાને કાંઈ કહેવા જાય, તો આખા ગામમાં વરઘોડો ફરવા નિકળે! નિરુપાય થઇને તેને ચૂપ જ રહેવું પડ્યું. રુકિમણી બધો ઉભરો કાઢી નાંખે, ત્યાર પછી તેણે તેને સમજાવાનો નિશ્ચય કર્યો.

"મા બોલે તો આપણે જાણિયે હશે, બળ્યું!" ઊકળેલી રુકિમણીએ પાછાં રોદડાં ચલાવ્યાં. "પણ તમારાં બૂનબઇએ એટલાં બધાં હલાવડાંખોર ને એટલાં અદક જીભાં છે કે તે કહેવાની વાત જ નથી. ન હોય ત્યાંથી મારી ખોદણી તમારી મા આગળ કર કર કરે. તમારો કાગળ આવ્યો ને તમારા બાપે ઘરમાં વાંચવા માંડ્યો. હું લાજ કાઢીને ઓરડામાં આવી બેઠી. વંચાઈ રહ્યો એટલે તમારી બૂને લાવીને મારા ખોળામાં પછાડ્યો! મેં લઇને ઓશરીને ટોલ્લે મૂકયો. તેમાં પણ પાર પાડોશણ કને જૈ જૈ ને કહી વળ્યાં કે, 'આજ કાલની નખ જેટલી છોડિયો ધણીના કાગળ સંઘરી મૂકે છે.'"

"વારુ–હું એમ પૂછું," માણેકે જરાક આગળ વધી તેના ખભે હાથ મૂકયો અને અહોભાગ્ય કે, રુકિમણીએ તેને ખસેડી ન નાખતાં, જેમનો તેમ રહેવા દીધો. "તારા ભાઈ અને તારાં માતા પિતા સઘળાં આનંદમાં તો છે? એ લોકો કોઇવાર અહીં આવે જાય છે ખરાં કે?"

"એ બાપડાંને શી ખબર કે તમારા પટલ કહેવાતા ઘરમાં છોડીને આટલું દુ:ખ હશે, નીકર ક્યારનાય આવીને મને લઈ ન ગયા હોત? ઘેંસ રોટલા તો એમને મળે છે." રુકિમણીએ બળાપો ચાલુ રાખ્યો. "બે વાર તમારા બાપ લીલામમાંથી લુગડું લાવ્યા હતા, તે બંનેવાર મેં કાનોકાન સાંભળ્યું કે, આમાંથી વહુને ઘાઘરો કાંચળી કરજો, પણ તમારી માએ ગણકાર્યું જ નહિ. તમારી બહેન પોતાના બચકામાં તે બથાવી બેઠાં ને વળી કહે છે કે એનો ધણી પારસીને ઘેર નોકર છે તે એ તો રેશમી લુગડાં પહેરશે, એને સુતરાઉ નહિ ગમે."

"તો તેમની જીભે સાકર! હું તને રેશમી–"

"હાસ્તો! પોતાની બેનને કોણ ખોટી કહે?" રુકિમણી તેના કહેવાનો ભાવાર્થ ન સમજવાથી, છણકો કરી કહેવા લાગી. "આખો દહાડો મજુરી કરીને જીવ નીકળી જાય છે. સવારના પ્હોરમાં ઘંટી માંડવી, પછી વાસણ અજવાળવાં, વલોણું વલોવવું, ગાય દોવી, છાણાં થાપવાં, પાણી ભરવું, રાંધવું ને એટલું કરીનેય મેણાં ખમવાં, ગાળો ખાવી, ને શરાપની શેડ્યો સાંભળવી! તમે તો શાસ્ત્ર વાંચી ભણીને બેઠા છો, કહો જોઇએ હેવું ક્યાં લખ્યું છે તે? બે મહિનાથી રોજ સાંઝે તાવ આવે છે, અન્ન ભાવતું નથી, છાતીમાં સૂળ મારે છે, દવાદરુ તો કોણ કરે, પણ કોઈ પૂછતુંય નથી કે મરશે કે જીવશે? મુઈ મ્હોલાની કુતરીને ઉધરસ થઈ હતી તે લોકે ભેગાં થઇને તેની દવા કરી; ને હું તો માણસ છું, પણ મને કોઈ કુતરી જેટલીએ નથી ગણતું! તારે લ્હાય તે શે ન ઉઠે?"

આ શબ્દો સુધરેલા માણેકને છાતીમાં તીર જેવા લાગ્યા. તેણે પોતાની સ્ત્રીને છાતી સાથે ચાંપી ને રુમાલવડે તેનાં આંસુ લુછતાં કહ્યું કે, "એ લોક તારી દવા શું કરતા તાં? હું તારી દવા કરીશ. જેમ આટલા દિવસ કાઢ્યા તેમ એકાદ બે મહિના બીજા પણ બોલ્યા ચાલ્યા વિના ચલાવી લે! હું તારે માટે બધો બંદોબસ્ત કરી, તને ત્યાં તેડાવી લઇશ; અને મોટા ડોકટર પાસે તારી દવા કરાવીશ."

રુકિમણી કાંઈ કપટી કે જુઠી નહોતી. તેનો ઉભરો ખાલી થઈ ગયો એટલે હવે તે શાન્ત થઈ ગઈ. જે જે દુ:ખનું એણે કથન કર્યું હતું, તે અક્ષરે અક્ષર સત્ય હતું. માણેકે તેને જરે આપેલી બધી વસ્તુઓ આપી અને તે લઈ બહુ જ આનંદિત થતી તે કહેવા લાગી કે, "ભગવાન્ એનું પેટ ઠાર્યું રાખે! તે આપણા ગરીબ ઉપર વગર ઓળખવે માયા રાખે છે! કેવાં ભલાં!" ત્યાર પછી નવા ઘર સંસારની વાતોના હવાઇ કિલ્લા ચાલ્યા અને અંતે પતિપત્ની નિદ્રાદેવીને વશ થઈ ગયાં.

રાતની વાતચીતમાં બે વાગી ગયા હતા. માણેકનું ગળી ગયેલું શરીર ઉજા-

ગરો સહન કરવાને શક્તિમાન નહોતું. તે બિછાનામાંથી સવારના સાડા આઠ વાગે ઊઠયો. માણેકની માએ જાણી જોઇને પોતાની દીકરીને રાતે બારણાં પાસે બેસાડી રાખી હતી કે શી વાતો થાય છે, તે સાંભળી શકાય. ચીબાવલી છોકરીએ કાંઈ સાંભળ્યું હતું ને કાંઈ નહોતું સાંભળ્યું, પણ સવારમાં મીઠું મરચું ભભરાવી એવાં તૂમડાં લડાવ્યાં કે, પ્રેમદેવીએ ચંડિકાનું રૂપ ધારણ કર્યું. "બસ, એ લુંડી ઘરમાં ન જોઇએ," એ શબ્દો તે પચાસવાર બબડી, માણેક ન્હાઇ ધોઈ એક જુની ખુરશીપર, એદલજી શેઠને પોતે સુખરૂપ પહોંચવાનું, પત્ર લખવા બેઠો. આજે છોકરાને દેખાડવા પ્રેમદેવી ચુલામાં પેઠી હતી. ગોવિન્દ હુકાની ચિલમમાં ચુલામાંથી દેવતા લેતો લેતો ધીમેથી પ્રેમદેવીને કહેવા લાગ્યો કે, "કહું છું, હવે છોકરાની સાથે વહુને મોકલવાનો વિચાર હોય તો–"

"એ રાંડ કાગડીનું નામ બાળી મૂકો!" રોટલો કલેડાપર પટકતાં પ્રેમદેવીએ બરાડ મારી. "ગામની માએ આખી રાત ધણીના કાન ભર્યા છે. એ છોકરો મારો નહિ–જો મારો હોત તો એ રાંડને અડધી રાતે ચોટલો ઝાલીને બહાર ન કહાડી હોત? એ વંઠેલી કુલઇ ગઇ છે, રાંડ કુલઈ ગઈ છે! ધણીની વીસ રૂપચડી ઊપર! ઉઠરે તારી વીસ રૂપચડી-હજારો રૂપિયા મેં ખરચ્યા છે, ત્યારે એ છોકરો ભણ્યો છે. લૈ જા છોકરા તારી લાડકી વહુને, મારે શું? બાર ભાગોળો મોકળી છે!" એમ કહીને પ્રેમદેવીએ જોરથી છાતી કુટવા માંડી.

ગોવિન્દ ગુપચુપ ચોરે ચાલ્યો ગયો. રુકિમણી એકાંતે ઓરડામાં આંસુ ઢાળવા લાગી. પ્રેમદેવી કલેડાપર ધબાધબ રોટલા પછાડવા અને બ્હેનજી તૂમડાં અથડાવી આઘાં ઉભાં ઉભાં તમાશો જોવા લાગ્યાં. માણેકે રાતની વાતોનો નમૂનો પોતાની આંખે નિહાળ્યો. તે મનમાં એ જ વિષયનો વિચાર કરતો કાગળ પોસ્ટ કરવા બહાર નીકળ્યો. તેના જવા પછી કોપાન્ધ કાળ છરી પ્રેમદેવી બોલી કે, 'જવાદે એકવાર છોકરાને, એટલે પછી કુતરીની વાત છે!'

—✲✲✲✲✲✲✲✲✲—

પ્રકરણ ૧૧ મું

પટવારીનો અખાડો

માણેક ચાર દિવસ અને ચાર રાત ઘેર રહેવાનો હતો, તેમાંની પ્રથમ રાત અને પ્રથમ દિવસ કેવી રીતે વીત્યાં તે તો આપણે જોયું. બીજે દિવસ પણ એવી જ રીતે કંકાસ અને કલેશમાં જ–વ્યતીત થયો. એથી માણેકનું મન બહુ

જ ઉદાસ થઈ ગયું. ત્રીજે દિવસે ચાર વાગે હવા ખાવા માટે નવો સૂટ પહેરીને, માણેક નદી તીરે ગયો. પાછા વળતી વેળાએ માર્ગમાં તુલારામ પટવારીની બેઠક આવી. માણેકને એના વિશે મનમાં બહુ જ ધિક્કાર હતો. તોપણ એક ગામમાં રહેવું અને એવા દુષ્ટથી બનતી રાસ ન રાખવી, એ જાણી જોઇને દુશ્મનાઇ વ્હોરી લેવા જેવું હતું.

માણેકે વિચાર કર્યો કે, "ચાલ જીવ! ચાહી ચેતીને તો એને ત્યાં આવ્યા નથીઃ માર્ગમાં ઘર આવી ગયું તો રંગ તો જોઇએ કે કેટલા વર્ણસંકરો ભેગા મળ્યા છે અને શું શું કાર્ય થાય છે!" એમ વિચારીને તે બારણાં ઉઘાડી અંદર ગયો. ત્યાં શું જુએ છે? એક દિશામાં પાંચ ચરસિયા ચરસનો દમ ઉઠાવી રહ્યા હતા, તે જરાક તેમનો રંગ જોતો ઊભો. એકે ચલમ હાથમાં પકડી અને "આવતો લગે દમ ઔર ટલે ગમ, કહીને દમ માર્યો. ઝાળ છ આંગળ ઉંચી ઉડી. ચલમ બીજાએ લીધી અને "આવતો રંગ હય રંગીકો, જિસને એક રંગ પયદા કિયા; ઔર લાનત હય દોરંગીકો, જિસને દોસ્તી મેં દગા કિયા;" એમ કહીને વ્હેંત ઉંચો ભડકો કર્યો. ધૂમાડાના ગોટે ગોટ નીકળ્યા. ઉધરસ ને ગળફાં જોઇ માણેકને કમકમી આવી. તે બીજી દિશામાં ફર્યો. ત્યાં ભાંગનું ભરેલું એક તપેલું જોવામાં આવ્યું. તે તપેલા ઉપર એક ગળણું ઢાંકેલું હતું અને આસપાસ શિવતિલકવાળા કેટલાક ફક્કડ લોકો બેઠેલા હતા. "જય શંકર દુલાકી–જય વિજયા માતાકી!" ના પોકારો થયા જતા હતા. એક જણ પટવારીને ભાંગ પાઇને લોટો લઇ આવ્યો અને સર્ટીફિકેટ તરીકે કહ્યું કે, "ગુરુજી કહેતે હયે, અચ્છી ગહરી છની હય!" બધા ભંગેરીઓ ખુશ ખુશ થઇ ગયા અને લોટે ને ખોબે, શંકરની બુટિનું પાન કરવા એકસંપથી મંડી પડ્યા.

"આવતો, વિજયા માતા, ગુનકી દાતા, જ્યું રખ્ખે પુત્તરકો માત; ચઢતે ગ્યાન, ઉતરતે ધ્યાન, આકલ વિકલ કરે તો ગુરુ ગોરખનાથકી આન!" એમ એકે બૂમ મારી, એટલે બીજાએ પણ પોકાર કર્યો કે, "બમ ગિરનારી–સિખરપર બયઠ કર ફિકર કર હમારી!" ત્યાંથી આગળ ચાલતાં ગાંજાની ચલમો ફુંકાતી તેના જોવામાં આવી. એ બધો તમાશો પટવારીના ઘરના વિશાળ ચોકમાં ચાલી રહ્યો હતો. અફીણી બુઢ્ઢાઓ પણ "અસલિયાં અમલિયાં"ના ગુંગણુ પોકાર કરતા, ટોળું વળીને ત્યાં બેઠેલા હતા. માણેક એ વિલક્ષણ પ્રદર્શનના દર્શનથી દંગ થઈ ગયો. એટલામાં સામેથી સિતારના સ્વરોનો ધ્વનિ કર્ણગોચર થયો. જુએ છે તો ભક્તરાજ વિપ્રકુલાવતંસ તુલારામજી, એક મોટા બાજઠપર, સિતાર લઈ

તારના તરંગમાં એકતાર બની ગએલા જોવામાં આવ્યા. જેટલી ચલમો બને, જેટલી ભાંગ ઘુટાય અને જેટલું અફીણુ ઘોળાય તે બધાંનો પ્રથમ તે મુનિરાજને ભોગ ધરાતો હતો. "અગ્રે અગ્રે વિપ્ર" એ કહેવત કયાં કોઇથી અજાણી છે? પોતાને તો પૈસો ખરચી કેફ કરવાની પ્રતિજ્ઞા હતી! બાકી આખો દિવસ ગામના લોકો લાવીને પાતા, એટલે કોઇની શરમ ન હોતી છંડાતી. માણેકના તો છક્કાજ છૂટી ગયા કે, આ તો કોઈ વિચિત્ર મૂર્ત્તિ છે. "બાવો બેઠો જપે ને જે આવે તે ખપે," એમ મનમાં કહી, આગળ વધીને "પગે લાગું મહારાજ!" કહી માણેક સામો ઉભો. મહારાજે ઘેનમાંથી લાલચોળ થયેલાં નેત્ર ઉઘાડ્યાં; તું કોણ બાપા!" ઓળખવા છતાં પટવારીએ ધૂર્ત્તતાથી એ પ્રશ્ન પૂછયો.

"જી, હું ગોવિન્દસિંહનો પુત્ર માણેક;" માણેકે નમીને ઉત્તર આપ્યું.

"અરે! ગોવિન્દાનો ચિરંજીવી ને માણક તારું નામ?" કવિતાનો આરંભ થયો.

"જી, એ જ આપનો દાસાનુદાસ;" માણેક બેસતાં બેસતાં બોલ્યો.

"આવો માણેકચંદ, કહો શરીરે તો સુખી?"

સોરઠાનું એક ચરણુ પોતાના નિયમ પ્રમાણે બોલીને, પટવારીએ સિતાર નીચે મૂકયો. એકજણુ આવીને ગાંજાની ચલમ, બન્ને હાથે આપી તેને નમ્યો. "ૐ નમઃ શિવાય" કહી પટવારિયે કસીને દમ માર્યો અને ધૂમાડાના ગોટેગોટ કહાડ્યા. લાવનાર ચલમ પાછી પોતાના મંડળમાં લઈ ગયો. પાછું પટવારીએ પેલું ચરણુ ઉલટાવ્યું. "આવો માણેકચંદ, કહો શરીરે તો સુખી?"

"જી, આપની દયાથી ઠીક છું આપ તો ચેનમાં છો?" માણેકે રંગ જોઈ દંગ થતાં પૂછ્યું.

"દીન વિપ્રને કાજ શું લાવ્યા, ક્ષત્રિય, ભેટ?" દોહરાનું એક ચરણુ પટવારીજીએ પ્રશ્ન આગળ મૂકયું.

"હું ગરીબ ભેટ સોગાદ કયાંથી લાવું? મારા પોતાના જ પેટ ભરવાના વાંધા છે ને!" માણેકે પ્રથમથી જ બચાવ કરતાં કન્ની કાપી.

"એમ. એ. થઇને મિત્રવર, ખોટાં બહાનાં ન લાવશો.
લાહોર લુંટી લાવિયા, ધન વિપ્ર આગળ વાવશો."

આ વેળાએ હરિગીતનાં આખાં અણી શુદ્ધ બે ચરણુ મુખમાંથી નીકળી પડવાથી, પટવારીના હૃદયાનંદનો પાર રહ્યો નહિ. એટલામાં એક ઘરડો ધૂવડ કસુંબાની પ્યાલી લાવ્યો અને "જય નીલકંઠ!" કરીને પટવારીજી તે આનંદથી ગટગટાવી ગયા અને હુક્કો ફૂંકવા લાગ્યા.

"બળ્યું એમ. એ. થવું !" પટવારીએ કહ્યું. "નકામા રૂપિયા ખોયા. શરીર ખોયું અને આવરદા ખોયો, ત્યારે આ વીસ રૂપિયાનો કોરો મહિનો મેળવવાને લાયક થયા.

"ગયું વ્યર્થ યૌવન, ગયું વ્યર્થ જીવન;
ગઈ વ્યર્થ મ્હેનત, થયું વ્યર્થમાં ધન-હાહાહા.

"કેમ સત્ય છે માણેકચન્દ !" અટ્ટહાસ્ય કરતાં, ભુજંગીમાંથી ચોપાઇમાં ગુલાટ ખાતાં મિશ્રજીએ પૂછ્યું. એટલામાં ચરસ અને ગાંજાની ચલમ આવી.

"ગુરો ! ગંગા જમની રંગત છે !" લાવનારે કહ્યું.

"ગંગા જમની પાસે તો, તમપર પ્રસન્ન સરસ્વતી થાશે, બચ્ચા મારા !" ઉઠી રંગતની લાવણીનું એક ચરણ લલકારીને પટવારીએ દમ માર્યો. આસપાસથી ચલમની વાટ જોતાં, સામું જોતા ઉભેલા ચક્રમોએ બૂમ પાડી; "વાહ શીઘ્ર કવિરાજ ! જીયો પ્યારે ! ભોલાનાથ આનંદ રખ્ખે !" ત્યારપછી ચલમ પધારી ભાગી મંડળમાં.

"હેં માણકા બેટા ! ધન યૌવન ખોયું, એ કવિતા કેવી કહી ?" પટવારીએ કટકે કટકે ધુમાડો કહાડતાં અને ઉધરસ ખાતાં પૂછ્યું.

"અક્ષરે અક્ષર ખરી મહારાજ ! અતિશયોક્તિનું તો નામ જ નહિ !" માણેકે હામાં હા મેળવી. "જુઓને, આ મંડળ કેવું વચન સાર્થક્ય કરે છે તે ? મેં એમ. એ. થઇને શી ધાડ મારી ? જેવોને તેવો જ રહ્યો હોત, તો વધારે સારું થાત."

"કર ચિંતાને દૂર, ભાંગનો ચડાવ લોટો;
"આજથી લેખણ ફેંક, અને ફર બાંધી સોટો.

કાવ્ય છંદનાં બે ચરણ મેળવીને, બેને પટવારીએ મૂકયાં તડફડતાં અને એક લોટામાં લગાર ભાંગ પડી હતી તે માણેક આગળ ધરી.

"મને તો ક્ષમા કરો. મેં દેહ ધારીને આજ સુધીમાં કદાપિ ભાંગ પીધી જ નથી, અને હવે પછી પીવાનો વિચાર પણ નથી રાખ્યો;" માણેકે હાથ જોડીને કહ્યું.

"લેશ સંશય ન કર, શંભુની બૂટી છે, સાંભળી શીવ મહા કોપ કરશે;" ઝુલણાના એક ચરણપર ઝુલતાં ભૂદેવે શિખામણ દીધી.

"આપનું વચન સત્ય છે, પણ હું તો સદાશિવ મહાદેવને સુદ્ધાં પણ વિજયા પીવાની ના પાડનારાઓમાંનો એક છું. તેઓ પણ ભાંગ ન પીએ તો વધારે સારું;" માણેકે કંટાળીને પોતાનો તિરસ્કાર બતાવ્યો.

"અરે શું વિચારી તું હિંદુ થયો છે?
"ભણ્યો અંગરેજી જ ફાટી ગયો છે."

પંડિતજીએ લાલ ચણોઠી જેવી આંખોને ચક્કર ચક્કર ફેરવીને ભુજંગીમાં કહ્યું

"ના પ્રભો! ના એમ નથી;" માણેકે વાત ફેરવી નાંખી. મને છાતીનું દરદ છે, તેથી ડોકટરે ના પાડી છે."

લોટામાંની ભાંગ પોતે જ ઉઠાવીને, તુલારામે શ્રીશંકર ભોળાની સેવામાં લાવણીના ઢાળની બે લીટીઓ લલકારી,

"બડહ ગઈ નાસ્તિકતાઈ જગતમેં ભારી,
"તૃતીય નયનથી પ્રલય કરો ત્રિપુરારી!"

એક ચરણ હિંદી અને બીજું ગુજરાતી સાંભળી માણેકે હસતાં હસતાં કહ્યું; "વાહવા ભૂદેવ! આપ તો હિંદીપર પણ બહુ જ સારો કાબૂ ધરાવો છોને શું?"

"અરે બાપુ! ગુરુમહારાજ પાસે તો સાત કલમો હાથ જોડી ઉભી છે!" એક અફીણી ડોસાએ આગળ આવી એક કાંકરી અફીણ ધરાવતાં, માણેકની ભૂલ ભાગી. બે પળમાં કાંકરીએ ગુરુજીના પેટમાં નિવાસ કર્યો. એક ખુંખારો મારી ટટાર થઈ પટવારી પોતે હવે માણેકની પરીક્ષા લેવા તત્પર થયો. અડધો દોહરો પ્રશ્ન તરીકે આમ મૂકયો;—

"પિંગળ પાઠ પઢ્યા હશે, કર્યું હશે કંઈ કાવ્ય ?"

"જી હા, થોડીક આપ વીતી વાતો લખી તો છે, પણ તે આપ આગળ બોલવી એ લક્ષાધિપતિ સમક્ષ ચાર પૈસા રજુ કરવા જેવું છે!" માણેકે પટવારીને ચઢાવ્યો ચણાના ઝાડપર.

"માણક તવ કવિતા નકો, હમ હુ કરહિ રસપાન."
હિંદીનું લાકડું પટવારીએ પરાણે પરાણે અડાવ્યું.

"જેવી ઇચ્છા." માણેકે છૂટકો નહિ થાય, એમ ધારીને કહ્યું. પંજાબમાં ઉર્દુ જબાનમાં કાવ્ય લખવાનો રિવાજ વધારે હોવાથી એ કવિતા પણ ઉર્દુમાં જ છે:-

* "કોઈ નહીં હય હદ સિતમે બેહિજાબકી;
"તાલીમ યુનિવર્સિટી ખાના ખરાબકી.

---

* વિશ્વવિદ્યાલયના કષ્ટકારક શિક્ષણના અત્યાચારની કાંઈ સીમા જ નથી. વિશ્વવિદ્યાલયમાં જો કે વિદ્યાની પ્રાપ્તિ તો થાય છે, પણ સાથે જીવનનો અંત પણ અનુભવાય છે, અર્થાત્ કાન તોડે એવું સોનું પણ શું કામનું? વિદ્યાદાતા

"માના હુસૂલે ઇલ્મ પહય જિન્દગીકા હસ્ન;
"કિસ કામ જબ હો જીસ્ત મુશાબિહ હબાબકી.
"મિહરે પિદરસે બિહતરી ઉસ્તાદકા હય જોર;
"લેકિન ન ઇત્ના જિસ્સે હો સૂરત અજાબકી.
"તડકે પહડો સવેર પહડો રાતકો પહડો;
"હત્તા કે કભી આય ન નૌબત ભી ખાબકી.
"ગુરબાલે મિડલસે બચે સૌ મુશ્કિલોંસે હમ;
"પૂછો ન હમસે સૂરતેં ઇસ ઇજતે રાબકી.
"એન્ટ્રન્સ ફ્સ્ટ આર્ટસમેં પીસી હયેં ચક્કિયાં;
"નાગુફતા બેહ હય હાલત ઉસ પેચો તાબકી.
"જુગરાફિયા રેયાંજીઓ તારીખો ફલસુફા;
"માજૂન ફલસુફા હય હમારે શબાબકી.
"સૌ પુશ્તસેથા પેશ એ આબા સિપાહગરી;
"એમ. એ. બનાકે કયું મેરી મિટ્ટી ખરાબકી!"

માણેકની કવિતાથી ભૂદેવ પ્રસન્ન થયા અને તેને ધન્યવાદ દીધો.

"આયુ કીર્તિ ને યશબલ, વાહ માણક કવિરાજ"

પણ બીજું ચરણ ન સુજવાથી, દોહરો અધુરોજ રહી ગયો.

* * * *

ગુરુનો ભવ્ય પ્રભાવ પિતાની દયા કરતાં વધારે ઉત્તમ છે, પણ તે એવા સ્વરૂપમાં ન દેખાવો જોઇએ કે, ભવિષ્યમાં ભારરૂપ થઈ પડે. પ્રભાતમાં, બપોરે અને રાત્રે વાંચ વાંચ કરવું અને તે એટલે સુધી કે, નિદ્રાને તો આવવાનો વારો જ ન આવે. મિડલની પરીક્ષામાં જેમ તેમ કરીને પાસ થયા, એટલે બીજી પરીક્ષાની ચિન્તા ઉભી જ છે. એન્ટ્રન્સ (મેટ્રિક) અને ફર્સ્ટ આર્ટસમાં એવી ચક્કિયો ફેરવી છે કે, જેનું વર્ણન કરવું યોગ્ય નથી. ભૂગોળ, બીજગણિત, ઇતિહાસ અને તત્વજ્ઞાને અમારા યૌવનનું પોષણ કરી નાંખ્યું ને અંતે બી. એ. એ તો, જીવનનો અંત જ કરી નાંખ્યો; એટલે કે, યૌવનનું જે બળ રહ્યું હતું તે પણ નષ્ટ થયું. એથી મારાં માત પિતાને ઉદ્દેશી હું એમ જ કહું છું કે, સો પેઢીઓથી અમારો સિપાહગિરી (લડવા)નો ધંધો હતો તેમાંથી કાઢી, એમ. એ. બનાવીને મારા જીવનની ધૂળ-ધાણી શા માટે કરી નાંખી. અફસોસ!

એ પછી **માણેકે** હાથ જોડીને આજ્ઞા માગી લીધી અને ઘેર આવ્યો. ઘરમાં સાસુ વહુના ઝગડા ચાલુ જ હતા. મનમાં બળીને તે ગુપચુપ પોતાના ઓરડામાં ચાલ્યો ગયો. વાળુ વેળા થઈ, **માણેકના** પેટમાં ભુખ તો હતી જ નહિ, તોપણ ન ખાય તો મા કહે કે, "સ્ત્રીને બે બોલ દુભાને કહ્યા તે ધણીને અનાજ ન ભાવ્યું. તેરીબી ચૂપ ઔર મેરી બી ચૂપ;" કરી **માણેકે** બે કોળિયા અનાજ ખાધું અને સુઈ ગયો. બીજે દિવસે બધાંને મળીભેટીને તે ગાડીમાં બેઠો. ઘરનો અંધેર કારોબાર જોઈ તેનું હૃદય બળી જળીને ખાક થઈ ગયું હતું. દેશના કઢંગા રિવાજોપર તેને અત્યંત કોપ આવ્યો અને તે કોપે તેના આરોગ્યને ઘણો જ ભારી ધક્કો લગાડ્યો. ટ્રેનમાં જ તેના શરીરમાં જ્વરરૂપી ભૂત ભરાયું. એટલે રગ ઓઢીને તે ડબ્બામાં થરથર પડી રહ્યો. જ્યારે તે **લાહોર** જઈ પહોંચ્યો, ત્યારે ટેમ્પરેચર એક સો ને ચાર ડિગરીપર ચઢી ગયું હતું. નિરુપાયે તેણે એક ચિઠ્ઠી પોતાના શેઠપર અને એક મિત્રપર લખી.

જરબાનુ આઠ દિવસથી જાણે કોઈ અમૂલ્ય વસ્તુ ખોવાઈ ગઈ હોયની, તેમ વ્યાકુળ દેખાતી હતી. પેપરોમાં ઍપોલો વિશે પણ કાંઈ સમાચારો આવતા નહોતા, અને આવતા હતા તો તે એટલા જ કે, "બીજી સ્ટીમરો મદદે ગઈ છે." બસ. પણ તેને સમયપર સહાયતા મળી કે તે સુશોભિત અગ્નિનૌકા જળના તળિયામાં જઈ બેઠું; કોઈ બચ્યું કે ન બચ્યું, ઇત્યાદિ કાંઈ પણ સમાચાર જેવું હતું નહિ. **માણેકને** જોઇને કોણ જાણે તે શું ધીરજ માની લેતી હતી કે, તેના જવા પછી એ નવયૌવનાની ગતિમાં એક પ્રકારનો અજાયબી ઉપજાવનારો ફેરફાર થઈ ગયો. જો તેની પાસે ખુરસેદજીનો રમકડા જેવો બેટો **બમ્મન** ન હોત, તો તેના આરોગ્યમાં પણ ખલલ પડવાનો પૂરેપૂરો સંભવ હતો. થોડીવારે બાપ દીકરીનો મેલાપ થયો અને ચિઠ્ઠીની વાત જાણીને **જરનું** કમળ સમાન મુખ એકાએક લેવાઈ ગયું. પરંતુ પિતાના મનને ખેદિત ન કરવાના હેતુથી, મનના વિકારો તેણે મનમાં જ દાબી રાખ્યા. **એદલજીએ** **માણેકપર** એક ચિઠ્ઠી મોકલી અને તેમાં એક મહિનો આરામ લેવાની અને ચાંપતી દવા કરવાની સૂચના કરી. તે સાથે **વાચ્છાને** ભલામણ કરી કે, "**માણેકની** સારી રીતે ટ્રીટમેન્ટ કરવી." એક ગીની **માણેકને** વાપરવા માટે મોકલી આપી. **માણેકે** પોતાના આવા દાની અને ઉદાર શેઠને માટે શું ધાર્યું હશે, તે લખવા કરતાં સમજવું વધારે ઉત્તમ છે.

માણેકના વતન **અમોટામાંથી**, તેના જવા પછી મા દીકરીનું ખાઈ પીને શંકડી રુકિમણી પાછળ લાગવું આરંભાયું. ત્રાહિ ત્રાહિ પોકારતી બિચારી રુકિમણી

અંતે જ્વર અને ક્ષયથી પીડિત થવા લાગી. ભુખ તો મહિના દિવસથી ઓછી થવા માંડી જ હતી, એટલે દહાડે દહાડે શરીર ઘટવા માંડ્યું અને અશક્તિ વધવા લાગી. કામનો ભાર તો ઓછો થતો જ નહોતો–જેમ બને તેમ મા દીકરી તરફથી પજવણી વધારવાની પેરવી ચાલુ હતી. એક બે દિવસ ગોવિન્દને એમ લાગ્યું કે, "વહુ કંઈ શરીરે ઉતરી ગઈ છે,' એટલે તેણે પ્રેમદેવીને બ્હીતાં બ્હીતાં પૂછ્યું કે, "આનું કારણ શું છે?" પણ વિફરેલી વાઘણ જેવી પ્રેમદેવીએ કહ્યું કે; "કાંઈ ઝટકા નથી પડ્યા!" લાજનો ઘુંઘટો અને પગથી માથા સુધી ગોટમોટથી થઇને ફરવાનો રિવાજ એટલે ગોવિન્દ માનું મોઢું જોઈ શાનો શકે અને દવા દારુ પણ શી રીતે કરે? અંતે પરિણામ એ આવ્યું કે, બાપડી રુકિમણી પોતાની સાસુના અત્યાચારથી ખાટલે પડી. થોડા દિવસ તેને કવાથ અને કાઢા આપવામાં આવ્યા, પણ તે શું અસર કરી શકે? નિરુપાયે ગોવિન્દે વેવાઇને ત્યાં માણસ મોકલ્યું અને તે લોકો આવી પોતાની સાજી તાજી મોકલેલી પુત્રીને ખાટલામાં ઘાલી ઘેર લઈ ગયા.

જરના હૃદયમાં માણેકની માંદગીએ ચિન્તા ઉત્પન્ન કરી હતી. તે આલ્બમ-વાળી છબી જોતાં જોતાં ઉઘાડી મૂકી, અંદરના ઓરડામાં ગઈ. તે સમયે બમ્મન ત્યાં આવી લાગ્યો અને આલ્બમ ઉઘાડી જોઈ, ટેબલપરથી ખેંચી લીધી. જોતો જોતો તે જર પાસે જઈ લાગ્યો. અને પૂછ્યું કે, "ફુઇજી! આય કોન્નો ફોટો છે?"

"ઓ ઓંઝિયા એમ લાવ!" જરે ઝટ લઈ બંધ કરતાં કહ્યું.

"ન્હૈ, મને કહેવ એ કોન છે?" બાળકે ભોળાઇથી હઠ પકડી.

"કોન્ની–વરી પારસીની છે!" જરે જવાબ આપ્યો.

"હું?" બમ્મને ખભો ઉંચો કરી, જરની જરિયલ સાડી પકડીને કહ્યું; "એ તો કોઈ બંગલા જેવો છે, જોવ ફુઇજી! મને પાછી દેખારો."

"લે જો-" જરે તેને આલ્બમ ઉઘાડી પલંગપર પોતાના ખોળામાં બેસાડીને બચ્ચી કરી કહ્યું.

"આય એનીપર નામ કોન્નું લખિયુંચ?" ચતુર બમ્મને નવો સવાલ કર્યો.

"ઓ–વાય;" જરે લાજથી હસી દેતાં કહ્યું. "વરી કોન્નું નામ! સબીવારાનુંસ્તો."

"જોવ–પગે લાગું ફુઇજી! મને કહેવ–એનું નામ સું?" બમ્મને લાડથી બન્ને પગ હલાવી ગેલ કરતાં કહ્યું.

"એવનનું નામ–નામ તો–માણેકજી–લે બસ." જરે લાજ અને સંકોચથી લાલ થઈ ગએલે મુખે પોતાના પ્રેમપાત્રના નામનો ઉચ્ચાર કર્યો.

"અને એવન્ના બાવાનું નામ ?" બાળકે તેવીજ ભોળાઇથી કહ્યું.

"અરદેશર !" એટલું બોલીને જરે આલ્બમ તકિયાતળે મૂકી દીધી અને બમ્મનને ઉંચકી રમાડતી રમાડતી બહાર લઇ ગઈ અને બાળક બમ્મન ફોટો-વાળી વાત વિસરી ગયો.

પ્રકરણ ૧૨ મું
પરીક્ષાનો બાહુ !

અકબરના દરબારની એક નકલ પ્રસિદ્ધ છે કે, એકવાર અકબરશાહે પોતાના ચાર વજીરોની બુદ્ધિ જોવા ચાર બકરા તોળાવી, એક એકને એક એક બકરો આપી દીધો. શાહની આજ્ઞા એવી હતી કે, "એક મહિના પછી દરેકે દરેક બકરો દરબારમાં પાછો લાવવો અને બકરો તોલમાં વધવા કે ઘટવા ન પામે, એની પૂરેપૂરી સંભાળ રાખવી; નહિ તો સખ્ત સજા કરવામાં આવશે.

એક વજીર પોતાના બકરાને સવાર અને સાંઝે તોલતો હતો-વજન વધે તો ખાવાનું ઘટાડતો હતો અને ઘટે તો ખોરાક વધારતો હતો. બીજો વજીર બક-રાનો ખોરાક રોજ બદલતો હતો. આજે લીલું ઘાસ તો કાલે સુકું, અને એક દિવસ બાજરો આપતો તો બીજે દિવસે અપવાસ કરાવતો હતો. ત્રીજો વજીર બકરાને સારી રીતે ખવરાવતો હતો અને તેને દોડાવી દોડાવીને તેની પાસેથી ખૂબ મજુરી લેતો હતો. બીરબલ પોતાના બકરાને આખો દિવસ સારું સારું ખવ-રાવતો હતો અને સાંઝે એક વરૂના પાંજરા આગળ તેને બાંધી રાખતો હતો. બકરો આખો દહાડો ખાઈ પીને જેટલો વધતો હતો, તેટલો જ રાતે વરૂના ભયથી ઘટી જતો હતો; એટલે કે તેનું વજન જેટલું ને તેટલું જ રહેતું હતું. અંતે બીરબલનો બકરો જ સમતોલ રહ્યો.

એ જ સ્થિતિ વર્ત્તમાનકાળમાં આપણા દેશના વિદ્યાર્થીઓની છે. વિદ્યા-ર્થીઓ ખાઇ પીને તાજા થયા છે કે પરીક્ષારૂપી વ્યાઘ્ર તેમનું રક્ત, અદ્ધરથી ચૂસી લે છે. આજકાલ હિન્દીઓને માથે કેળવણીનો ભૂત અથવા ઉન્માદ ચઢી બેઠેલો છે. બધાં માબાપો એ જ ઇચ્છે છે કે, છોકરો જેમ બને તેમ જલ્દી જલ્દી પરીક્ષાઓ પાસ કરતો ચાલ્યો જાય. સગાઈ અને પરણેતર પણ પરીક્ષાના સર્ટીફિકેટપર આધાર રાખે છે. પૂર્વે જન્મપત્રિકાઓ ને જન્મકુંડળિઓ જોવામાં આવતી હતી, તેને ઠેકાણે હવે સર્ટીફિકેટો જોવાય છે. પૂર્વે, કુળ પૂછાતાં હતાં,

ત્યાં હવે પાસ અને નાપાસના પ્રશ્નો પૂછાય છે. નોકરી ચાકરી, ધંધો ધાપો અને ગતિ અગતિ બધાનો આધાર યુનિવર્સિટીના સટરપટરીયા સર્ટિફિકેટપર જ ટકી રહેલો છે. પૈસાદારોના પુત્રો પેટ ફૂટે છે કે, ગરીબોના છોકરાઓ જેટલી અમારાથી મહેનત નથી થતી તેથી નાપાસ થઇએ છિયે અને ગરીબો ગડબડ મચાવે છે કે, પૈસા વિના ઊંચી ઊંચી કેળવણી ક્યાંથી લઇયે? મુસલમાનો બૂમો મારે છે કે, હિન્દુઓ કરતાં અમારામાં તાલીમ ઓછી છે, ત્યારે હિન્દુઓ હાય મારે છે કે, અમને સમુદ્રપાર જવામાં શાસ્ત્રો આડાં નડે છે, માટે સિવિલ સર્વિસની પરીક્ષા અહીં થવી જોઇએ. પારસીઓ એવો પોકાર કરે છે કે, ધોતિયાંદાસો નોકરીના ભાવો બગાડી નાંખે છે! બસ–દશે દિશામાં પરીક્ષા, પાસ થવું અને પ્રારબ્ધ વેચી પારકી ચાકરી કરવી, એજ ઝંખના સર્વને લાગી રહેલી છે. બંગાળિયો વળી બલાનાં બાવલાં બન્યા છે. પાતાળના પેટામાં પરીક્ષા પડેલી હોય, તો પાસ કરવા વિના પાણી ન પીવાનો નિયમ તેઓ ધારી બેઠા છે. હિંદુસ્તાનીઓ તો વેગળા રહ્યા, પણ અંગ્રેજોનાં અંગ પણ બંગાળીઓના નામથી કંપાયમાન થાય છે. શિલ્પવિદ્યાનો નાશ, કારીગિરિ કારાગારમાં, હુન્નર હિમાળે ગયા, વેપાર વાંઝિયો, રોજગાર રાંડેલો, વ્યાપાર વનમાં; બસ મોક્ષની બારી નોકરી અને તે પણ સરકારી નોકરી જ ! સરકાર માબાપની જાત ગોરી એટલે રીત ગોરી–ભાત ગોરી, નીતિ ગોરી, રીતિ ગોરી, પ્રીતિ ગોરી–બધું ગોરું, એટલે એમની ચાકરી પણ ગોરી! હવે એ ગોરીપર કાળા મોહી પડે તેમાં નવાઇ શી? તેમ સરકારી ગોરી નોકરી કાળાને તરછોડી ગોરાને વરમાળા આરોપે, તો તેમાં વાંક કોનો?

હવે સરકાર આધા કહાડે છે—ધક્કા મારે છે, હાંકી મુકે છે, હડસેલી કાઢે છે, તેમની વિરુદ્ધ ઠરાવ કરે છે કે આ નોકરીપર કાળાનો હક નથી! છતાં દોડ્યા દોડ્યા જાય છે, રાંડિયા કાળાઓ ખાસડાં ખાય છે! છતાં લોકો પાછા પડતા નથી. એ ઝઘડાનું પરિણામ શું આવશે, એ એક આશ્ચર્યકારક પ્રશ્ન છે. આમને આમ એમ. એ. અને બી. એ; એફ. એ. અને એચ. એ; જી. એ. અને સી. એ.-બધાને એકઠા કરીને હિંદ તેમનું કરશે શું? સરકાર માબાપના ઘરમાં પ્રતિચ્છાયા પણ ગોરી પડે છે, ત્યાં કાળાઓ વિનાકારણ ધોળા કાગળ કાળા કરી શું કહેવા માંગે છે? જો તેઓ બોલવા જાય છે, તો ચટકો લાગે છે—અમલદારો મ્હોડાં તોબરા જેવાં કરે છે.

પરીક્ષક મહાત્માઓની તો વળી ગતિ જ ન્યારી છે, તે લોકો કઠિનમાં કઠિન પ્રશ્નો કાઢીને આજ કાલના વિદ્યાર્થીઓ સમક્ષ મુકવામાં જ પોતાની વિદ્વત્તા અને

મહત્તા સમજે છે. પરીક્ષકનો મુખ્ય હેતુ અથવા ધર્મ છે તે એ છે કે, વિદ્યાર્થીને કેટલું જ્ઞાન છે તે જાણવું; તેને સ્થાને શું નથી આવડતું, તે જોવા માટે જ તેઓ ફાંફાં માર્યા કરે છે. વીણી વીણીને તેઓ એવા સવાલો મુકે છે કે, વિદ્યાર્થીઓને તે સવાલો નકામા જેવા જણાય છે અને તેથી તેઓ ઘણી જ મોટી ભુલમાં પડી જાય છે–નાપાસ થાય છે.

જ્યાં ત્યાંથી વિદ્યાર્થીગણ નાપાસ થાય અને ચોરાસીના ફેરામાં અટવાયા જ કરે, એવા જ પ્રશ્નો તેની હજુર રજુ કરવામાં આવે છે અને પરીક્ષાપત્રકની તપાસણીના કેવા હાલ થાય છે તે તો અમે જણાવી ગયા છીએ. વિદ્યાર્થી મરે કે જીવે, તેની દરકાર પરીક્ષકને હોય તો તેના બાપના જ સમ!

"પરીક્ષા તારું સત્યાનાશ જશે," આવું બોલનારા કેટલા વિદ્યાર્થી હશે? અરે! એ સવાલ શેનો કરો છો? એવું ન બોલનારા કેટલાક વિદ્યાર્થી હશે, એ સવાલ થવો જોઇએ. ૧૮૩૩ નો હિંદી સરકારનો ડીસપાચ ઇંગ્લંડ મોકલવામાં આવ્યો ત્યારે ભાગ્યે જ કોઇએ જાણ્યું હશે કે, જે પરીક્ષાઓનાં લફરાં દાખલ કરવામાં આવનારાં છે, તેના પરિણામમાં હિંદી પ્રજાના બાળકોની હાલત આ રીતે લેલેમજનું થઈ પડશે! દર વર્ષે યુનિવર્સીટીની ટંકશાળમાંથી સેંકડો સિક્કા સીલ મોહર મરાઇને બહાર પડે છે; પણ એમાંથી કેટલા સિક્કા ખરા તરીકે દુનિયામાં પસાર થાય છે તે જોવા જોગ છે. હજુ સુધી યુનિવર્સીટીની કેળવણીએ અને પરીક્ષાનાં લફરાંએ બહુ થોડા જ વિદ્યાર્થી ઉત્પન્ન કીધા છે, કે જેમણે નામના કીધી હોય! મહાત્મા રાનાડેએ પરીક્ષાનાં આ લફરાંઓની, તેની રીતિ, શિક્ષણની પદ્ધતિ–એ સઘળા ઉપર બહુ સારી રીતે વિચાર કીધો હતો. પશ્ચિમના દેશમાંના વિદ્યાર્થી જ્યારે પરીક્ષાઓ આપી રાતી રાયણ જેવા કાયમ રહે છે, તેના મોંહની સુરખી લખલખાટ કરતી જોવામાં આવે છે, ત્યારે હિંદના વિદ્યાર્થીની સ્થિતિ માયકાંકલી, મોતના મોંમાંથી પાછા નીકળેલા જેવી–જાણે સોહરઈ સુકાઈ વાસી મુડદા હોય–એના જેવી બની જાય છે. આજ કાલની પરીક્ષામાંથી કેટલાઓ કાલિદાસ કે ભવભૂતિ, વરાહમિહિર કે ધન્વંતરિ, ચરક કે સુશ્રુત, વ્યાસ કે વાલ્મીકિ, વામન કે મોરોપંત, તુકારામ કે જ્ઞાનદેવ, પ્રેમાનંદ કે નરસિંહ, સુરદાસ કે સુંદરદાસ, રામમોહનરાય કે દેવેદ્રનાથ, બાપુદેવ કે સુધાકર ઉત્પન્ન કીધા છે? છાપ લાધેલા તો ઘણાએ સાધુઓ છે, પણ ખરો સાધુ જેમ ભાગ્યે જ મળી શકે છે; તેમ જ વિદ્યાના વ્યસનવાળો અને જેનાપર સરસ્વતી પ્રસન્ન છે, અથવા જેણે ભણતરનું સાર્થક કીધું છે, તેવા તો બે પાંચ વિદ્યાર્થીઓ યુનિવર્સીટીની ટંકશાળમાંથી ભાગ્યે બહાર પડેલા હશે.

અને શરીરસંપત્તિમાં તો ન પૂછો વાત. દેશના એક નાકાથી તે બીજા નાકા સુધી બુમ પડી રહી છે કે દેશનું કલ્યાણ કરો, કલ્યાણ કરો! પણ કલ્યાણ કરનારાઓનાં મ્હોં જોશો તો લીલીપટના વ્હેંતીયાઓ પણ તેના કરતાં જબરજસ્ત! એક ભણેલો ગણેલો બી. એ., એલ. એલ. બી. ઘરમાં બેઠો હશે, અને ૨–૪ અફગાનોએ આવીને તુફાન કીધું હોય, બજાર લુટયું હોય, સ્ત્રીઓની આબરુ લુંટી હોય, લોકો રાડેરાડ પાડતા હોય, શહેરમાં હજારો માણસ બેઠા હોય, પણ એ જંગલી જડસુની સામા ઉભા રહેવાની કોઇની પણ હીંમત ચાલશે નહિ! ભીમની ગદા, હનુમાનની હાક, અર્જુનનું બાણ, ઘટોત્કચ્છનો વેગ, કુંભકરણનો આહાર એ સઘળી પુરાણોની ગપ્પ હોય, કવિઓના ટોલ્લા હોય, તેની અમને કંઈ દરકાર નથી! પણ જેઓએ શિવાજીની તસ્વીર જોઈ છે તેઓ તેનું બળ, ટટાર શરીર, પાણીદાર નેત્ર, અને ઉગ્ર ચહેરો–જોઇને શું કહેશે કે કેવા વીર પુરુષે દેશના ઉદયને માટે કમ્મર કસી હતી! મુગલ લશ્કર જેને સેતાનના નામથી ઓળખતું હતું તે બાજીરાવ પેશ્વા જ્યારે ભુખ લાગતી ત્યારે કાચાને કાચા કણસલા ખાઈ જતો હતો. સદાશિવ જેણે અફગાન દુરાનીની છાતી ચીરવાનું પણ લીધું હતું, તેણે એક સપાટે પાણીપતની લડાઇમાં સાત અફગાનોને કાપી નાંખ્યા હતા! અયોધ્યાનો નબાવ સુજાઉદ્દૌલા, પુછડું તાણીને હાથીને હાલવા દેતો નહોતો! બારામતીની સ્વારીમાં તંબૂમાં બીરાજેલા માધવરાવ પેશ્વાપર એક મદોન્મત્ત હાથી દોડતો આવ્યો, ત્યારે ઇકોજીરાવ પાટણકરે, કટારના એક જ સપાટાથી હાથીની ચાર આંગળ સુંઢ કાપી નાંખી હતી! એ કોઈ પરીક્ષાઓનાં પરિણામ હતાં? આ શક્તિ આજકાલની પરીક્ષાઓથી આવી શકે એમ નથી. સેન્ડો અને કરિમબક્ષને જેણે જોયા હશે તેઓ કહી શકશે કે જ્યાં સુધી શરીરસંપત્તિ આબાદ થશે નહિ, ત્યાં સુધી ભણીને ભીખ માંગવાના. પરીક્ષા આપી વહેલા વહેલા મસાણે પોઢવાના! બીજું તે કંઈ ઉકાળી શકનાર નથી. ન દેશ આબાદ, ન ખેસ આબાદ.

વાસ્તવિક કહીએ તો હાલના તરુણ વિદ્યાર્થીઓનું પરીક્ષાએ નખોદ વાળી નાંખ્યું છે. સઘળાઓને એક જ ધીસલામાં જોડેલા છે. વિદ્યા, કળા, ચાતુરી, વ્યાપાર, વણજ, શરીર સંપત્તિના સાધન સંપાદન કરવાનો હાલની શિક્ષણપદ્ધત્તિમાં માર્ગ જ દેખાતો નથી. ખરું કહીએ તો મૃત્યુનો માર્ગ વિદ્યાર્થીના મુખ આગળ ધડીને પળે રમતો જોવામાં આવે છે.

પાશ્ચાત્ય યુનિવર્સીટીઓ, ત્યાંના હવા પાણી, ત્યાંની ગણત્રી, શિક્ષણપ્રણાલિ,

શિક્ષાના હેતુઓ, ત્યાંનો વ્યાપાર, ત્યાંની સરકારી નોકરીઓની સંકલના, ત્યાંના લોકોની શારીરિક સ્થિતિ અને વ્યાયામના નિયમો-એ બધું હિંદુસ્તાનથી ભિન્ન પ્રકારનું છે. એમ છતાં પણ ત્યાંની જ રીતભાતો અહીં પરાણે ઠોકી બેસાડવામાં આવી છે અને દિવસે દિવસે એક એક કરીને નિયમના નામે અનેક નવાં લાકડાં ઘોંચી ઘાલવામાં આવે છે. વળી ખૂબી તો એ કે, ત્યાંના નિયમને અહીં વધારે કઠિન આકારમાં રજુ કરવામાં આવે છે. અહીં જે જે વિષયો શીખવવામાં આવે છે, તે બહુધા નિરુપયોગી જેવા જ હોય છે. "મારું ફુટના ફુટે આંખ." જે કોઈ અંગ્રેજી પાંચ છ ચોપડીઓ ભણે છે, તે તત્કાળ પોતાના ધર્મમાં અન્નેચરલ (Unnatural) વાંધો લાવીને ફટ દેતો કે મુકી દે છે. રામ જાણે શું જાદુ ફુંકી દેવાય છે કે, નિરાકાર ભગવાનને માનવાવાળા ભારતવાસીને સાડા ત્રણ મણ અને પાન્સેરનો ઇસુ દીકરો ક્યાંથી અને કેમ કરીને નેચરલ થઈ પડે છે! ચોપડાના ઢગનો તો હિસાબ જ ન મળે! એક પરીક્ષા પસાર કે સાડા ત્રણ પાન્સેરના થોથાં પણ પસાર! ભેજું તો પછી થાકે, પણ પહેલાં તો ઉપાડતાં બાપડા હાથ જ તોબા પુકારી ઉઠે છે!!

માબાપને રાત દિવસ વળી એક બીજી ચિન્તા થયા કરે છે કે, સાજા તાજા છોકરા દહાડે દહાડે ગળાતા કેમ જાય છે? તેઓ છોકરાઓની દવાઓ કરાવે છે, ડૉક્ટરને દેખાડે છે, પેટંટ ઓસડિયાં ખવડાવે છે અને વસાણાં વસાવે છે! શિયાળામાં અડદિયું કે સાલમપાક કે મેથીપાક પીરસે છે, પણ કાંઇએ વળતું નથી. આડા ફાટવું તો રહ્યું, પણ ઊંચા વધવાનુંએ છોકરા માંડી વાળે છે. અંગનાં વાન વળતાં જ નથી! આમ જવાની આવી કે આમ ચશ્માની ખરીદી ચાલી. પચ્ચીસી પૂરી થઈ ન થઈ કે, વાળ ધોળા ધબ્બ! હવે તેમની સંતતિ બળિયલ અને બેઢબ નીકળે તેમાં શી નવાઇ? ધીરે ધીરે વાંસિયાપરથી હાથિયાં અને હાથિયાંપરથી વ્હેંતિયાં માણસો ભારતવર્ષમાં થઇ પડશે. ટુંકાં શરીર, ટુંકા સાહસ, ટુંકા વિચારો અને અંતે ટુંકી અવસ્થા-બધું ટુંકું જ થઈ પડવાનો ખુલ્લો સંભવ દેખાય છે.

પ્રકરણ ૧૩ મું

મરણનો ખાટલો

માણેકનો બાપ દરરોજ ઘરના ઝઘડા જોતો હતો, વૈતરું કરતો હતો, તોપણ પાડા જેવો હતો. પણ તેનો પુત્ર માત્ર ચાર દિવસની મનોવ્યથાથી જ શારીરિક

સંકટનો ભોગ થઈ પડ્યો. ડાકટર શાવકશાહ પોતાના બનેવી અને ભાણુજીની ભલામણથી તથા માણેક સાથે પણ પડેલા થોડા ઘણા પરિચયને લીધે ખંતથી, તેનો ઉપચાર કર્યે જતો હતો. ડાકતરની જાતી દેખરેખ તળે દવા ચાલુ હતી, પણ "મરજ બાહડતા ગયા, જયું જયું દવા કી," એ કહેવત પ્રમાણે તેની બીમારી વધતી જ ચાલી.

તાવ, ઉધરસ, ઉલ્ટીઓ અને મરડો એમ ચાર પાંચ રોગે સાથે મળીને તેના શરીરમાં ખળભળાટ મચાવ્યો. અશક્તિની તો સીમા જ ન હોતી. માથામાં વેગ આવતા હતા. તૃષાથી ગળું સુકાઈ જતું હતું અને હાડકાનો એકેએક સાંધો કળતો હતો. ડાકટર બિચારો શું કરે? જ્યાં રોગ અસાધ્ય થઇ જાય, ત્યાં દવાનું શું ગજું? વાચ્છા ઠેઠ સૂધીથી શાખી આવેલો ડોકટર હતો, એટલે તેણે ધૈર્ય ન છાડતાં, કમર બાંધીને ઉપચારો કરવા માંડ્યા, પણ કાંઇએ ફેર પડ્યો નહિ. ફુટીની બૂટી કયાંથી?

કલાકે કલાકે જરનું માણસ આવતું, પણ "તેમ જ છે"નું ઉત્તર લઈ પાછું ફરતું હતું. તે દયાળુ બાળાના મનમાં માણેક માટે કેટલી બધી દયા ભરેલી હતી તે તો વાંચકો સારી રીતે જાણે છે જ. પણ એ દયાનું બીજું પણ એક ગુપ્ત કારણ હતું, અને તે કારણ જર વિના બીજું કોઇ પણ જાણતું હતું નહિ. એથી તે બમણી દુ:ખી અને ચિંતાતુર થતી હતી. માણેકને એકવાર પોતાની આંખે જોઈ આવવાની તેને ઘણી ઇચ્છા થઈ, પણ રખેને બાપ કાંઇ વ્હેમ લઈ જાય, એવા ભયથી તેમ કરવાનું તેણે માંડી વાળ્યું. બાપ વ્હેમ લાવશે, એવો વિચાર જરના મનમાં આ પહેલી જ વાર આવ્યો હતો. જર, માણેકનો જે જે પક્ષપાત કરતી હતી અને લખવા ઇત્યાદિના કાર્યમાં તેને જે પોતાથી બનતી સહાયતા આપતી હતી, તેમ જ ખુલ્લી રીતે આટલા દિવસ તેનાથી હસતી બોલતી અને ઠઠ્ઠા મશ્કરી કરતી હતી, તેવામાં સ્વપ્ને પણ બાપ વ્હેમાશે, તેમ તે ધારતી ન હોતી. ત્યારે આજે જ એવો વિચાર કેમ આવ્યો હશે? પ્રભુ જાણે.

"સું મારો બાદશાહી દિલનો બાપ મ્હારે વરે એવો નીચ વિચાર લાવસે?" જર પોતાના ડ્રોઇંગરૂમમાં આમથી આમ આંટા મારતી બડબડવા માંડી. "કોન્ને માટે? અય લેવાઇ લુટાઇ ગિએલા માનેકચંદ માટે?" એટલું બોલી તેણે એક હાથ કમરે અને એક હાથની આંગળી ગાલે મુકી અને તે થોડીવાર ઉંડા વિચારમાં ગરકાવ બની ગઇ. એ વેળાનું તેનું ચિત્ર કોઈ ચતુર ચિત્રકારે ચિતરવા જેવું હતું. "કે ન્હે કાલે વાત," એટલું બબડી તે પોતાના સુવાના ઓરડામાં ચાલી ગઈ.

બીજે દહાડે બપોરના એક વાગે ડોકટરે આવી જરને જાણ કરી કે, "માણેક કદાચ એકથી બે દહાડા કારી સકે!" એ સમાચારે જરના હૃદયમાં એવો આઘાત કર્યો કે તે ધબ્બ દેતી કે ખુરસીપર ફસડાઇ પડી. શાવકશાહને જર ગદ્દગદ સ્વરે પૂછવા લાગી કે, "મામાજી! સું કોઈ રીતે એ ગ્રેજ્યુએટ જવાન જીવી શકે તેમ નથી જ?"

શાવકશાહે પોતાની ભાણેજના માથાપર હાથ ફેરવીને કહ્યું કે, દીકરી જર! રજા બકજા આપરે બનતું કીધું અને લાસ્ટ મોમેન્ટવેર કરિયા જસું; પછી તો જેવી ખોદાયની મરજી. મને પોતાને બી એ પોરિયો ઘનો ગમેચ, તારા બાવાબી એના નોલેજ ઉપર ફિદા છે. બેરામજી બુઢ્ઢા તો મને દહારામાં ચારવાર પુછા-વેચ કે માનેકની તબીયત કેમ છે? એ પોરિયો આપરા લોકો સાથ ઘનોજ હલી ગિયોચ. પન એનાં કિસ્મત! આપરે સું કરી સકિયે તેમ છે!!"

"જોવ મામાજી! હું બધ્ધિ મરી જાઉં તમે ત્હાં જાવ! હુંબી બાવાજી રજા આપસે તો એક કલાકમાં દોરી પ્હોંચસ. ખોદાય બિચારાને તંદુરસ્તી બખ્સે. મને એનું ઘનું લાગેચ. બિચારો પન્નેલોબી છે!" જરે હમદર્દી દેખાડી.

શાવકશાહ અનારકલી ભણી ચાલ્યો અને જર અચકાતી અચકાતી એદલજી પાસે જઇ બોલી, "પપ્પા! મામાજી હવરે કહે ગિયા કે બિચારા માનેક-ચંદના મડે જીવે તેમ લાગતું નથી. જો તમુને જરાબી અરચન નહીં હોય, તો હું તેની છેલ્લી ઘરીએ થોરી ઘની સારવાર કરવા જાઉં. લોકોબી આપુને બદનામ ન્હેં કરે કે એક સુધરેલા ગ્રેજ્યુએટ નોકરને હેવાનિયતથી મરતાંબી જોવા ન્હેં ગિયાં. કેમ હું ખરૂ કેઉંચ ની?"

"બા ખુશી, મારાં ફરજન્દ!" એદલજીએ પોતાની પુત્રીના આવા ઉદાર વિચારથી પ્રસન્ન થઈ આજ્ઞા આપી અને કહ્યું કે, "જો દીકરા! બે રૂપિયા ખરચવા-બી પરે તો વાન નાં કરતી ને ખોદાય નાં કરે કેં ઘનો જ સીરિયસ કેસ હોય, તો તેનાં માંય બાપપર તાર કરાવી, મારીપર માનસ મોકલજે. હું પોતેબી આવસ તો સું ન્હાલ્લા બાપનો થૈ જવસ? જા સખ્ખે જા. મામાજી ત્હાં છે. વરી દુકાન બંધ કરાવવા આગમજ હું બેરામજીનેબી મોકલસ. કોચમેનને કહે મારી ગારી જોરે ને બોયને ચાહ બનાવવા કહે. આવા વખતે વખત ખોવો ન જોઈએ."

"ઓ હું મરી જાઉં મારા અમીરી ખવાસના રહેમદિલ બાવાપરથી!" જરે બાપનાં ઓવારણાં લઈ આંગળીયોના વીસેવીસ કડાકા ફોડતાં કહ્યું. એ પછી જર પોતાના ઓરડામાં ગઈ અને સાડી બદલી બહાર આવી. પાછું કોણ જાણે શું

સાંભરી આવ્યું કે કબાટ ઉઘાડી એક સ્મેલિંગ સોલ્ટની બાટલી કાઢી ગજવામાં મુકી અને બાયને હુકમ કર્યો કે, "એક જગમાં ચાહ જલ્દી તૈયાર કરી, માનેકની ઓરડીમાં લઈ આવ!" તે ગાડીમાં બેસી પાંચ મિનિટમાં માણેકને ઘેર પહોંચી. લોકો આસપાસથી આશ્ચર્યચકિત થતા જોઈ રહ્યા હતા કે, "એ અપ્સરા અહીં ક્યાં જાય છે?" ચાકર માણેકનું ઘર બતાવી ગાડીમાં ઘેર ગયો. ગાડી સાંઝે પાછી લાવવાનો જરે હુકમ કરેલો હતો અને ચાહ લઈ આવવાની પણ નોકરને તાકીદ આપી મુકી હતી.

જર ધડકતે હૈયે અને થરથરતે પગે ઉપર ચઢી. માણેક એક ખાટલાપર મૂર્છિત દશામાં પડેલો હતો અને ડોકટર વાચ્છા તેની નાડી પકડી ચિન્તાતુર વદને ઘડિયાળ જોતો બેઠો હતો. આવતાં જ જર બરાબર માણેકના ખાટલા સામી જઈ ઉભી. તેનું પવિત્ર અને દયાળુ હૃદય માણેકની દુર્દશા નિહાળતાં જ આકુળવ્યાકુળ થઈ ગયું, તેના કાન બ્હેર મારી ગયા અને એક ભયંકર શબ્દ તેના મસ્તિષ્કમાં ઘુમીને તેને અચેતન બનાવવાની પેરવી કરવા લાગ્યો. એ શબ્દ તે માણેકનો અંતકાળ હતો.

થોડીવાર પછી માણેકના હોઠો સહજ હાલ્યા અને તેમાં પેલું તેનું ખાસ સ્મિતહાસ્ય કે જેમાં બન્ને હોઠો કાંઈ મનોહર રીતે નમી પડતા તેનું દર્શન થયું, અને કાળીભમ્મર ભ્રમરોનો ચિલ્લો ચઢી કમાનો વળી ગઈ. એ વિચારે જરના વિચારોમાં કોણ જાણે શો ફેરફાર કરી નાંખ્યો કે, તે ચક્કર ખાઇને તોફાની પવનથી ભાગી પડતી નાજુકડી કેળ પેઠે ધરતીપર ઢળી પડી, વાચ્છા અને માણેકના નોકરે તેને ઉચકી એક ટુટીફુટી આરામ ખુરસીપર બેસારી. નોકર પંખાવતી તેને ધીમી હવા નાંખવા મંડ્યો અને વાચ્છાએ તેના ગજવામાંથી રૂમાલ કાઢી તેપર કોલનવોટર છાંટી સુંઘાડવા માંડ્યું. પાંચ મિનિટ પછી જર જાગ્રત થઈ અને કાંઈક લજાતી અને કાંઈક સાહસ બતાવતી કહેવા લાગી કે, "મામાજી! મને કંઈ નથી, મારી ચિન્તા ના કરો." બન્ને જણ ઉઠી માંદાના ખાટલા પાસે બેઠાં. વાચ્છાની ખુરસી પાંગતે અને જરની માથા લગોલગ હતી.

"શું ધારિયું, મામાજી!" દયાની મૂર્ત્તિ જરે સંકોચવિના માણેકના માથાપર પોતાનો નાજુક હાથ ફેરવી પૂછ્યું. "એ બિચારો બચશે કે?"

"એ મોત અને જિન્દગી વચ્ચે ઝુલા ખાયચ!" વાચ્છાએ ટીપાઈપરથી દવાની શીશી ઉંચકતાં ઉત્તર આપ્યું. "આજનો દહાડો નીકલી જાય તો કદાચ આસા રખાય ખરી."

લગભગ એક કલાક વીતી ગયો, પણ એ સ્વર્ગનાં સાધનોને સિદ્ધ કરતાં પડેલા શરીરમાં ચૈતન્ય આવ્યું નહિ. એટલા સમયમાં વાચ્છા અને જરે બે વાર તેનું મોઢું ફાડીને દવા નાખી, પણ નિરર્થક! છાતી ધબકતી હતી, અને શ્વાસ ચાલતો હતો, પણ બેભાની એવી છાઈ ગઈ હતી કે, ક્ષણે ક્ષણે તે જરની ચિન્તાને વધારે અને વધારે વધારતી જતી હતી.

"મ્હારી પાસે ઘનું જ સ્ટ્રૉંગ સ્મેલિંગ સોલ્ટ છે, મામાજી!" જરે માણેકના મ્હોડાપરથી પોતાના રૂમાલવતી માંખો ઉડાવતાં કહ્યું. "તે સુંઘારી જોવચ?"

"હા" કહીને ડૉકટરે હાથ ધર્યો અને જરે ગજવામાંથી શીશી કહાડી આપી. "અસર કરેચ ખરું." માણેકે ગભરાવાથી એક કમકમી ખાધી અને થોડીવાર પછી સહજ પાસું પણ બદલ્યું. "હવે હાર્ટ સહસાજ વર્ક કરવા માંડ્યું. ડોકટરે આશા આપી. એટલામાં માણેકનાં પાંપણના પડદા પાછળ સંતાયલાં નેત્રો થોડાં ઘણાં ઊઘડ્યાં. વળી એકવાર સ્મેલિંગ સોલ્ટની શીશી નાક આગળ ધરી. થોડી પલમાં કંપારી ખાઈ, માણેકે નેત્ર ઉઘાડ્યાં. પણ તેની જીભ તો બંધ જ હતી. તેનાથી બોલાતું નહોતું, તેમ જ તે કોઇને ઓળખી પણ શકતો ન હોતો. પાંચેક મિનિટમાં જીભ ઉપડી અને તે ગાંડા માણસ પ્રમાણે લવારો કરવા લાગ્યો. આંખો ફાડીફાડીને તે ચારે તરફ જોતો હતો અને મિલ્ટન્ તથા સેકસપીયરની કવિતાઓના બળતા બળતા કટકાઓ ગમે તેમ બોલતો હતો. વળી કવચિત્ ઉર્દુ તો કવચિત્ ફાર્સી શાયરો અને કોઇ વેળાએ સંસ્કૃત કવિઓનાં કાવ્યોનો ખીચડો કરતો, હાથો અને પગોને પછાડતો તથા આંખોને ઉઘાડ ઢાંક કરતો, તે ઘણો જ ગભરાટ મચાવવા લાગ્યો. ઘડી ઘડી હાથપર હાથ પછાડીને "એમ એ બનાકે કયું મેરી મિટ્ટી ખરાબ કી?" નો પોકાર કર્યા કરતો હતો. એ શબ્દો સાંભળીને વાચ્છા મૂછમાં હસતો અને જર જિગરમાં બળતી હતી.

ચાહ આવી. જરે ખાટલાપર બેસી પોતાની પહોળી જાંઘોપર માણેકનું માથું મૂકયું અને ચાહ પાવા માંડી. ચાહનું અડધું ગ્લાસ પેટમાં જવા પછી માણેકના બકબકારામાં કાંઇક ઘટાડો થયો. પા કલાક પછી અધોળ દૂધ, બે ચમચી ભરી આસવ—એ બન્નેને મેળવી ઔષધ માણેકના મુખમાં રેડવામાં આવ્યું. એ ચમત્કારી ઘુટડો પેટમાં ઉતરતાં જ પાછો લવારાનો આરંભ થયો. હવે તો માણેક ખાટલામાં ઉભો થઈ થઇને ન્હાસવાની ચેષ્ટાઓ કરવા લાગ્યો. જર તેને રોકવા માટે ઘણુંય જોર કરતી હતી, પણ બેભાન માણેક એક ઝટકામાં તેના કોમળ કરને ઝટકી નાંખતો હતો. એક બેવાર તેને હાથની બહુ જ મજબૂત અછાટો વાગી, પણ તે સહૃદય દયામયીએ મોઢું સરખુંયે ન મરડયું. એટલામાં નીચેના બારણાંની સાંકળ કોઇએ ખખ-

ડાવવા માંડી. નીચે ઉતરીને માણસ સમાચાર લઈ આવ્યું કે, "માણેકના ગામના બે જણ બજારમાંથી તેની માંદગીની વાત સાંભળી જોવા આવ્યા છે." ડોકટરે કહ્યું કે, "અત્યારે તે બેહોશ છે ને એ ગર્દીની જરૂર નથી." નોકરે નીચે જઇને તેમને એ સમાચાર સંભળાવ્યા, પણ તેઓ તો ગણકાર્યા વિના ધબ્બ ધબ્બ કરતા એકદમ ઉપર ચઢી આવ્યા. ડોકટર અંગ્રેજીમાં બબડતો બેસી રહ્યો.

એ આવનાર બે જણમાંનો એક તો માણેકનો ન્યાતીલો હીવાનચંદ નામનો ગૃહસ્થ હતો અને બીજા આપણા મહાપુરુષ તુલારામજી પટવારી હતા. એ લોકો લાહોરમાં કાંઈ કામસર આવ્યા હતા અને તપાસ કરતાં નીચેની દુકાનવાળાએ તેમને માણેકની માંદગીના સમાચાર આપ્યા, એટલે તેઓ ઉપર જોવા માટે આવ્યા. એ લોકો તો મનમાં એમ સમજ્યા હતા કે "માણેક બિચારો એકલો પડયો હશે!" પણ અહીં તો એક અપ્સરા તેનું માથું પોતાના ખોળામાં લઇને તેને દવા પાતી તેમના જોવામાં આવી. એટલું જ નહિ, પણ વળી એક અંગ્રેજી ડોકટર પણ તેની સારવાર માટે ત્યાં બેઠેલો તેમને દેખાયો. બન્ને જણ એક ખૂણામાં જઈ પલાંઠ વાળી ભોંયપર બેઠા. તુલારામજીનું ભક્ત મન જરની મીઠી મૂર્તિપર મીણ મીણ બની ગયું, પણ જરનો પ્રભાવશાલી ચહેરો એવો તો તેજસ્વી હતો કે, વિપ્ર તુલારામજીનાં નેત્રો તેને જોતાં જોતાં ઘડીવારમાં નીચાં ઢળી પડતાં હતાં અને પાછું ઉંચું જોઈને જોવાનું ભાગ્યે જ સાહસ કરી શકતાં હતાં. તેઓ થોડીવાર બેઠા હશે કે, જરે જગમાંથી દવા કાઢી ગ્લાસમાં રેડી અને ચમચી ચમચીએ માણેકના ગળામાં રેડવા માંડી. દવા પાઈ રહ્યા પછી રૂમાલવતી તેણે તેનું મ્હોડું લૂછી નાંખ્યું. તુલારામની પણ માંદા પડીને એ સ્ત્રીને હાથે દવા પીવાની ઇચ્છા થઈ આવી, પણ કુદરતે યારી ન આપી. અંતે બળી બળીને તેણે બીજી રીતે વાત ઉપાડી:

"બાઈ! એ હિન્દુનું બાળક છે. આ છેલ્લી ઘડીયે એનો કોડો ભ્રષ્ટ ન કરો! આ તો ગંગાજળ પાવાનો સમય છે!" તુલારામે કહ્યું.

"હોસે બા!" જરે નાકનાં ટીકરાં ફુલાવી ઉત્તર આપ્યું. અને ડોકટરે ફરીને કહ્યું કે, "જો તમે લોકો અહીંથી ચાલી ન્હૈ જાવ, તો તમને અપમાન કરીને નીચે ઉતારવા પરસે-તમે જાઓ."

લાચાર-કોને કહે? તેઓ બાપડા છાનામાના ધોળે મોઢે નીચે ઉતર્યા: નીચે તુલારામે દીવાનચંદને કહ્યું કે, "ભિયા, જવાય એવો ઘાટ નથી. બે કલાક ખોટી થાવ; છોકરો અંતની ઘડીએ છે. આટલે આવ્યા છૈયે અને આંખે જોયું છે, એટલે એને લાકડાં ભેગો કર્યા વિના તે જવાય?"

"વાત તો ખરી છે," દીવાનચંદે કહ્યું. "લોક જાણે તો ખોટું દેખાય. બેઠા ઐં. પણ મહારાજ! જો એ બચ્યો તો એનો કોઠો અપવિતર થઈ ચુકયો છે. માટે ઈને પ્રાછત કરિયા વિના પંગતમાં નહિ લેવાય હો બાપજી! ધર્મની વાતે હગો બાપ હોય તો શું થઈ જ્યું, હાં."

"સત્ય છે," પટવારીએ ટેકો આપ્યો. "પ્રાણ જાય તો પણ ધર્મનો ત્યાગ તો ન જ કરવો જોઇએ. એ જીવતો રહેશે, તો આખા ઘરને ન્યાત બહાર મુકવું જ પડશે. તમારાથી કાંઈ દેખતી આંખમાં ધૂળ નંખાશે? પેલી ચમકેલીનો છણકો જોયો તો કે, હેં?"

તુલારામ અને દીવાનચંદના જવા પછી લગભગ એક કલાકે માણેકે આંખ ઉઘાડી ધ્યાનપૂર્વક જોયું તો પોતાના લક્ષાધિપતિ શેઠની દીકરી પોતાના ખોળામાં તેનું માથું રાખીને તેને દવા પાતી અને માંખો ઉડાવતી બેઠેલી છે. એ દેખાવે તેના હૃદયને આભારના મહાભારત ભાર તળે દાબી નાંખ્યું. તેણે બોલવાની બહુએ ચેષ્ટા કરી, પણ અવાજ ગળામાં જ ગુંગળાઇ જવા માંડ્યો. હૃદયની ઉર્મિઓએ અંતે અશ્રુધારાનું રૂપ લઇને નેત્રદ્વારમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કર્યો ને તે પ્રયત્ન સફળ થયો. અશ્રુનો પ્રવાહ જરની સાડીપર થઇને તેના પગપર જઈ પડ્યો, પરંતુ તે દૃઢચિત્ત ચતુરા એથી જરાય ડગમગી કે કમકમી નહિ. ઉલટી દયા અને પ્રેમથી પોતાના હાથે તેના અશ્રુ લુછવા લાગી. માણેકે પરાણે પરાણે આખા શરીરનું બળ એકઠું કરીને ઉંચુ મુખ કરીને કહ્યું કે, "મારી ધર્મની બ્હેન! મારાં ખરાં સંકટોના સમયે સહાયતા કરનારી ભગિની! તારું કલ્યાણ થાઓ અને તારી વેલ વધો!!"

જરને માણેકના ભાનમાં આવવાથી અને બોલવાથી જે આનંદ થયો તેનું વર્ણન કરવાની આ લેખિનીમાં શક્તિ નથી. મનુષ્યત્વ અથવા હમદર્દી તે એનું જ નામ. ઈશ્વર પ્રત્યેક ગૃહમાં એવી પુત્રીઓને અવતાર આપે અને ગૃહને શૃંગાર આપે એ જ પ્રાર્થના છે.

દોઢેક કલાક પછી વળી પેલા વણ નોતર્યાં પરોણાઓ ઉપર આવ્યા અને ઘરમાં જવાનાં ફાંફાં માર્યાં, પણ તેમનું કાંઈ જ વળ્યું નહિ. અંતે કંટાળીને તેઓ પોતાને પંથે પડ્યા અને રાતની ગાડીમાં જ પોતાને ગામ અમોટે ચાલ્યા ગયા. માણેકની પ્રકૃતિ સુધરવાની થોડી થોડી આશા સર્વના મનમાં બંધાવા માંડી.

પ્રકરણ ૧૪ મું

કાશ્મીરનો પ્રવાસ

કાશ્મીરનો પ્રવાસ કરીને પાછા ફરેલા એક પ્રવાસીએ પોતાના નીચે પ્રમાણેના ઉદ્દગારો પોતાના પ્રવાસગ્રન્થમાં લખી રાખ્યા છે. તે અત્યુત્તમ હોવાથી અમે તે વાંચકોની જાણ માટે અહીં ઉતારી લઇએ છીએ:—

" શ્રી કામાક્ષી તીર્થ અને આસામ દેશના દુર્ગમ્ય દુરારોહ ઉત્તુંગ ભૂધર શૃંગ અને ગહનવન, સરસ સરસી, નિર્ઝર નિર્ઝરી, વિવિધ કુસુમ ભરી દરી આદિ ચિત્ત ચમત્કારી અને મનોહારી અદ્દભુત અલૌકિક અકથનીય પ્રાકૃતિક શોભામયી વિધાતાની કૌશલ્યપૂર્ણ લીલા ભૂમિને નિહાળીને ચકિત ચિત્ત એવું તો લુબ્ધ થઈ ગયું હતું કે, ત્યાંથી ચાલ્યા આવ્યા પછી પણ લાંબો સમય સુધી હૃદયપટમાં આલેખાયલું તે પ્રદેશનું ચમત્કારિક ચિત્ર અષ્ટપ્રહર નયનો સમક્ષ તર્યા કરતું હતું અને મનરૂપી પક્ષી તે અટવીમાં વિચરવાને નિશદિન ઉત્કંઠિત રહ્યા કરતું હતું.

"અનેક ભાષાઓના અનેક ગ્રન્થોનાં વાચન અને શ્રવણથી મનમાં એવી લાલસા થઈ આવી કે, તુષારધારી અને નગર રાજકુમારી તે સ્વર્ણોપમ કાશ્મીર નગરી તો એકવાર અવશ્ય જોવી–કે જેનાં યશોગાનનાં ક્ષેમેન્દ્ર, હેલારાજ, નીલમુનિ, પદ્મમિહિર, છવિલ્લભટ્ટ, કલ્હણ, જોનરાજ, શ્રીવરરાજ અને પ્રાજ્યભટ્ટ આદિ કવીશ્વરોની ભારતીની સુરસ વીણાએ અત્યુત્તમ પદ્યો ગાએલાં છે; જેને દિલ્લીશ્વર યવન બાદશાહોએ બિહિશ્ત (સ્વર્ગ)ની ઉપમા આપેલી છે, જે ભૂ–સ્વર્ગની શોભાનું અવલોકન કરવાને યુરોપ અને અમેરિકા જેવા સમુદ્રપારના દેશોમાંથી પણ પ્રતિવર્ષે ધનનો વિપુલ વ્યય કરીને–અનેક પ્રકારનાં કષ્ટો સહીને અને પ્રિય જનોના વિયોગ દુઃખને ભોગવીને, અનેક પ્રવાસીઓ આવે છે અને પ્રસિદ્ધ ડોકટર બિબ્સ તથા ડોકટર એવટ આદિએ જેને સ્વર્ગનું પદપ્રદાન કરેલું છે તે કાશ્મીરનો પ્રદેશ જોવાની મારા મનમાં ઇચ્છા થઈ આવી. પરંતુ એવો પ્રસંગ મળવો મહા દુર્લભ હતો. અંતે તેવો પ્રસંગ મળ્યો. ધન્ય છે તે સર્વશક્તિસંપન્ન જગદીશ્વરને કે જેની અનુકંપાથી આશા કે પ્રયાસ વિના અનાયાસ એક એવો સુઅવસર પ્રાપ્ત થયો કે, જેથી મારા કાશ્મીરના પ્રવાસનો નિશ્ચય થઈ ગયો."

પ્રિય વાચકો! કાશ્મીર જોવાની એ પ્રવાસી પ્રમાણે સર્વના મનમાં ઇચ્છા થાય એ સ્વાભાવિક છે, પરંતુ પ્રત્યેકને તેવો પ્રસંગ મળે એ અશક્ય છે. માટે આપણે અત્યારે આ પુસ્તકમાં આપણી વાર્ત્તાનાં પાત્રો સાથે પ્રસંગોપાત કાશ્મીરનાં

કેટલાંક સ્થાનોનું અવલોકન કરીશું તો થોડે ઘણે અંશે પણ આપણા હૃદયમાં સંતોષ થશે, એ નિશ્ચિત અને નિઃસંશય છે. ચાલો ત્યારે આપણે વાર્તામાં આગળ વધીએ અને કાશ્મીરનું અવલોકન કરિયે.

શીતલ સમીરની સૌગંધિક લહરીઓ શરીરને સ્પર્શ કરી આનંદ આપીને રોગને હરતી જતી હતી. જેહલમ નદીનું સ્વચ્છ અને નિર્મળ જળ બિલોરી તખ્તાઓ પેઠે ધરતી સાથે ચોંટી જ ગયું હોયની તેવો ભાસ થતો હતોઃ તેમાં ઉછાળા પણ આવતા નહોતા અને તરંગો પણ ઉદ્ભવતા નહોતા-અર્થાત્ જેહલમ પોતાનો ઉચ્છૃંખલ સ્વભાવ છોડીને સર્વથા શાંત બની ગઈ હતી. ગાઉના ગાઉ સુધી જાણે પાણીની એક લાંબી ચાદર પાથરી દીધી હોય તેમ જ જોવામાં આવતું હતું અને તે ચાદર એવી તો સુઘડતા ભરેલી હતી કે, જેમાં સળ કે કરચોલી જેવી વસ્તુ તો જોવામાં જ નહોતી આવતી. એ પાણીની સ્થિર સપાટી-પર એક સુશોભિત હાઉસબોટ-મુગ્ધા સામાન્યા સ્ત્રીસમાન નૃત્ય કરતી દૃષ્ટિગોચર થતી હતી. એમાં ત્રણ મનુષ્યો બેઠેલાં હતાં અને તેની પાછળ બે બીજી હોડીઓ જાણે નૃત્યકી પાછળ સાજિન્દાઓ આવતા હોય તેવી રીતે ચાલતી દેખાતી હતી. તેમાં નોકર ચ.કરો બેઠેલાં હતાં. પ્રથમ હાઉસબોટમાં બેઠેલાં ત્રણ પ્રવાસીઓ નસીમબાગ તરફ જતાં હોય એમ સ્પષ્ટ જણાતું હતું. નદીના બંને કિનારાઓપર મનોહર ટેકરીઓ ઝુકી રહી હતી અને તેનાપર લીલી કંજર જેવી વાડીઓ લહ-રીઓ લીધા કરતી હતી. ડાળીઓ, ફળોના ભારથી જમીન સૂધી વાંકી ઝુકી ગઈ હતી અને તેમનાં ફળો જોવામાં જેટલાં રૂપાળાં હતાં, તેટલાં જ ખાવામાં પણ સ્વાદિષ્ટ હતાં. વળી એ ફળોનું જીવન પણ અમુક કલાકોનું જ થતું હતું. ત્યાંના નિવાસીઓ મહાભાગ્યવાન કે એ ફળો. લાંબું આયુષ્ય નથી ધરાવતાં, નહિ તો મુંબઈ અને કલકત્તાના વ્યાપારીઓ તેમનો વંશ વેલો પણ કાઢી નાંખત અને બાપડા કાશ્મીરીઓ સ્વપ્ને પણ એ ફળોનો સ્વાદ લેવા ન પામત. રેલ માવડી હજુ ત્યાં પધાર્યાં નથી ત્યાં સુધી કાંઇક ઠીક છે. જો રેલ થઈ, તો જેમ રાલી-બ્રધર્સે હિન્દુસ્તાનમાંથી અન્ન ખુટાડ્યું છે, તેમ કોઈ પાલીબ્રધર્સ જાગીને ફળોનું સત્યનાશ કાઢશે; એ વાત બ્રહ્માના અક્ષર જેવી અક્ષરે અક્ષર સત્ય જાણવી! જો ફળ બગડશે તો બરફમાં કે મધમાં ઘાલીને કે બીજી કોઈ રીતે માથું ફોડીને પણ બહાર કાઢ્યા વિના તેઓ નહિ રહે.

હાઉસબોટમાંનાં ત્રણ પ્રવાસિયોમાંનો એક ઊંચો અને ભરેલા આકારનો મનુષ્ય હતો. તેણે પોતાના શરીરપર અંગ્રેજી ડ્રેસ ધારણ કરેલો હતો અને માથે

સ્મોકિંગ કેપ મુકેલી હતી. આંખે સોનેરી ફ્રેમવાળો ચશ્મો ચઢાવ્યો હતો. તેની મુછો લાંબી અને થોભિયા ભરેલા હતા. જાણે કોઇ યુરોપીયન કે યુરેશિયન હોય તેવો દેખાતો હતો. તે એક ઇઝીચેરપર બેઠો હતો અને પાસે જ એક ટિપાઇ પણ પડી હતી. તે ટિપાઇપર એક ગરમાગરમ ચાહનું કપ, એક રકેબીમાં તાજું માખણ અને એકમાં પાઉંની ઘીમાં તળેલી કાતરીઓ મુકેલી હતી. બાજુમાં રાખેલી એક ખુરસીપર એક બે અંગ્રેજી ન્યુસપેપરો અને એક અંગ્રેજી નોવેલ પડેલાં જોવામાં આવતાં હતાં.

બીજા પ્રવાસીના અંગમાં સુટ હતો ખરો, પણ હાફકોટને સ્થાને ડગલો હતો અને માથે એક આખા થાનનું મોચીલું (રેહેંટો) બાંધી મુક્યું હતું. એથી એવું જણાતું હતું કે, જાણે તે સાત પેઢીમાં કોઈ પાસેથી ફેંટો બાંધતાં શીખ્યો જ ન હોય! જો એ ફેંટાને બદલે તેના માથામાં પારસી ફેશનનો ફેંટો હોત તો તેને પારસી માનવામાં કોઈ પણ આનાકાની કરત નહિં. તે પણ એક લાંબી ઇઝીચેરપર પડેલો હતો. સામેની ટિપાઇપર ચાહનો એક પ્યાલો અને રાજતરંગિણી નામક કાશ્મીરના ઇતિહાસનો ગુજરાતી અનુવાદ–એ બે પદાર્થો પડેલા હતા. એ મનુષ્યના મુખનો રંગ ફીકોફચ, શરીર દુર્બળ, પણ મુદ્રા આરોગ્યદર્શક જોવામાં આવતી હતી. જેમ કોઈ તરતનો માંદગીમાંથી સાજો થયો હોય તેવો તેનો દેખાવ જણાતો હતો.

તૃતીય પ્રવાસિની, તે નવયૌવના ગૌરાંગી સુસ્વરૂપા કુમારિકા હતી. તેણે માથાપર કાશ્મીરનો મોંઘા મુલનો દુશાલઘટ્ટો રુમાલ લપેટેલો હતો. નારંગી રંગની રેશમી સાડીથી પોતાનું છરેરું શરીર શોભાવ્યું હતું. તેની નીચે એક અંગ્રેજી ફેશનનો ગુલાબી પોલકો હતો અને તેપરની જરીની બુટિયો સાડીમાંથી આરપાર દેખાતી હતી. પગમાં મખમલની રેશમથી ભરેલી સ્લીપરો પહેરેલી હતી. બટનના કાજમાં એક ગુલાબના પુષ્પની અર્ધ વિકસિત કળી ખોસેલી હતી; અને તે તેના ગુલાબી ગાલના રંગથી લજાઈ મુઝાતી જણાતી હતી! વ્હાણવટીઓ વિચારમાં પડ્યા કે, "આ તે કઈ ન્યાતના માનવી હશે?" પ્રથમ પ્રવાસી ઓળખાતો હતો કે જાણે યુરોપિયન–છતાં તેના મોઢામાં ચીરૂટ નહોતી, એ નવાઈ જેવું હતું. બીજો પ્રવાસી કોઈ બાબુ જેવો જણાતો હતો, પણ એ બાબુની એ લોકો આટલી બધી સેવા ચાકરી શા માટે કરતાં હશે એ એક ગુંચવાડા ભરેલો પ્રશ્ન હતો. એક જણે એ ગુંચવાડાનો પોતાની કાશ્મીરી ભાષામાં નીચે પ્રમાણે ઉકેલ દીધો:–

"ભાઈ! મને તો આ કોઈ પૈસાદારનો દીકરો દેખાય છે. આ છોકરી તે આપણા અહીંથી નીકળીને સદાને માટે બહાર જઈ વસેલા કોઈ કાશ્મીરી બ્રાહ્મણની જ દીકરી હોય એમ સાફ દેખાય છે. એ અંગ્રેજી ભણેલી છે અને આ પૈસાદાર જવાનિયાને પોતાની જાળમાં સપડાવી બેઠી હોય એમ લાગે છે. આ અંગ્રેજ છે તે એની રયાસતનો મેનેજર હશે."

"હા-હા;" બીજાએ ટાપસી પુરી. "લખનૌ અને અલ્હાબાદમાં નશા કાશ્મીરીઓ જ જઈ વસ્યા છે. ઉઘાડે મોઢે ફરવું તો હવે અંગ્રેજી રાજમાં જરાય નવાઈ જેવું નથી. આ સાહેબ સાથે તો બાપ દીકરીનો નાતો છે, પણ આ બાબુ જોડે આંખલડી હોય એમ ચોખ્ખું દેખાય છે."

"છોકરો મારો બેટો હુશિયાર!" ત્રીજો વચ્ચે પુરાયો. "અંગ્રેજી કેવું ચટચટ બોલે છે! જાણે સાહેબનો જણ્યો!! આ પુતળી એની એવી ચાકરી કરે છે કે જાણે દાઈ! મને તો લાગે છે કે, આ ધનવાન છોકરો મંદવાડમાંથી ઉઠ્યો છે તે આ ડોકટર અને આ દાઇને લઈ હવા પાણી બદલવા નીકળ્યો છે. પણ આ હૈયાણી એને ચોરાશીના ફેરામાં નાંખ્યા વિના નહિ રહે. છે મહા પોકેલી હોં કે!"

ખારવાઓ પોતપોતામાં ઉપર પ્રમાણે વાતો કરતા નાવ હંકારી રહ્યા હતા અને ત્રણ મુસાફરો વળી બીજા જ તરંગોમાં તણાતા જતા હતા. તેમની વાતો વળી જુદા જ પ્રકારની હતી.

"સાંમેની હીલપર નજર નાંખો;" પ્રથમ પ્રવાસીએ નાસ્તો લઈ પરવારી હાથ લ્હોતાં લ્હોતાં કહ્યું. "આય જે ઝીની ઝીની ખુશબો આવેચ, તે ત્હાંનાં ફુલોની જ છે. દેખાવમાં ઝીની ચંબેલી જેવાં લાગતાં તે ફુલો ખરેખર ચંબેલીનાં નથી, પણ કુદરતી રીતે વગર વાવવે ઉગેલાં છે. તેની પાસેનું ફેલાયલું મેદાન વરી બધું સુંબુલની લટોથી છવાઈ રહ્યુંચ. એ પણ કુદરતનો એક નમુનો જ છે. એશિયાઈ સ્હાયરોએ માશુકની જુલ્ફ સાથ એને સરખાવી છે. ખરેખર જરાબી શક વગર એ માશુકની જુલ્ફો છે. રેસમને સરમાવે તેવું સુમારપન અને ભલ-ભલાં હેરદ્રુજને બાજુ મુકે તેવી ખુશ્બોથી તે તર છે. જાને આપરે વેનિસમાં ફરતા હોઇયે તેમ લાગેચ. ઝાડો તો જોવ કેવાં સરખાં વાવેલાં છે. જાને નેચરના મોકલેલા માલીએ માપ લઇને જ રોપા રોપિયાચ! આય સિનેરીએ જ અંગ્રેજોનાં દિલ જીતી લીધાંચ. જોવ આય બાજુના મેદાનમાં કેવી ફાઇન લેબોરેટરી બની શકે એમ છે? આય આવેચ તે મેદાનનો બગીચો વાહ! જાને રીયલ બોટનીકલ ગાર્ડન! શું દિલપજીર દેખાવ છે. જાને બાગેબેહેસ!"

"કુદરતની ઉદારતા એવી જ છે;" પંજાબી પ્રવાસીએ મુખ ઉઘાડ્યું. "જુઓ સામે પેલી સ્ત્રીઓ ઉઘાડી ન્હાય છે, તે જાણે પરિયો અને હુરોનું ટોળું કોહે-કાફથી ફરવા ઉતરી પડ્યું હોય તેવું દેખાય છે. હવે જો એ લોકોનાં સુડોળ શરીરપર ગવન પહેરાવ્યાં હોય, તો મેમ સાહેબ કરતાં કોઈ રીતે ઉતરતી દેખાય? પણ નિર્ધનતા! જો યુરોપિયનો જેવાં આઇતાં સુખો આ લોકોને મળે, તો કાંઈ પણ મણા રહે ખરી કે?"

"હા-હા, મીસ્ટર માનેકચંદ!" સ્ત્રી પ્રવાસિનીએ પોતાનો કોકિલ સ્વર કાઢી બધા ખારવાઓની આંખો પોતા ભણી ખેંચી. અહીંની બે ચાર બૈરીઓ લઇ આલો ને બે ચાર બૈરાં મદ્રાસથી મંગાવો, પછી તે બધાંને ગવન પહેરાવી કેવ કે આય ઇન્ડિયન બ્યુટી છે! જરા મઝા આવશે!"

"હિંદુઓના જુના ફિલસોફરોએ મુલતાન અને લાહોરની ગરમ લ્હાય જેવી લુમાં ન્યાયશાસ્ત્ર અને અધ્યાત્મ વિદ્યાની શોધો શું કરી હશે?" માણેકે એકેક પછી આવતાં સ્થળોથી આશ્ચર્યે પામીને કહ્યું. "આવા મનોરમ્ય સ્થાનોમાં કેવી રીતે લોકોએ પોતાનાં ભેજાં કસ્યાં હશે અને ત્યારે જ તે લોકોને એવા અસાધારણ વિષયોનું જ્ઞાન થયું હશે. લોકો કહે છે કે, પંજાબમાં કોઈ મહાત્મા થયો નથી, તે વાત ખરી છે. થાય કયાંથી? જ્યાં નિરંતર અગ્નિ વર્ષતો હોય, શરીર બળીને ખાખ થાય અને ભેજું મીણબત્તીની પેઠે ઓગળે, ત્યાં શાંતિ અને અભ્યાસ કયાંથી થઈ શકે? વર્ષાઋતુમાં પણ બુરા હાલ અને શરદ્ઋતુમાં તો હાથ પગ અકડીને લાકડાં થઈ જાય. એટલે કોઈ ભેજું કસે તે કેવી રીતે અને શા સાધનોથી કસે?"

"યુ આર ઈરાઇટ;" પ્રથમ પ્રવાસીએ કહ્યું. "જો આખી જહાનમાં જીવતાં દોજખ ગનવાં હોય, તો મોટો ભાગ આફ્રિકા, અમેરિકા અને હિન્દુસ્તાન એ સિવાય બધે સારી જગા છે. જો આય કેશ્મીર નહિ હોતે, તો હિન્દુસ્તાનને નાશ કરવાનું કેથે હોતે ન્હે જો."

નૌકાઓ ચાલી જતી હતી અને નવનવાં સ્થાનો આવતાં જતાં હતાં, એટલામાં જરે શીશીમાંથી એક ભાગ દવા કાઢી અને માણેકને કહ્યું કે, "લેવ આય એક ભાગ પી જાવ ને શાલ પગપર જરા ઉંચે વેર હોરો. કુક નીકરીશ તે હેરાન કરશે. અરે બરે આય ચોપરી!" જરે માણેકના હાથમાંથી ચોપડી ઝુંટાવી લઈ ટેબલપર નાંખતાં કહ્યું, એમાં શું બરીયુંચજે?"

"જરબાનું!" માણેકે દવા પી મ્હોં લુછતાં ઉત્તર આપ્યું. "એ પુસ્તકનું નામ રાજતરંગિણી છે. એમાં કેશ્મીરનો જુનો ઇતિહાસ લખેલો છે. આવી ચોપડીઓ

હિંદીમાં ભાગ્યે જ મળે છે. એનો મૂળ સંસ્કૃત લખનાર કુલ્હણ પંડિત છે. આ ગ્રંથમાં કયાંક કયાંક તિલસ્માનો અને ચમત્કારોનો તો જો કે છાબરડો કરવામાં આવ્યો છે; પણ એમ ન કરત તો ગ્રંથ ફીકો પડી જાત-પણ સંસ્કૃત કવિઓની એ પુરાતન રીતિ છે, એટલે ક્ષમ્ય ગણી શકાય છે."*

હોડીઓ નદીના પેટપર નાચતી જતી હતી, એટલામાં એક વિશાળ મેદાન આવ્યું, કે જે ચારે તરફથી પહાડીઓ અને ઝાડીઓથી ઘેરાયલું હોવાથી બહુ જ સુશોભિત દેખાતું હતું. માણેકે એ રમણીય ભૂમિ નિહાળી આનંદથી એકદમ ઉઠીને ઉદ્દગાર કાઢયા કે, "અહાહાહા! કેવું સુશોભિત સ્થાન છે? જો મને પ્રભુ ધન આપે તો અહીં એક મોટી સ્કુલની સ્થાપના કરું અને છોકરાઓને યોગ્ય શિક્ષણ આપું. અડધા માઇલના અંતરે એક ગર્લ્સ સ્કુલ બંધાવું અને તે કન્યાશાળાની ચારેકોર એક ઊંચો કોટ ચણાવું. મારી સ્થાપેલી શાળામાં ધર્મના ઝગડાને તો નામને માટે પણ રાખું નહિ, અને સંસ્કૃત કે અરબીનો અભ્યાસ પણ ન કરાવું. ધર્મ અને મૃત ભાષાઓનો જેમને અભ્યાસ કરવાનો હોય, તેઓ પોતાને અનુકૂળ બીજી સ્કુલો શોધી લે, ફારસીનો તો મારી નિશાળમાં ઉચ્ચાર પણ થઈ ન શકે એવો બંદોબસ્ત કરાવું. કારણ કે, એવી એવી ભાષાઓ હવે દેશપાર કરવા જેવી છે. એવી ભાષાઓની હિન્દુ, મુસલમાન, પારસી કે યુરોપિયન કોઇને પણ કાંઇએ અગત્ય નથી. આરંભથી જ અંગ્રેજી શિક્ષણનો અભ્યાસ ચાલુ કરવો, એ જ વધારે લાભકારક છે. પ્રાઇમરી અને મિડલની પરીક્ષાઓને જડમૂળમાંથી ઉખેડી નાંખું અને ભૂગોળ, ઇતિહાસ, ગણિત તથા રેખાશાસ્ત્ર ઇત્યાદિ સર્વ અંગ્રેજીમાં જ ભણાવું. બે બોર્ડિંગ હાઉસ જુદાં કરાવું-એકમાં બાળકોને અને બીજામાં મોટાઓને રાખવાની વ્યવસ્થા કરું. બાળકો માટે એક મિસ્ટ્રેસ જુદી રાખું કે જે માતા થઈ વિદ્યાર્થીઓને પોતાના બાળકો ગણીને કેળવે. મોટાઓના બોર્ડિંગ હાઉસપર એક યુરોપિયન સુપ્રિંટેન્ડેન્ટ નીમું અને અંગબળ વધારવા માટે કસરતશાળા તો સ્પેશિયલી સ્થાપિત કરાવું."

"હાસ્તો! આપવીતી યાદ આવતી હોસે તે!" સ્ત્રી પ્રવાસિનીએ ટકોર કરીને કહ્યું. "પણ તમારા હિંદુઓ બચ્ચાંને મોકલશે કેમ? તે લોકને તો ઘરેનાં

---

* રાજતરંગિણીનું ભાષાન્તર "ગુજરાતી" પત્રના તંત્રીએ કર્યું છે, જે ત્રણ રૂપિયાની કીંમતે મળે છે.

ને જરિયાન કપરાં પહેરાવી ફેરવવાનાં ને ઢીંગલા ઢીંગલીનાં લગન કરવાનાં વેઝાં લાગેલાં, તેથી એ લોક કૈં મોકલે બોકલે ન્હૈં જો."

"અરે! આપોઆપ મોકલવા માંડે;" પંજાબીએ શેખચલ્લીના વિચારોમાં ગોથાં ખાતાં કહ્યું. "માસ્તરો પણ બધા અંગ્રેજો રાખું કે, ઉચ્ચારો શુદ્ધતાથી શીખવે. આ અડધા ભણેલાઓને ધર્મેય ન રાખું."

"પણ પછી પગારો બહુ મોટા આપતાં દમ ઉપર આવશેની!" પ્રથમ મુસાફરે ટકોરમાં વાએ ચઢાવતાં કહ્યું.

"મ્હોં માગ્યો પગાર આપું;" પંજાબી જાણે બેંકના ચેકપર સહી કરવા બેઠો હોયની તેવી રીતે તડતડીને બોલ્યો. "છોકરાઓ તો ચંચળ થાય. આ અમારી યુનિવર્સિટીઓ છોકરાઓને રદ્દ કરી નાંખે છે, તેમ તો ન થાય? કૉલેજની ચાર શાખાઓ કરું. એકમાં કેવળ વિદ્યાની અને સભ્યતાની શિક્ષા મળે, બીજીમાં કાયદા-કાનુન, ત્રીજીમાં મેડીકલ ખાતું અને ચોથીમાં સાયન્સ-તેમ જ સાથે એન્જીનિયરીંગ-રસાયણ-વેપાર ધન્ધો ને દેશસેવા. તેની સાથે એક હુન્નર કળાને લગતું ખાતું પણ ઉઘાડું. રાતના દશ વાગે સુઈ જવું-દશ વાગ્યા પછી કોઇને ચોપડી વાંચવાનો હુકમ નહિ. ક્રિકેટ, ફુટ બોલ, ટેનિસ અને પોલો ખૂબ રમાડું, કે જેથી હાથ પગ ચાકબાક રહે. ઘોડાની સ્વારી શીખવનાર એક સારો સ્વાર પણ રાખું."

થોડીવાર વિશ્રાંતિ લઇને માણેકે પાછું બોલવા માંડ્યું. "પરીક્ષા લેનાર બધા અંગ્રેજો અને તે પણ વયોવૃદ્ધ. પ્રશ્નો થોડા જ પૂછે અને વિદ્યાર્થી જેટલું શીખ્યા હોય તેટલાની જ પરીક્ષા લે. ભળતા ભળતા સવાલો પૂછીને છોકરાઓને ગભરાવે નહિ. જર્મન અને જાપાનવાળાઓના પ્રીન્સિપલ પ્રમાણે પરીક્ષા લેવાય. વિદ્યાર્થી અને શિક્ષકો પરસ્પર મિત્ર પ્રમાણે જ વર્ત્તન રાખે. કુંભાર જેવા ડફેણાથી કામ રાખનાર માસ્તરો અને ગધેડા પેઠે ચોપડીઓનો ભાર ઉંચકી ફરનારા છોકરાઓ એ બન્નેનો અવતાર નકામો છે. પઠનપાઠનનો આનંદ ન લેનાર પોતાનો અવતાર વ્યર્થ ખોઇ નાંખે તે શા કામનું?"

"હવે તમે બોલતા બોલતા થાકી ગિયા, વાસ્તે આય ચાહ મહેરબાની કરીને પી લેવ ને તાજી ફ્રૂટ લો, બેચાર બીસ્કોટ પચરાવો." સ્ત્રી પ્રવાસિનીએ હસતાં હસતાં કહ્યું. "ભુખે પેટ બધી દોલત અમસ્તી લુટાવી દેતાં તો પીરા થઈ પરસે! ચાલો-સાથે સાથે આય ટોસ્ટ ને માખન બી લેતા જાવ."

પંજાબી મુસાફરે આડુંઅવળું જોઇને બે ગફ્ફા મારી લીધા. ખારવાઓ થોડીવાર પછી એમ અનુમાન બાંધી બેઠા કે, સાહેબને અડકીને ખાય છે એટલે એ

માણસ મુસલમાન હોવો જોઇએ. એવા વિચારથી ત્યાર પછી માણેકને તેઓ મિયાં સાહેબના નામથી બોલાવવા લાગ્યા. માણેકે પણ તેમની ભૂલ ભાગવાનું યોગ્ય ન ધાર્યું અને મિયાં સાહેબ જ બની ગયો. અંતે હોડીઓ નસીમબાગ આવી પહોંચી, પણ રાત પડેલી હોવાથી મુસાફરોએ નીચે ન ઉતરતાં હોડીઓમાં જ વિશ્રામ કર્યો. આખી રાત એવી મીઠી ઊંઘ આવી કે, જાણે "ઘોડે બેચકર સોયે" વાળો હિસાબ જ થઈ ગયો.

અહીં જણાવવું જરૂરનું છે કે, માણેકની પ્રકૃતિ સુધરવાની આશા બંધાતાં ડોકટરે હવા બદલવાની સલાહ આપી હતી. એટલામાં એદલજીનો પોતાની પુત્રી સાથે કાશ્મીરની સહેલગાહે જવાનો વિચાર થયો અને તે વેળાએ જરના આગ્રહથી માણેકને પણ પોતાને ખર્ચે તેણે પોતા સાથે લઈ લીધો, નહિ તો બિચારા માણેકનાં એવાં ભાગ્ય અને એવું સામર્થ્ય કયાંથી કે, તે વાતની વાતમાં કાશ્મીરનો પ્રવાસ કરી શકે! ઠીક થયું. તેનાં સારાં જ ભાગ્ય કે તેને આવો સારો અને સુશીલ શેઠ તથા માયાળુ શેઠની પુત્રી મળી ગયાં.

પ્રકરણ ૧૫ મું

અદેખાઇની આગ

દુનિયામાં જે જે પીળી અને ચળકતી વસ્તુઓ છે, તે સર્વ સુવર્ણ નથી, શ્વેત વસ્તુ રૂપું નથી અને મનુષ્યની આકૃતિ ધરાવનારા સર્વ જીવો મનુષ્ય નથી, એવો જે કેટલાક કવિઓનો ખાસ અભિપ્રાય છે, તે અક્ષરે અક્ષર સત્ય છે. આપણે ધ્યાનથી અવલોકન કરિયે, તો એનો અનુભવ આપણને ડગલે ને પગલે આ સંસારમાં મળ્યા કરે છે. કવિશિરોમણિ અને સંસારના પૂર્ણ અનુભવી શ્રી ભર્તૃહરિના 'ये तु घ्नन्ति निरर्थकं परहितं ते के न जानीमहे।' એ મહાવાકયની આપણને વારંવાર નિત્ય-ક્ષણે ક્ષણે ને પળે પળે સ્મૃતિ થયા કરે છે. અત્યારે આપણે તેવા જ બે મહાપુરુષો–વિઘ્નસંતોષી સજ્જનો સાથે ઓળખાણ કરવાના છિયે. ચાલો તેમને મળવાને.

જરે મુસાફરીમાં પોતા સાથે બીજા બે પારસી જુવાનિયાઓને પણ લીધા હતા. એ બન્ને તેના દૂર દૂરના સગા અને અત્યારે એદલજીના નોકરો થતા હતા. એકનું નામ અરદેશર વિલાયતી હતું અને બીજો પેસ્તનજી પસ્તાકિયાના નામથી ઓળખાતો હતો. અરદેશરની ઉમ્મર લગભગ ૨૫ વર્ષની હશે અને દેખાવે તે ચોકખો યુરોપિયન જેવો દેખાતો હતો. એથી જ એની વિલાયતી અટક પડેલી

હતી. એ બાગબે યુનિવર્સિટીનો બી. એ. પાસ થયલો ગ્રેજ્યુએટ હતો. પેસ્તનજી બિચારો મેટ્રિક જ કહેવાતો હતો. પ્રીવિયસમાં પંદરવાર જવા છતાં પણ નાપાસનો નાપાસ જ રહ્યો, અને ત્રીસ વર્ષનો થયો, તોપણ આઠેહઠે એટલો પણ ન જાણે! એ બન્ને જણ અદેખા સ્વભાવના હોવાથી એમનું પોતપોતામાં બહુ જ સારું બનતું હતું. બીજાઓ સાથે તો હમેશાં એમનું ગ્રહણ જ લાગેલું રહેતું હતું. જ્યારથી માણેક, એદલજીને ત્યાં નોકરીએ રહ્યો અને તેણે પોતાના શેઠની અને શેઠની દેવીસમાન પુત્રી જરની કૃપા સંપાદન કરી હતી, ત્યારથી એ બે જણે માણેકની અદેખાઈ કરવા માંડી હતી. પણ ભલા એદલજી પાસે તેમનો કાંઈ પણ દાવ ફાવી શકતો નહોતો. જ્યારથી કાશ્મીરમાં પ્રવાસ કરતાં માણેકને ડા. વાચ્છા ખાસ પોતાની જ બોટમાં અને પોતાની જ ગાડીમાં સાથે રાખીને ફેરવવા લાગ્યો અને અરદેશર તથા પેસ્તનજીને નોકરો માટેની બોટ તથા ગાડીમાં બેસવાની ફરજ પાડવામાં આવી, ત્યારે તો તેમની અદેખાઇની આગના ભડકેભડકા થવા માંડ્યા. તેમનો માનસિક કોપ અનિવાર્ય થઈ ગયો. જે વેળાએ માણેક પોતાના સ્કુલ વિશેના વિચારો વ્યકત કરતો હતો, તે વેળાએ એ બે અદેખાઓની પાછળની બોટમાં નીચે પ્રમાણે વાતચીત ચાલતી હતી:–

"અરે પણ જોએચ કે પેસુ! આ ઘરડા ઘુવડને બુઢ્ઢાપામાં કેવું ઘુરૂં લાગિચુંચ તે? જાને જરથોસ્તીઓ બધા મરી ગિયા હોયની, તેમ જાનીને એ તો હવે દારેદારે એ એહમક હિન્દુને જ વધારે અને વધારે લવ કરિયા કરેચ. આય પોરીનાં કઉતકબી મને તો કંઈ સારાં નહિ જનાતાં બા! સેતાનના જનિયા એ માણેકેબી બાપ દીકરીપર કોન જાને કેવી જાદુઇ અસર ચલાવીચ કે તેવન બસ એને ને એને જ જોયા કરેચ. મારેથી તો આય નહિ ખમી શકાતું. હવે તો વાત એટલી હદ વેર જવા લાગી કે, એ શેઠની ગારીમાં ને શેઠની હોરીમાં શેઠ થઇને બેસે ને આપરે નોકરોની ગારીમાં ને નોકરોની હોરીમાં નોકર થઇને બેસીએ. છત નોન્સન્સ! શું નોકરી કરિયેચ તે આબરુ ગમાવવાને વેરે કે? આમાં આપરું પોજિશન શું રહ્યું જે? ખરું કેજે પેસી!" અરદેશરે બળાપો કર્યો.

"અદુ! તારા કરતાંબી મારા મનમાં તનઘણો વધારો થાયચ. પણ કોન્ને કેઇયે ને કોન્ને નહિ? કોઇબી એલાજે એ સેતાનનો પગ આપરી પેરીમાંથી નીકલી જાય, એવો કોઈ રસ્તો શોધી કહારવો જોઇએ." પેસ્તને પોતાના વધારે વફાદાર વિચારો જણાવતાં કહ્યું.

પેસ્તનજી દુકાનનો જુનો અને અનુભવી માણસ હતો અને અરદેશર બી.

એ. થયેલો હતો, તેથી બન્નેને સો સો રૂપિયાનો પગાર મળતો હતો અને માણેક બિચારો એમ. એ. છતાં પણ માત્ર વીસ રૂપરડી જ પામતો હતો, એટલે એમને તેની અદેખાઈ કરવાનું ખાસ કારણ તો એક પણ હતું નહિ. તોપણ પોતાની દુર્જનતાનો ધર્મ દેખાડવા માટે એદલજી અને જર, માણેકને મહેરબાનીની નજરથી જોતાં હતાં એટલા માટે જ એમણે તેની અદેખાઈ કરવા માંડી હતી. એક કવિએ દુર્જનોનાં લક્ષણનું વિવેચન કરતાં લખેલું છે કે, "મનમાં કરૂણા નહોવી, કારણ વિના બીજાઓ સાથે વિગ્રહ કરવો, પરધન અને પરનારીની ઇચ્છા કરવી, પોતાના સજ્જન કે બંધુના સારાને પણ સહન કરી ન શકવું, ઇત્યાદિ સ્વભાવો દુર્જનોમાં નૈસર્ગિક રીતે જ વાસ કરી રહેલા હોય છે." એ વાકયોમાં કેટલી અને કેવી સત્યતા સમાયલી છે તેનો અરદેશરના અને પેસ્તનજીના ઉદાહરણથી વાચકોએ પોતે જ વિચાર કરી લેવો. એદલજી, બેરામજી, ડાકટર વાચ્છા અને જરના હૃદયમાં આપણે જેટલી ઉદારતા અને પરમાર્થતાનું દર્શન કર્યું છે, તેટલી જ અનુદારતા અને અસહિષ્ણુતા અરદેશર અને પેસ્તનના મનનાં સમાયલી હતી. એ વાચકોને નવેસરથી જણાવવું પડે તેમ તો નથી જ. સારાંશ કે, પારસી કોમમાં જેવી રીતે ઉદાર, દાની અને પરમાર્થી સ્ત્રી પુરુષોની વિપુલતા છે, તેવી રીતે મિથ્યાભિમાની, પોતા આગળ બીજાને કાંઈ પણ ન માનનારા, દ્વેષી, ઇર્ષાવાન અને કૃપણોની પણ કાંઈ ન્યૂનતા નથી. ગામ હોય ત્યાં ઢેઢવાડો હોવો જ જોઇએ. પણ અફસોસની વાત તો એ છે કે, એવા ઉચ્છૃંખલ અને અદેખાઓ ઘણું કરીને આજ કાલના અંગ્રેજી વિદ્યા શીખેલા પારસી જુવાનીઆઓમાંથી વધારે પ્રમાણમાં મળી આવે છે. અંગ્રેજો પોતાને નીચા માને છે, તેની વિરુદ્ધમાં તેઓ પોકાર કરે છે અને પોતે બીજાઓને નીચા માનવામાં જરા જેટલો પણ વિચાર કરતા નથી. એમની સ્થિતિ "ડાહી સાસરે ન જાય ને ગાંડીને શિખામણ દે" તેના જેવી જ થાય છે.

અરદેશર અને પેસ્તને માણેકને નુકસાન પહોંચાડવાના પોતાથી બનતા અનેક પ્રયત્નો કર્યા. પણ જ્યાં સૂધી ઈશ્વરની, એદલજીની અને જરની તેનાપર મ્હેર નજર હતી, ત્યાં સૂધી માણેકનું કાંઈ પણ ભુંડું થઇ શકયું નહિ.

પ્રકરણ ૧૬ મું

જાપાન અને તેનો ઇતિહાસ

આપણી વાર્ત્તાનું વહણ હવે જાપાન ભણી વળે છે, એટલે અત્યારે આ અવ-

સરે વાચકોને જાપાનનો થોડોક ઇતિહાસ કહી જવો નિરર્થક તો નહિ જ થાય, જો કે આ વાર્તા સાથે જાપાનના ઇતિહાસને કાંઇ પણ લાગતું વળગતું તો નથી જ, છતાં પણ તેનું થોડુંક વિવેચન કરવાની લાલસાને હું રોકી નથી શકતો. આશા છે કે, એ સાહસ માટે સુજ્ઞ વાંચનાર મને ક્ષમા કરશે જ. છતાં પણ જેને ઇતિહાસ પ્રતિ સ્વાભાવિક અરુચિ જ હોય, તે થોડાંક પાનાં ઉથલાવી, જ્યાંથી વાર્તાનો સંબંધ જોડાયો છે, ત્યાંથી વાંચવા માંડશે, તો પણ વિષયનો ભંગ તો નહિ જ થાય.

જાપાન તે અનેક ટાપૂઓનો એક સમૂહ છે. એ પહાડોનો મોટો ભાગ જ્વાળામુખી પર્વતોનો છે અને તેથી ભૂકંપ આદિના પંજામાં એ દેશ બહુધા સદા સપડાયલો જ રહે છે. ઇ. સ. પૂ. ૨૮૬ વર્ષ પૂર્વે એ દેશને ભૂકંપનો એક એવો ભારી આંચકો લાગ્યો હતો કે, એક સ્થળે ભૂમિ ઉંચી ચઢી આવી હતી ને તે અદ્યાપિ ફૂજી પર્વતને નામે ઓળખાય છે. એની ઉંચાઇ ૧૩૦૦૦ ફીટ કરતાં પણ વધારે છે. એક બીજા સ્થળે ધરતી ઉંડી ઉતરી ગઈ અને ત્યાં તળાવ બની ગયું કે જેને અત્યારે લોકો “બીવા” તળાવને નામે જાણે છે. એ રાક્ષસી તળાવ સાઠ માઇલની લંબાઇ અને લગભગ વીસ માઇલની પહોળાઇ ધરાવે છે. નાની નાની પણ પ્રબળ વેગથી વહેતી અનેક નદીઓ એ દેશમાં છે અને જંગલો પણ પુષ્કળ છે.

જાપાનમાં સોનું, ચાંદી, તાંબું, લોઢું, કોયલા તથા પત્થરોની અસંખ્ય ખાણો છે. સોનું બહુ સારું તો નથી નિકળતું, તો પણ આગળ વિદેશી લોકો વર્ષોના વર્ષો સૂધી જાપાનમાંથી પોતાના દેશમાં એ સોનું લઇ જતા હતા. માત્ર પોર્ટુગીઝો જ દર વર્ષે છ લાખ પાઉંડનું સોનું લઇ જતા હતા અને તેઓ જાપાનમાં એંસી વર્ષ પર્યન્ત રહ્યા હતા. કોયલા અને લોઢાની ખાણોને લીધે જાપાનીસોએ આજકાલના કળાકૌશલ્ય અને વૈજ્ઞાનિક યંત્રવિદ્યાના સમયમાં પોતાની અદ્‌ભુત ઉન્નતિ કરી દેખાડી છે. થોડાં જ વર્ષ પહેલાં જાપાનવાળાઓ સ્ટીમરો, વિલાયતવાળાઓ પાસેથી વેચાતી લેતા હતા અને જાપાનીસો તેને આશ્ચર્યની દૃષ્ટિથી જોતા હતા. જો કે કેટલાક સાહસી જાપાનીઓએ તે જ વેળાએ ફૂદીને સ્ટીમરોને પોતાને હાથે ચલાવવાનો પ્રયત્ન કર્યો હતો અને જ્યારે તે અગ્નિનૌકાવાહન ચાલવા માંડ્યું ત્યારે તેને ઉભું રાખવું કઠિન થઇ પડ્યું હતું. અંતે બોયલરમાંનો અગ્નિ ઓલવાઇ ગયો, એટલે તે પોતાની મેળે જ ઉભું રહ્યું. તે સમય એવો હતો અને આ સમય એવો છે કે જેની ઇચ્છા હોય તે પોર્ટઆર્થર સમીપ ઉભો રહી, જાપાની આગબોટના સમૂહને નીહાળે, એક નાનામાં નાનો લાકડાનો કટકો પણ જાપાની ભૂમિનો જ તેમાં વાપરેલો નજરે પડશે. તેનો પ્રત્યેક ચલાવનાર તથા કામદાર જાપાની જ

જણાશે. અખિલ સૃષ્ટિની સભ્ય અને ઉન્નત જાતિઓ, એ લોકોની અગ્નિનૌકાઓને જોઇને આશ્ચર્યમાં લીન થાય છે.

અત્યારે જાપાનની લોકસંખ્યા ૪૫૮૬૨૦૦૦ ની છે. મનુષ્ય ગણના કરવાની રીતિ જાપાનમાં બહુ પ્રાચીનકાળથી ચાલતી આવેલી છે. ઇતિહાસનું અવલોકન કરતાં ઇ૦ સ૦ થી ૮૬ વર્ષ પૂર્વે કર લગાડવા માટે જાપાનમાં મનુષ્યગણના કરવામાં આવી હતી, એવાં પ્રમાણો પણ મળી આવે છે. જાપાન દેશના લોકો પણ ઘણાં વર્ષ સૂધી દુર્ભાગી ભારત પ્રમાણે અન્ય દેશના લોકોને રાક્ષસ સમાન જોતા હતા; અને તેમને મળવાથી ઘણા જ સંકોચાતા હતા. પોતે પરદેશમાં જતા નહોતા અને પરદેશીઓને પોતાના દેશમાં આવવા નહોતા દેતા. જાપાનની ભૂમિ બહુ જ ફળદ્રૂપ અને રસાળ હોવાથી, પ્રત્યેક પ્રકારની આવશ્યક વસ્તુઓ તેમને પોતાના દેશમાં જ મળી શકતી હતી. પ્રથમ માર્કોપોલો નામના યુરોપિયને જ ઇ૦ સ૦ ૧૨૯૫ માં જાપાનનો થોડોક વૃત્તાંત લખીને પ્રસિદ્ધ કર્યો હતો.

સોળમી સદીના મધ્યમાં વ્યાપાર અને સાહસમાં પ્રસિદ્ધ થએલી પોર્ટુગીજ જાતિના લોકોએ જાપાન સાથે લેણદેણના વ્યવહારનો આરંભ કર્યો. તેમનું અનુકરણ કરીને સ્પેનિશો આવ્યા અને પછી ડચોએ પગપેસારો કર્યો. એક સો વર્ષ સૂધી એવી રીતે ગાડું ગબડતું રહ્યું. ત્યાર પછી ડચોએ, હોલંડના રાજાને પત્ર લખીને જણાવ્યું કે, “ એક મોટું સૈન્ય મોકલીને જાપાનના રાજાને ગાદી ઉપરથી ઉઠાડી મૂકવો જોઇએ ” એ વાતની જાપાનીઓને જાણ થઇ ને ઇ૦ સ૦ ૧૬૨૪ માં ચીન અને ડચવાળાઓ વિના, બીજા બધા પરદેશીઓને જાપાન છોડી જવાની ફરજ પાડવામાં આવી. એથી ડચ લોકોને બહુ નીચું જોવું પડ્યું. નાગાસકી નામના એક નાનકડા ટાપુમાં તે લોકોને કેદ કરવામાં આવ્યા અને તેમની દેખરેખ માટે જાપાની સિપાહોનો સખ્ત પહેરો રાખવામાં આવ્યો. ડચ પ્રતિનિધિને વર્ષમાં એકવાર જાપાનના રાજા સમક્ષ આવીને હાજરી આપવી પડતી હતી. તે સમયમાં જાપાનનો રાજા સદા સર્વદા સ્ત્રી પ્રમાણે પડદામાં જ રહેતો હતો. વળી તે ડચ પ્રતિનિધિને રાજાની મર્યાદા જાળવવા માટે સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીને ઢીચણીયે ચાલીને બહાર આવવું પડતું હતું. બસો વર્ષ સૂધી એવી રીતે જાપાનીઓએ પોતાના દેશનાં દ્વાર વિદેશીઓના ગમનઆગમન માટે બંધ રાખ્યાં. અંતે ઇ૦ સ૦ ૧૮૫૩ ના જુલાઈ માસની ૧૪ મી તારીખે અમેરિકાના પ્રેસિડન્ટનું પત્ર લઈ કામોડોર પેરી નામનો એક સરદાર જાપાનના રાજા પાસે આવ્યો. અમેરિકનોની એવી ઇચ્છા હતી કે, તેમનાં જે વહાણો જાપાન પાસે જાય, તેમનાથી જાપાનીઓ મિત્રભાવથી વર્તે અને ચીનથી અમેરિકા જતાં વહાણો

જાપાનથી કોયલો ભરે એવો પ્રબંધ થાય, તો સારું. એટલા માટે તે લોકોએ કામોડોર પેરીને જાપાન મોકલ્યો હતો. પેરીએ જ્યારે એમ સાંભળ્યું કે, "રાજા અને અન્ય દેશના દૂતોનો પત્રવ્યવહાર નાગાસકી બેટદ્વારા જ થઈ શકે છે;" ત્યારે એક સરદારને પત્ર આપી તે ચાલ્યો ગયો અને કહી ગયો કે, "આનું ઉત્તર લેવા માટે હું એક વર્ષ પછી પાછો આવીશ." રાજાએ જ્યારે આ વાત જાણી, ત્યારે તે બહુ ચિન્તાતુર થયો અને તેણે સર્વને આજ્ઞા કરી કે, "સૂર્ય દેવ (અમતરેસુ) ને પ્રાર્થના કરો કે, તે વિદેશીઓને આપણાથી આઘા જ રાખે !" બીજે વર્ષે પેરી વહાણો (સ્ટીમરો) લઇને આવ્યો અને તેણે જાપાનમાં થોડેક સૂધી રેલ અને તારનો વિસ્તાર કર્યો. એ જોઇને જાપાનીઓ જેટલા આશ્ચર્ય ચકિત થયા, તેટલા જ પ્રસન્ન પણ થયા; અને અમેરિકાવાળાઓ માટે સદાને માટે બે બંદરો ખોલી આપ્યાં. એ જોઇને યુરોપના બીજા રાજાઓએ પણ પોતાના દૂતો મોકલવા માંડ્યા. ઈ૦ સ૦ ૧૮૯૮ માં અંગ્રેજોએ લોર્ડ એલ્ગિનને જાપાન મોકલ્યો. જાપાનની ગવર્નમેન્ટે તે લોકો માટે પણ કેટલાંક બંદરો ખુલ્લાં મૂકયાં અને તેમના એક પ્રતિનિધિને જાપાનમાં રહેવાની આજ્ઞા આપી.

પેરી જ્યારે પ્રથમ જાપાનમાં આવ્યો, તે વેળાએ ત્યાંનો રાજા અને ત્યાંની પ્રજા સર્વ વિદેશીઓને પોતાના દેશમાં આવવા દેવામાં અને તેમને અધિકાર આપવામાં સર્વથા વિરુદ્ધ હતાં. તે લોકો એમ કહેતા હતા કે, "અમારો દેશ તે દેવતાઓનું નિવાસસ્થાન છે, માટે મ્લેચ્છોનું અહીં શું કામ છે ?" તોપણ પ્રત્યેક દેશમાં અમુક દૂરદર્શી જનો હોય છે, તેમ જાપાનમાં પણ હતા-જો કે તેમની સંખ્યા બહુ ઓછી હતી, પણ વખતના જવા સાથે તેમનો ઉપદેશ જ વધારે લાભકારક થઈ પડ્યો. એ થોડાક વિચારશીલ બુદ્ધિમાનોએ અનુમાન કરી લીધું કે, "આ નવા આવનાર પરદેશીઓનું આગમન લાભકારક નીવડશે;" અને નવયુવકોએ તેમના વિચારોને મળતા થઇને તે સમયથી વિદેશયાત્રા-પરદેશગમનનો આરંભ કરી દીધો. એથી જાપાનમાં સર્વત્ર ભયંકર કોલાહલ મચી ગયો. જુના વિચારવાળાઓ પરદેશીઓના પોતાના દેશમાં થએલા આગમનથી અને જાપાનીઓના વિદેશગમનથી ઘણા જ છેડાઈ ગયા. તે એટલે સૂધી કે, તેઓએ લગભગ પચાસેક વિદેશીઓને જીવથી મારી નાંખ્યા અને યુરોપિયન પ્રતિનિધિઓનાં કેટલાંક ઘરો દારૂગોળાથી ઉડાવી દીધાં. જે જે જાપાનીઓ વિદેશમાંથી ઉંચી કેળવણી લઇને પાછા આવતા ગયા, તેમને તેઓ સર્વથા ધિક્કારની દૃષ્ટિથી જોવા લાગ્યા. જે જાપાનીઓ પ્રથમ પરદેશમાંથી કેળવાઈ આવ્યા, તેમણે પોતાના દેશનો દિવસ જ ફેરવી નાંખ્યો, એમ

કહેવામાં કશી પણ અતિશયોક્તિ થતી હોય, એમ તો નથી જ. જો કે ડૉકટર અને બેરીસ્ટર થવું ખોટું તો નથી જ, પણ આપણા દેશી ભાઇઓ ખાઇ પીને એ બે વાત પાછળ જ મંડી પડ્યા છે, અને તેથી આપણા દેશની સર્વથા ઉન્નતિ થાય એ અશક્ય જ છે. જાપાનીઓએ જેવા પ્રકારની કેળવણી લીધી છે, તેવા પ્રકારની કેળવણીથી જ લાભ થવાનો સંભવ છે.

જાપાનીઓ કામાડોર પેરીના નામનો અદ્યાપિ માનપૂર્વક ઉચ્ચાર કરે છે. યડોની ખાડી પાસેના એક ગામમાં પેરીનું સ્મારક કરવામાં આવ્યું છે અને જાપાનીઓ પેરીને જ પોતાની ઉન્નતિનો હેતુ ગણીને તેને માન આપે છે.

જાપાનીઓના પુરાણો પ્રમાણે જાપાનનો રાજા ભારતવર્ષના પ્રાચીન રાજાઓ પેઠે સૂર્ય વંશમાંથી ઉત્પન્ન થએલો છે પણ તેઓ સૂર્યને દેવને સ્થાને દેવી તરીકે માને છે! જેમકે અંગ્રેજો ચંદ્રને સ્ત્રીલિંગમાં ગણે છે તેમ. તેમના મત અનુસાર પ્રથમ સ્વર્ગમાંથી સાત દેવતા આવીને પૃથ્વીપર વસ્યા હતા અને તેમનામાંથી ત્યાર પછી બીજા દેવોનો જન્મ થયો હતો. વર્તમાન રાજા તેનો જ વંશ છે. એ લોકોની ગણના પ્રમાણે પ્રથમ રાજા જિંભૂ ઇ૦ સ૦ થી ૬૬૦ વર્ષ પૂર્વે, સિંહાસનારુઢ થયો હતો. તે સમયથી જ એમના સંવત્સરનો આરંભ થાય છે. અત્યારે ઇ૦ સ૦ નું ૧૯૦૬ હું વર્ષ ચાલે છે અને જાપાનીઓના સંવત્સરની સંખ્યા ૨૫૬૫ ની છે. ત્યારથી અત્યાર સૂધીમાં જાપાનના સિંહાસને ૧૧૧ રાજાઓ અને ૧૧ રાણીઓ આવી ચુકયાં છે. એ રાજા રાણીઓમાંથી કેટલાંક ૧૪૧ થી ૧૪૩ વર્ષનું લાંબું આયુષ્ય પણ ભોગવી ગયાં છે, એમ જાપાનીઓની દંતકથાના આધારે કહી શકાય છે.

વર્તમાન જાપાની લોકોનું મૂળ વસ્તીસ્થાન એ નથી. એ દેશની મૂળ વસ્તી આઇનો જાતિની હતી અને તે લોકો સર્વથા જંગલી જ હતા. ઇ૦ સ૦ પૂર્વે ૨૯૦ થી ૨૧૬ સુધી એ આઇનો જાતિપર દક્ષિણ દિશામાંથી કેટલાક લોકોએ અવારનવાર ચઢાઇઓ કરી હતી અને એ ચઢાઈ કરનારાઓમાં ચીના, મલાયન, મયપૂયન અને કવચિત્ કોરિયનોનો પણ સમાવેશ થતો હતો. એ બધા મળીને અંતે તેમની એક જાતિ બંધાઇ ગઇ અને તેઓ જ હાલમાં જાપાનીઓના સમૂહવાચક નામથી ઓળખાય છે. જાપાન શબ્દ પણ ચાઇનીસ ભાષાનો છે અને તેનો "ઉગતો સૂર્ય" Rising Sun એવો અર્થ થાય છે. ત્યાંના લોકો પોતાના દેશને "દાઇનિયન્ન" અથવા "નિપન્ન" કે "નિહન" પણ કહે છે.

અનેક લોકોનો એવો પણ અભિપ્રાય છે કે, જાપાનીઓની સભ્યતા નવી છે. અને તે અંગ્રેજો પાસેથી મેળવેલી છે; પણ ખરું જોતાં તો જાપાનીઓ પ્રાચીન કાળથી સભ્ય જ ચાલ્યા આવે છે-નવીન સભ્ય નથી.

પ્રકરણ ૧૭ મું

જાપાન અને તેનો ઈતિહાસ (અનુસંધાન)

જાપાનમાં રાજાને મિકાડોના નામથી ઓળખવામાં આવે છે અને એ શબ્દનો 'મોટું દ્વાર" એવો અર્થ થાય છે. જાપાનના રાજાઓ પ્રાચીનકાળથી જ સાદાં વસ્ત્રો ધારણ કરતા આવ્યા છે અને સાદું ભોજન લેતા આવ્યા છે. ઈ૦ સ૦ ૧૧૯૦ થી જાપાનમાં બે પ્રકારના રાજાઓ રાજ્ય કરવા માંડ્યા. બીજા પ્રકારના રાજાઓ શોગનના નામથી લોકોમાં પ્રસિદ્ધ હતા. એ બે રાજા હોવાનો રિવાજ ઇ૦ સ૦ ૧૮૬૭ સુધી ચાલ્યો. રાજાને લોકો દેવ સમજતા હતા અને તેમની સ્ત્રીઓ તથા પ્રધાનો વિના અન્ય કોઇ તેમનાં મુખનું દર્શન કરવાને ભાગ્યશાળી થઈ શકતું નહોતું. જો કોઇને કોઇ કારણને લધે રાજા પાસે હાજર થવાની આજ્ઞા મળતી હતી, તો રાજા પોતે પડદામાં બેસી તણખલાં અને પાંદડાંની ગાદીપર બેસીને તેનાથી વાતચિત કરતો હતો. રાજાઓ ભૂમિપર પગ મૂકતા નહોતા અને તેમનાં પહેરીને ઉતારેલાં વસ્ત્રો બાળી નાંખવામાં આવતાં હતાં. વળી જે થાળીમાં રાજા એકવાર ભોજન કરતો તે થાળી બીજીવાર વાપરવામાં આવતી નહોતી. રાજાનું સત્યપદ તો મિકાડોનું જ હતું. છતાં પણ અન્ય રાજા થવાનું કારણ એ હતું કે, દશમી સદીની લગભગમાં પૂર્વ દિશાના જંગલી લોકો ટોળાબંધ ધાડો પાડવા માંડ્યા. એ ધાડપાડુઓના અટકાવ માટે મોટા મોટા સરદારો મુકરર કરવામાં આવ્યા. એ સરદારો ટાઇટરા અને મિનમોટોના નામથી ઓળખાતા હતા. એ સરદારોના વંશજો મોટી મોટી પદવીઓ મેળવવા માટે પોતપોતામાં વઢવા માંડ્યા અને દશમી સદીના અંતમાં એ પરસ્પરના વિગ્રહે મહાભયકર સ્વરૂપ ધારણ કર્યું. રાજા જે વેળાએ જોતો કે, એક પક્ષ હવે મહાવિદ્રોહ કરવા માંડયો છે; ત્યારે બીજા લોકોને તેમનાપર ચઢાઈ કરવાને મોકલતો. એથી ઉભય પક્ષમાં શત્રુતા વધતી જ ચાલી–તે એટલે સુધી કે બારમી સદીના મધ્યમાં ટાઇટરા દળના સેનાપતિ કિયોમોરીએ પોતાના શત્રુઓપર વિજય મેળવ્યો અને સર્વ પ્રતિપક્ષી સરદારોને જીવથી મારી નાંખ્યા. મિનામોટો દળના વડા સરદારનાં બે શિશુ બાળકો વિના તેણે એકે એકને તલવારના ઝાટકાથી સ્વર્ગદ્વાર દેખાડી દીધાં. કોણ જાણતું હતું કે, એ બે અલ્પવયસ્ક બાળકો જ મોટા થઇને પોતાના વડિલોના વૈરનો પૂરેપૂરો બદલો લેશે ? કિયોમોરીનો પ્રભાવ વધતો ચાલ્યો; અને ઇ૦ સ૦ ૧૧૮૦ માં પ્રધાનપદ લીધા પછી તેણે પોતાની પુત્રીનાં લગ્ન તે સમયના રાજા સાથે કરી આપ્યાં. તે પુત્રીને

એક પુત્ર થયો એટલે પોતાના દૌહિત્રને ગાદીએ બેસાડવા માટે તે રાજાપર દબાણ કરવા લાગ્યો. એવી રીતે પોતાના કુટુંબીજનોને ઉચ્ચમાં ઉચ્ચપદે પહોંચાડીને કિયોમોરીએ ઇ૦ સ૦ ૧૧૮૧ માં પરલોકમાં પ્રયાણ કર્યું. તેના મરણ પછી તેણે નાના ધારીને છોડી મુકેલા તેના શત્રુના બે બાળકોએ એક મોટું સૈન્ય એકઠું કર્યું, અને ઇ૦ સ૦ ૧૧૮૫ માં કિયામોરીના દળનો કેટલોક ભાગ સમુદ્રમાં યુદ્ધ કરતાં ડુબી ગયો અને કેટલોક ભાગ જમીનની લડાઈમાં માર્યો ગયો. એટલે પાછો મિનમોટો પક્ષનો અધિકાર જામ્યો. એ જ પ્રકારે જ્યારે ઇ૦ સ૦ ૧૮૧૩ માં આઇનો જાતિએ વિરોધ કર્યો હતો, ત્યારે એક નવીન પદ કાયમ કરીને તેપર એક જાગીરદારની નીમણુંક કરવામાં આવી હતી. એ પદનો અધિકાર હવે મિનમોટો પક્ષના અગ્રેસરને મળ્યો, અને તે શોગનનાનામથી વિખ્યાત થયો. શોગનો પોતાને રાજા માનવા લાગ્યા. બન્ને પક્ષને રાજી રાખવા માટે અને તેમના પરસ્પર વૈર-ભાવને કાઢી નાંખવા માટે અમીરોને વર્ષમાં છ માસ રાજધાનીના નગરમાં રહેવાની અને છ માસ બાલબચ્ચાંને ત્યાં જ મૂકી બહાર રહેવાની આજ્ઞા કરવામાં આવી.

ઇ. સ. ૧૮૫૬ માં યુરોપિયનોને રાજ્યમાં દાખલ થવાની આજ્ઞા આપનારા એ શોગન લોકો જ હતા. મિકાડોના સાથીઓ એ કાર્યથી વિરુદ્ધ હતા. એ લોકોએ આખા દેશમાં ડંકો વગડાવ્યો કે મિકાડોનો જય અને મ્લેચ્છોનો ક્ષય ! જે શોગને વિદેશીઓને પોતાના દેશમાં આવવાની આજ્ઞા આપી હતી, તેના મરણ પછી તેનો પુત્ર પદારૂઢ થયો. તેનું વય તે સમયે માત્ર બાર વર્ષનું જ હોવાથી, રાજ્યકાર્ય-ભાર તેનો એક પ્રધાન ચલાવતો હતો. પણ એ શોગન યુવાવસ્થામાં જ મૃત્યુ પામ્યો. એ પછી મિકાડોનો દેહાન્ત થયો અને તેનો પુત્ર ગાદીએ બેઠો. શોગનના પદે ઇ. સ. ૧૮૬૭ માં એક બીજા પુરુષને બેસાડવામાં આવ્યો. બસ ! જાપાની લોકોના ભવિષ્યનો નિર્ણય થવાનો સમય એ જ હતો. નવા વિચારોવાળા યુવાનોના મનને યુરોપ જેવી રાજ્ય પ્રણાલી ગમતી હતી અને તેમનાં ચિત્તો જાપાનને સંસારની સભ્ય જાતિઓની બરાબરી કરતું જોવાને ઉછાળા મારી રહ્યાં હતાં. એક દેશ-ભક્ત જાગીરદારે શોગનને એક પત્ર લખી જણાવ્યું કે, "હે મહારાજ ! આપે પોતાનું પદ મિકાડોને અર્પણ કરી દેવું જોઇએ. એમ કરવાથી આપ જાપાની લોકો માટે એક એવું બીજ વાવી જશો કે, તે લોકો અન્ય દેશના સભ્ય અને સુશિક્ષિત લોકોની બરાબરી કરવાને સત્વર જ શક્તિમાન્ થશે; તથા જે અધિકાર તેમને છે, તે આપણા લોકોને પણ પ્રાપ્ત થઈ શકશે." શોગને એ પત્રનો વિચાર કરીને ઉત્તર આપ્યું કે, "મારો આ પદપર જો કે વંશપરંપરાનો અધિકાર

છે, પણ રાજ્યની વર્તમાન દુર્દશા જોતાં, મહાઆનંદથી હું મિકાડોને મારો અધિકાર આપી દેવાને તૈયાર છું."*

આપણે ઉપર વાંચી આવ્યા છિયે કે મિકાડો કોઈ દિવસે પણ પોતાના મહાલયમાંથી બહાર નીકળતો નહોતો; પણ ઇ. સ. ૧૮૬૮ માં જ્યારે શોગન પોતાનો અધિકાર આપી દેવાને તત્પર થયો, ત્યારે રાજમંત્રીએ રાજાને પડદાથી બહાર નીકળવાની વિનતિ કરી; કારણ કે તેનો પ્રધાન ઉચ્ચ શિક્ષણ પામેલો અને ઉન્નત સમાજનો સમાજિષ્ટ હતો. તેણે પોતાની પ્રાર્થનામાં મહાન્ નમ્રતાથી રાજાને જણાવ્યું કે, "સાત પેઢીથી અમારા રાજાઓ પડદામાં રહેતા આવ્યા છે અને તેમણે કદાપિ પૃથ્વીપર પગ ધર્યો નથી. બહાર શું થાય છે તેના ખરા સમાચાર શ્રીમાનના કાન સૂધી પહોંચી નથી શકતા, એટલા માટે આજથી એ જુની મર્યાદાનો પરિત્યાગ કરો અને બહાર નીકળી પ્રજાને દર્શન આપો!" રાજાને પણ એ વિચારો પસંદ આવ્યા અને તેણે ચુડોમાંથી નીકળીને ક્યાટોને રાજધાની બનાવી. રાજધાની સ્થાપવા પછી તે સ્થાનનું ટોકિયો એવું નવીન નામ રાખવામાં આવ્યું. રાજાનું વય એ સમયે કેવળ અઢાર વર્ષનું જ હતું. બીજા દેશોના રાજાઓને પત્રદ્વારા જણાવી દેવામાં આવ્યું કે, શોગને પોતાના પદનો ત્યાગ કર્યો છે અને હવેથી બધો અધિકાર મિકાડોનો છે. એ પત્રપર રાજા મુત્સદ્દીતોના હસ્તાક્ષરો હતા અને તે અદ્યાપિ ગાદીપર છે. એ અવસર પ્રથમ જ હતો કે, પ્રજાએ રાજાનું ખરું નામ જાણ્યું.

જાપાનમાં પણ પ્રાચીન સમયમાં બીજા કેટલાક દેશો પ્રમાણે જાગીરદારો પોતપોતાની જાગીરોના એક જૂદા જ રાજા અથવા ઠાકોર ગણાતા હતા અને પોતાની જાગીરમાં સ્વતંત્રતાથી વર્તી શકતા હતા. વિચારશીલ યુવક જાપાનીઓએ જોયું કે, એ પ્રથા પણ દેશની ઉન્નતિના માર્ગમાં બાધા કરનારી છે, અને તેથી એ રિવાજને પણ જડમૂળથી ઉખેડી નાંખવાની તેઓ ચેષ્ટા કરવા લાગ્યા. જાગીરદારોએ કોઈ પણ જાતના વાંધા વિના તેમના મતનો સ્વીકાર કર્યો અને અંતે તેઓ એ નિશ્ચયપર આવ્યા કે, બધા જાગીરદારોએ પોતાને રાજાની પ્રજાના જનો તરીકે માનવા; અને ખેડુતોને આજ્ઞા કરવામાં આવી કે, તેમણે પોતાનો જાગીરદાર મિકાડોને માનવો. એવી રીતે નાનાં નાનાં ટોળાં તુટીને એકસંપ થતાં એક મોટું દળ થઈ પડ્યું.

---

*આ વિષયનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરનાર જિજ્ઞાસુને ૧૯૦૪ ના "ગુજરાતી" નો સ્વાત્માર્પણનો વિષય વાંચવાની ભલામણ છે.

ઇ. સ. ૧૮૭૧ માં બધા જાગીરદારો અને સર્વ ધનાઢયો ટોકીયોમાં એકઠા થયા અને સર્વેએ રાજા આગળ પોતપોતાનાં શીશ નમાવ્યાં. મુખ્ય પ્રધાને એ નવીન વ્યવસ્થાના સમાચાર આખા દેશમાં ફેલાવી દીધા. એ બનાવ જાપાનના ઇતિહાસમાં " બલીદાન પર્વ " જેવો છે. જુઓ કે, શોગન રાજાથી માંડીને નાના મોટા બધા પોતાના અધિકારોનું સ્વદેશની ઉન્નતિ માટે બલીદાન આપવાને કેવા શૌર્યથી તત્પર થઈ ગએલા દેખાય છે ? જો કે નવીન વિચારશીલોની ચઢતી થતી જતી હતી, તો પણ બાપદાદાને ચીલે ચાલનારા જુના વિચારવાળાઓ કંઇક કચવાતા હતા–નવીન ફેરફાર પ્રતિ દેશને માટે ભયથી જોતા. એકવાર તો તેઓ બળવો પણ કરી ચુકયા. ત્રણ દિવસ ઘોરતમ યુદ્ધ થયું, પણ અંતે નિર્વિઘ્ને મિકાડોના બલવાન્ રાજ્યની સ્થાપના થવાની હતી તે તો થઈ જ.

ઇ. સ. ૧૮૭૧ માં જાપાનની સાધારણ જાતિઓને પણ દેશસમાન હકો મળવા માંડ્યા. પોસ્ટ ખાતું ઉઘડ્યું, તાર ચાલુ થયા, રૂપિયા ઢાળવા માટે ટંકશાળોની સ્થાપના કરવામાં આવી, અને ઈ. સ. ૧૮૭૩ માં જાપાનીઓએ પોતાના દેશમાં પ્રથમ રેલવે ચલાવી; અમેરિકા તથા યુરોપના દેશોમાં પ્રતિનિધિઓ (એલચીઓ) મોકલવામાં આવ્યા, અને રાજાએ એક ઢંઢેરો ફેરવ્યો કે, "કોઈ પણ માણસ ઉઘાડે શરીરે ચોક ચૌટામાં ન નીકળે ! " શીતળાથી બચવા માટે રસી મુકાવવાનો રિવાજ ચાલુ કરવામાં આવ્યો અને સૈનિક સરદારો તથા રાજદ્વારી પુરુષોને આજ્ઞા કરવામાં આવી કે, તેઓ જુનાં ઢીલાં ખોળાં પહેરવાં બંધ કરી, પશ્ચિમીય વસ્ત્રો ધારણ કરે. આજ્ઞાનુસાર તે લોકોએ ઘરમાં જુનાં રિવાજી અને કામકાજપર અંગ્રેજી કપડાં પહેરવા માંડ્યાં. લશ્કરી વર્દીઓ પણ અંગ્રેજી ઢબની જ કરવામાં આવી.

રાજ્યની લગામ રાજાએ પોતાના હાથમાં રાખી અને પોતાની સહાયતા માટે ત્રણ રાજમંત્રી અને એક કાઉન્સિલ (સભા) કાયમ કરી. ઇ. સ. ૧૮૭૫ માં જૂદા જૂદા પ્રાંતોના ગવર્નરો ટોકિયોમાં એકઠા થયા અને ત્યાં સામાન્ય લોકોના ઉપકાર માટે વિચાર ચલાવવામાં આવ્યા. ત્રણ વર્ષ પછી જૂદા જૂદા પ્રાંતોની જૂદી જૂદી સભાઓ સ્થાપિત કરવામાં આવી અને તે દરેકમાં પોતપોતના પ્રાંતોના ટેકસો અને માલગુજારી આદિ વિષયોનો અધિકારી જનો વિચાર ચલાવવા લાગ્યા. જે લોકો સારી રીતે લખી વાંચી શકતા હોય, તેઓ જ એ સભાના સભાસદ થનારા ગૃહસ્થને પોતાનો મત આપી શકતા હતા, અને સાથે એ સરત પણ હતી કે મત આપનાર ઓછામાં ઓછા પંદર રૂપિયા જકાત તરીકે ભરતો હોવો જ જોઇએ. પ્રત્યેક મત આપનાર પોતાનું નામ તથા જેને મત આપતો હોય તેનું

નામ લખી, . મુકરર કરેલા બોક્સમાં તે કાગળ નાંખે, એવો નિયમ કરવામાં આવ્યો હતો. એ પ્રાંતિક રાજસભાઓ સ્થાપવાનું કારણ એ હતું કે, લોકો ક્રમવાર એક રાજ્યસભા (પાર્લામેન્ટ) દ્વારા રાજ્ય કરવાને યોગ્ય થઇ શકે. પાર્લામેન્ટ સ્થાપવાની પ્રતિજ્ઞા મિકાડોએ ઇ. સ. ૧૮૬૮ માં જ કરી હતી. જ્યારે મિકાડોએ જોયું કે, લોકો પ્રતિનિધિ સભાદ્વારા શાસન કરવા યોગ્ય થતા જાય છે, ત્યારે તેણે ઇ. સ. ૧૮૮૧ માં સૂચના આપી કે, ઇ. સ. ૧૮૯૦ માં મુખ્ય રાજસભા (પાર્લામેન્ઠ)ની સ્થાપના કરવામાં આવશે; એ રાજસભામાં પ્રજા તરફથી પ્રતિનિધિઓ મોકલી શકાશે અને ઇંગ્લંડ પેઠે સભાના બે વિભાગો રાખવામાં આવશે. બે વિભાગો ઓળખાય એટલા માટે રાજાએ ધનાઢયો અને વિદ્વાનોને લૉર્ડ ઇત્યાદિની પદવીઓ આપવા માંડી. ઇ. સ. ૧૮૮૫ માં જુનાં મંત્રી આદિનાં પદોને કાઢી નાંખવામાં આવ્યાં અને કેબીનેટ અર્થાત્ રાજમંત્રીઓની એક કાઉન્સિલની સ્થાપના કરવામાં આવી. ૮૦૦૦ નકામી પદવીઓને રદ કરીને, ખર્ચ ઓછો કરી નાખવામાં આવ્યો અને વિદ્યા, જ્ઞાન અને બુદ્ધિબળથી વિખ્યાતિ પામેલાઓને જ નવીન પદે પદારૂઢ કરવામાં આવ્યા. ઇ. સ. ૧૮૮૫ ના ફેબ્રુઆરી માસમાં ન્યાયાલયો ઉઘાડવામાં આવ્યાં તથા જજો અને બીજા ન્યાયાધીશો મુકરર થયા. એક ફ્રેંચમેન પાસેથી નિયમો ઘડાવીને તે પણ ચાલુ કરવામાં આવ્યા. એ પહેલાં ત્યાં કચેરીઓ પણ નહોતી અને નિયમ પ્રમાણે ન્યાય પણ થતો ન હોતો. જ્યારે યુરોપિયનો ત્યાં આવીને વસવા લાગ્યા ત્યારે જાપાની ન્યાયાધીશો સમક્ષ ઉભા રહેવાનો તેમણે અસ્વીકાર કર્યો. શિક્ષિત જાપાનીઓએ એની વ્યવસ્થા પણ કરી નાંખી, અને કેટલાક યુરોપિયન ન્યાયાધીશો પણ નીમ્યા. એ જ વર્ષમાં બીજા સંપ્રદાયવાળાઓને પીડવાનો, લોકોના કાગળોને વાંચવાનો, સ્વતંત્રતાથી બોલવા તથા લખવામાં રોકાણ કરવાનો ઇત્યાદિ સર્વ અનાચારો કાઢી નાંખવામાં આવ્યા. આ બધો ફેરફાર એટલો તો શીઘ્રતાથી થઈ ગયો કે, લોકો એ પરિવર્તનને અધાપિ 'ભૂકંપ' ના ભયંકર નામથી ઓળખે છે.

પ્રકરણ ૧૮ મું

જાપાનમાં પાર્લામેન્ટ

જાપાનમાં સ. ૧૮૯૦ માં પાર્લામેન્ટ પણ ઉઘડી. એના બે વિભાગ છે-એક તે લોકો કે જે પેઢીઓની પેઢીઓથી પ્રતિષ્ઠિત ગણાય છે; એ લોકો જીવનપર્યંત સભાસદ તરીકે ગણાયા જશે.

સભાના સભાસદો ત્રણ પ્રકારના છે: એક રાજકુટુંબીઓ; બીજા તે કે જેમને વિદ્યા, બુદ્ધિ અને ઐશ્વર્યને લીધે રાજા નિયત કરે તે, કે જેથી કારભારમાં સહાયતા મળતી રહે; અને ત્રીજા તે કે જે જાગીરદારો તરફથી ચૂંટાય. આ સભાસદોનું વય ત્રીસ વર્ષથી નીચે ન હોવું જોઇયે, ઇસાઈ (ક્રિશ્ચિયન) સભાસદો પણ એ સભામાં છે.

આરંભમાં આ નવી રાજ્યરીતિથી અકળાઈ લોકોએ એકબેવાર ગડબડ પણ મચાવી હતી. એક વર્ષે કેટલાક લોકોએ રાજાના બધા પ્રસ્તાવોનો વિરોધ કર્યો. રાજાએ ૧૮૯૧ માં પાર્લામેન્ટ બંધ કરવાની આજ્ઞા કરી. બીજી વાર જ્યારે ચૂંટણી થવા માંડી, ત્યારે વળી લોકોએ થોડો ઘણો ઉપદ્રવ કરવાની ચેષ્ટા કરી પણ તે પછી હવે સારી રીતે કામ ચાલ્યું જાય છે.

સૈન્યપ્રબંધ, વ્યાપાર, ઉદ્યોગ, દરિયાઈ ખાતું, પોલીસ ખાતું, કેળવણી ખાતું, એમ પ્રત્યેક વિષયો વખાણવા જોગા અને શિક્ષા લેવા જોગા છે. એ વિષે જો જૂદો લેખ કરવામાં આવે તો એક સારું પુસ્તક થઈ શકે અને તેવાં એક બે ગુજરાતી ભાષામાં છે પણ ખરાં.

હવે પ્રશ્ન એક ઉઠે છે કે, ઓગણીસમી સદીના વચલા ભાગમાં જેમ જાપાનીઓની સાથે અંગ્રેજોનો સંબંધ થયો, તેમ સૈકા પૂર્વે ભારત સાથે પણ તેમનું પાનું પડ્યું. જાપાનીઓ આટલા બધા ઉન્નતિને માર્ગે ચઢ્યા અને ભારતવાસીઓ કેમ હજુ સુધી જ્યાંના ત્યાં પડ્યા રખડ્યા છે? અમારી દીન મતિ પ્રમાણે તેમાં બે કારણો છે. એક તરફ સોની કાચો અને બીજી તરફ સોનું પણ કાચું. કંઇક ગૌરાંગોની ભારતવાસીઓને જ્યાંના ત્યાં–જેવા ને તેવા–રાખવાની પૉલિસી, અને કંઇ ભારતવાસીઓના રિવાજોની પાબંદી. જાપાન સ્વતંત્ર, ભારત પરતંત્ર; જાપાનની ખાંધપર પરદેશી રાજ્યની ધૂસરી સ્વપ્ને ન પડેલી, ભારતવાસીઓને હજારો વર્ષથી ગુલામગીરીનો ભાર વહેતાં કાંધ પડી ગયાં છે; જાપાનીઓએ દુ:ખ વેઠયાં તો ત્યાંના જ લોકો તરફથી, ભારતને તેની સંતતિએ સંતાપવામાં જ કંઇ મણા ન રાખી અને ઉપરથી વિદેશી લૂટારાઓ, રાજાઓ અને વેપારીઓએ ઘાણ વાળવા માંડ્યો-દયા સરખીએ ન કરી તે લોકો વિદેશથી જે કામ શીખી આવે તેનો પ્રયોગ કરવામાટે તેમને ખુલ્લી રજા, ભારતવાળો દારુગોળા બનાવવાની અજમાયશ કરવા જાય તો ખુલ્લી સજા; જાપાનીઓ સ્વદેશી વસ્તુઓનું વહાણ બનાવી ચલાવે તો રાજા પૈસાની સહાયતા કરે, ભારતી બનાવીને ચલાવે તો ટેકસ લાગુ પડે. ચામડીના ફેરે બધું ચક્કર ભમર જ કરી નાંખ્યું છે. એ પીડા કોને કહીએ? જાપાનીઓ

વિદેશથી કેળવાઈ આવે તો તેમને ઓદ્ધા મળે, ભારતવાસી કેળવાઈ આવે તો (ચામડીને લીધે) ગોદા મળે; જાપાનીઓના અધિકારીઓ તેમના દેશના, ભારતીઓના પરદેશના; જાપાનમાં સ્વદેશ સુધારાની સભા થાય તો પોલિસ મદદ કરે, ભારતમાં થાય તો પોલિસ હાથપગ જકડી કેદ કરે; જાપાનમાં રાજદ્રોહ તે જ દેશદ્રોહ, ભારતમાં દેશદ્રોહ ભલે કરે, રાજદ્રોહ કરે તો તુરંગાબાદ જાય; જાપાનના કાયદા દેશને અનુકૂળ, ભારતના કાયદા રાજને અનુકૂળ. એવી બધી અનેક કચ્ચાઈઓ તો સોનીની, હવે ગણો સોનાની.

જાપાની વિલાયત જઈ આવે તો લોકો દાવતો કરે, અને સારાં સારાં ભોજનો જમાડે, ભારતી વિલાયત જઈ આવે તો લોકો અદાવત કરે અને જમતો જમતો ન્યાતમાંથી કાન પકડી ઉઠાડે; જાપાની પરદેશ જઈ આવી હુન્નરકળા શીખી આવી દેશીને શીખવે, ભારતવાસી પરદેશ જઈ આવી જે શીખી આવે તેથી દેશને ભીખવે; જાપાનીઓ દેશના કલ્યાણ માટે પરદેશ સીધારે, ભારતવાસી મોજ શોખ ભોગવવા પરદેશ પધારે; જાપાનીઓ પરદેશ જઇ નમ્ર થઇ આવે, ભારતવાસી બડી બડાઇ સુણાવે; જાપાની પરદેશમાં દેશને ન ભૂલે, ભારતવાસી પરદેશીના ચમનમાં રમે; જાપાની પરદેશથી લાવવા તત્પર, ભારતવાસી પરદેશમાં દેવા ભંગડ; જાપાનીઓ પૂર્વજને વખાણે, ભારતવાસી બાપદાદાને ગદ્ધા જાણે; જાપાનીનો ધર્મ કઠણ પથ્થર જેવો, ગમે તેની સાથે જમે ખાય તો પણ ધર્મને અડચણ ન થાય, ભારતીનો ધર્મ સૂતરના કાચા તાંતણા જેવો, ખાતાં ખાતાં બીજી ન્યાતવાળો અડે તો ટપ લઇને તૂટી જાય; જાપાનનો રાજા પડદા પ્રણાલિ છોડી પોતાની ઇચ્છાથી બહાર આવ્યો, ભારતવાસીની સ્ત્રી પડદો કહાડી નાંખે તો ધણી નાક કાપી નાંખે; શોગને રાજપદ દેશોન્નતિને માટે મિકાડોને હવાલે કર્યું, ભારતવાસીઓ ન્યાતની પટલાઈ જેવા તુચ્છ અધિકાર માટે મારવા મરવા તત્પર થાય છે; જાપાનમાં દેશના માનપાનના શુકરાના, ભારતમાં રાજના માનપાન માટે હડખાના; જાપાની દેશને માટે મરે, ભારતવાસી દેશ જહન્નમયે જાય તેમ આરડે; જાપાની ગમે ત્યાં જાય તોપણ દેશ ધર્મ ન તજે, ભારતવાસી દેશ ધર્મને ત્રિકાળમાં ન ભજે.

એ બધી વાતોને એક તરફ મૂકી, આપણે જાપાની ધર્મ ઉપર થોડી દૃષ્ટિ નાંખી જઇએ, કારણ કે તેને આપણી વાર્તા સાથે થોડોક સંબંધ છે. બધા જ જાપાની બુદ્ધિષ્ઠ નથી. ઘણાક લોકો કહે છે કે બૌદ્ધ ધર્મ જ જાપાનીઓની ઉન્નતિનું કારણ છે. ના, તેમ નથી. બૌદ્ધ કરતાં પણ જાપાનીઓનો પ્રાચીન ધર્મ શિણ્ટો છે. એ ધર્મનું કોઈ પુસ્તક કે શાસ્ત્ર કશું નથી. એ ધર્મનો મુખ્યમાં મુખ્ય સિદ્ધાંત રાજાની

પૂજા છે, કારણ કે તે સૂર્યદેવીથી ઉત્પન્ન છે. જાપાની સભ્યતાનું મૂળ ચીન છે; અને ચીનનો પ્રાચીન ધર્મ પિતૃશ્રાદ્ધ છે. એ ધર્મને બૌદ્ધ પણ હાનિ પહોંચાડી શક્યો નહીં-એટલે સૂધી કે જે લોકો ક્રિશ્ચિયન સંપ્રદાય સ્વીકારી બેઠા છે તેઓ પણ શ્રાદ્ધ ક્રિયા કરવા ચૂકતા નથી. જાપાન દેશપર કનફ્યુશિયસ, બૌદ્ધ અને ઇસાઇ ધર્મના પ્રભાવો પડ્યા છે ખરા, પણ પિતૃપૂજાને જરાએ આંચકો લાગ્યો નથી. સુધરેલા અને કેળવાયલા જાપાનીઓ પિતૃના સ્મારક આગળ નિત્ય માથું નમાવે છે. પ્રત્યેક ઘરમાં પૂજાનાં સ્થાનો બે હોય છે: એકને "કામીદાન" અને બીજાને "બતસુદાન" કહે છે. કામીદાન તે સૂર્યદેવી (અમતરેસુ) નું પવિત્ર સ્થાન. એની પૂજાનું કારણ એમ કહેવામાં આવે છે કે સૂર્યદેવીથી જાપાની સામ્રાટો ઉપન્યા છે. બીજું સ્થાન જે બુતસુદાન કહેવાય છે. ત્યાં તે ઘરના પિતૃઓનાં નામ, તેમની અવસ્થા અને મરણ તિથિ લખેલી હોય છે. આ સ્થાનની સેવા નિત્ય તો થાય છે જ, પણ મહિનામાં એક દિવસ અને વર્ષમાં ત્રણ દહાડા (૧૩ મી જુલાઇથી ૧૬ મી સૂધી) વિશેષ રૂપે થાય છે. એ ધર્મનાં ત્રણ મંદિરો છે: એક આઇસીમાં "દાઇઝિંગ" નામે, બીજું રાજ્ય મહેલમાં "કાશી કોડોકોરો" અને ત્રીજું "કામીદાના" જે પ્રત્યેક ઘરમાં હોય છે. પ્રત્યેક જાપાનીઓ "દાઇઝિંગ" અને "કાશી કોડોકોરો"ની યાત્રા જીવનમાં એકવાર કરવી એવો ધર્મ સમજે છે. રાજ્ય મહેલમાં ત્રણ ડેરાંઓ છે. એકમાં એક આરસી રહે છે જે સૂર્યદેવીનું સ્થાનક મનાય છે; બીજામાં રાજાના પિતૃઓ અને ત્રીજામાં જૂદા જૂદા દેવતાઓની પૂજા થાય છે. જાપાનમાં પણ સહસ્રભુજાવાળી દેવી છે, જેનાં મુખો પણ અનંત છે. એને "કવાનન" એટલે દયાની દેવી કહે છે.

બૌદ્ધ ધર્મ જાપાનમાં એવી રીતે પ્રચલિત થયો કે, ઈ. સ. ૬૫૦ માં કોરિયાના રાજાએ મિકાડોને એક બૌદ્ધની મૂર્ત્તિ તથા બૌદ્ધ ધર્મનાં કેટલાંક પુસ્તકો ભેટ કર્યાં. પ્રધાનોએ અન્ય ધર્મની મૂર્ત્તિ અને પુસ્તકો રાખવાનો વિરોધ કર્યો, તેથી મૂર્તિ એક દરબારીને આપી દેવામાં આવી. તેણે એક બૌદ્ધ મંદિરની સ્થાપના કરી. કેટલાક દહાડા પછી આખા દેશમાં મહામારી ચાલી. લોકોએ તેનું કારણ એમ ધાર્યું કે, બૌદ્ધ ધર્મની સ્થાપનાથી ઈશ્વર કુપિત થયો ! મંદિર પડાવી નાંખવામાં આવ્યું. આથી આખા દેશમાં ઉપદ્રવ મચ્યો-એટલે સૂધી કે મંદિર પાછું કરવું પડ્યું. કોરિયાથી બૌદ્ધ ઉપદેશક તથા વૈરાગીઓ આવવા મંડ્યા અને બૌદ્ધ ધર્મનો એવો બ્હોળો ફેલાવ થયો કે, સૈકાંઓ સૂધી જાપાનનો મુખ્ય ધર્મ બૌદ્ધ રહ્યો. પણ શિણ્ટો ધર્મની જડ સમૂળી ઉખડી નહોતી. શિણ્ટો દેવતા

એ। સાથે જ બુદ્ધ દેવની પણ પૂજા થવા માંડી. વળી પાછું ચક્કર ફર્યું. સેંકડો વર્ષ પછી એકવાર ફરી શિણ્ટો ધર્મનું પ્રાબલ્ય થયું. બૌદ્ધ મંદિરોના પાયા ઉખડાવી નાંખ્યા અને તેને સ્થાને શિણ્ટો ધર્મનાં ચિન્હો મૂકાયાં. કનફ્યુશિયસ ધર્મ, જે થોડો ઘણો પગપેસારો કરી શકયો હતો તેને પણ રૂખસત મળી અને ટોકિયોમાંનું કનફ્યુશિયસ મંદિર હાલ મ્યુઝિયમ તરીકે વપરાય છે.

આપણા દેશમાં મુક્તિ આપવા આવેલા પરમેશ્વરના પિતરાઇ પાદરી લોકોનાં પવિત્ર પગલાં જાપાનમાં પણ સ. ૧૫૪૯ માં થયાં હતાં. ઇસાનું નામ દીધું કે મુક્તિ! બીજાને નામે બંધન! એવા ઉપદેશથી જેમ આપણા દેશનાં ઢેડિયાં ચામરિયાં સાહેબ થઈ જાય છે, અથવા ગોરી ચકોરીને ઓથે ધર્મનો શિકાર ખેલાય છે, તેમ ત્યાં પણ ફ્રાન્સિસ જેવિયર પાદરી બાવાએ કરવા માંડ્યું. લગભગ છ લાખ માણસો મુક્તિફોજમાં મળી ગયાં! લોકો ચમકયું કે આ રાક્ષસ આખો દેશ ગળી જશે કે શું? રાજાએ એકદમ આજ્ઞા કરી કે, કોઈ પણ વિદેશી ધર્મપ્રચારક ઉપદેશ કરવા ન પામે, જો કરતો પકડાશે તો વિના ન્યાયે ત્રણ લાકડે ચઢાવવામાં આવશે. હજારો ઈસાઇઓને જીવતા ઘાસમાં લપેટી મુક્તિના દ્વાર જ્વાળામુખીમાં શીખો ઘાલવામાં આવ્યા! રાજાની આજ્ઞા એવી થઈ હતી કે, "જ્યાં સુધી સૂર્ય તપે છે ત્યાં સૂધી કોઈ પણ ઇસાઈ જાપાન આવવાનું સાહસ ન કરે! યાદ રાખવું કે, સ્પેનનો બાદશાહ અથવા ઇસાઇઓનો ભગવાન્ પણ આ આજ્ઞાનું ઉલ્લંઘન કરશે તો તેનું માથું ધડપરથી વેગળું કરવામાં આવશે." ચાર હજાર રોમન કેથલિકો જૂદા જૂદા પ્રાંતોમાંથી પકડી કારાગારમાં પૂરાયા. સ૦ ૧૮૭૦ થી ૭૩ સૂધી આ વિરોધ ચાલુ રહ્યો. તે પછી સંપ થયો અને કેદીઓને મુક્ત કરવામાં આવ્યા. તે પછી એટલો ભ્રાતૃભાવ પ્રબળ થયો કે, સ૦ ૧૮૯૦ માં પાર્લામેંટના ત્રણસો સભાસદોમાં જેઓએ જાપાનીસ નાગરીકતા સ્વીકારી હતી તેમાં તેર ઇસાઇઓ હતા. વળી તેમાંથી એક સભાપતિ પણ કરવામાં આવ્યો હતો.

પ્રકરણ ૧૯ મું

ઇસ્પીટાલમાં

આજે જાપાનના દરિયા કિનારે એક તખતા સાથે વળગેલું કોઈ વિદેશીનું મુડદું નિકળ્યું છે. લોકોની મેદની તેને જોવા મળી છે. થોડીવારમાં એક ડોળી આવી. તેમાં તે શબને નાંખી મોટી હાસ્પિટાલમાં લઈ ગયા. આસિસ્ટંટ સર્જ્યને

ટેલીફોનથી પોતાના વડાને જાણ કરી. તેણે આજ્ઞા આપી કે, "કપડાં કહાડી નાખી પંપ કરો, તેટલામાં હું આવી પહોંચું છું." વડાની આજ્ઞા પ્રમાણે સારવાર થઈ રહી હતી કે તે આવી પહોંચ્યો. તેણે તપાસ કરી. નાડી પરીક્ષા કરતાં તેનો પત્તો ન મળે, હૃદય ધડકતું નથી, જીવે છે કે મરી ગયો છે તેની સમજણ પડતી નથી. વિજળીની પેટી મંગાવીને તેનાથી ગરમી આપવા માંડી; મોંમાં દવા અને બ્રાન્ડી નાંખવા માંડ્યો. એમ કેટલોક સમય ઉપચાર કરી માણસોને સારવાર માટે આજ્ઞા આપી, ડાકટર ચાલ્યો ગયો. બીજે દહાડે પાછો આવ્યો. નગરના રોગીઓથી અવકાશ પામી પાછો પેલા વિદેશીના મૃતપ્રાય શરીર પાસે ગયો. હકીકતનું પાટિયું વાંચી બીજા ઉપચારો કર્યા. કેટલીકવારે પ્રાણ છે એવી શંકા થઈ. પરદેશ ખાતાંના એલચીઓને ટેલીફોનથી ખબર આપી કે તેઓએ આવી, બને તો કયા દેશનો માણસ છે તે ઓળખવા કૃપા કરવી. ત્રીજે પહોરે કાઉન્સિલરો એકઠા થયા. અંગ્રેજે તેના રંગરૂપપરથી અંગ્રેજ નથી એવી અટકળ કરી, જરમન કાઉન્સિલરે કહ્યું કે, જો જરમન હોત તો તેનું માથું આ પ્રકારનું ન હોત; તુર્કીએ કહ્યું કે, કદાચ કોઇ ઇરાની હોય, કારણ કે અમારે ત્યાં ઇરાનીઓ સરકારી ઓદ્ધાપર છે; અમેરીકાવાળાએ વિચાર દર્શાવ્યો કે, કાં યાહુદી ન હોય? ફ્રેંચવાળાએ કોઇ કાશ્મીરી હોય એમ અટકળ કરી. ટુંકમાં કોઈ ન કહી શકયું. કોટ પાટલુન જે તેના શરીરપરથી ઉતારવામાં આવ્યાં હતાં તેના પરથી પણ કંઈ અજવાળું ન પડ્યું. અંતે તેના સચેત થવાપર બધો આધાર રાખી બધા વેરાઇ ગયા.

ચોથે દહાડે વિદેશીની નાડી સારી રીતે ચાલવા માંડી, તેમ શ્વાસ પણ ચાલુ થયો. ડાકટરનું મન મુદિત થયું કે પરિશ્રમ વૃથા ન ગયો. બે દહાડા વધુ વીતતાં તેણે નેત્ર ઉઘાડ્યાં અને ટગર ટગર જોવા માંડ્યો, કાંજી અને સુપ થોડો થોડો પીવા લાગ્યો. ડાકટરને બહુ ચટપટ હતી કે એ કોણ છે તે જાણે. પણ વિદેશીની જીભનો લત્રો વળતો નહોતો-બોલવાની ચેષ્ટા કરતો, પણ બોલી શકતો નહીં. હાથોમાં એટલી શક્તિ કયાંથી કે લખી શકે? ડાકટરે વિચાર કર્યો કે વાતે વાળવાથી કદાચ જીભ ઉપડે. તેણે અવારનવાર પ્રશ્નો પૂછવા માંડ્યા, વિદેશી કાને સાંભળી શકતો એટલે હા, નાનું ડોકું હલાવતો અને કોઈવાર થાકથી કંટાળાનાં ચિહ્નો પ્રકટ કરતો. સુધરેલા જાપાનીઓ અંગ્રેજી તો જાણે જ, એટલે તે બધી પડપૂછ તેમાં જ કરતો અને વિદેશી અંગ્રેજી સમજતો હતો, પણ જીભ યારી આપતી નહોતી. ડાકટરે બધા દેશોનાં નામો લઈ તેનું વતન પૂછવા માંડ્યું. બહુ વારે ઇંડિયાપર હાનું ડોકું હાલ્યું. એ પછી ખંતીલા ડાકટરે ઇંડિયાનો નકશો

મંગાવ્યો અને પોતે વિદેશીનો હાથ પકડી તેની આંગળી બધે ફેરવવા માંડી. બોમ્બેપર વિદેશીએ આંગળી ઠરાવી અને આંખના પલકારાથી પોતાને ત્યાંનો નિવાસી સમજાવ્યો. ડાકટરે તરત બ્રિટીશ એલચીને ટેલીફોન કરી તેડાવ્યો અને તેનું માણસ તેને હવાલે કર્યું. બ્રિટીશ એલચીએ નિયમાનુસાર ડોળી મંગાવી, તેને બ્રિટીશ લેગેશનમાં મોકલ્યો અને સરકારી પૈસે તેની સારવાર કરવા માંડી. બીજે દિને જાપાની સમાચારપત્રોમાં ખબર છપાઈ કે "કોઈ ડુબેલા વહાણની લાઈફ્ બોટના તખતા સાથે એક બ્રિટીશ સરકારની પ્રજામાંનો માણસ અત્રે આપણે કિનારે આવી પડ્યો છે. તેનું શરીર સુધરતું જાય છે, પણ જીભ બંધ છે. મુંબઇનો રેહ-વાસી છે, ન્યાત જાતની સમજણ પડતી નથી." રોઇટરના એજંટે તારદ્વારા એ સમાચાર હિંદમાં મોકલ્યા અને ત્યાં પણ ઘણાંક પત્રોમાં છપાયા.

હવે એક નવો સફો ઉપાડો. એક જાપાની સ્ત્રી જે ઇંગ્લંડ જઈ અંગ્રેજી અને ફ્રેંચ શીખી આવી હતી અને હિંદ જોવાની બહુ ઉત્સુક હતી, તેણીએ ઉપલા સમાચાર વાંચ્યા. તેણીની બહુ ઇચ્છા હતી કે કોઈ હિંદીવાનની સાથે ચાર ચોખા ચોંડી લે! કારણ કે, તે બૌદ્ધ ધર્મની તન મનથી ચેલી હતી. તેણીને એ જ અંખના લાગી હતી કે, મહાત્મા ગૌતમબુદ્ધની પવિત્ર જન્મભૂમિમાં જીવન ગાળવું અને તે જે ગામમાં જન્મ્યો હોય ત્યાંની ધરતીની માટી માથે ચઢાવવી. તેના મનમાં આ વિચારો એવા જડ ઘાલી બેઠા હતા કે, જાપાન તેણીને મન નરક સમાન લાગતું હતું. જાપાનમાં એક જોડું લયલા મજનું જેવું ઈશ્કમાં પ્રસિદ્ધ થઈ ચુક્યું છે. ઘેર ઘેર તેમના ઇશ્કની વાતો અને વખાણો થતાં. તે જોડાનું નામ ગોમ્પાજી અને કોમરાસ્કી.

ભોગ જોગે આ સ્ત્રીનું નામ પણ કોમરાસ્કી હતું, એટલે તેણી પોતાને પૂર્વની કરતાં ઇશ્કમાં નીચી પડેલી જોવા નહોતી ચાહતી. બરાબર છે, અંગ્રેજી કાયદા પ્રમાણે સૌ પોતાના મનનું માલિક છે. શું પેલી કોમરાસ્કીની માએ સવાસેર સુંઠ ખાધી હતી, ને આની માએ નહોતી ખાધી? જ્યારે પણ કોઈ ભૂલ્યો ભટકયો ભારતવાસી જાપાન જઈ ચઢતો ત્યારે તેણી તેને અવશ્ય મલી આવતી અને પોતાની મનોવૃત્તિ તેને જણાવતી. પણ કોઇએ હજુ તેણીનો હાથ ધરવાનું બીડું ઝડપ્યું નહોતું. જેવી તેણીએ એક હિંદી જાપાનમાં આવવાની ખબર જાણી કે બ્રિટીશ એલચી પાસે દોડી ગઈ અને ત્યાંથી આજ્ઞાપત્ર મેળવી, માંદા પાસે ગઈ. તે શાંતપણે એક કોચ ઉપર પડ્યો પડ્યો ઉંઘમાં પોતાના દેશની લ્હેરો જોઈ રહ્યો હતો. કોમરાસ્કી તેને જોતાં જ ગાંડીતુર થઈ ગઈ. નવયુવક, ઉજળો ફટક, નાક નકશો સુડોળ, કદાવર માણસ, ગોળ મ્હોડું! બસ તેણી તો મનથી તેને વરી ચુકી.

થોડીકવાર મનમાં માંગણી કરી, ને ચિત્તમાં ચોરી ફેરા ફરી ઘેર આવી. ઘરબારની અસાધારણ સુખી હતી. મા બાપ ભાઈ બહેન કોઈ હતું નહીં. રોકડ રકમો લાખોની બેંકમાં જમા હતી, જાગીર જમીન ઘરો આદિનાં ભાડાં ચોડાં આવતાં હતાં! ખોટ હતી તો કેવળ સારો રૂપાળો વર મેળવવાની. આજ જોયલો જવાન તેણીની આંખમાં ખુંચી ગયો. તે ઘરમાં ફરતી વિચાર કરવા માંડી કે, બધી મિલકત વેચી સાટી રોકડ નાણું હિંદમાં લઈ જઇશ અને ત્યાં ઘરબાર વાડી બંગલા વસાવીશ. બુદ્ધ દેવની જન્મ ભૂમિપર પુષ્પ ચઢાવીશ, બૌદ્ધ ધર્મના ઉપદેશો અને વ્યાખ્યાનો કરીશ, વરને પણ બુદ્ધિષ્ટ બનાવીશ અને તેને કોઇનો ચાકર નોકર નહીં રહેવા દઉં.

વળી આ ચસ્કેલી, વિદ્વાન્ પણ સારી હતી. થોડા સમયથી જાપાન યુનિંવર્સીટી તરફથી સંસ્કૃત તથા પાલી ભાષાનું શિક્ષણ ચાલુ થયું હતું. આ બલાના ભેજાવાળી સ્ત્રીએ પાલી ભાષાનું ઉત્તમ અને સંસ્કૃતનું સાધારણ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. ભેજું શું હતું? ફોનોગ્રાફ!! જે સાંભળ્યું કે જોયું તે પથ્થરની માફક કલેજે ચોંટી જતું! કોઇ વર્ષોમાં પ્રાપ્ત કરે તેટલું તેણી મહીનાઓમાં મેળવી શકતી હતી. જે વાતનો નાદ લાગતો તેની પાછળ ખાઇપીને મંડતી અને તેમાં પાવરધી થયા વિના જંપીને બેસતી ન હતી, એવી ખંતીલી હતી. ભિન્ન ભિન્ન ભાષાઓ શીખવાનો તેણીને બહુ ઉત્સાહ હતો અને કેટલીક હદ સુધી તેણી તેમાં ફળીભૂત પણ થઈ હતી. સારી સારી સમાજોમાં વ્યાખ્યાનો કરતી. સમાચાર પત્રો અને ચોપાનિયાંમાં લેખો લખતી; પણ મોટે ભાગે તેનો વિષય એ જ હતો કે દબાઈ જતા બૌદ્ધ ધર્મનો સમસ્ત જગતમાં પ્રચાર કરવો. બૌદ્ધ ધર્મ સંસારમાં સર્વોપરી છે. તેમાં હિંદને બુદ્ધિષ્ટ બનાવી દેવાની તો તેણીને કંઈ ઘેલછાજ લાગી હતી. લોકોએ તેણીના વિચારોપરથી તેને ચસ્કેલીનું ઉપનામ આપ્યું હતું.

વિદેશી માંદાની સ્થિતિ દિનપ્રતિદિન સારી થતી જાય છે અને કોમરાસ્કીએ તેને દાંતમાં ઘાલ્યો છે. જોઇયે બેચાર દહાડાગાં શું થાય છે તે.

પ્રકરણ ૨૦ મું

ન્યાતની પંચાત

હિંદના દુર્ભાગ્યનો પહેલો નમુનો ન્યાત છે, એમ કહેતાં લેશે આંચકો લાગતી નથી. પક્ષાપક્ષીની સીમા નહીં, ગરીબને કચરી નાંખતાં દયા નહીં, પૈસાદારનાં

પાપો છૂપાવતાં પરમેશ્વરનો ભય નહીં, પારકાં છિદ્રો ખોળી પ્રકાશિત કરવામાં વડાઈ માનવી અને લાંચ ખાઇ ઘર ભરતાં લાજ નહીં—એ ન્યાતના પટેલોનો ધર્મ, ઉંચી નીચી પ્રત્યેક ન્યાતમાં એ જ રિવાજ અને એ જ પીડા! શેઠાઇની સેતાની, પટલાઇની શાણી, ડાંડીયાની દાનાઈ. ન્યાતમાં આગળ પડી કામ કરનારા ડાંડીયા—પરવારતા—નવરા બેઠા નખોદ વાળનાર—લુચ્ચાના પીર—ખાવે પીવે ખેરસલ્લા ને ધીંગાણા બોતેરા—ઘરમાં તો બાર હાથનો વાંસડો ફરે, પણ એકે હાંલ્લુ ન નડે તેવા વેપારીના દીકરા, પણ નાતમાં ધનાશાહ સાલિભદ્ર થઈ બરાડ મારે કે 'ના, એમ ન થાય, એણે પાદરની પટલણનું પાણી પીધું માટે નાતથી પદભ્રષ્ટ!' આવા લાંઠીયા સ્વચ્છંદતાથી ચાહે તે કરે જાય અને ન્યાત કરે છે એમ ઉપરથી બોલી ઘી લગાડીને, ગોરા થનારા લાંચીયા ચાંચીયાઓ માટે એક કવિએ હીરાના મૂલ્યની કવિતા કરી છે, જે આપની જાણ માટે અહીં ટાંકવી યોગ્ય ધારું છું.

કિંચિત ન્યાય ન જાનત હૈ, ઝગરા સુનિકે મનમેં સુખ પાવેં,
ચોરકી ઓર કરે હડસોં, શઠ સાહ કે હાથ ન ગોલા ધરાવેં;
આપનો અંગ કલંક ભર્યો, નિકલંક કે અંગ કલંક ચઢાવેં,
નર્ક પરે તિનકે પરસે, પરપંચ કરે અરુ પંચ કહાવેં.

સવારે આઠ વાગે દીવાનચંદ, પટવારીજી પાસે આવી સાષ્ટાંગ દંડવત કરી બેઠો. મહારાજ પૂજાપાઠથી પરવારી વાતો કરવા બેઠા. હજુ કોઇ ભાવિક ભક્ત આવ્યો નહોતો, એકાંત હતું. "શું ધાર્યું દીવાનચંદ!" એવું, ગાંજાનું પડીકું છોડી થોડી કળિયો તેને ધોવા આપતાં, મહારાજ ધર્માત્માએ વાત છેડી. "પૃથ્વી રસાતાળ જવા બેઠી છે મહારાજ! જુવો, ક્ષત્રીના દીકરા, સૂર્યકુળના પુત્રો અને પારસણના હાથનું ભોજન. શિવ! શિવ! શિવ!"—

"દુનિયાં ડુબી જશે બાપજી! આ અંગરેચના રાજમાં!" દીવાનચંદે ગાંજો ધોતાં, હામાં હા ભેળવી. "એકાકાર કરી નાશ્યું મારે બેટે ટોપીવારે, હવે ધરતી ભાર કેમ ખમે?"

"હવે જાણે બેફામ પડ્યો તો ત્યારે તો કંઇ નહીં જાણે કે;" ગુરુએ મોઢું મરચું ભભરાવવા માંડયું. "પણ ચૈતન્યમાં આવ્યા પછી એ દુષ્ટે કેમ ના ન કહ્યું?"

"અરે બૈશાખ! ચેતન ને અચેતન, પણ કોઠા તો ભ્રષ્ટ યે ન્યોની? ભગવાન વેગરે બેશીને બધું જુવે સે મારો નાથ!" દીવાનચંદે ડાહાપણ ડહોળ્યું. "આચાર વચાર બધુંએ આજ કાલ્યને સોકરે મેહેલી દીધુંસે. આજ કાલ્યના બનેલાઓનો બરસાચાર કરી મુકયો છે, બાપજી!"

"આહાહા! આચાર વિચાર તો અમારા ગુરુ રાખતા હતા;" તુલારામે સુકાનું પડીકું છોડી આપતાં કહ્યું. "કોઇ દહાડો મુસલમાન ભિસ્તીની મશકનું પાણી ગાયને નથી પાયું, કોસ ફરતા હોય ત્યાં જાતે લઈ જઈ પાઈ આવતા. લાકડાં ધોયા વિના ચુલ્હામાં નહોતા ઘાલતા, દૂધ સુદ્ધાં ગાળ્યા વિના કદી નથી પીધું. એક દહાડો એમનો દારુનો બટો (શીશો) એક ફકીરને અડ્યો, તે હાલ હાલ ચૌટામાં જઇને છાપમાંથી બદલાવી લાવ્યા."

"હેં મહારાજ!" દીવાનચંદે બ્હીતાં બ્હીતાં પૂછ્યું. "સાધુ દારુનો બટો પીયે તો પાપમાં નાં પડે?"

"અરે મૂર્ખ શિરોમણી;" તુલારામે ગુંડી વાળતાં વાળતાં ઉત્તર દીધો. 'જોગી જનોને પાપ કેવું? જાણતો નથી, બડે જો ચાહે સો કરે'–અથવા 'સમરથકો નહિ દોષ ગુંસાઈ' અથવા "ન્યાય નિયમ સહુ રંકને, સમર્થને સહુ માફ!"

"સત સે બાવાજી!" ગમાર દીવાનચંદે ચલમ તૈયાર કરી, હાથમાં આપી. મહારાજે દમ લગાવ્યો અને દીવાનચંદને ચલમ આપી.

"એક દહાડો એક યુરોપિયન સાહેબે મહારાજને દારુ લેતાં જોઇને પૂછ્યું કે 'વેલ તુમ સાધુ હોકર દારુ કયસા પીતા હય? મહારાજે ત્યાં જ બાટલી પછાડી અને દારુનું દુધ કરી દેખાડયું!' તુલારામે નળિયું નાંખી ગધેડાને બતાવતાં કહ્યું."

"કરિયા મોટી વસ્તુ સે માબાપ;" દીવાનચંદે આશ્ચર્યથી ડોકું ધૂણાવતાં કહ્યું, "જુવોને આપડા રખી, શતજગમાં માહ ખાતા તે હાથ ફેરવીને હજીવન કરતા-તાકને, પણ ઇમના દેખતાં આપડાથી લેવાય? ના લેવાય."

"ન ભુતો ન ભવિષ્યતિ!" ચલમનું તળિયું લાવી મૂકતાં તુલારામ બોલ્યો, "ચાલો ત્યારે આપણે એ છોકરાના બાપને તેના મંદવાડના સમાચાર તો કહિયે."

"હાજ તો, અને એને આ ધર્મભરસતાની વાત પણ જણાવિયે;" ખારીલા દીવાનચંદે કહ્યું. "કાલ સવારે આવીને પતંગ (પંગત)માં બેસે, તો આપણે પણ પાપે ભરાઇયેને!"

"સત્ય છે;" તુલારામે અનાડીને છાપરે ચઢાવતાં લુગડાં પહેરવા માંડ્યાં.

ખિલાડી તુલારામે પોતે માણેકની વાત કોઇને પણ કહી નહોતી. તે જાણતો હતો કે લાકડે માકડું વળગાડી દઈ, ગોવિંદ પાસેથી પાંચ પચીસ ખાવા મળશે, પછી વર મરો કે કન્યા મરો, એમાં એના બાપનું ગયું શું. દીવાનચંદ મૂર્ખ હતો, પણ ન્યાતમાં ગોવિંદની ચઢતી જોઈ શકતો ન હતો. એ વાત તુલારામ જાણતો હોવાથી તેને હોળીનું નાળિયેર બનાવવાની રમત રમતો જતો હતો.

કપડેલતે સજી સજાવી આગળ મહારાજ મલકાતા અને પાછળ દીવાનચંદજી છલકાતા, ગોવિંદના ઘરભણી ચાલ્યા. ગોવિંદ બાપડો હોકો ભરી બેઠકમાં રુકિમણીના ભયંકર મંદવાડની ચિંતામાં બળતો બેઠો હતો, એટલામાં એ બન્ને યમદૂતો ત્યાં આવી લાગ્યા.

"આવો આવો મહારાજ! ગરીબને ઘેર ગંગા!" ગોવિંદે ઉઠી આસન આપી કોઈ દહાડો નહિ ને આજે એ બ્રાહ્મણ બચ્ચાને પોતાને ત્યાં આવેલો જોઇને આશ્ચર્યથી પૂછ્યું "આજે કંઈ અહીં ભૂલા પડ્યા!"

"ગોવિંદરામ!" આસને ગોઠવાતાં ભૂદેવ બોલ્યા. "હું ભાઈ દીવાનચંદ સાથે લાહોર ગયો હતો અને બજારમાં ભાઇએ મને કહ્યું કે, આ આપણો માણેક અહીં જ ક્યાંક રહે છે તે મળતા જઇએ, એટલે ઘેર સમાચાર કહેવા થશે."

"હાજ તો-ભાઇને અમે ત્રીજી કે ચોથી પેઢીએ મામા ફુઇના થૈયે છીયે, તે એમના મનમાં મારા પુત્રની ચિન્તા હોય, એમાં આશ્ચર્ય શું!" એમ કહીને ગોવિંદે અફીણની ડાબડી કહાડી, કુસુંબો બનાવવા માટે રૂપણ કાઢ્યું.

"હવે જરા જરા રુગું (કોરું)જ આપોને ભાઈ! વળી કસુંબાનો ખટરાગ ક્યાં કરશો?" ધરતીના દેવ દાબડીમાંથી એક સોપારીની ફાડ જેટલો કટકો ઉપાડતાં બોલ્યા. એ પછી દીવાનચંદે પણ એક અફીણની કાંકરી ખાધી અને પાછી વાત આગળ ચાલી. "જાણે છોકરો બહુ માંદો છે. શિવશંભુ સહુ સારું કરશે. કોઈ મોટો ડાકટર ઉપાય કરતો હતો ને અમે ત્યાં જઈ લાગ્યા."

"ત્યારે હું એને આજ જ લાહોર જઇને અહીં લઈ આવું?" ગોવિંદે ચિન્તાતુર મુદ્રાથી પૂછ્યું.

"ના, હવે તો સારો થતો ચાલ્યો છે. અહીં તેવા ડાકટરો ક્યાં મલે, અને એ અંગ્રેજી ભણેલા, ભાઈ આપણી દેશી ઔષધિ પસંદ ક્યાંથી કરે?" તુલારામે બાનું મૂકવા માંડ્યું. "પણ છોકરો તમારા કુળને–"

"શું, શું, મહારાજ? અમકયા કેમ?" ગોવિંદે વિશેષ ચિન્તિત થતાં પૂછ્યું.

"આ ઇમતે તમને દુખ લાગશે, મને પૂછોને;" દીવાનચંદ આકળો થઈ વચ્ચે પુરાયો. "એ શું કરવા બોલે, ઇમની બલારાતને."

"પણ શું થયું," ગોવિંદે ફાળ ખાઈ પૂછ્યું. "ભાઈ દેવા! તું તો સગો છે, બે બોલ દુભીને કહીશ ત્હોયે મને કાંઈ ખોટું લાગનાર છે?"

"પણ ખોટું કના ઉપર લાગે?" દુષ્ટ દીવાનચંદે તોતા ચશ્મીથી ઉત્તર આપ્યો. "આ લ્યોને હું ચોખું કહું. તમારો છૈયો બેહર હમૂળદો વંઠી જ્યૌને–"

પછી બધી વાત ગોવિંદ આગળ ટકા ચઢાવી કહી અને ગોવિંદનું મ્હો ફીકુંફચ પડી ગયું. તે સારી રીતે ન્યાતના હિસાબ જાણતો હતો. બસો ચારસોની ધુળધાણી થાય, નાક કપાઈ જાય અને શત્રુઓ બગલો વગાડે, હતાશ, બાપડાએ ખોળા પાઘડી કરવા માંડી. પ્રપંચપટુ પટવારીએ તેને આંખના અણસારે ચૂપ રહેવા કહ્યું અને દીવાનચંદને લઈ ચાલતો થયો. તેના જવા પછી ગોવિંદે એક પાકું સીધું, પાંચ રૂપિયા રોકડા, પાવલાનો ચરસ, બે આનાનો ગાંજો, એમ રૂપિયા દશેકનો માલ પટવારીજીને ત્યાં ભેટ મોકલ્યો અને બપોરે તેમને ઘેર ગયો. તેમણે ઉપાય બતાવ્યો કે જો દીવાનચંદને કોઈ રીતે ચૂપ કરે તો વાત હજુ બગડી નથી. ગોવિંદ બાપડો તેને ઘેર દોડ્યો. છોકરો મરણતુલ્ય થઈ ખાટલે પડ્યો છે, છતાં તેની પાસે જવાનું છોડી, ન્યાતના નામે રડતો બાપડો ગોવિંદ દીવાનચંદને દ્વારે ધક્કા ખાવા ગયો.

"દેવાભાઈ!" ગોવિંદે તે ગમારની ડાઢીમાં હાથ ઘાલી કહ્યું; "તમે મારા વ્હાલા સગા છો, આજ તમારે હાથ મારા કુળની લાજ છે! માણકો જેવો મારો દીકરો છે એવો તમારો છે, છોરુ કછોરુ થાય પણ માવીતરથી કમાવીતર થવાય? હશે, બાળક છે, ઇને ઝખમારી અને આટલી વાત પેટમાં ડાટી દ્યો!"

"જોને ગોવા!" હાલાના દીકરા પેઠે તે પાપીએ ડોળ ઘાલી બોલવા માંડ્યું. "તારે મારે કોંઈ વેરસે? તું હમારો ભોંણિયો થાય. પણ ભા! આ નાત્યની વાત ઠરી એટલે ગંગાને વટલાવવી, એ આ ખોળિયાથી ભૂતો ને ભવીશંતો ન્હે થૈ હકે."

"લ્યો ભઈ, હું ઇને તોંથી લૈ, પર્ભાર્યું પાછીત કરૈ આવું!" ગોવિંદે કાલાવાલા કરી કહ્યું. "મારું નાક વાઢ્યાથી ગંગા મોં શો વધારો થશે?"

"તે હું તહારા વંઠેલા છૈયાને લીધે આટલે વર્ષે નાત્ય વસે જૂઠું બોલું?" દીવાનચંદે ગોવિંદના કરગરવાથી બમણો છાપરે ચઢતાં કહ્યું.

"દેવાભાઈ ભાઇશાબ! અતારે તમને ચ્યાં કોઈ પૂછવા આયું છે? જો તમે કોઇને વાત નોં કરો તો સૌ સારાં વાનાં થાય. ભાઈ હશે, મારાં પળિયાં હામું જુવો, હું તમને પાઘડી ઉતારું છું. દવામાં તે કંઈ આભડછીટ છે?" આમ કહી વૃદ્ધ ગોવિંદે તે પાપીના ખોળામાં પાઘડી ઉતારી મૂકી.

"તું તારે જા; સૌ સારાં વોંનાં થશે." એટલો ઉત્તર આપી દીવાનચંદે ગોવિંદને વિદાય કર્યો. પણ કુતરાના પેટમાં ખીર ટકે? બે કલાકમાં તો પરવારતી સ્ત્રીઓના મોંડેથી ઘેરેઘેર વાતો થવા માંડી.

"એ એમ બઇઓ! હોંભર્યું કે, ગોવંદના મોંણકે પારશાણ ભેગું ખાધું!"

"અલી અંગરેજી શાખ્યો એટલે વંઠી જ જાય તો. જોજેને, કોક મઢચમ લઇને આવશે, નાત્યનો ભે હવે કુણુ રાખે છે?"

વાત ઉડતી ઉડતી બધે પ્રસરી. ગોવિંદે તુલારામના પગમાં માથું મુકયું. તેમણે "या देवी सर्वभूतेषु मुद्रारूपेण संस्थिता!"નો સંપુટ પાઠ જપવા માંડ્યો. છેવટ પચ્ચીસ રૂપિયે રોકડે મામલો પત્યો કે ઋષિરાજ ન્યાત વચ્ચે દેવલાને જુઠા પાડશે.

બીજે દહાડે ગામ ગાંયઝી (હજામડી) ફરી અને બધા રૂપેરી હુક્કા લઈ ચોરે એકઠા થયા. તુલારામ માટે વચ્ચોવચ ગોદડું પાથરેલું હતું. ઘરડા, જવાન છોકરા બધા તમાશો જોવા ભેગા મલ્યા હતા. ગોવિંદને તેડું મોકલ્યું. તેણે આવી "એ સરવ ભાઇઓને રામરામ! રામરામ!" નો પુકાર કર્યો અને એક કોરે બેઠો.

થોડી વાર સૂધી "તમે પૂછો, તમે પૂછો"ની તકરાર પછી એક ડાહ્યો બોલ્યો; "ગોવંધ! આ હરબ નાત્ય ગંગા તમને પુસેસે તે તમારે છીયે પારશણુના હાથનું ખાધું, તીના બે સાયદી સે, એક દેવારોમ ને બીજા આ ગરુ મહારાજ; માટે તમારે તીનો શો જબાપ દેવાસે?"

ગોવિંદના પગમાં તુલારામ તરફનું બળ હતું. તેણે તેના શ્વાનમુખમાં ટુકડો મુકયો હતો માટે તેણે ઉભો થઈ નીચે પ્રમાણે હિમ્મતથી ઉત્તર દીધો. "નાત્ય છે તે માબાપ છે, મારે તોયે એ, ને તારે તોયે એ! દેવાભાઈ, મારા મુસાળિયા છે. જો મને નાત્ય મારશે તો ઇમનેએ હારે ઘહાડાવાનું છે. પુછો ગંગાનો કોઈ ધણી છે?"

"તાણે આપડે અગરે અગરે વિપર!" પેલો ડોઢ ડાહ્યો–જે આગળ પડી બોલતો હતો તેણે કહ્યું "કહો ધરમા અવતાર, તમે શું જોયું?"

"જુઓ ભાઈ?" તુલારામે ઠાવકું મહોડું રાખી કહ્યું. "સત્ય બોલવું એ માણસનો ધર્મ છે, તેમાં અમારા જેવાઓએ બોલવું જ જોઇએ, કહ્યું છે કે

સતિયા સત ન છોડિયે, સત છોડે પત જાય,

"જાણે હું અને દેવાભાઈ લાહોર ગયા. ત્યારે એમણે મને એમ કહ્યું કે, આવો, માણેક અહીં જ કયાંક રહે છે, આપણે મળતા જઇએ. પડપૂછ કરતાં ઘર જડ્યું. હું નીચેની દુકાનપર એક સેવકની પાસે બેઠો અને દેવાભાઈ ઉપર ગયા ઉપરથી હેઠળ આવી એમણે કહ્યું કે, ઘર અંદરથી બંધ છે અને ઠોકી ઠોકીને હાર્યો, પણ કોઈ ઉઘાડતું નથી. એ પછી અમે ગાડીએ બેશી–"

"અલ્યા ભઈ!" દેવો આકળો થઈ વચ્ચે બોલી ઉઠયો; આ બાંમણ નધા-મામ જુઠું બોલેસે, બાપજી! અમે બે તે બે જણા"

"દેવલા !" તુલારામે આંખ ફેરવી દમ દીધો. "ફરીથી બ્રાહ્મણના બાળકને જુઠો કહેવા પહેલાં વિચાર કરજે હો ! ગાળ સંખાશે, પણ અપમાન સાંખવું એ નહીં બને."

"પણ તાણે હું ભરી સભામાં જુઠું બોલું સું?" દીવાનચંદે તપી જઈ પૂછ્યું.

"સો વખત !" તુલારામે ધરતી પર હાથ પટકી કહ્યું.

"ધિખ્ખાર છે ! મુવા તારા બોંમણના ખોરિયાને. અલ્યા–"

"ઓ દુષ્ટ પાપી !" તુલારામે બરાડ પાડી દેવા સામું ધસતાં કહ્યું "તારી પાપી જીભમાં કીડા પડશે. તેં જે મને આટલા ક્ષત્રીઓ સામો ધિક્કાર આપ્યો છે, તેની શિક્ષામાં તને આ એક તમાચો બસ છે!" આમ કહી એક તમાચો ભપકામાં ખેંચી કહાડ્યો.

"અરે આ બરામણીએ હાથ ઉપાડ્યો ? ઠીક સે–" દેવાએ તમાચાથી ક્રોધમાં આવી એક જણના હાથમાંથી લાકડી ઝુંટાવી, તુલારામના વિદ્વાન મસ્તકપર ઠોકી દીધી. લોકોએ તો બકરાંનાં ટોળાં પેઠે ઉભું થઈ નાસવા માંડ્યું. તુલારામ અને દીવાનચંદ બાથમ્બાથા આવી ગયા, આઠ દસ જણા તે લોકોને છોડવવા રહ્યા, પરાણે બન્નેને છુટા કર્યા અને ગોવિંદ તથા બીજા બેએક જણ તુલારામનું લોહી બંધ કરવાના ઉપાયો લેવા માંડ્યા અને બીજાઓ દેવલાપર વાગ્વૃષ્ટિ કરવા મંડ્યા.

"અરે મુઓ રે તું !" એક જણ બોલ્યો. "અરર–હાય હાય ! બ્રાહ્મણને તે આવી રીતે મરાય ? બિચારાને લોહી લુહાણ કરી નાંખ્યોને શું ?"

"અરે–જા બેટા ! મોતિયા !" વિફરેલા તુલારામે સૂકો દમ લેવા માંડ્યો. "થાણા ઉપર જઇને ફ્રૂયજ મહમ્મદખાં જમાદારને તેડી લાવ.."

"હાં–હાં બાપજી ! જવા દો, એય મોરસે ઇને પાપે !" લોકો વચ્ચે પડીને કહેવા લાગ્યા. "અરે ભૂંડા દેવલા ! તારું કાળું થાય ! જરા નીચો પડ નહિ તો મરી ગયો જાણજે."

દીવાનચંદના હોશ ઉડી ગયા. કારણ કે, તુલારામ સાથે વેર થયું, તે કાંઈ ગામમાં સુખે રહેવાય તેવું ન થયું, એ તે સારી રીતે જાણતો હતો. તેના ગંજેરી ને ભંગેરી ચેલકાનું એક ટોળું થોડીવારમાં આવી લાગ્યું, એટલે દીવાનચંદનાં વધારે પોતિયાં ઢૂટી ગયાં. છેવટે પચ્ચીસ રૂપિયા મહારાજને આપવા કહી, દીવાનચંદે હાથે પગે પડી પિંડ છોડવ્યો. મહારાજે જોયું કે, આગળ જવાથી કશું પણ વળવાનું નથી, એટલે પચ્ચીસ રૂપિયા મીઠા કરી લીધા.

માણેકની વાત વા અને વાદળ થઇ ઉડી ગઈ. ગામમાં દીવાનચંદ જુઠો ઠર્યો અને પંચવાળાઓ પોતપોતાને ઘેર ગયા. ન્યાતનાં ઝઘડાઓમાં મોટે ભાગે

એવાં જ પરિણામો આવતાં જોયાં છે. લાંચ કે લાકડીથી અનેકાનેક અભિયોગ ધાર્યો પાર પડે છે. ન્યાયનો તો સ્પર્શ માત્ર પણ નથી હોતો. ગરીબ આવ્યો, તો કચ-રાઇ જાય અને માથા ફરેલો આવ્યો, તો પૂછડું દાબી વેરાઇ જાય-એનું જ એક બીજું નામ છે ન્યાતની ઇન્સાફી પંચાત.

પ્રકરણ ૨૧ મું
માણેકની ધણીયાણી

ગોવિંદ એક પીડાથી મુક્ત થઇને જેવો ઘેર ગયો કે, તેના પ્રારબ્ધની પ્રબળતાથી બીજી પીડા તેના માટે તૈયાર જ હતી. માણેકચંદના લાહોર ગયા પછી તેની ધણીયાણી પિહેર જઇ રહી હતી. ત્યાં તે માંદગીનો ખાટલો સેવતી હતી. રુકિમણી હવે થોડા દિવસની મહેમાન હોવાથી, તેના પિતાએ માણસ મોકલ્યું હતું કે, ગોવિંદરામ આવીને તેને પોતાને ઘેર લઈ જાય. ઉત્તરના હિંદુઓના રિવાજ પ્રમાણે પુત્રી સાસરે મરે તો તેની સદ્ગતિ થાય, એવી માનીનતા છે. દુ:ખી ગોવિંદ બે કોળિયા ખાઇ ઘોડીપર બેસીને વેવાઇના ગામમાં-સંગરઇ ભણી ચાલ્યો. અમોટાથી સંગરઇ લગભગ દશેક ગાઉ થાય છે. બપોરનો નીકળેલો તે છેક સાંજે સાત વાગે ત્યાં પહોંચ્યો. રાતે તો ખાઇ પી વેવાઇ સાથે રુકિમણી સંબંધી વાતો-ચીતો કરીને સુઈ રહ્યો, પણ આખી રાત તેને ઊંઘ આવી નહિ. માણેક માટેના પટવારીએ જે દુ:ખદાયક સમાચાર આપ્યા હતા, તેથી તેના મનમાં અસહ્ય ચિંતા થતી હતી. વળી માણેકનો પત્રવ્યવહાર હમણાં સર્વથા બંધ હતો એટલે રુકિમ-ણીને ઘેર લેઇ આવ્યા પછી પણ માણેકનું આવવું થશે કે નહિ, એ અને એવી બીજી અનેક ચિંતાઓથી તેનું હૃદય ચીરાઇ જતું હતું.

બીજે દિવસે નિત્ય નિયમથી પરવારી ગોવિંદ પુત્રવધૂને જોવા ગયો. દેશાચાર પ્રમાણે વધૂના મુખપર ઘુંઘટો તાણેલો હતો. ખાટલા આગળ જઈ શોકાતુર હૃદયે તેણે પૂછ્યું કે; " રુકિમણી ! બેટા ! તને કેમ છે-બા ?"

પુત્રવધૂથી સસરાને ઉત્તર આપી શકાય નહિ તેથી અથવા તો અશક્તિને લીધે તે બાપડીએ કાંઈ પણ જવાબ વાળ્યો નહિ. વળી એકવાર ગોવિંદે પ્રશ્ન કર્યો. પણ તે તો નિરુત્તર જ રહી. એટલે બીજા ઓરડામાં જઈ તેણે વેવાઇ તુલસીરામને કહ્યું કે, "એક ડોળીનો બંદોબસ્ત કરી આપો તો હું એને લઇને ઝટપટ ઘેર પહોંચી જાઉં."

તુલસીરામે ઘરમાં જઈ પોતાની પત્નીની સલાહ પૂછી. તે બાપડી ચોધાર આંસુ વર્ષાવતી કહેવા લાગી કે; "હવે હું શું બોલું? મેં તો દીકરી સાજીતાજી એમના હાથમાં સોંપી હતી, પણ પરમેશ્વર જાણે ગોઝારી વેવાણે કયા ભવનું વેર વાળ્યું હશે. પ્રભો! હું તો દીકરીનો પરભવ સુધારવા પાછી સાસરે મોકલું છું; પણ એણે મારી દીકરી સાથે જેવું કર્યું, એવું ભગવાન્ એની દીકરી સાથે કરે!"

"આપણા નસીબમાં એમ જ હશે, તેને બીજું કોઈ શું કરે!" તુલસીરામે ગદ્દગદ કંઠે કહ્યું. "ગોવિંદરામ તો લાખેણા માણસ છે; પણ વેવાણ કુભારજા નીકળ્યાં તે નસીબનો જ ખેલ જાણવો. પ્રભુ સહુનું સારું કરે."

. ડોળી મંગાવવામાં આવી અને તેમાં માતાએ રુકિમણીનું અસ્થિપિંજર ઉપાડીને મૂક્યું. ડોળી ઉંચકી વેઠિયાઓ અમોટા ભણી ચાલ્યા. પાછળ પાછળ ઘોડીપર બેસી ગોવિંદરામ પણ ચાલવા લાગ્યો. તુલસીરામ, તેના બે પુત્રો અને સ્ત્રી તથા પાડપાડોસણો રડવા લાગ્યાં. રુકિમણીની માતાની સ્થિતિ બહુ જ દયાજનક હતી. તેણે રડતાં રડતાં આવેશમાં આવીને બારણા સાથે માથું પછાડ્યું અને તેથી તેના મસ્તકમાંથી રક્તની ધારા વહેવા લાગી. માતાનું હૃદય હતું, એટલે તે તો એમ જ માની બેઠી હતી કે, હવે પુત્રી બચવાની નથી. આસપાસનાં બીજાં બૈરાંએ તેને પકડી રાખી હતી અને તે પોતે "ઓ રુખી! બેટા—મને લેતી જા. ઓ બ્હેન! આ ફૂટેલાં કરમવાળી માતા સામું પાછું વળીને જોતી જા!" ઇત્યાદિ શબ્દોનો ઉચ્ચાર કરતી, ધડધડ છાતીપર હાથો મારતી જતી હતી. હજી તો પુત્રી જીવતી હતી, પણ માતાપિતાએ તો તેને આજથી જ મરેલી માની લીધી. એક દિવસ એવો હતો કે, વાજતે ગાજતે અને હસ્તે રમતે પુત્રીને સાસરે વળાવી હતી—તે જ પુત્રીને આજે આ પ્રમાણે સાસરે મરવા મોકલતાં તે માબાપના મનમાં કેવી અસહ્ય વેદના થતી હશે, એની કલ્પના તો તેવાં કોઈ દુઃખી માબાપ જ કરી શકે.

ત્રીજે પહોરે, ચાર વાગ્યાને સુમારે, ડોળી સહિત ગોવિંદ ઘેર આવી પહોંચ્યો. પ્રથમ તો પ્રેમદેવી અને તેનાથીએ ચાર ચંદ્રા સરસ તેની પુત્રી, થોબડાં ચઢાવી ડોળી પાસે આવ્યાં; પણ જ્યારે દીન રુકિમણીના મૃતપ્રાય શરીરને તેમણે ડોળીમાંથી બહાર કાઢ્યું, ત્યારે તેમની શુદ્ધિ કાંઇક ઠેકાણે આવી. રુકિમણીને ખાટલો પાથરી સુવાડી અને તેની સેવા ચાકરી કરવા માટેની ભલામણ કરીને, ગોવિંદ ઘરમાંથી પાંચ રુપિયા લઈ બહાર ગયો. એક પરન્યાતનો માણસ, જે તેનાં ખેતરોમાં કામકાજ કરતો હતો, તેને માણેકનું ઠેકાણું બતાવીને, લાહોર મોકલ્યો કે ગમે તેવી સ્થિતિમાં તે માણેકને અહીં લાવે.

એ દિવસ પાડપડોસીઓની આવજાવ હોવાથી, રુકિમણીની સેવા સારી થઈ. પ્રેમદેવીની પણ ખાત્રી તો થઈ જ ગઈ હતી કે, વહુ જીવવાની નથી; તેથી તેના ગુણો છાતીએ ચઢી આવ્યા અને પોતાનાં પાપોના પ્રાયશ્ચિત્ત તરીકે, તે ખંતથી ચાકરી કરવા લાગી. બીજે દિવસે સાંજે મોકલેલો માણસ ગોવિંદ પાસે પાછો આવ્યો અને તેણે નીચે પ્રમાણે વાતચિત કરી.

"મગન! શા સમાચાર લાવ્યો ?" ગોવિંદે આતુરતાથી પૂછયું.

"બાપા! તમારી આપેલી નિશાની પ્રમાણે તો ગયો; પણ ભાઈ તો ત્યાંથી બીજે કયાંક ચાલ્યા ગયા છે. આખા શહેરમાં રખડ્યો, પણ આદમજી નામનો પારસી તો મને કોઈ પણ મળ્યો નહિ. એક બે વ્હોરા મળ્યા, તે મારી વાત સાંભળીને હસવા માંડ્યા."

એ ઉત્તરથી ગોવિંદનું હૃદય બળીને ભસ્મ થઈ ગયું. પણ શું કરે ? પ્રિય પાઠક! મગન જેવા મૂર્ખશિરોમણિ આપણા દેશમાં જ છે, એમ નથી; કિંતુ યુરોપ જેવા સુધારાની છેક ઉંચી ટોંચપર ચઢેલા દેશમાં પણ એવા સાક્ષર મૂર્ખ શિરોમણિઓ કયાંક કયાંક જોવામાં આવે છે, કે જેઓ કરીમભાઈ ઇબ્રાહીમ અને ડેવીડ સાસુનને પારસી તરીકે ઓળખાવવાનું પેપરમાં સાહસ કરીને લોકોને હસાવે છે!

ત્રીજા દિવસના પ્રભાતથી રુકિમણીના વદનમાં તેજ આવવા માંડ્યું. થોડી-વાર પછી તે વાતચિત કરવા લાગી અને તેથી આસપાસ બેઠેલાંના મનમાં આશા બંધાઈ કે, વળતાં પાણી થાય છે. પણ ખરું જોતાં તો તે અંતકાળની ઘડીઓ હતી. તેના દિવસો ગણાઈ ચૂકયા હતા.

"બ્હેન! તમારા ભાઇના કાંઈ સમાચાર આવ્યા ?" રુકિમણીએ ધીમા સ્વરે પોતાના ઓસીકે બેઠેલી નણંદને પૂછયું.

"ના ભાઇના તો કશાએ સમાચાર નથી." નણંદે કહ્યું.

જેમ તેમ કરતાં કથાવટીએ રુકિમણી બોલી; "મોટી બ્હેન! તમારા ભાઈ આવે તો સારું; મેં તેમના ઘણા અપરાધો કીધા છે, તેમને ઘણું દુઃખ દીધું છે, તેથી છેલ્લો મેળો થઈ જાય તો જરાક માફી માંગી લઉં. આ અંતકાળની ઘડીએ પણ તેમનું દર્શન મારા આત્માનું શ્રેય કરશે. તમારા પિતાજીને કહીને તેને તેડાવશો નહિ ?"

નણંદ બોલી; "ભાભી!" પોતાની જીંદગીમાં આ નાહનકડી નણંદે પહેલવ-હેલી જ મીઠા શબ્દે રુકિમણીને "ભાભી" શબ્દથી જવાબ આપ્યો. રુકિમણીના અંતરમાં તે શબ્દે શી અસર કીધી તે અમે જાણતા નથી, પણ તે ભલી, ભોલી, ઘરરખુ, પતિને જ પરમેશ્વર માનનારી સ્ત્રીએ એ શબ્દ સાંભળી, એક આનંદનો

શ્વાસ ખેંચ્યો. નણંદે કહ્યું; "ભાભી ! બાપુજીએ ભાઇને તેડવાને માણસ મોકલ્યું હતું, પણ ભાઇનો કંઈ પત્તો લાગ્યો નહિ, તેથી માણસ પાછું આવ્યું છે. ભાઈ તો કોણ જાણે ક્યાં ગયો છે તેની ખર કે ખબર કંઈ નથી. એમ સાંભળ્યું હતું કે ભાઈ માંદો હતો, અને તે હવા ફેર ગયો છે."

"મોટી બ્હેન !" રુક્મિણીએ ધીમા ધીમા અને તુટક છુટક સ્વરથી અચકાતાં અચકતાં બોલવા માંડ્યું. "આ અંતકાળની ઘડીએ પણ તમારા ભાઇનાં પવિત્ર ચરણકમળનો મને સ્પર્શ થયો હોત તો હું મને ભાગ્યશાળી માનત. જેવી પ્રભુની ઇચ્છા ! પણ તમારા ભાઈ આવે ત્યારે મારી વતી કહેશો કે, મેં તમને કોઈ વખતે દુભવ્યા હોય, હલકા શબ્દો કહ્યા હોય, તમારી આજ્ઞાનું ઉલ્લંઘન કીધું હોય, કદી સંતાપ્યા હોય, તો તે સઘળાને માટે તમે મને માફ કરશો. મોટી બ્હેન ! મારાથી એમની કંઈ સેવા થઇ નથી. સ્ત્રીએ પતિની સેવા કરવી, એ જ તેમનો પરમ ધર્મ છે; પતિ એ જ તેનું ખરેખરું દૈવત છે. હું તો પાપિણી છું, અપરાધિની છું. મારાથી તમારા ભાઈ જેવા સદ્‌ગુણસંપન્ન પતિની કંઈ પણ સેવા થઈ નથી. રે ! રે ! મારું શું થશે ! મને પરમેશ્વર કેમ માફ કરશે ! મોટી બ્હેન ! તમે મને માફ કરશો ? સાસુજીને બોલાવો, તે પણ મને માફ કરે. તે મારાં માતુશ્રી જેવાં છે. આ ગરીબ દીકરીની સામું જોઇને માફ કરશે ? તમારા ઘરની મારાથી કંઈ સેવા થઈ નથી. ફોગટમાં જ તમારું મેં ખાઇ બગાડ્યું છે. હું કદી કદી તમારા સામું બોલી હઇશ—ન બોલવાનું મારાથી બોલાયું હશે, તે સઘળું મને માફ કરશો. તમારા ભાઇની બરદાસ્ત રાખજો. ઓ ! ઓ ! અરે ! મારાથી હવે બોલાતું નથી." એમ બોલતાં તેની આંખો થરડાવા લાગી. ક્ષણભર અબોલ રહી. તેના મનમાં તો માણેક જ હતો, તેનાં દર્શન માટે તે આતુર હતી, તેની જ તે જાપ જપતી હતી. આજકાલની સુધારાવાળી તે ન હતી કે, એક સાથે વાત કરી, બીજાનો જાપ જપે ને ત્રીજાની ત્રેવડ સાંધે ! ક્ષણ પછી પુન: બોલી:—"સસરાજીને કહેજો કે મારા અવગુણ સામું ન જુવે. તે તો મારા પિતાજી જેવા છે. તેણે જેવું કીધું છે તેવું કોઈ પણ કરે એમ નથી. અરે ! મા–રા–થી–બો–લા–તું–નથી. ઓ ! ઓ ! ત–મા–રા–ભા–ઇ–આ–વ્યા ? આ રહ્યા ! આ–ઉભા–આ–ઉભા–છે. સ્વા–મિ–ના–થ–મ–ને–મા–ફ–ક–ર–જો. અરે ! અરે !—"

એટલું બોલતામાં રુક્મિણીએ નેત્ર ઢાળ્યાં અને બે ત્રણ ડચકાં ખાધાં એટલે ઘરડી ડોશીઓએ રામરામની ચીસો પાડી, ચેતવણી આપી કે, "હવે રામરામની તયારી કરો." એક બે જણીએ છાણમાટી લઇને એક હાથ ધરતીપર ફેરવ્યો એટલે ચાર પાંચ જણીઓએ અદ્યાપિ જીવતી હોવા છતાં પણ રુક્મિણીને ઘસડીને ચોકે

નાંખી દીધી. એ નિંદ્ય આચાર હિંદુઓમાં સર્વત્ર વ્યાપેલો જોવામાં આવે છે. જો મનુષ્ય ખાટલામાં મરી જાય, તો તેને ભૂત થાય એમ માનવામાં આવે છે, એટલે સહજ જીવ હોતાં જ તેને ઉંચકીને સાથરે સુવાડે છે. કોણ જાણે ક્યારથી એ નિર્દય રિવાજે પગપેસારો કર્યો છે! કંઠે પ્રાણ આવી અટકયો હોય અને રોગીને ઉંચકવું-તેમાં તેને વિનાકારણના આંચકા ઉંચકી લાગવાથી કેટલું દુઃખ થતું હશે! એ રીવાજ સર્વથા અયોગ્ય અને એકદમ બંધ કરી દેવા જેવો છે. જેને ત્યાં જે રીવાજ હોય છે, તેને તે ભુંડો નથી લાગતો; કારણ કે, એ પ્રાકૃતિક નિયમ છે. પણ દૂરથી જોનારની દૃષ્ટિએ દેખાવ કેટલો અને કેવો લાગે છે, તે વાંચકોથી અજ્ઞાત નથી જ.

અલ્પકાળમાં હંસલો ઉડી ગયો. પાંજરું ખાલીખમ પડ્યું રહ્યું. સ્ત્રીઓએ બુમાબુમ અને કુટાકુટ કરવા માંડી. ચારે તરફથી હાયહાયના જ શબ્દો કાન અને હૃદયના આરપાર નીકળી જવા લાગ્યા. થોડીવારમાં રુકિમણીના મરણની બધે જાણ થઈ ગઈ. ન્યાતના રીવાજ પ્રમાણે ન્યાતની ને ઓળખીતી પાળખીતી પર-ન્યાતની સ્ત્રીઓ આભડવા એકઠી થવા માંડી. જે આવે તે પોતાનાં મરેલાંનું સ્મરણ કરીને છાતીપર ધડાધડ હાથ પછાડે; સામા સામી કુટે અને કુટાવે! થાકીને મોઢું વાળવા નીચે બેસે કે, બીજા ફળીયામાંથી રાગડો કાઢતી એકાદ જણી આગળ અને પાંચ સાત પાછળ ઘુંઘટો ખેંચીને છાજીયાં લેતી આવે, એટલે વળી બેઠેલીઓ ઉભી થઈ કુદકા મારી મારી છાતી તોડી નાંખવાના અગત્યના કામમાં વળગે. બૈરાં એકેકને જોઇને બમણાં શૂરાં થાય. જે આવે તે દુઃખીને ધૈર્ય આપવાને સ્થાને, પોતાનાં મરેલાંને યાદ કરી રડે અને રડાવે. એ પણ એક રીવાજ! બીજી જ્ઞાતિઓમાં ને બીજા ધર્મવાળાઓના મનમાં શું પ્રેમ નહિ જ હોય? તેમના હૃદયમાં લાગણીઓ પણ નહિ હોય? આ તો હિંદુરીવાજ! ગોકુલ ગાંવકો પેંડોહી ન્યારો!

પુરુષો આવવા માંડ્યા. સગાંવહાલાંઓ "બ્હેનરે," "ભાભીરે" "કાકીરે" ઇત્યાદિ શબ્દોનો પ્રયોગ કરતા હતા અને બીજાઓ માત્ર "ઓ ઓ"નો રાગડો તાણતા હતા. રડવું ન આવે, તોપણ પરાણે પાછળથી "હું હું હું"નાં ખોટાં ડચકાં ખાવાં જ જોઇએ. જો તેમ ન કરે, તો લોકો કઠોર ચિત્તનો ગણે! પુરુષોમાંથી ચાર જણ ખાંપણ લેવા ગયા, હજામે અગ્નિ સળગાવ્યો, કુતરા માટે લાડવા આવ્યા, વાઘરીનાં પંખીડાં છોડાવ્યાં, ગાયને ઘાસ નંખાવ્યું અને ગામઠી નિશાળોમાં છુટીઓ અપાવી દીધી! કારણ કે, એ વાતો પુણ્યમાં ગણાય છે. મહેતાજીની હેડમાં પડેલા છોકરાઓને વિદ્યાભ્યાસમાંથી છોડાવી રખડવાનો સમય આપવો, એ કાર્ય પણ પુણ્યના ખાતામાં! તેમ ગામઠી મહેતાજીઓ પણ એવાં મરનારની એટલી તો

આતુરતાથી વાટ જોતા બેઠા હોય છે કે, ચાર આના ગજવામાં મૂકી છોકરાંને તત્કાળ હાંકી મૂકે છે! બસ ચિત્રગુપ્તના ચોપડામાં પુણ્ય જમે થઈ ગયું.

સરસામાન આવ્યો, ઠાઠડી બંધાઈ, આઠ દશ મનુષ્ય બૈરાં આગળ આવીને ઉભા રહ્યા. જો એવી રીતે સ્ત્રીઓ પાસે પુરુષો ન ઉભા રહે, તો લઈ જતાં કે લાવતાં બૈરાં જોશમાં ઠાઠડી તોડી પણ નાંખે, એમાં નવાઈ જેવું કાંઇએ નથી. આટલી બધી વ્યવસ્થા છતાં પણ જ્યારે રુકિમણીનું મૃત શરીર ઘરમાંથી બાંધી બહાર લઈ ચાલ્યા, ત્યારે પ્રેમદેવી ઝટકો મારી પાછળ દોડી, અને વાળ વીખરતી પોકાર કરવા લાગી કે, "ઓ વહુ! ઉભાં રહો-છોકરો આવીને પૂછશે, તો કયે કાળે મોંઢે જવાબ દઇશ?" રે! રે! "જીવતા ન જોયા ને મુવા પછી રોયા," એ કહેતી પ્રેમદેવીએ સત્ય કીધી.

એ દેખાવ જો કે પત્થરનાં નેત્રોમાંથી પાણી કઢાવે તેવો છે, છતાં પણ કેટલો નકામો અને નિરર્થક છે, તે જાણવું સહેલ છે. ધીમે ધીમે આ વાતો રિવાજમાં પેશી ગઈ છે. કોઈ અંતરની લાગણીથી મડદા પાછળ દોડે છે, તો કેટલાંક કેવળ દેખાવ કરવા પણ તેમ કરે છે. કાઠિયાવાડી વાણિયાવાડ઼ ને બેમણ ખાતું અને ભાટિયાભાઇઓની બાયડીઓના તિણા સુરની રાગણીઓ ને રાગડાઓ, ધબાધબ પછાડી ખાવી ને અંગ સંભાળવાની કળાનું કૌતક જોવું, એ પણ એક મેળો જ છે! મહોલ્લાના દરવાજા સૂધી દોડતા દોડતા પુરુષો ગયા. સ્ત્રીઓ રડતી કકળતી ઘરભણી પાછી વળી. તેઓ લુગડાંનાં ગાંસડાં ઉંચકી, ટોળું વળી, કાંણ લઈ નદીપર ચાલી.

બહુધા બધી જ હિંદુ ન્યાતોમાં એવો પ્રધાત, કિંબહુના નિયમ જ છે કે, અમીર કે ફકીર ગમે તે ન્યાતનું માણસ મરે, તો ઘર દીઠ ઓછામાં ઓછું એક માણસ પણ સ્મશાને આવે. પરંતુ આજે ધનપાત્ર એવા અનેક કુપાત્ર દૃષ્ટિગોચર થાય છે કે, તુચ્છ ધનના અભિમાનમાં ને બહુ મામમાં એવા સમયે તેઓ આવતા જ નથી. જાણે તે નરાધમોને પોતાને મરવું જ ન હોય! કેટલાક આવવા છતાં એવા લુચ્ચા અને સંકુચિત હૃદયના હિચકારાઓ હોય છે કે, શબને હાથ કે ખાંધ લગાડવામાં મન ચોરે છે-જાણે શબ તેમના પાપી શરીરોને સાથે લઇને ચિતામાં ચઢવાનું હોય! બસ-તેઓ તો પાછળ પાછળ ગપ્પા મારતા, લહેરથી ધીમે ધીમે ચાલ્યા આવે છે. ઈશ્વર તેમને એવા નિર્જન સ્થાનમાં મારે કે મનુષ્યના સ્કંધો તેમનાં શબને પ્રાપ્ત જ ન થાય! બાપડા ચાર છ જણને માથે એ વેતરું આવી પડે છે.

એ ધનવાન્ મનુષ્યો પોતાના ધનના મદમાં છકી જઈ ગરીબગુરબાંને ત્યાં

મરણુ થાય છે ત્યારે સ્મશાન જવાના અખાડા જ કરે છે. ગરીબને ત્યાં માણુસ મુવું તે ભલે–કુતરું મુવું હોય તેમ ગણી તેની કંઈ દરકાર કરતા નથી. કદાચ કોઈ સગાંવહાલાંને ત્યાં કે લાગતાવળગતાને ત્યાં હોય છે તો, એ આંખની શરમ ન છંડાયાથી જવું પડે છે તો શબને ઉંચકનારા ઉલટા એવા બે ચારને રોકીને, વાતોના તડાકા મારતા–જાણે વરઘોડાની જાનમાં જતા હોય તેમ લેહકાતી ચાલે ચાલતા ધીમે ધીમે પછાડી ચાલ્યા જાય છે; અને ભાઈ સાહેબને ઘેર ધણી હુંડી સ્વીકારવાની હોય તેમ સ્મશાનમાં અગ્નિસંસ્કાર થયો કે, ગાડીમાં બેસતા કે ઘેર પાછા ફરે છે. કોઈ કોઈ ઠેકાણે તો પંડે જવાની જરૂર ન હોય ત્યાં પોતાના ચાકર નફરને મોકલે છે. આવા શેઠીઆઓ એમ જાણે છે કે, તેઓને કોઈ કાળે મરવું જ નથી. પણ તેઓનો પણ એક દહાડો વારો આવવાનો છે જ. બધાને ભેળાં થવાનું છે. આવો વિચાર તેઓને સ્વપ્ને પણ આવતો નથી. લક્ષ્મીના મદમાં છકી ગયેલા આ શેઠીઆ–પટેલીઆ–મ્હોકાણીઆ ને નસંતાનીઆઓને ત્યાં મ્હોકાણ મંડાય ત્યારે જ્ઞાતિલાઓએ તેને બરાબર બદલો આપવો જોઇએ–તેમની ડાડડીને હાથ જ લગાડવો ન જોઇએ. ત્યારે જ તેઓને ખબર પડે કે, આપણી શી દશા થાય છે. જેવા એ શેઠીઆઓ પોતાના ચાકરોને મોકલે છે તેમ દરેક જ્ઞાતિલાંઓએ પણ ભાડાના માણસો લાવી મોકલવા. મને ખબર નથી, પણ વાત ચાલે છે તેપરથી જણાવું છું કે, હજામ ભાઇની જ્ઞાતમાં ચાર ચીચોડે સુખી એક હજામડો હતો. જ્ઞાતમાં જ્યાં મરણ થાય ત્યાં ઘોડે બેસી જતો. ભોગચોઘડીએ તેની ડોસી મરી ગઈ. એટલે ચલરે લાલીયા બાવડી ચસ્કીના ભાઇઓ સઘળા ઘોડે બેસીને ગયા, ત્યારે ટોમ સાહેબની આંખો ઉઘડી. અજર અને અમર થયેલા જ્ઞાતના ચાર ચીચોડાવાળા ચીનાઓની અક્કલ ઠેકાણે લાવવા આવો જ ઉપાય આદરવો જોઇએ.

ગોવિંદરામને ત્યાં ધનના અભિમાની અને ઇર્ષામાં બળી જળી રહેલા થોડાક જ્ઞાતિલાઓ આવેલા હતા. સાધારણુ માણસો રુકિમણીની ડાઠડી ઉંચકી ઝટપટ સ્મશાનમાં લઈ આવ્યા.

સ્મશાનમાં અગ્નિસંસ્કાર પછી "કપાળ ક્રિયા"ના નામે થતી ક્રિયા પણ અત્યંત નિંદ્ય છે. આ દેશ કરતાં એનો પ્રધાત ઉત્તર આર્યાવર્ત્તમાં વધારે ક્રૂરતાથી કરવામાં આવે છે.

ચાર સાડાચાર વાગતામાં તો રુકિમણી હતી ન હતી થઈ ગઈ. લોકો રડતા કકળતા ગોવિંદના ઘર સુધી આવ્યા અને પાણીના કોગળા કરી પોતપોતાને ઘેર

ચાલ્યા ગયા. ગરીબ ગોવિંદના મનમાં આજે જે દુઃખ થતું હતું, તેના વર્ણનની અમારી લેખિનીમાં શકિત નથી. તે ગમે તેવો અભણ હતો, તોપણ સમજતો હતો કે, રુકિમણી સહનશીલ, નમ્ર અને શાંત પ્રકૃતિની હતી. તેણે પોતાની સાસુ નણંદનાં અનેક દુઃખો વેઠવા છતાં, એક પણ શબ્દ ફરિયાદના રૂપમાં હોઠ બહાર કાઢયો નહોતો. જાણે તેની કુલીનતા તેના શિરોભાગે સ્થિત રહીને ગંભીર ઘોષ કરતી હતી કે:—

"ખાક હો જલ કે મગર ઉફ દિલે નાશાદ ન કર;
દમભી છુટકર કે નિકલ જાય તો ફરિયાદ ન કર."

પ્રેમદેવી પણ હવે બહુ જ પશ્ચાત્તાપ કરવા લાગી. વાસ્તવમાં મનુષ્યના ગુણોનું સ્મરણ તેના મરણ પછી જ થાય છે. વળી માણેકનો પણ કાંઈ પત્તો નહોતો. એ કષ્ટ તેના માતા તરીકેના હૃદયમાં અસાધારણ કહી શકાય. રુકિમણીના ગુણો હવે તે પોતાની પુત્રી અને પાડોસણો આગળ આખો દિવસ ગાતી હતી. પણ હવે તે શા કામનું?

"આગેકી પીછે ભઈ, કિયા ન હસ્સોં હેત;
અબ પછતાકે કયા કરો, ચિડિયા ચુગ ગઈ ખેત."

પ્રકરણ ૨૨ મું
નસીમબાગ અને શિક્ષણક્રમ

આપણા ત્રણે મુસાફરો સવારે આઠ વાગે નસીમબાગ જોવા માટે નૌકાપર સવાર થયા હતા. તે ઉપડ્યા, પંજાબી ધીરે ધીરે, અંગ્રેજ દેખાવવાળો ગંભીરતાથી અને સ્ત્રી પ્રવાસિની નાજથી પગલાં ભરવા લાગ્યાં. તેમણે થોડોક સમય બાગની બારાદરીમાં ગાળ્યો. માણેકના મનમાં વળી નવી યુનિવર્સિટી—નવી કોલેજ—નવા ધોરણની પ્રાઇમરી સ્કુલ બનાવવાનો ધખારો ઉભરાઈ આવ્યો. "આહા! અહા એક મોટી યુનિવર્સિટી બનાવું." તેણે આહ પીતાં પીતાં ઉદ્ગાર કાઢયો.

"ત્યારે ખત જગાનું કરાવી લઉં કે?" અંગ્રેજી દેખાવના મુસાફરે ટકોરથી પૂછ્યું.

"અરે સાહેબ!" માણેકે નિઃશ્વાસ નાંખી કહ્યું. "મારી પાસે ખાવા કોડી મળે નહિ, તે હું શું કરી શકું? હા—જો તાતાની ઇમ્પીરિયલ સોસાયટી ઇચ્છે તો આ સ્થાન ખરેખર સરસ્વતી મંદિર—વિદ્યાલયમાટે અત્યુત્કૃષ્ટ છે. જ્યારે માઇસોરના મહારાજાએ જગ્યા આપી, ત્યારે કાશ્મીરના મહારાજા શું કામ ન આપે?

પણ ના-ના ! એ તો ન જ આપે; એમના રાજ્યારોહણની ક્રિયા લોર્ડ કુચ્ચારધાણે કરી છે, માટે અહીંની સારી સારી પદવીઓ-જગાઓ ગોરાંગોને જ આપવાની ગુપ્ત વ્યવસ્થા થઈ ચૂકી છે, એટલે અહીં બિચારા નિરાધાર કાળા આદમીઓનો ભાવ તે કયાંથી પૂછાય વારુ ?"

"મી૦ ઈમ્તેહામચંદ !" ડા૦ વાચ્છાએ માણેકને ઉદ્દેશીને કહ્યું. "તમારો વિચાર તો બઉ જ બાંકો દેખાય છે અને મને લાગે છે કે, થોડે દારે તમે પાછા મેત થઈ જસો. કાલેજ ને યુનિવર્સિટી અને ઇસ્કોલ ને પડાપડી અને કડાકડીને બાજુએ મુકી, હવા ગોરો તો બઉ સારું. પન કોની, તમે કેવી કોલેજ કાસ્શો અને તાં છોકરાંઓને કેવુંક બનાવશો ?"

"સાહેબ ! તમે મારી ગમે તેટલી મશ્કરી કરો; પણ આ દેશમાં ચાલતા શિક્ષણના સંબંધમાં તો મને ઘણો જ સંતાપ થાય છે. સ્કુલમાં ભણી, હાઇસ્કુલમાં જઈ, કાલેજમાં માથાં બોડી, બહાર પડતાં લગીમાં, તમે તપાસ કરશો, તો મારા જેવાં ઘણાં વાશી મુડદાંઓ જોવામાં આવશે-કે જેઓ આજે મરું, કાલે મરું તેવી સ્થિતિમાં, આ ધરતીપર પગ મૂકતા જણાય છે. આ દેશની સરકાર પરદેશી, એટલે સારા વિદ્યાર્થી ઉત્પન્ન કરવાની તેની ઇચ્છા જ કયાંથી હોય ? કામ જેટલું શિખ્યા અને શિખવવું એટલે જ બસ. તે પણ એટલી કઠણાઇથી શીખવાનું છે કે, હાડકાંની દોરડી જ થઇ જાય. ભણ્યા ગણ્યા પછી ઉત્તેજન કોણ આપે છે ? સફેદ ચામડી-વાળો ધોડાબોત હોય તો તેને હજાર ને પાંચસો ઉપર થોકી બેસાડવામાં આવે અને કાલી ચામડીવાળો પ્રવીણ હોય, કામ કરવાને લાયક હોય, ગોરી ચામડી-વાળાને ટક્કર મારનારો હોય, તો પણ તેનો કોઇ ભાવે પૂછે નહીં. કાળાને નામે તો ગોરાને તાઢીઓ તાવ જ આવે છે. આવી સ્થિતિમાં દેશનો ઉદય તે કેમ થાય ?"

"અરે પન તમે તમારી કાલેજની વાત જ કરોની અને પેલી તમારી યુનિ-વર્સીટી કુનીવર્સીટીની જ. આરા કયાં ફાટીયા ?" જરબાનુએ ટહુકો કીધો.

"મારા તો બધા હવાઈ જ કિલ્લા છે !" માણેકે ઉત્તર આપ્યું. "હું જો કોલેજ કહાડું તો ખરેખરી નૅશનલ કોલેજ જ કહાડું કે જેમાં શીખ્યા પછી માણસ નવી નવી કળા, નવા નવા ઉદ્યોગો, યાંત્રિક શાસ્ત્રો, રસાયણી વિદ્યા, પદાર્થ વિજ્ઞાન શાસ્ત્ર, ઉદ્ભિજ્જશાસ્ત્ર, ખનીજશાસ્ત્ર, ખગોળ શાસ્ત્ર અને ભૂસ્તર શાસ્ત્ર તથા પેલું તમારું ફીલસુફીનું શાસ્ત્ર-એ સઘળામાં નહીં તો એકેકમાં સોએ-હજારે પણ એક વિદ્યાર્થી પ્રવીણ થઈ, ખરેખરી નામના કરે અને દુનિયાને ચકિત કરે એટલો સામર્થ્યવાન્ નીવડી આવે, એવી કોલેજ કહાડું. હાલના શિક્ષણક્રમમાં તો કામસ્બાટ-

કાનાં અરણ્ય અને ત્રિંબકટુની નદી, ઈંગ્લંડનાં ગામડાં, બોકડા અને કુકડા, પાડા ને ભેંસ ને બળદીયા શીખવવામાં આવે છે, જે આ દેશના વિદ્યાર્થીઓને લેશ માત્રનાં પણ ઉપયોગી નથી. કાનપુર ને કલકત્તા, દિલ્હી ને આગ્રા, કરાંચી ને લાહોરમાં શું પદાર્થ બને છે, કઈ રીતે બને છે, તેનું જ્ઞાન નહીં; ભાન નહીં. હિન્દુસ્તાનના ઇતિહાસના બિંદુનું જ્ઞાન નહીં, ચડતીનો શોધ નહીં, પડતીનો વિચાર નહીં; અકબરના જીવન ચરિત્રનું તારતમ્ય જાણે નહીં, શાલિવાન અને વિક્રમના સમયની ખબર નહીં; ત્યારે શેફીલ્ડમાં શું બને છે અને મેનચેસ્ટર કેમ વેપાર કરે છે, લીપઝીગના કારખાના કેમ ચાલે છે, ફીલાડેલફીયામાં કોણ કોણ વેચનારા છે, કોલમ્બસે કેમ સફર કીધી, આલફ્રેડ અને શાર્લમેન કેવા રાજા હતા, ઈંગ્લંડની ચડતી કેમ થઈ, ત્યાંનું રાજતંત્ર કેવું છે, એ સઘળાના જ્ઞાનથી--વિદ્યાર્થીને ભર્યોભાદર્યો રાખવામાં આવે છે કે, જે વિદ્યા તેને ભવિષ્યમાં પોતાના દેશના લાભ માટે બહુ જ થોડી ઉપયોગી થઈ પડે છે. સામાન્ય રીતે અંગ્રેજ સરકાર ઈંગ્લંડનો કચરો પૂંજો હોય તેવા પ્રોફેસરો લાવીને કોલેજમાં ઠોકી બેસાડે છે. બાપડા વિદ્યાર્થીના ભેજામાં કંઈ તરલ નહિ હોય તો જ તે ભણે, પાસ થાય, નહીં તો રઝળી મરે. પણ મારી કોલેજમાં હિન્દના નિપુણ પ્રોફેસરોને લાવીને બેસાડું. હાલ જેમ એકલું સાહિત્યનું જ્ઞાન આપવામાં આવે છે તેમ ન કરતાં, જુદી જુદી કોલેજો સ્થાપી, પ્રત્યેકમાંથી એક્ષપર્ટ (નમુનેદાર) માણસો ઉત્પન્ન થાય તેમ કરું. પ્રજાને કેવું જ્ઞાન ઉપયોગી થઈ પડશે તેની સંપૂર્ણ યોજના કરું. ડાક્તર સાહેબ, જર્મનીની યુનિવર્સિટીની રચનાસંબંધી તમે સાંભળ્યું હશે. ત્યાંની યુનિવર્સિટીમાં વેદીયા ઢોરની માફક ભણવાનું હોતું નથી અને દરેક માણસ બી. એ. અને એમ. એ. ના અક્ષરો વળગાડી ભીખ માંગતો નથી. ત્યાંની પાઠશાળાઓમાં સરકાર મદદ આપે ખરી, પણ સરકારનો હુકમ નહીં–ચલાવવા જાય તો પ્રજા એવી સમજુ કે સરકારના માથાના બે ભાગ કરી નાંખે! અમુક વિદ્યાર્થી કરતાં વધારે શીખવવાનું કામ પાઠશાળાના શિક્ષકનું નહીં. આ દેશમાં શાળા કે પાઠશાળામાં જેટલા બોકડા ભરાય તેટલા ભરવામાં આવે છે. બાપડો શિક્ષક તે શું કરે, મરે કે માંદો પડે? તે કોના કોના ઉપર ધ્યાન આપે. ૧૦૦ વિદ્યાર્થીનો કલાસ ને સર્વને અલેફ બેથી તે ગુલીસ્તાન શિખવવાનું. જર્મન પાઠશાળાના શિક્ષકોના પગાર પણ ભરપટ્ટે, આ દેશમાં ભીખારી. પ્રજાને કેવી કેળવણી જોઇએ છે તેની સઘળી વ્યવસ્થા પ્રજા જ કરી લે છે; અને જેમ બને તેમ પ્રજા કળા કુશળતાવાળી ને બળવાન્ થાય તેવી બનાવવાની કાળજી રાખવામાં આવે છે. જાપાનમાં પણ એવો શિક્ષણક્રમ રાખવામાં આવ્યો છે,

અને તેથી જ આજે જાપાન ૪૦ વરસમાં સુધારાની ઉન્નતિની ટોંચે પહોંચી ગયું છે. હિંદુસ્તાનની પ્રજાના મગજમાં ભૂસું ભરેલું હોય એમ તમે ધારતા નહીં. જે કામ મોટા મોટા અંગ્રેજ રસાયણીઓ કરી શકયા નથી તે કામ કરવાની શક્તિ આર્ય પુત્રોમાં છે. વર્તમાનપત્રોમાં મેં વાચ્યું હતું કે, મુંબઇમાં મહારાણીના પુતલા ઉપર કોઈ અડપલાએ અડપલું કરી મહારાણીનાં પુતલાંનું મોં કાળું કીધું હતું. મોટા મોટા અંગ્રેજ ને જર્મન રસાયણીઓ તે કાઢવાને શક્તિવાન્ ન થયા ત્યારે એક હિંદીવાને તે કામ પૂર્ણ કીધું. મી૦ ગજ્જરનું નામ તમે સાંભળ્યું હશે ડાકતર? તે એક નિપુણ રસાયણી છે. આવું મહત્વનું કામ તેણે કીધું તેનો બદલો તેને શું મલ્યો? એક અંગ્રેજ બચ્ચો હોત તો તે ક્યારનો સી. આઈ. ઈ. ને સી. એસ. આઈ. થઈ ગયો હોત અને મોટા મોટા પગાર આપીને એવા મોટા ઓહ્દાપર ડોકી બેસાડ્યો હોત અને ઈંગ્લંડ અમેરીકાનાં વર્તમાનપત્રો તેની એવી તારીફના બાંકા ફુકતે કે ન પૂછો વાત. આ તો એક કાલો, હિંદનો રહેવાસી, વળી હિંદુ, તેની તે કંઈ કદર! હા, હા, એકાદ બે અંગ્રેજ છાપાવાળાએ વાહ વાહની તાળી પીટી હતી ખરી અને તેમાં જ સઘળું ખલાસ! બોઝ જેવા શોધકને નવી શોધખોળ કરવા માટે એક રસાયણી પ્રયોગશાળાની જરૂર છે, પણ અંગ્રેજ સરકારને શી પડી છે કે તેને આપવા તૈયાર થાય? ઈંગ્લંડ, ફ્રાન્સ, જર્મની, જાપાન, અમેરીકાની વાત જ ન્યારી છે. ત્યાંની પ્રજા, ત્યાંના રાજા આવા શોધકોને સર્વ પ્રકારની મદદ કરવાને તૈયાર થઈ જાય છે. અત્રે તો સઘળે અલ્લાઈ અલ્લાનો કારભાર છે. પાશ્ચુરનું ઇન્સ્ટીટયુટ કાડવાની પરવાનગી, મદદ, પેટ પૂરતા પગાર ને સેલસટાકી; કેમકે તે સાહેબ ગોરાંગ પડ્યા. કાળાનું સઘલું જ કાળું! તેનું નસીબે કાળું! લાર્ડ કુચ્ચારઘાણે લાંબી લાંબી વાતો તો બહુ બહુ કીધી, પણ તાતાનું ઈન્સ્ટીટયુટ તો હજુ ડાલા જ ખાય છે. ચાલે છે, પણ ગોકળગાયની માફક. મારી પાસે જો પૈસા હોય તો ડાકટર સાહેબ હું એવી યુનિવર્સિટી કહાડું કે જેથી દુનિયા પણ એક વાર જોઇ જ રહે, કે હિંદમાં પણ આવા હીરા પડેલા છે. પણ હું ગરીબ માણસ, શું કરી શકું? પસાર થઇને આ વિચાર કરતાં તો શીખ્યો, પણ એમ. એ. થઈ ૨૦ રૂપરડીની નોકરી! મારાથી વધારે પેદા કરનારા આ સાધારણ અલેફ પે કરનારા પણ પડેલા છે, તેને જોઉં છું ત્યારે મને વિચાર થાય છે કે રે, એમ. એ. બનાકે કીયું મેરી મિટ્ટી ખરાબ કી? સઘળી કશમત આ પૈસામાં જ આવી પડેલી છે!!

"મી૦ મુન્તેહામ!" ડાકતર બાચ્છાએ કહ્યું. "પન તમારી કોલેજમાં પેલા

પરીક્ષાનાં લફરાં ખરાં કે? જેમાં વિદ્યાર્થીઓ સોરાઈ સુકાઇને સરડા જેવા થઈ જાયછ તે? આ એવા ઇમ્તેહાનો હોય તો એથી તોબા."

"નહીં, ડાકતર સાહેબ! એવા ઇમ્તેહાનો તો એ કોલેજમાં લેવાની તરફેણ જ કરું નહીં. નેશનલ કોલેજમાં ને નેશનલ યુનિવર્સિટીમાં જુદા જ ધોરણે પરીક્ષા લેવાની જોઇએ. વિદ્યાર્થીના જ્ઞાનની કસોટી થાય, પરંતુ ખૂણા ખોચરાના પ્રશ્નો પૂછી તેમના ભેજાંનો ખીમો તો કરવામાં નહીં આવે. આ દેશમાં જ્યાં સુધી ઉંચા ધારણે રાષ્ટ્રીય યુનિવર્સિટી અને રાષ્ટ્રીય કોલેજ સ્થાપવામાં આવે નહીં ત્યાં સુધી દેશનો ઉદય ત્રિકાળે પણ થવાનો નથી. એથી તો હિંદી પ્રજાની આજકાલ સાંઝ છે તે ઘણી જલદી રાત પડી જશે અને વિદ્યાર્થીઓ ભણી ભણી ટપોટપ મરતા જશે અથવા તો મોતને આળશે જીવતા રહેશે."

"હોસે બા!" સ્ત્રી મુસાફરે કંટાળો ખાઇને કહ્યું. "મરેરે! કોલેજ, સ્કુલ, યુનિવર્સિટી બધું બની ગીયું, પન કોઇને પોસ્ટ ઓફિસ બનાવવાની ફીકર છે? કેટલા કેટલા દહારાઓથી પેપર કે કાગજ કંઈ આવતું નથી, એનું તો કોઇને ધ્યાન જ ને મરે. મરે! આજુબાજુ કોઈ અંગ્રેજનું રહેઠાન બી ને દેખાતું કે, કંઈ પેપર વાંચવા મંગાવી લેતે. હવે તો ચાલો વહાનમાં બેસીને આગળ ચાલીયે."

એ પછી બધાં નૌકાપર આરૂઢ થયાં, અને નૌકાઓ જૂની ચાલે નસીમબાગ ભણી ચાલવા માંડી. જેમ જેમ તે બાગ નિકટમાં આવતો ગયો, તેમ તેમ સૌગંધિક સમીરની લહરીઓ વધવા માંડી. અંતે નસીમબાગ પણ આવી લાગ્યો. એને ઉદ્યાન નહિ, પણ અલકાપુરીનું નામ જ આપી શકાય એવું એ ઉદ્યાનનું અનુપમ સૌન્દર્ય હતું. એ બાગને જુદા જુદા ચોદ વિભાગોમાં વિભક્ત કરી નાંખવામાં આવેલો છે. પ્રત્યેક ભાગમાંના મહાન્ જલયંત્રો નભોમંડળના સમાચાર લાવતા દેખાતા હતા. સુંદર પુષ્પવાટિકાનો મનોહર આદર્શ અને તેમાં પણ પ્રભુ લીલાના અદ્ભુત ભાવો જોઇને જોનાર ક્ષણવાર ખરેખર સાનંદાશ્ચર્યમાં લીન થઇ જાય, એ સ્વાભાવિક હતું. આસપાસ બિલોરી રસ જેવા નિર્મળ પાણીના ઝરા વહેતા હતા. એ પાણીમાં હાથ નાખતાં જ નિશ્ચય થતો હતો કે, બરફ પણ એના કરતાં વધારે શીતલ હોઈ શકે નહિ. એક જામ ભરીને પાણી પીધું હોય તો ખાત્રી થાય કે, "સર્બત પણ એના આગળ પાણી ભરે છે." વળી પાણી પાચક પણ એવું કે, જમ્યા પછી પીધું હોય, તો પાછા ભુખ્યાના ભુખ્યા ને પત્થર ખાધા હોય તોપણ પચી જાય. પંજાબીએ હોડીમાંથી જોયું તો મુસલમાન, પારસી અને યુરોપિયનો કરતાં બમણા તમણા હિંદુઓ તેના જોવામાં

આવ્યા. એથી તેણે ફાળ ખાઇને કહ્યું કે, "અહીં તો મારા ભોગ મળશે. અહીં હિંદુઓ ઘણા છે. એમાંથી જો કોઈ ઓળખીતો પાળખીતો મળી આવશે, તો ખાવા પીવાનો સવાલ પહેલવહેલો ઉઠશે!"

"પણ હું કંઈ તેથી તમોને અચર ગચર, કચોરી ને પુરી ને ધુર ઢેફાં ખાવા ને દેવસ બાવા!" અંગ્રેજી દેખાવવાળા મુસાફરે જરાક સખ્તાઇથી કહ્યું. "હજુર તો હમનાજ તબીયેત સારી થઇછ ને વરી સ્લીપ ડાઉન થવાનો ઇરાદો છે કે શું?"

"પણ ત્યારે ઉપાય શો?" પંજાબીએ ગભરાતાં ગભરાતાં પૂછયું.

"વરી ઉપાય સાનો?" અંગ્રેજી દેખાવવાળાએ બેપરવાઇથી કહ્યું. "ડોન્ટ કેર કરીને મુંગા મુંગા કુંડીઆ કરોની! તમારા જેવા દસ વીસ જના ઝોભરવા માંદસે, એટલે આસ્તે આસ્તે બધા જ તેમ કરસે. હૅવ મૉરલ કરેજ. જો એમ નઇ કરો તો પછી એજ્યુકેટેડ થયા જ સાને વરે? આય બધી સ્ટુપિડિટી છોરી દેઓ." આમ જ યુનિવર્સિટી ને કોલેજ ને ધુરધેફા કારશો કે? જરાક કરેજ રાખો, કરેજ!"

"અરે સાહેબ! કાંઈ ખાવાનું કામ છે." પંજાબીએ વધારે ગભરાતાં કહ્યું. "અમારામાં તેમ થવું બહુ દુર્લભ છે. હું તમારા હાથનું અડકેલું પાણી પીઉં છું, એટલું પણ જો મારી ન્યાતવાળા જાણે, તો ખોટા અક્ષર પ્રમાણે મારું નામ ન્યાતનાં પાનામાંથી છેકાઈ જાય."

"એટલે? વૉટ નોન્સન્સ!" અંગ્રેજી દેખાવવાળાએ ધિક્કારયુક્ત મુદ્રાથી કહ્યું. "અમે સું મ્હાકા ચમાકા છેઇએ કે?"

"ના–ના–સાહેબ! પોતપોતાના રિવાજ છે." પંજાબીએ નમ્રતાથી કહ્યું. "હું તો આપ જાણો જ છો કે, એ વિષય પસન્દ કરતો નથી; પણ સંસારના વ્યવહારમાં રહેવું કે નહિ?"

"અરે પન–લ્હારે હું કેઉં તેમ કરોની." ત્રીજી મુસાફરે એક નવી યુક્તિ સુચવતાં કહ્યું. "પાટલુન ને જેકેટપર એક ડગલો ઓરવી ઉપરથી ફેંટો પહેરો, પછી જો કોઈ ઓરખીતો હોસે, તોબી તે ડ્રેસમાં ચકરઈ જસે, ને વાતચિત ઇંગ્લિશમાં જ કરિયા કરો. અમે લોક બી તમુને માણેકજી! કઇને બોલાવિયા કરસું. ચાલો પીરા પતિ!"

વાચકો સમજી તો ગયા જ હશે કે, માણેકચંદ, જર અને વાચ્છા તે આપણા ત્રણ મુસાફરો છે. જરે બતાવેલી યુક્તિ ઠીક લાગવાથી, ડૉકટર વાચ્છાએ ટ્રંક ઉઘાડી પોતાનો એક ડગલો કાઢી આપ્યો; અને તે જ્યારે માણેકે પહેર્યો ત્યારે પોતે જાણે કોથળામાં સમાઈ ગયો હોયની એવો તેને ભાસ થયો. કયાં વાચ્છાનું કદાવર શરીર અને કયાં આપણા એમ. એ. નું વિદ્યાની ઘંટીમાં દળાઈ

ગએલું અંગ! જરે ઝટ પોતાની એક ટ્રંક ઉઘાડી અને તેમાંથી એક કાતર અને હાથનું મશીન બહાર કાઢયાં.

"અરે! તમે લોકો કાંઈ બે કલાક વગર હોડીમાંથી ઉતરો એમ લાગતું નથી. તો ચાલો બા, સાહેબજી!" એમ કહીને ડોકટર વાચ્છા એક ખારવાના હાથમાં હેંડ કેમેરો અને બીજો થોડોક સામાન આપી, નસીમબાગના બે વ્યુઝ લેવા માટે ઉતરી પડ્યો. જરે માપ લઈ ડગલાને કાપી, કાચો ફાંકી, માણેકને પહેરાવી જોયો, પણ તે ખભા આગળથી બેડોળ દેખાવા માંડયો, એટલે વળી પાછો કાઢી આડા અવળા કાપ મુકીને કાચો ફાંકવા માંડયો.

"હું અભાગિયો મારા દુર્ભાગ્યને લીધે આપને નડવા જ આવ્યો છું;" માણેકે ઓશિયાળે મોઢે શરમાતાં અને ઢટાઈ જતાં, નમ્રતાથી કહ્યું. "આ તમારા ઉપકારોનો—"

"હવે મુંગા રેઓ મુંગા–" જરે ડગલો ફાંકી તૈયાર કરતાં માણેકને જવાબ આપ્યો. "વરી ઈન્સાન્ ઈન્સાન્‌ને કામ આવે, તેમાં ઉપકાર ને આભાર તે સું બરિયાચ જો—"

આ વેળાએ ડગલો બિલકુલ બંધબેસતો આવ્યો, તેથી મગ્ન થઈ જરે ડગલો મશીનપર ચઢાવ્યો. બીજા અરધા કલાકમાં કોઈ સારા કારીગરના હાથને પણ કોરણે બેસાડે તેવો ડગલો માણેકને પહેરાવી, વાચ્છાના દાબડામાંથી ફેંટો કાઢી તેને માથે મૂકયો. ફેંટો પહેરતાં માણેક બહુ શરમાયો. સદ્‌ભાગ્ય યોગે માણેકનું માથું મોટું હોવાથી ફેંટો જાણે તેને જ માટે બનાવેલો હોયની તેવો જ દેખાવા લાગ્યો.

"જુઓ-જરબાનો!" માણેકે શરમાતાં શરમાતાં કહ્યું. "આ ફેંટાને ઠેકાણે મને કોઈ ઇંગ્લિશ કૅપ કે હૅટ પહેરવા દ્યો."

"ઓ વાય-વરી તમે હિન્દુઓની કાની ગાડી ટેસ્ટપર ઉતરિયા કે!" જરે મિષ્ટ કોપથી ભ્રકુટી સંકોચીને કહ્યું. "વરી ડગલાપર ઇંગ્લિશ ટોપસું પહેરો કે, સોભી જ રેઓ. મુઓ નહીં ઓરખતો બી ઓરખે."

"પણ આ મને શોભતું નથી;" માણેકે અચકાતાં અચકાતાં કહ્યું.

"સોભતું નહિ? એ વરી કિયા ખુદાયે કહ્યું?" એમ કહીને જરે ટ્રંક-માંથી આરસી કાઢીને માણેકના મોઢા આગળ ધરી. માણેકચંદ પોતાનું મુખ જોતાં જ આશ્ચર્યમાં લીન થઈ ગયો, ને મનમાં વિચાર કરવા લાગ્યો કે, "આ હું પોતે જ છું કે કોઈ બીજો પુરુષ છે! દાંત અને ગાલની મિત્રતાનો કયારથી અંત આવ્યો! આંખ તળેના કાળા દાગો કયાં લોપાઇ ગયા? મોઢાપર નૂર કયારે

આવ્યું ? કપાળ ક્યારથી તગતગવા માંડ્યું ? ગાલોપર મંદ મંદ લાલ અને તે પણ માણેકચંદના ગાલપર–આશ્ચર્ય !"

માણેક, માંદગીના ખાટલેથી ઉઠયા પછી ડોકટર વાચ્છાના ખંતિલા ઉપાય અને કાશ્મીરનાં હવા પાણી, તેમ જ પૂરતા આરામને લીધે, શરીરે કાંઈક ઠીક થએલો હતો; પરંતુ કોઈ દિવસે આરસીમાં તેણે પોતાનું કોઠું જોયું નહોતું. તે ચઠિયાં પઠિયાં પાડવાની ટેવ તો ધરાવતો જ નહોતો, તેથી આરસી પોતા સાથે રાખતો નહોતો. પણ આજે જ્યારે દર્પણમાં તેણે પોતાનું વદન નિહાળ્યું, ત્યારે હર્ષથી ફુલ્યો–અંગમાં ન સમાયો. જર અને માણેક એક ખલાસીને લઇને જે દિશાએ વાચ્છા ગયો હતો, તે જ દિશામાં ચાલ્યાં અને થોડીજ વારમાં જ્યાં મી૦ વાચ્છા, નસીમબાગમાં વ્યુ લેતો ઉભો હતો તેની પાસે હસતાં હસતાં આવીને ઉભાં રહ્યાં. વાચ્છાએ ખલાસીઓને હુકમ કર્યો કે, બધો સરસમાન બહુ જ સંભાળથી ઉતારીને અમારા તંબૂમાં ગોઠવી દ્યો." ખારવાઓ સલામ કરી ચાલતા થયા.

"મામાજી, અહીં આપરે કેટલાક દહારા રહેશું વારુ ?" જરે પોતાના ગુલાબી ગાલોપર કોમળ આંગળી મૂકી, વાચ્છાને પૂછયું.

"એકાદ અઠવાડિયું;" વાચ્છાએ ટુંકમાં જ ઉત્તર આપ્યું.

"અરે હાજ;" જરે હાથમાં હાથ ડોકી હસ્તે વદને, લાડથી, મોર જેવી ગર્દન હલાવી, પોતાના મામાનાં ખભાપર હાથ મૂકીને કહ્યું. "મામાજી, જોવ મરું આપરા આય મી૦ માણેકશાહની એક સબી આય ડ્રેસમાં પારી લેઓ. કોઈ દહારો એવનની બઇરી મને મલવા આવશે તારે હું તેને ચીડવસ."

"અરે નાના;" માણેકે શરમાતાં શરમાતાં કહ્યું.

"ઓ નો–આઈ વિલ ડુ ઇટ." વાચ્છાએ હસતાં હસતાં હઠ કરીને કેમેરાનું મુખ માણેક સામું ફેરવ્યું. માણેકની મરજી ન હોવા છતાં પણ તેને લાચારીએ છબી ઉતરાવવી જ પડી. ત્યાર પછી થોડીકવાર સુધી બાગમાં લટારો મારીને ત્રણે સાથીઓ પોતાના પ્રથમથી રોકી રાખેલા તંબૂમાં ગયાં. સાડાચાર વાગે સજી-સાજી એક ભોમિયા સાથે ત્રણે જણ બાગની સ્હેલ માટે નીકળ્યાં. થોડી-વાર ફરતાં ફરતાં બહુ વેગવાળી જરની દૃષ્ટિ, બે સુશોભિત હોડીઓ ઉપર પડી કે, જેમાં યુરોપિયન લેડીઓ તથા જાંગલા સાહેબો બેઠા હતા અને જવાન જવાન છોકરાઓ ચટાપટાવાળાં ગંજીફરાક પહેરી, શૂરમાં આવી, હલેસા મારતા જોવામાં આવતા હતા. જરે બધાનું ધ્યાન તે તરફ ખેંચ્યું.

"અલો–" ડાકટર વાચ્છાએ સામું જોતાં જોતાં કહ્યું; "જાને કેમ્બ્રીજ કે

ઓક્સફર્ડની બોટ રેસ!" એમ કહીને તેણે સાથે આવેલા ભોમિયાને પૂછ્યું કે, "આય લોકો કોન છે?"

"જી અમેરિકન મિશનના પાદરી નોલ્સની સ્થાપેલી સ્કુલના એ છોકરાઓ છે;" ભોમિયાએ ખુલાસો કરવા માંડ્યો. "અને પેલી છોકરીઓ કન્યાશાળામાંની વિદ્યાર્થિનીઓ છે. એમને દાઇઓનું કામ શીખવવામાં આવે છે. મોટી મોટી બે જણીઓ છે, તે શિક્ષકાઓ છે. કેટલાક પાદરીઓ છોકરાઓને શીખવે છે અને ગામોમાં ફરી ફરીને ક્રિશ્ચિયન ધર્મના બલાપા કરે છે. એમણે ઘણાં છોકરા અને છોકરીઓને ક્રિશ્ચિયન ધર્મની દીક્ષા આપેલી છે. મારા ધારવા પ્રમાણે નોલ્સનો સ્વર્ગવાસ થયો છે અને તેને સ્થાને હાલમાં બીજો કોઇ પાદરી આવેલો છે. આજે બોટ રેસ છે—આ બે બોટો ખાસ વિદ્યાર્થીઓ માટે સ્કુલ તરફથી બનાવવામાં આવી છે. જ્યારે કોઇ મોટો માણસ અહીં આવે છે, ત્યારે આ રેસ થાય છે. આજે જે આ બધા ફુવારા છોડવામાં આવેલા છે, તે કોઇ યુરોપિયન અમલદારના માન માટે જ હોવા જોઇએ. કદાચિત્ અત્યારે જ તે આવશે. બાકી સાધારણ રીતે આડે દહાડે એ બંધ રાખવામાં આવે છે."

"અરેરે!"—માણેકે શોકિત મુદ્રાથી કહ્યું. "આપણી ગવર્નમેંટ આ વાત સારી નથી કરતી. ગરીબોનાં બચ્ચાંને બાલ્યાવસ્થામાં જ ધર્મભ્રષ્ટ કરે છે, ધર્મભ્રષ્ટ કરનારાઓને નાંણાની જોઇએ તેવી અને જોઇએ તેટલી ભરપૂર મદદ આપે છે અને તે પણ અમારા જ પૈસામાંથી. હરહર! આ તે કેવો અન્યાય! કેવો મહાન્ અનર્થ!! પ્રભો! દયા કર!!!"

"પન તમે લોક સારું જેવું ફંડ કરીને તે વટલેલાં બચ્ચાંને પોતાના બાપીકા ધર્મમાં કાંય નહીં રાખી લેતાં?" વાચ્છાએ સવાલ કર્યો.

"ઓ સાહેબ! અમારા હિંદુભાઇઓ એ વાતમાં બહુ પછાત છે. ધર્મનું જે મુખ્ય હથિયાર ગુરુઓ, તેઓ જ જ્યારે એ બાબતમાં મોટી ઊંઘમાં પડ્યા છે, ત્યારે બીજા સંસારીઓની શી શક્તિ? તેઓ તો ધર્મના નામે મહારાજોના ગુરુદેવોના પગમાં લાખો રૂપિયા અર્પણ કરે છે. પણ મહારાજો જો તે રૂપિયાનો તેવા કામમાં ઉપયોગ કરે તો જ એ કાર્ય થાય કેની? તેઓથી ગાડીઘોડે ચડવામાં, વાડી બંગલે ફરવામાં અને મોજમજા કરવામાં પોતાના જ આત્માને સંતોષનારી જાહોજલાલી કેમ મુકી દેવાય?"

આવી આવી કેટલીક વાતો કર્યા પછી તેઓ તંબુમાં આવ્યાં અને ખાઇ પી પોતપોતાના જૂદા જૂદા ભાગોમાં આરામ લેવાને ચાલ્યાં ગયાં.

પ્રકરણ ૨૩ મું
દરિયામાંથી નીકળેલો હિંદીવાન

બીજે દિવસે સવારે સાતેક વાગે જ્યારે આપણાં ત્રણે પ્રવાસીઓ એક મેજ આગળ ચાહ પીતાં બેઠાં હતાં, તે વેળાએ ટપાલના સીપાઇએ આવીને માણેક, જરબાનુ અને વાચ્છાના નામના કેટલાંક સમાચાર પત્રો અને કેટલાંક કાગળો આપ્યાં. પોસ્ટમેનને તેમને શોધવામાં બહુ જ પરિશ્રમ વેઠવો પડ્યો હતો, તેથી તેણે કાંઇક ઇનામ મેળવવાની આશા બતાવી. વાચ્છાને પણ એમ લાગ્યું કે બેશક તેને મહેનત પડી હશે, એટલે તેણે ગજવામાંથી થોડા પૈસા કાઢીને આપ્યા, જે લઇ સલામ કરીને તે ચાલતો થયો. સહુ પોતપોતાના કાગળો અને સમાચાર પત્રો લઇ પોતપોતાના ઓરડામાં ચાલ્યાં ગયાં. જર કાગળોને એક તરફ મૂકી; સમાચાર પત્ર ખોલીને વાંચવા બેઠી. તેણે પ્રથમ રૂટરના તારો ઉપર નજર દોડાવી અને તેમાં પહેલો જ તાર નીચે પ્રમાણે હતો:—

"દરિયામાંથી નીકળેલો હિંદીવાન-જાપાનના કિનારા ઉપર એક હિન્દીવાન એક લાકડાના તખ્તા સાથે ઘસડાઈ આવ્યો છે. દરિયાના મોજાના મારથી તેની જીભ બંધ છે, અને તેના ભેજાપર પણ પાણીની સખ્ત અસર થયેલી છે. તેની પાસેથી એક નસ્તર નીકળ્યું છે, તેથી અનુમાન કરી શકાય છે કે, તે કોઈ ડાકટરી કામ કરનાર હોવો જોઇએ. તેની ન્યાત જાત વિશે હજી કાંઈ જાણવા જેવો ખુલાસો થઈ નથી શકયો, પણ તે મુંબઇનો નિવાસી છે એમ કેટલીક તપાસ પછી નિશ્ચય થયો છે. ડાકટરોનો એવો અભિપ્રાય છે કે, એકાદ મહિનામાં તે સારો થશે. હાલમાં તે જાપાનમાં વસતા બ્રીટિશ એલચીની સંભાળ અને સારવારમાં છે."

જરે એ વર્ત્તમાન ફરી ફરીને વાંચ્યા–અસંખ્યવાર વાંચ્યા–વાંચીને તે ઘડીમાં આનંદિત તો ઘડીમાં શોકાતુર થઈ જતી હતી. કોઇવાર તેના હૃદયમાં આશાના અંકુરો નવીનતાથી ઉદ્ભવતા હતા, તો કોઇવાર નિરાશાનો અંધકાર તેના હૃદયમાં વિસ્તરી જતો હતો. અનેક વિચારોથી તેનું મસ્તિષ્ક ભ્રમિષ્ટ થઈ જવા લાગ્યું. થોડીકવાર વિચારમાં પડી તે ચૂપ બેઠી. ત્યાર પછી કાગળો વાંચ્યા અને મૂકી દીધા. ટેબલપરથી આલ્બમ ઉંચકી તેમાંથી તેણે બે ફોટો કહાડયા અને તેને તકિયાપર ગોઠવી તેની સામે આળોટી નીચે પ્રમાણે તે એકાંતમાં મન સાથે જ બબડવા લાગી;–

"આહાહાહા-બન્ને એક જેવા જ! પણ એક જ્યારે મારો હમદીન ત્યારે

બીજો જાદ્દીન! એક તન્દુરસ્તીનો નાદર નમુનો અને બીજો સિકલી-સ્હોરાઈ સુકાઈ ગીયેલો! બન્નેના ચહેરાપર ગંભીરતા, વફાદારી, મોહોબત, ચાલાકી અને સાલેસાઇ એક સરખી જ છે. કોઇબી કહી સકસે કે એ ભાઇઓ છે. ઇન્સાન છેતરાઈ જાય, તેટલું બધું મલતાપતું ને વરી નામ બી એકજ, એકપર મારું જિગર કુરબાન છે ને બીજાને જોવાને જ મારી આંખ ઇન્તેજાર છે. એકને હું મારું જીવતર આપી ચુકીચ ને તેને લીધે જ આય બીજાને જોઇને ખુશ થાઉંચ. હાય! પ્યાર!! ઓ દિલ્બર! આ પેપરમાં આવેલો હિન્દીવાન તું જ મારો દિલ્દાર હોસે કે? વ્હાલા માનેક! તારાથી એક મહિનો મુંગું કેમ રહેવાસે? તું વ્હાલો કોન્ની આગલ હોસે? તારી સારવાર કોન કરતું હોસે? યા યા ખોદાય! પાકયજદાન! મારા એ દિલ્દારને તું જ સબર અને હિંમત આપજે. હાય! હું તો તેની તસબીરં ઉપરાંત એક તેના જેવા ઇન્સાનમાં તેના દીદાર કરી સબર એખ્તિયાર કરુંચ-પણ તેની હજારો ગાઉ ઉપર કેટલી બધી દયામની હાલત હોસે! ઓ દાદાર-ઓ કરીમે કારસાજ! રહેમ કર-સું કરું? કહાં જાઉં? એક કાગજ લખું? સું તે પહોંચસે? બ્રીટીશ કોન્સલની કેરમાં લખું?"

એવો વિચાર કરી પલંગપરથી ઉઠીને જરબાનુ કાગળ લખવા બેઠી. હાથમાં કલમ લઈ જેવી તે લખવાની શરુઆત કરવા જતી હતી, કે અચાનક તેના મનમાં બીજો વિચાર આવ્યો ને તેથી તે ઝટ માણેકના રુમમાં ગઇ. ત્યાં જઈ તેણે પૂછ્યું કે, "માણેકચંદ! જાપાન તાર જઈ શકે છે ખરો કે? તમુને એની ખબર છે કે?"

"જી નહિ;" માણેકે કુરસીપરથી ઉઠીને ઉત્તર દીધું. જરબાનુ નિરાશ થઇને પાછી પોતાના રુમમાં આવી અને પત્ર લખવા બેઠી. લગભગ પાંચ મિનિટ સુધી વિચાર કરી, "વ્હાલા માનેક!" લખ્યું; પણ તે ઠીક ન લાગવાથી છેકીને "મારા મસીહા માનેક" લખ્યું. તે પણ ન ગમવાથી બીજીવાર ચ્હેરી નાંખીને 'વફાદાર દિલ્દાર!' લખ્યું. તેને કાપી નાંખી વળી 'જરના જાન! જરના અરમાન' લખ્યું. એ વેળાએ કાગળમાં પાંચ છ છેકા પડ્યા એટલે તે ફાડીને બીજો કાગળ લીધો. હવે આપણે જરને પોતાના વિચારના વમળોમાં ગોથી ખાતી મૂકી આપણે આપણા પુરાણા એમ. એ. માણેકચંદ ઉર્ફે ઇમ્તેહામચંદના બિરસ્તર પાસે જઈશું, તો યોગ્ય જ કહેવાશે.

માણેકચંદ એક કુરસીપર વિચારમાં બેઠેલો હતો. એક અંગ્રેજી કાગળ ઘડી ઘડી વાંચતો અને પાછો મુકી કાંઈ ગંભીર વમાસણમાં પડતો જોવામાં આવતો હતો. એ પત્ર એદલજીનું હતું અને તેમાં નીચે પ્રમાણેની હકીકત લખેલી હતી;-

"ભાઈ માણેકચંદ,

આશા રાખું છું કે તમો તનદોરસ્ત હશો. અહીં તમારી જગ્યાએ જે કામ ચલાઉ માણસ રાખ્યો છે, તે ઠીક છે. કામકાજ ચાલે છે. હાલમાં મારા જાપાનના એજંટનો કાગળ આવ્યો છે. તે લખે છે કે, ત્યાં એક અસાધારણ મોટી પેઢી ખોટમાં આવી ગઇ છે અને તેના કરોડો રૂપિયાના માલનું લીલાઉ પાણીના મુલે થવાનું છે. જો કોઇ માણસ આવી પોતાના ખરનો માલ જોઇને લઇ જાય તો બહુ લાભ થાય તેમ છે. મારો વિચાર છે કે, હું એક માણસ ત્યાં મોકલું. તમારામાં મારો જેટલો વિશ્વાસ અને પ્રેમ છે, તેનો લાભ તમને આપવાની મારી ઇચ્છા છે. હું તમને એકસો રૂપિયાનો પગાર અને ખાધા ખર્ચ તથા ભાડુંગોડું આપીશ. તમે જાતે જઇ આપણા ખરનો માલ જોઇ તપાસીને મારાપર પત્ર લખો, એટલે હું હુંડી મોકલાવું અને માલ ખરીદી તમે રવાના કરો. એજંટના લખવાપરથી તો હજારોનો, બલ્કે લાખોના નફા જેવો મામલો હોય, એમ જણાય છે. વળી દરિયાઈ હવાથી તમારી તનદોરસ્તીમાં પણ વધારે સુધારો થશે. ત્યાં તમારા અભ્યાસને પણ વધારવા ચાહશો તો વધારી શકશો. બીજા કોઇ વિશ્વાસપાત્ર મનુષ્યને અત્યારે હું કયાં શોધવા જાઉં? બસ, મારા અને તમારા બન્નેના માટે આ સારો અને લાભનો સમય છે. જો તમારી જવાની મરજી હોય તો જલ્દી જવાબ આપો. જર ખુશીમાં હશે, અને તમે મોટા ભાઈ તરીકે તેની સંભાળ રાખતા હશો. મારા જોગે તો તેના મામા છે જ:–

લી. શુભેચ્છક,

એદલજી.

એ અંગ્રેજીમાં લખેલો કાગળ માણેક વાંચતો જતો હતો અને વિચારમાં પડતો હતો. ઘડીમાં કાંઇ બબડતો હતો, ઘડીમાં ચૂપ થઈ કાંઈ વમાસણ કરતો હતો. 'પણ જવું જ જોઇએ,' તે વળી પત્ર ઉઘાડીને બોલ્યો. "જો બની શકે, તો આજ જ જવામાં વધારે શોભા છે. આવો શેઠ શોધ્યોય કયાં મળે! એણે મને નોકર રાખ્યો છે કે દત્તક? હું નોકરી કરું છું કે શેઠાઈ? વીશ રૂપિયાનો એક કોમન કલાર્ક અને કાશ્મીર હવા ખાવા! ઘેર જવાની રજા ઉપરાંત ગરમ સુટો. તેની પુત્રી તરફથી જુદી ભેટ! વીસપરથી એકદમ સોનો ચાન્સ! અરે પાઇ પગારપર જાઉં તો પણ એ લોકોના ઉપકારનો બદલો વાળી શકાય તેમ નથી." આમ બબડી વળી કાગળ વાંચ્યો અને અંતે વિચાર કરીને તે જરના રુમ આગળ ગયો.

"મે આઈ કમ ઈન? જરબાનો!" તેણે પર્દા આગળ ઉભા રહી પૂછ્યું.

"બાઇ ઓલ્મીન્સ;" અંદરથી ઉત્તર મળ્યું.

માણેક અંદર ગયો. જરે દશેક મથાળાં છેકેલો કાગળ ફાડીને ફેંકી દીધો, અને એક કુરસી સામી આંગળી બતાવી **માણેક**ને બેસવા કહ્યું.

"તમારા અગત્યના કામમાં મારા આવવાથી અડચણ તો નથી થઈ?" **માણેકે** બેસતાં સભ્યતાની રીતિથી પ્રશ્ન કર્યો.

"જરાબી નહિ;" જરે સભ્યતાથી જ ઉત્તર આપ્યું.

"ત્યારે આ પત્ર કૃપા કરી–" જરે પત્ર લઇ જલદી જલદી વાંચ્યું. પણ એથી તેના મુખમંડળમાં કાંઇ વિચિત્ર પરિવર્તનો થવા માંડ્યાં. બીજીવાર આંખો ફાડી ફાડીને તેણે કાગળ વાંચ્યો અને થોડીવાર ચુપકીદી ધરી રહી. **માણેક** જરનો અભિપ્રાય જાણવા જ આવ્યો હતો, એટલે તે જરને ચૂપ બેઠેલી જોઇને બોલી ઉઠ્યો કે, "કેમ આટલા બધા વિચારમાં પડ્યાં, જરબાનો! આટલો બધો વિચાર શાનો?"

"મને કંઇ સમજ ન્હે પરતી કે સું જવાબ આપું?" જરે વિચારના વમળમાં ડુબકી મારીને કહ્યું. "તમુને જવામાં જો "ના"ની સલાહ આપું, તો એક સારો ચાન્સ તમારા હાથથી જાયચ; ને જો હા કેઉંચ, તો–હા કેઉં તો–આપરે–હાં--તમારી હેલ્થની ફિકર લાગેચ."

"હું તો ધારું છું કે, મારે જવું જ જોઇએ;" **માણેકે** પોતાનો મનોભાવ ખુલ્લો કરવા માંડ્યો. "હવે હું સારો છું; મારા શરીરમાં શક્તિ પણ આવવા માંડી છે; વળી **જા**પાનમાં મારે કાંઈ ટેબલપર બેસી રહી કલાકોના કલાક લખવાનું નથી–આ તો જાણે કોઈ અમીરજાદો ફરવા જતો હોય, તેવો ઘાટ છે. લીલાઉંનો માલ જોવો, એ તો એક પ્રદર્શન જોવા બરાબર છે અને રકમ વધી લઇ લેવામાં પણ મને શી મહેનત પડવાની છે? ભગવાને આ તો મારા માટે એક અલભ્ય લાભ શોધી કાઢ્યો છે. છતાં આપની જે સલાહ હોય તે ખરી."

"મને કોઇ બીજું નથી લાગતું," જરે વિચારમાંથી ચમકી કહેવા માંડ્યું. **માણેક** જે બોલ્યો હતો તેમાંના અડધા શબ્દો પણ તેણે સાંભળ્યા નહોતા. "હું એકલી વાયેઝાન જેવી પડી જવસ. તમારો પડોસ મને ઘનો પડી ગિયોચ છતાં તમે જાવ, મિસ્તર **માનેકચંદ**! ત્હાં મારું બી એક—"

"કેમ કહેતાં કહેતાં રહી ગયાં, જરબાનો?" **માણેકે** આશ્ચર્યથી પૂછ્યું.

"જાને આજના પેપરમાં આય ખબર આવીચ," સમાચાર પત્ર ઉંચકીને જરે **માણેક**ને આપ્યું ને તેણે તે વાંચ્યું. "હવે જો તમો જાવ, તો તો જાને કે

આય માનસને મલીને–પન તે જો તે–તે જ ન હોય, તો પછી–પન ન્હેં–તે તો તે જ છે. તમે ન્હે જાવ તો ઠીક, પન તોબી–જાવ તો હું ખુશ થવશ."

"ક્ષમા કરજો જરબાનો!" માણેક ગુંચવાડામાં પડી જવાથી હસીને કહેવા લાગ્યો "તમારું વાકય યાતો ફરીથી બોલાય તો સારું અથવા તેનો પૂરો અર્થ સમજાવવામાં આવે તો સારું. આપ હા કહો છો કે ના, તે કાંઇ સમજી શકાતું નથી."

"હા, હું તમુને સમજાઉં;" જરે ઉંડા શોકમાં પડીને કહ્યું. "સપોજ કે આય શખ્સને તમારે બહુ સંભાળથી સાથે લાવવો પરે, તો તમો લાવો, એ તો વગર સકે હું માનુંચ. પણ તે ધનીને માટે જ હું તમુને મોકલુંચ ને તે જો ભલતો માનસ હોય, તો કદાચ મને બહુ દુઃખ વેઠીને બી સું લાભ મલે?"

"આપ કદાચ બરાબર બોલતાં હશો, પણ હું જાપાન જવાની ધુનમાં ભાષા ભુલી ગયો હોઉં, એમ લાગે છે;" માણેકે વિસ્મયતાથી પૂછ્યું.

"જર! હું અંદર આવવા માગુંચ;" ડાકટરે પૂછયું.

"આવો જી–મામાજી!" જરે ચમકીને જવાબ દીધો; અને ડાકટર વાચ્છા જરબાનુના રુમમાં દાખલ થયો.

"અલો!" ડાકટરે માણેકને જોઇ કુરસીપર ગોઠવાતાં કહ્યું. "હું જે વાસ્તે જર પાસે આયોચ તે જ કામ માટે તમેબી આવિયાચ કેમ? હું રાઇટ છેઉંને ઇસ્તેહામચંદ?"

"હા જી–આપ ખરા છો!" માણેક ઇસ્તેહામચંદ નામથી હસી કહ્યું.

"મારા જોગા લેટરમાંબી માનેકચંદને જલદી પેક કરવા લખેચ. પન હું વિશ કરુંચ કે, એ હજુર થોરો ટાઇમ અહીં રહે. ત્હારો સું વિચાર છે દીકરી જરાં?"

"બરાબર છે મામાજી!" જરે ઉંઘમાંથી ઝબકીને જાગી હોય, તેમ ચમકીને કહ્યું. "પપાને એમ જ લખો!"

"સું લખું તે મને તો ન્હેં સુજતું;" વાચ્છાએ ગુચવાડો દેખાડ્યો.

"લખોની કે તબીયત જોઇએ તેટલી સુધરી નથી. વલતી ટપાલે જવાબ મોકલો કે–પન એવન જાય તો સારુંને મામાજી! મજેનો ચાન્સ છે ને વરી–કેમ તમારા સું વિચારો છે?" જરબાનુએ ગુંચવાઇને કહ્યું.

"એ બધું સું કચુંબર કરી ગેઇ?" વાચ્છાએ હસીને પૂછયું. "પન આજ તારા ચ્હેરાપર કાંઇ બેહદ ગમગીનીનો છાપ દેખાયચ, દીકરી જર!"

"ગમગીની વરી સાની હોય જે! આજે ઘનું વાંચિયુંચ તેથી બધી આંખ તનાઇ આવીચ;" જરે પોતાના મનનો ભાવ છૂપાવવાનો પ્રયત્ન કરતાં જવાબ

વાળ્યો. પણ તેનું મન તો માણેકચંદ, સમુદ્ર અને જાપાન એ ત્રણ વસ્તુઓના ચક્રપર ફર્યા કરતું હતું.

"વ્હારે હું લખુંચ કે માનેકની તબીયત તો ઠીક છે, પન જરા નબલાઇ છે. જો એકદમ અગત હોય તો તમો તાર કે કાગળથી જનાવો તેમ કરીએ, કેમ ઠીકની!" વાચ્છાએ પૂછ્યું.

"હા-હા--એમ જ લખો!" જરે ઉતાવળથી કહ્યું.

"ત્યારે હું તો લખું છું કે, મને બે દહાડા મારા ગામ જવાની રજા મળે તેટલો સમય આપી, જ્યારે આજ્ઞા કરશો ત્યારે, જ્યાં કહેશો ત્યાં જવા તૈયાર છું;" માણેકચંદે જર અને ડાકટર બન્નેને પૂછ્યું. અને એમ જ થાય તો ઠીક, એમ એકમત થયા પછી, માણેક અને વાચ્છા પોતપોતાના ઓરડામાં ચાલ્યા ગયા.

"યા પરવરદિગાર! સું હું માનેકચંદ નથી બની સક્તી કે ખુદ જાતે જ જાપાન જાઉં!" જર બધાંના જવા પછી મન સાથે કહેવા લાગી. "અરેરે પાંખો ક્યાંથી મલે! ઉડતું, ઇનસાનથી કેમ બને?" એવા વિચારો કરતાં કરતાં તેણે એક કાગલ લખવાનો ઠરાવ કર્યો. તે ટેબલપર જઇ બેઠી અને નીચે પ્રમાણે કાગળ લખી કાઢયો;—

કેશ્મીર તા૦-૧

"મારા દિલના કરાર, જિગરના મુખ્તિયાર અને વ્હાલા દિલ્દાર.

આજ મહિનાઓના મહિના થયા કંઈ બી જાતના સમાચાર વગર દિલ બેકરાર હતું. ઈન્તેજાર આંખની પ્યાલીઓ બનાવી તુજ દિલ્દારની દીદારની ભીખ દરદર માગુંચ, જુદાઇની આગના શોલા જિગરમાંથી ઉઠી જિગરમાંજ સમાઇ જાયેચ. એપોલોની ખબર જાણવા રાતદિન પેપરો વાંચતાં આજે એક માનસ જાપાનને કિનારે નિકલિયોચ એમાં વાંચિયું ને મારું દિલ પુકારેચ કે તે તું વ્હાલો જ છે! ખોદાય મારી અટકલ ખરી પારે. દાદાર મારી ધારના સાચી કરે. હાલ મામાજી સાથે કેશ્મીરની મુસાફરીએ હું નીકલીચ. પન તારા વગર જન્નત બી દોજખ બરોબર છે. આય કાગજ મલતાં જ તારી તંદુરૂસ્તીના મુબારક સમાચાર મોકલી, આય બલતા જિગરને રાહત આપ. ઘનું લખવા માગુંચ, પણ કંઈ સુઝતું જ નથી. દિલ કહાડીને કાગલમાં લપેટવાનું કામ આસાન નથી. બસ યજદાન તું દિલજાનને હિન્દુસ્તાન પહોંચારે અને ફક્ત તારે ખાતર જીવનારથી મેલવે. આમીન.

લી. ફક્ત તું દિલબરની ઇન્તેજાર.

જર દિલ્ફિગાર"

પત્ર કવરમાં બીડી બ્રીટિશ કોન્સલદ્વારા માણેકજી અરદેશરને મળે, એમ ઠેકાણું લખી ટેબલના ખાનામાં મૂકયું. બીજે દિને સહુ ગુલમર્ગ ઉપડી ગયાં.

પ્રકરણ ૨૪ મું

કોમરાસ્કી અને હિન્દીવાન

એક નાનકડી નારી, લાકડાની ઢુબડી, ચીનાઇ ઢીંગલી, અઢી વેંતની પુતળી, અવસ્થા વર્ષ પચીસેકની, પણ પંદર સોળ વર્ષની બાળા જેવું સુકુમાર શરીર, ચંપકવર્ણી, મુખનો ઘાટ અંડાકાર, નાક બેઠેલું બલકે બેસાડી દીધેલું, ઘરમાં જાપાની ઝુબ્બો અને બહાર ફિરંગી જેવો પહેરવેશ, કાળાભમર જેવા રેશમના લચ્છાને લજવનારા મુલાયમ વાળ, ને તે વળી અંગ્રેજી કાંસકી સાથે ગુંથેલા, સુરાહીદાર લાંબી ગર્દન, ચમચારોકા હાથ, લમણાનાં હાડકાં ઉંચાં અને નયનો ઉંડાં—જાણે મીણની પુતળીને આંખના ખાડા કરી માંહી કાચની લખોટીઓ દબાવી દીધી હોય, ઓરડામાં એક ચાહની કીટલી નિરંતર ઉકળતી, પાસે જ નાની નાની ચીનાઇ પ્યાલીઓ—જાણે ચકલીઓના ચારા માટે જ બનાવવામાં આવી હોય, એવી દેખાતી હતી. એક અગ્નિપાત્ર કે જેને જાપાનીઓ હુબાશીના નામથી ઓળખે છે તે સળગતું જોવામાં આવતું હતું. વીરમના વાળાથી પણ ઝીણી સળીઓના નાજુકડા ચકો ભીંતપર આડાઅવળા લટકાવેલા હતા. નાની નાની ટિપાઇઓ ઉપર ઉત્તમોત્તમ કારીગરોના હાથનાં બનાવેલાં ફુલદાન ત્યાં શોભી રહ્યાં હતાં. ઓરડો પણ દાણો જ—નાનકડો હતો–જાણે કબુતરીનો માળો. એક ખુણામાં કેટલીક સુંદર પુઠાંથી બાંધેલી ચોપડીઓનો ઢગલો પડેલો હતો અને એક કાચના ફાનસ જેવા ચોકઠામાં ગૌતમ બુદ્ધની સ્ફટિકની મૂર્તિ--બીજા ખુણામાં મૂકેલી હતી. એ મૂર્તિ, પલાંઠી મારેલી, જાંગોપર બે હાથ, નેત્રો બંધ અને ધ્યાનસ્થ અવસ્થામાં બેઠેલી હતી. એ મૂર્તિપર તાજાં ફુલના હાર ચઢાવેલા દૃષ્ટિગોચર થતા હતા. કોમરાસ્કી પ્રતિદિન એ મૂર્તિને ન્હવડાવી ધોવડાવીને, ફુલહાર ચઢાવી, પગે લાગી, તેના સમક્ષ માળા લઇ, જપ કરવાને બેસતી હતી. તે કલાકોના કલાકો પર્યંત પૂજા પાઠ કરતી હતી. બૌદ્ધધર્મના પુસ્તકોના અવલોકનનો તેને નિત્યનો અભ્યાસ હતો. જાપાનમાં બુદ્ધધર્મની તેર શાખાઓ છે. તેમાંની શિશુ અને નચિરનશુ નામની બે શાખાઓ વધારે પ્રસિદ્ધ અને પ્રજાપ્રિય છે. બૌદ્ધમતનાં પ્રાચીન તત્વોને લોકોએ પાછળથી ઘણી જ આડીઅવળી પંક્તિઓમાં વહેંચી નાંખ્યાં છે.

પ્રત્યેક દેશમાં જેવી રીતે ધર્મ સંબંધી વિવિધ શંકાઓ ઉત્પન્ન થાય છે, તેમ જાપાનમાં પણ થયું હતું. એક રમિનુ નામનો પુરુષ થઇ ગયો છે, તેણે જ પ્રથમ બુદ્ધધર્મમાં કેટલાક સુધારાવધારા કરીને એક નવીન સંપ્રદાય ઉભો કર્યો હતો. કોમરાસ્કી એ નવીન સંપ્રદાયની જ અનુયાયિની હતી. એ અબળાની ધર્મશ્રદ્ધા એટલી તો પ્રબળ થઇ ગઇ હતી કે, તેને બુદ્ધ જેવા મહાત્માની જન્મભૂમિમાં અવતરેલા પુરુષ સાથે જ લગ્ન કરવાની ઘેલછા લાગી ગઇ હતી, એ આપણે પ્રથમ જાણી ચુકયા છિયે. કોઇપણ પ્રકારે ભારતવર્ષમાં બુદ્ધધર્મની જાગ્રતિ થયેલી જોવાને તેનું ચિત્ત અત્યન્ત આતુર હતું. જે દિવસે તે બ્રિટીશ લિગેશનમાંથી પાછી ફરી તે દિવસથી એમ જ માની બેઠી હતી કે, ભગવાન્ બુદ્ધે, જાપાનના કિનારાપર લાવી નાંખેલો પુરુષ, તેની સાથે લગ્ન કરવા જ સરજાયલો છે. અત્યારે તે માચ્યાનચી અને બજજી નામના જાપાની સમાચાર પત્રો નિહાળવામાં રોકાયલી હતી. એ તો જગતપ્રસિદ્ધ વાત છે કે, જરા જેટલી નવી વાત હાથ આવી જતાં જ, પેપરવાળાઓ કાગનો વાઘ કરી, પોતપોતાની ઇચ્છાનુસાર અભિપ્રાયો આપવા મંડી પડે છે. ઉક્ત બન્ને પત્રોમાં અનેકાનેક અટકળના ઘોડાઓ દોડાવવામાં એડિટરાચાર્યોએ કશી પણ કચાશ રાખી હતી નહિ. એકે લખ્યું હતું કે, "એ હિન્દીવાન કોઇ જાસુસ છે કે, જે જાણીજોઇ મૌન્ય ધારણ કરીને પડ્યો છે?" બીજે સ્થળે લખ્યું હતું કે, "એ કોઇ ઢોંગી છે અને લોકોને બનાવી નાણાં કઢાવવા આવ્યો છે." વળી એક ચર્ચાપત્રી મહાશયે ચીતરી માર્યું હતું કે, "એ કોઈ જાપાની લેડીનો આશક હોવો જોઇએ; અને આવી રીતે હોસ્પિટાલમાં આવીને પડવાનું કારણ એ કે, તેની માશુક તેને જોવા જાય છે? દયા ખાય છે કે?" એ શબ્દો કોમરાસ્કીને બહુ જ મીઠા લાગ્યા. વળી એક સ્થળે લખ્યું હતું કે, "કોઇ ભારતવર્ષનિવાસી યોગી સમુદ્રને તળિએથી ચાલી જાપાન જોવા આવ્યો છે." ટુંકમાં જેના મનમાં જેમ આવ્યું, તેણે તેમ લખી માર્યું હતું. કોમરાસ્કી એ બધું વાંચતી, મનમાં અનેક જાતિના હવાઇ કિલ્લા બાંધતી હતી-તે એટલે સુધી કે, કોઈ કોઈવાર તો તે ઘેલા માણસ પ્રમાણે જાણે પોતે પરણી જ ચૂકી હોયની તેમ નાચવા જ મંડી જતી હતી. હિન્દુસ્તાનનો નકશો અને હિન્દુસ્તાનની ભૂગોળ તો તેણે પોતા પાસે જ રાખી મૂકયાં હતાં. તે જોઇને તે ભારતવર્ષનાં નગરો અને ગ્રામોનાં નામો યાદ કરતી હતી અને કયા ગામમાં કયા વિષયને લઇને વ્યાખ્યાન (Lecture) આપવું, એનો મનમાં ને મનમાં નિશ્ચય પણ કરી રાખતી હતી. એવી રીતે દિવસો પછી દિવસો વીતતા ગયા. એક દિવસ એક

સમાચારપત્રમાં એક જાહેરખબર તેના વાંચવામાં આવી કે, "જાપાનના પ્રસિદ્ધ વ્યાપારી લગુચીનું દીવાળું નીકળી ગયું છે......માસની......મી તારીખે તેના લાખો રૂપિયાના સામાનનું જાહેર લીલામથી વેચાણ થવાનું છે. એની ખરીદી માટે દેશદેશના વ્યાપારીઓને ખબર આપવામાં આવી છે અને બધા દેશના વ્યાપારીઓ પોતાના ગુમાસ્તાઓને મોકલી ખરીદી કરશે, એવી દૃઢ આશા રાખવામાં આવે છે."

એ સમાચાર વાંચવાથી કોમરાસ્કીના હવાઈ કિલ્લા વધારે ઊંચા ચણાવા લાગ્યા. તેણે દૃઢ નિશ્ચય કર્યો કે, "આવતા હિન્દીવાનોની વાટ જોવી અને બધામાંથી એકને ચૂંટી કાઢી તેને બુદ્ધિષ્ટ બનાવવો અને તેની સાથે પરણીને હિન્દુસ્તાન ચાલ્યા જવું. વળી પતિને એવો વશ કરવો કે પૂછયા વિના પાણી પણ ન પિયે; કહ્યા વિના કદમ ન ભરે અને આજ્ઞા વિના અન્ન ન આરોગે." પણ પીડા એ હતી કે, લીલામને હજી ચાર મહિનાનો અવકાશ પડ્યો હતો, એટલા માટે અચાનક આવી પડેલા હિન્દીવાનની મુલાકાત માટેની તે આવશ્યકીય તૈયારીઓ કરવામાં, તન મન ધનથી લીન થઈ ગઈ.

થોડા દિવસ પછી માંદાની જીભ ઉઘડી. તે થોડું થોડું બોલવા લાગ્યો. જેવી જીભમાં બોલવાની શક્તિ આવી કે, તેણે પ્રથમ પોતાનાં જુનાં લુગડાં વિશે સવાલ કર્યો. બ્રીટિશ કોન્સલ આવ્યો, તેને પણ તેણે એ જ પ્રશ્ન પૂછ્યો કે, "મારા શરીરપરથી કપડાં કંઈ મળ્યાં હતાં? અને તે કયાં છે?" કોન્સલની આજ્ઞાથી એક નોકર દોડતો જઈ એક પોટલું લઈ આવ્યો અને તે છોડીને કપડાં ટિપાઈપર મૂકયાં. માંદો માણસ કોઈ ગાંડા જેવી ચેષ્ટાથી ઉભો થયો અને પોટલું ખોલી તેમાંથી એક ધોળું અર્ધી બાંહ્યનું કુડતું અને એક લાંબી દોરી, એ બે વસ્તુ કાઢી. તેને વારંવાર ચુમી, આંખે લગાડવા માંડ્યાં—આસપાસવાળાઓ એ તમાસો જોઇને આશ્ચર્યચકિત થવા લાગ્યા. ડાક્ટરને હવે તેના આરોગ્ય માટે ચિંતા થવા લાગી.

"તમે બેસી જાઓ!" એમ કહીને ડોકટરે તેને ખાટલાપર બેસાડી દીધો. "આ શું છે કે, જેને જોઇને તમે આટલા બધા હરખાઈ ગયા?" બ્રીટિશ એલચીએ બેસવા પછી, તે માંદાને સવાલ કર્યો.

"એ અમારા ધર્મની માનીતી નિશાની છે, માય લોર્ડ!" માંદાએ હર્ષથી ઉછળતી છાતીપર હાથ ઠોકીને કહ્યું. "હું પારસી છું અને તેથી જો એ ચીજો મને પાછી ન મળી હોત તો, કદાચિત્ દુઃખથી હું વધારે માંદો પડી જાત."

"તમારું નામ શું?" એલચીએ પાછો સવાલ કર્યો.

"માણેકજી અરદેશર!" માંદાએ જવાબ આપ્યો. "હું આર્મી મેડીકલ

સર્વિસમાં લેફ્ટનંટ તરીકે હોંગકોંગ જવા, એપોલો સ્ટીમરપર સવાર થઇ જતો હતો; અને માર્ગમાં ભરદરિયે સ્ટીમર ડૂબતાં એક પાટિયાને વળગી અહીં ઘસડાઈ આવ્યો છું."

"અંતે એપોલો ડૂબી જ ગઈ કે?" એલચીએ ઉદાસી ભરેલા મુખથી સવાલ કર્યો.

"યસ સર!" માણેકજી માંદાએ જવાબ દીધો. પછી પોતે થાકથી બહુ જ અશક્ત થયેલો હોવાથી, બીજી હકીકત પછી પૂછવાની તેણે એલચીને નમ્ર વિનતિ કરી. રૂટરની એજન્સીદ્વારા એ સમાચાર ચારે તરફ ફેલાઈ ગયા. જાપાનના પત્રોમાં પણ કોલમોનાં કોલમો એ જ સમાચારથી ચીતરાયલાં બહાર પડવા માંડ્યા. લોકો અનુમાન તો કરી જ ચૂકયા હતા, પણ આશાના કાચા તાંતણાને વળગી સારા સમાચારની વાટ જોતા હતા. તે આશાના તાંતણા પણ હવે ટૂટી ગયા.

કેટલીક સ્ત્રીઓ રંડાઇ, બાળકો માબાપ વિનાનાં થયાં, ભાઇઓ, બહેનો, માતાઓ, મિત્રો અને બીજાં હજારો મનુષ્યો એ સ્ટીમર ડૂબવાથી શોકના સમુદ્રમાં ડૂબી ગયાં. હજારો ઘરોમાં રડારોળ અને હાયપીટ થવા માંડી. સ્ટીમરના માલેકને ત્યાં પણ શોક છવાઇ ગયો. એક માણેકજીના ઘરમાં હર્ષ અને ચિંતા મિશ્રિત આશામાં ડોળતાં હતાં. શેષ જેટલાં ડૂબનારાંનાં લાગતાંવળગતાં, સ્ટીમરના સમાચારની વાટ જોતાં હતાં, તે સર્વ નિરાશ અને નિરુપાય થઇ ગયાં. માણેકજીના દેખતાં, તો ઘણાંક માણસોને લાઇફ બોટોમાં ઉતારવામાં આવ્યાં હતાં, પરંતુ પાછળથી તેમનું શું થયું, તે માણેકજીના જાણવામાં હતું નહિ.

સમાચારપત્રોમાં ખબર વાંચવા પછી, કોમરાસ્કી એક દિવસે સવારના પ્રહરથી નહાવા ધોવા અને કેશ સમારવા મંડી. જાપાની સ્ત્રીઓ વેણી ગુંથવામાં કેટલી નિપુણ હોય છે, એ વાંચકોથી અજાણ્યું તો નથી જ. કેશ સમારવા પછી તેણે બે ત્રણ પ્રકારના ડ્રેસો પહેર્યા અને કાઢ્યા. અંતે એક કલાક વીત્યા પછી એક ડ્રેસ કાંઇક મનગમતો થયો, તે પહેરીને હીરામોતીથી શરીર શૃંગારવા માંડ્યું. હીરામોતીના અમૂલ્ય અલંકારોથી તેની શોભામાં ઘણો જ વધારો થયો. નીકળતી વેળાએ પોતાના રેશમી રૂમાલપર તેણે ઉંચામાં ઉંચું સેન્ટ છાંટ્યું અને તે બ્રીટીશ એલચીને ત્યાં પહોંચી, કાર્ડ મોકલ્યો. એલચી જાણતો હતો, એટલે તત્કાલ આવવાની આજ્ઞા આપી. તે ઠાઠમાઠથી અંદર આવી. એલચીએ રીતિ પ્રમાણે તેનો આદરસત્કાર કર્યો, પછી તેના આગમનનું કારણ પૂછ્યું.

"મારે પેલા હિંદીવાનને મળવું છે. તમે જો તેની સાથે મારું ઓળખાણ કરાવી આપશો, તો મોટો ઉપકાર થશે!" કોમરાસ્કીએ રૂમાલ સાથે રમત

કરતાં, ઉપરની કાંઇક બેપરવાઇ અને અંતરની કાંઇક ઉત્કંઠાથી, આવવાનું કારણ જણાવીને, બીજી વાત માગી લીધી.

"ભલે ચાલો; હું પણ તેને મળવા જ જવાનો હતો;" તેણે કહ્યું.

એલચી અને કામરાસ્કી બંને માણેકજી પાસે પહોંચ્યાં. રોજ કરતાં આજે માણેકજી ઘણી જ સારી સ્થિતિમાં હતો.

"મીસ્તર માણેકજી એદલજી લેફ્ટનંટ! હું આપને અહીંની એક ઉચ્ચ શ્રેણિની ઉમરાવજાદી સાથે ઇન્ટ્રોડયૂસ કરાવું છું!" એલચીએ હસતે મુખે ઓળખાણ કરાવતાં કહ્યું. "આ બાઇ અહીંની વિદ્વાન્ તથા ધનવાન્ સોસાઇટીનું એક સુગંધિત પુષ્પ છે. એઓ ઇંગ્લીશ, લેટિન, ફ્રેંચ, જર્મન, સંસ્કૃત, હિન્દી અને પાલી ભાષાનું બહુ જ સારું જ્ઞાન ધરાવે છે, અને જાપાની તો એમની માતૃભાષા જ છે. એ ભાષાનાં એ પંડિતા હોય એમાં તો નવાઈ જ શાની? વળી એઓ ઘણાં જ સારાં લેકચરર અને ઉત્તમ લેખક પણ છે. જાપાની વિદુષીઓ એમનાથી બહુ જ અભિમાન ધરાવે છે. હું ધારું છું કે, આપ એમના મેલાપથી બહુ જ પ્રસન્ન થશો. એમનું શુભ નામ મિસ કામરાસ્કી છે!" હાથમાં હાથ મેળવી કામરાસ્કી તરફ ફરી તે એલચી કહેવા લાગ્યો કે; "લેફ્ટનન્ટ સાહેબનું નામ મી૦ માણેકજી અરદેશર છે." આટલું બોલી થોડીવાર બેસી, તબીયતની ખબર પૂછીને, શેકહેન્ડ કરી, એલચી સાહેબ તો પોતાને માર્ગે ચાલતા થયા.

"લેફ્ટનન્ટ માણેકજી!" કામરાસ્કીએ એક કામિનીને છાજતી છટાથી, ડોક નીચી નમાવી, નમ્ર સ્વરે બોલવા માંડ્યું. "આપના મેલાપથી મને જે આનંદ થયો છે, તેનાં વર્ણનની મારી જિહ્વામાં શક્તિ નથી."

"તેમ જ સેવકને બી; માણેકે સભ્યતા અને મર્યાદાથી ઉપકાર માનતાં કહ્યું. "આવા બહોળા શહેરમાંથી, મુજ પરદેશીની દાઝ દિલમાં ધરી, ખબર પૂછવા આવનાર આલિમ અમીરજાદીના એકે એક કદમ મારી આંખોપર!"

"વારૂ–હવે આપની તબીયત કેમ છે?" કામરાસ્કીએ ગજવામાંથી રૂમાલ કાઢી, સેન્ટની લપટથી આખો રૂમ મઘમઘાવી નાંખતાં પૂછ્યું.

"આપની નવાજેસથી ઘણો સારો છેઉં;" માણેકજીએ બહુ જ નમ્રતાથી ઉત્તર આપ્યું. "જો કે હજી ફરી હરી નથી શકતો, અને બાજે વખત બહુ બોલવાથી બી થાકી જાઉંચ; પણ હવે ચંદરોજમાં ખોદાયની મહેરથી તનદુરુસ્ત થઈ જવસ."

કામરાસ્કી એક સુધરેલી ને શીખેલી લેડી હતી; એટલે ડુબેલી સ્ટીમર વિશે કાંઇ વાતચિત છેડીને માણેકના હૃદયને ઉશ્કેરવાની વાતને વાજબી ન ધારી.

વળી આ પહેલી વારનો જ મેલાપ હોવાથી, તેણે સાધારણ વાતો કરી ને બીજી વાતો બીજીવારના મેલાપ ઉપર મુલતવી રાખવાનું ઉચિત ધારી, નીચે પ્રમાણે વાતચિત છેડવાનો આરંભ કર્યો.

"અહીંનાં હવાપાણી આપને હિન્દુસ્તાન કરતાં કાંઇ જૂદી જ જાતનાં લાગતાં હશે, નહિ વારૂ!" જાપાની ચસ્કેલ લેડીએ પ્રથમ પ્રશ્ન કર્યો.

"જી હા;" માણેકજીએ ધીમે સ્વરે ઉત્તર દીધું. "અહીંનાં હવાપાણી ત્યાં કરતાં જૂદાં તો છે, પણ ફાયદાકારક છે. તમારો દેશ ટાપુ હોવાથી હવા છુટથી મળી શકે છે; ને અમારો દેશ એ વાતથી બેનસીબ છે."

"ત્યારે તો તમારા દેશમાં બહુ જ ગરમી પડતી હશે?" કોમરાસ્કીએ હડપચી ઉપર આંગળી મૂકી, પોતાના હાથમાંની વીંટીના હીરામાણેક ચમકાવતાં કહ્યું.

"હા જી—કેટલીક જગ્યાએ તો આફ્રિકાને પણ હટાવે એવી સખત ગરમી પડે છે. અલબત્ત હિમાલય, કેશ્મીર, સિમલા, મસુરી, મહાબલેશ્વર અને નેનીતાલ વગેરે જગાએ ઠંડી સારી રહે છે. એ જગાઓએ પૈસાવાળા લોકો, ગરમીના દિવસોમાં, હવા ખાવા જાય છે. બાકી ગરીબો તો બિચારા તેવે ટાઇમે બી પેટનો ખાડો પૂરવા તડકામાં બળતા ભટકે છે. મુલતાન તરફ તો ગજબની ગરમી પડે છે;" માણેકે વિસ્તારથી ઉત્તર આપતાં કહ્યું.

"તમારી જિંદગી સલામત છે એ વાતની તમારાં સગાંવહાલાંને જાણ થઈ હશે કે?" કોમરાસ્કીએ પૂછ્યું અને ખુરસી જરાક આગળ ખસેડી.

"કાલે જ મેં કાગજ લખ્યુંચ!" માણેકજીએ જન્મભૂમિના સ્મરણથી દીર્ઘ નિઃશ્વાસ નાખીને કહ્યું. "તે પંદરેક દહાડે પહોંચશે. વરી બનવા જોગ છે કે, પેપરો વાંચવાથી પણ તે લોકોને ખબર પરી હોય અથવા તો બ્રિટિશ કોન્સલ સાહેબે મારું એડ્રેસ પૂછ્યું હતું તેમને બી મારાં માયબાપને ખબર આપી હોય તો કંઈ અજબ નથી."

"જો મને આજ્ઞા હોય, તો હું પૂછું કે, આપની જાત શું છે?" કોમરાસ્કીએ આતુર હૃદયે પૂછ્યું.

"જી—હું પારસી છેઉં!" માણેકજીએ પોતાની જાતની ઓળખાણ આપતાં કહ્યું. "તમે સમજિયું હોસે કે ઇરાનમાં મુસલમાનોનું રાજ થવા પછી, ધર્મ સંબંધી ખટપટોને લીધે, હિન્દુસ્તાનમાં ઉતરી પરેલાં ઇરાનીઓનાં ટોલાંએ, હિંદવાસીઓનો આસરો લીધો હતો. હાલ તો ખુદાના ફજલથી પારસી કોમ એક આગળ પડતી કોમ તરીકે બ્રિટિશ રાજ્યમાં મશહુર છે."

"જો હું ભૂલતી ન હોઉં, તો જરદસ્ત પયગમ્બરના સંપ્રદાયવાળા આતિશપરસત લોકોમાંના જ આપ હશો!" કોમરાસ્કીએ વાતમાં રસ લઇને પૂછવા માંડ્યું.

"જી, કાંઇક તમારા વિચારોમાં તફાવત છે. અમો જરથોસ્તી મજહબના તો છીએ, એમાં શક નથી; પણ આતિશપરસ્ત નહિ–બલકે ખુદાપરસ્ત છઇએ!" માણેકજીએ તેની ભૂલ ભાંગવાનો પ્રયત્ન કરતાં કહ્યું. "અમે લોકો જેમ આતિશ–આગને માનીયેચ–તેમ જ સુરજને, ચાંદને અને પાનીને–દરેકને માનીયેચ. પણ તે ખુદા તરીકે નહિ–પણ ખુદાની પેદા કીધેલી એક નુરાની અને લાસાની ચીજ તરીકે. અમુને આતિશપરસ્ત તરીકે જાહેર કરનારા મુલ્લા અને પાદરી સાહેબો બહુ ભૂલમાં ભમે છે. પારસીનું એક બચ્ચું બી પોતાને ખુદાપરસ્ત તરીકે જાણેચ ને માનેચ, કે જ્યારે પરાઈ કોમના મોટા ઉલ્મા અમુને આતિશપરસ્ત સમજવાની થાપ ખાયેચ."

"વારુ—કોઇ જાતનું માણસ જો ચાહે તો પારસી થઇ શકે ખરું કે?" કોમરાસ્કીએ અચકાતાં અચકાતાં પૂછ્યું.

"જી–નહિ." માણેકજીએ મુખ મલકાવી ઉત્તર આપ્યું.

"એમ કેમ વારુ?" કોમરાસ્કીએ શાસ્ત્રાર્થ કરવા માંડ્યો. "જે ધર્મ સાચો હોય, તેમાં બીજાને આવવા દેવાથી શી હાનિ થવાનો સંભવ છે?"

"મારા ધારવા પ્રમાણે કંઇ નુકશાન જેવું તો નથી; પણ રિવાજ પડી ગયો છે કે, બનતાં વેર જુદ્દીનોને જરથોસ્તી નહીં બનાવવા!" માણેકજીએ બેપરવાઇથી કહ્યું. "રિવાજ આગળ દલીલોનું કાંઇ પણ જોર ચાલી શકતું નથી. અસલવારાના લોક પોતાના મજહબ, પોતાના દેશ અને પોતાના ધર્મની કેતાબોથી બહારનાં માણસોને પારકાં બલ્કે દુશ્મન સમજતા હતા. મુસલમાનો પોતા સિવાય બધાંને કાફર કહેચ; હિંદુઓ બીજાંને મલેચ્છ ને પારસીઓ દરવન કહેચ. હાલમાં બોમ્બેમાં જુદ્દીન ઝગરાની જુમ્બેસ ચાલી તો રહીચ, પણ હું મહિનાઓથી દરિયા ડોહોલતો હોવાથી શું સેવટ આયું, તે જાણતો નથી."

"વર્તમાનકાળમાં એવી બીજી પણ જાતિ તમારા ધ્યાનમાં છે કે, જે વિધર્મીઓને પોતાના ધર્મમાં ન લેતી હોય?" કોમરાસ્કીએ આતુરતાથી પૂછ્યું.

હાસ્તો–વરી હિંદુઓ પોતાની જાતમાં બીજાઓને નથી લેતા. તેમ યાહુદીઓ પણ નથી લેતા;" માણેકજીએ કહ્યું. "મારો એક ફ્રેન્ડ એક યાહુદનપર ઘનો જ મરી રીટયો હતો અને તે પોતાને યાહુદી બનાવવા ચાહતો હતો. પણ યાહુદીઓએ તેને પોતાની જાતમાં લેવા સાફ ના કહ્યું.

"પણ આજકાલના સુધારાએ બધાંને એક ગણવાની–ન્યાતજાતનો અંતર તોડી નાંખવાની, બહુ ચેષ્ટા કરવા માંડી છે. મારા ધારવા પ્રમાણે તો એ વાત બહુ જ સારી છે;" કોમરાસ્કીએ પોતાનો વિચાર દર્શાવ્યો.

"દુનિયામાં સૌથી પહેલો એ વિચાર મહાત્મા ગૌતમ બુદ્ધના મનમાં આવ્યો હતો;" માણેકજીએ યાદ કરતાં કહ્યું. "અને ખરું જોતાં તેમ જ થવું જોઇએ. માણસ તે બધાં માણસ જ છે. કોઈ ચાર આંખવારો કે બે પાંખવારો હોય, તો તેને પરજાત ગની શકાય, એ જૂદો સવાલ છે. બુદ્ધે ન્યાત, જાત, દેશ વગેરેના ઝગડાને હરાડીને પોતાના ધરમમાં દરેક જાતના માણસને આવવાના દરવાજા ખુલ્લા મૂકી દીધાતા."

"એમ તો જેસસ અને મહમ્મદે પણ દરેકને પોતાના ધર્મમાં આવવાની છૂટ મૂકેલી છે;" કોમરાસ્કીએ બુદ્ધની પ્રશંસાથી ફૂલી ફાટી જતાં, જાણી જોઈ માણેકજીની પરીક્ષા લેવા માટે, ઇસા અને મહમ્મદનું નામ રજુ કર્યું અને હવે એનો તે શો જવાબ આપે છે, તે સાંભળવાની તે વાટ જોતી, ગાલે હાથ ટેકાવીને બેઠી.

"હા;" માણેકજીએ કોમરાસ્કીને સમજણ પાડતાં કહ્યું. "પન તે બુદ્ધ કરતાં લગભગ પાંચસો વર્ષ પાછળ. હિસ્ટરી કહી દે છે કે, ખુદ જેસસે બુદ્ધના ચેલાઓ પાસેથી ઘનુંક જાણ્યું હતું અને મહમદસાએ તો જેસસ કરતાં બી લેટ પોતાનો મજહબ ચલાવ્યો હતો. એ હીસાબે ખરું જોતાં ઇન્સાનની હમદર્દીનો જાણનાર પહેલો ફિલસુફ બુદ્ધ જ ગની શકાય."

"ત્યારે આપ બુદ્ધને એક સત્ય મહાત્મા અને 'આત્મવત્ સર્વભૂતેષુ' એ સિદ્ધાંતનો માનનાર તો સ્વીકારો છો, કેમ નહિ?" કોમરાસ્કીએ મલકાતાં મલકાતાં પૂછ્યું.

"સર્ટનલી!" માણેકજીએ માનથી કહ્યું. "મને મહાત્મા બુદ્ધ તરફ ઘનું માન છે. જો કે યુરોપિયન પાદરીઓએ તેને બહુ ભુંડો ચીતરિયોચ અને નાસ્તિક તેમ જ જડવાદી તરીકે ઓળખાવ્યોચ; પન હાલની યુરોપની શોધ પ્રમાણે સુધરેલા લોકો તેને એક મહાત્મા તરીકે કબુલ રાખેચ. અમારા જરથોસ્ત સાહેબે જન્દઅવસ્તામાં તેનું કેટલુંક બયાન આપ્યુંચ."

"મી૦ માણેકજી!" કોમરાસ્કીએ હર્ષથી છલકાઇ જતાં કહ્યું. "તમે જાણો છો કે, જાપાનનો મોટો ભાગ તે મહાત્માને માનનારો છે, કે જેણે સૃષ્ટિમાં ભ્રાતૃભાવનો પાયો નાંખ્યો હતો. વારૂ–આપના અભિપ્રાય પ્રમાણે બુદ્ધના ગુપ્ત સિદ્ધાંતો કીયા સારા છે?"

"જો બુદ્ધે ખુદાયની હસ્તી માની હોતે અને દોજખ બેહસ્ત કબુલ રાખ્યાં હોતે, તો દુનિયાના બધા પયગમ્બરોથી હું તેને કોઇબી રીતે ઓછો નહિ, બલ્કે વધારે સમજતે;" માણેકજીએ પોતાના સ્વતંત્ર વિચાર જણાવવા માંડ્યા. "હાલ તો હું તેને એક ખરો માણુસ માનુંચ. જે વાત તે સમજતો ન હતો, તેનો તેણે ફક્ત દેખાવને વાસ્તે સ્વીકાર કીધો નથી. એ તો પોતપોતાની સમજની વાત છે. ખોદા અને રૂહની વાત તેના ધ્યાનમાં નહિ ઉતરી હશે. તેના વિચારો તેની સાથે. પણ બીજી ધની બાબતોપર તેણે અજવાળું નાખ્યુંચ. ગુલામી બાજાર બંધ કરાવનાર, ઇન્સાનોની હમદર્દી વધારનાર, ઉંચ નીચના વિચારો કાઢી નાંખનાર અને જીવદયાનો દાખલ કરનાર તથા સંપ જ મુખ્ય ધર્મ છે, એમ ખુલ્લી રીતે બોલનાર, તે જ પ્રથમ નર હતો."

કોમરાસ્કીને દેખાયું કે બહુ બોલવાથી માણેકજી થાકી ગયો હતો, તેથી બીજીવાર મળવાનો નિશ્ચય કરીને તેની રજા માગી અને ફેશનથી હાથ ઢીલો મૂકી શેકહેન્ડ કરી, ટુંકાં ટુંકાં પગલાં, બલ્કે પગલીઓથી, તે ત્યાંથી ચાલતી થઈ. બહુ થાકી જવાથી માણેકજી તે જાપાની લેડીના જવા પછી શાંતિથી નિદ્રાનો ઉપભોગ લેતો બિછાનામાં પડ્યો.

પ્રકરણ ૨૫ મું

ખબરપત્રી મોરગન

સાંઝને છેડે "કલકત્તા સ્ટેટમેન"નો કોરેસ્પોન્ડન્ટ માણેકજીને મળવા આવ્યો. જો કે એ પહેલાં અનેક રિપોર્ટરો, ઍપોલો સંબંધી કેટલાક ખુલાસા મેળવવા માટે ધક્કા ખાઈ ગયા હતા, પણ માણેકજી તે હૃદયભેદક ઘટનાના સ્મરણથી બહુ જ શોકાતુર થઈ જતો હતો, તેથી મંદવાડનું બહાનું કરીને, વાતને ઉરાડી દેતો હતો. પણ "સ્ટેટમેન" સાથે હિંદનું લાગતું વળગતું હોવાથી લાચારીએ માણેકજીને તેની સાથે વાતચિત કરવી જ પડી. વળી પોતાનાં સગાંવહાલાં અને ઇષ્ટ મિત્રો માટેનો એક વિચાર પણ તેના મનમાં ઘૂમી રહ્યો હતો–તે લોકો પણ વાંચીને જાણીતા થશે એમ ધારીને તેણે કોરેસ્પોન્ડન્ટ સાથે વાત કરવા માંડી; અને તે શોર્ટ હેન્ડમાં એ વૃત્તાંત લખતો ગયો.

"હું હોંગકોંગ માટે ઍપોલોમાં સવાર થયો. મારી પલ્ટન એમાં હતી. સ્ટીમરમાં બીજા કેટલાક દેશી, તેમ જ અંગ્રેજ ઉતારૂઓ પણ હતા. માલ અસબાબ

બી ચિકાર ભરેલો હતો. સ્ટીમર મઝેથી ચાલી જતી'તી. કોઇને સ્વપ્ને બી એ ખ્યાલ ન હતો કે, એમ આસમાની સુલતાનીના પંજામાં સપડાવું પડશે. જ્યારે ગલ્ફ ઓફ સીયામ પાસેથી નીકળીને સ્ટીમર ચીનના દરિયામાં દાખલ થઇ, ત્યારે તોફાની પવનની નિશાનીઓ જણાવા માંડી. કેપ્ટન ઘણો ગભરાયો. થોડા ટાઇમ પછી તેણે અમને બધાને ચેતવણી આપી કે, તોફાની પવન જોસબંધ ચાલુ થયોચ ને જે વખત જાયચ તેમાં એક ભારી દરિયાઈ તોફાન સાથ આપને બાથ ભરવી પડશે. જોતજોતામાં દરિયો ભયંકર રૂપ લઈ પડ્યો. એક એક મોજો એવો જબરદસ્ત આવતો'તો કે, સ્ટીમર તેની આગળ મગતરાંરૂપ દેખાતી'તી. કોઈ-વાર સ્ટીમરને ઉપાડી પહાડી મોજો છેક આસમાને લગાડતો'તો તો કોઇવાર વગર આસરે નીચે ફેંકી દેતો'તો ને સ્ટીમર દોદરી થઈ જતી'તી. ખલાસીઓ જીવ-પર આવીને દોડાદોડી કરતા'તા ને તોફાન સામે ટક્કર લેવામાં બકાત નહોતા રાખતા; પણ જ્યાં પવનનો ફરેસ્તો દરિયાના ફરેસ્તા સહિત ખફગીમાં આવ્યો' તો, ત્યાં બીજા કોન્નું ચાલી શકે વારુ? હજારો ગાંસડીઓને સેંકડો બોકસો ઉચકી ઉચકી દરિયાને હવાલે કીધાં ને લાખો રૂપિયાનો માલ દરિયાને તળીએ જઈ બેઠો, પણ કંઇ નહી-બેફાયદા! બસ જાણે પાણી, સ્ટીમરને જ પોતાના પેટમાં લેવા ચાહતી'તી. કેપ્ટન દુર્બીન લઇને ચારે બાજુ તપાસતો, તો કે કોઈ બચવાનો રસ્તો છે! ડેન્જર સિગ્નલનો વાવટો બી ચઢાવી ચૂકયા હતા, તેટલાં પણે દૂરથી એક જર્મન અને બીજી ફ્રેન્ચ સ્ટીમર મદદે આવતી દુર્બીનથી કેપ્ટનના જોવામાં આવી. 'તે લોકોએ પોતાની સ્પીડમાં બી ઘણો વધારો કીધો'ચ એમ કેપ્ટન બધાંને ધીરજ દેતો બોલ્યો, અને પોતાના માણસોને જૂદા જૂદા હુકમો આપતો રહ્યો. બધાંએ તન મનથી મહેનત કીધી, પણ ખુદાની મરજી આગળ કોન્નું પેશ જાય? મોજાનો એક તમાચો તે જબરદસ્ત સ્ટીમરને ઉંધી કરી નાંખતો હતો, તો બીજો કંઈ યારી આપી ઊંચકી આપતો'તો. લાઇફ બોટો ઉતારીને તેમાં લોકોને નાંખી, કેપ્ટને ખુદાના આસરાપર છોડ્યા. કેપ્ટન, એન્જી-નિયર અને એક બુઢો ખલાસી, સ્ટીમરપર રહ્યા. લાઇફ બોટો કોઈ કહાં તો કોઈ કેમ તનાવા લાગી. અમારી આંખ આગળ તે ખુબસુરત સ્ટીમર દરિયામાં ગરક થઈ ગઈ. તે પછી અમે તો બે દહાડાવેર અનાજ પાણી વગર રખડતા રહ્યા. અમે લોક વીસ જન ઉતાં. લોચુના ટાપુ આગળ અમારી કમનશીબીએ પાછા તોફાનના દેવને લાવીને ખડો કીધો. અંતે એક ખડક સાથ અથડીને બોટ ભાંગી ગઈ અને મને જીંદગી બખસનાર ખાવિંદે બચાવી અહીં ઘસરી નાંખ્યો. આય

ટુંક દાસ્તાન છે. મી૦ મોરગન! જો હું બધા હાલ કહું તો થાક, તેમ જ તે બનાવની યાદીથી વરી પટકાઈ પડું, માટે હાલ તરત માફ કરો. બીજી મુલાકાતે ઇન્શાઅલ્લાહ વિગતવાર બધું કહી સંભળાવીશ."

"એ બધાં સંકટોમાં તમને કોઈ યાદ આવતું હતું વારુ, લેફ્ટનન્ટ માણેકજી?" મોરગને ભોળા ભાવથી પૂછ્યું. "હૃદય શું કહેતું હતું?"

"બસ, એટલું જ!" માણેકજીએ દીર્ઘ નિઃશ્વાસ નાંખી કહ્યું. "જો મરી જઇશ તોબી આબરૂને મ્હોતે હિઝ મેજેસ્ટીની સેવા કરતો અને પોતાની ડયુટી અદા કરતો મરસ. ખુદાયનો સહારો હતો, તેની જ યાદ હતી. એમ જ ધારતો'તો કે, તે યજદાંનને જો મારી જીન્દગી રાખવી મંજુર હશે, તો કંઈ મોટી વાત નથી. નહિં તો મોતના મોઢામાં પચ્યોચ જ. પણ તે યજદાંને કોઇ એક જ જનને નસીબે-ફકત એક જ શખ્સની ખાતર-મારી સામું જોયું. હા, ખુદા! જાણે તેનો શું હાલ હોસે? તે કેમ દહાડા ગાલતી હશે? જે યજદાંને તેની દુઆથી મને જીવાર્યોચ-તે દાવર મારી દુઆમાં તાકત બક્ષે, અને તેને ધીરજ આપે!" એ શબ્દો બોલતાં માણેકજીના હૃદયપર દુઃખનો આઘાત લાગતો હોય એમ સ્પષ્ટ જણાવા માંડ્યું, એટલે ચતુર મોરગન તેને વધારે દુઃખી ન થવા દેવાના વિચારથી, જવા માટે રજા માગવા લાગ્યો. પણ પ્રેમના આવેશમાં આવેલા માણેકજીએ તેને રોકયો. "શું કહું મી૦ મોરગન! મેં લાઇફ બોટપર ચઢતી વખતે ફકત એક જ સબી, એક જ પ્યારો ફોટો, એકજ વહાલી તસબીર, મારા જીગર સાથે રાખી લીધી હતી, પણ અફસોસ! દરિયાના દયાહીન મોજાઓએ તેની હસ્તી નેસ્તીમાં બદલી નાંખી. જો કે તે દરિયાનો મોજો, મારા મગજની પલેટપરથી તે પ્યારો ફોટો ધોઈ નાંખવામાં કોઈબી રીતે ફતેહમંદ નીવડ્યો નથી; પણ હાય! અફસોસ! મારી તે ધીરજ દેનારી તસવીર મારું દિલ જિતી લેનાર સબી!!"

"આપનું ચિત્ત અત્યંત વ્યાકુળ થયેલું દેખાય છે, મી૦ માણેકજી!" મોરગને દયાથી આર્દ્રચિત્ત થતાં કહ્યું. "મારાથી આપને બીજી તે શી સહાયતા કરી શકાય, પણ હા—જો તમે તમારા પ્રેમપાત્રનું ઠેકાણું આપો, તો તમારા જીવન તથા આરોગ્યના સમાચાર હું તમારી માશુકપર તાર મારફત પહોંચાડું. જે સ્ટીમર અહીંથી કાલે ઉપડશે, તે હોંગકોંગનું બંદર કરતી જશે અને ત્યાંથી જો તાર કરવામાં આવે તો ચાર દિવસમાં તમારી સ્વીટહાર્ટને સમાચાર મળી શકે. જો કાંઈ પણ અડચણ ન હોય, તો મને તેનું નામ અને ઠેકાણું લખાવો."

"હું તમારો જનમોજન્મ ઉપકારી રેહવસ, મી૦ મોરગન!" માણેકજીએ

ગદ્દગદ્દ કંઠે કહ્યું. "તેનું નામ મીસ જરબાનો એદલજી સોદાગર-કેર-ઓફ એદલજી સોદાગર લાહોર-ઇન્ડિયા. મી૦ મોરગન! તમુને બી કોઇનો ઇશ્ક લાગોછ કે! તમે કદી મહોબતના ખડબચડા રસ્તામાં ઠોકર ખાધીચ કે ?"

"મેં ?" મોરગને હસતે મોઢે કહ્યું. "લેફ્ટનન્ટ માણેકજી! એવો કોણ યુરોપિયન બચ્ચો હશે કે, જે જુવાનીમાં લેલીમજનુ થવાથી બચ્યો હોય ? હવે તો પાઉં માખણ સાથે ઇશ્ક કરીએ છીએ. પેલી કહેવત છે કે;-

"ભુલ ગયે રાગરંગ, ભુલ ગયે જકડી;
તીન બાત યાદ રહી, નોન તેલ લકડી ?"

એ પછી થોડીક વાતચિત કરીને મી૦ મોરગન ચાલ્યો ગયો. તેણે, હોંગકોંગથી 'સ્ટેટસમેન'ની ઓફીસપર તાર કરવામાં આવે અને 'સ્ટેટસમેન'વાળો જરને પહોંચાડે, એવી વ્યવસ્થા કરી; અને તેમ થયું.

મીસ કોમરાસ્કી માણેકજીને મળી આવવા પછી લગભગ ગાંડી ઘેલી થઈ હતી. તે મનમાં જ વિચાર કરતી હતી કે, "અહા! કેવો ગભરુ જવાન છે! કેવો વિદ્વાન્ છે!! દેખાવ કેટલો સારો છે? વર્તન પણ કેટલું પવિત્ર છે. એ પારસી ધર્મને તજીને બુદ્ધ ધર્મનો સ્વીકાર કરશે કે નહિ ?" એ પ્રશ્ન તેના હૃદયમાં વારંવાર ચિંતાના પર્વત પ્રમાણે આવીને ઉભો થતો હતો. તે બાપડી ક્યાં જાણતી હતી કે, તે તો પોતાનું હૃદય બીજીને વેચી ચૂકયો છે.

માણેકજીના હૃદયમાં તો કોઇ બીજી જ પ્રેમમૂર્ત્તિ નિવાસ કરી બેઠી હતી. તેનું હૃદયમંદિર, કોમરાસ્કી કરતાં વિશેષ સ્વરૂપવતી પ્રતિમાને સ્થાન આપી ચૂકયું હતું. માણેકજીનાં નેત્રોમાં સુરમો કે મેશ આંજવા જેટલી પણ જગ્યા નહોતી, તો પછી તે આંખમાં કોમરાસ્કી કયાંથી સમાય ? એક કવિએ એ વિષે બહુ જ ઉત્તમતાથી લખેલું છે કે:-

"જિન નેનનમેં પી બસે, દુજો કોણ સમાય;
ભરી સરાય રહીમ લખા, આપ પથિક ફિર જાય."

પ્રકરણ ૨૬ મું

મંગલ તાર

આજકાલ આપણા ત્રણ મુસાફરોનો કાફલો ગુલમર્ગમાં પડેલો છે. માણેકચંદ ઉર્ફે ઈંગ્તેહામચંદ પ્રથમ કરતાં હાલમાં સારી સ્થિતિમાં છે. મોઢાપર નૂર

આવેલું છે; ગાલ પણ સ્હેજ સાજ ફૂલ્યા છે અને આંખો પણ કુવામાંથી બહાર નીકળી છે. ભુજ અને પિંડીઓમાં પણ થોડું થોડું માંસ ભરાયું છે. જો હજી એક બે મહિના કાશ્મીરમાં વધારે રહે તો આપણો ફત્તેહામચંદ માણેક કોઇ બીજો જ માણેક થઇ જાય. પણ માલીકના હુકમ આગળ તેનું શું ચાલે? નિરુપાયે જવા વિના તેનો છૂટકો નહોતો. બે ચાર કલાકમાં જ તેને ગુલમર્ગથી પ્રસ્થાન કરવાનું હતું. તેના મનથી તો કાશ્મીર અને જાપાન સરખાં જ હતાં. બલ્કે જાપાન જવાનો તેના હૃદયમાં અધિક હર્ષ હતો. તે સ્વપ્નમાં પણ બબડતો હતો કે, "એકવાર જાપાન જોવું જોઇએ!" તેનું એ સ્વપ્ન સત્ય પડવા માંડ્યું. પારકે પૈસે તેને જાપાન જવાનો અનાયાસ પ્રસંગ આવી મળ્યો. પણ જરથી થનારી જુદાઇનું દુ:ખ હવે તેને સાલવા માંડ્યું. જરના કાંઇ તેનાપર ઓછા ઉપકારો નહોતા. પ્રથમ તો તેને નોકર રાખવાની સિફારસ કરનાર, બલ્કે રોટલી ભેગો કરનાર જ, જર હતી. ત્યારપછી તેના ઓફિસના કામોમાં સહાયતા આપનાર, ગિનીઓની પારિતોષિક બક્ષનાર, ઘેર જવાની રજા અપાવનાર, માંદગીમાં પૈસાટકા અને દવાદારુથી સંભાળ લેનાર, દવા પાનાર, ખોરાક ખવરાવનાર, હવા ફેરબદલ કરવા લાવનાર અને પ્રત્યેક વિષયમાં તેની અંત:કરણપૂર્વક ચિન્તા રાખનાર, ખરા મિત્રનું સ્થાન સાચવનાર જર વિના બીજું કોણ હતું? પાળેલું જાનવર પોતાના સ્વામીથી છૂટું પડતાં શોકની લાગણીઓ દર્શાવે છે, ત્યારે માણેક તો મનુષ્ય હતો, વિદ્વાન્ હતો, સભ્ય હતો અને બુદ્ધિમાન્ હતો. જરના ઉપકારો આ વેળાએ તેના હૃદયમાં એકઠા થઇ ચઢી આવ્યા હતા. તે પોતાના ઓરડામાં પડ્યો પડ્યો વિચાર કરતો હતો કે, "જરના ઉપકારોનો બદલો કેવી રીતે વાળી શકાશે?"

જર, માણેક સાથે જે આટલી ઉત્તમતાથી વર્તતી હતી, તેનું કારણ તો આપણાથી અજાણ્યું નથી જ. જર પોતાના પ્રેમપાત્રની પ્રતિમૂર્તિ તરીકે માણેકને જાળવી રાખતી હતી. તેમજ માણેકની વિદ્વત્તા, નમ્રતા અને દીનતાથી તેને દયા આવતી હતી. દયા અને પ્રેમ ઉભયના મિશ્રણથી જર, માણેક સાથે એટલા તો સારા વર્ત્તનથી વર્તતી હતી કે, દૂરથી જોનાર અવિચારી માણસ તો તેની પવિત્રતા વિશે પણ કદાચિત્ શંકાશીલ થઇ જાય. પણ એનું સત્ય રહસ્ય શું હતું, એ અમે જણાવ્યું છે. જર પોતાના ઓરડામાં બેઠી બેઠી પોતાના નિત્યના નિયમ પ્રમાણે પોસ્ટની વાટ જોતી હતી. તેટલામાં બહારથી માણેકે પૂછ્યું; "હું અંદર આવી શકું એમ છે કે જરબાનો?"

"બહુ ખુશીથી," જરે અંદરથી ઉત્તર આપ્યું. માણેક અંદર આવ્યો અને ખુરસી ખેંચી જર પાસે બેઠો.

"જરબાનો !" માણેક ગંભીરતાથી, બહુ ઘેરા સ્વરે, બોલવા લાગ્યો, એ વેળાએ તેના મુખમંડળમાં શોકનાં ચિન્હો પ્રકટ દૃષ્ટિગોચર થતાં હતાં. "આજે આપણો છેવટનો મેલાપ છે. વળી કયારે મળીશું, એ તો તે જગન્નિયંતા જ જાણે છે. ગઈ કાલ સૂધી મને જુદાઇનો અનુભવ નહોતો થયો, પણ આજે તેનો પ્રભાવ મારા ચિત્તમાં પ્રસરી ગયો છે, મન મુઝાય છે અને વિચારોથી માથું ઘેરાઇ ગયું છે. આપના જેવી એક દેવીનાં દર્શનથી મારાં નેત્રો નિત્ય નિર્મળ થતાં હતાં, તે હવે મહિનાઓ પર્યંત મલિન રહેશે ! અને જો ધોવાશે તો અશ્રુધારાથી જ. આહાહા ! આ નાચીજ મનુષ્યપર જે આપના અસંખ્ય આભારો છે, તેના લાખમાં ભાગનો પણ બદલો વાળવાની આ અશક્ત શરીરમાં શક્તિ નથી."

"હવે તે આભારો ને ઉપકારોની વાતને બાજુ મૂકોની ઇમ્તેહામચંદ !" જરે વચ્ચે પડી માણેકને અટકાવ્યો.

"ના, બાઇ સાહેબ !" માણેકે ઉભરાતા હૃદયથી હઠ કરી. "મને આજે બોલવા દ્યો—છ મહિનાનું એક સાથે બોલવા દ્યો. તમારાં જેવાં રત્નો આ સંસારમાં જવલે જ જડી આવે છે. ધન્ય છે તમારી માતાના પવિત્ર કુક્ષાસાગરને, કે જેમાંથી તમારા જેવા ગૌહરનો ઉદ્‌ભવ થયો. હું કોણ ? મારી શી શક્તિ ? મારા જેવા તો તમારે ત્યાં કચરો વાળનાર નોકર !"

"મરેરે—આજે આય શું નકામો પટપટારો ? કાંઈ નાતકબાતક કરવા મારચો છે કે" જરે પલંગપરથી ઉડી કોચપર બેસતાં કહ્યું. "માનેકચંદ ! ડુ ડે યૂ હેવ ગોન મેડ ?"

"આય હેવ નોટ ગોન મેડ માઈ ડીયર સીસ્ટર ! બટ આય સ્પીક વોટ ઇઝ ટ્રુથ;" માણેકે પોતાની લાગણીઓને માર્ગ આપતાં કહ્યું. "તમારા જેવી પવિત્ર ભગિની મને સાતે ભવ મળજો ! અરે—મારી મરણશય્યામાં મારી માતાનું સ્થાન સાચવનાર અને વાત્સલ્યમયી જગદંબે ! મને પુનર્જન્મ આપનાર દયામયી દુર્ગે ! મારી અન્નદાત્રી, અન્નપૂર્ણે ! તમારું કલ્યાણ થાઓ ! ! તમારી મનકામનાઓ પરિપૂર્ણ થાઓ અને તમારા એકનાં એકવીસ સો થાએ ! એ શબ્દો ઉચ્ચારતો ઉચ્ચારતો હૃદય ભરાઇ આવવાથી, માણેક એકાએક ચોધાર આંસુએ રડી પડયો.

"માનેકચંદ !" જરે ગંભીર સ્વરે કહ્યું. "તમારું આવું જોસથી બોલવું મને બી રડાવી દેસે, ને તેટલાં મામાજી આવી લાગશે તો મ્હોંનાં જોતાં જ વ્હેમ

ખાઇ, આપરી પાક મહોબ્બતપર કદાચ વ્હેમ લઇ જશે. મને પોતાને કંઇ તમારા જવાનો ઓછો ગમ નથી. હું તમુને કેમ ને કેટલા ચ્હાઉંચ, તે વાત મને અને મારા ખુદાયને રોશન છે. તમે તો જાપાનમાં નવી નવાઈ જોવામાં, માલતાલ ખરીદવામાં અને ફરવા હરવામાં પોતાનો ટાઇમ ગાલી સકસો, પણ હું એકલી વાયેજહાનં શું કરસ? કેમ રેહવસ? તેની ફિકર, મને બાવાજીનું કાગજ આયું તે દહાડાથી પરીચ. માનેકચંદ! મારા તમારા સાથના વર્તાવથી કોઈ સું ધારે, પણ મેં જે મ્હારી પાકીજગી ને સત્યથી તમારા સાથે નિખાલસ વરતાવ રાખિયોચ, તેના તમે ને મારા ખોદાય ખેજ ગવાહ છે! અને મને તીજા ગવાહની કાંઇબી અગત નથી. ભાઇ માનેકચંદ! મેં મારી તમારી મુલાકાત દરમ્યાન આજે જ તમોને ભાઈ કહીને બોલાવિયાચ, પણ તેની પહેલાં મારા દિલમાં હું તમોને ભાઇ જ સમજતી હતી–હવે એક ભેદ મારે તમુને કહેવોચ. પણ તે તમે તમારા દિલમાં જ દાટી રાખજો. જોવ જાને કે તમે જાપાન જઓચ–અને–અને-"

"કેમ બ્હેન જરબાનો! તમે બોલતાં બોલતાં અટકી પડ્યાં? હું તમારો વિશ્વાસપાત્ર માણેકચંદ છું! તમારો ભાઇ છું! તમારા પિતાને પૈસે ખરીદેલો દાસ છું! પણ તમારો તો બે બદામનો ગુલામ છું! મારેથી કેમ અચકાઓ છો? જાપાનથી જે કાંઇ મંગાવવું હોય, તે મને આજ્ઞા કરો. જો કે મુજ દીનની ગણત્રી જ શેમાં છે, છતાં મારી શક્તિથી ઉપરાંત પણ જે સેવા કહેવામાં આવશે, તો તે પણ કરીશ જ. કહો બ્હેન! કહો મને, શું કહેતાં અચકી ગયાં! યાદ કરો અને કહો."

"માનેકચંદ! તમોને કહું?" જરે નીચી નજરે સંકોચાતાં સંકોચાતાં કહેવાના ચાળા કીધા. "હું એમ કેઉંચ કે મારું કહેલું તમે દિલની પેટીમાં બંધ રાખી શકશો કે?"

"બહેન, એ કેવો સવાલ?" માણેકે આશ્ચર્યયુક્ત મુદ્રાથી પૂછ્યું. "બહેન! તમારો ભાઇ અન્ન ખાય છે, ધુળ નથી ખાતો. વળી તમારો ભાઇ બે અક્ષર ભણેલો પણ છે; મૂઢ નથી. શું ભાઈ પોતાની બહેનની કહેલી વાત લોકો આગળ કહેતો ફરશે? બ્હેન! નિશ્ચિન્તતાથી કહો, વિશ્વાસ રાખીને કહો–હું તમારી વાત કોઈને કહેવા પહેલાં મારી જીભમાં કીડા પાડેલા જોવા–"

"ઓ ખુદાને વસ્તે મુંગા રેઓ માનેકચંદ!" માણેકને આગળ બોલતો અટકાવી જરબાનો બોલી. "લો ત્યારે કેઉંચ; તમે બહુ ધ્યાનથી સમજો, અને બોલે બોલ યાદ રાખો. પણ તે પહેલે મને બતાવો કે, તમે જાપાન જવા કાહરે ઉપરસો અને ત્હાં કાહરે પહોંચસો? એ શબ્દો બોલી જર એવી તો

આતુરતાથી **માણેક**ના મુખ સામું જોતી બેઠી કે **માણેક** ચાર પળ બોલે તો તેને મોતીથી વધાવી લે! વાહ પ્રેમ!! વાહ!!!

"લગભગ એક મહિનો!" **માણેકે** વેઢા ગણી, વિચાર કરીને કહ્યું.

"તમુને યાદ છે?" **જરે** એક દીર્ઘ નિઃશ્વાસ નાખીને પૂછ્યું; "કે **જાપા**નમાં એક માણસ, ભાંગેલી લાઇફ બોટના પાટિયાને વળગેલો નીકલિયોચ તે?"

"હાજી—એકવાર તમે મને વંચાવ્યું હતું ખરું." **માણેકે** વાતને આગળ જાણવા, તરત જ અધીરાઇથી જવાબ આપ્યો.

"**માનેકચંદ**! તે કોન હોસે?" **જરે** ઇન્તેજાર હૃદયથી લગભગ રડમસ થઇ જઈ પૂછ્યું. "મુંબઇનો રહેનારો તે કોન હોસે? બોલ—મારા ખુદાઇ ફરેસ્તા! તું જે કહેશે તે જ તે હોસે. નહિ હોય તો થઈ જસે. તારી દોઆથી, તારા અંતકરનની પાક લાગનીઓથી બોલાયલો એક બોલ, મારે વરે આબેહયાતનો પ્યાલો થઈ જસે. બોલ, મારા ભાઇ! બોલ તે કોન હોસે?"

માણેક કાંઇ પણ પ્રત્યુત્તર આપે, તે પૂર્વે બહારથી પોસ્ટમેનનો સાદ આવ્યો અને સાથે જ એક સિપાહી તાર લઇને આવ્યો. **માણેકે** પોતાના રેજીસ્ટર્ડ કાગળની સહી કરી આપી અને **જરે** તારની રસીદપર સહી કરી. **જરે** બહુ જ આતુરતાથી તારનું પરબીડિયું ફાડ્યું અને તાર કાઢી વાંચ્યો. વળી વાંચ્યો, ફરી વાંચ્યો, પાછો વાંચ્યો, પુનઃ વાંચ્યો. તે હર્ષથી ગદ્ગદ્ થઇ કોચપર બેસી ગઇ. આંખોમાંથી હર્ષનાં અશ્રુ વહેવા માંડ્યાં. એક હાથે રુમાલથી આંખો લુછતી અને બીજા હાથમાં લીધેલો તાર પાછો વાંચતી હતી. એ તાર તે હતો કે જે મિસ્ટર **મારગને** "**સ્ટેટસમેન**"ની ઓફિસદ્વારા **જરપર** મોકલાવ્યો હતો. તેમાં આ પ્રમાણેનો સંદેશો લખેલો હતો;—

> "આપને, લેફ્ટનન્ટ **માણેકજી અરદેશર**ના સલામત દરિયામાંથી નિકળવા પામવા અને બોલવા માટે, મુબારકબાદી આપવા અમને અમારો **જાપાન**નો ખબરપત્રી તારદ્વારા જણાવે છે."

સેંકડો વખત તાર વાંચી, **જર**, **માણેક** ભણી ફરી. તેને કાંઈ કહેવા જતી હતી, પણ **માણેક**નું મુખ નિહાળતાં વાર તે ચમકી ઉઠી. અલ્પવારમાં **માણેક** એવો ફીકોફચ્ચ કેમ પડી ગયો? તેનાં નેત્રોમાંથી અશ્રુધારા વહેતી જોઇને, **જરે** ફાળ ખાઇને પૂછ્યું, "કેમ **માનેકચંદ**! કાગજમાં સું સમાચાર આયાચ? તમારી આંખમાં પાણી કેમ આયાં? સું છે ભાઇ! ખુદાને ખાતર જલદી કહો."

માણેકે માથું ઉચું કરીને જવાબ આપવાનો પ્રયત્ન તો કર્યો, પણ દુ:ખથી ગળું રુંધાઈ જવાથી તેનાથી બોલી શકાયું નહિ! તે અશ્રુ વર્ષાવતો મૌન્ય ધારી બેસી રહ્યો.

પ્રકરણ ૨૭ મું

મરણ સમાચાર

"જરબાનો!" **માણેક** ગુંગળાઇ જતા અવાજને પરાણે બહાર કાઢવાના વૃથા ચિહ્ન દર્શાવતો અંતે છાતીપર પત્થર રાખીને બોલ્યો. પણ તેનું ગળું જાણે કોઇએ દબાવી દીધું હોય તેમ તેને ભાસવા માંડ્યું. "બહુ જ માઠો બનાવ બન્યો છે–મારી સુશીલ પત્ની પરલોકવાસિની થઈ છે!"

"ઓ ખુદાય! આ સું આફત!" **જર** આંખપર રુમાલ દબાવી, કોચપર પાછી બેસી જતાં, પોકારી ઉઠી. **જરનો** આનંદ અડધો થઈ ગયો. **માનેકચંદ**-પર આ અણધારેલી આવી પડેલી આપત્તિથી તેનું સુકોમળ હૃદય, જે કમળ પ્રમાણે ખીલ્યું હતું, તે કરમાઈ જવા લાગ્યું. **માણેકને** તે કેવી ચાહતાં શીખી હતી, એ તો આપણે જાણી આવ્યા છિયે, લગભગ પાંચેક મીનીટ તે ગાજતો ઓરડો શૂન્ય થઇ ગયો. પણ પાછી **જર** ધીરજ ધરી ઉઠી અને એક ગલાસમાં પાણી ભરી, **માણેક** પાસે જઈ બોલી, "ભાઈ! કિરતારની જેવી મરજી હુતી તેમ થઈ ગયું. હવે એમ અફસોસ કરવાથી સું ફાયદો થવાનો છે! સબર એખ્તિયાર કરો–ખોદાય પાસ સબર માંગેથી સબર આવશે–હાથ મ્હોનું ધોવ, દુનિયા એવી જ દુ:ખની ભરેલી છે!"

"જરબાઈ!" **માણેકે** ઉભરાતા આંસુઓ લૂછતાં કહ્યું. "શું મારા પ્રારબ્ધમાં દુ:ખ અને દુ:ખ સૃજાયું હશે કે? શું આ અલ્પ જીવનમાં સુખ જેવો શબ્દ, મારા માટે પ્રભુએ રાખ્યો જ નહિ હોય? અરેરે! બાઈ! શું કહું? તે કેવી સુશીલ, સહનશીલ અને સદાચારિણી સ્ત્રી હતી? મારું રત્ન ખોવાઈ ગયું! અરે! હજારો સંકટો છતાં, તેણે મારા ઘરની વાત બહાર પાડી નહોતી. **લાહોર** આવવા તેણે મને કેટલુંય કહ્યું, પણ હાય! મને અભાગિયાને તે ન સુઝ્યું! તે કહેતી જ હતી કે, હું નહિ જીવું–હવે તમારું મોં જોવા વારો આવવાનો નથી–હવે તો હું બીજે જન્મે તમારી દાસી થઈ, સેવા કરીશ! પણ હાય–"

" બસ કરો ભાઈ!" **માણેકનાં** આંસુ પોતાના રુમાલથી લ્હોતાં લ્હોતાં

જર બોલી. "જેમ જેમ તેના ગુનો યાદ કરતા જસો, તેમ તેમ વધારે ફીલીંગ થતાં જસે. મ્હોનું ધોવ, જરા ફરો હરો ને ખોદાયની યાદ કરી તે મરનારી નઇયતે કંઈ ભનો ગનો ને બે પૈસા આંધરા લુલાંને આપો ને જીવને કાબૂમાં રાખો."

માણેકે ઉભા થઈ જરના હાથમાંથી ગ્લાસ લઇને હાથ મોઢું ધોયા પછી ગ્લાસ બાજુએ મૂકી, ઓરડા બહાર ગયો, સઘળાં વસ્ત્ર કહાડી, સ્નાન કરી, બીજાં વસ્ત્ર પહેરી, જરના રુમમાં આવ્યો અને પાછો કુરસીપર બેસીને લાંબા શ્વાસો અને નિઃશ્વાસોનો અવ્યાહત વ્યાપાર ચલાવતો, તે પોતાની પત્નીના મરણ સમાચારવાળું પત્ર વાચવામાં લીન થઈ ગયો.

"હવે એ કારમખા કાગજને દૂર મુકોની તો!" જરે, માણેકના હાથમાંથી પત્ર પડાવી લઈ દૂર મૂકતાં કહ્યું. "તમારું કંઈ બાલબચ્ચું નથી, એબી આય ટાઇમે શુકર કરવા જોગ બાબદ છે નહિ તો ઓરબી આફત થતે."

"જરબાનો!" માણેકે ખોખરે અવાજે અને દબાઈ જતી છાતીએ બોલવા માંડ્યું. "દુઃખ આવે છે ત્યારે ચારે તરફથી વાદળ માફક ઘેરાઇને આવી પડે છે. મને કેવળ મરનારનું સ્મરણ જ દુઃખી નથી કરતું, બલ્કે તે સાથે બીજી પણ એક આપત્તિ મારા સામી ડોળા ધૂરકતી ઉભી છે."

"ખુદાય રહમ કરે!" જરે ફાળ ખાઈ કહ્યું "વરી બીજી સું આફત છે?"

"મને પત્ર આપો-હું આપને વાંચી સંભળાવું;" માણેકે કહ્યું. જરે પત્ર આપ્યું અને માણેકે તે વાંચવા માંડ્યું. મથાળાપર જ લુગડાં ઉતારીને વાંચજો, એમ લખેલું હતું.

"સ્વસ્તિશ્રી કાશ્મીર મધ્યે ભાઈ માણેકચંદની ચિરંજીવી ઘણી હોજો.
"એતાન શ્રી ગામ અમોટેથી લા૦ તમારા પિતા ગોવિંદરામ તથા માતુશ્રી પ્રેમ-
"દેવીના બહુ પ્રેમથી આશીર્વાદ સ્વીકારશો. જત લખવા કારણ એ છે કે, તમારાં
"પત્ની બાઈ રુકિમણી, ચૈતર કૃષ્ણપક્ષની દશમીને દિવસે, સોમવારે, દેવલોક
"પામ્યાં છે. એ બહુ ખોટું થયું છે, પણ પ્રભુની ઇચ્છા સમક્ષ કોઇનું કશું પણ
"ચાલતું નથી, એમ માનીને સંતોષ ધરવો જોઇએ. બીજું આ કાગળ વાંચતાની
"વાર અહીં ચાલ્યા આવજો; કારણ કે, રુકિમણીનું તેરમું આપણા રિવાજ પ્રમાણે
"કરવાનાં જ્યારે નોતરાં ફેરવ્યાં, ત્યારે ગુલાબચંદનો પુત્ર ત્રિભુવન, હાલ ચાર
"દિવસથી કાશ્મીરથી આવ્યો છે, તેણે તમારા માટે એવી ચરચા ચલાવી છે કે
"તમે તો પારસી થઈ ગયા છો અને તેણે તમને પારસીનાં લુગડાં પહેરેલો તથા
"પારસીઓ સાથે ટેબલપર બેસીને ખાતાં નજરોનજર જોએલો છે. તેથી ન્યાત-

"વાળાઓ આપણા ઘરને છેટું મૂકવા તૈયાર થએલા છે. મારે હવે તમને નોકરી "કરાવવી નથી; મને જે મઠ બાજરી મળશે તે તમને ખવરાવીશ. તમે બસ "આ કાગળ વાંચતાં જ એકદમ ચાલ્યા આવો.

લા૦ ગોવિન્દરામ અભયરામ-

ના આશીર્વાદ.

કાગળ સાંભળી જરનું મુખ ફીકું પડી ગયું. થોડીવાર વિચાર કરીને તેણે માણેકચંદને પૂછ્યું કે; "કેમ માણેકચંદ! ત્યારે હવે તમારેથી જાપાનબી કેવી રીતે જવાસે?"

"શું કહું બાઇજી!" માણેકે વિચારના વમળમાં ગોથાં ખાતાં ઉત્તર આપ્યું. "નિરક્ષરો સાથે પાલવ પડ્યો છે. હું તો એક પગે ન્યાત બહાર રહેવા ખુશી છું, કારણ કે મારે હવે પરણવું નથી. તેમ જ મારે કાંઈ બાલ બચ્ચાં તો છે જ નહિ, કે જેમને પરણાવવાની પીડા હોય. પણ મારા વૃદ્ધ માતા પિતાને લીધે મારે ન્યાતવાળાઓ આગળ હાથ જોડીને ઉભું રહેવું જ પડશે અને એકવાર તેઓ જે કાંઈ પણ કહેશે, તે મારે સાંભળવું જ પડશે, મરનારીનો દહાડો કરીને પછી હું મારે ચુપચાપ જાપાન ચાલ્યો જઇશ. મારા પાછળ ખોળ કરવાને કોણ આવવાનું છે? કાગળપત્ર મંગાવવાની હું જૂદી જ વ્યવસ્થા કરીશ. અરેરે! હું મારા દીન પિતાને કષ્ટ દેવા જ જન્મ્યો છું. બાપડાએ ઘરબાર ગિરવી મૂકીને મને ભણાવ્યો! જમીન ઘરાણે મૂકી પરણાવ્યો ને હવે બાયડીની આ મરણ ક્રિયાનો ખર્ચ પણ તેને જ માથે આવી પડ્યો. અધૂરામાં પૂરું વળી ન્યાતવાળાઓ પજવવા બેઠા છે અને તેઓ કાંઈ સો બસોના ખાડામાં ઉતાર્યા વિના રહે એમ તો લાગતું નથી જ. હાય! ભગવાન્! મારી સ્ત્રી કરતાં મને જ મોત આવ્યું હોત, તો કેવું સારું થાત?"

"માનેકચન્દ!" જરે દયાથી માણેકચન્દ સામું જોઇને કહ્યું. "સુખ દુઃખ ઇન્સાનપર જ આવી પરેચ! તમે સું એમ ધારોચ કે, તમારો કોઈ મદદગાર છે જ નહિ? જાઓ, હવડે તો તમારા ઓરડામાં જાઓ અને આજે જવાનું બંધ રાખી આવતી કાલપર મુલતવી રાખો. હું તમુને એક કામ સોંપવા માગુંચ. એ કામ તમે જાપાન પહોંચ્યા પછી કરજો ને જાપાન જવાનો વિચાર તમારા મનમાં મક્કમ રાખજો. હું એક કાગજ લખી કાઢું, તેટલાં તમે ફરીહરી દિલ બહેલાવો. આ દારાબી કાંઈ સદા રહેવાના નથી તો."

"હા બાઈ! આવા દિવસ તો નહિ જ રહે!" માણેકે નિઃશ્વાસ નાંખીને કહ્યું. "પણ મરનારીની યાદ સદા રહેશે! અરેરે! મારી સ્થિતિ જુઓ અને તેનો પ્રેમ જુઓ! બિચારીએ મને ઘણો જ વિનવ્યો હતો કે, મને લાહોર લઈ જાઓ, પણ મેં અભાગિયાએ ન માન્યું.–બાઈ! જો તમે તેને જોઈ હોત, તો પોતાની દાસી તરીકે સદા પાસે રાખી હોત અને તેણે તમને જોયાં હોત તો તમારા પગ ધોઇધોઇને પીત! હાય! શોક! મારા મનમાં એ અરમાન રહી જ ગયો! અરે મરતી વેળાએ મેં તેનું મુખ જોયું હોત, તો પણ મારા મનમાં જરાક સંતોષ થવાનો સંભવ હતો! બાઈ! હું જરા બહાર હરીફરી મન મોકળું કરું છું. આપ મને જરૂર પડે બોલાવજો." એમ કહીને માણેક બહાર ચાલ્યો ગયો. તે પોતાના મનને બહુએ ધૈર્ય આપતો હતો, પણ ન્યાત, પંચ, નિર્ધનતા, વિપત્તિ અને કલહની ભયંકર મૂર્ત્તિઓ, પ્રતિપલે તેનાં હૃદયનેત્રો સમક્ષ આવીને ઉભી રહેતી હતી, અને તે તેને પુનઃ પુનઃ ભય અને ચિન્તાના ઉંડા મહાસાગરમાં હડસેલી દેતી હતી.

માણેકના જવા પછી જરે ઉઠીને ટ્રન્ક ઉઘાડી. તેમાંથી જાત જાતનાં નોટપેપર અને એન્વેલપમાંથી એક સારી જોડી કાઢીને નીચે પ્રમાણે પ્રેમપત્રિકા લખવાનો આરંભ કર્યો.

"ગુલમર્ગ તા૦ મી ૧...

"જરના જાન, જરના ઇમાન! જરના અરમાન, જરના સુલતાન! અન્તે "તે દાદારે મુજ દુખિયારીની દાદ લીધી. મહિનાઓના મહિનાથી જે ઉમીદોના "દરિયામાં હું ગરકાવ હતી, તેમાંથી તે યજદાને મને મદદ કરી બહાર કાઢી. "વહાલા! તાર આજરોજે મલિયોચ, તમારી સલામતીનો સ્ટેટસમેનની ઓફીસ "તરફથી તાર આયોચ, પન તે તમો પ્યારાની ભલામનથી જ આયોચ, એ સાફ "દેખાય આવેચ. હા, મારી ફરિયાદમાં હવે અસર છે, એમ હું માનુંચ.

"ગયા હય અર્શમો અલ્લાયે શોર નાલોંકા;
"ખુદા ભલા કરે ફરિયાદ કરનેવાલોંકા.

"તમારા તરફનો તાર સાધારણ તાર નહોતો, બલકે તેણે મારી જિંદગીના "તાર સાથે જોડાઇને તેને વધારે મજબુત કીધો છે. એ તાર સું હુતો? મારી "ખુશાલીના બંધ પડેલા સિતારનો તાર હુતો–કે તેણે બંધ પડેલા સાજપર એક "મિજરાબ મારી, પાછું ગાયનના ખુદાઈ સરોદોનો ઝનકાર મારા કાનોમાં ગુંજાવી

"દીધો છે. આ તારથી પહેલાં મારાં દિલને ઉમેદો, નામુદારીઓ, વમાસન,
"ચિન્તા અને અફ્સોસ વગેરેએ, જૂદા જૂદા તારોનું મથક બનાવી મૂક્યું હતું.
"પન તમારા પ્યારા તારે આવતાંની સાથે જ તે બધાનાં રૂપો ફેરવીને ખુશાલી,
"મુબારકબાદી અને ચેનની દુહાઈ ફેરવી દીધી છે. તમો વહાલાને જે જે આફતો
"ખુદ સ્ટીમરમાં બેસીને વેઠવી પડીચ, તે જ મુસીબતો મુજ અભાગનીને ફક્ત
"સ્ટીમર નામ યાદ આવવાથી ભોગવવી પરતી હતી. મારા કરતાં જાનવરોબી
"વધૂ કિસ્મતવાલાં છે કે જેઓ પાંખ ધરાવે છે. અફ્સોસ! જો મને આય
"વખતે પાંખ હોતે, તો દરિયાપાર ઉરી આવી તમો વહાલાનાં દર્શન કરતે.
"મારી છાતીપરથી તમારાં પ્યારાં પ્યારાં અબરૂઓની લકીરનો છાપ દૂર થઈ
"શકતો નથી. તે ધીમું ધીમું હસવું અને બેઉ ભમરોનું મળી જવું, એ તીર
"જેણે ખાધા હોસે, તેનું જ દિલ જાનતું હોસેઃ–

"જબતક ન જખ્મ કારી દિલપર લગે કિસી કે;
"આગાહ જાય કેસે કેયું કર હો દિલ્લગીકે?

"ઍપોલો બંદરપરની મુલાકાત વખતે ગોરા ગોરા હાથોથી બક્ષેલો ગુલ-
"દસ્તો અને જહાંગીરજીની દીકરીનાં લગનને દારેની પહેલી મુલાકાત વખતે તમે
"જે આંખથી મારી સામું જોયું હતું તે બાબતનાં હું રોજ સપનાં જોઉચ. ખુદાય
"જલદી તમારી મનમોહન સૂરત દેખારે.

"હાલમાં હું કાશ્મીર જેવી જન્નત સમાન જગામાં છેઉં. મામાજીની સાથે
"આવેલી છેઉં. તેઓ મને તરેવાર દેખાવો દેખારેચ, પન ખુદાય ગવાહ છે કે,
"મને જરાબી ચેન પડતું નથી. તમે રોજ કાગજ લખજો અને જેમ બને તેમ
"જલદી આવવાની ગોઠવન કરી આય તરસતા ચકોરને તમારા ચાંદ જેવા મુખ-
"ડાથી ખુશ કરજો. હું શું લખુંચ અથવા શું લખવા જઉંચ અને સું લખાયેચ
"તેનું મને ભાન નથી. ખેર! ખુદા મેળવસે તારે દિલના અરમાનો કાઢસ.
"આય છાલકા કાગજનાં પરબીડિયામાં દિલના અરમાનોનો દરિયો ખાલી થઈ
શકે તેમ નથી.

લા. ફક્ત તમારી જર.

કાગળ લખી એક રેશમી રૂમાલમાં લપેટીને જરે પોતા પાસે રાખ્યું. ત્યાર
પછી એક કાશ્મીરની કારીગરીનો નાજુકડો બોકસ કાઢી, તેમાં કેટલાક કાશ્મીરી
દેખાવોની છબિયો, પોતાના બે ત્રણ જાતના ફોટો, એક મખમલની નાની સુશો-

બિત દાબડીમાં હીરાની વીંટી અને સેંટની શીશીઓ ભરી, ચોકસ બંધ કર્યો. તેનાં મનમાં આનંદનો પાર નહોતો. જાણે પોતે જ જાપાનમાં જઈ બેઠી હોય તેમ મગ્ન મનથી, તે પોતાના ઓરડામાં ફરવા લાગી. એટલામાં ડૉકટર વાચ્છા રજા માગી અંદર આવ્યા અને ફરવા જવા માટે તેને કપડાં પહેરવાની આજ્ઞા કરી. "નહિ મામાજી!" જરે સભ્યતાથી કહ્યું. "બિચારા માણેકચંદની બૈરી ગુજરી ગેઇચ ને કાલે તો તે જવાનો છે. એથી આજે હું તેનું દિલ બહેલાવવા અહીં જ રેવસ."

"હા," ડાકટર વાચ્છાએ માનેકની દયા ખાતાં કહ્યું. "બિચારો બહુ કમનસીબ! જેમ તેમ મહોનાપર લોહીપાની આયુંતું, તે પાછો ફકરે ને ધસકે જેવોનો તેવો જ થઈ જશે. પન ચાલ તારે દીકરા! હું તો છ તે આજ તમો લોક કોઈ સાથે નથી, તેથી સક્કારોજ આવસ;" એમ કહીને ડૉકટર વાચ્છા ફરવા ચાલ્યા ગયા.

વાચ્છાના જવા પછી જરે માણેકને પોતાના ઓરડામાં બોલાવ્યો. પોતે કોચપર બેઠી ને સામી કુરસીપર માણેકને બેસાડીને તે કહેવા લાગી કે, "માનેકચન્દ! કાલે સવારના તો તમે જસો. તમારા ઉપરની દરેક આફત ખુદાય દુર કરે, એવી હું ખરા અંતઃકરણથી દુઆ ચાહુંચ ને ઘના દારા વેર નહાઈ ધોઈ ભનતી વખતે ચ્હાવસ! તમારાપર આય જે આસમાની સુલ્તાની આવી પરીચ, તેની અંદર મદદ કરવા મારું જિગર ઘનું ચ્હાયેચ, પન મારી પાસે એટલા પૈસા સ્પેર નથી કે, જે ચાહું તે આપી સકું. ખુદાય છે—ફરીથી બી અવાર નવાર મદદ કરસ. હાલતર તો આ એક હજાર રૂપિયાની રકમ, જે આય નાચીજ બહેનની અદના ભેટ તરીકે હું તમુને આપુંચ તે તમે કબુલો;" એમ કહી એક કવરમાં બીડેલી નોટો કહાડીને તેણે માણેકચન્દના હાથમાં આપી. માણેકચન્દ સભ્યતાને ખાતર સહજ આનાકાની કરવા જતો હતો, પણ જરે તેને પોતાના સોગંદ આપી બોલતો અટકાવ્યો. એક હજાર રૂપિયાની રકમ માણેક જેવા માણસને કેવી કીમતી થઈ પડી હશે, તેની કલ્પના વાંચકોએ પોતે જ કરી લેવી.

માણેકના ભાગી ગએલા પગોમાં બળ આવ્યું. તે ઉભો થઈ બે હાથ જોડીને જરનો ઉપકાર સ્વીકારતાં કૃતજ્ઞતાથી બોલ્યો કે; "બહેન! તમે તો મારા માટે એક અવતાર જ જનમ્યાં છો. આ તો કંઈ પરભવની લેણાદેણીનો જ સંબંધ છે. હું આ વખતે કેવી વિપત્તિના વમળમાં પડ્યો હતો, અને તેમાંથી આપે મને

હાથ આપી સહેલાઇથી, બહાર કાઢયો છે, એનું વર્ણન કરવા જેટલી પણ મારી જીભમાં શક્તિ નથી. હું મારી ચામડીના જોડા શીવડાવી આપના પગમાં પહેરાવું, તો પણ આપના ઉપકારોના બદલાનો હજારમો ભાગ પણ વળી શકે તેમ નથી. હવે તો દુઃખે કે સુખે જેમ અને જેવે પ્રકારે બની શકે તેવે પ્રકારે મને તમારી સેવામાં જ રાખવાની ત્રેવડ કરતા રહેશો, તો જ હું કદાચિત્ જીવીશ. બીજાને ત્યાં હવે મારાથી નોકરી નહિ જ થાય. આપે સદાય મારી નોકરી સાચવવાના પ્રયત્નો કરેલા છે, પણ હવે પછી તો તેથી પણ વિશેષ કરી આપે મને પોતાની પાસે જ રાખવો પડશે. મને આપે વેચાતો લીધેલો ભાઈ છે. મારા પ્રત્યેક સંકટ સમયે તમે જ મારાં સહાયક થએલાં છો. એક હજાર રૂપિયાની રકમ હું નજરે જોવા પણ ન પામ્યો હોત–"

"મિસ્ટર માનેકચન્દ !" જરે તેને બોલતો અટકાવી બેસવાની ઇશારત કરીને કહેવા માંડ્યું. "ઉપકાર અને આભાર જેવા શબ્દો બોલી તમે તો મને મગરૂર કરી મૂકવાની વાત કરોચ. તમે એ બધી વાતોને એક બાજુ મૂકો ને મારા એક કામને માટે તૈયાર થાઓ. લેઓ આય બોકસ.' એમ કહીને જરે તે ભરી રાખેલો બોકસ માણેકના કબજામાં આપ્યો, અને કહ્યું કે, "જો જો–એની અંદર એકાદ ચીજ કીમતી છે. પન તેના કરતાં બી મારાં કાગજો સો ગનાં વધારે કીમતી છે. એને જીવની કાની સાચવજો. જરાબી કેઅરલેસ થસો તો મારો જીવ જોખમમાં નાખસો. તમે જેવા જાપાન પહોંચો કે તરત જ બ્રીટીશ લિગેશનમાં જજો. તાં માનેકજી અરદેશર લેફ્ટનંટનું નામ પૂછી તે ધનીને હાથોહાથ આય બોકસ સોંપજો. સમાલજો, કોઈ બીજાને હાથ જાય નહિ. અંદર ગની સીરિયસ મેટર છે. તે માનસસિક છે,–તમારેથી જેટલી બને તેટલી તેની સારવાર કરવાની કોસેસ કરજો. તે જ્યારે બોમ્બે આવવા નીકરે, ત્યારે પહેલાં તમે સ્ટીમર તપાસી આવજો. નવી જ સ્ટીમરમાં બેસારજો. સરસામાન જે કંઈ જોઇએ તે જાતે પોતે હાજર કરજો. પૈસાટકા જે જોઇએ તે આપજો, અને મારી પાસથી લેજો. માહરી જગાપર તમે છેવ, તેમ સમજીને જરાબી અચકાયા વગર કામ કરજો. તમે કદાચ અજબ થતા હોસો કે, હું આટલી બધી એકસ્ટ્રાઓર્ડિનરીલી જેની રેકમેન્ડેશન કરુંચ, તે કોન હોસે. લેવ હું તેબી તમુને કહી દેઉંચ. તે મારો પસંદ કીધેલો અને ધારેલો ભવિષ્યનો ભરથાર છે ! !"

જર શરમથી જરા અટકીને પાછી કહેવા લાગી, "તેઓ હાલમાં જ પાસ થયાચ. પોતાની સર્વિસપર હોંગકોંગ ખાતે જવા ઍપોલો સ્ટીમરમાં બેઠા હતા.

રસ્તામાં એક્સિડન્ટ નરિયું, સ્ટીમર ડુબી ગઈ ને તેઓ એક લાઇફ બોટના ભાંગેલા તખ્તા સાથે વળગી રહ્યા. પરવરદિગારે મારા નસીબે તેવણ જીનરૈ ભરેલાને જાપાનના કિનારાપર પહોંચારિયા. અમારા વચમાં જલદીથી જોડાઇ જવાની વાત ચાલતી'તી, પન હમે હમારાં માંય બાપોને હમારા પ્યારની વાત જાહેર કરિયે, તે પહેલાં જ તેઓને સરકારી ઓર્દર આયો અને તેવણ જીભરાયા સ્ટીમરપર સધાવિયા. જો, જો, તેવણ મારી બધી હાલત તમુને પૂછસે. પન મેં જે તમારી સાથે વર્તાવ કીધોચ, તે બાબત ચરચવાની જરાબી અગત નથી. મારી તારીફના પુલ તેવણ આગળ બાંધતા ના. બસ એમ જ કહેજો કે, તમે બાવાજીની પહેડીના એક નોકર છેઓ. મામાજીના સાથે હું કેશ્મીર ગઈ ત્યારે મામાજીએ પોતાના હિસાબ કિતાબ ને બીજા પ્રાઇવેટ કામો વાસ્તે માગી લીધા. તમારી બીમારીની અથવા અહીંયાં પારસી ડ્રેસમાં ફોટો ઉતરાવાની ઇતિઆદી વાતો ખાઇજ જજો."

હવે માણેકના ધ્યાનમાં ઉતર્યું કે, જર ઍપોલોની આટલી બધી ચિંતા શામાટે રાખતી હતી; વારંવાર દુ:ખી કેમ દેખાતી હતી; રાત દિવસ વર્તમાનપત્રો કેમ ઉથલાવતી હતી અને અરદેશરના ખાન્દાન વિષે ચીપી ચીપીને શાને પૂછતી હતી. માણેક સુશિક્ષિત મનુષ્ય હોવાથી તેને વધારે સમજાવવાની અગત્ય પડી નહિ. શું કહેવું અને શું ન કહેવું, એ તે સારી રીતે સમજતો હતો. એટલા થોડા જવાબમાં તેણે જરને સંતોષ આપ્યો. બીજે દિવસે સવારમાં માણેક લાહોર જવા માટે ઉપડ્યો. આખે રસ્તે તેને જર, ન્યાત અને જાપાનના વિચારોએ આવરોબાવરો બનાવી નાંખ્યો. "ન્યાતવાળાઓને કેવી રીતે સમજાવવા? જુઠું બોલવું કે નહિ? પ્રાયશ્ચિત્ત કરવાનું જો તેઓ કહે તો તેનો સ્વીકાર કરવો કે નહી? દંડ માગે તો આપવો કે નહિ? ન્યાત પાસેથી જાપાન જવાની રજા માંગવી, કે ગુપ્ત રીતે જ ચાલ્યા જવું?" ઇત્યાદિ વિચારોની ઘડભાંગમાં વખતને વીતાડીને લાહોર પહોંચ્યો. ત્યાં તેણે એદલજીને મળી, જર તથા વાચ્છાના સમાચાર કહી જાપાન સંબંધી કેટલીક પૂછપરછ પણ કરી લીધી. ભલામણ પત્રો, હુંડીઓ, ચેકો ઇત્યાદિ જે જે શેઠે આપ્યું, તે સર્વ સંભાળથી લઇને શેઠની કહેલી બધી વાતોની તેણે નોંધ કરી લીધી. મુસાફરીનો સરસામાન તેને જોઇએ તેના કરતાં દુકાનમાંથી વધારે મળ્યો. ભાડાના રૂપિયા, વાટ ખર્ચના પૈસા અને પગારના પેટામાં એક સો રૂપિયા જુદા જ મળ્યા. એ બધી ખટપટમાંથી મુક્ત થઈ માણેકે પોતાના શેઠને પોતાની સ્ત્રીના મરણના સમાચાર સંભળાવ્યા અને

તેના ખરચપાણી માટે આઠ દિવસ ઘેર જઈ, ત્યાર પછી ત્યાંથી જાપાન જવાનું કહ્યું. શેઠે ખુશીથી એ માગણીનો સ્વીકાર કર્યો. માણેક ત્યાંથી અમોટે જવા નીકળ્યો.

ગુલમર્ગમાં જરનું હૃદય હવે અકળાવા માંડ્યું. ડોકટર વાચ્છા જડીબુટ્ટીની શોધમાં, પાણીની બોટલો ભરવામાં અને પાતરાંના ફોટો લેવામાં, તેમ જ તેમના આકારોની નોંધ લેવામાં તથા જાત જાતના પતંગીઆ ભેગા કરવામાં જ સર્વથા લીન થઈ ગયા હતા. જર જાપાનના વૃત્તાંત વાંચવામાં, સ્ટીમરોની ગતિ અને વેગને જાણવામાં અને અકસ્માત્ થાય તો તેમાંથી બચવાના ઉપાયો ઇત્યાદિના અવલોકનમાં સમય ગાળતી હતી. હવે તેનું હૃદય લાહોર થઇને મુંબઇ જવા માટે ઉત્સુક થઈ રહ્યું હતું. પણ માણેકના જવાથી તેમ કરવામાં તેને બદનામીનો ડર લાગતો હતો. ગુલમર્ગમાં તેને બિલકુલ ગમતું નહોતું. ગમે કયાંથી? પ્રેમી પણ નહોતો, તેમ જ પ્રેમીની પ્રતિમૂર્તિ પણ નહોતી. આખા દિવસ જરના મુખમાંથી નજીર કવિનો આ શેર નીકળતો સંભળાતો હતો:-

"છુટ જાયેં ગમકે હાથોંસે, જો નિકલે દમ કહીં;
ખાક અયસી જિન્દગીપર, તુમ કહીં ઔર હમ કહીં."

પ્રકરણ ૨૮ મું

ન્યાત બહાર!

અમોટે ઉતરતાં જ માણેકચંદે તુલારામના ઘર ભણી ચાલવા માંડ્યું. ઘર પાસે આવતાં તેણે વરંડા આગળથી અવાજ માર્યો, બ્રહ્મદેવ બહાર આવ્યા ને માણેકને સરસામાન સાથે પોતાના ઘર આગળ આવી ઉભેલો જોઇને આશ્ચર્યથી દોહરાનું એક ચરણ બોલ્યા;-

"માણક! મારગ ભુલી શું, આવ્યા મારે ઘેર?"

"તુલારામજી!" માણેકે બે હાથ જોડી નમન કરવા પછી કહ્યું; "હું બે દિવસ આપને ત્યાં પરોણો રહેવા માગું છું; કારણ કે, મારાપર ન્યાત રૂઠી છે અને મને માબાપના ઘરમાં રહેવું યોગ્ય ન લાગવાથી સ્ટેશનપરથી સીધો આપનો આશ્રય શોધતો આવ્યો છું. શું મને આપને ત્યાં બે ત્રણ દિવસ માટે ઉતારો મળી શકશે કે?"

"યજમાન ઉતરે ગોરઘરમાં, લાભનું શું પૂછવું!" તુલારામે માણેકને ઉતારો આપવાનું સ્વીકારતાં દક્ષિણાનું નિમિત્ત આગળ મૂકયું.

ત્યારપછી અંદર જઇને તેણે માણેકને રહેવા માટે એક ઓરડો કાઢી આપ્યો. માણેકે સરસામાન ગોઠવી પોતાના પિતાને બોલાવવા એક માણસને, બે પૈસા આપવા કરી મોકલ્યું. અડધા કલાકમાં ગોવિંદરામ આવી લાગ્યો અને બાપ દીકરા વચ્ચે નીચે પ્રમાણે વાતચિત થવા માંડી;–

"છોકરા! આ તેં શું કર્યું?" ગોવિંદે લમણે હાથ મૂકી, દુ:ખથી કંપતા સ્વરે પૂછ્યું. "અરે ભુંડા! તને આવાં કર્મ માટે ભણાવ્યો ગણાવ્યો કે? હાય–હાય–મારા કુળનું નામ બોળ્યું; મારું મોં કાલું થયું; ન્યાતજાતમાં લાજ ગઈ. અરે રામ! રામ!!"

બાપા! માણેકે પિતાને હાથ જોડીને કહ્યું. "મેં આપનું નામ ડુબાવવા જેવું એક પણ કાર્ય કર્યું નથી. જે લોકો આપણા શત્રુ થઈ લાગ્યા છે તેઓ ભલે વગોવે; પણ અત્યારે હું આપને એક વાત કહું તે સાંભળો-હાલ તો મને ન્યાત બહાર જ રહેવા દ્યો અને આપ મારાથી છૂટા પડી ન્યાતના પક્ષમાં જ રહો, કારણ કે, મને સો રૂપિયા પગારની નોકરી મળી છે."

"શું કહ્યું?" ગોવિંદ કાંઇક ટટાર થઇને બોલ્યો. "વીસ ઉપરથી ઓચિંતા સો રૂપિયા?"

"હા, બાપા!" માણેકે ધીમેથી કહ્યું. "પણ મારે જાપાન જવું પડશે અને હું એ વાત કબુલ કરી ભાડાચોડાના રૂપિયા લઈ, કેવળ આપનાં દર્શન માટે જ અહીં આવ્યો છું!"

"પણ એથી તો વળી ન્યાતના ગુન્હેગાર થવાનું આવ્યું!" ગોવિંદે મોઢું બગાડીને એ વાક્ય ઉચાર્યું.

"હા–ને તેથી જ હું તમને કહું છું કે, તમે મને હમણાં તો આઘો જ કાઢો!" માણેકે બાપને સમજાવવા માંડ્યો. "બબ્બેવાર દંડાવા કરતાં ત્યાંથી આવ્યા પછી બધું સામટું કરી લઇશું. લ્યો, આ પાંચસે રૂપિયા." માણેકે તુલારામની ગેરહાજરીનો લાભ લઈ પાંચસોની નોટો બાપની ગાંઠે ઝટપટ બંધાવી દીધી. "હવે હું દર મહિને પોણોસો રૂપિયા આપપર મનીઓર્ડરથી મોકલતો રહીશ. તમે એક ઠેકાણું જુદું નક્કી કરો કે, જેથી આપણી વાતો ન્યાતમાં ચર્ચાય નહિ."

"પણ મારે ન્યાતને શો જવાબ દેવો?" ગોવિંદ ઘરવખુ પુત્રની વાતોથી આનંદિત થતો બોલ્યો.

"કાલે ભેગા કરો;" માણેકે ધીમા સ્વરથી બાપને ઉપાય સુચવવા માંડ્યો.

"હું છતું ઘર મૂકીને અહીં ઉતર્યો, તેનું કારણ એ જ છે. બધા ભેગા થશે, એટલે હું એવી વાત કાઢીશ કે, જે એ લોકોની બુદ્ધિમાં ઉતરશે નહિ અને ઉતરશે તો ઝગડો રહેશે નહિ. જો એ લોકો મને ભેળવે તો તમે ચુપ રહેજો અને જો ન માને, તો તમે એમ કહી દેજો કે, જ્યારથી એ ન્યાતનો ચોર ઠર્યો છે, ત્યારથી મેં એને મારો દીકરો જ નથી ગણ્યો! ઘરમાં ઉતરવાએ નથી દીધો અને ન્યાત એને લેશે, તો જ હું પણ મારા ઘરનું પાણી એને પાઇશ; નહિ તો હું એનો બાપ નહિ ને એ મારો દીકરો નહિ."

"ઠીક છે;" ગોવિંદરામે વાત ધ્યાનમાં ઉતરવાથી મલકાતાં મુખે એ આનંદનો ઉદ્ગાર કાઢ્યો. "સાંજેકે તારી માને અહીં મોકલીશ; અત્યારે તો હું જાઉં છું."

થોડી ઘણી વાતચિત કરીને ગોવિંદરામ ઘેર ગયો. સાંજે પ્રેમદેવી પોતાની પુત્રી સાથે માણેકને મળવા આવી અને પોતાના પુત્રને પવિત્ર અને ન્યાતવાળાઓને અદેખા ઠરાવી કલાકેક બેસીને ચાલતી થઈ. માણેકે માતાને પંદર અને બેહેનને દશ રૂપિઆ આપી ખુશ ખુશ કરી દીધાં. રાતે તુલારામે બધી ગઇ ગુજરી વાતોથી માણેકને જાણીતો કર્યો અને પોતે ખાધેલો લાકડીનો ઘાવ પણ દેખાડ્યો. માણેકે તેનો આભાર માન્યો અને કેટલીક સલાહ પૂછી-જેના તુલારામે ગદ્ય અને પદ્યમાં ઉત્તરો આપ્યા. છેલ્લામાં છેલ્લી વાત આ હતી;-

"લગાવી કાઢ લાંબા હાથથી બેચારને લઠ તું."

"એમ ન થાય, બ્રહ્મદેવ!" માણેકે કહ્યું. "ગમે તેવી તો પણ ન્યાત છે. એવું સાહસ કરી લાંબો ઝગડો કરવા કરતાં ટુંકામાં કાંઈ બેત ઉતરતો હોય તો સારું. ગોળે મરે ત્યાં સુધી ઝેર દેવાની શી જરૂર?"

"સલાહ સંપથી તારું ભેજું ભર્યું છે;"

"ખરું છે, ખરું છે, ખરું છે, ખરું છે."

માણેકની પીઠ ઠોકી ભુદેવે ભુજંગીને ડોલાવ્યો.

"બધાંને ભેગાં કરી નમી પડ, અને ન માને તો લાડુથી બધાંનાં મોઢાં બંધ કર-

સમજી મોહક નામ, કોઈ મુખથી નહિ બોલે;
લાડુનો દે બુચ, વદન કોઇ નહિ ખોલે."

એવા એવા કેટલાક ગપાટા હાંકીને બંને સુઈ ગયા. માણેકચંદને આખી રાત નિદ્રાદેવીએ દર્શન આપવાની કૃપા કરી નહિ. એનાં કારણો બે હતાં-એક તો તેના મનમાં ન્યાતની ભીતિ હતી કે, તેઓ કોણ જાણે ન્યાય શો આપશે?

અને બીજું એ કે તેની પાસે રૂપિયાની મોટી રકમ હતી અને તુલારામની આંટ ઘણી જ સારી! એટલે બાપડાને ઉંઘ આવે તે કેવી રીતે? સવારે ન્હાઈ ધોઈ તેણે ગામમાં ધાંયજી (હજામડીને)ને ફેરવીને ન્યાતીલાઓને એકઠા કર્યા. કેટલાકો પેલા વખતની મારપીટનું સ્મરણ થવાથી દુમ દબાવી ઘરમાં જ બેસી રહ્યા અને કેટલાક લાજ શરમથી બોલવું નહિ, એવો નિશ્ચય કરીને પરાણે પરાણે આવીને બેઠા. આમ છતાં પણ લગભગ બસો સવાબસો માણસ ન્યાતને ચોરે એકઠાં થયાં. માણેકે, કોઈ બોલે ચાલે તે પહેલાં પોતે જ બોલવાનો આરંભ કર્યો;—

"ન્યાતીલા ભાઇઓ! હું મારા આરોગ્ય માટે કાશ્મીર ગયો હતો. ત્યાં મારા પિતા તરફથી મને એક પત્ર મળ્યું, કે જેમાં મારી પત્નીના અકાળ મૃત્યુના સમાચાર ઉપરાંત ન્યાત ગંગા, તે મરનારનો વરો ખાવાની ના પાડે છે, એમ પણ લખેલું હતું. એટલા માટે જ મારે હાથ જોડતાં અહીં આવવાની અગત્ય પડી છે. અમારા ઘરનો એવો તો શો અપરાધ થયો છે, કે જેથી ન્યાતીલા ભાઇઓ અમારે આંગણે એઠવાડ નાંખવાની પણ ના પાડે છે?"

થોડીક વાર ચુપાચુપ–બધા એક બીજાનાં મોઢાં જ જોવા લાગ્યા, પણ અન્તે ધોળા મૂળા જેવો, "ઘરમાં ભૂત ભુસ્કા મારે ને હનુમાનજી હડિયો કાઢે" તેવો દાંડીયો બહાદરચંદ હિમ્મત કરીને બોલ્યો; "તમે એકલા જ કાંઈ કાશ્મીર નહોતા ગયા–ન્યાતના બીજા કેટલાક લોકો પણ ત્યાં હતા, અને તેમણે તમને પારસી પારસણ સાથે તેમનાં જેવાં જ લુગડાં પહેરીને ખાતા દીઠા હતા; એટલે તમારા ઘરનું ખાઇ ન્યાતીલા પોતાનો કોઠો ભ્રષ્ટ કરવા નથી ઇચ્છતા."

"આપના કહેવા પ્રમાણે ત્યાં ન્યાતનાં કેટલાંક માણસો ગયાં હતાં, વારૂ બહાદરચંદ કાકા?" માણેકે ગજવામાંથી નોટબુક કાઢી બહાદરચંદનું નામ લખતાં પૂછ્યું; "અને તેમનામાંથી કેટલા જણે મને પારસી સાથે ખાતો પીતો જોયો હતો? આ આરોપ સાબિત કરવા માટે કોણ છાતી ઠોકીને તૈયાર થાય છે?"

વળી એકવાર મેદાન સુનું સટ થઈ ગયું. દંદુકિયાઓ ડંગ થઈ બેઠા રહ્યા.

"ન્યાત ગંગાને હું વિનતિ કરું છું કે, મને કોણે વગોવ્યો છે અને કોના કહેવાથી મારા શિરે અપરાધનો આ ટોપલો ચઢાવવામાં આવ્યો છે, તેનું નામ આપી, મારા મોઢા સામું ખરું ખોટું ઠરાવી, પછી મને જે શિક્ષા કરવી હોય તે ભલે કરજો;" માણેકે સુકો દમ કસવા માંડ્યો.

"માણેકચંદનું બોલવું ખરું છે;" એક આકળો જવાનિયો વચમાં બોલી ઉઠયો. "વાંક પૂરવાર કરીને પછી ન્યાત જો કાંઈ પણ પગલું ભરે તો વધારે

સારું. આ તો 'ડોશીને લઈ જાય છે, હા ભૈયા! હા ભૈયા!' પેઠે બનાવટના બુટ્ટા ઉભા કરી કોઇની આબરૂપર અમથો હાથ નખાય છે, એ ઠીક નથી થતું!"

"મેં તમને નજરો નજર જોયા છે;" બહાદરચંદે સાહસથી કહ્યું.

"કાકા સાહેબ, આપના એકલાના કહેવાથી ન્યાતે મને ન્યાત બહાર મૂકયો હોય, તો કાલે ઉઠીને હું એમ કહીશ કે, તમે ઢેડ ભેગું ખાધું અને મેં જોયું, તેનું કેમ કરશો?" માણેકે બચાવ કરવા માંડ્યો. "તમારા કહેવાથી એટલું તો સાબિત થઈ ચૂક્યું છે કે, તમે એકલા જ નહિ; પણ બીજા કેટલાક આપણા જ્ઞાતિબંધુઓ પણ કાશ્મીરમાં હતા. ત્યારે આપે કોઈ એકાદ બેની સાક્ષી તો રાખી હોત! હશે–તેમ નહિ, તો ન્યાતના કયા ભાઇઓ ત્યાં પધાર્યા હતા, તેમનાં નામ ઠામ કાંઈ આપશો?"

બહાદરચંદ ગભરાયો, પણ સાક્ષી પુરાવાના નામથી દૂર ભાગનાર, ને કેવલ દાંતમાં ઘાલ્યો હોય તેને કચરી નાંખવાનો જ હેતુ રાખનારા અભણ લોકો તે ક્યાં જુવે છે?

"એ તો ભૈ બધા વકીલ બાલસ્ટલના પોંટ છે;" એકજણ ભીડમાં મોઢું સંતાડીને બોલ્યો. એ એક દીવાસળી પડતાં જ બીજે ખૂણેથી છછુંદર છૂટયું. "વીહ રૂપયડીના પગારમાં રંધવારો બ્રાહ્મણ ને એક વાહણ ધોનાર હારે રાખ્યો હશે?" વળી બીજી બાજુથી અંગારી પડીઃ "ભાઈ સુધરેલા છે." એટલામાં એક સીસમ કે અબનૂસના લઠ્ઠા જેવા રંગનો લાંબો તાડ બોલી ઉઠ્યો; "ભાઇઓ! ન બોલશો–ન્યાતવાળા બીજાઓ પણ ઘણું જોણે છે. હું મારા સાથે રમેલા ભાઇબંધને બોલું તો આબરુ જાય, માટે ન બોલ્યાના નવ ગણ."

"ના–ના–ભાઈ! રાઘવભાઈ! આપને મારા સમ છે. આપે મને જોયો હોય, તો વગર અચકાવે કહો;" માણેકે મનમાં બીક છતાં પણ મુદ્રામાં ગંભીરતા જાળવી રાખીને કહ્યું.

આ રાઘવભાઈ વીરોતમદાસ ચારેક ચોપડીઓ ભણ્યો હતો, થાણા પાસે અરજીઓ લખી, કજીયાદલાલી કરી અથવા ઇંટ માટી પહોંચાડવાનું કોન્ટ્રાકટ લઈ ગુજરાન ચલાવતો અને આખી ન્યાતને પોતાને કબજે કરી લેવાનાં ફાંફાં મારતો હતો. એટલા માટે લોકોનાં સાત સાત પેઢીઓનાં છિદ્રો, ઘરડી ડોશીઓના મોઢેથી સાંભળીને, ટપકાવી રાખતો હતો. માણેક બહુજ ભણેલો હોવાથી, તેનાપર એ બહુ જ બળતો હતો, એટલે ભૂલી બેઠેલા ન્યાતવાળાઓને દેવારામવાળો વીતેલો કિસ્સો તેણે યાદ દેવરાવ્યો. બસ પછી શું પૂછવું? માણેક ચટ ને પટ અપરાધિ

સાબિત થયો. મનમાં તો તે ચોર હતો જ, એટલે વિશેષ ગડબડ કરી ન શકયો–મનમાં તે સમજી ગયો હતો કે;–

"યે અબકે તો ટલતી નહીં બાત હય;
મસલ હય જમાઅત કરામત હય."

એટલે વાત ટુંકી કરવાના વિચારથી માણેક ઉભો થઈ હાથ જોડીને કહેવા લાગ્યો કે, "ભાઇઓ ! ન્યાતથી કોઈ પણ મોટું નથી. પંચ ત્યાં પરમેશ્વર ધારી, હું પણ કહું છું કે,

"કહે પંચ બિલ્લી તો બિલ્લી સહી;"

"હું તમારો લાખ વાર અપરાધી અને તમે મારા તારણ તરણ છો–જો તમે મને વટલેલો અને અપવિત્ર ગણો છો, તો તમો ભાઇઓ જ પાવન કરો. તમે જે શિક્ષા કરો તે માથે ચઢાવવાને હું તૈયાર છું."

થોડીક ધુસપુસ પછી એક જણ હોકો ગુડગુડાવતો બોલ્યો કે; "ભાઇ માણેકલાલ ! તમે વેહવાન છો; ભનીયો ભૂલે ને તારો ડૂબે–પણ હવે ફરીથી હુંભાળીને હેંડજો. અતારે તો નાત્ય તમારા ઉપર રહેમની નજર કરે છે. જાઓ–અચ્છેરીકા ધીનું ચૂરમું કરી હરબતાંગાને જમાડો. પછી તમારા કળની શોભા હોય, તો તેવો બાયડીનો વરો કરવાની તમને છૂટ છે."

"એમ તો ન કરું;" માણેકે વિચાર કરીને ઉત્તર આપ્યું. "મરનારીનું તેરમું ખવરાવું, પણ દંડનું ચૂરમું તો ન ખવરાવું. હા–એક નાત કરું–જો ચૂરમાનો વરો ખવરાવું તો બસેં અઢીસેંમાં પતે એટલી આપણી વસ્તી છે; હું બસેં ને ઠેકાણે પાંચસો રૂપિયા આપું, પણ સહુ ભાઇઓ ઉઘરાણું કરીને આપણા ગામમાં એક નાનકડી ઉદ્યોગશાળા કાઢે. એક વર્ષ સુધી હું દશ રૂપિયા મહિને આપું."

લાડુ ને દુધપાક ને ચુરમા ને ધારી ને મગજના ભૂખ્યા, દકાલવા, આળસુ ને ઉદ્યોગહીનોને, ઉદ્યોગશાળા ને કેળવણીનો વધારો ને ન્યાતનો સુધારો તે કેમ ગમે વારુ ? માણેકના શિરે ચારે કોરથી ટોળટપ્પાના ધપ્પા પડવા માંડ્યા.

"ભાઇ દંડાયા તે બીજાને પણ લેતા પડે કને ?"

"હું–મી મરું ને તુલા રાંડ કરું"–(હસાહસ.)

"ઠીક જ તો, હમતો ડૂબેંગે, મગર યારકો લે ડૂબેંગે."

"ભાઈ, રાંડી પાસે માંડી ગઇ, તે કહે બ્હેન ! મારા જેવી થજે."

"યાર ! ન્યાત એમને દંડે તો એ ન્યાતને પણ દંડે કે નહિ ?"

આવાં આવાં આડકત્રાં મેણાંનાં વચનોથી અકળાઇને માણેક હાથ જોડીને, બોલ્યો કે, "જેવી ભાઇઓની મરજી !" એમ કહીને તે ચાલતો થયો. ન્યાતીલાઓ વિખરાઇ જતા હતા, પણ ગોવિન્દે બધાને રોકીને પૂછ્યું કે;-

"કહો, ભાઇઓ; મારે શું કરવું? છોકરો વંઠયો તેમાં મારે શું ? મેં તો જ્યારથી તેનાપર આળ આવ્યું છે, ત્યારથી ઘરમાંય પેસવા નથી દીધો. વળી જ્યાં સૂધી ન્યાત ભેળવશે નહિ, ત્યાં સૂધી હું એનો બાપ નહિ ને એ મારો દીકરો નહિ, એટલે વહુનું તેરમું હું કરું, તો એ છોકરાને મૂકીને સર્વ ભાઇઓ ખાશો ખરા કે ?"

ન્યાતે મોઢા સૂધી આવેલા લાડવાને છટકી જતા જોઇને, ઝટપટ એ વિનંતિનો સ્વીકાર કરી લીધો. હાલ તો એમ. એ. બહાદર ઇન્તેહામચન્દ માણેકુદ્દોલા ન્યાત બહાર રહ્યા અને રુકિમણીનું તેરમું સુધર્યું.

માણેક ન્યાતમાંથી ઉઠીને તુલારામને ત્યાં ગયો અને બનેલી બધી બીના કહી સંભળાવી. તુલારામે બેપરવાઇથી સલાહ આપી કે:-

"ઝખ મારે છે બધા ચાર, તું ચાલી જાને;
પારસ છે પારસણ મઝા કર, ભેગું ખાને."

"ડરમાં કંઈ દિલ સાથ-માણક ! ડરમાં કંઇ દિલ સાથ." ભાંગના તરંગમાં તુલારામ બ્હેકવા માંડ્યો-

"પૂછે તેને દે લાત, માણક ! ડરમાં તું દિલ સાથ."

પોતાની પવિત્રતા અને જરની વિશુદ્ધતા પર શંકા નાંખનાર પટવારીપર માણેક મનમાં તો જો કે બળી ગયો, પણ શું કરે ?

" ચું ચું મત કર તોલમેં આઇહુય."

બસ. બીજા દિવસે સવારમાં ઉપડી જવાના હેતુથી તેણે એક કાશ્મીરી કારીગરીનું ચાંદીનું પ્યાલું અને પાંચ રૂપિયા રોકડા તુલારામને દક્ષિણા તરીકે તોલ્યા. બ્રહ્મદેવે કવિતામાં આશીર્વાદ આપ્યો;

"પી ભાંગ આમાં નિત્ય જપશું, શંભવમ્ જયશંકરમ્;" તું જીવતો રહે મિત્ર માણક !" આયુ કીર્ત્તિયશો બલમ્."

રાતે અગિયારેક વાગે આખું ગામ નિદ્રાવશ થઈ ગયું. તે તકનો લાભ લઈ ગોવિન્દ પોતાની પત્ની તથા પુત્રી સાથે ભરાતો છૂપાતો આવ્યો. તુલારામ નિશાની ધુનમાં બેભાન પડ્યો હતો. માણેકે પોતાના ગયા પછી બાપે કરેલી વ્યવસ્થાના સમાચાર સાંભળતાંજ ટંક ઉઘાડી વરો કરવાના ખરચ માટે બસે

રૂપિયા બાપને કાઢી આપ્યા અને જાપાનના જનરલ પોસ્ટ માસ્ટરની કેરમાં પોતાને મળે એટલા માટે થોડાંક કવરોપર પોતાના નામનાં સરનામા અંગ્રેજીમાં ચીતરી આપ્યાં. બીજી પણ કેટલીક ભર ભલામણો કરી અને લાહોરમાં શેઠ એદલજીનું ઠેકાણું આપી, ત્યાંથી દર માસે પંચોતેર રૂપિયા લાવવાનું કહ્યું. કમાતા દીકરાને માતા પિતાએ છાતી સરસો ચાંપી મ્હોંચા ચૂમ્યા અને બ્હેને ઓવારણાં લીધાં. એ પછી રુકિમણીની વાતો કાઢી બધાંએ થોડાં આંસુ ઢાળ્યાં અને સર્વ છૂટાં પડ્યાં. પ્રભાતના પહોરમાં માણેક ટ્રેનમાં બેઠો અને તે પણ સેતાન—અરે સેકન્ડ કલાસમાં!

ન્યાતે રુકિમણીનું તેરમું ખાઇને ગોવિન્દને પાવન કરી નાંખ્યો, અને માણેક જ્યારે પણ આવે, ત્યારે બરફી ચૂરમાનું ભોજન જમીને જ ભેળવવાનો ઠરાવ તેમણે પોતપોતામાં પસાર કર્યો. જોઇએ હવે માણેક જીવતો કયારે આવે છે; અને ક્યારે બરફી ચૂરમાનાં ભોજન ઉડે છે!

પ્રકરણ ૨૯ મું

વાર ખાલી ગયો

માણેકજી અરદેશરનું શરીર હવે લગભગ આરોગ્ય હતું. તે સારી રીતે હરી ફરી શકતો હતો. પણ ડોકટર હજી તેને મુંબઈ જવા જેટલો શક્તિમાન્ ન ધારતો હોવાથી તે જાપાનમાં જ પડ્યો હતો. કોમરાસ્કી વળી એકવાર તેની મુલાકાતે આવી. સાધારણ રામ રામ, સાહેબ સલામ અને અલેક સલેકના રિવાજ રસમ અદા કરીને તે યોગ્ય સ્થાને બેઠી. તેણે ગજવામાંથી રૂમાલ કાઢીને સુગંધનો થોડોક ફેલાવો કર્યો, વીંટીઓ ચમકાવી અને અંતે રહી ન શકવાથી બોલી ઉઠી કે;–

"કેમ માંદાઓને સાજા કરનાર! હવે શરીરની સ્થિતિ કેવી છે?"

"તમારી મેહેરબાનીથી હવે તો બહુ જ સારો છેઉં," માણેકજીએ એક કાગળ સાથે રમત રમતાં કહ્યું. "ફરુંચ હરુંચ ને થોડા વખતમાં ડોકટર રજાબી આપસે, એવી આશા રાખુંચ."

"ડોકટર શેની રજા આપશે, સાહેબ?" કોમરાસ્કીએ કાંઇક ખસિયાણી પડી પૂછ્યું.

"હિંદુસ્તાન જવાની!" માણેકજીએ હર્ષથી કાગળને હાથમાં ફેરવતાં ફેરવતાં

ઉત્તર આપ્યું. "આ પખવાડિયામાં અંગ્રેજી સ્ટીમર અહીં થતી જશે, તેમાં જ જો યજદાન ચાહસે, તો જવસ."

"ત્યારે તો આપનાં સગાં વ્હાલાંને પણ આપના આરોગ્યના શુભ સમાચાર પહોંચી ચુકયા હશે ?" હાથમાંથી છુટી જતા શિકારની ચિંતાથી તેણે સવાલ કર્યો.

"જી હા," હસ્તે મોઢે માણેકજી બોલ્યો. "સહુએ ખબર સમજીચ. આય લેટરબી હાલમાં ત્યાંથીજ આવિયુંચ;" અને કોમરાસ્કીના મોઢામાં થતા ફેરફારોને જોતો તે ચુપ થઇ ગયો.

"એ કોનું પત્ર છે, એમ હું પૂછું, તો અવિવેક જેવું લાગશે, કેમ, ડાકટર માણેકજી ?" કાગળ સાથે માણેકજીને વિશેષ પ્રેમથી રમતો જોઇને શંકાશીલ થતી કોમરાસ્કીએ ફીકે મોઢે પ્રશ્ન કર્યો.

"અરે વરી એમાં અવિવેક ને વિવેક જેવું સું છેજે !" માણેકજીએ કાગળ વળી ઉકેલતાં લજ્જા અને હર્ષથી કહ્યું; "આય લેટર મારા એક દિલીદોસ્તનું છે."

"તમારા વારંવાર વાંચવાથી એ બહુ જ રસીલું પત્ર હોય એમ લાગે છે;" વધારે ચટપટથી કુરસીપર ઉંચીનીચી થતાં તેણીએ પૂછ્યું.

"રસીલું ?" એક નિ:શ્વાસ–દીર્ઘ–ઉષ્ણ નિ:શ્વાસ નાંખી માણેકજીએ ઉદ્ગાર કાઢવા માંડ્યા. "માત્ર રસીલું જ કે, લેડી ? અરે રસથી ભરેલું, રસથી છલકાઇ જતું અને રસથી ઉભરાઇ જતું એ પત્ર છે. દિલના જખ્મોનો મલમ, મરતા માનસના મ્હોમાં આબેહયાતનાં ટીપાં, બે રુહોનું કનેકશન કરનાર રુહાની તાર–તે એ પત્ર જ છે ! હાય ! હજુર વચ્ચે દરિયો ડોહવત્ેા પડ્યો છે ! !

કોમરાસ્કી વિચારના સમુદ્રમાં ડુબી ગઈ. તે મનમાં જ વિચારવા લાગી કે "શું એ પરણ્યો હશે ?" તેણે એ પ્રશ્ન ન પૂછવાની બહુ જ ઇચ્છા કરી, પણ સ્ત્રીનું ચટપટિયું ચિત્ત ચુપ રહેવાની રજા આપી શકયું નહિ. તેણે તો મનમાં લગભગ લગ્ન પણ કરી નાંખ્યાં હતાં; માણેકજીને બુદ્ધિષ્ટ બનાવી, જાપાનથી ઉપડવાના હવાઈ કિલ્લા તેણે ચણી રાખ્યા હતા અને આ ચાલતી ગાડીમાં રોઢું અટકેલું જોઇને તેનું મન માન્યું નહિ; એટલે તેણે અંતે સવાલ પૂછયો જ–

"લેફ્ટનન્ટ માણેકજી ! શું બહુ પ્રાઇવેટ પત્ર છે કે ? પત્ર કોઈ બહુ જ પ્રિય મનુષ્યનું હશે, નહિ ?"

"હાજી !" માણેકજીએ પત્રને નેત્રમાં દાબીને કહ્યું. "બહુ જ પ્યારા માનસનું પત્ર છે. એમાંનો એક એક બોલ એકેક મોતીના મુલનો અને એક એક હરફ હીરાની કીંમતનો છે. અંદરથી પ્યારનાં જવાહેર ચમકી રહ્યાંચ. એક એક

લાઇન એક એક સાંકલ છે, કે જે વાંચનારના દિલને જકડીને બાંધી લેય. એકેક પાનું એકેક જંગલ છે, કે જેની અંદર ભૂલું પરેલું દિલ રસ્તો જ નહીં પાઇ સકે. લાસ્ટ બોલો જાદુની કલમથી લખાયલાં છે કે જે દિલને દીવાનું બનાવી દરિયો તરી જવા ઉશ્કેરી દેય."

"ઓહોહો ! લેફ્ટનન્ટ !" કોમરાસ્કી ફીકી ફીકી હસતી જતી બોલી. "હું સાંભળું છું તે પ્રમાણે તો તમે લયલા મજનુનું દાસ્તાન જ ખોલી નાંખ્યું છે ! મારી ધારણા પ્રમાણે એ પત્ર તમારી પત્નીનું જ હોવું જોઇએ."

"તમે કેમ જાનિયું કે, હું પન્નેલો છઉં ?" માણેકજીએ હસતે મુખે પૂછયું, અને એનો હવે તે વિદુષી જાપાની લેડી શું ઉત્તર આપે છે, તે સાંભળવા માટે તે ઉત્સુક થઈ બેઠો.

"આપના અંતઃકરણના ઉદ્ગારોપરથી હું કલ્પના કરી શકું છું;" કોમરાસ્કીએ સંક્ષિપ્ત ઉત્તર આપ્યું.

"ત્યારે તમારી ધારણામાં તમે કાંઈક રૉંગ ઉેવ,' માણેકજીએ કાગળ તકિયા તળે મૂકતાં કહ્યું. "એ મારી બૈરીનું કાગજ નથી. હું ધારુંછ કે, હજી તમે ફકત ચોપડીઓ જ વાંચીચ; દુનિયાનો ઘેરો અનુભવ નથી મેલવિયો. મિસ કોમરાસ્કી ! તમે ઇશ્કનો મીનીંગ જાનોચ કે ? અહાહા—જોવ—શેકસપીયર કહેચ કે, ઇશ્ક એક મેડનેસ છે—એટલે ગેલા માનસની કાની આશકને બી એક અંધારી કોઠરીમાં બંદ કરી, ચાબુકથી દુરુસ્ત કરવો જોઇએ. પણ હું પૂછવા માગુંચ કે, એ ઇલાજ કોઈ અમલમાં લાવ્યું કે ? કેટલાક દીવાના આશકોને કોઇએ ચાબુકથી સુધારિયા વારુ ? કહાંથી સુધારે ? ઇલાજ કરનારાઓ પોતે જ બિચારા એ રોગમાં ગિરફ્તાર પડિયા હોય તે ! હા—ઇશ્ક ! !"

બાપડી મિસ કોમરાસ્કી કેવળ એટલું જ જાણતી હતી કે, પરણીને ધણી સાથે પ્રેમ રાખવો અને સંસારનું ગાડું ગબડાવવું, એનું જ નામ તે પ્રેમ અથવા ઇશ્ક. પરણવા પહેલાં પવિત્ર પ્રેમથી પતિને પડતાળી જોવો, તાવી તપાસીને ભવિષ્યનું જોડું જોડવાની યુક્તિ એ ભોળી ભામિનીને તલભાર પણ ખબર હતી નહિ. તડપવામાં મોજ છે કે મળવામાં મજા છે, એ વિષયનો એ બાપડીએ શોધ કર્યો નહોતો. આશક માશુકના વૃત્તાંતો તેણે વાંચ્યાં હતાં, પણ કોઈ આશકને આંખે જોયો નહોતો. વાટ જોવામાં જે આનંદનો સમાવેશ થયેલો હોય છે, એની તેને બુઝ કે કદર હતી નહિ. વિરહાનળ જ્વાળાઓની વિપત્તિઓ વેઠવા કરતાં પ્યારાને પોતાનો કરી લેવામાં જ વિશેષ આનન્દ હશે, એમ તેનું

ધારવું હતું. તેને આજે જ પ્રથમ અવસર મળ્યો હતો, કે જે અવસરમાં તેને સત્ય સ્નેહીની સ્થિતિનું દર્શન થયું. તેનો ઇશ્કના ખંજરની ધારથી આ પ્રથમ-વાર જ પરિચય થયો. તે અંજાઈ ગઈ, ગભરાઈ ગઈ, માણેકજીના ઉદ્દગારોથી હેબતાઈ ગઈ. જો કે તેનાથી કશું પણ બોલી શકાયું નહિ, તોપણ વિદુષી હોવાથી, એ તો તરત જ સમજી ગઈ કે, તે પોતે સમજતી હતી, તેના કરતાં કોઈ ભિન્ન પક્ષીનું નામ પ્રેમ હતું.

"મિસ કોમરાસ્કી!" માણેકજીએ પાછા મનના ભાવો પ્રકટ કરવા માંડ્યા. "તમે નથી જાનતાં કે દિલની ચોટ કેવી અને કેટલી સખત હોયછ તે; વીતસે તારે જ જાનસો. ખરું કહ્યુંચ કે;–

"જા કે જાયન પાય બિવાઈ; સો કહ જાને પીર પરાઇ?"

"ત્યારે હું ધારું છું લેફ્ટનન્ટ માણેકજી! કે પ્રેમની સાંકડી શેરીઓના તમે મારા કરતાં વધારે ભોમિયા છો;" કંઈક નિરાશાથી ઓશિયારી થઈ જઇને બનાવટી હસતા ચહેરાથી તે જાપાની અબળા વાત કઢાવી, વધારે ખાતરી કર-વાના હેતુથી બોલી; "આ પત્ર આપની માશુકનું હોવું જોઇએ, અને આપ તેને પરણવાની આશામાં પોતે પોતાને વાળે બાંધ્યા કેદી ધારીને જીવનનો વ્યય કરો છો. એમ જ છે ને?"

"હાજી, તેમ જ છે." માણેકજીએ પ્રસ્વેદનાં બિન્દુ લુછતાં કહ્યું. "મારા દિલને કેદી કરી જેમ ચાહે તેમ વાલવા આય કાગજ લખનાર મુખ્તિયાર છે."

"ત્યારે શું આપનું હૃદય કોઇએ માગી લીધું છે?" કોમરાસ્કીએ પૂછ્યું.

"જી નહી, બલ્કે છીનવી લીધુંચ;" માણેકજીએ ઉત્તર આપ્યું; અને તેના પ્રમાણ તરીકે એક શેર કહી સંભળાવ્યો;–

"કૌન કહતા હય દિલ દિયા હમને?
છિન કર લે લિયા દિયા કિસ્ને?"

"ત્યારે મારા અને તમારા વિચારોમાં અંતર છે;" કોમરાસ્કીએ હૃદયની ગાંઠ ઉઘાડી. "હું તો એટલું જ સમજું છું કે, મનુષ્યને વિનાકારણ પ્રેમ નથી ઉદ્દભવતો. સ્ત્રી પુરુષને પ્રકૃતિએ એટલા માટે ઉત્પન્ન કર્યાં છે કે, તે મળીને સંતતિની ઉત્પત્તિ કરે અને તેમનું પોષણ કરે, તેમને ભણાવે ગણાવે, વેપાર રોજગાર શીખડાવે, હુન્નર કળામાં કુશળ કરે અને પોતાને સ્થાને તે લોકોને મૂકીને મરણ શરણ થાય. એટલા માટે પ્રત્યેક સ્ત્રી પુરુષે લગ્નની ગાંઠથી ગંઠા-વાની આવશ્યકતા છે. આશક માશુકના ઝગડા તો એક પ્રકારની ગેલછા છે.

"મારો વિચાર પણ લગ્ન કરવાનો જ છે. જો કોઈ હિન્દુસ્તાની માણસ મારા યોગ્ય મળે, તો આજે જ તેના સાથે પરણવા હું તૈયાર છું. હિન્દુસ્તાનમાં જ રહેવું, મહાત્મા સિદ્ધાર્થ ગૌતમ બુદ્ધની પવિત્ર જન્મભૂમિમાં જીવન ગાળવું, તેમના નામનો જ જપ કરવો, ત્યાંની માટી માથે ચઢાવવી ઇત્યાદિ મારા વિચારો સાંભળીને ઘણાં માણસો હસે છે, મને ઘેલી ગણે છે અને મારી મશ્કરી કરે છે; પણ હું કોઇની જરાય પરવા કરતી નથી."

"અંહહ!–ત્યારે એમ કહોને–" માણેકજીએ હાથપર હાથ મારીને હસતાં હસતાં કહ્યું; "કે તમેબી ઇશ્કના મુરીદ છેઓ. ખોદાય તમારી ઉમ્મીદ બર લાવે."

"પાંચ પાંચ વર્ષથી હું એ ધૂનમાં છું;" કોમરાસ્કીએ ચિંતિત વદને કહ્યું; "પણ હજી સૂધી મારી આશા મનમાં ને મનમાં જ રમ્યા કરે છે."

એ પછી કોમરાસ્કીએ પોતાની દાળ ગળતી ન જોઇ, આડી અવળી વાતો કાઢી, રજા લીધી અને પોતાના ઘર તરફ ચાલતી થઇ. બાપડી મનમાં જ પરણી-પષ્ટી અને મનમાં જ રાંડી. જેને તેણે બુદ્ધિષ્ટ બનાવી પતિ કરવો ધાર્યો હતો, તે તો બીજીનો આશક નીકળ્યો! એટલે વળી ધૈર્ય ધરી બીજા કોઈ મુઆ જીવતાની વાટ જોવાનું ગરીબડીને માથે આવી પડ્યું. શું કરે? ઇશ્ક બુરી બલા છે.

માણેકજી તો કોમરાસ્કીના જવા પાછી વિચારમાં જ પડી ગયો કે; "એ શું બબડી ગઇ? જાપાની સ્ત્રી અને હિન્દુસ્તાની પુરુષ સાથે લગ્નની અભિલાષા!" પ્રથમ તો તેણે ધાર્યું કે; "જો એ બીજીવાર આવે, તો એના એવા ગાંડા ઘેલા વિચાર માટે એને કાંઈક કહેવું." પણ પછીથી તે વાત વિસારે પડી ગઇ. ત્યાર પછી બીજે દિવસે મેલ જવાનો હોવાથી તે પોતાની પ્રિયાપર પત્ર લખવા બેઠો. સાંજે થવા પછી, તે જરપર આ બીજું પત્ર લખતો હતો. હજી એને ઉપડવામાં એકાદ અઠવાડિયાની વાર હતી, અને એના મનને એકેક પળ કલ્પ સમાન ભાસતી હતી, એટલે "વસ્લ નહીં હસરતહી સહી," એ પ્રમાણે તે કાગળ લખીનેજ મનને ધૈર્ય આપતો હતો.

થોડા દિવસમાં હેન્ડબિલ બહાર પડયાં કે–"ઓટો નામના વ્યાપારીનું દીવાળું નિકળ્યું છે અને તેની દુકાનનો સરસામાન અમુક દિવસે લીલામથી વેચાશે." એપરથી એક વર્તમાનપત્રવાળાએ પ્રકટ કર્યું કે, "તે લીલામમાં દેશ દેશના વ્યાપારીઓના એજન્ટો આવશે." વળી ગામમાં એવી પણ અફવા ઉડેલી હતી કે, "પંજાબ, મદ્રાસ, બંગાલ આદિ ભારતવર્ષનાં જૂદાં જૂદાં સ્થાનોમાંથી પણ લોકો આવવાના છે." આ સમાચારોથી કોમરાસ્કીનું મન તલપાપડ થઈ રહ્યું. કારણ

કે, તેણે જ્યોતિષ જોઇને નિશ્ચય કર્યો હતો કે, આવનાર ત્રણ ચાર પરદેશી પરોણાઓમાંથી કોઈ ને કોઈ તેની આશાનો ખોળો સફળતાનાં પુષ્પથી ભરશે જ."

અંતે તે દિવસ પણ આવી પહોંચ્યો. હિન્દુસ્તાનથી ઉપડેલા ત્રણ જણ જાપાનમાં ઉતર્યા. જાપાની પુતળી કોમરાસ્કીએ તેમનાં ઠેકાણાં મેળવ્યાં અને હાથમાં દીવો લઈ વરની ખોળ કરવા નીકળી! માર્ગમાં એક સરખી સમાની સાહેલી મળી અને તેણે કાળા વરને શોધતી પીળી સ્ત્રીને એક બે મેણાં માર્યાં. એના ઉત્તરમાં કોમરાસ્કીએ નીચે પ્રમાણે લીટીઓ કહી;–

"પ્રેમને કાળા ગોરા સાથે કશું લાગતું વળતું નથી. જો:-

દિલ દેખિયે ઔર જુલ્ફે *સુવયદાકો દેખિયે;
ગુલ દેખિયે ઔર બુલ્બુલે શયદાકો દેખિયે;
મજનુકો ઔર સૂરતે લયલાકો દેખિયે;
રાધાકો ઔર કૃષ્ણ કન્હૈયાકો દેખિયે."

મશ્કરી કરનાર સાહેલીથી એનો કશો પણ જવાબ વાળી શકાયો નહિ અને તેથી મૌન્ય ધારણ કરીને પોતાને માર્ગે ચાલી ગઈ.

સાહેલીનું મોઢું બંધ થઈ જવાથી કોમરાસ્કીના મનમાં બમણો ઉત્સાહ થયો–અને તે ઉત્સાહના બળથી પોતાની ઇચ્છા પૂર્ણ કરવાનો નિશ્ચય કરીને પોતાના સ્વીકારેલા માર્ગમાં વિચરતી આગળ વધી.

પ્રકરણ ૩૦ મું

વરની ખોળાખોળ

હિન્દુસ્તાનમાંથી જાપાન આવેલાઓમાં આપણો એમ. એ. બહાદુર પણ હતો. બીજો એક મદ્રાસી હિંદુ–ઇસામસીહના સંપ્રદાયપર મરી ફીટી, વગર મહેનતે મુક્તિ મેળવવાનો હકદાર થવા ક્રિશ્ચિયન થઈ ગયો હતો અને તે મદ્રાસના એક વ્યાપારી તરફથી આવ્યો હતો. ત્રીજો એક કચ્છી મેમણ–મુંબઇની એક ધીખતી પેઢી તરફથી આવેલો હતો. માણેકચંદે એક હોટલમાં ઉતારો કરી, ઝટપટ પોતાનો સરસામાન ગોઠવવા માંડયો; કારણ કે, તેને ડાકટર માણેકજી પાસે જવું હતું.

---

* કાળી.

આપણે ગત પ્રકરણમાં જોઇ આવ્યા પ્રમાણે, વરની શોધખોળમાં નીકળેલી કોમરાસ્કી, ભટકતી ભટકતી એક હોટલમાં આવી લાગી. હોટલના મેનેજરે તેને મુંબઇથી આવેલા કાસમભાઈ નામના મેમણ પાસે મોકલી આપી. કોમરાસ્કીએ પોતાના નામનો કાર્ડ મોકલ્યો. પરદેશી માણસ ઇન્કાર કેમ કરી શકે? અર્થાત્ લાયકીવાળા કાસમભાઇએ દરવાજા સુધી ઇકસ્તબાલ આવી, કોમરાસ્કીને પોતાના ઓરડામાં પધરાવી. શરિસ્તાની અલેકસલેક પછી કોમરાસ્કીએ હીરાની વીંટીઓ ચમકાવી અને ગજવામાંથી સેન્ટથી ભીંજવેલો રૂમાલ બહાર ખેંચી કાઢયો. આખા રૂમમાં સુગંધ પ્રસરી ગઈ અને તે કહેવા લાગી કે, "મારા આવવાથી આપને અડચણ તો પડી નથીને?"

"આપનો એક એક પગલો મારી આંખોપર!" કાસમભાઇએ હસતે મોઢે નમીને કહ્યું.

"આપ ક્યાંના રહીશ છો?" કોમરાસ્કીએ ધીમેથી પૂછયું.

"મારો અસલ ગોમ તો માંડવી બંદર છે, પણ હાલ તો મારો રેઠાણ મુંબઇમાં છે;" કાસમભાઇએ ઉત્તર આપ્યું.

"મારા મનમાં હિન્દુસ્તાનીઓને મળવાની સદા અભિલાષા રહે છે;" કોમરાસ્કીએ નાજુકડી ગર્દન, મોર પેઠે હલાવતાં કહ્યું–"જે કોઈ પણ હિંદી અહીં આવે છે, તેને હું અવશ્ય મળું છું અને ત્યાંની રીતભાતની વાતો પૂછીને આનંદ મેળવું છું. આપને અત્યારે કાંઈ અગત્યનું કામ તો નથી ને?"

"જી કંઇ નહીં!" કાસમભાઇએ કોમરાસ્કીની તર્રાર જબાનથી અંજાઈ જતાં જવાબ આપ્યો.

"ત્યારે કૃપા કરી મને જણાવશો કે, હિન્દુસ્તાનમાં કયા કયા ધર્મો પ્રચલિત છે?" કોમરાસ્કીએ મતલબપર આવતાં પૂછયું.

"મને ધર્મ સંબંધી બાબતોનો વધારે ગિનાન નથી. માત્ર એટલો જાણું છું કે, હિન્દુ, મુસલમાન, પારસી ને ખીરસ્તાન–તેમ જ છૂટા છવાયા યાહુદીઓ પણ મુંબઇમાં રહે છે ખરા. એમ તો ચીનાઓ અને જાપાનીઓ પણ તિયાં વસે છે," કાસમભાઇએ કહ્યું.

"હિન્દુ ધર્મ માટે તમારો શો અભિપ્રાય છે?" કોમરાસ્કીએ અત્યંત ઉત્કંઠાથી પૂછયું.

"બુતપરસ્તો છે!" કાસમભાઇએ પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો. "જાત-

જાતના દેવી દેવતાઓની પૂજા કરે છે. એ લોકોને કોઇ પયગમબરજ નથી. કોઇનો અડકેલો ખાનો ખાય નહીં. એથી વધારે હું જાણુતો નથી."

"ને ક્રિશ્ચિયન મત માટે?" કોમરાસ્કીએ વાત લંબાવતાં પૂછ્યું.

"એમના બી મહજબનો કોઈ ઠેકાણો નથી;" કાસમભાઇએ કહ્યું. "અમે લોકો ભીમસિંહને પેગંબર તરીકે માનીએચ; પણ એ લોકો તો તેને ખુદાનો બેટો બતાડે છે. પાદરીઓ અને પાદરણો જગે જગે વાજ કરે છે અને તેમણે હજારો હિન્દુ મુસલમાનોને જાતજાતની લાલચોથી લોભાવીને વટલાવી નાંખ્યા છે. પોતાના ધરમમાં બીજાને ખેંચી લેવાનો તે લોકોનો ચાલુ હથિયાર મદદગીઓ છે-તમારે તાંભી એ લોકોએ પગપેસારો જરૂર કીધો હશે!"

"હાજી;" કોમરાસ્કીએ વાતમાં રસ લેતાં કહ્યું. "અહીં પણ તેઓ ફાંફાં તો બહુએ મારે છે, છતાં જાણવાજોગ સફળતા મેળવી શકયા નથી."

"હમારે તાંભી એમ જ છે;" કાસમભાઇએ કોમરાસ્કીના મતને મળતા થઇને કહ્યું. "ઢેડીઆ ચમારીઆને અને ભુખે મરતાં ગરીબોને વટલાવવામાં તેઓ ફાવી જાય છે, બાકી મજહબની ખુબી સમઝાવીને તો પાંચ પચાસ માણસ બી તેઓએ વટલાવ્યા હોય તેમ થયો નથી."

"આપના ધર્મના શા શા સિદ્ધાન્તો છે વારુ? જો આપને અડચણ ન ન હોય, તો મને સમઝાવો;" ધર્મ-ઉન્માદિની કોમરાસ્કીએ પાછો ધર્મ વિષે પ્રશ્ન પૂછયો.

"હમારામાં બે ફિર્કો છે; એક સુન્નત જમાત અને એક શિયા જમાત. વળી હમણાં નેચરીયાઓ પણ ઘણા થયા છે. પણ મોટે ભાગે આટલી બાબતો તો બધા માને છે:—એક *અલ્લાહ વાહીદ છે, બીજું હજરત મહમદ આલેસલામ તેના રસુલ છે, ત્રીજું કયામતપર યકીન રાખવું, ચોથું દોજખ બિહિશત માનવાં અને પાંચમું કુરાન મજીદને †કલામે ઇલાહી માનવો અને તેમાં લખેલી આયાતો મુજબ ચાલવું."

"ત્યારે બૌદ્ધ ધર્મ વિષે આપે કાંઈ સાંભળ્યું નથી?" કોમરાસ્કી ચતુરાઇથી પોતાના મતલબની જાળમાં કાસમભાઇને ફસાવવાના હેતુથી પૂછવા લાગી.

"જી—એટલો સાંભળ્યો જે કે, બૌદ્ધ કોઈ મોટો માણસ થઈ ગયો છે અને તમારા દેશમાં તેનો મજહબ વધારે ચાલે છે;" કાસમભાઇએ કહ્યું.

---

* પરમેશ્વર એક અને અદ્વિતીય છે. † ઈશ્વરવાક્ય.

"બહુ જાણવા લાયક ધર્મ છે;" કોમરાસ્કીએ દાણા નાંખવા માંડ્યા. "હું નથી ધારતી કે, એવો સરળ, નિષ્પક્ષપાત અને સાચો ધર્મ બીજો કોઈ હોય! દરેક માણસ અને દરેક જાતિ એ ધર્મ સ્વીકારી શકે છે. યુરોપીયનોએ એકી અવાજે બૌદ્ધ ધર્મને વખાણ્યો છે અને સાયન્સવાળાઓ તો ખુલ્લેખુલ્લા તેના ચેલા થઇ ગયા છે."

"એ મજહબના * ઉસૂલો શું શું છે?" કાસમભાઇએ ઉત્કંઠાથી પૂછયું. "જો તકલીફ ન થાય, તો મહેરબાનીની રાહે સમઝાવો."

"હું કાલે આપને એક ચોપડી મોકલીશ;" કોમરાસ્કીએ કહ્યું. "તે જરૂર વાંચજો. અમેરિકાના એક મોટા પ્રોફેસરે એ ચોપડી લખેલી છે. એનું નામ પાલકેસ છે. ઉપર ઉપરનો વિષય હું આપને સમજાવું છું. બુદ્ધ ઈશ્વર અથવા ખુદા સંબંધી અજાણપણું બતાવે છે; સ્વર્ગ અને નરક અથવા જેને બિહિશત અને દોજખના નામથી ઓળખવામાં આવે છે, તેનો અને કયામત આદિનો તે માનનાર નહોતો. બુદ્ધદેવે ધર્મનો પાયો સર્વની સમાનતા અને ભ્રાતૃભાવ ઉપર રચેલો છે. કરણીનાં ફળ અવશ્ય ચાખવાં જ પડે છે–અને તે ફક્ત કરનારને જ નહિ, પણ તેનાં સંબંધીઓ, તેનાં ઓળખીતાં, કિંબહુના તેના સમસ્ત દેશને બુદ્ધદેવ, ચમત્કાર કે જેને તમારામાં મોજજા કહે છે, તેને સર્વથા માનતા નહોતા. પ્રાણી ઉપર દયા અને ન્યાય તથા ભ્રાતૃભાવના પોતે બહુ જ પક્ષપાતી હતા, સમસ્ત સંસારને તે સર્વથા દુઃખરૂપ માનતા હતા અને જાતિભેદને તે અંતઃકરણપૂર્વક ધિક્કારતા-તિરસ્કારતા હતા."

"તૌબા-તૌબા-લાહૌલવલા!" કાસમભાઇએ મિજાજ ખોઈ દીધો. "એમ કહોનાં કે તે દેહરિયો કાફર હતો. ખુદાની હસ્તીપર શક? દોજખ બિહિશતનો ઇન્કાર? કયામતની મુન્કિર? શુ! શુ!! શુ!!! અમારા ઇસ્લામીઓની વસ્તીમાં જો એવો ઇન્સાન આવે તો તેને તિરંદાજીથી ખુદાનો કાયલ કરવામાં આવે."

"બનવા જોગ છે;" કોમરાસ્કીએ રંગ ફેરવાએલો જોઇને વાત ઉડાવવા માંડી. "ફરીથી મળીશું; હાલ તો સલામ."

નિરાશ થયેલી જાપાની સ્ત્રી બીજા હોટલ ભણી ગઇ. એણે તો આજ બસ એમ જ ધારી લીધું હતું કે:–

---

* સામાન્ય સિદ્ધાંતો.

"યા તો સર દેતે હયઁ યા લેતે હયૈ દિલ્બર અપના;
આજ ઝગડા હી ચુકા લેતે હયઁ ચલકર અપના."

મદ્રાસી અંકૈયાને મળી, પોતાની રાબેતાની રીતિ પ્રમાણે તેણે બસ તેજ ધર્મનો ઝગડો આગળ ચલાવ્યો. મદ્રાસીભાઇએ બધા ધર્મોથી ઊંચો અને ખરો ધર્મ ક્રિશ્ચિયનોનો બતાવ્યો. હિંદુ, મુસલમાન, પારસી અને યહુદી, બલ્કે સમસ્ત જગતના ધર્મો એટલા માટે નીચા બતાવ્યા કે, તેમના ભગવાનનો કોઇ પુત્ર જ નથી; અને ઇસા તો પરમેશ્વરના પેટનો પુત્ર છે અને તેના સંપ્રદાયને માનનારા વિના પરિશ્રમે મુક્તિ મેળવે છે. આવા આવા દુરાગ્રહથી કંટાળીને કોમરાસ્કીએ તે મદ્રાસીને એક પ્રશ્ન કર્યો.

"ખોટું ન લગાડશો, મહાશય!" કોમરાસ્કીએ નમ્રતાથી કહ્યું. "તમારો ઇસા ભગવાનનો સપુત પુત્ર છે કે કપુત?"

"સપુત છે;" અંકૈયાએ અભિમાનપૂર્વક ઉત્તર આપ્યું.

"ત્યારે જો તે સપુત છે, તો બાપની બનાવેલી સૃષ્ટિમાં તેણે કઇ કઇ વસ્તુનો વધારો કર્યો છે અને કપુત છે તો કઇ કઇ વસ્તુ ગિરવી મૂકી વારુ?"

અંકૈયાથી એ વિચિત્ર પ્રશ્નનું ઉત્તર આપી શકાયું નહિ અને તેને અંધ, દુરાગ્રહી તથા મૂર્ખ માનીને કોમરાસ્કીએ ધર્મચર્ચાની સમાપ્તિ કરી.

"કોઈ અન્ય ગૃહસ્થ પણ આપ સાથે ઊતર્યા છેની વારુ?" કોમરાસ્કીએ લગભગ હતાશ થઇને પૂછ્યું.

"હા;" અંકૈયો બોલ્યો. "એક પંજાબના પારસી વેપારીનો એજંટ આવ્યો છે ખરો, તે પેલા સામેના હોટલમાં છે; પણ કદાચ જ મળશે, કેમકે તે અહીં એક માંદા પડેલા પારસીને મળવા માટે બહુ જ આતુર હતો અને કહેતો હતો કે, સર્વથી પ્રથમ એ કાર્ય બજાવીને પછી જ હું અન્ન ખાઇશ."

અધીરી કોમરાસ્કી કે જે હોટલ હાટડીઓમાંથી હિંદીવર વહોરવા નીકળી હતી તે-સીધી ત્યાં ગઈ. માણેકચંદનો મેલાપ ન થયો, એટલે તે પાંસરી હોસ્પીટલ ભણી વળી. ત્યાં જઈ પોતાનો કાર્ડ મોકલ્યો અને માણેકચંદજીએ લાચારીએ આવવાની પરવાનગી આપી. તે સાહેબ સલામ કરી બેઠી. પ્રથમ જ માણેકચંદને જોતાં તેના હૃદયમાંથી એક અદ્વિતીય ભાવ પસાર થઈ ગયો. એ ભાવ શો હતો, એ તે પોતે પણ સમજી શકી નહિ. માણેકજીએ કોમરાસ્કી સાથે માણેકચંદની ઓળખાણ કરાવી. એક શૂરવીર જાતિના, સભ્ય, સાક્ષર અને રૂપાળા માણસ સાથે ઓળખાણ કરાવવા માટે નમીને માણેકચંદે ઉપકાર માન્યો અને કોમરાસ્કીએ

પણ તેવોજ ભાવ પ્રકટ કર્યો. કાશ્મીરની સેલગાહ અને દરિયાની સફરથી માણેકચંદનું શરીર બહુ જ સુધર્યું હતું. એ યોગ્ય ભરથારને કોઈ પણ રીતે મેળવવો, એવો દૃઢ સંકલ્પ કરીને હોટલમાં મળવાનો વાયદો અને સમય લઇ, તે ઉતાવળી બાવરી ઉઠી. માર્ગમાં ચાલતાં નીચેની બે લીટીઓ વારંવાર તેના મુખમાંથી નિકળતી સંભળાતી હતી;–

"ઇશ્ક કહતે આયે હયેં શાયદ ઇસી ખંજરકા નામ;
આજ પહલી બાર હય દિલ જિસ્સે ઘાઇલ હો ગયા."

પ્રકરણ ૩૧ મું

પ્યારીનો પયગામ

"હાં, ત્યારે તમેબી તે લોકોની સાથે કેશ્મીર ગિયાતા કે?" કોમરાસ્કીના જવા પછી માણેકજીએ અધુરી રહેલી વાત છેડી.

"હાજી," માણેકચંદે નમ્રતાથી કહ્યું. "ડાકટર વાચ્છાએ, શેઠ એદલજી પાસેથી થોડા દહાડાને માટે મારી નોકરી માગી લીધી હતી, અને શેઠે મને તેમના સાથે જવાની આજ્ઞા કરી હતી."

"ત્હાંનાં હવાપાણી કેવાં છે? જર ત્હાં ખુશખુશાલ છેની?" માણેકજીએ અધીરાઇથી પૂછ્યું.

"કેશ્મીરનાં હવાપાણીનું પૂછવું જ શું?" માણેકચંદે કહ્યું. "ભૂમિમાં સ્વર્ગ જેવું હોય, તો તે માત્ર કેશ્મીરનો જ પ્રદેશ છે. લાહોરની ગરમ લુની દાઝેલી જરબાનો ત્યાંની ઠંડી હવાથી ગુલાબની કળી સમાન ખીલી છે. શરીરને તો અલબત બહુ જ લાભ થયો છે, પણ હૃદયની કળી મુઝાયલી જ રહ્યા કરે છે. નિરંતર ઉદાસ રહેવું અને ઘેલા માણસ પેઠે ન્યુસપેપરોની વાટ જોયા કરવી, એ જ તેમનું કામ હતું. હું હમેશાં જરબાનોની સ્થિતિ માટે ગુંચવાયા કરતો હતો, પણ જ્યારે ખરા ભેદથી જાણીતો થયો, ત્યારે જ તેમની ઉદાસી અને ચિંતાનું કારણ મારા સમજવામાં આવ્યું."

"ખુદા સૌ સારું કરશે!" માણેકજીએ એક આહ નાંખી કહ્યું. "કાગજ તો મેં વાંચી લીધુંચ,–પન વરી વાંચસ, ને તેમાં તમારી મદદની અગત નહીં પરે. પન આય વ્યુજ મને સમજાવો કે, કેશ્મીરનાં કિયાં કિયાં ઠેકાનાં છે?"

માણેકચંદે તે બધા દેખાવોનું વિસ્તારથી વર્ણન કર્યું. તેની વર્ણનશૈલી એટલી બધી રસીલી હતી કે, માણેકજીએ એકેક વાત બબ્બે ચારચારવાર ઉલ્ટાવી ઉલ્ટાવીને પૂછી. કેશ્મીરનો વૃત્તાંત સાંભળીને તે એટલો બધો આનંદિત થયો કે, જાણે ત્યાં જર પાસે જ બેઠો હોયની, એવો તેને ભ્રમ થઈ ગયો.

"વેલ માનેકચંદ!" માણેકજી હસતે મોઢે બોલ્યો. એ વેળાએ એનાં ભવાં વળ ખાઈ એકમેકને ચુંબન કરવા મંડ્યાં હતાં અને નીચેનો હોઠ નમીને કાંઇક વિલક્ષણ સૌન્દર્ય વધારવા માંડ્યો હતો. માણેકચંદ જાણે આરસીમાં પોતાને હસતો જોતો હોય, તેમ તેના સ્હામો એકી ટગરે જોતો બેસી રહ્યો. "તમે એક ઉમદા લેકચરર કે પોપટ લાગોચ. તમારી વાતોથી મને બહુ રાહત મલી; પણ હલ્લું એમ પૂછું, મ્હારે વિષે જરે તમુને શું શું કહ્યું?"

"જી-એટલું જ કે, તમારાં બન્નેનાં લગ્ન થવાનો સંભવ હતો, અને તે જ અરસામાં આપની હાંગકાંગ ખાતે બદલી થઈ;" માણેકચન્દે કહ્યું.

"તમે એન્જ્યુકેટેડ મેન છેવ," માણેકજીએ વિચાર કરતાં ભમ્મરનો ચિલ્લો ઉંચો ચઢાવીને પૂછ્યું. "ડાકટર વાચ્છા કે એદલજી શેઠને કંઈ અમારી મહોબત વિશે શક પડ્યો હોય, એમ તમે ધારી શકોચ?"

"હું હિમ્મતથી કહું છું કે, તેવું કાંઈ પણ બન્યું નથી;" માણેકચન્દ બોલ્યો. "જરબાનો એક સુઘડ, શ્યાણી અને વિચારવંત અબળા છે. તે પોતાના પ્યારને એવી સફાઇથી દબાવી શકી છે કે, તેના મનની વાત દેવો પણ જાણી શકે નહિ. જો કે સ્ટીમર એપોલો માટેની તેમની પ્રતિપળની પરપુછ એવી હતી કે, મને તો તેથી કાંઇક શંકા થતી હતી; પણ ઓલિયા જેવા ભોળા શેઠ એદલજી કે પોતાની રસાયનવિદ્યાના નાદમાં ગુંથાયલા ડાકટર વાચ્છાને એની જરા જેટલી પણ સમજણ પડી હોય, એમ મારું ધારવું તો નથી જ. જરબાનોએ મને પણ છેક છેલ્લે દિવસે જ આ રહસ્યથી જાણીતો કર્યો અને તેમાં પણ સો સોવાર ગુપ્ત રાખવાની પ્રતિજ્ઞાઓ લેવરાવી?"

"કેશ્મીરમાં તે લોક કહાંવેર રહેશે?" કાંઇક વિચિત્ર ઉત્કંઠાથી માણેકજીએ પૂછ્યું.

"કદાચ મહિનો!" માણેકચંદે વિચાર કરીને ઉત્તર આપ્યું. "કારણ કે, જ્યારથી આપના સમાચાર સાંભળ્યા છે, ત્યારથી જરબાનોનું ચિત્ત કેશ્મીરથી અકળાઈ ગયું છે. અનેકવાર હું હતો ત્યારે તેમણે ડાકટરને લાહોર પાછા ચાલવા

વિનવ્યા હતા, પણ તેઓ તો વનસ્પતિઓના શોધમાં એટલા બધા લીન થયા છે કે, હજી પણ કદાચિત્ થોડા દિવસ ત્યાં જ ગાળશે.”

એ પછી બીજી થોડી ઘણી વાતચિત કરીને બીજે દિવસે પાછો મળવાનો વાયદો કરી માણેકચંદ હોટલ ભણી ચાલતો થયો. કોમરાસ્કીની વિદ્વત્તા વિશેની થોડી ઘણી વાત તો તે માણેકજીના મુખથી સાંભળી ચુકયો હતો, અને એવી એક વિદુષી સ્ત્રીના મેલાપથી કાંઇક લાભ જ થશે, એવા વિચાર અને ધારણામાં રમતો તે પોતાને સ્થાને પહોંચ્યો.

પ્રકરણ ૩૨ મું

પરણેલો હશે તો?

માણેકચંદને હોટલમાં પહોંચ્યાને અર્ધોએક કલાક થયો હશે, કે એક બોયે આવી સલામ કરી, એક કાર્ડ તેના હાથમાં આપ્યો. “આવવા ઘો,” કહીને માણેકચંદ બારણા આગળ ગયો અને એકાદ મીનીટમાં એક સાડા ત્રણ વેંતની પૂતળી બારણાનો પડદો ફાડી ઓરડાના સ્ટેજપર નાટકનો પાર્ટ ભજવવાની અદાથી આવીને ઉભી રહી. ગટમેની (ગુડ મોરનિંગ) અને હાથ મેળવણાં થઈ રહેતાં જ, બન્ને જાણ ધબાધબ સામાસામી કુર્સીપર બેઠાં.

“મેં આવીને આપના કામમાં જો કાંઈ હરકત નાંખી હોય, તો હું ચાલી જાઉં;” કોમરાસ્કીએ મનભાય મૂંડી હિલાયવાળા ચાલા કરતાં કહ્યું. હીરાનો હાર ખૂંચતો હોય, તેમ મુખ કરી ઠીક કરતાં તેણે માણેકચન્દનું ધ્યાન ખેંચ્યું.

“અત્યારે મને કશું પણ કામ નથી;” માણેકચન્દે હસતાં હસતાં ઉત્તર આપ્યું. “અત્યારે તો સર્વથા નવરા જેવો જ છું.”

“આપ પોતે પોતા માટે અથવા બીજા કોઈ માટે કદાચિત્ નકામાં હશો;” કોમરાસ્કીએ ચાટુડીઓ જેવા હાથ ચપાચપ આડા અવળા ફેરવતાં, વાતના મંગલાચરણનો પ્રારંભ કરવા માંડયો. “પણ મને તો આપ બહુ જ કામના દેખાઓ છો. આર્યાવર્ત્ત જોવાની મારા મનમાં બહુ જ ઉત્કંઠા છે. માટે આપના જેવા એક વિદ્વાન્ માર્ગદર્શકની મને તો અત્યંત આવશ્યકતા છે. આપનો નિવાસ ભારતવર્ષના કયા ને કેવા સ્થાનમાં છે?”

“ફળદ્રૂપ પંજાબમાંના હોશિયારપુર જિલ્લા તાબે આવેલા આમોટા નામના ગ્રામનો હું નિવાસી છું;” માણેકચંદે મહાવરાથી ભરેલી અંગ્રેજી ભાષાથી, જાપાની

પૂતળીને આંજી નાંખતાં કહ્યું. "મારી જાતિ રાજપૂત છે કે-જે જાતિ એક કાળમાં ભૂમંડળમાં તલવારનું પાણી રાખનાર અદ્વિતીય જાતિ તરીકે પ્રસિદ્ધિમાં આવી ચૂકી છે. મારા દુર્બળ દેહને જોઇને કદાચિત્ આપ મનમાં હસશો, કે અમારી જાતિએ તે વળી શી છાણમાં તલવાર મારી હશે! પણ ના—મને તમે રાજપૂતના પગની રજ પણ ગણશો નહિ; કારણ કે, લેખણની તલવાર ફેરવવા જતાં હું ચૂસાઈ ગયેલો છું."

"ત્યારે હાલમાં શસ્ત્રકળામાં પ્રશંસાને પાત્ર હોય, એવી કોઇ જાતિ ભારતવર્ષમાં અસ્તિત્વ ધરાવતી જ નથી કે શું?" કોમરાસ્કીએ સવાલ કર્યો.

"છટ, છટ!" માણેકચંદે જવાબ આપવા માંડચો. "ભારતવર્ષની ભૂમિ એમ કાંઈ સર્વથા વંધ્યા તો નથી જ થઇ. મરાઠા, ગુરખા અને સિખ્ખ લોકો ભલભલા વીરોનાં શસ્ત્ર છોડવે તેવા છે. પણ સિખ્ખ લોકો જરા દેશભક્ત કરતાં અન્નભક્ત વિશેષ હોવાથી, પલટનમાં ભરતી કરીને તાબેદારીમાં રહે છે. મૂર્ખતાનો અંશ એ જાતિમાં વિશેષ છે, અને તેનું કારણ એ છે કે, એઓ લાંબા બહુ હોય છે. વિદ્વાનોનો એ વિષે એવો અભિપ્રાય છે કે, "કુલ્લતવીલુન અહમકુન"—"શિર બડા સો સકર્મિ ને પાઉં બડા સો અકર્મિ!" અને "ટોલેસ્ટ ધિ ફૂલેસ્ટ"—"બોત લંબા સો બેવકૂફ" તેમ જ ગોરખાઓ પણ અભણ, ગંવાર અને જડબુદ્ધિના છે. અર્થાત્ જ્યાં વિદ્યાનો જ પૂર્ણ અભાવ હોય, ત્યાં દેશભક્તિ અને દેશોન્નતિના વિચાર મસ્તિષ્કમાં આવે જ કયાંથી? એ સર્વે હબશી ગુલામો જેવા ગવર્નમેન્ટના જરખરીદ દાસો છે! માત્ર મરાઠા બન્ને રીતે સારા છે. જેવા તેઓ વિદ્યાકળામાં નિપુણ છે, તેવા જ તેઓ શસ્ત્ર ધારવામાં પણ ઉત્સાહી અને શૂરવીર છે. દેશોન્નતિની અભિલાષા, દેશનું ગૌરવ જાળવવાની ઉત્કંઠા, સાહસ, દૃઢતા અને પાણી—ઇત્યાદિને એકલી એ જાતિએ જ જાળવી રાખી છે. પરંતુ ખેદનો વિષય છે કે, એમનાં હથિયાર ઝુટવી લઇને અમારી સરકારે પ્રજાને સર્વથા બાયલી બનાવી દીધી છે. તોપો, બંદૂકોએ, હીચકારી લડાઇઓની ઉન્નતિ કીધી છે; અને બાહુબળથી, સામી છાતીએ યુદ્ધ કરવાની રીતિની, સામે પગલે રણસંગ્રામમાં રહી લડવાની વીરતાની અવનતિ કરી નાંખેલી છે. છતાં જ્યાં જ્યાં ઐયાશી ગોરાઓની પલટનોએ નામ ડુબાવ્યું છે, ત્યાં ત્યાં અમારી દેશી પલટનોએ વિજય વાવટો ચઢાવીને આર્યોની મુછના વાળ ઉંચા રાખ્યા છે. અમારી જાતિની વસ્તીનું પ્રમાણ દિવસે દિવસે ન્યૂન થતું જાય છે અને શસ્ત્ર અસ્ત્રના અભાવથી સાહસ તથા વીરતાનો પણ લોપ થતો આવ્યો છે. કેશ્મીરી અને બંગાળી લોકો પણ

પ્રશંસાને પાત્ર છે, પણ માત્ર જીભ અને લેખણની તલવાર ચલાવવામાં જ. એ લોકોનાં ભેજાં સારું બળ ધરાવનારાં છે. સ્વદેશાભિમાનમાં હાલમાં બંગાળીઓ અદ્વિતીય કહેવાય છે. એક પારસી જાતિ પણ અમારા દેશમાં જાણવા જોગી સાહસી છે. વ્યાપારમાં તેમજ રાજરજવાડામાં પગપેસારો કરવામાં એ લોકો બહુ જ ચતુર છે."

"આપની શરીર સ્થિતિને જોતાં આપનું ભેજું વધારે બળવાન્ દેખાય છે;" હીરાની વીંટીઓથી ભરેલી આંગળીઓ ગાલપર મૂકી આશ્ચર્યયુક્ત મુદ્રાથી, કાષ્ઠ પ્રતિમા કોમશસ્કી, ભુવિભાગને કંપિત કરતી બોલી. "વર્ણનશૈલી અને અભિપ્રાય એવાં તો ઉત્તમ છે કે, મારું મન આપને બોલતા જ જોવા ઇચ્છે છે."

"એ માત્ર આપનો અનુગ્રહ અને આપની અનુકંપા જ છે; હું તો સર્વથા અયોગ્ય મનુષ્ય છું;" માણેકચંદે સભ્યતાને અનુસરીને પોતાની નમ્રતાનું દર્શન કરાવતાં કહ્યું.

"મી૦ માણેકચંદ !" કોમરાસ્કીએ વાંકીટીકી થઇને હાવભાવ–નખરાં કરતાં પૂછ્યું. "તમારા દેશની કેળવણી શું એવી નબળી છે કે, જેથી દેશાભિમાનનો નાશ થઈ જાય છે? તમે ભણ્યા ગણ્યા છો, એ ભણવાને પ્રતાપે જ તમારી વર્ણનશૈલી તથા નિર્ણય કરવાની શક્તિ એટલી તો ઉદાર છે કે, તેનાં હું જેટલાં વખાણ કરું તેટલાં ઓછાં છે. પરંતુ તમારી શરીરસંપત્તિ જોઇને મને લાગે છે કે, તમે ભણવા ગણવાથી ઘણા જ કંટાળી ગયા છો. તમારા દેશમાં કેળવણી કેવી રીત અપાય છે?"

"બાઈ સાહેબ! મારા દેશની કેળવણી વિષે તમે વાત જ ન પૂછો. જીવતા માણસોને મરણ પથારીએ જલદી કેમ પહોંચાડવા, તેનું ખરેખરું સ્વરૂપ અમારા દેશની કેળવણી છે. અરે! એ કેળવણી નહિ પણ ખરેખરી બલા જ છે! અમારી કેળવણી એવી છે કે, અમારા દેશના અભિમાનને હૃદયમાંથી જડમૂળથી ઉખેડી નાંખે છે. અમારા કેટલાએક લોકો દેશાભિમાન દેશાભિમાન કુટયા કરે છે ખરા, પરંતુ ખરા દેશાભિમાનનો શાળામાં અને પાઠશાળામાં અપાતી કેળવણીએ નાશ કર્યો છે. વિદ્યાનો અભ્યાસ કરીને એમ. એ., બી. એ. ડાક્ટર અને ઇજનેર બનીએ છીએ, પણ રાજકાજમાં અને દેશના કાર્યભારમાં, બીલકુલ નાલાયક નિવડીએ, એવી કેળવણી આપવાથી વાસીમુડદા જેવી અમારા શરીરની હાલત થઈ પડે છે."

"એનું શું કારણ?" કોમરાસ્કીએ મોહભરી દૃષ્ટિ નાંખીને પૂછ્યું.

"કારણ તે વળી શું હોય?" માણેકચંદે નિઃસાસો નાંખતાં પ્રતિઉત્તર આપ્યો. "કારણ એ જ કે અમારી સરકારની ઇચ્છા! અમે પરાધીન! સરકારનો પોતાની પ્રજાના કલ્યાણનો સ્વાર્થ! અમારી સરકાર પરદેશી ને પરધર્મી સરકાર છે. તે દેશના હિતાહિતને માટે બહુ જ થોડી જ લાગણી ધરાવે છે. ભણીગણીને દેશના બચ્ચા પાવરધા થાય, દેશપ્રતિ ભક્તિ બતાવતાં શિખે, રાજકાજમાં લાયક થાય, અને પોતાના હક્ક સમજતા થાય, તે જોવાને અમારી સરકારના અધિકારીઓ જરાય રાજી નથી. અમારામાં દેશભક્તિ વધે અને તેથી કોઈ કાલે શસ્ત્રનો ઉપયોગ કરતા થઇએ અને કાળે વરસે સરકારની સામા, યુનાઇટેડસ્ટેટની પ્રજા પેઠે, હક્ક લેવાને લડત ચલાવીએ તેવા ભયથી, પહેલેથી અમને શસ્ત્રરહિત બનાવી દીધા છે. એટલેથી ન ધરાતાં, લાકડી સોટાથી પણ કોઈ દહાડો ધમાચકડી કરવાને તૈયાર થઇએ એવા વિચારથી–પાણી પહેલાં પાળ બાંધવાનો રસ્તો, અમારાપર રાજ્ય કરતા મહા પુરુષોએ, ગ્રહણ કર્યો છે. કેળવણીને નામે અમારી શરીરસંપત્તિનું સત્વ જેમ ઓછું થાય તેનો પ્રયત્ન પણ એવી તો ખૂબીથી આરંભ્યો છે કે, પચાસ પચીસ વર્ષ પછી અમારી ને આખા દેશની સ્થિતિ એવી થઈ જશે કે, અમને હથિયારો આપવામાં આવશે તો તેને ઉંચકવાને પણ અમારામાં શક્તિ રહેશે નહિ, તો પછી વાપરવાની વિદ્યા તો કયાંથી જ આવડશે? કામરાસ્કી બાઈ! પ્રારંભથી જ અમારી કેળવણીનું સ્વરૂપ નિર્બળ બનાવનારૂં છે. મંગળાચરણમાંથી જ બાળકોને બબ્બે ભાષાનું જ્ઞાન સંપાદન કરવાનું છેઃ એક અમારી દેશી ભાષા અને બીજી ઇંગ્રેજી. આ બન્ને ભાષાનું જ્ઞાન સંપાદન કરતાં ને પરીક્ષાઓનાં લફરાંઓમાંથી સાજાસમા પસાર થતાં, દેશનાં બાળકો નિર્બળ થઈ જાય છે, જુવાનીમાં જ હાંફતા ઝુંકતા થઈ જાય છે. કેટલાએક છાતીના દરદી બની જાય છે, સેંકડે નેવું વિદ્યાર્થીઓ ચસ્મેધબ બની જાય છે, તેઓમાં ચાર ગાઉ પણ ચાલવાની શક્તિ રહેતી નથી, તો નવા વિચાર કરવા, નવી કળાઓ શોધી કાઢવી, એવી શક્તિ તો આવે જ કયાંથી? વિદ્યાભ્યાસનો આખો ક્રમ પૂરો કરતાં લગભગ એકસો આઠ તો પરીક્ષાઓ આપવી પડે છે. પ્રત્યેક પરીક્ષા વખતે વિદ્યાર્થીને એટલી બધી મહેનત કરવી પડે છે કે, ઘણા વિદ્યાર્થીઓ પરીક્ષાના મંડપમાં મૂર્છાદેવીને વશ થઈ પડે છે; અને કેટલાએક પાસ થનારા, પરીક્ષાના પરિણામ જાણતાં અગાઉ જ પરલોકમાં પધારી જાય છે; અને આટલી બધી જેહેમતનું ફળ એ જ કે, સરકારી પંદર વીસ રૂપિયા સૂધીની નોકરી!! અમારા દેશમાં જ્યારે પરદેશીઓને સોનામાં પગાર આપવામાં આવે છે ત્યારે દેશના મૂળ વતનીઓને

રૂપાનો અને તાંબાનો પગાર આપવામાં આવે છે. આ સ્થિતિમાં સ્વદેશાભિમાનની વાતો કરવી, એ કેવળ મૂર્ખાઇ જ ગણાય. અનનનન તો તનનનન! કેળવણીનો પ્રકાર જુવો, રાજ્યવહીવટમાંથી બાતલ ને ભીખારીઓની ભીખપેરે પગાર આપવો! આવી સ્થિતિમાં કોઈ પણ દેશી, દેશહિતના વિચાર કેમ કરી શકે? જ્યારે બીજા દેશની પ્રજાની જુવાની ચાળીસ વર્ષે શરૂ થાય છે ત્યારે અમારા દેશનો ભણેલો ગણેલો ગ્રાજ્યુએટ, એ ઉમરે મૃત્યુનો ગ્રાસ થવાને તૈયાર થાય છે. અમારા દેશમાં બે સ્થિતિ છે: બાળપણ અને ઘડપણ! જુવાનીનું અમારા દેશમાં નામ જ નથી. આ અમારા દેશની કેળવણીનું ફળ-સ્વરૂપ, રાજાનો ઉપકાર-અમારું સ્વદેશાભિમાન-જે કહો તે!"

"ત્યારે તમારા દેશની પ્રજા એને માટે કંઈ ઉપાય કરતી નથી?" કોમરાસ્કીએ ખીસામાંથી સુગંધી રૂમાલ ખેંચતાં ખેંચતાં પ્રશ્ન કીધો. "તમારી સરકાર તો ઘણી જ ડાહી કહેવાય છે. અમારા દેશમાં ઈંગ્લાંડની પ્રજાના રીતિરીવાજ, કેળવણી, સૈન્યવ્યવસ્થા, રાજ્યવ્યવસ્થા વગેરેનું અનુકરણ કરવામાં આવ્યું છે-આ દેશના વિદ્વાન્ પુરુષો ઇંગ્રેજ પ્રજાને અને રાજ્યને સંપૂર્ણ ગણે છે. પણ તમારા કહેવા પ્રમાણે તો મી૦ માણેકચંદ!" કોમરાસ્કીએ આંખ મટમટાવતાં ને ગળાંમાંના હીરાના હારને સરખો કરતાં કહ્યું; "તમારી સરકાર બહુ જ સ્વાર્થી અને પરદેશી પ્રજાપર ઘણો જ જુલમ કરનારી ગણી શકાય, નહિ?"

"તમે ગમે તેમ માનો ને ગમે તે બોલો, મારા દેશના રાજકર્તાને હું જો જુલમગાર કહું તો ખરેખરો રાજદ્રોહી કહેવાઉં! મેં તો માત્ર તમારા પ્રશ્નનું ઉત્તર જ આપ્યું છે. અમારા દેશના રાજકર્તા પોતાના દેશમાં જે ધોરણે રાજ્ય કરે છે, જે ધોરણે કેળવણી આપે છે, જે ધોરણે વેપારનો વધારો કરે છે, તેનાથી તદ્દન ઉલટી જ રીતે અમારા દેશમાં વ્યવસ્થા રાખી છે અને તેની સામે જો કોઈ પણ ફરીયાદ કરે તો તેને રાજદ્રોહ ગણવામાં આવે છે. માટે હાલ તો એ વાત મોકુફ રાખો, બીજે પ્રસંગે વાત કરીશું."

"વારુ, હિન્દુ મુસલમાનમાં પરસ્પર કેવો સંપ છે? તેમનામાં પરસ્પર ધર્મ સંબંધી કેવી લાગણીઓ છે?" કોમરાસ્કીએ પૂછયું.

"બધું ઠીકાઠીક છે!" માણેકે ડોકું હલાવતાં કહ્યું. "એમ તો હિન્દુ, મુસલમાનોને ઈસ્લામી ભાઇઓના નામે બોલાવે છે અને મુસલમાનો-'હિન્દુ મુસલમાનકા ચોલી દામનકા સાથ' કહે છે. પણ એ બધો જીભનો જ વિવેક હોય એમ લાગે છે. કારણ કે, કલમને ઘોડેસ્વાર થયેલા હિન્દુ બચ્ચા, ધોતિયું

તંગ બાંધી મુસલમાનોને 'મ્લેચ્છ' 'યવન' અને 'બાંડિયા' લખતાં ચૂકતા નથી; અને મુસલમાન સાહેબો 'કાફર' 'બુતપરસ્ત' 'મુન્કિર' આદિ શબ્દોની પુષ્પમાળા અમારા ગળામાં આરોપે છે. તેઓ કહે છે કે, 'હશ્રને દિવસે પોતાના ધર્મસંપ્રદાયના ગમે તેવા ગુનાહગારને પણ પયગમ્બર મહમ્મદ સાહેબ ગુનાહ બક્ષાવી દેશે.' અમારા લોકો કહે છે કે, 'કરોડો મણ અપરાધો કરી ગંગામાં ડુબકી મારી આવો, એટલે અવશ્ય સ્વર્ગમાં જ સદન થવાનું.' એક જાતિ માટીના ગણપતિ બનાવી આઠ દશ દિવસ ઘરમાં રાખી ગાતા બજાવતા પાણીમાં ટાઢા કરી આવે છે અને બીજી જાતિવાળાઓ કપડાં ને કાગળના તાબુતો બનાવી દશ બાર દિવસ રાખી રોતા કુટતા પાણીમાં ઠંડા કરે છે. રિવાજને જોતાં કામ બંનેનાં સરખાં છે, તોપણ બંને વર્ણો એક બીજાના શિરે અસંખ્ય આક્ષેપોના ટોપલા ચઢાવે છે! લાંચીયા ને સ્વાર્થી અમલદારો બે કોમોમાં સંપનો પ્રસાર જોવાને રાજી નથી, એવો પણ બહુધા અનુભવ થઈ ચૂકયો છે. પોલીસ ખાતાં માટે મારા એક મિત્રે ગાયન લખ્યું હતું કે, "અલ્લા મિયાં ઝગડા ભેજો તો હમારી રોજી ખુલે!" 'તમે કોણ છો'નો સવાલ થતાં પોતાની જાતિ ઓળખાણ આપવામાં ગૌરવ સમજશે. પણ હિન્દી કે ઇન્ડિયન કહેવામાં તેઓ મહત્તા માનશે નહિ. આહહા!! જો એ બે જાતિઓ પોતપોતામાં સંપી જાય, તો અમારા દેશની બહુ ત્વરાથી ઉન્નતિ થાય! પણ દુર્ભાગ્યવશાત્ એવો તો ઘેટાખાર પડી ગયો છે કે, એઓ પોતપોતાની રોટલી ભણી અંગારા તાણવા–ખેંચવા–મિથ્યા માનપાન મેળવવા–વિના બીજી વાત જાણતા જ નથી–તેમાં ધ્યાન જ દેતા નથી."

"સાયન્સની કેળવણીએ આર્યાવર્ત્તમાં શું અજવાળું પાડ્યું છે વારુ?" કોમરાસ્કીએ એકનું ઉત્તર સાંભળી લઇને બીજો પ્રશ્ન પૂછયો.

"આર્યાવર્ત્તમાં પ્રથમ તો સાયન્સની કેળવણી જેવી જોઇએ તેવી મળતી જ નથી;" માણેકે પોતાના મનના ઉભરા કાઢવા માંડ્યા. "યુનીવર્સીટીના કાયદાઓ બળી જળી જાય કે જેમણે હજારો અમૂલ્ય જીવોને, સમય થવા પહેલાં જ શરીરથી સુવર્ણપુરી મોકલી દીધા છે. મિશન–ધર્મની સ્કુલોના પાદરીઓ પોતાના ધર્મમાં ખેંચવાની ખોટી ખાયિશોને વળગી, બાળકો અને યુવાનોને તેમના પોતાના ધર્મના સત્ય અને ગંભીર સિદ્ધાંતોનો ભેદ બતાવતા જ નથી. ઉપર ઉપરના અધુરા વિષયોપર હડહડતી અસત્ય ટીકાઓ કરીને વિદ્યાર્થીઓનાં મન એવાં તો ગોટાળામાં મૂકી દીધાં છે કે, ન પૂછો વાત–એનું વર્ણન થવું અશકય છે."

"તમારા દેશમાં બૌદ્ધમતનો પણ કાંઈ પ્રચાર છે ખરો કે ?" કોમરાસ્કીએ 'ફિરતી જાઉં, ફિરતી આઉં, ઘરકી નજર કરતી જાઉં' વાળી કહેવતને અનુસરીને અંતે પોતાના હેતુવાળો પ્રશ્ન પૂછયો.

એના ઉત્તરમાં માણેકચંદે કહ્યું કે, "કાંઈ જાણવા જેવો તો નહિ જ. કલકત્તામાં એક સોસાયટી ચાર પાંચેક વર્ષથી થઈ છે ખરી. સિલોનનો નિવાસી એક ધર્મપાળ નામનો પુરુષ, બુદ્ધિઇઝમના જીર્ણોદ્ધારની યુક્તિઓ કરી રહ્યો છે અને એ વિશેના એક યુરોપિયન અબળાના સ્તુત્ય પ્રયત્નો પણ જાણીતા છે. પરંતુ કોટયાવધિ મનુષ્યોમાં એક બે કંઠોનો ધ્વનિ શું કાર્ય કરી શકે વારુ ?" કહ્યું જ છે કે:--

> "મસલ મશહૂર હય સુન લીજિયે સારે જમાનેમે;
> સદા તુતીકી સુન્તા કૌન હય નક્કાર ખાનેમે."

"હંટર નામક ઇતિહાસકાર લખે છે કે, 'વળી પણ એકવાર ભારતવર્ષમાં બૌદ્ધ ધર્મનો પ્રભાવ થવાનો સંભવ છે.' પણ મારા દીન અને આધીન અભિપ્રાય પ્રમાણે, મને તો એવું કશું પણ દેખાતું નથી."

"આટઆટલા હિન્દુસ્તાનીઓની મુલાકાત મેં લીધી, પણ આપના જેવો વિશાળ જ્ઞાન ધરાવતો જો કોઈ પણ મારા જોવામાં આવ્યો હોય, તો તે આપ જ છો !" કઠપુતળીએ પાણી ચઢાવવા માંડ્યું. "બૌદ્ધ ધર્મ વિષે આપના કેવાક અભિપ્રાય છે, તે જાણવાની મને બહુ જ અભિલાષા છે."

"હું એને સર્વોત્કૃષ્ટ ધર્મ ધારું છું !" માણેકચંદે છાતીએ હાથ મૂકીને કહ્યું. "પણ એ વાત સર્વ સાધારણ સમાજના ધ્યાનમાં ઉતારી, તેમને એ માર્ગમાં ચલાવવાં, એ કઠિન-કિંબહુના અશકય જેવું જ લાગે છે. મને તો બૌદ્ધ ધર્મના સિદ્ધાંતો ઘણા જ ગમે છે. ભ્રાતૃભાવ અને દયાનું સત્ય દર્શન એણે જ કરાવ્યું છે. એ મહાત્મા અમારી જ જાતિનો એક મહાપુરુષ હતો. રોહિણીતટ નિવાસી ગૌતમ કુળમાં કાશીક્ષેત્રથી ઉત્તરે એ જન્મ્યો હતો. એ શાકય વંશીય ક્ષત્રિયનાં કુળદીપકે પ્રાચીન આર્યધર્મપર બહુ જ મોટી અસર કરી દીધી છે. કેવળ ભારતવર્ષ જ નહિ, પણ ટિબેટ, રશિયા, તાતાર, ચીન, જાપાન, કોરિયા, સિયામ, બ્રહ્મદેશ, સીલોન અને જાવા ઇત્યાદિ અનેક દેશોમાં, પોતાના યશનો દુંદુભિ વગાડી, પરમ પવિત્ર સાત્વિક જ્ઞાનમય પ્રેમમૂર્ત્તિસ્વરૂપ એ મહાત્માએ સૃષ્ટિના ઇતિહાસમાં એક અદ્વિતીય અને ભવ્ય પ્રકાશનો વિસ્તાર કરેલો છે. સ્ત્રી પુત્રના પ્રેમબંધનને પલકમાં ચીરી નાંખી, સંન્યાસ ધારણ કરવો, એ, તે મહાત્માનું જ

સાહસ હતું. તે પરમ તત્ત્વવેત્તા–જ્ઞાતા હતો. માત્ર પોતે જ જાણીને બેસી રહ્યો એમ નહિ, પણ દયાર્દ્ર હૃદયથી સર્વ સાધારણને પોતાના જ્ઞાનનો લાભ પહોંચાડવા માટે તેણે પૂર્ણ પ્રયત્નો કર્યા; સંઘો સ્થાપ્યા, દેશદેશમાં વ્યાખ્યાન કરનારાઓ મોકલ્યા, વર્ણવ્યવસ્થાની કલ્પિત બેડીને એક ઝટકાથી તોડી નાંખી સર્વને મોક્ષનો સત્ય માર્ગ બતાવ્યો, 'આત્મવત્ સર્વભૂતેષુ' એ વાકયને માત્ર વચનથી નહિ, કિન્તુ કર્મથી નિભાવી બતાવી સર્વ સમાનતા અને સર્વ ભ્રાતૃભાવનો ઊંડો પાયો ઠેઠ પાતાળમાં નાંખી, ધરતીપર એણે પોતાના ધર્મની ઇમારત ચણી છે."

કોમરાસ્કી તો દિગ્મૂઢ જ બની ગઈ. "આવો વિદ્વાન, આવો વકતા–નાનકડો જાદુગર–પોતે બૌદ્ધ ધર્મ સ્વીકારશે કે મને જ કોઈ અન્ય ધર્મની અનુગામિની બનાવશે?" એવા પ્રશ્નો તે પોતાના મનને જ પૂછવા લાગી. તેના મનમાં એક નવીન ચિન્તા ઉત્પન્ન થઈ–"એ પણ પેલા પારસી પેઠે કોઇનો આશક હશે અથવા તો પરણેલો હશે તો?"

"પ્રાચીન મહાત્માઓનાં વચનોનો પણ બુદ્ધે તિરસ્કાર નથી કર્યો;" જરાક શ્વાસ લઇને માણેકચંદે પાછું બોલવા માંડ્યું. "સત્યશોધક અને સત્યગ્રાહક એ મહાનુભાવે પુનર્જન્મ આદિ વિચારોને સ્વીકારીને પ્રાચીન મતને માન આપ્યું છે અને પોતાથી પૂર્વે ઉદ્ભવેલા ચાર્વાક જેવા નાસ્તિકમતને જડમૂળથી ઉખેડી નાખ્યું છે. અમારા આર્યોના પ્રાચીન ધર્મમાં અમુક પરિવર્ત્તન કરીને જ તેણે સર્વને સુધારણાને માર્ગે પ્રવર્તાવ્યા છે. પુરાણી લકીરના ફકીરોએ ભલે જૂની વાતોમાં ફેરફાર થતો જોઇને એને પણ નાસ્તિક ઠરાવ્યો હોય, પણ મારો તો આવો જ અભિપ્રાય છે કે, એણે નવીન–કાંઈ પણ ખરાબ ઉમેરો કર્યો નથી. સર્વોપયોગી, સાદો, સરળ અને કર્મમાર્ગની ગુંચવણોથી નિરાળો તેમ જ પ્રાચીન વિચાર સંગતિને વધારે ધક્કો ન લગાડનાર બૌદ્ધ ધર્મ એણે બધાંને મનાવ્યો હતો. દુઃખમય સંસારથી મોક્ષ મેળવવાના સરળ માર્ગ વિના બીજા વિવાદગ્રસ્ત વિષયો કે સિદ્ધાંતો એણે બતાવવા કે ચર્ચવાનો પરિશ્રમ જ લીધો નથી; જગત્ કેમ થયું, કોણે રચ્યું અને જીવ શો પદાર્થ છે, ઈત્યાદિ વિવાદોમાં એણે લક્ષ જ આપ્યું નથી; આત્મા અને ઈશ્વર સંબંધી એ કાંઈ બોલ્યો જ નથી; જીવિતને દુઃખરૂપ જાણી બૌદ્ધ ધર્મમાં આસ્થા રાખવી, રાગદ્વેષથી અલિપ્ત રહેવું, અશ્રદ્ધા, અસૂયા અને અજ્ઞાન ઇત્યાદિનો ત્યાગ કરવો અને પાપ માર્ગથી દૂર થવું–એ ચાર માર્ગનાં એણે આઠ પગથિયાં રચ્યાં છે તે આ પ્રમાણેઃ–સત્ય વિચાર, સત્ય મનન, સત્ય વચન, સત્ય જીવિકા, સત્ય વ્યવહાર, સત્ય સ્મરણ, સત્ય આચાર અને સત્ય સાધન.

ક્રિશ્ચિયન ધર્મનાં કેટલાંક બંધારણો માટે યુરોપિયન વિદ્વાનો અભિમાન ધરાવે છે, પણ તેમના ધર્મથી પાંચસો વર્ષ પૂર્વે એ અલૌકિક મહાત્માએ તે બંધારણો બાંધ્યાં છે અને ઈશ્વરના પુત્ર ઇસૂએ તો માત્ર તેનું અનુકરણ જ કર્યું છે. તલવારથી નહિ, પણ ધર્મનો ઉપદેશ કરી, ગળે ઘુંટડો ઉતારીને પોતાનો માર્ગ સામાને કબુલ કરાવવામાં બુદ્ધનો ધર્મ પ્રથમ પંક્તિએ વિરાજે છે.'

"ઓહહો!" કોમરાસ્કીએ હર્ષથી ઉછાળા મારતી છાતીપર, ગાટુડી જેવો હાથ મૂકીને આશ્ચર્ય દર્શાવતાં કહ્યું. "તમે બુદ્ધ ધર્મ સંબંધી આટલું બધું વિશાળ જ્ઞાન ક્યાંથી ધરાવો છો?"

"જ્યારે હું એન્ટ્રેન્સ ક્લાસમાં હતો, ત્યારે મેક્સમૂલરની ટેક્સ્ટ બુકમાં એ વિશે મેં કેટલુંક વાંચ્યું હતું અને ત્યાર પછી રીસ ડેવિડનું 'બુદ્ધિઝમ' અને બાર્થકૃત 'રિલીજન્સ ઓફ ઇન્ડિયા' આદિ ગ્રંથો મેં બહુ જ ધ્યાનપૂર્વક વાંચ્યા હતા. બેક વર્ષપર લાહોરના સંગ્રહસ્થાનમાં હું મારા શેઠ સાથે ગયો હતો, ત્યાં બે મૂર્તિઓ મારા જોવામાં આવી. તે ગૌતમ બુદ્ધની હતી: એક ધ્યાનાવસ્થામાં બેઠેલી અને બીજી ઉભા રહી વ્યાખ્યાન આપતી વેળાની હતી. આપ જો તે મૂર્તિઓ જુવો તો ત્યાંથી ઉઠવું જ ન ગમે. બહુ જ મનોહર–અત્યંત પ્રભાવશાળી!"

"આપ દેખાડશો તો જોઇશ;" કોમરાસ્કીએ એક દીર્ઘ નિઃશ્વાસ નાંખીને કહ્યું. "આપના વદનમાંથી નીકળતો એક એક અક્ષર હું એક એક સુવર્ણ મુદ્રા જેવો ધારું છું. ધન્ય છે આપના પરિશ્રમને! આપનાં દર્શન અને આપ સાથે પરિચય થવાથી મને કેટલો બધો આનંદ થયો છે, તેના વર્ણનની મારામાં લેશ માત્ર પણ શક્તિ નથી. પણ આશ્ચર્યકારક વાત તો એ છે કે જ્યારે આપ આટલું બધું જાણો છો અને ન્યાયની દૃષ્ટિથી એક સત્ય ધર્મની પ્રશંસા કરો છો, ત્યારે તેને પ્રસિદ્ધ રીતે સ્વીકારીને બુદ્ધ ધર્મની ઉન્નતિ કરવાનાં શુભ પગલાં કેમ નથી ભરતા?"

"મિસ મહોદયા!" માણેકચન્દે હસિતવદને કહ્યું ને એ હાસ્ય કોમરાસ્કીના હૃદયમાં વિદ્યુત્પતનનું કાર્ય કરી ગયું. "અહીં તો પ્રથમ દાળ રોટલીનાં ઠેકાણાં નથી, ત્યાં અરલોક ને પરલોક, ધર્મ, બર્મ ને શર્મની વાત ક્યાં કરું? પેટના ધર્મની ઉન્નતિના વાંધામાંથી મુક્તિ નથી મળતી, ત્યાં બૌદ્ધ ધર્મની ઉન્નતિ તે કેવી રીતે કરી શકાય? અમારામાં અન્નપૂર્ણા દેવીની પૂજનો પ્રઘાત ઘણો છે; અને હું પણ એ જ માર્ગનો અનુયાયી છું. ઘેર બેસીને ખેતીવાડીનો ધંધો કર્યો હોત તો પેટ ભરીને ખાવા તો મળ્યું હોત. આ તો પેટ ઠાલું અને ભેજું ભર્યું! જો હું મારી સત્ય સ્થિતિનું વર્ણન કરીશ, તો આપ દંગ જ થઈ જશો. એમ. એ.ની ડીગ્રી મેળ-

વવાની લાલચમાં લપટાઇને સાજી કાયાને યંત્રણામાં ન નાંખી હોત, તો આજે પત્થરમાં લાત મારીને પાણી કાઢવા જેટલી શક્તિ મારામાં હોત. મારા બાપ કાકા ને જ્ઞાતિલાને તમે જુવો તો દંગ જ થઈ જાઓ. અહીંયાં તો આઠ દહાડામાં બાતેરવાર ઔષધના દોહચાણુ લેવાના; જેમ તેમ કરતાં ખાવાનું, રાત્રિના તરફડિયાં મારવાનાં, બીજે દિવસે પ્રભાતના છારેટા ઓટકારથી ખાલી પેટે ઓટકાર લેવાના. આવી મારી સ્થિતિ છે. બાપ અને કાકા તો એવા પહાડ જેવા છે કે, કાલમિંઢ પણુ પચી જાય ને ચોવીસ ગાઉનો ટપો કાપે, પણુ પસીનો ન થાય. કેળવણી જ મારો કાળ નીવડી ! હાલ તો ઈશ્વરની કૃપા અને તમારી દયાથી ઠીક પગાર મળે છે, પણુ સ્થિતિનું વિવેચન કરીશ, તો કદાચિત્ આપ સાંભળી શકશો નહિ.”

“પણુ જો આપને ધન સંબંધી દુઃખ હોય, તો તે ટળી શકે એમ છે. જો તમે નાણાંની એક મોટી રકમના માલેક થાઓ, તો તો બૌદ્ધ ધર્મનો સ્વીકાર કરો ખરાને !” કોમરાસ્કીએ ગોળનો ગાંગડો મોઢામાં આપ્યો અને કાન વિંધવાની ચાલથી એ સવાલ કર્યો.

“શીરા માટે શ્રાવક થાઉં, તો પછી ભણ્યું ગણ્યું ધૂળમાં જ મળ્યું તો !” માણેકચંદે એક ખરા ક્ષત્રિય પુત્રને છાજતાં વચનો કહ્યાં. “એમ નહિ. બુદ્ધ ધર્મ વિશેની મારી કેટલીક શંકાઓનું સંપૂર્ણ સમાધાન થાય તો હું એ ધર્મનો હર્ષથી સ્વીકાર કરું; કારણુ કે મને તો એ ધર્મ સર્વોત્કૃષ્ટ જણાય છે.”

“હું આપને ડોકટર શમ્હા અને મિસ કુવડા સાથે મેળવીશ !” આશાનાં ઝોકાંમાં હીંચતી રમણીએ કહ્યું. “તેઓ સંસ્કૃત, પાલી, માગધી અને અંગ્રેજીના અમારા નગરમાં મોટાં વિદ્વાનો ગણાય છે. તેઓ અવશ્ય તમને સંતોષ આપશે.”

“હું એવાં મોટાં માણુસોનો મેળાપ કરાવી આપવા માટે આપનો આજન્મ આભારી રહીશ;” માણેકચંદે નમીને ઉપકાર માન્યો. “હું આજે મને પોતાને બહુ જ ભાગ્યશાળી થએલો માનું છું કે, આપ જેવાં એક ધર્મ જેવા ગહન વિષયનાં અનુરાગિની વિદુષી સંગે અહીં આવતાં જ મારો પરિચય થયો અને આશા છે કે, વારંવાર શ્રમ લઈ આપ મને કૃતાર્થ કરતાં જ રહેશો.”

“આંખોથી આવીશ !” કોમરાસ્કી કહેવા લાગી. “તમે કહેશો તો હિન્દુસ્તાન સુધી આવવામાં પણુ આનાકાની નહિ કરું. આપના જેવા એક અલૌકિક વિદ્વાનનું મૂલ્ય મારા જેવી એક અજ્ઞાની અબળા શું આંકી શકે ? તોપણુ આપણા પ્રથમ પરિચયના સ્મારક ચિન્હ તરીકે આટલી મારી નિર્જીવ ભેટ

સ્વીકારો;" એમ કહીને તેણે હીરાની એક ઝગઝગતી વીંટી આંગળીમાંથી ઉતારીને માણેકચંદ આનાકાની કરે, તે પહેલાં તો પરાણે તેની આંગળીમાં પહેરાવી દીધી અને "આવતી કાલે પાછાં મળીશું," એટલું બોલી જોતજોતામાં તે પ્રેમઘેલી જાપાની બાળા, ત્યાંથી અદૃશ્ય થઈ ગઈ. માણેકચંદ આશ્ચર્યચકિત થઇને વારંવાર બારણાં અને વીંટી સામું જોવા લાગ્યો. પહેલી જ મુલાકાત અને લગભગ હજાર બારસોની વીંટીની ભેટ! નસીબનું પાંદડું ફર્યું કે શું? "એ શી આશા રાખતી હશે?" એ ગુંચવણમાં માણેક; અને "પરણેલો હશે તો?" એ વિચારમાં કોમરાસ્કીએ–એવી રીતે ઉભય ભિન્ન ભિન્ન વિચારના સમુદ્રમાં ગોથાં ખાવા લાગ્યાં.

પ્રકરણ ૩૩ મું

પરણેલા કુંવારાના વચમાં

"ભૂત લગે મદિરા પિયે, સબ કાહુ સુધિ હોય;
પ્રેમ સુધારસ જિન પિયો, તિન ન રહે સુધિ કોય."

પ્રેમની વાત ન્યારી છે. પ્રેમ કર્યો થતો નથી, રાખ્યો રહેતો નથી અને કોઈ કાળે પણ કાઢ્યો જતો નથી. કહેવત છે કે,

"ઈશક ન જુવે જાત કજાત."

રૂપ ઉપર અંજાઈ જવું કે જવાનીપર લોભાઈ જવું, એનું નામ ઇશ્ક નથી. ઈશ્ક બે પ્રકારનો છે. એક ઇશ્ક હકીકી અને બીજો ઇશ્ક મજાજી. ઇશ્કને ઇશ્ક ટેંટેં પણ કહે છે. હકીકી ઇશ્ક તો પતંગિયાનો છે અને મજાજી ઇશ્ક બુલબુલનો છે. એક ફારસી કવિએ કહ્યું છે કે:–

"અય મુર્ગે સહર ઇશ્ક જે, પર્વાના બિઆમોજ;
કાં સોખ્ત તારાજાં શુદો અવાજ નેઆમદ."

કળીનું ફુલ થતાં સૂધી તેના ઉપર બુમાબુમ કરી લોકોને જણાવનાર બુલબુલને ઉદ્દેશીને કવિ કહે છે કે, "તું પતંગ પાસે જઇને ઇશ્કનો પાઠ ભણ કે જે દીપક ઉપર શરીરને બાળીને ભસ્મ કરી નાંખે છે, છતાં મોઢેથી એક આહ કે દુ:ખનો શબ્દ નથી કાઢતું." કોમરાસ્કીનો ઇશ્ક કંઇક હકીકતને લઇને સ્ફુર્યો હતો. તે માણેકચંદના રૂપરંગ કે બીજા કોઈ અવયવપર નહિ કિંતુ માત્ર તેના ગુણોપર મોહી પડી હતી. કહ્યું જ છે કે, "गुणाः पूजास्थानं गुणिषु न च लिंगं न च वयः ।"

તે ચાહતી હતી, તેવો જ વર તેને મળ્યો હતો. તે જ્યારથી માણેક સાથે વાતચિત કરીને ઘેર આવી હતી, ત્યારથી સર્વત્ર માણેકચંદ જ માણેકચંદ તેના જોવામાં આવતો હતો. ઘરમાં આવતાં જ તેણે પ્રથમ પ્રશ્નાવલી કાઢી. આંખો મીચીને એકાદ આંકડાપર આંગળાં મૂકી, અને તેનો જવાબ એ નીકળ્યો કે, "તમારા મનમાં એક અભિલાષા બહુ દિવસથી રમી રહેલી છે. એ તમારી આશા હવે બહુ જ શીઘ્ર પરિપૂર્ણ થશે. તમે કીડિયોને લોટ નાંખજો. મહાત્મા ગૌતમ બુદ્ધનું એ વચન છે; અને એનું પ્રમાણ એ કે, તમારી હથેલીમાં એક તલ છે." બસ હથેલીમાં તલ જોયો અને બુદ્ધનું વચન વાંચ્યું, હવે પૂછવાનું રહ્યું શું? કોમરાસ્કી મનમાં જ વિચારના ગોફણિયા વાળવા મંડી પડી.

"બસ હવે મેદાન મારી લીધું છે. રાજપૂત જાતિ! રાજપૂત જેવી વીર જાતિનો વિદ્વાન્ પુરુષ, કેળવણી પામેલો, ડિગ્રી મેળવેલો, ભરજુવાનીના જોમમાં, કોમળ શરીરવાળો, વકતા અને ધર્મ સંશોધક, બુદ્ધનો માનનાર–બસ અચ્છું જોડું મળી ગયું;–

હું તરુણી એ તરુણતનુ, માણેક મીઠું નામ;
પરણી જાઉં હિંદમાં, રૂખ મારે છે ગામ."

થોડીવાર રહીને પાછી તે સ્વગત બોલવા લાગી કે, "નિર્ધન છે એટલું જ, કે બીજું કાંઈ? હું એને એક ઘડીના છઠ્ઠા ભાગમાં લક્ષાધિપતિ કરી નાંખીશ! હા–ક્યારે લાહોર જાઉં, અને ક્યારે મહાત્મા ગૌતમની મૂર્ત્તિ જોઉં! અહા! અહા! એની ભ્રૂ કેવી ભરેલી અને કાળી ભ્રમર જેવી છે! એનું હાસ્ય પણ કેવું અને કેટલું મનોમોહક છે! એનું વાક્ચાતુર્ય અલૌકિક છે! પણ મારી આશા નિરાશાનું રૂપ તો ધારણ નહિ કરે? મારી ભાવના પૂરી થશે ખરી? જો એ પરણેલો નીકળશે તો?"

એ શંકાએ તેનું મુખ ઝાંખું કરી નાંખ્યું. થોડીવાર વિચાર કરી ઉઠીને તેણે કાગળો કાઢ્યા અને બે ચીઠ્ઠીઓ લખી. એમાંની એક ડોકટર શમ્દા અને બીજી મિસ ફ્રવડા ઉપર હતી. એમાં તેણે તેમને બીજે દિવસે સાંઝે પાંચ વાગે નોતર્યાં હતાં અને રાતનું ભોજન લઇને પછી ઘેર જવાની વિનતિ કરેલી હતી. એક નંઝુનેહાર કાગળ કવરમાં માણેકચંદને પણ સાંઝે સાત વાગે આમંત્રણ કર્યું. જેમ તેમ રાત વીતી અને સવારમાં ઉઠીને તે,

"જા શબેહિજ, તેરા મુંહ કાલા."

એમ કહીને દાવતની તૈયારીઓ કરવા લાગી. દિવસ કાપ્યો કપાતો નહોતો.

"એકેક અલ્પ કલ્પ સમજાય." મારી ફૂટીને સાંઝ તો પડી. ડૉકટર શમ્હા અને મિસ ફુવડા આવ્યાં. કામશાસ્ત્રીએ લયલામજનૂનો કીસ્સો રસ લઈ લઇને કહી સંભળાવ્યો. તે પરણેલો છે કે કુંવારો, એ વાત ચતુરાઇથી પૂછી લેવાનું મિસ ફુવડાએ માથે લીધું. સાત વાગ્યા અને ઇસ્તેહામચંદ ધબ્બ દેતા કે આવી પડ્યા. કહ્યું જ છે કે:–

"કૂદા કોઈ યૂં ઘરમેં તેરે ધમસે ન હોગા;
જો કામ હુવા ઇન્સે વો રૂસ્તમસે ન હોગા."

ડ્રાઇંગ રૂમ કામશાસ્ત્રીએ એવો તો ટેસ્ટથી સજાવ્યો હતો કે, જેની પ્રશંસા કરવામાં "ગિરા અનયન, નયનબિન બાની" હતાં. જાપાની સ્ત્રીઓની ઘર સજાવટ આગળ જાંગલીઓ પણ ઝંખવાણી પડે છે, એ વાત જગતપ્રસિદ્ધ છે. સાહેબડીઓ પોતાનો ઓરડો જાપાની સ્ટાઇલે જ સજાવામાં ગર્વ માને છે. માણેકચંદ કામશાસ્ત્રીની સાહેબી જોઇને છક થઈ ગયો. તેણે આખા જન્મમાં પોતાના શેઠની પુત્રી જરનો સજાવેલો ઓરડો જ જોયો હતો. પણ આ સરસામાન, રાચરચીલું અને તેની ઘટતી ગોઠવણોએ તો તેને આશ્ચર્યના સમુદ્રમાં નાંખી દીધો. સલામો થઈ, માથાપરથી ટોપીઓ ઉતરી, હાથ મળ્યા અને ઓળખાણો અપાઈ, ઠીકરું (થેંકયું અને ડોઢ મણ ડોઢ શેર ઇંટના સોંધાસટ) શબ્દો બોલાયા અને સર્વ કુર્સીઓપર બેઠાં. ગામ ગપાટા ચાલ્યા અને "દીદારબાજી ખુદારાજી"નું થોડું થોડું કામ પણ એક તરફથી ચાલુ હતું. પણ માણેકની જાણે બલા:–

"ચાહત વો કિસ કામકી, અનચાહત કે સંગ;
દીપકકે મન ભાય ના, જલ જલ મરે પતંગ."

ભોજનની તૈયારીના સમાચાર આવ્યા અને બધાં જમવાના ઓરડામાં ગયાં. બપકાનું તો પૂછવું જ શું? ગુલ્દાઉદીનાં કુંડાએ તો બાગ જ બનાવી દીધો હતો. ટેબલપર બિછાવેલું ગુલકારીનું વસ્ત્ર જોઇને એમ. એ. તો એમ જ સમજ્યા કે, ખરાં ફુલપાનથી ટેબલ શણગારી છે. કુર્સીઓ જોઇને તે અંજાઈ ગયો–કારણ કે, તેમનાપર એવું તો ઉત્તમ કારીગરીનું કામ કરેલું હતું કે, જો કે નાદિરશાહ કાચાર જુવે, તો દિલ્હીનું તખ્તે તાઉસ (મયૂરાસન) આપીને એ કુર્સીઓ ઉપાડી જાય!! વળી કુર્સીઓ હલ્કી એવી કે હવામાં ઉડી જાય. નાજુકપણામાં પણ એ ચકલીના માળાની પ્રત્યેક વસ્તુ એક એકને આંટે એવી હતી. ચીનીનાં વાસણો ચાંદી સોનાનાં પાત્રોનું પાણી ઉતારી નાંખતાં હતાં. ઇસ્તેહામચંદ એક હુલ્લક જાનવરની ઢબછબથી એ ઓરડો જોવામાં લીન થએલો હતો, એટલામાં કામ-

શાસ્ત્રીએ સધરામપુરી (હહિતરાં) ભજીયાં પેઠે ભુકો ભુકો થઈ જતાં કહ્યું કે;– "તમારા જેટલી બલ્કે તમારા દેશના જેટલી ચોખ્ખાઈ તો તમને અહીં ક્યાંથી જ જોવામાં આવે! ક્યાં ગંદુ ગોબરું જાપાન અને ક્યાં ચોખ્ખાઈ ચતુરાઇમાં આગળ વધેલું હિંદુસ્તાન!"

"હાજી-ઠીક કહો છો;" માણેકે હસીને ઉત્તર આપ્યું. "અમારા દેશની સુઘડતા અને સ્વચ્છતા સાથે તમારા દેશો બરાબરી કરી શકે તેમ નથી જ. બળદ, ભેંસ અને ગાયના છાણના અબોટ આગળ આ ટેબલ ગંદી તો ખરી! તાંબા, પીતળ અને કાંસાનાં વાસણો, આ ચીનીનાં પાત્રોને ભાંગે એવાં ભારી હોય છે, એમાં નવાઇ જ નથી."

ખાવાનું આવ્યું અને ખંધી મિસ કુવડાએ માણેકચંદને પજવવા માટે ચમચા કાંટા સંતાડીને, ખાસ જાપાની રીત પ્રમાણે લાકડાની સળીઓ જ મંગાવી. માણેકચંદે દેખાદેખી સળીઓથી ભાતના દાણા ખાવાની ઘણીએ ચેષ્ટા કરી જોઈ, પણ દાણા પ્લેટમાં અને ભુખ પેટમાં! તેમાં વળી કુટડી મિસ કુવડા, "એ પડી ગયા, એ દાણા વેરાયા, એ સળીઓ મ્હોંમાં પેઠી;" ઇત્યાદિ મશ્કરીઓથી તેને ગભરાવવા માંડ્યો. કંટાળીને માણેકે હાથ ખરડવાનો વિચાર કર્યો, પણ ઉપહાસક થવાના ભયથી તેમ કરતો અટક્યો. એટલામાં દુધ આવ્યું, મેજબાનો તો સળીથી દુધ ઉડાવવા મંડ્યા, પણ મેહમાન તેમ ન કરી શક્યો. તે મનમાં જ હસવા મંડ્યો કે, "આ બચ્ચે બાલેકા ખેલ જેવું ખાવાનું તે કેમ પાલવશે?" દેશમાં છોકરાઓ સાબુના પાણીમાં સળીઓથી ફુંકીને પરપોટા ફુલાવે છે, તેવી રીતે દુધ પીતાં માણેક પ્રથમ તો શરમાયો, પણ જ્યારે તેણે જોયું કે કેમ્બ્રીજ યુનીવર્સિટીનો રેંગ્લેર ડી. સી. બોલ, અને જાપાનની કોલેજનો પ્રોફેસર ઓફ થિયોલોજી પણ એમ જ કરે છે, ત્યારે લાચારીએ તેણે પણ તેમ જ દુધ પીવા માંડ્યું, પણ કોમરાસ્કીથી એ જોવાઈ ન શકાયું. એમ તો તેનો મનનો માન્યો ભુખ્યો રહી જાય, અને તે જોયા કરે તો આશકીપર પાણી ફરી ન જાય! તે ઝટપટ કુર્સીપરથી ઉઠી અને ચાકરોને ધમકાવીને ચમચા કાંટા લાવી. બિચારા માણેકચન્દના જીવમાં હવે જીવ આવ્યો અને તેણે પેટલાદમાં અન્ન ભર્યું. પછી ચાહ આવી. પ્યાલીઓ જોઇને માણેક મનમાં હસ્યો. ચકલીની ચાંચ ભરાય એટલી ચાહ એક પ્યાલીમાં સમાઈ હતી. બે ત્રણ પ્યાલીઓ પી તેણે કંટાળીને ચાહ મૂકી દીધી. ત્યાર પછી ફળ મેવાપર થોડો હાથ સફા કરી 'ધૂમ્રપાનં મહાપુણ્યમ્,

ગોટે ગોટે ગૌદાનમ્,' કરતાં કરત તે સર્વ ગપસપ ચલાવવા લાગ્યાં. સમય-પ્રસંગ સાધીને ચતુર કુવડાએ ..તચિતનો નીચે પ્રમાણે આરંભ કર્યો;–

"તમારા દેશમાં ધણી ધણીઆણી જોડાજોડ બેસીને જમે છે કે સામા સામી ?" મિસ કુવડાએ પ્રથમ પ્રશ્ન કર્યો.

"અરે નારે મિસ સાહેબ ?" માણેકે કપાળ કુટીને કહ્યું. "પહેલાં ધણી ભોજન કરી લે ત્યાર પછી સ્ત્રી બાપડી ખૂણામાં બેસી મોઢું ઘૂંઘટામાં સંતાડીને બે કોળિયા ગળચી લે, એ જ તો જોડાજોડ."

"અરેરે–તમારા દેશમાં સ્ત્રીઓની એટલી બધી દુર્ગતિ છે ?" મિસે આશ્ચર્ય દર્શાવી પૂછ્યું. "પણ ત્યારે તમે તો સાક્ષર છો, એટલે એવા હાસ્યાસ્પદ રિવાજોને ધિક્કારતા તો હશો જ; અર્થાત્ ઘેર જઈ તમારી સ્ત્રી સાથે અમારા પેઠે ટેબલપર બેસીને ખાવા બેસશો જ, કેમ ?"

"અરે–એવાં ભાગ્ય તે કયાંથી ?" માણેકે હાય મારીને કહ્યું. "આપણા પ્રારબ્ધમાં તો એક એમ. એ. નો તોક ગળામાં ઓળવી, બાકીનાં સમસ્ત સુખોને સલામ કરવાની રેષા વિધાતાએ ખેંચી છે. ઘેર જવાની હોંશ પણ રાખતો હોય તે મરે !"

"ત્યારે તો તમે કુંવારા હો એમ લાગે છે;" ડાકટર શમ્હાએ સમયસૂચકતાથી ભેદ કઢાવવાનો પ્રયત્ન કર્યો.

"ડાકટર સાહેબ !" માણેકે શોકયુક્ત મુદ્રાથી કહ્યું. "હાલમાં તો હું પરણે ા અને કુંવારાના વચમાં છું !"

કોમરાસ્કીનો જીવ (જીવન સર્વસ્વ) તો સીંકે ટંગાઈ રહ્યો હતો. આટલા આટલા હિંદીઓ આવ્યા હતા, પણ કોઇએ તેનાપર આવી મોહિની નાંખી નહોતી. પ્રેમના નામપર દાંત કાઢનારી પોળી પૂતળી, હવે જ પ્રેમના સકંજામાં સપડાઈ હતી. જેવું પરણેલા અને કુંવારાના વચમાંનું વાક્ય તેણે સાંભળ્યું કે, તે તરત જ ફાળ ખાઈ ગઈ. દુધનો દાઝેલો છાશ પણ ફુકીને પીએ છે તેમ માણેકજી અરદેશરના સંબંધમાં નિરાશ થએલી જાપાની યુવતી, "રખેને માણેકચન્દ પણ કોઈ સાથે વચનથી બંધાયો હોય," એમ સમઝીને લગભગ નિરાશ થઈ ગઈ. પણ ખંતીલી કુવડાએ ચીપી ચીપીને તે વાત કઢાવી લીધી.

"ત્યારે તમારી સગાઈ થઈ ચૂકી છે, એમ જ ને, મિસ્તર માણેકચન્દ ?" કુવડાએ પૂછ્યું.

"તેમ પણ નહિ;" માણેકચન્દે ફાટી જતા હૃદયથી કહ્યું. "અમારામાં તો

ઢીંગલા ઢીંગલીનાં લગ્ન થાય છે. હું પણ બાલ્યાવસ્થામાં જ પરણ્યો હતો, પણ દુર્ભાગ્યે મારી ગરીબડી ગૃહિણીને ઢ્રાણુ જ પરમેશ્વરે બોલાવી લીધી છે."

એ વાક્ય સાંભળી કોમરાસ્કીના જીવમાં જીવ આવ્યો.

પ્રકરણ ૩૪ મું

"મામાજી ઘેર ચાલોની!"

ગુલ્મર્ગમાં જર પોતાના તંબૂમાં બેઠી બેઠી એક પત્ર સાથે પ્યારથી રમી રહી હતી. એ માણેકજીનું પ્રથમ લખેલું પત્ર હતું. માણેકચન્દ સાથે મોકલેલા પત્રના પ્રત્યુત્તરની વાટ જોવામાં અને આવેલા પત્રને વારંવાર વાંચવામાં જર પોતાનો સમય ગાળતી હતી. ડોકટર વાચ્છા પોતાની શોધખોળમાં જ લીન હતો. જર ઘેર જવાની હતાવળમાં ચકચૂર હતી. તે બહુ ઇચ્છતી હતી કે, એકદમ કાશ્મીર છોડી જઇએ; પણ વાચ્છા આગળ તેનું કશું ચાલતું નહોતું. જો વધારે હઠ કરે તો કદાચ મામાને વ્હેમ જાય, એની પણ તેના મનમાં ભીતિ હતી. માણેકજીએ મંદવાડમાં એક ટુંકો કાગળ લખ્યો હતો અને જર તેને ક્ષણે ક્ષણે જુદા આકારમાં વાંચતી હતી. તે કાગળ આ પ્રમાણે;—

"ડીયર જર!

તે પાકપરવરની રહેમ નજરથી અનેક જીવરાઓમાંથી એક જ જીવ બચી ગયો છે, અને તે તારા હુસનનો પૂજારી પોતે છે. જિગર! હજુર કમજોરી અને ધ્રુજરાં બહુ છે અને જીભબી લથરે છે. ડોકટર કહેચ કે, 'એ કસર ઘના દહારા રહેસે.' પન હું ધારુંચ કે, જો તું જાન મારી પાસે હોય, તો હું ચાર દહારામાં સાઝો થઈ સકુંચ. વ્હાલી! ખુદા ગવાહ છે કે, જે દહારથી તું પ્યારીથી જુદો પરિયોચ, તે દહારથી આજ વેર એકાદ કલાક બી એવો ગીયો નથી કે તારી યાદે દિલમાં ઘેર કરી જીગર કોતરી નાખિયું ન હોય! ડુબતાં ડુબતાં બી ખોદાય અને તારું નામ જ જબાનપર ઉતું. મલસું ત્હારે તે દિલ ઉસ્કેરનાર એકિસડંટનુ બ્યાન કરસ. આય ડોકટરો મારો ઇલાજ કરી સકે તેમ નથી. અલબત્તા તું મારા રુહની હકીમ મલસે, તે દહારેજ હું સારો થવસ. બે તન અઠવાડિયાંમાં ઇન્શાઅલ્લાહ બોમ્બે આવસ. તું જાન બી બને તો કોઈ બહાને વતનની સેલગાહે આવજે; નહિ તો હું હવાપાની બદલવાને મસે કેશ્મીર આવસ. મારે વરે ફૂનં એકઠાં કરજે. હાલ એજ.

લા. તારા દીદારનો ઇન્તેજાર ચાકર,

મા. અરદેશર

જર કાગળ વાંચતી, મૂકી દેતી, વળી વાંચતી અને હર્ષથી ચુમતી ને આંખોમાં દાબતી, છાતીએ ચાંપતી, રેશમી રૂમાલમાં લપેટતી, ચાંદીના ડબ્બામાં બંધ કરતી અને વળી કાઢી નકલ કરતી કે, એક નકલ કદાચ ક્યાંય પડી જાય, તો બીજીથી હૃદય બ્હેલાવી શકાય! પ્રથમની જૂની પ્રેમપત્રિકાઓ કાઢીને તે સાથે આ પત્રના અક્ષરો તે સરખાવતી હતી. એવી રીતે પોતાના પ્રેમીના પત્રને અનેક પ્રકારનાં લાડ લડાવીને તે મનમાં બહુ જ હરખાતી હતી. માણેકજી થોડા દિવસમાં મુંબઈ આવે છે અને તેને બોલાવે છે, એ વાતે તેને કાવરીબાવરી બનાવી દીધી હતી.

"મામાજી! હવે લાહોર ચાલોની મરું. હવે તો અહીંયાં કંટારો આવી ગિયો;" સાંજે આંગણાં આગળ હવા ખાતાં જરે વાચ્છાને કરગરીને કહ્યું.

"એ બે ચાર દહાડાથી તુને એ શું વેઝું આયુંચ જરા?" વાચ્છાએ જરને કાશ્મીરથી આટલી બધી કંટાળેલી જોઇને અચરજ પામતાં કહ્યું, "આય બાગે-બેહસ્ત જેવું કાશ્મીર મૂકી અગલી હેલ જેવા જીવતા જાગતા દોજખ લાહોરમાં જવું તને કેમ ગમેચ?"

"ઓ! ઓવારુંરે મારા લાહોરપરથી તમારા કેશ્મીરને!" જરે આંગળીઓના કડાકા ફોડીને મોઢું ચડાવી કહ્યું. "અખ્ખઇ રહ્યા મારા બાવાજી જીનરઇ ભરેલા જો હોય તાંજ મારું તો જન્નત છે!"

"અહાહાહા–" વાચ્છાએ હસી જરના માથે હાથ ફેરવીને કહ્યું. "અરે! વાહરે દીકરી! તેં તો મને લોજિકથી બંધ કીધો ને! પણ હવે ચાલ, તું જ જવાબ દે કે, તું અને તારો મામો બન્ને કાં જન્નતમાં બેઠાંચ કે દોજખમાં?"

"અરે–નહિરે મરું મામાજી!" જરે ગુંચવાઈ જઈ લાડ કરતાં કહ્યું. "તમે મને બાંધી લેવા માગોચ કે શું? લેઓની–લાહોર અને કેશ્મીર બેઉ જન્નત પણ આય જન્નતમાંથી દિલ ભરાઈ ગયું, માટે હવે પેલાં જન્નતમાં ચાલો!"

"ભલે–દીકરી! જો તારી એમ જ મરજી છે, તો આવતા અઠવાડિયામાં આપડે અહીંથી ઉઠાંગરી કરસું. બસ હવે તો તું ખુશ થઇને?" વાચ્છાએ જરની ઈચ્છાને આધીન થઇ કહ્યું. "હાજી!" જરે જવાબ દીધો અને તેનું દિલ બાગબાગ થઈ ગયું–તેના હર્ષ અને આનંદનો પાર રહ્યો નહિ. બસ એ પછી તેણે ફર્ન એકઠાં કરવાનું કાર્ય આરંભ્યું. એક એક ફર્ન વીણતી તે પ્રેમ બાગની માલણ, માણેકજીનું નામ લેતી, ફુલી નહોતી સમાતી. વાતની વાતમાં અઠવાડિયું વીતિ ગયું, પણ જડીબુટ્ટીના શોધમાં લાગેલા વાચ્છાએ જવાનું નામ પણ લીધું નહિ.

પણ અકળાઈ રહેલી જરથી તે કેમ ખમાય? વળી તેણે "મામાજી! ઘેર ચાલોને!" ના પોકાર કરવા માંડ્યા.

"પણ ઘેલી પોરી! કંઈ ગાડીનોબી બંદોબસ્ત કરું કે નહિ? તું જાનેચ કે, ઢગલેઢેર અંગ્રેજો ટુટી પડ્યાચ. ગાડી ગાડાં તો મળવાં એક તરફ રહ્યાં, પણ કુલીઓ વટીક નથી મળતાં. આય ચાલુ અઠવાડિયામાં બંદોબસ્ત કરી નાંખુચ;" બાચ્છાએ એમ કરીને બીજો વાયદો કર્યો.

"જોવ-હું, મામાજી! તમેબી હવે આજકાલનું નામ ભૂલી ફક્ત અઠવાડિયાના નાનલા નાનલા જ વાયદા કરવા પરિયાયતે!" જરે રીસાઈ જઈ રડવા જેવું મોહું કરીને કહ્યું. "બરી ગઈ ગાડી! નહીં મળે તો ચાલોની ચાલતાં જ ચાલ્યાં જઇએ. સું આપરા પગોમાં ચાલવાની તાકાત નથી કે સું?"

"હા-તેં ચારેક ખટારાં ભરીને જે અહીંથી માલ ખરીદિયોચ-કંઈ ટ્રીપાઈ ને કંઈ ફ્રેમો, લાકડાંના બોકસીસ, ચાંદીનાં વાસણો, દુશાલાઓ, વ્યુજો-એ બધું તારે માથે મૂકી લે બા-પછી રસ્તામાં થાકી જસે, તો હું ઉચકાવસ નહિ, હાં!" બાચ્છા ડોકટરે ટકોર કરી.

"અને તમે જે આય બધાં લાકરાં અને પાતરાંનાં ગાંસરા બાંધિયાચ, તેનું સું મામાજી! તેબી બધું મારે જ માથે લાદોની!" જરે કહ્યું. "જો બાર મહિના વેર ગારી ગારાં નહીં મળે તો અહીં જ બેસી રેહસું કે ત્હારે? વરી બે અઠવાડિયાં પછી જે ગાડામાં માલ ભરસો, તેમાં આજે જ કાંઈ નહીં ભરતા વારુ?"

"અરે-પણ તે કેથેથી મળે તો કેની?" બાચ્છાએ હારીને જવાબ દીધો.

"પણ-તારે ચાલોની-આપરે છરાં ચાલી જઇએ. અહીં કોઇને કૉન્ટ્રેક્ટ આપી દો, તે બધો માલ આપરે ઘેર પોંચારશે;" જરે યુક્તિ બતાવી.

"ને તેમાંથી સો પચાસ રૂપિયાનો માલ ખાઈ જાય, તો ફરિયાદી માંડવા પાછો લાહોરથી અહીં આવું કે?" બાચ્છાએ શંકા કાઢી.

"ચાલો બા, તમને ગમે તારે લઈ જજો;" એટલું બોલી રીસાઇને જર પોતાના તંબૂમાં ચાલી ગઈ.

બાચ્છાએ પોતાની ભાણેજીને આટલી બધી કંટાળેલી જોઇને કેશ્મીરમાં વધારે દિવસ રહેવું યોગ્ય ન વિચાર્યું. બનતી ત્વરાએ ઘટતો પ્રબંધ કરી કેશ્મીરને સલામ કરીને તેણે લાહોર ભણી મોઢું ફેરવ્યું.

પહાડપરથી ઉતરતાં જે ગરમ લુઓ અને દુર્ગન્ધની આપદાઓ વેઠવી પડે છે, તે ત્યાં જઇ આવેલાઓ જ જાણે છે. બાચ્છાના ચહેરાપર તાપથી લાલ ઝાંમાં

પડી ગયાં, અળેયોથી આખું શરીર ભરાઇ ગયું. આખો દિવસ 'બરફ બરફનો પોકાર કરતો તે ભલો ડોકટર અકળાઇ ગભરાઇ ગયો હતો. પણ એથી વિરુદ્ધ કોમળાંગી જરના શરીરને એ તાપ કાંઇ અસર કરી શકતો ન હતો. આખો દિવસ તેનું વદન હર્ષથી પ્રફુલ્લ રહેતું હતું. તેને પરસેવો પણ થતો નહોતો અને તૃષા પણ લાગતી હતી નહિ. નહોતાં કપડાં કરડી કંટાળો આપતાં કે નહોતી લાગતી લૂ! બસ માત્ર માણેકજીનું સ્મરણ જ તેના માટે સૌગંધ્યપૂર્ણ સમીર અને થંડા બરફનું કામ કરી રહ્યું હતું. એ જ સાચા ઇશ્કનું ચિહ્ન છે. બુલબુલે હિંદ દાગ સત્ય કહી ગયો છે કેઃ-

"ઇશ્ક ને અમત હય આદમીકોં લિયે, ઈશ્ક જન્નત હય આદમીકે લિયે;
ઇશ્કસે આદમીયત આતી હય, આદમીકોં મુરબત આતી હય."

પ્રકરણ ૩૫ મું

મુંબઇ! મુંબઇની ઝંખના!

અંતે લાહોરનું સ્ટેશન આવ્યું. એદલજી સ્ટેશનપર આવ્યા હતા, તેમણે પુત્રીને છાતી સરસી ચાંપી. પુત્રીનું મુખ જોઈ પિતા મગ્ન થયો. જરનો ચહેરો કાશ્મીરનાં હવાપાણીથી ગુલાબના ફુલ જેવો પ્રફુલ્લિત થયેલો જોઇને પિતાની આંખમાં ટાઢક વળી. એદલજીને આ એક જ દીકરી હતી, એટલે તે એને પુત્ર પ્રમાણે જ ચાહતો હતો. સ્ટેશનના કમ્પાઉન્ડની બહાર ઘરની ગાડીઓ તૈયાર હતી-એટલે સરસામાન નોકરોને દેખાડી, લાવવાનું કહીને તે બધાં ઘેર આવ્યાં. નોકરચાકરોએ તેમનું સ્વાગત કર્યું; ખરશેદજીની સ્ત્રીએ ઓવારણાં લીધાં અને જરે તેના પુત્રને એક ચાંદીનું રમકડું આપ્યું. "હું એને મારી પેટીમાં રાખસ," એમ કાલાકાલા શબ્દો બોલતો તે જરને બાઝી પડયો. જરે પોતાના ઓરડામાં જઈ આરામ લઈ ચાહપાણી પીધાં. એટલામાં બધો માલ અસબાબ આવી લાગ્યો. જરે તે લઇને બધી ચીજો હર્ષથી યોગ્ય સ્થાને ગોઠવી દીધી. માત્ર એક જ પાર્સલ જેમનું તેમ અમાનત રાખ્યું; કારણ કે, તેમાં તેણે પોતાના પ્રેમી માટે ખરીદેલી વસ્તુ હતી. ઓળખીતાં પાળખીતાં મળવા ભેટવા આવ્યાં અને ઘણા જ રસપૂર્વક કેશ્મીરની વાતો થવા માંડી. જરને ઘેર આવ્યા પછી માણેકચંદ બહુ જ સાંભરવા લાગ્યો. જે ઘરમાં તે પોતાના પ્રેમપાત્રની પ્રતિમૂર્ત્તિ નિહાળીને પોતાના અધીર મનને ધીરજ આપતી હતી, 'તે જાપાન પહોંચ્યો હશે કે? મારો

કાગળ તેણે માણેકજીને આપ્યો હશે કે?' ઇત્યાદિ ચિંતામાં જરબાનુ આઠે પ્રહર અને બત્રીસે ઘડી વ્યાકુળ રહેતી હતી. અન્તે આંખો તણાવી તણાવી પ્યારનો પત્ર આવ્યો. માણેકચંદે જાપાન પહોંચી કહેલા સમાચાર તથા આપેલી ભેટ સોગાદ અને પત્રનું તે પ્રત્યુત્તર હતું. પોસ્ટમેને આવીને જેવો કાગળ આપ્યો, કે તેનો સ્ટામ્પ જોઇને જર તત્કાળ હર્ષઘેલી થઈ ગઈ-જાણે કોઈ કંગાળને ડરબીની સોરટીનો લાખો રૂપિયાનો નંબર લાગ્યો હોય અને તે હર્ષથી ગાંડો ઘેલો બની જાય, તેમ જર પ્યારાના પત્રથી વિક્ષિપ્તચિત્ત થઈ ગઈ અને તે હર્ષની ઘેલછામાં તેણે પોસ્ટમેનને પાંચ રૂપિયાની નોટની ભેટ કરી તે તો કરી, પણ તે ઉપરાંત પોતાના મૃણાલિની જેવા સુકોમળ કરોવડે કાસદની બલા પણ લીધી! પોસ્ટમેન અજબ થતો બહાર ગયો કે, "આ સ્ત્રીએ શું કર્યું?" અને તેના જવા પછી જર પોતે પણ પોતાના કરેલા કામ માટે મનથી હસી. પ્રિય વાંચકો! ઈશ્ક એવો જ આંધળો હોય છે. સ્વર્ગવાસી બુલ્બુલે હિન્દ દાગ એક ઉર્દુ કવીશ્વર તરીકે સુપ્રસિદ્ધ હતો. એક અબળા સાથે તેનો પ્રેમ બંધાયો અને ધીમે ધીમે તે પ્રેમે પ્રમાદ કે ઉન્માદનું સ્વરૂપ લેવા માંડયું. એક દિવસ દાગને ત્યાં એક મેહમાન આવ્યો અને દાગ સમજ્યો કે, "મારા માશુકે (પ્રેમપાત્રે) પયગાંબર મોકલ્યો છે." એથી દાગ વાતો કરતો જતો હતો અને તેનાં ગજવાં પણ તપાસતો જતો હતો કે, "પ્રેમપત્રિકા કયાં છે?" એ આપ વીતિ વાત તેણે પોતે જ લખેલી છે, અને તે તેના પોતાના જ શબ્દોમાં વાંચવાથી વિશેષ રસ ઉત્પન્ન થવાનો સંભવ છે;—

"કોઈ મેહમાં જો મેરે ઘર આયા, મયેંને સમઝા પયાગ્બર આયા;
ઉસ્કો બાતોંમેં બોલતાથા મયેં, ખત કમરમેં ટટોલતાથા મયેં;
કભી પીતાથા પાઉં ધોધો કર, કભી હંસ્તાથા ખુબ રોરો કર;
ઉસ્કો હયરત યે માજરા કયા હય, મે જબાંકો જુનું હય, સૌદા હય."

જ્યારે એક વિદ્વાન્ અને વળી પુરુષની, ઇશ્કના જોરે આવી સ્થિતિ કરી નાંખી, ત્યારે જર જેવી એક અબળા પ્રેમના આવેશમાં એવી રીતે પોસ્ટમેનનાં ઓવારણાં લઈ લે, તો એમાં નવાઈ જેવું તે શું કહેવાય? અરે-માણસ તો રહ્યાં માણસને ઠેકાણે, પણ મોટા મોટા દેવતા પયગમ્બરો બલ્કે ઈશ્વર પોતે પણ પ્રેમાધીન છે, ત્યારે મનુષ્ય પ્રેમાધીન હોય, એમાં શંકા જ શાની? અલબત્તા મનુષ્યે સાચા પ્યારને તાબે થવું જ જોઇએ.

જરબાનુએ પત્ર લીધું, ચુમ્યું, નેત્રોમાં આંજ્યું અને આશાથી ધડક ધડક થતી છાતીએ થરથર કાંપતા હસ્તે ઉખેડયું અને વાંચ્યું. એકવાર ફરી, પુનઃ એક વેળા,

વળી એક સમય–એમ સેંકડો વાર વાંચવા છતાં પણ તેને સંતોષ થયો નહિ. તેણે માણેકજીનો ફોટો કાઢયો અને જોયો; મનમાં તો વ્યાકુળતા જેવીની તેવી જ રહી. ખરે જ સંતોષ ન થાય ને તે કયાંથી થાય? જેનું ચિત્ત વાતો કરવા માટે જ તરસતું હોય, તે પત્રનાં પોથાં થોથાંથી કેવી રીતે ધરાય વારૂ?

"જિસ્કો મંજુરે નજર હો દેખના તસ્વીરે યાર;
વો કિસી સુરત ખિંચા મંગવાય ઔર દેખા કરે;
એક મયેં હયરત જદા હોં પુછતા હું દોસ્તો!;
જો ફકત બાતોં હિકા મુશતાક હોવો કયાં કરે?

જાપાનથી આવેલું પત્ર નીચે પ્રમાણે હતું;—

"નેક ખસ્લત, નેક આદત, જાનજીગર જર!;
"ઓ મોહબ્બતના ગુલશનનાં બુલબુલ બેપર;
"ઓ મુજના મનમન્દિરની મીઠી મૂરત!;
"ઓ સાચા સ્વભાવની તું સુંદર સૂરત!;
"આય બાગે જહાનમાં તું જીવે સદા;
"ને મુજના જીગર સાથે લાગે સદા;
"તું ગુલ હું બુલબુલ તું દીપક હું પતંગ;
"બસ તુજ સાથે ભતકું દિલ રાખી ઉમંગ.
"તું જન્નતની હુરીના ગોલાબી ગાલ;
"છે તારા વીના દુન્યા દોજખ મિસાલ.
"તું સાચી છે પ્યારી તું સાચી જીગર;
"છે જુઠો જમાનો ફકત જર વગર.

"પીયારી જરાં! તારા મુબારક હાથનું લખાયલું કાગજ મલિયું. એથી જે "ખુસાલી મારા તુટેલા જીગરને થઇચ, તે લખવાની મારી અદના કલમમાં "તાકત નથી. કેશ્મીરના વ્યુજ મલિયા. બેશક બાગે બેહેસની સીનરી છે. "કેશ્મીરના બેહેસ હોવામાં જો કંઈ કસર હુતી, તો ફકત એક હુરની, અને તે "જીગરે જઇને તે કસર પુરી કીધી, હવે તારો અદના આશક તદન તંદુરસ્ત છે. "ડાકટરે બોમ્બે જવાની રજા આપીચ. બસ હવે થોડા જ દહારાની જુદાઈ "બાકી છે. પાંચમે દહાડે સ્ટીમરપર સવાર થવસ કે બે અઠવારિયામાં બોમ્બે "આવસ. દિલ તો મ્હાય છે કે, પેહલો કલકત્તા થતો કેશ્મીર આઉં, પન માય- "બાપની ફિકર તેમ કરતો રોકે છે. હાય! પાલવે ઉતરસ, તે વખતે તુજ

"પ્યારીનાં દીદાર નહીં થાય, એ કેવું અજબ ગજબ જેવું! જાન, જો બને તો
"તુંબી જલદી બોમ્બે આવવાની ટ્રાઈ કરજે કે, મારું બલતું જીગર તારાં દરસ-
"નથી ઠંડું કરું. તારો પયગામ લાવનાર હિન્દુ ઘનો જ ભલો માનસ છે. મને
"તે ઘનો જ ગમેંચ. ગ્રેજ્યુએટ પન થએલો છે. પન અહીંયાં એક જાપાનીસ
"લેડી તેને કબુતર બનાવી દે એમ લાગે છે. મને બી તેણી એક બે વખત
"મળીતી. તેણીને એ જ મેડનેસ લાગુંચ કે, કોઈ ઇન્ડિયન માનસથી ચાર ચોખા
"પારી લે; પન પેહેલાં તેને બુધ્ધ કરી પછી પજે. આપુને તો ગરીબરો જરથો-
"સ્તી મજહબ અને સાદી માદી જરથી કામ હતું, એટલે તેણીનું કંઈ વરિયું
"નહીં. પન હું ધારુંચ કે, તારો હિન્દુ અહીં ગોથું ખાઈ જસે. એમ તો ઘનો જ
"સમઝદાર ને બાહોશ છે. પન કડક છે, એટલે પૈસાની લાલચમાં લપસી પરે
"એ બનવા જોગ છે. વરી એ જાપાની લેડી બહુ ચીકાસવારી છે, એતલે વખતે
"તે ગરીબ થાપ ખાઈ જાય. ચાલ રજા લેઉંચ, ખુદા કરસે તો બહુ જલદી મલસું.

લી. તારો સદાનો ચાહનાર ચાકર,

એમ. અરદેસર.

"એક બે અઠવાડિયાંમાં મુંબઈ આવશે? કોણ? માણેકજી? ઓહોહો!" આ શબ્દો જરને કેવા લાગ્યા? તીર જેવા. કારણ? કારણ એ જ કે, તેના મનનો માલિક મુંબઈ આવે અને તે પોતે લાહોરમાં હોય, એ જીવવું જ સું કામનું?

"છુટ જાયેં ગમકે હાથોંસે જો નિકળે દમ કહીં;
ખાક અયસી જિન્દગીપર તુમ કહીં ઔર હમ કહીં."

વળી જાપાની લેડીની વાત પણ કાંઇક ફાંસ જેવી ખટકવા માંડી. "માણેકને સાટે 'ચંદ' જો જાપાનણ સાથે પરણી જાય, તો કંઈ નહિ; કારણ કે, તે રાંડેલો છે. પણ માણેક સાથે 'જી' જો એવો ભુલે ચુકે વિચાર કરે, તો "ગોપીયનકી કૌન ગતિ?"

શોક! ઓ ગજબ! એ શબ્દ ગમે તેના કાનના પડદા ફાડી નાંખવાને સમર્થ છે. બસ હવે મુંબઈ જવું જ જોઇએ–લાહોરમાં ભલે લાહ્ય લાગે! જાપાન જવાતું હોય, તો તેમ કરવાની ઇચ્છા પણ ઉભરાઈ આવી. પરંતુ પાંખો ક્યાં? રજા કોની? બસ મુંબઈ અને મુંબઇનો જ ઘોષ કાનના બહેર ફાડી નાંખવા લાગ્યો. પણ કેવી રીતે જવાશે, એની તેના મનમાં બહુ જ જબરી ગુંચવણ હતી.

પ્રકરણ ૩૬ મું

મુંબઇનું નોતું

સાંઝના પોસ્ટમેને આવીને બે પરબીડિયાં જર સામે મુક્યાં. એકમાં કંકોત્રી અથવા ઇન્વિટેશન કાર્ડ હતો અને બીજામાં એક કાગળ હતો. કાર્ડ નીચે પ્રમાણે હતો:—

"મુંબઈ તા૦ ૧૦ મી મે ૧૯૦........

"મેહેરબાન બેહેનજી,

"જત બેહેનજીને લખવા વિનતિ એ છે જે, હમારાં દીકરી બાઈ **સીરીનની** શેહાદી હમારા ભાણેજ **દાદાભાઈ માણેકજી** મામાની સાથે રોજ ૧૧ મો ખોરસેદ માહા નવમો આદર શહેનશાહી સને ૧૨..... ...ઇઝદેજરદી—તા૦ ૨૪ મી મેને વાર મંગલને દિને છે. માટે મેહેરબાની કરી એ શુભ અવસરે ગિરગામ મધે આલબ્લેસ બાગમાં વહુ દીકરીઓ સાથે પાછલા પહોરના ચાર કલાકને અમલે સોપારા તથા વરણીની મીજલસમાં સામેલ થઈ રાત્રે સાત કલાકે એ જ મુકામપર ખાણાંપર બીરાજી અમોને આભારી કરસોજી.

લા૦ દુવાગો બહેન,

આવાંબાઈ મંચેરશાહ બરજોરજી છાપગર

ની દુઆ સલામ."

કાર્ડ વાંચતાં જ જરના હૈયામાં મુંબઈ જવાની આશા પ્રકટી. ત્યાર પછી તેણે કાગળ ઉખેડીને વાંચ્યો—તે નીચે પ્રમાણે:—

"બ્હેન જરાં જોગ:—

"જત આય સાથે એક કાર્ડ લગનનાં નોતરાંનો તમો બેહેન તથા તમારા બાવાજીને મલસે. મારાં લગનને તાંકને તમો બેહેનનું આવવું ઘનું જ ખુસાલી ભરિયું ગનાસે બેહેનજી! આપરી સગાઇને એક તરફ મુકી ફકત દોસ્તી તરફ જોતાંબી તમારી આવવાની ફરજ છે. હું બહોસ કરી લખુંચ કે તમારે આવવું જ પરસે. ગુલાંના લગન વખતે તો તમો મુંબઈ હુતાં એટલે આયાંતાં જ, પન આજે મારાં લગન વખતે લાહોરથી આવસો તો જ આપરાં સહીપનાં તેમ જ સગાઇને સોભા મલસે. જો તમો નહીં આવો તો તમારાં લગનમાં હું તેનો બદલો

લેવસ. જર ! તુને મારા સમ છે, જો એ બહાને ઘને ઘને દહારે મલસું. જો ખુદાને ખાતર આવજે જ.

"લા૦ તારી સદાની ખેરખાહ બેહેન,
"સીરીન મંચેરશાહ બરજોરજી છાપગર.

તા૦ ક૦:-વરી લાહોરવેર દસ્તુરનાં તેરાંની વાર નાં જોતી હાં !
સી. મં. બ. છા."

એ મંચેરશાહ બરજોરજી છાપગર, એદલજીના મામાનો છોકરો થતો હતો અને તે પૈસે ટકે સુખી હતો. તેનો રહેવાનો બંગલો વાલકેશ્વરમાં હતો અને પેઢી કોટમાં હતી. જરે એ તકનો લાભ લીધો અને કાર્ડ તથા કાગળ લઇને તે એક પંથ દો કાજ કરવા પોતાના પિતા પાસે દોડી.

"હું સમજિયો, તું સું કામ આવીચ તે, દુકતી !" એદલજીએ પેપરને ટેબલપર મુકતાં હસતે મુખડે કહ્યું. "પન હું કંઈ તુંને મુંબઈ જવા દેવાનો નથી."

"આં આં બાવાજી ! એમ કાંય ?" જરે લાડથી ડોકું હલાવીને પૂછ્યું. "હું તો એ જ વાસ્તે આવીતી."

"મને બી નોતરાંનો કાર્ડ મલિયોચ," એદલજીએ પોતાને આવેલો કાર્ડ ટેબલપરથી ઉચકી બતાવતાં કહ્યું. "વરી મંચેરશાહનો એક જુદો કાગજ બી મારીપર આયોચ. તેમાં જો કામકાજનું બહાનું કરી હું નહી જાઊં, તો તુને તો જરૂર મોકલું, એવી બહોસ કીધીચ."

"બાવાજી !" જરે એદલજીના બોલ પકડી લીધા. "મને બી સીરીને એક જુદું કાગજ લખિયુંચ ને વરી ગુલાંના લગન વખતે હું ઉતી ને તેના લગનપર નહીં જવસ તો તે મારાં-"

"હા-હા-સરમાયચ કાંય ?" એદલજીએ સમજી જઇને જરને ખીજવવા માંડી. "કેહની કે તારાં લગનમાં તેબી નહીં આવસે, એમજ ની ? અરે વાહરે પોરી ! તારે તું બી વરી પનવાનાં કે, હેં ? તુંને કારીમેસ જેવીને પનસે કોન ?"

"હવે જોવ હાં બાવાજી ! તમે બી મને જંગલા જેવી ગોરીને ઇન્સલ્ટ કરોચ તે !" જરે એદલજીનાં પાસાંમાં બેસીને ગેલ કરતાં કહ્યું. "વરી હું હમણા જ કેશ્મીર જઇને બધી ગોરી થૈ આવીચ ને તમે એમ સું બોલોચ જે ?"

"તારી મરજી હોય, તો ભલે જા મારાં ફરજન્દ !" એદલજીએ આનંદથી આજ્ઞા આપી અને જરનું હૈયું હાય હાય ઉછળવા માંડ્યું. "પન મને વરી એકલા રહેવું પરસે."

"હું બહુ જલદી પાછી આવસ, મરૂ–બાવાજી!" જરે કાલાવાલા કરીને કહ્યું. "મારી સીરીન સાથ મલસ, પછી મને બીજું કામ સું છે?"

જો કે જર એ શબ્દો બોલી તો ગઇ ખરી, પણ તેના નિર્મળ અંતઃકરણમાં અવશ્ય એમ તો લાગ્યું જ કે, કોઈ પ્રબળ શક્તિએ તેને ન ધારેલી રીતે જુઠું બોલાવીને પિતા પાસે અપરાધીની બનાવી હતી. એ પ્રબળશક્તિ તે પ્રેમભાવના હતી. જરના મનમાં સીરીનને મળવા કરતાં માણેકજીને મળવાની અભિલાષા પ્રબળ અને વધારે હતી અને તેણે જ તેને મુંબઈ જવા ઉશ્કેરી હતી.

"કાલથી જ તેયારી કરવી પરસે;" એદલજીએ કહ્યું. "સીરીનને એક હીરાની વીંટી કરસું ને દાદી મામાને એકાવન રૂપિયા કરસું એટલે ગંગા ન્હાયાં! બાકીનો મુંબઇ જવાઆવવાનો ખરચ તારા ગજવામાંથી આપજે, કેમ બસની?"

"ઓ હું મરું રે મારા હાતમહિલ બાવાજીપરથી!" જર વારણાં લઈ બોલી. "બધું જ તો તમો જીનરઇભરિયા આપોચ; વરી હું કોન ને મારું ગજવું સું. પન હું એમ પુછું બાવાજી! કે દાદી મામો તો મોટો મેસ્મેરાઇજમનો પ્રોફેસર થવાની ને આખો જનમ ભરમચારી રહેવાની ડફાંસ મારતો થો ને વરી એ ગરામાં તોક સાનો ઓરવવા નિકરિયો?"

"અરે એ બધા ધનક જ તો બેટા!" એદલજીએ પોતાનો ખરેખરો અભિપ્રાય આપતાં કહેવા માંડ્યું. "આજકાલના પારસીના દુકતાઓ થોરું ઘનું અંગરેજી વાંચતાં લખતાં સીખેચ કે બસ ઘરપર સરજ નથી રાખતા. સબ મેં મર્યંનો તો જાને, એ અધુરા ઘરાઓએ નિયમ જ બાંધી રાખિયોચ ને વરી પેપરોવાળા તે લોકને જરાજરામાં એવાં તો ઉત્તેજન આપેચ કે તેવા અધકચરાઓ અમથા ફુલીને મરેચ. તેમાં પોશાકની ઘેલછા તો ગજબની જ વધી પરીચ. બોલે બોલ અંગરેજી બોલ ગોઠવી જાને કેવાક સીખેલા હોય તેમ ખોટું ડોલ ઘાલવું, નેકટાઈ કોલર વેર તો ધુર વારી, પણ જંગલાનાં ટોપાં પહેરીને ગેપાઉં જેવા થઈ ફરવામાં જ આબરૂ માનેચ. ઘેરમાં વાંસ ફરે તો હાંલ્લું નહીં નરે, પન તરીમતરાક થઇને મોરામાં ચિરૂટ ઘાલી અકરમાં ને અકરમાં જ ફરી મરેચ. ખોદાય જરથોસ્તી કામપર રહેમ કરે! છકેલા પોરિયાઓ હદ જ કરેચ. તેમાં વરી દેખાદેખી દુકતીઓ સાઇકલીસ્ટ થઇ મુઇચ તે સારીપર મડમનાં ટોપલાં ઘાલી ફરી મરેચ તે તો એવી કડવા ધાયચ કે તોબા ખોદા! ને ધુરપર લીંપન, ગરાંપર રૂમાલ બાંધેચ."

"પન બાવાજી! એક બીજો બી વાંધો આય લગનમાં થાય, એમ મને લાગેચ." જરે ડાહી થઇને કહ્યું. "મામો તો સુધરેલો ને વરી કદમી છે ને મંચે-

રજી તો આપરી કાની પાકકો સેહનશાહી છે. લ્હારે બીજી વખતના આસીરવાદના વાંધાનું સું થસે?"

"કંઈ નહીં રે દીકરી! એ કદમી ને સહેનસાહી બધા જ જરથોસ્તી;" એદલજીએ ઇઝીચેરપર પગ લાંબા કરીને કહ્યું. "બેહેસ્ત બિચારા મુલ્લાં ફીરોજને તે તેણે વરી આલસુઓ માટે દર્દીને જોઇએ તેવું તળીબ ફરમાવિયું. કહાં છે તે પુરાતન જરથોસ્તી વીરો? આય નકલી જાંગલાઓએ બધો તરાપો ડુબારિયો! સું જન્દભાસામાં આપેલા આસીરવાદ છે ને સંસ્કૃતના આસીરવાદ તે ગારબેર છે? ખોદાય ગોરથમાન બેહેસ્ત આપે સર જમસેદજીનાં અશોરૂહને! બેહેસ્તી આખો દહારો ઘેરમાં બી પાઘરી રાખતા, કે જ્યારે આય છકેલા જાંગલાઓ ટોપી પહેરીતાં બી ગરમીથી ગભરાઇને બેહોસ થઈ જાયચ!! બેહેસ્તન ક્વીન વિકટોરિયાથી માંડીને અદના અંગરેજ લેર પારસીની ઓરખાન આપતાં સર જમસેદજીની જાત છે, એમ કેહેચ. બીજો કોઈ એવો નહીં જનમિયો કે તેની જાત તરીકેની આપરે વરે કોઈ ઓરખ આપી સકે."

"અરે રે—તેવા નરો તો ખરે જ પેદા થવા મુસ્કેલ છે;" સાચી જરે દીર્ઘ નિઃશ્વાસ નાંખીને પોતાની અનુમતિ દર્શાવી.

"અરે દીકરી! સર બાર્ટલ ફ્રીયર એક ટાઇમમાં મુંબઇનો ગવર્નર હતો. તે એક દહારો આપરા ફરામજી કાવસજી બનાજી વારાના મજગામના બંગલામાં કંઈ કામસર વગર ખબર આપવે ગિયો. ફરામજી તે વખતે હજામત કરાવતા થા. બિચારો ગવર્નર જેવો ગવર્નર, લગભગ દસ મીનીટ મુગો મુગો ઊભો રહ્યો ને તેવન હજામત કરાવી ઉઠિયા લ્હારે જ મુલાકાત લીધી. જો કે તેવને આરસીમાંથી પાછલ ઊભેલા ગવર્નરને આબેહુબ જોયો તો, પન અરધી હજામતમાંથી ઉઠી ખુસામત કરવી, એ હીનપસતી ભરેલું ધારી પોતાનો ટેક છોરિયો નહીં. પન હવે તો પારસી કોમનો તે દહારો આયોચ કે, એક કચરાપટીનો અમલદાર કોઇ પારસીના ઘેરમાં જાય, તો તે ખાતો ખાતો અનાજપરથી ઊઠીને ઊભો થઈ તેની ખુસામત કરવા મંડી પરે, ને વરી પોતાને હાથે જ એકાદ આર્ટીકલ લખી પેપરમાં મોકલે કે, આજે ફલાના સાહેબે ઢીકરા પારસીને લ્હાં પધરામની કીધી. વરી અંગરેજો બી તેવા સાલેસ અને ખાનદાન હિંદમાં નથી આવતા. રીપન જેવા માંયના પુત કહાં આવેચ? હવે તો આય કર્ઝન જેવા ગવર્નર જનરલો આયા કે, જેમણે આખા દેસનો નાસ કીધો તો કીધો, પન બધાના બાપદાદાને મ્હોને મ્હોન જાુઠાબી કહ્યા! ને ફુલર જેવા અકડખાં રૈયત મારુ અડમુઠા આયા

કે, ગરીબડી બંગાલી રૈયતપર હથિયાર ઉચકાયાં ને એમર્સન જેવા મગરૂર માજીસ્ત્રેટ કે જેણે સુરેન્દ્રનાથ જેવા બાહોશ લીડરને ડંડ કીધો. વરી તે ટાઇમ જેવો કોમી સપ (સંપ)બી સપના પેઠે ઉરી ગિયોચ. બેટી! સર ને બનાજી સાથે નાનાશંકર સેઠને નાખુદા જેવા હિંદુ અને મોમીનો બી સામેલ ઊતા, કે જે વાતની વાતપર જ્હાય તે કરી સકે. હવે તો ઘોરા ગારીપર હવા ખાવા જતાં બંગલાઓના હાથમાં હાથ ભેરવીને ફરતાં મડમ સાહેબોને ભડકા જોઇ બીક લાગી તે બેહેસ્તી નાનાશંકરના બનાવેલા સોનાપુરની ભીતપર બીજી ભીત ચનાવવી પરી!"

"ઓ હું ઓવરૈ પોવરૈ જાણું રે મારા પાક્કા વિચારના બાવાજી પરથી;" જુની વાતોથી જોશમાં આવી બાપની બલાઓ લેતી જર બોલી. "એ આટલી બધી વાતો તમે જાનોચ, એમ તો મને સપનેબી ન્હોતો."

"અરે દીકરા! એવી જુની વાતો કેહેઉં તો એક મોટો પોથો ભરાય;" એદલજીએ કહ્યું. એટલામાં ટેબલપર પડેલા એક બીજા કાગળપર નજર પડતાં તે પહેલી વાતોને કોરાણે મૂકીને કહેવા લાગ્યો કે, "હાં, જરાં! તારા માનીતા માણેકચંદનું કાગજ બી આજે જ બપોરે આયુંચ. તે લખેચ કે થોરા દહારામાં લીલાઉં સરૂ થશે. તનેક ઇન્ડિયનો આયાચ, જોઇએ બીજા કોન કોન આવેચ તે ને માણેકચંદ શું અકલમંદીથી માલ મોકલેચ તે."

"તમારી નીયત સારી છે તો, બાવાજી! યજદાન સૌ સારું કરસે. માનેકચંદ બી સમઝદાર માનસ છે, ને દુકાનનો બી અનુભવ મેલવિયોચ, એટલે કંઈ આરું દહોરું તો નહીં જ કરે–સારું કરીને જ આવસે, એવી મારી સોએ સો ટકા ખાતરી છે;" જરે માણેકચંદનાં વખાણ કર્યાં.

પિતા પુત્રીની વાતચિતનો અહીં અંત આવ્યો. એ પછી બીજી ત્રીજી વાતો થઈ અને જર બાપની રજાથી મુંબઈ જવાની તૈયારીમાં પડી. ખરશેદજી પોતાની સ્ત્રી અને પુત્ર સહિત જરબાનો સાથે મુંબઈ જાય એવી વ્યવસ્થા કરવામાં આવી અને જર આનંદાબ્ધિમાં ખેંચાતી આ શેર બોલવા માંડી:–

"ખુદા રખ્ખે મહબ્બતને, કિયે આબાદ દોનો ઘર;
મયેં ઉન્કે દિલમેં રહતી હું, વા મેરે દિલમેં રહતેં હયે."

પ્રકરણ ૩૭ મું

મને તમારી કરો ?

"આપનાં આપેલાં પ્રમાણો બહુ જાણવા જોગ અને ગંભીર છે, છતાં માફી બુદ્ધિની સીમાથી બહાર હોવાને લીધે મારા ધ્યાનમાં ઉતરી શકતાં નથી, અને તેથી ઈશ્વરનું અસ્તિત્વ ન માનવા મારી છાતી ચાલતી નથી;" એ શબ્દો આપણા માણેકચંદ વર્મા એમ. એ. ઉર્ફે ઈસ્તેહામચંદ બહાદરના મુખકમળમાંથી ખરી રહ્યા હતા. ડાકટર શમ્દા સાથે આજે શાસ્ત્રાર્થ થયો હતો. બુદ્ધિઝમનો લગભગ પૂજારી થઈ પડેલો માણેક, જેનું ચિત્ત બુદ્ધના નિયમોપર કુર્બાન થઈ ગયું હતું, તે કેવળ એક જ વાતથી ચમકતો અને દૂર ન્હાસી જતો હતો. ઈશ્વર જેવો એક મનુષ્યના માથે ટોઇયો–સ્વામી–પૂછનાર હોવો જ જોઇએ, એમ તેનું દૃઢતાથી ધારવું હતું. ડાકટર શમ્દા અને મિસ કવડા તેના મનનું સમાધાન કરી શકયાં નહિ. કોમરાસ્કી આશા અને નિરાશાના ઝુલામાં આન્દોલન કરતી જોવામાં આવતી હતી.

"મારા મનમાં ગમે તો ધખારો જ કાં ન બેઠો હોય," માણેકચંદે પાછું બોલવા માંડ્યું. "પણ તે એટલો દૃઢ છે કે, ઈશ્વર શબ્દનો ઇન્કાર અસ્વીકાર કરવાના નામથી મારું હૃદય કંપી જાય છે. હું તો મૌલવી હાલી સાહેબની ચાર લીટીઓને હીરાના અક્ષરોથી મારા હૃદયપટમાં કોતરી ચૂકયો છું–તે આ પ્રમાણે:–

"હિન્દુને *સનમમેં જલ્વા પાયા તેરા;
"આતિશયે †મુગાં ને રાગ ગાયા તેરા;
"‡દહરીને કિયા દહરસે §તાબીર તુઝે;
"‖ઇન્કાર કિસીસે ન બન આયા તેરા.

"આપ મારા વાદનું ધ્યાનપૂર્વક મનન કરશો, તો કદાચિત્ એ હીરાએ લખેલી લીટીઓનું પાણી ઝાંખું પડી જશે;" ડાકટર શમ્દાએ હસતાં હસતાં કહ્યું. "લ્યો આજે તો બહુ અસુરું થયું. વળી કોઇવાર મળી પાછી તકરાર ચલાવીશું;" એમ કહીને ડાકટર હાથ મેળવીને સહુને નમી ચાલતો થયો. પાંચ દશ મીનીટ પછી મીસ કવડા પણ ગચ્છંતિ કરી ગઈ.

"ત્યારે હવે મને પણ આજ્ઞા આપશો ?" માણેકચંદે કોમરાસ્કી ભણી માનની દૃષ્ટિથી જોતાં કહ્યું.

---

* પ્રતિમા–મૂર્ત્તિ. † અગ્ન્યુપાસક. ‡ નાસ્તિક. § ભિન્ન. ‖ અસ્વીકાર.

"હવે તમારે હોટલમાં શી હુંડીઓ લખવી છે?" જાપાનણે કાંઇક કચવાતાં માણેકને રોક્યો. "તમે હવે તો નવરા છો. માણેકજી આરદેશરને પરમ દિવસે વિદાય કરી આવ્યા અને બે દિવસથી લીલાઉંમાં જઇને શેઠનું કામ પણ બજાવો છો, એટલે અત્યારે તો કાંઈ પણ હોય એમ લાગતું તો નથી. તમને એકલા જવું કેમ ગમે છે? મને તો તમારાથી છૂટી પડતાં દુઃખ થાય છે. જુઓ માણેક! મને છોડીને ન જાઓ!" એ શબ્દોએ માણેકના હૃદયમાં કાંઈ એવી લાગણી પેદા કરી કે, જેનું વર્ણન થતું અશક્ય છે. તે ટગર ટગર કોમરાસ્કી ભણી જોતો જ રહ્યો. આમ કરગરી લાડથી બોલવામાં જાણે કોઈ ભેદ સમાયલો હોય, એમ તેને ભાસવા લાગ્યું.

"લ્યો ને-હું તો આ બેઠો. મને તો તમારા સમયનો ભય હતો;" માણેકે ઉત્તર આપ્યું.

"આપણે તો આજકાલ કરન કરતુતખાનેમેં મજબુત હિયે. તમારી એમ ઈચ્છા છે, તો આ આપણે પણ બેઠાં."

"આપણી એ વાતમાં પણ હાજ છે!" માણેકે અનુમતિ આપી.

પછી ગાડી જોડાઈ અને બન્ને જણ વાતો કરતાં કરતાં સમુદ્ર તીરે આવ્યાં. કોચબાન અને સાઇસ જાપાનીઓ જ હતા અને આપણાં પ્રેમી પંખીડાં તો અંગ્રેજીમાં જ વાતો કરતાં હતાં; એટલે ન કુત્તેકા ખટકા ન બિલ્લીકા ગમનો જ મામલો હતો. કોમરાસ્કીના પ્રેમના ઊભરા છેક હોઠ સુધી આવી પહોંચ્યા હતા. આશાની ઊર્મીઓને અંતરમાં દાબી રાખવા જેટલી શક્તિ હવે એ અબળામાં અવશેષ રહી નહોતી. લજ્જા અને સંકોચ તેનો પાલવ પકડીને તેને પાછળ ખેંચતાં હતાં, તેમ પ્રેમ અને યૌવન બધાંપર પાણી ફેરવીને તેને સાફ વાતપર ઊતરવાની ઉશ્કેરણી કરતાં જોવામાં આવતાં હતાં. બાપડી નાજુકડી કોમરાસ્કી, પળે પળે દીર્ઘ નિઃશ્વાસ નાંખીને કંઈ બોલવા જતી હતી, પણ દિલકી દિલમેં રહી જતી હતી, અને બીજી બીજી વાતોમાં જ વખત વહ્યો જતો હતો.

"હું એમ પૂછું મિસ્ટર માણેકચંદ!" હિમ્મત એકઠી કરીને કોમરાસ્કી કહેવા લાગી. "આ......લોકો જે ઇશ્ક ઇશ્ક અને પ્રેમ પ્રેમ શબ્દ બોલે છે તે કંઈ વજુદ ધરાવનારો બોલ છે, કે અમથી બનાવટી વાતો જ છે?"

"મિસ કોમરાસ્કી!" માણેકે જરા વિચાર કરીને પોતાનું મત આપતાં કહ્યું. "હું પોતે તો આજ પર્યન્ત એ શબ્દને સાધારણ જ જાણું છું." એ સાંભળીને કોમરાસ્કીએ એક દીર્ઘ નિઃશ્વાસ નાંખ્યો અને માણેક આગળ બોલવા માંડ્યો;

"કારણ કે, મને પંજાબ યુનિવર્સીટીના પાંજરામાંથી મુક્તિ મળતાં જ નોકરીના ફાળવેચામાં પૂરવામાં આવ્યો હતો—

*"પિનહાં થા †દામે સખ્ત ‡કરીબ આંશિયાનકે;
"ઉડને ન પાયથે કે ગિરફ્તાર હો ગયે."

"એટલે આપવીતી તો આપણે કહી શકતા નથી. હા–પરવીતી કહું તો એમ કહી શકું કે ઇશ્ક એક રોગ છે, કે જેની ઔષધિ, વૈદ્ય, પથ્ય અને આરોગ્ય એ સર્વ કેવળ માશુકનો મિલાપ જ છે. કોઇને કશું દુઃખ ન હોય, ને તેને દુઃખ ભોગવવાની ઉત્કંઠા હોય, તો તે ઇશ્ક શબ્દનો અર્થ પ્રેમ પુસ્તકના પાનામાં ખોળવા જાય. એક મારી ધર્મની બ્હેન, કે જે લાખો સુખની માલિક હતી, તેણે એ રોગ વેચાતો લીધો હતો અને મેં તેની સ્થિતિ આ મારી આંખે જોઈ હતી–ઊંઘ, ભૂખ, ચેન, આરામ અને પોતાનાં તથા પારકાં બધાંને ભૂલી ને ભૂલી પડેલી હરણી પેઠે મારી મારી ફરતી હતી. જેણે ફુલનું બિછાનું અંગારાનું કરી નાંખવું હોય, મોતીના દાણાને ઘંટીમાં દળવા હોય, ખુણા ખોળી ખોળી રડવું હોય, ભર્યાં ભાણાંને ઠોકરો મારવી હોય, મિત્રોને રડાવવા અને શત્રુઓને રાંધ્યાં ધાન ધૂળમાં મેળવવાં હોય ને હસાવવા હોય, તેમણે જ ઇશ્ક અથવા પ્રેમ શબ્દથી પૂર્ણ પરિચિત થવું. એક શાયરે લખ્યું છે કે;–

"યે ઇશ્ક વો હય કે પત્થરકો દમમેં આબ કરે;
"લગાય દિલવહી જિસ્કો ખુદા ખરાબ કરે."

એ ભાષણ અથવા વિવેચને કોમરાસ્કીના હૃદયમાં શો પ્રભાવ નાંખ્યો હશે ? તે બધું શાંતિથી સાંભળતી ગઈ–જરાય ડરી નહિ અને જ્યારે માણેક બોલી રહ્યો, ત્યારે તેનાં નેત્રો સામી બહુ જ પ્રેમ તથા દયા ભરી દૃષ્ટિથી તે જોવા લાગી, અને બોલી;–

"પણ મિસ્ટર માણેકચંદ ! જેણે આખા ભવમાં ઇશ્ક એ શબ્દ એક પ્રકારની મૂર્ખતાનું જ સ્વરૂપ માન્યું હોય, અને પરાણે એ બલા જેને ગળે પડી ગઈ હોય, તેમ જ કોઈ ન ધારેલા સંયોગોથી કોઇની અમુક અદાના તીરથી જે મનુષ્ય ઘાયલ થઈ પડચું હોય, તે શું કરે વારુ ?"

"કરે વળી શું ? પોતાના પ્રેમપાત્ર માશુકને મેળવવાના પ્રયત્નો કરે–પોતાના રોગની દવા કરે;" માણેકે ભોળે ભાવે કહ્યું.

---

* ગુપ્ત–ગુપ્ત † રજાળ–પંશ. ‡ પાસે–નજદીક.

"ત્યારે ઇશ્કના રોગની દવા છે ખરી કે? એના રોગીઓ આરોગ્ય થાય છે ખરા કે?" પ્રેમજાળમાં સપડાયલી પુતળીએ ગદ્દગદ્દ કંઠે પૂછ્યું.

"સંસારમાં એવો તે કયો રોગ છે કે, જેનો ઉપચાર ન હોય?" માણેકચંદે હજી પણ તેના મનોભાવને ન સમજતાં જ કહ્યું.

"ત્યારે આપ મને ઇશ્કના રોગથી મુક્ત થવાની દવા દેખાડી શકશો ખરા?" કોમરાસ્કીએ આશાથી પોતાના નાનકડા હાથો ઉંચા કરીને વિનીત ભાવથી પૂછ્યું.

"હું કાંઈ ડાકટર, વૈદ્ય, કે હકીમ નથી!" ભોળા માણેકે હસતે મોઢે કહ્યું. અને તેનું એ કહેલું-તેનું એ હાસ્ય, અનાથ કોમરાસ્કીના હૃદયમાં બાણના પ્રહારનું કાર્ય કરી ગયું.

"જો આપ પાસે દવા હોય, આપ ડાકટર, હકીમ કે વૈદ્યને સ્થાને, પોતેજ ઇસા, લુકમાન અથવા ધન્વંતરી હો, તો મારો ઉપાય કરો ખરા કે?" કોમરાસ્કીએ દયામણું મોઢું કરીને માણેક ભણી આશાથી જોતાં પૂછ્યું.

"આપના જેવી સભ્ય, શ્રીમતી અને વિદુષી સ્ત્રી માટે મારાથી જે બને તે કરવામાં હું કદાપિ પાછી પેની નહિ કરું;" માણેકે શંકા અને વિચારના વમળમાં ગોથાં ખાતાં કહ્યું.

"જો મને આપનો જ ઇશ્ક લાગ્યો હોય, મારું અંતઃકરણ આપની સેવાની જ અભિલાષા ધરાવતું હોય......"

"મારો ઇશ્ક અને મારી સેવા?" માણેકે આશ્ચર્યચકિત થઇને પૂછ્યું. "માણેકચંદ અને તેનામાં કોઇને મોહિત કરવાનો ગુણ! બાપડા દીન ઇશ્તેહામચંદનું પણ કોઈ ચાહનાર!! બને જ કેમ? થાય જ ક્યાંથી? સંભવે જ શી રીતે? ન રૂપ, ન ગુણ, ન બાંધો, ન કાઠી-કહેવત છે કે, "જર ન જોરફિર કિસ બિર્તેપર શોર?" ક્યાં આપ અને ક્યાં હું?

"કહાં જરો કહાં મેહરે મુનવ્વર!;
"જમીંકી ગઇ પહોંચી આસમાંપર!!"

"માણેકચંદ! એમ ન બોલો;' કોમરાસ્કીએ તેને બોલતો અટકાવ્યો. "કોણ કહે છે કે, તમારામાં ગુણ નથી? હું કહું છું કે, તમે અનેક ગુણના ભંડાર છો; યુવાન્, વિદ્વાન્, કુળવાન, સોહામણા, લેખક, વક્તા ને નમ્ર સ્વભાવના છો. કોઈ પણ સ્ત્રી એના કરતાં એથી વધારે સારા ગુણની આશા રાખી શકે નહિ. કેઈ વાત તમારામાં નથી? માત્ર લક્ષ્મી જ કે કાંઈ બીજું? પ્રેમને લક્ષ્મી સાથે શું લાગે વળગે છે? ફરહાદ પત્થર તોડનાર-સંગ તરાશ-હતો,

શીરીને તેનામાં શું જોયું ? મજનુ ગાંડાની કઇ અદા લયલીને ભાવીતી ? યુસુફમાં જલીખાની શી લાલચ હતી ?"

"એ બધાંમાં કંઈ ને કંઈ તો હશે જ;" માણેકે હજી પણ ન માનવાં હઠ પકડી રાખી. "પણ મારામાં શું છે, તે કંઈ મારાથી અજાણ્યું હોય વારુ ? મન્ આનમ્ કે દાનમ્-મ્હું જે છું તે હું જાણું છું. જેના હાથનાં વીણ્યાં ચાર બોર કોઈ ન લે, તેનાપર મિસ કોમરાસ્કી જેવી ચતુર વિદુષી મોહી પડે, એ બને જ કેમ ? મિસ સાહેબ ! ! આપ શા માટે મુજ ગરીબની હાંસી કરો છો ?"

"મિસ્ટર માણેકચંદ !" કોમરાસ્કી ગંભીર મુદ્રાથી બોલી. "આપ પોતાને જ નહિ. પણ મને અને મારી પરીક્ષણશક્તિને પણ અન્યાય આપો છો અને અપમાન કરો છો. હું અભણ બાળકી નથી, તેમ જ રખડતી રેઢિયાળ, ભોટ કે ભોળી નથી. મેં આપમાં બહુ જોયું છે, કે જે આપ નથી જાણી શકતા. ભ્રૂની મનોહરતા નેત્રોના જોવામાં નથી આવતી અને કસ્તૂરીના સૌગંધ્યથી મૃગ જાણતો હોતો નથી. મોતીનું મૂલ્ય છીપ કયાંથી આંકી શકે ? "કદ્રે ગૌહર શાહદાનદ યા બિદાનદ જૌહરી." હું આંધળી નથી. "ગૌહરકો જેહરી સરાફ જરકો દેખતે હયે; બશરકે દેખનેવાલે બશરકો દેખતે હયેં." આપ પાસે પૈસા નથી અને પૈસાની મને ભૂખ નથી. મારી મિલકતને ઠોકર મારીને ઉછાળી નાંખું, તોપણ પચાસ લાખ–અડધા કરોડથી ઓછી ન થાય. પૈસા જેવી તુચ્છ વસ્તુને પૂછે છે કોણ ? હું આપની છું, તો પૈસા કોના છે ? માત્ર એક જ વાર **મને તમારી** કરો અને આપના જીવનના દફતરમાંથી નિર્ધનતા શબ્દને સદાને માટે કાઢી નાંખો. એમ ન ધારશો કે હું ધનના બળથી તમને વેચાતા લઉં છું, બલ્કે હું પોતે આપની વેચાતી લીધેલી દાસી બનવા માગું છું. આજસુધી જે કોઈ બૌદ્ધ ધર્મનો સ્વીકાર કરે, તેની જ થવાનો મારો નિશ્ચય હતો, પણ આપે મને મારા નિશ્ચયથી ડગાવીને બીજા જ માર્ગમાં દોરી છે. જે આપનો ધર્મ તે જ મારો ધર્મ, આપની દશા તે મારી દશા, આપનું વતન તે મારું વતન અને આપની ઇચ્છા તે મારી ઇચ્છા, એવો જ મારો દૃઢતમ નિશ્ચય થઈ ગયો છે. માણેકચંદજી ! મારા બોલવામાં લેશ માત્ર પણ શંકા લાવશો નહિ–હું સત્ય જ કહું છું કે, જો આપ મારો સ્વીકાર કરશો, તો મારાં અહોભાગ્ય ! ! અને નહિ તો આ સંસારમાંના સમસ્ત પુરુષો મારે મન પિતા અને ભ્રાતા સમાન છે. મારું કોઈ નથી. સગું વ્હાલું મિત્ર જે કાંઈ પણ છો, તે તમે જ છો. હું આપને કોઈ કાળે પણ દગો દઈશ નહિ. આપની જ થઈ રહીશ. દુઃખમાં કે સુખમાં, શાંતિમાં કે આપત્તિમાં, બુરાઇમાં કે ભલાઇમાં, આપના–માત્ર આપના પ્રસ્વેદના

બિંદુપર મારા રક્તની ધારા વહેડાવીશ. નહિ ફરું, નહિ ડગું અને નહિ ચળું—બસ **મને તમારી કરો!"** એમ કહીને કોમરાસ્કીએ માણેકચંદના બંને હાથ પોતાના હાથમાં ઝાલ્યા અને ઉત્તરની વાટ જોતી સામું નિહાળતી બેઠી. અહાહા! વાહરે મનુષ્યનું મન! સત્ય જ કહ્યું છે કે:—

"રોકે નહીં રુકતી હય કિસીપર અગર આઈ;
"આંધીકી તરહ આઈ તબીઅત જિધર આઈ."

"મને કંઈ સુઝતું નથી—હું સમજી શકતો નથી કે, આ સ્વપ્નવત્ વાર્તાનું મારે પ્રત્યુત્તર શું આપવું?" કોમરાસ્કીના જોસભર્યા ભાષણથી દબાયલો અને ગુંચવાયલો ઇમ્તેહામચંદ બોલ્યો—શું બોલ્યો તે તે પોતે પણ સમજ્યો નહિ.

"અકળાઓ નહિ—ઉતાવળ ન કરો, ધીરજથી વિચારીને અને લાભ હાનિને બુદ્ધિના કાંટામાં તોલીને મારી વાતનો જવાબ આપો." કોમરાસ્કીએ શાંતિથી કહ્યું. "આ કંઈ અન્ન, વસ્ત્ર કે જર જવાહર ખરીદવા નથી બેઠાં; આ તો આખા ભવનો સવાલ છે, દિલ જેવી મોંઘી વસ્તુનો સોદો છે અને પારકાંને પોતાનાં કરવાની વાત છે. જો આજ આપને ન ગમતું હોય, તો કાલે, પરમ દહાડે અથવા આપ ચાહો ત્યારે મારી વિનતિપર ધ્યાન દેજો, પણ મને તરછોડશો નહિ—મને હતાશ કે નિરાશ ન કરશો. હું અન્નજળ અને નિદ્રાનો ત્યાગ કરીને આપના ઉત્તરની વાટ જોતી બેસીશ. માટે બીજા કશા માટે નહિ, તો માત્ર દયાને ખાતર મારા સામું જોજો."

માણેકના હૃદયસમુદ્રમાં આ વેળાએ વિચારોના તોફાની મોજાઓ એકએકને હઠાવી દેતા હતા. ન્યાતજાતથી તો કંટાળી બેઠો જ હતો, પણ માતપિતાની માયા તેને હા કહેવાથી રોકતી હતી. એક તરફ ધનના ઢગલે બેસાડવા આવેલી લક્ષ્મીનું હૃદય અને બીજી તરફ માતપિતાની નારાજી—શું કરે અને શું ન કરે?

"આવતી કાલે લીલાઉમાંથી સીધો આપને સદને જ આવીશ અને આપના પ્રશ્નનું ઉત્તર આપીશ;" માણેકે પરાણે પરાણે બે બોલ કહ્યા.

"ભલે જેવી આપની ઇચ્છા;" કોમરાસ્કીએ સંતોષથી કહ્યું. "જોજો, ખૂબ વિચાર કરજો. આપ યુનિવર્સીટીથી કંટાળ્યા છો અને જ્ઞાતિબંધનોથી અકળાયા છો. સ્કુલ કરવા, વિદ્યાવૃદ્ધિ કરવા અને સ્વદેશોન્નતિ કરવાના આપના બધા વિચારોને યથેચ્છ પૂર્ણ કરી શકશો, એ વાતને ધ્યાનમાં રાખીને હાનિલાભનો તોલ કરજો. આપણે ગાંઠથી લાખો રૂપિયા આપવા ઉપરાંત ભાષણોથી ફંડ ભેગું કરીશું, ભારતવર્ષની ભાવી પ્રજાને તેમના ખરા હકો—અધિકારો શા છે, એ સમજાવવાનું બીજ

રોપીશું અને આજકાલ થોડાઘણા જાગૃત થએલા ભારતવર્ષને વિશેષ સચેત કરવાને મનમાનતો પ્રયત્ન કરી શકીશું. માત્ર **મને તમારી કરો!** અને જુઓ કે, આપના અગાધ પરિશ્રમથી મેળવેલા વિદ્યાજ્ઞાનનો પરમાર્થ માટે કેવો ઉપયોગ થાય છે તે. કોચમીન! ફેરવ ગાડી સાહેબના હોટલ ભણી."

ગાડી ચાલી, હોટલ આવ્યું અને કોમરાસ્કીનું વદન પડી ગયું. "અરેરે–શું હું આપથી છૂટી પડું છું! જુઓ મને એકલી ન છોડો;" એમ કરગરતી તે પ્રેમ-ઘેલી આજે પરવશ થઈ રડી પડી.

"તમે આ શું કરો છો?" માણેકે દયા અને દુ:ખથી તેનાં આંસુ લુછતાં કહ્યું. "હ્યો ચાલો–હું તમને ઘર સુધી મુકવા આવું. ત્યાંથી પાછો આવીશ, બસ?"

"બહુ કૃપા;" કોમરાસ્કીએ આભાર માન્યો. ગાડી ચાલી પણ કોમરાસ્કીના મનમાં તો એક જ પોકાર થયા કરતો હતો કે;–

"ગનીમત જાન ઇસ મિલ બયઠનકો;
"જુદાઇકી ઘડી સરપર ખડી હય."

તેમ જ થયું. ઘર આવ્યું, કમ્પાઉન્ડમાં ગાડી વળી. નોકરો સામા આવ્યા અને બારણું ઉઘાડી તેમને ઉતાર્યાં. ગાડીને ફેરવી ઉભી રાખવાનો હુકમ કરી કોમરાસ્કી માણેકનો હાથ પકડીને અંદર લઈ ગઈ અને લાચારીએ રજા આપી. 'જાઓ' શબ્દ કહેતાં તેનું મન કપાઈ જતું હતું. તેને પાછો બોલાવી આડું અવળું જોઇને ઓવારણાં લઈ તેણે વીસેવીસ ટચાકડા ફોડ્યા અને તેઓ વિખુટાં પડ્યાં. નોકર ચાકર પણ આજના રંગથી કંઇક એમ તો સમજ્યાં કે;–

"ઢંગ નિરાલા શૌક દુબાલા આંખો દેખા ભાલા હય;
"તુરંગ સબ પહચાન ગયે કુછ દાલમેં કાલા કાલા હય."

આખી રાત બન્ને જણની ઊંઘનો ઈશ્વર બેલી!

પ્રકરણ ૩૮ મું

લગ્નમાં જ શો લાભ છે?

કોમરાસ્કાથી છૂટો પડીને આપણો માણેકચંદ ઉર્ફે ઇસ્તેહામચંદ પોતાના ઉતારાવાળા હોટલમાં આવી પહોંચ્યો અને ઓરડામાં જઇને બિછાનામાં પડ્યો. પરંતુ મનમાં અનેક વિચારોના એક પછી એક નવીન નવીન તરંગો ઉત્પન્ન થવાથી

તે નિદ્રાનો લેશ માત્ર પણ આસ્વાદ લઈ શકયો નહિ. કૉમરાસ્કીની પ્રાર્થના માન્ય રાખવાથી તેને અનેક લાભો થવાનો સંભવ હતો. પ્રથમ તો એ લાભો વિશે જ તેના મનમાં વિચાર આવવા લાગ્યા;-

"એને પરણવાથી નિર્ધનતાનો સદાને માટે નાશ થશે અને ધન હશે તો ધારેલાં કેટલાંક સત્કાર્યો-પરમાર્થનાં કાર્યો પણ સહજમાં કરી શકાશે. વળી એ સ્ત્રી પોતે વિદુષી હોવાથી ગૃહસૂત્ર પણ ઘણાં જ સુખપૂર્વક અને સમાધાનથી ચાલ્યા કરશે. હું જાતિની ગમે તેટલી પરવા કરીશ અને ધર્મની મૂર્ત્તિ કહેવડાવીશ, તોપણ ધન વિના મને આબરુ પણ મળવાની નથી અને કોઈ સારું કાર્ય પણ થવાનું નથી. ત્યારે એને પરણવામાં આનાકાની શામાટે કરવી? પરણવું એ વધારે સારું તો છે ખરું."

એવી રીતે તે વિચારમાં લીન થઈ ગયો અને પળવાર આંખો મીચીને શય્યામાં પડી રહ્યો. પાછો તેના મનમાં એક સંશયનો જન્મ થયો, અને પુનઃ તે સ્વગત બોલવા લાગ્યો;-

"ના, ના, પરણવાથી કશો લાભ નથી. લાભ થવાનો જે સંભવ છે, તે માત્ર ધનના યોગે. ત્યારે શું કૉમરાસ્કીના મનને કોઈ બીજા માર્ગે વાળી ન શકાય? તે માત્ર જો પોતાના ધનનો મારી ઇચ્છા પ્રમાણે વ્યય કરવાને તત્પર હોય, તો પછી પરણવાની કશી પણ અગત્ય નથી. હું એને પરણું, એથી મારા માતપિતાના મનમાં કેવો ભયંકર આઘાત થાય? મારા ભણ્યા ગણ્યાને લોકો શું કહે? હિંદના જુના વિચારવાળા કહે છે કે "જેઓ ગોટ પીટીયા થયા, તેઓ હાથથી ગયા," તે કહેતીને હું સાચી કરું? વળી જાત ન્યાત જાય, આબરુ ઇજત પણ હિંદી પ્રજામાં ન રહે, બખ ગણાવું! તેમ જ માત્ર ધનના લોભે પરણવાને પ્રેમ લગ્નનું નામ અઘટિત જ થઈ પડે! એ વિવાહ કહેવાય જ નહિ. વળી પરણીને સંસાર વ્યવહારમાં પડવાથી અને વિલાસોપભોગની લાલસા વધવાથી, ગમે તેટલી ધનની વિપુલતા હોવા છતાં પણ, મારાથી કોઈ પરમાર્થનું કાર્ય ભાગ્યે જ બની શકવાની સંભાવના ધારી શકાય છે. જો સંસારના ચક્રમાં પરિવર્તિત રહેવા છતાં સત્કૃત્યો થઈ શકતાં હોત, તો તો સંન્યાસ અને વૈરાગનું મૂલ્ય લેશ માત્ર પણ હોત નહિ. માટે વિવાહના બંધનમાં બંધાઇને પરતંત્ર થવું અને માતપિતાના હૃદય દુઃખવવાં, એના કરતાં ન પરણવું, એ જ વધારે સારું અને લાભકારક છે."

આવા આવા વિચારોમાં, મનની ચંચળતામાં રાત્રિનો બહુધા ઘણોક સમય વીતી ગયો અને અંતે તેણે એ જ, વિચાર કર્યો કે, કૉમરાસ્કીને કોઈ પણ રીતે

સમજાવીને તેનો નિશ્ચય ફેરવવો. પરંતુ વળી પાછો તેના મનમાં એક પ્રશ્ન ઉદ્ભવ્યો કે:–"એ સમજશે ખરી કે? સ્ત્રી છે, નવ યૌવના છે અને સાથે ધનાઢ્ય છે. શાસ્ત્રમાં સ્ત્રીહઠ સર્વથી દૃઢ કહેલી છે, એટલે જો તે પોતાની હઠને નહિ છોડે તો? તો પછી તે વેળાએ ઈશ્વર જેવી બુદ્ધિ આપશે, તે પ્રમાણે વર્તીશ.'

એ વખતે લગભગ પાંચ સાડાપાંચ વાગ્યાનો સુમાર થવા આવ્યો હતો. નભોમંડળમાં તારક વિરલ થતા જતા હતા અને મંદ પ્રકાશની છાયા પ્રસરવા માંડી હતી. પ્રભાતનાં લક્ષણો વ્યક્ત થતાં જતાં હતાં. હોટલમાંના નોકર ચાકરોની દોડધામનો ધ્વનિ તેના સાંભળવામાં આવ્યો. ત્યાં ચાહ તયાર હતી. ચાહ પીને થોડીવાર બેઠા પછી તે બાથરૂમમાં ન્હાવા ગયો. એટલામાં તેને તેડવાને કોમરાસ્કીની ગાડી આવી પહોંચી. તે જેવો ન્હાઈ ધોઇને પોતાના રૂમમાં આવ્યો, તેવો જ તેણે કોમરાસ્કીના કોચમેનને ત્યાં ઉભેલો જોયો. તરત કપડાં બદલીને તે ગાડીમાં સવાર થયો અને સાત વાગ્યામાં તો કોમરાસ્કીના ઇંદ્રભુવન સમાન સદનમાં આવી પહોંચ્યો.

કોમરાસ્કી આતુર હૃદયે પોતાના ભાવી પતિની માર્ગપ્રતીક્ષા કરતી, ગૃહદ્વારમાં જ ઉભી હતી. માણેકચંદના આવતાં જ તે કંપાઉન્ડમાં સામી આવી અને તેનો હાથ પકડીને ઘરમાં લઈ ગઈ. ત્યાં નાસ્તો વગેરે ટેબલપર આગળથી જ ગોઠવી રાખેલું હતું, એટલે તે કઠપૂતળીએ વાતચિત કરવા પહેલાં માણેકચંદને નાસ્તો લેવાનો આગ્રહ કર્યો. નાસ્તો લેવાને કોમરાસ્કી જ્યારે ટેબલપર સામી આવીને બેઠી, ત્યારે તેનાં મુખ અને નેત્રોનું અવલોકન કરવાનો માણેકને પૂર્ણ અવકાશ મળ્યો. તેના મુખમાં મંદતાનું સ્પષ્ટ દર્શન થતું હતું અને તે જાપાની રમણીનાં નેત્રો રક્તવર્ણ થએલાં હતાં. એથી તે તત્કાળ અનુમાન કરી શક્યો કે, પ્રેમઘેલી પ્રમદા પણ આખી રાત ઉંઘી હોય, એમ લાગતું નથી; અને હતું પણ તેમ જ. માનવી પ્રકૃતિ સર્વત્ર સમાન જ છે. કોમરાસ્કીનાં મનમાં પણ રાત્રે "કાલે માણેકચન્દ કોણ જાણે કેવો જવાબ આપશે; તે મારો પત્ની તરીકે સ્વીકાર કરશે કે નહિ?" એવા એવા અનેક વિચારો અને સંશયો થયા કરતા હતા અને તેથી નિદ્રાદેવી આખી રાત તેનાં નેત્રોમાં પણ પ્રવેશ કરી શકી નહોતી. નિદ્રાનો સંબંધ શાંતિ સાથે છે–વિક્ષોભ સાથે નથી.

ઉદરપૂજનના કાર્યની સમાપ્તિ થયા પછી તે બન્ને ઉઠીને ડ્રૉઇંગ રૂમમાં ગયાં. માણેકચન્દ એક જાપાની ઇઝીચેરપર પડ્યો; કોમરાસ્કી એક ખુરસીપર ટેબલને અઢેલીને બેઠી.

"મારી માગણીનો તમે વિચાર કર્યો કે મિસ્ટર માણેકચન્દ ?" કોમરાસ્કીએ વાર્તાનું મંગળાચરણ કર્યું. "મારા ધારવા પ્રમાણે તો તમે પૂરો જ વિચાર કર્યો હશે, અને તમારા મુખમાંથી સંતોષકદાયક ઉત્તર સાંભળવાની જ હું આશા રાખું છું."

"હું પણ એવી જ ઇચ્છા રાખું છું કે, મારા ઉત્તરથી આપને ખરેખરો સંતોષ મળે;" માણેકચંદે દ્વિઅર્થી ઉત્તર આપવા માંડ્યું. "મેં આપની કૃપા વિશે આખી રાત મથીમથીને વિચાર કર્યો છે; પણ હું એમ પૂછું છું કે લગ્નમાં જ શો લાભ છે ?"

"લગ્નમાં જ શો લાભ છે? આ તે વળી કેવો સવાલ ?" કોમરાસ્કીએ તેના વાક્યનો આશ્ચર્યથી પ્રતિ ઉચ્ચાર કર્યો અને એક ધ્યાનથી તેના મુખનું અવલોકન કરવા લાગી.

"મારો પ્રશ્ન તમારા મનમાં કદાચિત્ આશ્ચર્ય તો ઉપજાવશે, પણ વિચાર કરતાં મારો એ પ્રશ્ન તમને લાભકારક જ જણાશે;" માણેકચંદે પોતાના વાક્યનું સમર્થન કરતાં કહ્યું. "પતિપત્નીના સંબંધ કરતાં બંધુભાવનો–મિત્રભાવનો પ્રભાવ બહુ જ મહાન્ છે. હું તમારી સાથે લગ્ન કરું અને તમે મારી ઈચ્છા પ્રમાણે પોતાના ધનનો વ્યય કરો, અને તેમ ન કરું તો નહિ–એમાં શું એક પ્રકારની પ્રત્યક્ષ સ્વાર્થપરાયણતા નથી દેખાતી ? હું એક આર્યાવર્તવાસી છું. અમારા દેશમાં પત્ની તે પતિની એક દાસી જેવી ગણાય છે. પતિ થયા પછી, અત્યારે તમને હું જેવી માનની અને પવિત્રતાની દૃષ્ટિથી જોઈ શકું છું, તેવી પવિત્રતા અને માનની નજરથી જોઈ શકીશ કે નહિ, એની શંકા છે. વળી સંસારબંધન એવું તો વિચિત્ર અને વિલક્ષણ છે કે, સંસારમાં પડ્યા પછી આપણી પરમાર્થ વિશે આવી ભાવનાઓ રહેશે કે નહિ, એનો જ હું નિશ્ચય કરી નથી શકતો. ઉપરાંત મારાં માતા પિતાના મનને દુ:ખવીને તમારા મનને સંતુષ્ટ કરવાનાં કાર્યને પણ હું ઉત્તમ ધારતો નથી. કદાચિત્ જ્ઞાતિસંબંધને તોડી નાખું, તો પણ માતા પિતાનો તો મારે વિચાર કરવો જ જોઇએ. ઈશ્વરકૃપાથી તમે ધનાઢ્ય છો અને પરતંત્રતાની શૃંખલામાં બંધાયાં નથી, તેમ જ હું પણ હાલ તો સંસારના ઝગડાથી મુક્ત થએલો છું–તો એવી મુક્તાવસ્થામાં જ મિત્રભાવથી આપણે ભારતવર્ષના ભદ્રનો પ્રયત્ન કરિયે, તો તે શું વધારે ઉત્તમ નથી ?"

આનું શું ઉત્તર આપવું, તે કોમરાસ્કીને સૂઝ્યું નહિ. આકાશમાં અભ્ર આવવાથી ચંદ્ર જેવી રીતે આચ્છાદિત થઈ જાય છે, તેવી રીતે ગંભીર વિચારરૂપ

અભ્રના આગમનથી તેના સુખચંદ્રપર આચ્છાદન-નિસ્તેજસ્વિતારૂપ આચ્છાદન-આવી ગયું. તેણે બોલવાની ઘણી ઘણી ઇચ્છા કરી, પણ શબ્દને તેના ઓષ્ઠરૂપી દુર્ગને ભેદીને બહાર નીકળવાનો માર્ગ મળી શક્યો નહિ. તેની એવી અવસ્થા જોઇને માણેકચંદ જ આગળ બોલવા મંડયો;-

"તમે જેટલી કૃપા મારા જેવા એક દીન મનુષ્યપર કરી છે, તેની કોઈ કલ્પના પણ કરી શકે એમ નથી. મારે માટે તમે પોતાના ધર્મને-પોતાના પ્રિયતમ બુદ્ધ ધર્મને ત્યાગીને વેદધર્મનો સ્વીકાર કરવાને પણ તૈયાર થયા છો; પણ મારો તમને તે માર્ગે બળાત્કારે દોરવાનો મનોભાવ નથી. બુદ્ધધર્મ અને વેદધર્મ ખરી રીતે જોતાં ભિન્ન નથી જ. ખુશીથી મારી સાથે ભારતવર્ષમાં પધારો, ત્યાં ભાષણો કરીને વિશુદ્ધ બુદ્ધ ધર્મને વધારો અને ધનના યોગે મારા વિચાર પ્રમાણે ત્યાંની શિક્ષણપદ્ધતિને પણ સુધારો. એથી બુદ્ધ દેવની પવિત્ર જન્મભૂમિમાં વસીને પવિત્ર થવાની તમારી ધારણા પણ સફળ થશે અને તમારા ધનના યોગે ભારતવર્ષની પતિત પ્રજાનું પણ કેટલેક અંશે હિત થશે. આપણે પતિપત્નીના સંબંધથી નહિ, તો પવિત્ર પ્રેમથી, પણ સાથે તો વસીશું જ. શું એથી તમારા મનને સંતોષ નહિ થાય?"

બોલી તો નહોતું શકાતું, છતાં પણ મનને એકદમ દૃઢ કરીને કૌમશાસ્કી કહેવા લાગી; "હું આવા ઉત્તરની આશા નહોતી રાખતી. તમે શું પતિપત્નીના સંબંધને અપવિત્ર પ્રેમ માનો છો? જો એમ હોત, તો આજે આપણે આ વિશ્વનું અસ્તિત્વ પણ જોઇ શક્યાં નહોત. માત્ર પરમાર્થની સાધના કરવા કરતાં સ્વાર્થ અને પરમાર્થ ઉભયનું સાધન આપણે સિદ્ધ કરીયે, તો તેમાં શું ખોટું છે? ભારતવર્ષના લોકોમાં સ્ત્રી દાસી તરીકે ગણાતી હોય, તો હું કાંઈ શેઠાણી થવાની ભાવના નથી રાખતી; હું પણ તમારી દાસી જ થવા ઇચ્છું છું અને તે પ્રથમ પણ હું તમને જણાવી ચૂકી છું;" એમ કહીને જરાવાર તે અટકી ગઈ અને તેના મુખ સામું જોઇને પુનઃ બોલી કે; "માણેકચંદ! આવા આવા વાદવિવાદો ઉપજાવીને તમે મારા પ્રેમની પરીક્ષા તો નથી લેતા? મને તો એમ જ લાગે છે. પણ મારો પ્રેમ દૃઢ છે-વજ્ર સમાન છે, એ નિશ્ચિન્ત માનજો."

"હું પતિપત્નીના સંબંધને અપવિત્ર તો માનતો નથી જ; છતાં પણ બંધુભાવ-ઇંદ્રિયસુખથી રહિત હોવાથી તેને વધારે પવિત્ર અને અધિક ઉત્તમ માનું છું. તમારા પ્રેમની પરીક્ષા કરવાનો વિચાર માત્ર પણ આવવો, એ સર્વથા અશક્ય

છે. તમારા પ્રેમની દૃઢતા વિષે મારા મનમાં લેશ માત્ર પણ શંકા નથી. હું જે કહું છું, તે સર્વથા નિષ્કપટથી અને સત્યતાથી જ કહું છું;" માણેકચંદે ખુલાસો કર્યો.

એના ઉત્તરમાં કોમશરસ્કીએ જણાવ્યું કે; "તમે એમ કહ્યું કે, લગ્ન કરું તો જ ભારતવર્ષના લાભ માટે હું મારા ધનનો વ્યય કરવાની છું અને નહિ તો નહિ. પણ એ વિચાર મનમાંથી કાઢી નાંખજો. મેં એકવાર મુખમાંથી વચન કાઢ્યું છે, તે હું મારી આશામાં અફળીભૂત થવા છતાં પણ, હું પૂર્ણ કરીશ. મારું ધન આર્યાવર્તના લાભ માટે જ છે, હવે તેનો બીજા કાર્ય માટે વ્યય થવાનો નથી."

"આપની એ દૃઢતા અને ઉદારતા માટે હું આપને જેટલો ધન્યવાદ આપું તેટલો ઓછો છે, અને આપની જેટલી પ્રશંસા કરું તેટલી ન્યૂન છે;" માણેકચંદે અંતઃકરણપૂર્વક ઉદ્ગાર કાઢ્યા.

"તમારું કહેવું અને તમારા વિચારો કદાચિત્ સર્વાંશે સત્ય હશે, પણ મારી તમારામાંની આશા નીકળી નીકળતી નથી. અત્યારે મારા હૃદયમાં નિરાશાનો એટલો ભયંકર આઘાત થયો છે કે, તે સહન કરવાને સ્ત્રીનું હૃદય સમર્થ ન જ હોઇ શકે. માટે અત્યારે આ વાતને માંડી વાળીને આપણે બીજા ગપાંસપાં ચલાવીએ તો વધારે સારું. સાંઝે નીરાંતે એ વાતનો પાછો વિચાર ચલાવજો. પણ મારી એટલી પ્રાર્થના ધ્યાનમાં રાખજો કે, એક સ્ત્રીના મનને દુઃખવવું પણ સારું તો નથી જ. હજી પણ મારો સ્વીકાર કરવાનો વિચાર કરવાનો શ્રમ લેજો. તમારા નહિ, તો મારા હિતની ધારણા રાખજો."

વળી પણ વાત ખોરંભે પડી અને તેઓ બીજા ગપાંસપાં ઉરાડવા લાગ્યાં. પૂર્વની વાતચિતમાં લગભગ બપોર થવા આવ્યા હતા.

પ્રકરણ ૩૯ મું

એ પંખીડાંનો મિલાપ.

બપોરનો બાર વાગ્યાનો સમય છે. સૂર્યના તાપથી હરણનાં માથાં ફાટી જાય એવો તડકો પડી રહ્યો છે. ટ્રામના ઘોડાઓ પોતાનો દાણો ચારો હલાલ કરતાં માર્ગમાં પછડાઇ પોતાનો પ્યારો પ્રાણ ક્ષણવારમાં છોડી દેતા સ્વધામનો માર્ગ સ્વીકારી રહ્યા છે. ટ્રામવાળાઓએ ટ્રાન્સફર ટીકીટો આપવી બંધ કરેલી છે. ઇરાની, બ્રાહ્મણો અને કાવાખાનાવાળાઓની દુકાનોપર અરક શરબતના ગ્લાસોની માંગણી

કરતા ગ્રાહકોની ટૂટાટૂટ પડી રહી છે. “કોંથી બરફ વેદારે નાંખેછ? છ દોરિયે સેર બરફ થેઇ ગેઇચ.” “એ બાપજી! બે પૈસાનું ગ્લાસ તો અમને મુધું પરે! દેવારું નેહરી જાય!” “અરે બાવા! બરફ કહાંસે લાઉં? કારખાનેવાલોંકા નાસ હો ગયા હય. બેઈમાનોને હદસે જિયાદા ભાને બહડા રખ્ખા હય,” ઇત્યાદિ વાક્યોનું તોરણ, ઉપહારગૃહો અને કાવાખાનાવાળાઓના મોઢેથી નીકળતા સાંભળવામાં આવે છે. એક ગ્લાસ પાણી પીતાં ચાર ગ્લાસ પસીનો નીકળતો હતો અને તેથી નવાં પહેરેલાં વસ્ત્રો ઘાંચીનાં વસ્ત્રો સમાન થઈ જતાં હતાં. ફાટેલા મગજના ગોરાઓની લાતોથી નિત્ય એક બે પંખા કુલીઓના પરલોક પ્રયાણની વાતો, સમાચાર પત્રોદ્વારા બહાર પડતી હતી. પત્રના સંપાદકો પોતાની લેખિનીના ઘોડાઓને કાગલોના મેદાનમાં સરપટ દોડાવી, એ ઘાતકીપણાને અટકાવવા માટેના પોકાર કરી રહ્યા હતા. કુમ્ભકરણની નિદ્રામાં ઉંઘતી સરકાર એ પોકારોને એક કાને સાંભળી બીજા કાને કાઢી નાંખતી હતી. ન દાદ ન ફરિયાદ! મ્યુનિસિપાલીટીના નળનાં રોદણાં, લોકોની આંખોમાં ધૂળનો બેશુમાર ભંડાર, એવી પરશુરામની ભૂમિમાં વસેલી મોહમયી નગરીની અત્યારે ઉષ્ણકાળમાં અવસ્થા હતી. એવા દિવસોમાં પાલવા બંદરપર નેક્ટાય કોલરથી પરાણે જાંગલા બની જવાના ચાળા કરતા, ગરમીને બહાને પાંથાપાંથી દેખાડતા કેટલાક ઉછાછળા પારસી જવાનીયાઓ, ગમે તેટલી ગરમી છતાં પાઘડી ન ઉતારનાર ઠાવકા જુના વિચારના ઘરડાઓ, અને લાલ, લીલી, પીળી, જામલી, ગુલાબી, બસંતી, મોતીયાઈ, પોપટિયા, પતંગી, ગંધકી, ક્રીમ અને સફેદ સાડીઓથી સજેલી, ખબુતરીયા પોલકાના ખલકાથી મલકાતી કેટલીક પારસી પ્રમદાઓનું એક મોટું ટોળું, પાલવા બંદરપર ફરતું અને અવારનવાર દરિયાભણી જોતું દૃષ્ટિગોચર થતું હતું. પાલવાનું વિસ્તૃત વર્ણન કરવા એટલું જ કહેવું બસ થશે કે, જેને પાલવે તે ટ્રામ, વિક્ટોરિયા અથવા રેંકડાને પાલવે વળગી નિજ નેત્રે જ ત્યાંની શોભાને નિહાળી આવે. જવાનો સમય જો સાંઝનો પાંચ વાગ્યાનો હશે, તો વિશેષ લાભદાયક નીવડશે; કારણ કે, ફેશિનની ફિશિયારી અને પાઉડરના લેપડા, બનાવટી બનાવેલા સિંગાર ને આશકોનો ઇન્તેજાર બહાર જોવાનો તેજ વખતે આવે છે.

પાલવા બંદરપર પારસીઓ અને પારસણોનું આ મોટું ટોળું હસતું રમતું ફરી રહ્યું છે. પણ એક તરુણ અબળા જમણા હાથ તરફના ખૂણામાં એકલી અટુલી દરિયાની સપાટીપર આંખો તાણી તાણીને જોઈ રહી છે. વળી વારંવાર તે દીર્ઘ નિઃશ્વાસ નાંખતી દેખાય છે. તે સુંદરીએ ફીકા ઉમદા રંગની ઝીણી રેશમી સાડી પહેરેલી છે અને તેનાપર છૂટી છૂટી સોનેરી કઠોરિયો ટાંકેલી છે. અંદરથી સોનેરી

રંગનાં પોલકાંની ઝળક એવી તો ચિત્તાકર્ષક દેખાય છે કે, દિનકર પોતે પણ તેના આનંદનો આસ્વાદ લેવા, પોતાનાં તેજસ્વી કિરણોથી તેને બેવડો ચમકાવવાનો પ્રયત્ન કરે છે. જ્યારે તે અવારનવાર પોતાના ચંદ્રવદનને સમુદ્ર ભણીથી ફેરવીને, ધરણી તરફ જુએ છે, ત્યારે વાદળામાંથી નીકળતા ચંદ્ર અથવા ગોરજનાં વાદળાંમાંથી ગોકુલને ગોંદરે આવતા શ્રીકૃષ્ણચન્દ્રની મૂર્તિનું દર્શન થઈ જતું હોયની, તેવો જ આબેહુબ ભાસ થાય છે. પ્રિય વાચક ! તારા ઓળખવામાં તો એ નવયુવતી આવી જ ગઈ હશે. એ પારસી મહિલા બીજી કોઇ જ નહિ, પણ આપણી નવલકથાની નાયિકા જરબાનો જ છે. તે ચાતક પ્રમાણે પોતાના પ્રિયકરની, પ્રિય સ્વાતિબુંદની વાટ જોતી સમુદ્રપાર દૃષ્ટિ દોડાવી રહી છે. એટલામાં બે સ્ટીમ લાંચિસ આવી અને એકમાં જર તથા મંચેરશાહ અને બીજીમાં માણેકજીનાં માતપિતા અને ભાઇઓ ઇત્યાદિ બેઠાં.

"માયજી ! માયજી ! જોવ પેલી જે સ્ટીમર દુરથી આવેચ તેમાં જ ભાઈ આવસે;" માણેકજીના સૌથી ન્હાના ભાઇએ બુમ પાડીને કહ્યું. બધાંની આંખો તે તરફ ખેંચાઈ રહી. કેટલાકો દુર્બીનથી જોવામાં રોકાયાં અને કેટલાંકનાં હૈયાં એકદમ કુદકો મારીને આવતી સ્ટીમરપરનો ધુમાડો જોવાને ઉસ્કેરાઈ ગયાં. અન્તે સર્વની આશા ફલીભૂત થઈ. સ્ટીમર આવી પહોંચી. લાન્ચો પણ દરિયાની પીઠપર લાડથી નાચતી ઉછળતી તેની પાસે જઈ લાગી. માણેકજી તુતકના કઠેરા પાસે આવી લાગ્યો. તેની પ્રથમ દૃષ્ટિ પોતાનાં માતપિતા અને ભાઇઓપર પડી. હર્ષથી ઉછાળા મારી બહાર નીકળી આવતાં હૃદયપર હાથ દાબીને ઉભય પક્ષવાળાએ ધૈર્ય રાખવાની ચેષ્ટા કરી. સેંકડો જીવડામાંથી પ્રારબ્ધવશ ઉગરેલા પોતાના હૃદયના કટકાને ગળે વળગાડવા બેસબ્ર-અધીર બનેલાં માતાપિતાની અધીરતા, એક ઉદરમાં પગ પસારેલા ભાઇઓની ભાઇને મળવાની ઉત્કંઠા, તેમ જ માણેકની સ્ટીમરપરથી ઉતરીને તેઓને મળવા અને હર્ષનાં અશ્રુ વર્ષાવવાની ઉત્સુકતાનો દેખાવ, યથાવત્ ચિતરવાની શક્તિ તો કોઈ મહાન્ કવિની લેખિનીમાં જ હશે. માણેક પોતાનાં વ્હાલાંઓ ભણી જોવામાં એટલો બધો લીન થઈ ગયો હતો કે, બીજી પાસ કોણ આવ્યું છે, અને કોના માટે આવ્યું છે, એનું તેને ભાન જ હતું નહિ. જર મુંબઇમાં આવી છે. એ વાતનું તો તેને સ્વપ્ન પણ ક્યાંથી હોય ? અર્થાત્ જરના આગમનથી તે સર્વથા અજ્ઞાત હતો.

બીજી તરફ બીજી લાન્ચમાંથી જરની મુન્તજિર આશાપૂર્ણ આંખો માણેકજીના વદનભણી નિહાળી પોકારપર પોકાર કરી રહી હતી કેઃ—

"દેખ તો એ સરે તુર્બતસે ગુજરને વાલે !;
"હમ વહી હયેંગે તેરી ચાહમેં મરને વાલે."

છાતીમાં ધમણો ફુંકાઈ રહી હતી, મન 'મને જો-મને જો' એમ પોકારી રહ્યું હતું. પણ નિરાશા. માણેક તે તરફ ઝાંખતોય નહોતો. તેમ છતાં જરનું હઠીલું હૈયું તો એમ જ બોલી રહ્યું હતું કે;-

"વો હમે દેખેં ન દેખેં હમ ઉન્હેં દેખા કરેં."

અંતે સીડીઓ સરી, નિ:સરણીઓ ઉતરી, પેસેન્જરો ઉતર્યા, માણેકજી પણ ઉતર્યો અને પોતાનાં પ્યારાંની મીઠી ગોદમાં અનેકવાર ચંપાયો, આંસુઓની ધારાઓ વહી રહી, ઓવારણાં લેવાયાં, ઈશ્વરના આભારો મનાયા, પુષ્પમાળાઓ આરોપાઈ, સ્ટીમ લાંચો બંદર ભણી ભમી, બીજી સ્ટીમલાન્ચોવાળાઓએ હર્ષનાદ કર્યા, માણેકે તે તરફ જોયું. અકસ્માત્ ચાર આંખોની એકતા થઈ અને માણેકજી ચમકયો. જરને ચક્કર આવ્યાં અને મુખપર રુમાલ દાબીને તે બેસી ગઈ, મંચેરશાહને ત્યાં લગ્નનો લ્હાવો લૂટવા આવેલો એક રંગુન નિવાસી ધનાઢય શેઠિયો સગો ઊતર્યો અને મુબારકબાદીના પોકારોમાં અર્ધ બેભાન પડેલી જરની કોઇએ ભાળ પણ ન લીધી. ખરું જોતાં જર કેવળ માણેકજીને જોવા માટે જ આવેલી હતી. તે મંચેરશાહને ત્યાં જ ઊતરી હતી અને આવનાર પરોણાના ઇસ્તકબાલને બહાને પોતાના પ્યારાનાં દર્શને આવી હતી. માણેકજીવાળી સ્ટીમલાંચ તો કિનારે પણ પહોંચી ગઈ. ગાડીઓમાં બેસી તે લોકો ઘર ભણી ચાલ્યાં. મંચેરશાહવાળાંઓ પણ પોતાના મેહમાનને લઇને બંગલે પહોંચી ગયાં. જર પોતાના ઉતારાવાળા ઓરડામાં જઇ થાક તથા હર્ષથી એક ઇઝીચેરપર પડી. થોડીવાર પછી મન શાંત કરી એક ચિઠ્ઠી લખી, એક માણસ સાથે તેણે મોકલી. ચિઠ્ઠી નીચે પ્રમાણે હતી:-

"મારા દિલના માલીક,

"જો કે તમે તો મારા તરફ ઝાંખીને જોવામાં બી કંજુસાઇ કીધી, પન તમારા "દીદારની ભુખી કોઇ ઝુરતી આંખો, ચક્કર ન આવતાં સુધી તમુને જ જોયા કરતી'- "તી. આજે તો મુસાફરીની થાકથી થાકેલાં નાજુક બદનને આરામ આપો. આવતી "કાલે સાંઝે છથી સવા છ સુધીમાં મહાલક્ષ્મીની પાસે તોપખાના પર મલવા આવવા "ઉપકાર કરસો. બસ એજ અરજ-લા. તમારા દીદારની ઇન્તેજાર જર બેકરાર."

એક કવિએ લખ્યું છે કે:—

"હોતી જુરુર ઇશ્કમેં હર દિવસે દિલકો રાહ;
"દીનોંતરફસે પ્યાર હો, દીનોંતરફસેં ચાહ."

વળી બીજો કવિ કહે છે કે:—

"ઇશ્કમેં યહ બાત નહો ક્યા મઅની?
"જજબે કામિલમેં કમાલાત નહો, કયા મઅની?
"ઇશ્કબાજીમેં કરામાત નહો ક્યા મઅની?
"જિસ્કો જી ચાહે; મુલાકાત નહો, ક્યા મઅની?"

ત્યારે ઇશ્ક એકેકને ખેંચનાર હોય, એમ આપણને માનવાનું કારણ મળે છે. કારણ કે, તેમ ન હોય, તો કવિની કલ્પના આ લીટી ન લખી શકતઃ–

"લયલીને ફસ્દ લીથી, તો મજનુંકે ખુંબહા;"

વળી મહાત્મા ભક્ત શિરોમણી તુલસીદાસ પણ કહે છે,

"જાકા જાસે સત્ય સનેહુ, સો તિહિ મિલિહે નાંહિ સંદેહુ."

વાસ્તવિક છે. હૃદય એક પ્રકારની તાર ઓફિસ છે. જો વાંચનારે વીજળી ખાતામાં નોકરી કરી હશે, તો તેને માશુકના પળે પળના તાર આવ્યા જશે. તે હાય શા કામની કે જે હૃદયને કંપાયમાન ન કરી શકે? તે નેત્રો શા ઉપયોગનાં કે, જે પોતાના દૃષ્ટિવિષયને વીંધીને આરપાર નીકળી ન જાય? જે વેળાએ જરના મનમાં ચિઠ્ઠી લખવાનો વિચાર સ્ફુર્યો હતો, તેજ વેળાએ માણેકજીના મનમાણિક્યમાં પણ પ્રેમનું પાણી ચમકી નીકળ્યું હતું. તેણે પણ એક ચિઠ્ઠી લખી અને ભપકામાં બોયને બોલાવી નિશાની પત્તો આપી તે દમમાંજ બોલ્યો કે;–

"વો બાઇ કો દેવ, ઓર બોલો એક પારસી બાઇ ભૂલમેં અમારે સેઠકા પાસ દે ગયા–સો સેઠ તુમપર ભેજા."

"અચ્છા સાબ!" બોલી બોય વાલકેશ્વર ભણી ચાલતો થયો. એ જ બનાવ બન્ને તરફ લાગેલી એક સરખી અગનની આપણને ચેતવણી આપે છે.

"ચાહતકા મજા જબ હયકે વોભી હો બેકરાર;
દોનોં તરફ હો આગ બરાબર લગી હુઇ."

માણેકનું પત્ર નીચે પ્રમાણે હતું:–

"દીલબર જર! જો કે થાક અને ચક્કરના લીધે બુરો હાલ છે, છતાં તારી "ખિદમતમાં બે લાઇન લખવા વગર ચાલતું નથી. ડીયર! આજે તો કોઇ બી "રીતે નીકળી સકાય તેમ નથી. આવતી કાલે તારા હુકમ પરમાને જ્યાં કહે ત્યાં

"આવી તારાં દીદાર કરવા હાજર થાઉં. તું પ્યારીના જવાબ પછી જ હું થોરી
"વાર સુવસ. આંગ બહુ દુઃખે છે, માટે જવાબ જલદી લખજે.

"લા. તારો સાચો આશક,

મા. અરદેશર."

બન્ને જણને પત્રો પાંચ પાંચ દસ દસ મીનીટને અંતરે મલ્યાં. માણેકજીએ તો ચીઠ્ઠી લાવનારને સલામ કહેવા કહી રુખ્સત કર્યો અને પોતે બિછાનાપર પડી જરા આડો થયો. આંખ મળી ન મળી કે જાણે મહાલક્ષ્મી, તોપખાનું અને જરની મુલાકાત આદિ સ્વપ્નોના તરંગમાં તે તણાવા માંડ્યો. ત્યાં જર પોતાના પ્યારાના પત્રથી હર્ષઘેલી બની તેનું ઉત્તર લખવા બેઠી. તેણીએ લખ્યું;–

"મારા યાદ કરનાર દીલદાર વફાદાર

"ગરુર નાં કરતા કે તમે જ પહેલાં ચીઠ્ઠી લખી હોય. હું ધારુંચ કે, મારી ચીઠ્ઠી બી તમુને મલી જ હોસે. મલવાની જગાબી તમારા પુછવા પહેલાં જ જેને
"ગરજ હુતી, તેણે લખી મોકલીચ. જોઇએ કોન પોતાના વાયદા પર બરાબર
"લખેલે ટાઇમે આવેચ. વરી મને બહુ ગુસ્સો લાગેચ કે તમે "આશક" બોલ
"લખોચ. ફરીથી ના લખતા. આશકનો દરજો તો મારો છે. ખયર તમને વાંચ-
"વાની તકલીફ પરસે વાસ્તે વધુ લખતી નથી. લા. તમારી જ તમારી જર."

બીજો દહાડો ઉગ્યો. એ મિલાપનો દિવસ અને દિલબરનાં દર્શનનો દિન હતો. ઇન્તેજારના અગ્નિને ભારવાની ભોર પછી બપોર અને ઇન્તેજારની વૃદ્ધિ, ઓહોહો! ક્યારે પાંચ વાગે, ક્યારે બંગલાની બહાર નીકળાય, ક્યારે પ્યારી પ્યારાનું દર્શન થાય, એ જ ઝંખના, મીનીટે મીનીટે ઘડિયાળ સામું જોવું, અને જાણે બંધ પડી ગઇ હોય તેમ ભણકારા થતા તેથી પાસે જઇને તેના ખટકા સાંભળવા અને નજીરનો મિસરો વારંવાર યાદ કરવો.–

"હાય! કહાં મર ગયે ઘડિયાલ બજાને વાલે?"

એમ આકુળ વ્યાકુળતા અને તાણતોડ કરતાં ચારનો ટકોરો થયો. તેણીએ હાથ મહોડું ધોયું, કપડાં બદલ્યાં, રુમાલમાં સેન્ટ છાંટ્યું, દાગીનાનું બાકસ કાઢ્યું અને તેમાંથી એક મોતીની તોરણમાળા ગળામાં અને કાનમાં હીરાની ઝગમગતી બુટ્ટીઓ, તેમ જ હાથમાં જડાવ બંગડીઓ પહેરીને ભાડાની ગાડી લાવવા માણસ મોકલ્યું. રુમાલ ઉચકીને સુંઘી જોયો. સુગંધ ન ગમી અને તેથી તે રુમાલ બારી-માંથી બહાર ફેંકી દીધો. તરત બીજો રુમાલ કાઢી તેમાં કેશ્મીરથી લીધેલું માટીનું

અત્તર લગાડ્યું અને એક શેરનો ઉચ્ચાર કર્યો. એ શેર અત્તરો-અત્તર વેચવા-વાળાએ અત્તર આપતી વેળાએ કહેલો હતો અને જરને તે બહુજ ગમવાથી તેણે તે લખી લીધો હતો, અને મોઢે પણ કર્યો હતો. વાસ્તવિક રીતે જોતાં એ શેરનો એકે એક શબ્દ મોતીના મૂલ્યનો હતો. તે આ પ્રમાણે:—

"ઇત્ર મિટ્ટીકા લગાના ચાહિયે પોશાકમેં;
"ખાકસે રગબત રહે મિલ્ના હય એક દિન ખાકમેં."

ગાડી આવી અને શીરીન આગળ જરા હવા ખાવાનું બહાનું કરીને ગાડીમાં સવાર થઇ, ગાડીબાનને તોપખાને લેવાનો હુકમ કર્યો. દશ મિનીટમાં ગાડી તો ઉભી રહી ગઇ. એ વખતે આખા પાંચ વાગ્યા હતા. સૂર્યની મંદ ગતિપર તેને ઘણો રોષ આવ્યો. પણ હાથ એવા ક્યાંથી લાવે કે દિનકરને હાથેથી પકડીને પયોનિધિમાં ડુબાડી દે! અંતે ડોળા તણાવી તણાવી પોણા છ વાગ્યા. અવાર નવાર ફરતા હરતા લોકોની પગરવટથી ચમકીને જોયું, ગાડીના ખખડાટપર આશા ભરી આંખો ખેંચાઈ, ઘોડાની ટાપપર ધ્યાન દોરાયું-પણ કોઈ ન મળે. પાંચ સાતવાર ગજવાથી બહાર અને ગજવામાં નાનકડું સોનાનું ઘડિયાળ આવ્યું ગયું, પણ આવનારનો તો હજી સૂધી પત્તો પણ હતો નહિ. અહાહા!-

"ગજબ કિયા તેરે વઅદેપે એ અતેબાર કિયા;
"તમામ રાત કયામતકા ઇન્તેજાર કિયા."

છ વાગ્યા અને રીસે વદનમાં રતાશ આણી, આવે તો બોલવું નહિ, એવા સંકલ્પો થયા. એટલામાં પાછળથી સાહેબજીનો શબ્દ સંભળાયો અને ન બોલ-વાની પ્રતિજ્ઞાપર ઘડે ઘડા પાણી ફરી ગયું.

"આવો-તમે મોટા લોક! વાયદાના તો પૂરા પંકચ્યુઅલ છેવ," એમ જરથી બેતહાશા બોલાઇ જ ગયું.

"માફ કરજો સાહેબ! ખંબાલા હિલને નાકે એક સ્કુલ ફ્રેન્ડ મલિયો ને ન ધારેલી સંજોગે પાંચ મીનીટ તેની સાથે સભ્યતાને ખાતર વાતચિત કરવી પડી;" માણેકજીએ હર્ષથી ધડકતી છાતીએ આડું અવળું જોઇ, જરના હાથની આંગળીઓ પોતાના હાથમાં લેતાં કહ્યું.

"હા-બીજાંઓ કંઇ દિલસોજી ધરાવેચ?" જરે આખો હાથ તરકીબથી માણેકજીના હાથમાં સરકાવતાં કહ્યું. "મુંબઇના દોસ્તો આગલ છેક લાહોર વેરથી આવેલાંઓ તો બિચારાં કંઇ ગંત્રીમાં જ ક્યાંથી હોય?"

"લેવ—માફ કરો સાહેબ !" માણેકે નવરું જોઇ હાથ ચાંપતાં હેતથી કહ્યું. "તમારો સેવક ગુનાહગાર, તકસીરવાર અને ભૂલનો જ ભંડાર છે. તમે મારા ગુનાહો તરફ ન જોતાં પોતાની મોટાઇ ને બખશેશ તરફ જોવાની મહેરબાની કરો."

"પટાવી લેતાં કેટલું સારું આવરેચ ?" જર એમ બોલતી પરાણે પોતાના પ્યારાના પાસામાં ચંપાઇ ગઈ. "ચાલો—સાંભેના બેંચપર બેસીને વાતચિત કરીએ."

પ્રથમ જઇને બન્ને જણ એકમેકથી થોડાંક છેટાં છેટાં બેઠાં. સમર સપારે આવેલાંઓ આવ્યાં ગયાં અને ધીરે ધીરે અંધકારે મનમાની વાતચિત કરવાનો સમય એકાંતમાં આવ્યો. ખૂબ મને મોકળું કરીને વાતો થઇ. એકાએક આકાશ વાદળાંથી ઘેરાઇ ગયું—અચાનક એક કડાકો થયો અને વીજળીનો એક ચમકારો પણ થયો. તેથી બ્હીને "ઓ માંયરે !" કહેતી જર માણેકજીને બાઝી પડી. માણેકજીએ આવશ્યકતાથી, પણ વિશેષ રીતે પોતાની પ્રાણપ્રિયાને હૈયા સરસી ચાંપી રાખતાં ઈશ્વર પાસેથી માગ્યું કે;—

"લિપટ જાતે હયં વો બિજલીકે ડરસે;
"ઇલાહી યે ઘટા દો દિન તો બરસે."

પણ આકાશને એ જોડું આટલે દિવસે મળેલું પણ ન ગમ્યું. તેણે ભાદ્રપદ-પેરે જ એક ઝાપટું વર્ષાવી પાણીના પત્થરો મારવાનો આરંભ કર્યો. અદેખું આકાશ એવું જ ખારીલું છે. એટલા માટે જ કોઇ પ્રેમીએ કહેલું છે કે:—

"યે દો દિલકો એકે જા બિઠાતા નહીં;
"ઇસે વસ્લ પ્યારોંકા ભાતા નહી."

જરે પણ વિયોગની વેળાને ઢુકડી આવેલી જોઇને જેટલું બને તેટલું માણેકનું વદન નિહાળી લેવાને અનિમિષ દૃષ્ટિ રાખીને જોવા માંડ્યું. પણ પલક ઝપકી જ ગઇ. હાય પ્રેમી જોડાંનાં બધાં જ શત્રુ નીકળે છે. એક ગોપીએ બ્રહ્માપર પોતાના મનના ઉભરા ઠીક કાઢ્યા છે;—

"બડો મન્દ અર્વિન્દ સુત, જિહિંન પ્રેમ પહિચાન;
"પિ મુખ નિરખન દૃધનકે, પલક રચી બિચ આન."

માણેકે છત્રી ઉઘાડી અને લાચારીએ ગાડી બોલાવી. તપી ગયેલો વિક્ટોરિયાવાળો બડબડ કરતો ગાડી લાવ્યો ને બન્ને જણ તેમાં બેઠાં. થોડેક ચાલી ગાડી ઉભી રખાવી; કારણ કે, માણેકને ખંભાલાહીલ ઉતરીને બહારકોટ ભણી જવાનું હતું અને જરને વાલકેશ્વરમાં જઇ વિરામવાનું હતું. છેવટે હાથ મેળવી

તેઓ છૂટાં પડ્યાં. જરે કાંઇ બોલી હોય, એમ સંભળાવાથી માણેકે પૂછ્યું કે, "ડિડ યુ આસ્ક મી એનીથીંગ ?"

"યસ;" જરે કહ્યું.

"વોટ ?" માણેકે પૂછ્યું.

"ઓન્લી લવ મી લિટલ, બટ લવ મી લૉંગ! બસ સાહેબજી ! ગાડીવાળા, ચાલો વાલકેસર" પ્રેમની યાચના કરીને જરે ગાડીવાળાને હુકમ કર્યો અને વિક્ટોરિયા વાલકેશ્વર ભણી દોડવા માંડી.

પ્રકરણ ૪૦ મું

બસ, હિંદુસ્તાનમાં ચાલો

પાછું એકવાર પેલું જ જાપાન, પેલું જ વિજાતીય જોડું, પેલી જ જોડીની ગાડી, પેલો જ દરિયાનો કિનારો અને પેલા જ કોચબાન કે જેમને એકવાર આપણે જોઇ ચૂકયા છિયે. એક બાજુ પ્રેમપાશમાં ફસાઇ ગયેલી જાપાનણ અને બીજી બાજુએ વિદ્યા, ન્યાત જાત, નિર્ધન અવસ્થા આદિથી કંટાળી ગએલો શુષ્ક હૃદયી થએલો માણેકચંદ બેઠો છે. કોણ બોલે એ બન્ને વિચારે છે.

"આપના હૃદયમાં મારે માટે શું છૂપાયું છે, તે જાણવાની આતુરતા મને બહુ જ ઉશ્કેર્યા કરે છે. માણેકચંદ ! બોલો, મારા મનને શાંત કરો, મને ઉત્તર આપો. તમારી નિર્દયતાનો નાશ થયો છે કે નહિ?" પ્રેમના પંજામાં સપડાયલી કોમરાસ્કીએ ઉત્કંઠાથી વિનીત ભાવે પૂછ્યું.

"હા-હું આપના પાણિગ્રહણમાં લેશ માત્ર પણ-" જાણે ઉંઘમાંથી ચમકી ઉઠયો હોયની ! તેમ આવરોબાવરો બનેલો માણેકચંદ એ વાકય બોલીને પાછો ભાન ભૂલી ગયો અને વિચારોના વંટોળિયામાં ઉડવા લાગ્યો.

"શું લેશ માત્ર પણ?" આશા અને નિરાશા વચ્ચે ઝોકા ખાતી, જાપાની અબળાએ આતુરતાથી જાણવા માગ્યું.

વળી માણેકચંદ ચમકયો અને જાપાનણ શું બોલે છે, તે અડધું પડધું સમજ્યો ન સમજ્યો, તેમ બોલવા લાગ્યો-"હા હું તેમ કરવામાં લેશ માત્ર પણ વાંધો તો જોતો નથી. પણ-"

"ઓ બસ બસ ! હું આપની-પણ "પણ" કહીને અટકી કેમ પડ્યા? શું

ક્હેવાનું છે?" એમ પૂછતી કોમરાસ્કીએ આવેશથી માણેકચંદના હાથ ઝાલીને પોતાની આંખોપર દાબ્યા.

"ના-એમ ન કરશો;" માણેકે વિચારોના ગુંચવાડમાંથી નીકળીને પોતાના મનપર કાબુ રાખવાનો પ્રયત્ન કરતાં કહ્યું. "ઉભાં રહો, મારું કહેવું જરા ધૈર્યથી સાંભળી લ્યો."

"બોલો-બોલો-વળી વિચારોએ શો ઉથલો ખાધો?" કિનારેથી પાછા ભર દરિયે ખેંચાઇ જતા માણસ પેઠે ફાળ ખાઇને કોમરાસ્કીએ પોકાર કરીને કહ્યું.

"જુઓ, તમને કેવળ પ્રેમની ઝંખના છે! તમે મારી પ્રીતિ મેળવવા માટે આતુર છો અને હું યુનિવર્સીટી તથા સોસાઇટીથી કંટાળેલો, કાયર થએલો અને બેજાર બનેલો પુરુષ છું. તમે વિદ્યા અને લક્ષ્મીના ખોળામાં રમીને સુખ ભોગવેલાં છો અને હું દુર્ભાગી બધેથી ઠોકરે કુટાયલો, જમાનાની લીલી સુકીનો કેવળ કડવો સ્વાદ ચાખેલો અને રઝળી ગયેલો માણસ છું. માટે મેં તમને જેવો ઉપદેશ આપ્યો છે, તે પ્રમાણે વર્તો તો તે વધારે લાભકારક છે. પરંતુ જો લગ્નની ઇચ્છા હોય, તો તેમ કરવામાં પણ મારી ના નથી!"

"તમે મને સ્વીકારી છે, એ શબ્દો સાંભળ્યા પછી આજ્ઞા થાય તો આ પાળ-પર ઉભી રહી ઉછળતા સમુદ્રમાં પડવાને હું તત્પર છું;" સાચા અંતઃકરણથી તે પ્રેમભરી પુતળીએ છાતી ઠોકી કહ્યું.

"પણ લગ્નનું કાર્ય ભારતવર્ષમાં જઇને મારાં માતપિતાને મળવા હળવા પછી, તેમની સંમતિ લેવા પછી, કરવામાં આવે, તો તેમાં તમને કશો પણ વાંધો છે?" માણેકચંદે જેમ બને તેમ વિલંબ કરવાના હેતુથી કહ્યું.

કોમરાસ્કીએ એમાં પણ પોતાની સંમતિ આપી.

"ત્યારે સાંભળો;" માણેકે ગંભીર મુદ્રાથી કહ્યું. "જુઓ, મેં મારા પ્રાણના ભોગે એક સ્વતંત્ર યુનિવર્સીટી સ્થાપવા ધારી છે. એને માટે એક કરોડ રૂપિયાની રકમ એકઠી કરવાનું મહાન્ કાર્ય આપણ બંનેએ માથે લેવાનું છે. પ્રથમ હું તમારી પાસેથી ભિક્ષા માગું છું કે, હે જાપાન દેશની દેવી! મારી માતૃભૂમિની મહત્તા માટે, મારા વ્હાલા વતનની વૃદ્ધિ માટે અને મારા પ્રિય દેશ ભારતવર્ષના લાભના હેતુ માટે, મને પચીસ લાખ રૂપિયાની પ્રથમ ભિક્ષા આપો."

"આપના માથાપરથી ઓવારીને આ પળે ને આ ક્ષણે જ હું સંકલ્પ કરું છું કે, ઈશ્વર ન કરે ને કદાચિત્ જો, બુધદેવ મને નિરાશ પણ કરે, તોપણ

આપની પરમાર્થમયી શુભ ધારણાઓને એક અબળાના અબળ ટેકા તરીકે પચીસ લાખ રૂપિયા એક અઠવાડિયામાં જ આપનાં ચરણોમાં આવીને પડશે."

"અહો–ધન્યં ધન્ય કોટયાવધિ ધન્યવાદ છે! ઉદારચિત્ત, પરમાર્થિની, વિદુષી અને દાનશીલા રમણિ! તમારી જનેતાને! કે જેના કુક્ષિસાગરમાં તમારાં જેવાં મુક્ત હૃદય, મુક્ત હસ્ત અને મુક્ત વિચારવાળાં મનુષ્ય મુક્તાફળો ગર્ભાયાં છે!" માણેકે આભારથી કોમરાસ્કીના નાનકડા કરોને પ્રેમથી પકડીને હૈયે ચાંપ્યા અને વિશુદ્ધ પ્રેમ પ્રતિમા, સરલા જાપાની મહિલાએ, માણેકના આટલા પ્રેમ આગળ પચીસ લાખ રૂપિયા તુચ્છ ધાર્યા.

"મને મારું અંતઃકરણ સાક્ષી આપી રહ્યું છે કે, જો પ્રથમ તમે પોતાની ગાંઠથી આવી બાદશાહી રકમ આપી મારી સાથે વ્યાખ્યાનો આપવા માટે કમર કસશો, તો મારો દીન દેશ હાલની ભાગી તુટી દશામાં પણ પાછી પેની નહિ કરે. તમે જોઈ શકશો કે, એક નાદિરી દૌરતળે કચરાયલો, ખાનારાઓથી હીણાયલો અને પરાધીનતામાં પડી, ઘંટીના ગાળામાં પીસાઈ ગયેલો રાંકડો દેશ પણ પોતાના હિતના ઘુંટડા ગળે ઉતારનારના ઉપર કેવી સુવર્ણ વૃષ્ટિ કરે છે! હું સાહસપૂર્વક કહું છું કે, એક વર્ષની ટુંકી મુદતમાં એક કરોડ જેટલી મોટી રકમ આપણે સહેલાઇથી ભેગી કરી શકીશું. જે દિવસે આપણે આ ઝડપેલું બીડું ખાઈ આપણાં મોઢાં લાલ કરીશું, તેજ દિવસે ઈશ્વર આગળ ખરાં અંતઃકરણથી બંધાઈ આપણે પતિ-પત્નીનું ઉપનામ ધારણ કરીશું. ત્યાં સૂધી એક ભગિની ભ્રાતાના પ્રેમમાં આપણે સુખ માની રહીશું. બોલો–છે એ પણ તમને કબુલ?"

"એક બોલે!" તે હર્ષના ઉછળતા મોજી દરિયામાં તણાતી જાપાની તરૂણી, સાહસપૂર્વક બોલી; "જે આપની ઇચ્છા તેજ મારી ઇચ્છા! આપને જે ગમે તેજ મારે મન ભાવતું. આ શરીરજ આપનું છે;–

"દિલ તેરા જાન તેરી આશકે શયદા તેરા;
"સબ યે તેરા હય તો ફિર કિસલિયે મેરા તેરા?"

"ત્યારે આપણે કયારથી આપણાં ધારેલાં કાર્યનો કટિબદ્ધ થઇને આરંભ કરવો?" માણેકે પ્રેમ અને હર્ષની મિશ્રિત મુદ્રા કરીને પૂછયું.

"આજથી, અત્યારથી, આ ઘડીથી!" શૂરી કોમરાસ્કીએ તત્કાળ ઉત્તર આપ્યું. ધર્મના કામમાં ઢીલ શાની? કાલે પ્રભાતે આપ હોટલને સલામ કરીને પોતાના ઘરમાં આવીને વાસ કરો. તમારા શેઠપર રાજીનામું લખી મોકલો, લીલાઉ પણ બે દહાડામાં હવે થઈ રહેશે, તેમ હવે લેવા જોગી વસ્તુઓ પણ કાંઈ છે નહિ, જે

ખરીદી તમે કરી મોકલી છે, તેનો હિસાબ મોકલી દ્યો. એ પછી આપણે આ મિલકત સંબંધી વિચાર કરીશું. તેને કેમ વેચવી સાટવી, નાણાં કેમ વસુલ કરવાં અને હુંડીઓ લેવી કે અહીંની બેંકમાં જમે કરીને ત્યાં ટ્રાન્સફર કરાવી લેવું ઇત્યાદિ વિચારો આપણે સાથે બેસીને કરીશું. આજથી ઘરબાર, વાડીગાડી, નોકર ચાકર, પૈસો ટકો અને એક અબળા આપની સેવામાં ઉપસ્થિત છે. તેનું જે ચાહો તે કરો. તેમની પાસેથી યથેચ્છ કાર્ય લ્યો. બસ, હવે હું બહુ નહિ બોલું બોલવા કરતાં કરીને જ દેખાડીશ"

"પણ ધ્યાન રાખજો કે, હું ઈશ્વરને તો માનીશ જ. બુદ્ધદેવની પ્રત્યેક વાર્ત્તા અને તેના એકે એક સિદ્ધાન્તોને માન આપીશ, પણ નાસ્તિકતાનો સ્વીકાર મારાથી નહિ કરી શકાય. હા–જો મારા મનનું સમાધાન થશે, તો હું દુરાગ્રહ પણ નહિ કરું;" માણેકે વળી પણ પોતાની ખરી વાતની યાદ દેવડાવી.

"આપના પ્રતાપે હું પણ તેમ કરતાં શીખીશ. બસ હવે તો "રાજી હયેં, હમ ઉસીમેં, જો *યારકી રજા હય."

કાલ સમાચાર પત્રોમાં આપણી સ્થાવર સંપત્તિના વેચાણ સંબંધી વિજ્ઞાપનો લખી મોકલીશું અને તે પછી મારી જાગીરો અને વાડી બંગલાઓ આપને ફેરવીને દેખાડી લાવીશ. જવાહિરાત મારી પાસે બહુ જ ઉંચા પ્રકારનું છે, પણ તે અહીં વેચવાને બદલે આપણે ભારતવર્ષમાં જ વેચીશું. બસ, જેમ બને તેમ જલદી–ઉતાવળે બધું પતાવીને કોઈ રીતે હિન્દુસ્તાનમાં ચાલો."

પ્રકરણ ૪૧ મું
લગ્નની ધામધૂમ

ગિરગામના આલ્બ્રેસ બાગથી કોણ અજાણ્યું છે વારુ? એક વર્ષના ત્રણસોને પાંસઠ દહાડા અને ત્રણસો ને પંચોતેર લગ્ન! કોઈ દહાડો એવો ન હોય કે જે દહાડે એ બાગમાં વાજાં ન ગાજતાં હોય. એક રાત તો એવી ન હોય કે જે રાતે એ સ્થાનમાં દીપમાળા ન ઝગમગતી હોય! કોઈ સાંઝ તો એવી ન હોય કે, જે સાંઝે શ્વેત વસ્ત્રધારી દસ્તુરોના "આવો સાહેબ! આવો મુરબ્બી આવોજી–બેસોજી!"ના પોકારો વિનાની સુની હોય! જ્યારે જુઓ ત્યારે હિશ દરોશ અને રાત દીવાળી!

---

* મિત્ર, સુહૃદ્, સજ્જન.

પાંચ વાગ્યાનો સમય છે. આલ્બ્લેસ બાગ પારસી પારસણોથી હળમળી રહ્યો છે. પહેલા દ્વાર તરફ વરવાળા અને બીજા દ્વાર તરફ કન્યાવાળાના બાપકાકા અને બબ્બે મોબેદો આવનારા પરોણાઓનું સામૈયું કરીને તેમને આવકાર આપવામાં રોકાયલા છે. સ્ટ્રીંગ બેંડની અંગ્રેજી રાગણીઓ વાગી રહેલી છે. ગાડીઓની હાર લાગી રહી છે, સેંકડો માણસો બેઠેલાં છે અને સેંકડો આવતાં જાય છે. પારસી ઉપરાંત છુટાછવાયા બીજી બીજી જાતિના મનુષ્યો પણ પોતપોતાની રીતિ પ્રમાણેનાં લુગડે લપેટાઈ બેઠેલાં દૃષ્ટિગોચર થાય છે. ધોયાધોયા ધોળા જામા, ઉજલી પીછો-ડીઓ અને કાળી પાઘડીઓ તથા ફેંટાથી સજેલા પારસીઓ, તેમ જ ધોળી મથાળી-વાળા અંધ્યારુઓ અથવા દસ્તુરજીઓથી લગ્નનું સ્થાન ઉભરાઈ રહ્યું છે. છએક વાગ્યાના લગભગમાં પહેરામણીનો આરંભ થયો. શાલ, દુશાલા, વીંટીઓ, નોટો, રુપિયા, ઘડિયાળો, બટનો અને લાકીટોના બન્ને તરફ ઢગ થઈ ગયા હતા. છાપગર બાપડો જૂના વિચારનો હતો, એટલે તેના કપાળપર બબ્બે ઇંચ કંકુનો થર અને ચોખાના પોપડા બાઝી ગએલા જણાતા હતા. પણ મામાના બાપના અંગ્રેજી ભણેલા કપાળપર એક ચાંલ્લો થતાં અઢારવાર રુમાલ ફરતો હતો. એ સુધરેલા શેઠિયાએ બે ચાર હજાર નોન્‌સન્સનો મનમાં ને મનમાં ઉચ્ચાર કરી નાંખ્યો હશે, અને પાંચ સાત હજાર રુમાલના ઘસારાથી કપાળને પણ લાલ ચણોઠી જેવું કરી નાંખ્યું. અંતે લાહ્ય લાહ્ય બળવા માંડી, ઉપરથી પરસેવાનાં બિંદુઓએ તેમાં વધારો કરીને તેને બેબાકળો કરી નાંખ્યો. જુના વિચારવાળાઓને જામા પણ કરડતા નહોતા અને પિછોડીઓ પણ ડંખતી નહોતી. તેઓ તો ગપસપ લડાવીને આનંદમાં પોતાનો વખત વીતાડી રહ્યા હતા. બીજી બાજુએ પાશ્ચાત્ય વિદ્યાના ચેલકાઓ આકળા અને ઉના ઉના અંગારા થઇને કુર્સીઓપર ઉંચા નીચા થતા જોવામાં આવતા હતા, અને જામા પિછોડીની ઝુંસરીના 'અગ્લીહેલ' રીવાજોપર નસ્કોરાં ગરનાળાં જેવા કરી કાગને ડોળે ને ગીધની ડોકે તાળી પાડવાની વાટ જોતા બેઠા હતા. પણ શું કરે? "ચુંચું મત કર, તોલમેં આઈ હય!" પાન, ફુલ, ગુલાબજળ, બરફની સભ્યતા જાળવના-રાઓએ ઉભા થઇને તેમને સલામો કરી. પણ ભેજાના ચસ્કેલાઓની બેઠકપર ગુંદર ચોંટેલો હતો, એટલે તેમણે સામું પણ ન જોયું અને મનમાં પોતાની એ અક્કડ-ફુસ રીતિ માટે તેઓ જામાની બહાર થઇ જવા માંડ્યા. બાળકોની કાગારોળ, બૈરાંઓની બુમાબુમ, બબરચીઓની દોડાદોડ અને વાજાંના શોરબકોર વચ્ચે સાજન નિકળ્યું અને કન્યાના મંડળે ગયું, મંગળક્રિયાનો આરંભ થયો અને આશીર્વાદની રેલછેલ વચ્ચે વરકન્યાનું જોડું જોડાયું. તાળી પડી. બસ, કુર્સીઓ-

પરથી થાકયો બળદ થાનપર દોડે–તેમ દોડાદોડ થઇ. સફેદ કોટ પાટલુનમાં સજ્જ થઇને ભગવાન્ સોમની કન્યાને સુરાના દર્શન અને સ્પર્શનથી, નાક ભીંજાવવા માટે પરોણાઓના સમૂહ ઉલટયા. બબ્બે આંગળ અને ચાર ચાર આંગળ બ્રાન્ડી વિસ્કીએ પ્રથમ ગ્લાસો ઉઝ્યા ને જેવું મુગી બોટલમાંથી બોબડું પાણી પેટમાં ઉતર્યું કે બોલાબોલ અને બુમાબુમથી બાગ ગાજી અને ગુંજી ઉઠયો. સુરાદેવીએ–સાક્ષાત્ સોમકન્યકાએ જ પેટમાં પ્રવેશ કર્યો, એટલે પછી પૂછવું જ શું હોય?

"પા, પી, પ્યાલા પ્રેમથી, પાપી ન રહે મન્ન;
પા, પીધે, અડધી ગમે, પાવન ને પાચન્ન."

સામસામા ઠનાઠન ગ્લાસો અથડાવા માંડ્યા; ગટાગટ ઘુંટડા ગળે ઉતરવા અને ઉભરા બહાર નીકળવા લાગ્યા; હેલ્થ, વેલ્થ એન્ડ પ્લેજરના પોકારો કરતા કરતા પીનારા પોતે પણ પૃથ્વીપર પડવાની તત્પરતા કરવા લાગ્યા. હિંદુઓને, તેમના કેટલાક પારસી મિત્રો ખુણે ખંટાળે બાટલીઓ લઇ જઇને દારુ પાઈ આવ્યા અને ઉપરથી મુખવાસ માટે બટેટાની સળી મંગાવી આપવાની તજવીજ કરી!! એક નવા સુધરેલા હિન્દુએ મદિરાપાનમાં જરાક આનાકાની કરી–એટલે તેના મિત્રે તત્કાળ એક શ્રુતિવચન કહી સંભળાવ્યું કે:—

"વેદો નારાયણવડે, માન્ય થએલું મદ્ય;
હરિહર નામોચ્ચાર સહ, પિયો અમૃત સદ્ય."

એમ અડધો પોણો કલાક વીત્યો એટલે ટેબલ તૈયાર થઇ. સ્ત્રીઓ ઓટલાપર અને પુરુષો ચોગાનમાં ગોઠવાયા. ખાવા પહેલાં સલામતીઓ લેવાઇ. ત્યાર પછી હિપ હિપ હુર્રેના પોકારો થયા અને પેટોબાની પૂજાનો પ્રારંભ થયો. વચ્ચે વચ્ચે 'ઓ દાદી ચોંગા! માઠલી મોકલ.' 'એ સોરાબ! એશવિયા! મરઘી લાવ.' 'એ નસ્લા ફિતુરી! પપેટાની સલી લાવ.' 'હાજી,' 'લાયોજી,' 'આવેચજી'ના અવાજો આવતા જતા હતા. થોડું ઘણું ભોજન પેટખાનામાં ભરાયું હશે, એટલામાં તો વળી 'લેવ–સાહેબો! પરનતાં જોરાંની સલામતી. લેવ–શેઠિયાઓ! બાલબચ્ચાંની સલામતી! દોસ આસનાવની સલામતી!!' એવી રીતે પોકાર કરવામાં આવ્યા અને પાછાં લાલમલાલના ગ્લાસો ભરાયા. ટેબલપરથી ઉભા થઇ થઇ ધડ પુછડાં વગરનાં લાંબાં લાંબાંલચ લેકચરો ડિલીવર થવા લાગ્યાં. જે જેના ધ્યાનમાં આવ્યું તે, તે બોલે અને સાંભળ્યું ન સાંભળ્યું કે કેફની ધુનમાં હિપ હિપ હુર્રે અને ગ્લાસનું તળિયું દેખાવા માંડ્યું. લગભગ પોણી–બલ્કે એથી પણ વધારે પંગત મદિરામાં ચકનાચૂર થઇ ગઇ. બે કલાકપર તડીમતડાક થઇ શોભતી સજાવટથી

શોભી રહેલા શેઠિયાઓ ગઠરગીલોડા બનીને સટરપટર હાંકવા મંડી પડ્યા. વાહરે ! બ્રાન્ડીબાઇની બલિહારી ! સુધારાની સીડીના પહેલા પગથિયાએ હજી આંખો આડો પડદો–અંધાપાનો પડદો ફેરવી રાખ્યો છે ! કેમ ન હોય ? ભાઇ ! અંગ્રેજી રાજ્યની દુઝણી ગાય મદિરા છે ! કામધેનુ છે ! એ જ તારશે એક તરફ કાદરમિયાં અને જાફરમિયાં ઉલટી કરી રહ્યા છે, તો બીજી તરફ પેસ્તનજી પાપડી, ખટલો ખડિયા ખડખડ ટેબલની આડે ખેં ખેં કરી રહ્યો છે. પારસી દુકતાઓ ને બાટલીજીઓના આ હાલ જોઈ, કેટલાક ભલા માણસો અને આબરુદાર ગૃહસ્થો મનમાં બહુ જ બળી જતા હતા, પણ કોને કહે ? રિવાજ જ એવો ભુંડો પડેલો એટલે ! ખાવા કરતાં ત્રણગણું ભ્રષ્ટ કરવું–બગાડવું એ તો જાણે કબીરજી કહી જ ગયા છે ! જો કે લગ્ન સભ્ય કુટુંબમાં હતાં અને મોટે ભાગે સારા લોકો જ એકઠા થયા હતા, છતાં પણ ઉપર વર્ણવેલો દેખાવ બોલેબોલ ખરો જ હતો.

બધાં જમી ખાઈ રહ્યાં પછી પ્રોફેસર મીનોચહેર કુપર ઉર્ફે મીનો ધિમિસ્ટિકના જાદુના ખેલો શરુ થયા. તાળિયો–કલેપ્સ–પડવા માંડી, બ્રેવો–હિયર–હિયર અને એકસેલેંટ આદિ શબ્દો સંભળાવા લાગ્યા, અને દશેક વાગ્યાને અમલે એક એક બબ્બે કરીને પરોણાઓ ખરવા માંડ્યા. બાર વાગવા આવ્યા હશે, તે વખતે સરસગાંનું સો સવાસો માણસનું ટોળું બાકી રહ્યું, અને બાકીના સહુ પોતપોતાને ઘેર જઇ પોઢ્યાં.

પ્રકરણ ૪૨ મું

તોફાનનું બયાન

આ મંગળ મેળામાં આપણી વાર્તાનું મુખ્ય જોડું–માણેકજી અને જર પણ હાજર હતાં. સગાંવહાલાનો મામલો એટલે એક બીજા આશીર્વાદ ન સરાય ત્યાં સૂધી જવાય કયાંથી ? જ્યારે બીજા પરોણાઓ ખાઇપી, બેવડાનો ટકોરો લગાવી વિદાય થયા પછી, ઘરના ને અતલગના પરોણાઓ ભેગા થઇ સ્ટીમર કેમ ડૂબી અને માણેકજી કેવી રીતે બચ્યો ? એ વાત સાંભળવાની ખાહેશ કરવા લાગ્યા. માણેકજીની માતા જર પાછળ ગાંડી ઘેલી થઇને ફર્યા કરતી હતી. અને પોતાના પુત્રને જો આ અમૂલ્ય રત્ન મળે તો શુભદિન થાય, એવા મનના તરંગોમાં મ્હાલી રહી હતી.

સર્વેની પૂછાપૂછથી, માણેકજીએ બોલવા માંડ્યું:–"મને જ્યારે પલ્તન સાથે ઉપરી જવાનો આર્ડર થયો, ત્યારે હું એક એવા અગતના કામમાં રોકાયો તો કે, બોમ્બે છોરવાનો હુકમ મને મોતના હુકમ જેવો સખ્ત ને જીવલેન કાતિલ લાગો. પન ચાકરી, ને તે બી વરી ગવર્નમેંટ સર્વિસ, એટલે લાચારીએ તાબે થવા વગર છૂટકો જ નહોતો. કામ એટલું તો જરૂરનું ને સાથે ઇન્ટરેસ્ટીંગ હુતું કે જેની સાથે મારી ભવિસની જીન્દગીનો મોતો આધાર હુતો. જેમ તેમ મારા ઓફીસરોને પતાવી પતાવી એક અથવારિયું માગી લીધું. તે મારા કામમાં હું એ રજાથી કંઇ સકસેસફુલબી નીવરિયો ને કંઇ અધુરુંબી રેયું, જે ખોદાય વ્હાસે તો હવે પુરું થસે."

એ વાક્યો પૂરાં થતાં અચાનક ચાર નેત્રોનો પરસ્પર મેળાપ થયો અને આ મનના આનંદને કુલડીના ગોળ પ્રમાણે બંને જણે ચોરી ખાધો. સાંભળનારાંની બલા જાણે કે, માણેકજીની પ્રસ્તાવનામાં રહસ્ય શું હતું તે—

"દિલકી બીતી કો કોઇ ક્યા જાને?
દિલહી જાને યા દિલરૂબા જાને."

થોડી પળ અટકી, માણેકજીએ પોતાનું બયાન અગાડી લંબાવ્યું:–"અમારી પલ્તન ઉપરવાને બરાબર આથમે દહારે છેવટ, દિલે કે દીલીએ, મારે બી સ્ટીમરપર ખોદાયનું નામ લઇ પગ મુકવો જ પરિયો. હું એપોલો સ્ટીમરમાં બેઠો. એ સ્ટીમર કંઇ સરકારી નહોતી, એટલે ગાંઠનાં ગોપીચંદન કરવાં પરિયાં અને બાખુશી મારી આઠ દહારાની રજાના સદકામાં મેં તે દામ ખરચિયાં. મારી પલ્તનના બે ત્રણ યુરોપીયન અમલદારો, કે જેઓ બચરવાલ હોવાને લીધે રજા મેલવી સકયાતા, તે લોકબી મારા સાથે જ સ્ટીમરમાં બેઠા. જાનવાજોગા માનસોમાં બે એંગ્લો ઇંડીયન રિપોર્ટરો ઉતા, તે લોકો યુરોપીયનોમાં ધુસવા માટે બહુ પછારા મારતા હતા, પન જાંગલાઓ તેમને પોતાની રેંકમાં મૂકતા ન્હોતા અને "ટાઇમ્સ" ના ચેલકાઓ બ્લેકમેનોથી તીચકું વ્હરાવેલું જ રાખીને ફરતાતા. એ રકાસ ખરેખાટ જોવા લાયક ઉતો. એ લોકો કહાં જવાના ઉતા, તે કંઇ તે મગરૂર બુબઓને પૂછવાની આપરે તસ્દી બી લીધી નહિ. બે બંગાલી જવાનો ચીનાઇ હુન્નર કલાને લગતું ગિનિયાન મેલવવા જતાતા–તે લોકોની અને પેલા ધસેલા બે હાફ સાહેબોની બિસ્મિલ્લામાં જ હોંસાતોંસી થઈ પડી. ટુટકપરથી ચાલી જતાં ધસેલા સાહેબોએ ખામખાં તે લોકોને ખબાં અથરાવિયાં ને ભેન્નં ફાટેલ બાબુઓએ

વંદેમાતરમનો પોકાર કરીને તે લોકોનાં ગેરવિયાં. બસ, પછી સું પુછ્છું ? હુન્નજતમાં બંગલા બી મશહુર છે ને પેલાઓ અંગ્રેજીના ઘમંડમાં જેમ તેમ બે તન અંગ્રેજો અને એક બે બીજાઓએ તે લોકને છોરવિયા. ચારેક સિખ્ખો હોંગકોંગ જવા અમારા સાથે જ બેઠેલા હતા, તેઓ પોતપોતામાં જ મઝા મેલવિયા કરતાતા—કોઇની તારી મારીમાં પડતા નહોતા. બીજાં બી ઘનાં માણુસો ઉતાં—એક શાહજાદો બી ઉતો, પન તેની સાથે આપુને કંઈ વધારે કામ પરવાનું નથી. ખેર, ખોદાયનું નામ લઇને સ્ટીમર ઉપરી; સૌ પોતપોતાના હાલમાં મસ્ત બની જેમ જોઇએ તેમ ફરતુંતું—કે એક હિંદુભાઇએ હોળોળોળો કરીને ખેં (ઉલ્ટી) કીધી. દાદાર હોરમજદ ! આપરે જઇને તેવનને સુવારિયા, આંખપર કપરું નાંખિયું અને કેબિનમાં જઇ હાફ્પેગ બ્રાંડીનમાં લેમનેડ નાંખીને પીવા—નાક પકરી પીવા—કેયું. તેવન એ ગટગટાવી ગિયા. પછી આસ્તે રહીને પુછ્વા લાગા કે, "બોપજી ! દારુ તો ન તો કે ?" આપરેબી તેની તબીયત ન બગરે તેનું ધ્યાન રાખીને સસે કે તીન પાઉં કરી નન્નો જ વાસિયો. તેટલાં બીજાં બે ચાર જન ઉર્રર્ર—ગુર્રર્ર કરવા પરિયાં. પેલા વાનિયાભાઇ તો ઉઠી બેઠા ને બધાંને હસવા લાગા. બપોરે પાછા તાંબિયો કાઠી બાપાચ્ચા ઘર કરતા આવ્યા ને કહેવા લાગા કે, "ઢાક્તર સાહેબ ! બોપજી ! પેલી દવા થોડી પાવ ! આપરે વરી તેવનને ઝાંસિયો, ને પેટમાં આગ જે પરી તે તે કાકા તો આરું અવરું જોઇ બધું જ વ્હેંતવા લાગ્યા. હાસ્મારકાં ને ઘરપગી ને મટન ચાપ કૈં છોરિયું ન્હૈં !"

એ વાત સાંભળી બધાં ખડખડાટ હસી પડયાં અને જરાક દમ ખાઇને માણેકજી પાછો પોતાના વૃત્તાન્તને વર્ણવવા લાગ્યો.

"પેલા સિખ લોકો જો કે કંઇ સીખેલા ભણેલા નહોતા—એક સિપાઈ બચ્ચા ઉતા—પણ મિજાજના ખરેખરા સરદારો ઉતા. તુટકની એક બાજુપર દારુની બાટલી, થોરુંક ખાવાનું ને એક મદારીની ડુગડુગી જેવું, પન આકારમાં ઘનું મોટું વજાર-વાનું લઇને, પોતપોતામાં ગાતા બજાવતા મોજ કરતાતા. કોઈ બીજાને ડિસ્ટર્બ કરતા નહોતા. તેમનામાંનો એક જન ઘના જ સારા વોઇસવાલો ઉતો ને પોતાના બાંસરી જેવા સરોદથી એક ગાયન એવું સરસ ગાતો તો કે બધા પેસેન્જરો, તેમાં ખાસ કરીને યુરોપિયનો ગાંડા ઘેલા બની ગયા. કૈં ન્હૈં તો પાંચ સાત વખત એ ગાયન તેની પાસે તેમણે રીપીટ કરાયું હોસે. તે ગાયનના બોલ બી બહુ મીઠા ઉતા—

"મેરા પારની ખડા મૈંયાંવાલા બેલી ઓ—"

"એવું બોલતો. મેં તે 'મૈંયાંવાલા'નો મીનીંગ પુછિયો તો માલમ પરિયું કે ભેંસવાલો. આપરે તો તેને બલાંમન કીધી કે, સિપાઇગીરીની નોકરી છોરીને કોઈ નાતકમાં જોશાઇ જા-ખાસ્સો પગાર મલસે! એમ મોઝ મઝા કરતા ગલ્ફ ઓફ સિયામ વેર તો અમે લોકો સહીસલામત પહોંચિયા. સ્ટીમર કવાઇટ ન્યૂ હતી. ચાલમાં બી ગની જ ફાઇન્-જાને દરિયાની પીઠપર ચક્કર ચક્કર નાચ નાચી રહીતી. ચીનાઇ દરિયામાં દાખલ થતાંની સાથે જ હવાએ રૂપ બદલિયું, આસમાન પર વાદલનો ઘેરાવો થયો અને થોરા જ વખતમાં કારું અંધારું છવઇ ગિયું. વાવિઝોરું શરૂ થયું. પવને આસ્તે આસ્તે જોર પકરિયું, મોજાંઓએ પોતાના પહાડી રૂપમાં એકસ્ટ્રા ઓર્ડીનરી ફેરફાર કીધો. જોત જોતામાં સ્હરના કપડામાં ચીરા પડવા લાગા. કેપ્ટન્, માલમ, સરંગ અને ખલાસીઓ જીવ તોડીને મહેનત કરવા લાગ્યા. સ્હર ઉતારી નાંખિયા. પાની કહારવાના પંપોપર માનસ દોરિયાં, દોરદાં એમથી તેમ છોરિયાં, બાંધિયાં, કેપ્ટન્ પળે પળે ટેલિસકોપથી જોતો અને તરેહવાર આર્ડરો આપતો જતો હતો. બંગાળીઓ બધાથી પહેલા નંબરમાં ગભરાયા. કેપ્ટનને સવાલ પર સવાલો કરતા અને તે ધીરજવાલો અંગ્રેજ બચ્ચો, કેં બી ગુસ્સા વગર તે લોકોને જવાબ દેતો. આસ્તે આસ્તે પુછનારાઓ વધી પરિયા. બિચારા કેપ્ટને સહજ કંટારો ખાઈ કેં બી ધાસ્તી ન કરવાનો દિલાસો આપીને બધાને પોતપોતાની જગ્યાપર જઈ બેસવાની આજેજીથી અરજ કરી અને પોતાનાં માનસોને સાબાશીથી ઉશ્કેરતો, જીવતોડ મહેનત કરતો અને લેતો રહ્યો. તોફાને વખતના જવા સાથે વધારે અને વધારે ગંભીર રૂપ પકરવાં માંડ્યું. ઉપરથી વર્સાદજી પણ ધોધમાર પાનીનો માર મારવા લાગિયા. સ્ટીમર લગભગ આખી ને આખી એક તરફ લેટી જતી હતી-બધાંનાં મ્હોરાં ફીકાંફચ થઈ જતાં હતાં-'એ ડુબી! એ ગેઈ! યા ખુદા! ઓ ગોડ! હે રામ! યા ગુરુ! ઓ અલ્લાહ!' વગેરે અવાજો એકી સાથે આવતા ને દરિયાનાં મોજાંની થાપથી ઉથલાતી સ્ટીમર હેરિયાં સહિત પાછી ઉપર આવીને લોકોના ઉરી ગીએલા જીવને સ્હેજ સધિયારો બખ્શતી. સામ્ભે જોવાની કોની મજાલ! એક એક મોજો આસમાનસે સર લગારી જાને સ્ટીમરને આખ્ખી ને આખ્ખી ગરી જવા ધસ્તો સામ્ભે આવતો હોયની તેવોજ દેખાતોતો. લોકોના ઇન્તેજાર મ્હેરા ખોદાયની છેલ્લી યાદ કરીને જાને પોતેજ તે રાખસસી મોજાના મોહરામાં ધસવાને તેયાર થતાતા કે, પરવરદિગારની રહેમતથી, સ્ટીમર ઉપર અહરી નીચે પટકાઈ પાછી તરતી થતીતી. થોરીવારમાં ડોલના મજબુત થંભો ભાગીને ટુકરે-ટુકરા થેઈ ગિયા. વરસાદ તો કેહ જે મારું કામ! હવા કેહ કે વધિયાજ કરું!

અંતે કેપ્ટને લાચાર થઈ લાલ વાવટાની ડેંજર સિગ્નલ ચરાવી, બે મિનિટમાં વાવટાના દામન હવાના જાલિમ હાથોએ ચીરી ફારી તાર તાર કરી નાંખિયા. સામાન ઉચકી ઉચકીને લોકો બહાર ફેંકવા લાગ્યા. કોઈ પણ રીતે સ્ટીમરને હલકી કરવાની કોશેશ કરવામાં આવી. બધા પસેન્જરો પાની કહારવાના પંપોપર જાફેસાનીથી મદદે લાગા. વાહરે સિખ બચ્ચાઓ! જરાબી ડર વગર તનતોડ મેહેનત કરવામાં જાનો દિલથી લાગેલા હતા. ચાર ચાર માનસોથી ન ઉંચકાય તેવાં બંડલો એક એક જન ઉંચકી ઉંચકીને દરિયાને હવાલે સોંપતોતો. કપરાં ચિન્દી ચિન્દી, બદનમાંથી લોહી નીકરે, સેંકડો સહરાટા પરી ગિયા—એ જ હાલત લગભગ બધાં માણુસોની ઉતી. વંદે માતરમ્ (અર્થાત્ બંગાલીઓ) મ્હોંપર કપરાં લપેટીને ઉંધા પરિયા પરિયા વોમિટ કરિયા જતાતા. એંગ્લો ઇંડિયનો ઉજરા પુની જેવા થઈ, 'ઓ ગોડ!' ને 'ઓ ગ્રેશિયસ!' કરતા સંભલાતા હતા, ને હરામખોરીથી બેસી રહ્યાતા. એક બે બુઢ્ઢા યુરોપિયનો જોવાજોગ મેહેનત કરતાતા. કેપ્ટન, એન્જીનિયરો પાસથી ટુટકમાં ને ટુટકમાંથી ગોડાઉનમાં દોરાદોરી કરતો જનાતોતો, ને લોકોને ધીરજ આપીને ખોદાયની યાદ કરવા કેહતો—જૂદા જૂદા હુકમો આપતો જતોતો. કલાકો થેઈ ગયા છતાં તોફાન કમતી ન્હોતું થતું. બે ચારજન અવારનવાર કામકાજ કરતાં ઉથલાઈ દરિયાને તલિયે જઈ બેઠા. ખોદાયને સ્વાધીનજ તે લોકોને સોંપ્યા. કોન કોઇને કહારે ને કોને કોન્ને બચાવે? તેટલાં કેપ્ટને એન્જીનિયરને પુછિયું કે, જો પાંચ કલાક સ્ટીમરનો બચાવ કરી સકો, તો એક અમેરિકન અને એક જાપાની સ્ટીમર મદદે આવતી દેખાયચ, પન તુફાન તે લોકોને નરવામાં બી બાકી નહીં રાખે. એન્જીનીયરે બેથી ત્રણ કલાકની હામી ભરી. છેવટ લાઇફ બોટો છોડી તૈયાર રાખવાનો હોકમ થયો. લોકોની બુમાબુમ, બચ્ચાં કચ્ચાંઓનું પોતાની માતાઓને વરગી પરવું, દુઆઓ માટે હાથો ઉંચકાવા, ઉઠતાં બેસતાં ધબાધબ્બ પટકાવું ને બચાવનાં ફાંફાં મારવાં, એ બધો દેખાવ પત્થરના દિલને બી પીગલાવે તેવો હતો. કોન એવું ઉતું કે જે આ ટાઇમે યજદાનની યાદ કરી યારી ન્હેં ચાહતું હોય? એવું કયું પત્થરનું દિલ ઉતું કે, જે ખરા અંતઃકરનથી દુઆ નહે માગતું હોય? પન ફોકટ! લાખો દુઆઓ બે અસર ગઈ. ખોદાયની મરજીમાં કોન્નો અવાજ હોઈ સકે વારુ? ધનીનું ધની જ કોન? એક મોટા પહાડ જેવી સ્ટીમર એક સાધારન મગતરાં પેરે એમથી તેમ ને તેમથી એમ ઉરતીતી. મોજાંઓનો એક એક તમાચો તે ભારી જહાજને ઉથલાવી તુચ્છ હલકા લાકડાના કટકા પેઠે દુર ફેંકી દેતો ઉતો. બે તન કલાક એમ આસા અને નિરાસાના તારપર સૌ ઝુલિયાં, પન અંતે એન્જી-

નીચર અને કેપ્ટને નિરાસાની પુરેપુરી નિસાનીઓથી એકમત થઈ, લાઇફ બોટો દરિયામાં ઉતરાવી. સૌથી પહેલાં પેલા બે એંગ્લો ઇંડિયન ધધેડાઓ, વગર પુછવે પરછવે ધબાધબ કુદી પડિયા. કેપટનની આંખમાં તો ખુન ભરાઈ આવ્યું, પન કટોકટના ટાઇમપર તે અંગ્રેજ બચ્ચો—કે જેની રગોમાં ઉંચા ખાન્દાનનું બ્લડ ઉછાળા મારતુંતું-તે એક વર્ડ પણ બોલ્યો નહીં, બસ તે નીચ દોગલાઓની હયવાનીયતપર લોહીનો ઘુટ ગરી, બધાં તરફ ફરીને તે બોલિયો કે, "ગૃહસ્થો! હવે ટાઇમ ખોવો ફોકટ છે. હાથોહાથ પહેલાં બચ્ચાં અને બૈરાંને ઉતારો. ત્યારપછી જે જે લોકો પોતાની જિન્દગીને વધુ અગતની જોતા હોવ, તે ઉતરો. ઉતાવર ના કરતા. હજુર એક કલાક સ્ટીમરની જિન્દગી છે." લોકો એવાં તો અકરાત ગભરાતમાં પરિયાંતાં કે હાથોહાથ બૈરાં બચ્ચાં ઉતારી, જેમ તેમ, જેમ ગમે તેમ અંદર બેસવા લાગાં. ગભરાયલા બંગાલીઓમાંથી એક બિચારો તો ઉતરવા જતાં સીડીપરથી ટુટી પરિયો ને જોત-જોતાંમાં આંખ આગલથી ગેબ થઈ ગિયો. કેપટનનું એક પુરું બચ્ચું, તેનો આઠ વરસનો બુચો ઉતરવા જતોતો, પન કેપટને તેનું પાંખરું પકરી ઉભો રાખિયો અને લાલ ડોરાં કરી કેહ્યું કે, 'સબર! જગો હોય તો જજે, ન્હે તો મારી સાથે મરજે.' ઓઉ હો! વાહરે હિંમત ને પરોપકાર! પેલા પાંચ સિખ્ખ બચ્ચા હરગિજ નાં ઉતરિયા. તે લોકો તો બસ એમ જ કહે કે, 'સરદારાં! ગુરૂ મહારાજ કે સરન જાયગે. બચણા હે તો કેપટન કે સંગ બચેંગે.' બે તન ધરડા યુરોપિયનો અને એક યહુદી, તેમ જ બે હિંદુઓ, પોતાને ખોદાયના સતપર સોંપી, વિનાકારન લાઇફ બોટોને ડુબતી ન કરવાની ઉંચ નિસ્તાથી સ્ટીમરમાં બેસી રહ્યા. ખોદા સાહેદ છે, સૌથી લાસ્ટ ફકત એક જ અરમાનને ખાતર સેવક ઉતરિયો ને કેપટન પાસે તેના જિગરના ટુકરાને એમ કહી માગી લીધો કે, હું મા તરીકે પાલસ ને તેને સીખવસ. તે ભલા અંગ્રેજ બચ્ચાએ, પોતાના પ્યારા બચ્ચાની પેશાનીપર એક કિસ લઇને મારી બગલમાં આપ્યું અને પોતે ગજવામાં હાથ નાંખિયો. હું જેવો મારો કીંમતી હવાલો લઈ લાઇફ બોટમાં બેઠો કે, તરતજ ગજવામાંથી પિસ્ટલ કહારી મોનામાં ફોરીને પોતાનો પ્યારો જીવ ખોદાયને હવાલે કીધો. લાઇફ બોટો પાનીનાં મોજાં-ઓની ખુસીને આધીન તાંતર વાંતર આરીઅવરી ઘસરાવા લાગી. ખોદાના આસરે જ તે ચાલતીતી, એટલામાં ધુડુમ ધુડુમ એમ બે ચાર હેબતાવી મારનારા અવાજો થયા, ને તે પરી જેવી નવી સ્ટીમર, જોતજોતામાં દરિયાને તલિયે બેસી ગઈ. તે ગઈ—ગઈ—બસ ફનાના આસરામાં સદાને માટે બેસી ગઈ, ઉપર પરપોટા, લાકરાં, ક્ચરો અને બધું પાની જ પાની! એક સપના જેવો સપનો હતો—આંખના

પલકારામાં તે કીંમતી જહાજ, કીંમતી માલ અને કીંમતી જીવડાઓ સાથે ગર્કાવ થઈ ગયું.

"જબ તલક અંજામ બજમે અયશકા જાના ના થા;
શમઅથી ઉમ્મીદે દુનિયા ઔર દિલ પરવાના થા;
નસઅયે ગફલત મગર ઉતરા તો જાહિર હો ગયા;
ખાબ થા જો કુછકે દેખા જો સુના અફસાના થા!"

"તે મોટા પેટના દરિયાએ આટલી મોટી સ્ટીમરને પોતાના પેટાખાનામાં ઉતારી લીધી, પન દેખાવાય ન દીધું કે, તે કહાં હજમ થઈ ગઈ. હવે અમારી સરજતમાં જોવાનું બાકી હતું. જે ભયંકર તોફાનમાં એક મોટી સ્ટીમરનો પતો લાગો નહીં, ત્હાં અમારાં કોટિયાઓ સું બિસાદમાં? તેમાં પાછાં બધાં ચલાવવામાં મારા જેવા હુસિયાર! એક મોજાની થાપ પુરવ લૈ જતી, તો બીજી ઉચકીને ઉતરમાં ફેંકતી. ન હોકાયંત્ર, ન કુતુબનુબા, ન કંપાસ, કે ટેલિસ્કોપ–બસ ખોદાયની બાંયધરી નીચે છોડેલી તે હોડીઓ એકાદ બે કલાક સુધી તો અવારનવાર એક-મેકને દેખાતી, પન પછી આંખથી ઓઝલ થઈ ગઈ! પરવરદિગાર જાને કહાં ખેંચાઈ તનાઇ ગઈ હોસે! તોફાન આસ્તે આસ્તે આટલો ભોગ લઈ સાંત પરવા લાગું. અમારી લાઇફ બોટમાં આઠ બૈરીઓ, દસ મર્દો અને છ બચ્ચાં ઉતાં. બે રાત ને બે દહારા ભુખે તરસે ગમ ખાઈ અને આંસુ પી અમે કાપિયા. ઉલ્ટી, બીક અને નિરાસીની મારી બે બાઇઓ–એક યુરોપીયન અને એક હિન્દવાનીએ–તીજે દહારે પોતાનો જીવ છોરિયો. યા યજદાન! કેવો તંગ ટાઈમ ઉતો! કોન્ને કહેવું! બસ–તે કરીમેકારસાંજની મુન્સફીને તાબે થઇને તે જાન વગરનાં બદનો અમે દરિયાની ગોદમાં સોંપી દીધાં. હવે તે બન્ને મરનારીઓનાં કુમરાં બચ્ચાંઓ, ઓ મા રે? માડી રે! ઓ ડીયર મમ્મા! વગેરેના અવાજોના તીરથી સૌના કાનો અને દિલો, તેની આરપાર સુધી વીંધાવા લાગ્યાં. બધાં ભુખાં તરસાં, થાકેલાં, બદનપરનાં કપરાં ભીનાં! બેરહમ મોજાંઓ આવી આવીને પાનીનો માર મારતાં જતાંતાં. જેનામાં જરાબી તાકત હતી, તે પાની ખાલી કરતાંતાં–ને બાકીનાં લગભગ બેભાનીની આલમમાં ઝોકાં ખાતાં નજર પરતાંતાં. હું મારી અમુલી અનામતની દિલોજાનથી તકેદારી, તેમ જ સંભાળ રાખતોતો ને પેલી બે મરનાર બાઇઓનાં બચ્ચાંઓને પસવારતો, ધીરજ દેતો, સંભાલતોતો. એકેએક જન કિરતારનું નામ લેતાં, ચારે પાસે આસા ભરી નજરે નાચતાંતાં કે કેથે કિનારો દેખાયચ, યા કોઈ સ્ટીમર,

જહાન કે બીજી કોઈ આસાની હોરી નજરે આવેચ! પન ફોકટ. ઉપર આભ ને નીચે આબ (પાણી)! એક બીજો દહારો ને રાત વીતાં કે અમારી બદનસીબ આંખોએ લગભગ બેભાનપનામાં મીચાઈ જતાં તન બચ્ચાં અને એક બૈરીની લાસને સેજદો કીધો! પથ્થરનાં દિલ કરી તે લોકનેબી પાનીની અંજાની ગોદમાં મચ્છીઓની ખુરાક માટે છોરવાં પરિયાં. હવે મારીપર એક નવા દુ:ખનું વાદલ તુટું. મરનાર કેપટનનું મનમોહક બચ્ચું ભુખમરા અને પાનીના મારાથી ભીંજાઈ તાપે પરિયું. હું, સ્ટીમરપરની મેહેનત અને ચાલુ ભુખમરો, હેજગારી અને જેમહતથી તદ્દન લાચાર થૈ ગિયો તો, પન તે બહુબોલકા પ્યારા પોપટની સારવાર વાસ્તે ઘસરાઈ ફસરાઈ ખરો થયો. પન સું કરું? બસ માથું દાબવા, પસવારવા, પુચકારવા ને ખોટી ધીરજ દેવા સિવાય બીજો કોઇબી ઉપાય, ઇલાજ કે તદબીર ઉતીજ નહીં. અરે પન હાય! જાલિમ મોતના કુર પંજાએ તે નિરદોસ ગુલાબના ફુલના દામન તરફ પોતાના કાતિલ નખો પસારિયા."

આ શબ્દો બોલતાં માણેકજીનું હૃદય ભરાઈ આવ્યું, અને તે ચોધાર આંસુ સારતો ગદ્ગદ્ કંઠે બોલવા લાગ્યો:—

"મને તે બચ્ચાંપર બેહદ પ્યાર થઈ ગયોતો. જો કે મારામાંબી હાથ પગ હીલવવાની તાકાત નહોતી, પણ હું જેમ તેમ મારી ગોદમાં તે બુઝતા દીવાનું માથું લઈ, બોટની બાજુને પાટિયે અઢંગી બેઠો ઉતો. બે તન જન હોંશ ભુલીને પડિયા પડિયા ભલતો બકબકારો કરતા હતા, કેટલાંક દુઆનો એક જ બોલ, જે મોરે ચરી રહેલો તે બોલી રહ્યાં ઉતાં ને મારા પ્યારા ભાઈ અથવા બચ્ચાંએ, જેને હું મારા જીવને બદલે જીવરાવા ચાતોતો તેણે 'પપ્પા માનેક! ડીયર માનેક આય ડાય—આય—આય—ડાય—ગો!' એમ કહેતાં કહેતાં જહાંપનાહની પનાહમાં પનાહ લીધી. હું ફાટ ફાટ થતી છાતીએ આંખ ફારી તે ઉડી ગીએલા પોપટનું ખાલી પીંજરું જોયા કરતોતો. મેં ડાકટરીનો અભિયાસ કીધોચ, સેંકરો બલકે હજારો મુદડાં જોયાંચ, ચીરિયાંચ ને કાપિયાંચબી ખરાં, પણ આય બોલતા પોપટે તો મારા હોશ જ ઉરાડી દીધા. જો કે તે ચાલી ગીયોતો—ઓ તે દગો દઈ ગીયો તો—પણ મારી ખાતરી નહોતી થતી. હું હજુરબી ખોદાય તેને પાછો ઉઠારસે એમ સમજતો, તેના લાકરા જેવા, પાનીથી ચિમરાયલા ગાલોપર ચુમીઓ લેયા કરતોતો. હાય! તેટલાં પાછો પેલો જ દેખાવ! તે જ તોફાની પવન, તે જ રાખસસી મોજાં, તે જ અંધકાર, તે જ વરસાદ, બેરહમ તોફાનના ફરિસ્તાએ વરી અમારો પીછો પકરિયો. મેં ફસડાઇ બેઠકના એક પાટિયામાં એક હાથ ભરાવી બીજે હાથે પેલી

પ્યારી લાશ ખેંચી, છાતી સાથે દબાવી. એટલામાં એક ખડક પાસે અમારી બોટ ખેંચાતી મને દેખાઇ અને એક ભારી મોજાની સંગદિલ અછાતે, અમારી લાઇફ બોટને ઉંચકી તે પથ્થરના બેરહમદેવની છાતી સાથે અફાળી ટુકડે ટુકડા કરી નાંખ્યા. બસ હું બેહોશ—"

એક ચીસ! બધાંનું ચમકીને ફરવું અને એદલજીની જરનું મૂર્છિત થઇ, ધડાક દઇને ભૂમિપર પડી જવું. એ બનાવ એક આંખના પલકારામાં બની ગયો—વાત વાતને ઠેકાણે રહી અને ગભરાટ તથા દોડધામથી આખો બાગ ધમધમી ગયો. પણ તેના ધનવંતરીએ અથવા લુકમાને વધારે વખત ફોકટ જવા દીધો નહી. પોતાના પ્યારા બીમારની સારવાર માટે બીજા કોઇને હાથ લગાડવાની ના પાડી, એક એકાંત રૂમમાં તેને તે પોતે ઉંચકીને લઇ ગયો. તે પોતે ડાકટર હતો, એટલે બીજાઓને ધીરજ હતી. ન કાંદો કે ન કોરનવોટર, ન સ્મેલિંગ સોલ્ટ કે ન બીજી કોઈ એવી દવા! બસ એક આલિંગનની ગરમી અને એક ચુંબનના સોગંધે તેણે બેહોશ જરને હોસમાં લાવી નાંખી. પા કલાકમાં પાછી તે જ ખુશહાલી અને લગ્ન વિવાહની વાતો ચાલવા લાગી.

છૂટા પડતી વેળાએ માણેકજીની માતાએ જરની માતા અને પોતા વચ્ચેની દુરની સગાઈ દેખાડીને, બીજે દિને જમણ પોતાને ત્યાં લેવા આગ્રહથી નોતરું આપ્યું. જરબાનુએ તરત જ તે નોતરું સ્વીકાર્યું. કેમ ન સ્વીકારે?–'ભાવતું હતું ને વઇદે બતાવ્યું.'

"ભાયા મરીજ કો, વહી તબીબને કહા."

પ્રકરણ ૪૩ મું
સૌ સૌની ગતમાં!

બીજે દહાડે જર સંકેત પ્રમાણે માણેકજીને ત્યાં જમવા ઉતરી પડી હતી. માણેકજીની મા જ્યારે સવારના પહોરથી તરખડમાં પડી હતી, ત્યારે તેણે સાધારણ રીતે પૂછ્યું; "માયાજી! આજે શું ખતરાકમાં પરિયાંચ? કોઈ રાજા બાસ્સાને જમવા નોતરિયોચ કે સું?"

"અરે જો, જોની મરી જાઉં!" હરખાઈ જતાં નવાજબાઈ બોલ્યાં. "એક જન્નતની હુરીને આજે આપરે વ્હાં સપ્પર લેવા તેરીચ. પાકદાદાર આમીન કરે! હું બી મ્હારા દહારેવારેના દીકરાને પન્નાવસ!"

"મને માયજી?" માણેકે અચરજ પામી પૂછયું.

"હારે માયનાજી; તુને, બચ્ચા!" નવાજ ડોસાંએ સરગવાની ધરડી સીંગો જેવી આંગળીઓથી ઓવારણાં લઈ કડાકા ફોડ્યા. "તું જોજે તો ખરો, નકરી જાને ઇનદરની અપસરા કે બેહેસની હુર! મરી જાઉં મારા ખોદાયજીપરથી! તે મારા મનની મોરાદ બર લાવે!! બસ તારે જ લાયકની."

"પન–માયજી! એ તમે બધી સું સેખચલ્લીના વિચારો બાંધી બેથાંચ?" માણેકે ગભરાઇને સવાલ કર્યો. "મારો હાલમાં પનવાનો વિચાર જ કહાં છે જે? એ ફૂદિયાં પેદા કરવાનાં તો આપરાં થેકાના ન્હેં મલે, ને તેમાં વરી ગરે તોક ઓરવીને કહાં જોઉં? તે હાથની ધરતી ખાય કોના હાથ પગ?"

"ઓવાય! લ્યો–એ શું અવર વાની!" નવાજ ડોસાં છછણ્યાં. "હાથ પગ મુવા કોઈ જુદા દુસ્મેનના ખવાય! જા બા માનેક! તું તો કંઈ સમજતો ન્હેં જો. ખોદાય રાખે–ભનેલો ગનેલો, લાત મારીને રોજી પેદા કરે તેવો તું જીનરે ભરિયો, વરી હાથની ધરતીનું પેટ ભરવાની સાની ફિકર કરેચ?"

"ન્હેં–ન્હેં–માયજી!" માણેકે લગાર હઠથી કહ્યું. "એમ એકાએક ને અચાનુચ મને પૂછિયા વગર કૈં ભાંગરો નાં વાટી બેસ્તાં હાં! કોઈ અભન અપ્પક—"

"અરે મૂગો રેહ–મૂગો!" નવાજ ડોસાં અભિમાનથી અણુકા કરી બોલ્યાં "જાને મોટો ડાહિ માયનો દીકરો તો પોતે જ થૈ ગિયો! તું જોતાંની સાથે જ ઘેલો બની જઈ, તેનાસે પનવા માગસે ને પછી હું બી તો ખરી કે તારી પાસ કાલાવાલા કરાઉં ને તુને તરસાવી તરસાવી પનાઉં."

"મારા સમ જો માયજી!" માણેક ગેલથી પોતાની માને હસ્તો બોલ્યો. "વરી હું ઘેલો બી બની જવસ, ને તમે બધાં લેલામજનુંનાં ફારસ બી જોસો નઈ? હા–હા–હા–હા–"

એ પછી નવાજબાઈ કામે કાજે લાગ્યાં અને માણેકે ઉતાવળમાં એક ચિઠ્ઠી લખી નોકર સંગાથે જરપર મોકલાવી. તેને સ્વપ્ને પણ જાણ ન્હોતી કે, તેની માતાએ તેની ભવિષ્યની ભાર્યાને જ આંખમાં ઘાલી છે. તેણે તો ભોળે ભાવે નીચે લખ્યા પ્રમાણે એક ચિઠ્ઠી ચીતરી દીધીઃ—

"માનેકના મનની માનેતી મોહોરદાર.

માયા, મમતા, મોહબ્બત ને મીઠાસના એખલાસ ભરિયા પ્યાર પછી લખવાનું કે આજ રોજે મારાં ભોલાં માયજીએ મારેવરે એક બૈરી સોધી રાખી,

મારી પસંદગીને ખાતર તેણીને ઘેરમાં જમવાને મસે તેરીચ. રખેને કોઈ ફેશનની ફીસીયારીવાળી ચસ્કેલી સુધરેલી આવી મારાં ગેરવે! કદાચ કોઈ સાન સલુકની હોય તો તો ખેર! પન કોઈ બી હોય-આપરે મન તો નકામી છે. તું જિગર આજે સાંજે આપરે તે દહારવાલે થેકાને છ થી સવા છ વાગા વેરમાં મલજે. હું ત્હાં બધો બનાવ બયાન કરસ. હાલ એ જ.

લી૰ હું છું તારા દીદારનો ઈન્તેજાર,

માનેક."

નોકરે જરને ચિઠ્ઠી આપી. જર વાંચીને ખૂબ હસી, અને પછી નીચે પ્રમાણેનો જવાબ લખીને તેજ નોકરને આપ્યો:—

"જરના જિગર!"

એતેફાકની વાત છે કે, ગેઈ કાલના લગનમાંની ધામધૂમમાં મારાં બેહસ્તન માયજીનાં એક સહીએ પોતાને ઘેર મને જમવા તેરીચ. લાચારીએ મેં હા કહુચ, એટલે જવું તો પરસે જ. રખે તે ડોસાંને બી કોઈ પોરિયો હોય ને તમારાં માયજીની કાની તેઓએબી મને પસંદગીને ખાતર જમવાને મસે તેરી હોય! હોસે, જો પોરિયો સાન સલુકનો હોસે, તો આપરે બી જે વાત ઈન્સાનીયતની કરસું-નહીં તો કોઈ ચેરો ચિબાવલો હોસે, તો નોકોઠા કરસું. આજે ત્હાંથી આવી મલવું મુશ્કેલ છે, જેથી આપરી મુલાકાત કાલપર મુલતવી રાખી રજા લેઉંચજી.

લા૰ તમારી જ સદાની દિલ્બર જર."

"એ બધેબધ પન્નાપન્નીનો પવન કેમ ફુંકાવા લાગોચ ? એ કેરીની ફસલની કાની પનવાનીબી આય મોસબ ઉભરૈ નીકરીચ કે શું ? ને વરી બુઢ્ઢાં ડોસાં જવાન છોકરીઓને જ નોતરવા લાગાંચ! એ કેવો ઓચંબા ભરિયો બનાવ! આય તો એક ઉખિયાતું થઈ પરીયું! ચાલો-ખોદા ખેર! કરે તે ખરું!!"

નેત્રો તણાવી તણાવી ભોજન વેળા થવા આવી, કંપાઉંડમાં ગાડીનો ગડગડાટ થયો ને નવાજ ડોસાં સામેયે દોડ્યાં. માણેકે ડોક કહાડી ગાડીભણી જોયું, પણ ખોંચરી જરે પ્રથમથી જ તેને જોઇને મુખ ફેરવી લીધું, અને ચાલ બદલી આડું જોઈ નવાજબાઈ સાથે ઘરમાં ગઈ. માણેક વિશેષ ગુંચવાડામાં પડ્યો-તે ઘડીમાં 'જર છે' એમ, અને ઘડીમાં 'તે નથી,' એમ બબડતો પોતાના ઓરડામાં આંટા ફેરા ખાવા લાગ્યો. અંતે ટેબલ પાથરવામાં આવ્યું અને સૌ જમવાના ઓરડામાં એકઠાં થયાં. ચાર આંખો મળી. જર તો પ્રથમથી જ જાણતી હતી, એટલે તે બીજી રીતે, અને માણેક પોતાની ચીઠ્ઠીને યાદ કરી બીજી રીતે-એ રીતે બંને

જાણુ મનમાં ને મનમાંજ હસવા લાગ્યાં. બંનેનાં મન એ વેળાએ આનંદનો કેવો અનુભવ લઇ રહ્યાં હતાં, એ તેમનાં મુખનું દર્શન કરવાથીજ જાણી શકાય–જિહ્વા અને શબ્દોમાં એનું સંપૂર્ણ દર્શન કરાવવાની શક્તિ નથીજ. ખાવાપર પરસ્પરની ઓળખાણો કરાવવામાં આવી અને આડી અવળી અનેક વાતો નીકળી. પણ તેમાં કશું પણ જાણવા જેવું નથી. આપણે જમી રહ્યા પછીની જર અને નવાજ ડોસાંની વાતો સાંભળીશું, તો કાંઇક ગમ્મત આવશે ખરી.

"તારે હું એમ પુછું, માય જરાં !" ડોસાંએ છીબાં થઈ પોતાના મતલબની વાત છેડી. "સું તારા બાવાજી તુને અખ્ખે રહીને ઘેરમાંથી બહાર કાઢવાનાજ નથી કે ?"

"હું કેમ મારા બાવાજીના પેટની વાત જાનુજી ?" જરે ભોળી બાળી બની મ્હોં ઠેકાણે રાખી વાતમાં રસ લેવા માંડ્યો. "તેવનને કોઇ સલાહ આપનારજ ન્હેં મલે, તો પછી તેવન બિચારા, પોતાના કામકાજમાં વરી મારી ફિકર તે ક્યાંથી કરે ?"

"પન દીકરી ! તારી પોતાની સું મરજી વારુ ?" ડોસાંએ ચોખો ચાંપ્યો. "ખોદાય સલામત રાખે–બાપનું બાસ્સાહી ઘેર તો જો કે સુખ ભરીયું હોય જ, પન તોબી સાસરેનાં સુખ તો, દીકરી ! જુદાંજ જો. જીભરાયો ધની બે ગારબી દિયે કંઈ બાપની દુઆથી કમ ન્હેં ની !"

"તમે દરોબસ કેહોછજી !" જર મનથી મલકાતી બોલી.

"વારુ હું એમ પુછું દીકરી ! કે તુને પનવા ગમેચ કે ! હેં ? સરમે ગઈ ? વરી એમ લાલ લાલ સાની થઈ ચાલી ? બોલની, જોઉં;" ખંધાં ડોસાંએ જરને પસરાવવાની કોશેશ કરી. "તુંને કેવો વર ગમેચ વારુ ?"

"જેવો ખોદાએ નસીબે લખ્યો હોય તેવો !" જરે અખાડા કરતાં કહ્યું.

"એમ હોય વરી ?" ડોસાંએ બોખું મ્હોડું હસ્તું કરીને કહ્યું. "ખુદાયપરથી મરું બદ્ધી તે–તે તો ઇન્સાન ચાહે તે ખુશીથી હજાર હાથે આપવા તૈયાર છે. પેલી કેહતી છેની કે, ચહાલું ઇન્સાન ને બખ્સવું યજદાનનું !"

"જો ખોદાય આપે તો બા મને તો કોઈ દેખાવલો, કદાવર, ભનેલો ગનેલો ને સાલેસ ધની મેળવવાની હોંસ છે." જરે, ડોસાંના મનનો ભાવ પામેલી હોવાથી જાણી જોઇ માણેકનાં લક્ષણો વર્ણવવા માંડ્યાં. "મઝેનો ડોકટરી પાસ કીધેલો હોય, સેંકરો હજારો બીમારો જેને ઘેર સારાં થવાની આસાએ ફેરા ખાતાં

હોય, સિવિલ સરજ્યન થયો હોય ને સારા અંગ્રેજ અમલદારો પન તેના ઓસીયારા થઈ મ્હોંનું જોયા કરતા હોય, તો હું તેવા જીભરાયા વરપરથી ઓવરે પોવરે જાઉં ! !"

"મને તું સોંપેચ ?" નવાજ ડોસાં હર્ષથી કોચપર કુદકો મારીને બોલી ઉઠયાં. "હું તારે વરે તારા દિલને લાયક ડાકટરીમાં પાસ થએલો, ખુબસુરત, સાલેસ, બાહોશ, વગવારો, સુધરેલો ને સરકારી નોકરીવારો મજેનો વર સોધી કહાડું."

બંધી જરે ધીમે રહીને ડોસાંજીના ઉછાળા ટાઢા પાડવાને એક પેસો કહાડ્યો. "હાજી—પન તે સ્ટીમરપર નોકરીએ જતો ન્હૈં હોવો જોઇએ !" ડોસાનું મુખ નિસ્તેજ થઈ ગયું.

"કાંય, કાંય—વરી એ કેવી સરત દીકરી !" ડોસાએ ફાળ ખાઇને કહ્યું.

"જોવની તમારા માનેકજી. જીભરાયા ખોદાયે બચાવિયા ત્હારે ની ? તેવનની હાથ ધરતીના સ્ટીમરની ખબર વાંચીને સું હાલ થયા હોસે ? કેવી બીચારી રોજ રરી રરીનં મરી ગેઈ હોસે ! કેમ દારા કહારિયા હોસે !"

"પન મારો માનેક કંઇ પનિયો નથી;" નવાજ ડોસાંએ વાતને વચમાંથી જ કાપી નાંખી.

"એમ કે જી ?" જરે જાણી જોઇને અજાણપણું દેખડાવ્યું. "એબી ઠીક જ થયું. હું તો તેવન આગબે રહાને પન્નેલા સમઝતીતી. પન ખરું કેહજો નવાજબઈ માય ! એવા જોખમભરી જિન્દગીના વર સાથ પનતાં કોઇની છાતી જ કેમ ચાલે ? અમથી અમથીબી બૈરીની થતી બ્હી બ્હીને મરી જાય ! કેમ ન્હૈ ?"

"સાની બ્હીએ, જો ઘેલી પોરી !" ડોસાંએ હિમ્મત આપવા માંડી. "અકસ્માતો તે કંઈ એમ રોજને રોજ જ થાયચ કે ? બૈરીયો જો એમ જ બ્હીયા કરે તો પલ્ટનની નોકરી કરનાર સિપૈ ને સુબેદાર ને મેજર ને કર્નલ ને કેપ્ટનો તો બધા અહુખરાંની કાની કુમારા જ ફરિયા કરે. ઘેલી પોરી ! તારા કરતાં તો મરઘી વધુ હિમ્મતવારી હોયચ !"

"એમ કે નવાજબૈજી ?" જરે કાંગલી થઇને પૂછ્યું. "એવી બીક દિલમાં ન રાખવી જોઇએ કે ?"

"પન સાની બીક, જો ચેરી પોરી !" જર વળી ગઇ, એમ ધારીને ડોસાં લેકચર કરવા લાગ્યાં. "દુનિયાંના બધા જ ધંધા જોખમ ભરિયા છે. આપરે ઘેરમાં બેઠાંય ને ખોદાય ન્હૈં કરે ને ઘેર તુટી પરે તો શું આપુને લોકો એમ કેહ કે

જાની જોઇને ઘેર નીચે બેઠાં ! ત્હારે શું મેહાનમાં જનમ ગારિયે કે ? એ બધા ખોતા વિચાર છે, ખોત્તા."

"બરાબર છેજી–તમારું કહેવું." જરે માથું ધુણાવીને કહ્યું, ને ડોસાં મગન મગન થઇ ગયાં. "ખરેખર જોવની મોટા મોટા પ્રિન્સો સ્ટીમરોની મુસાફરી કરેચ તો વરી આપરે બિચારાં કોન ? મચ્છીકી જાત ઝિંગા !"

"ત્હારે દીકરી જર !" ડોસાંએ પાસા નાંખ્યા. "જો મારા માનેકજી સાથ તુને જોરાવાની ભલામન કરું તો તેમાં હું આપમતલબી તો ન્હેં કહેવાઉં ? ખોદાય રાખે, બધી રીતે લાયક છે, દીવો લેને સોધવે મરવો મુસ્કેલ છે. જો તુને અરઝ્યન ન હોય તો તેને અહીં બોલાઉં ? હું ? બે વાત તો કર. તું બી દાદારની દયાથી સીખેલી ભનેલી છે. એનેબી *મડેની માયની તાલકી ભનવા પાછળ ઘસી પીસી નાંખીચ. જરા પરીકસા તો લે."

જરે જરા આનાકાની કરી, પણ ચીવટ ડોસાં માણેકને બોલાવીને જ જંપ્યાં. જર અને માણેકને વાતોમાં મૂકીને પોતે ચાહ લેવાં ગયાં અને એક કલાકે તે ચાહતાં જોડાં માટે ચાહ લઈ આવ્યાં. ચાહ પીને થોડીકવારે જરે રજા માગી અને તે ઊતારે ગઈ. ડોસાં માણેક પાસે જઈ બેઠાં ને વાત કરવા લાગ્યાં.

"કાંયરે દુકતા ! ના કેહની જોઉં ? બોલ તો બોલ કે ન્હેં પન્નું ? બસકે ? મુગો મંતર કેમ થેઈ ગિયો ? કેહની !" માયજીએ ભાંગરો વાતિયો.

"ન્હેંરે માયજી ! પોરી તો ઘેર સોભવે તેવી છે. ઇંગ્લિશ કેવું ફાઇન બોલેચ, ને આઇડિયા જ કેવા હાઇ છે ? મઝેની છે, જો એનાં માયબાપ મંજુર કરે તો." માણેકજીએ તાલમેલથી પોતાનો વિચાર જણાવ્યો.

"અરે જારે જા લુચ્ચા !" ડોસાંએ બે આંગળીઓ માણેકના ગાલપર મારીને કહ્યું. "તુને ગામરિયાના ગમારને એ સુધરેલી છોકરી સાથ કોન પન્નાવે ?"

એ પછી નવાજબાઇએ માણેકના પિતાને બધી વાત કહી અને તેઓએ મંચેરશાહ છાપગરને મળીને એક કાગળ જરના માગાંનો લખાવ્યો. માણેકની છબી સાથે મોકલી અને જરની પણ થોડી ઘણી ઇચ્છા છે, એમ જણાવ્યું.

---

* આ શબ્દ ફારસીના ઉપવનમાંથી પારસણોએ ખાસ છોલી છાલીને ઘડયો છે. અસલ 'મુદાઇ' શબ્દ છે, ને તેનો વેરી અથવા શત્રુ, અર્થ થાય છે. ભાષાની સુધારણામાં એવા સહસ્રાવધિ શબ્દોપર પારસી પારસણોના અનેક આભારો અને ઉપકારો થએલા છે !

પ્રકરણ ૪૪ મું

જાપાની જોડું

માણેકજી સાથે તો આપણે મોહમયીમાં મનમાનતી રીતે મળ્યાં, મહાલ્યા, લગ્ન ખાધાં, દરિયા કિનારે ભેટયાં, ઘરમાં મળ્યાં અને લગ્નનું માગું પણ જતું જોયું; પણ આપણા **માણેકચંદ** ઉર્ફે ઈમ્તેહાનચંદ બહાદરની જાપાનમાં શી દશા છે, એ તો ચાલો હવે જોઇએ. હવે કંઇ મુફલસીનો ક્રૂર હાથ તેના દામનને અડકી શકે તેમ તો નથી જ. દરિદ્રતાનો દુઃસહ ફાંસો તેના ગળાને દબાવવાનું સાહસ કરી શકે તેમે નથી. હવે તો તે ધનના ઢગલાપર **માણેકચંદ** બેસી ગયો છે; લખપતિ બની બેઠો છે!!

એક તાજા ખબર સુનો યારો!
તુમભી અચરજ કરોગે સુનસુનકે;
કલથી ફાકોકી જિનકે ઘર નૌબત–
આજ તો હુન બરસ ગઈ ઉન્કે!

પેલી તરફ **જર** લાહોરમાં બાપ પાસે જઈ બેઠી છે. **એદલજી** તેના લગ્નની તૈયારી કરી રહ્યા છે, **જર**નું હૃદય આનંદથી ઉછાળા મારી રહ્યું છે; **માણેકજી** મલકાઇ રહ્યો છે. અહીં લાખોની સ્થાવર અને જંગમ મિલકત પાણીને મુલે વેચાઇ રહી છે, સાટાં થઇ રહ્યાં છે, રૂપિયા ગણાઈ રહ્યા છે, હુંડીઓ લખાઈ રહી છે, ચંદ બહાદરે શરીર ખડકવા માંડ્યું છે, શોક વિસરાઇ ગયો છે. ફિકર ફકીરને ને ચિંતા ચતુરને. રડે રૂવાળો ને પીટે પીંજારો! બબ્બે ઘોડાની ગાડીઓ જોડાય છે, મિલકતો તપાસાય છે, ખાતું પીતું, પહેરવું ઓઢવું કશાની કમી નથી. **માણેકચંદ**ની એવી ઇચ્છા છે કે, ધીરે સાંસ્તે બધું વેચાય તો મનમાન્યા ટકા એકઠા થાય. **કોમરાસ્કી**ની એવી ઝંખના છે કે, કયારે બધામાં લાહ્ય લાગી જાય, કયારે હિન્દ જવાય, કયારે કરોડ રૂપિયાનું ઉઘરાણું થાય અને કયારે **માણેક** સાથે લગ્નનો શુભ દિન દેખાય!

પોસ્ટમેને પત્રો લાવી આપ્યાં. એકમાં **એદલજી** તરફની કંકોત્રી અથવા ઇન્વીટેશન કાર્ડ હતો અને સાથે તે ગૃહસ્થ પારસીની આગ્રહપૂર્વક મુંબઇ આવવવાની માંગણી હતી; બીજું પત્ર **જર**ના હાથનું હતું. તેમાં પણ ઘણી ઘણી જાતના કાલાવાલા અને આજીજીઓ હતી. પણ બાપડા **માણેકે** જે દહાડે ઉપડવાનું નક્કી કર્યું હતું, તે જ દિવસ દુર્દૈવવશાત્ **જર**ના લગ્નનો હતો; એટલે લગ્નના અવસરે

પહોંચવું તો સર્વથા અશકય જ હતું. કોમરાસ્કીને તેણે એ પત્ર બતાવ્યું; અને પોતાપર થએલા તે બાઇના ઉપકારોનું પણ વર્ણન કરી સંભળાવ્યું. ઉમરાવજાદી કોમરાસ્કીએ ઝટ પોતાનો જવાહેરાતનો બોકસ ઉઘાડી એક હીરાની વીંટી, જે આસરે ત્રણેક હજારની હશે તે કાઢી આપી અને માણેકે ઉપકાર સહિત તે લઇ જરપર લગ્નની ભેટ તરીકે પારસલ કરી મોકલી. વાહરે માણેકચંદનું ભાગ્ય ! એદલજી, જર અને માણેકજી આ બહુ મૂલ્ય મુદ્રિકાને જોઇને શું ધારશે?

શું ધાર્યું? માણેકે જ્યારે હિંદના ભવિષ્યની ખીલવણી માટે એક અલગ યુનિવર્સિટી સ્થાપવા પચ્ચીસ લાખની મોટી રકમ માગી હતી, ત્યારે તમે કોમરાસ્કી શું ખાશે, એની ચિંતામાં પડ્યા હતા, કેમ ખરું છે ને? લ્યો સાહેબ! જે દિવસે મુંબઇમાં આપણી વાર્તાનું મુખ્ય જોડું આલબ્લેસ બાગમાં પરણે છે, તેજ દિવસે બીજું પીળું કાળું રંગબેરંગી જોડું પિસ્તાળીસ લાખની બાદશાહી રકમની હુંડીઓ, નોટો, ગીનીઓ અને બેંકના ચેકો, તેમ જ વીશથી બાવીશ લાખનું જવાહેરાત અને દાગીના લઈ, સાઠ પાંસઠ લાખની નાદીરશાહી લૂટ લઈ, મુંબઈ આવવા ઉપડે છે. દાદાભાઈ મામાના લગ્ન વેળાએ બે મહિનાની વાતપર આપણે મુંબઈમાં હતાં અને ત્યાંનો તમાસો આપણે સારી રીતે નિહાળ્યો છે; એટલે જર અને માણેકના લગ્નની છતી કંકોત્રીયે પણ આપણે ત્યાં જઇયે તેમ નથી. ચાલો આપણી તેમની સાથની બહોળી ઓળખાણના પરિવર્તનમાં શુભાશીર્વાદ આપીને તે જોડું અમર રહો–પુત્રપરિવારવાળું થાઓ અને દીર્ઘાયુ થઇને સંસારનાં સમસ્ત સુખો ભોગવો, એવી મંગળ ભાવના કરીને, આપણે ચંદ બહાદુરને સ્ટીમરપર સવાર કરવા જઇયે.

બાસઠ ત્રેસઠ લાખની નગદી અને માલમતા ઉપરાંત પચ્ચીસ ત્રીસ ગાડાં ભરીને અટાલો કટાલો, એક રાજા જેવા ઠાઠમાઠથી આપણું દ્વિરંગી જોડું ઘરમાંથી બહાર પડ્યું. જમણી બાજુ એક કાગડી બોલી, એક બીલાડી આડી ઉતરી અને એક છોકરી છીંકી, પણ દોડાદોડીમાં કોઈનું ધ્યાન ખેંચાયું નહિ. ઘોડાગાડીઓની હારની હાર, જાણે વરઘોડો નીકળ્યો હોય તેમ માર્ગમાં નીકળી; કારણ કે કોમરાસ્કીએ પોતાના મિત્રવર્ગ અને ઓળખીતા પાળખીતાઓને એક છેવટનું ભોજન આપ્યું હતું અને તે કુળવતી ધનાઢ્ય બાળાને છેલ્લીવાર મળવા માટે મોટા મોટા ધનિકો, જાગીરદારો, તેમ જ ઓહ્દેદારો પધારેલા હતા. મોટો ભાગ કોમરાસ્કીને ગાંડી અથવા માણેકચંદને જાદુગર ધારતો હતો, પણ "મિયાં બીબી રાજી; વહાં કયા કરે કાજી?" કેટલાકો તે દૃઢ ચિત્તવાળી પ્રેમમૂર્તિની પ્રશંસા કરતા હતા, તો

કેટલાકો માણેકચંદની જિત માટે બળીજળીને રાખ થતા હતા. પાઠકોમાંથી પણ યથેષ્ટ ભાવ રાખવાની સર્વને સ્વતંત્રતા છે. આપણે તો પાછળ પાછળ રામણદીવો લઇને નીચલી સીટી લલકારીયે છીયે:—

"અમે ઇડરિયો ગઢ જીત્યાં રે આનંદે ભલા."

સંયોગની વાત છે. માણેકજી પોતાની પ્યારીને મેળવવા દરિયા ડોહવીને ગયો, ત્યારે માણેકચંદ દરિયાપારથી એક ઘરૂણીતરૂણી જિતી ન જાય? અંતર તો માત્ર જી અને ચંદનો જ છે કે કંઈ બીજું? ડાકટર શમ્દા અને મિસ કુવડાની આંખોમાં અશ્રુની ધારાઓ વહેતી દેખાય છે. કોમરાસ્કી તેમને બે વર્ષ પછી એકવાર જાપાન આવવાનો વાયદો કરી હસિતવદને ધૈર્ય આપી રહી છે. ગાડીઓ ગડગડી હુર્રેના પોકારો થયા, દરિયાનો કિનારો આવ્યો, હાર ફુલના ઢગલા લાગી ગયા. ટુંકમાં અનેક પ્રકારની આગતા સ્વાગતા, સેરીમની અને તકલ્લુફ પછી સ્ટીમરે લંગર ઉપાડ્યું. કોમરાસ્કીનાં નેત્રો જન્મભૂમિને અંતિમ પ્રણામ કરતાં સજળ થયાં. કેમ ન થાય? વતન આખિર વતન જ છે કહ્યું જ છે કે:-

"ગંદુમ હય સીના ચાક ફિરાકે બિહિશ્તમેં;
આદમકો ક્યોં ન હોવે મહબ્બત વતનકે સાથ."

કહે છે કે, જ્યારે બાવા આદમને બિહિસ્તમાંથી જિલા વતન-દેશપાર-કરવામાં આવ્યો, ત્યારે તેની સાથે ગંદુમ-ઘઉં-ને પણ વતન છોડવાની આજ્ઞા થઈ. વતનના વિયોગથી તેની છાતી ફાટી ગઈ-અદ્યાપિ ઘઉંની છાતીમાં ફાટ છે, કારણ કે, તે વતનના વિયોગના શોકમાં પડેલો છે. ત્યારે મનુષ્યને માતૃભૂમિ માટે પ્રેમ હોય તેમાં નવાઇ જ શી? તેમાં આશ્ચર્ય જ શું? અંગ્રેજીમાં એને મળતી જ એક યુક્તિ છે કે:—

"I would not change my native land
For rich Peru with all her gold;
A nobler prize lies in my hand
Than East or Western Indies hold."

WATTS.

કોમરાસ્કીએ મુખ ફેરવીને માણેકચંદ ભણી જોયું અને ઝટ આંસુ લુછી નાંખ્યાં. બંને જણ પોતા માટે રિઝર્વડ કરાવેલી ફર્સ્ટ કલાસ કેબિનમાં ગયાં, ચાર ચાકર સાથે લીધા હતા અને એક દાસી ખાસ કોમરાસ્કી માટે અલગ હતી.

પડતો શબ્દ ઉંચકી લેવાતો હતો. બંને જણ ભારતવર્ષમાં જઈ શું કરવું અને કેમ રહેવું, એ વિશેના વિચારો કરવામાં જ સર્વથા લીન અને નિમગ્ન બની ગયાં!

પેલી તરફ માણેકજી અને જરનું જોડું હનીમુન ભોગવવા માટે મહાબળેશ્વર તરફ ઉતરી પડ્યું. માણેકચંદની વીંટીપર બંને જણ અનેક તર્ક વિતર્ક કરતાં અને થોડા દિવસમાં બધો રંગ જોવા મળશે, એમ કહી હસ્તાં હતાં. એક જોડું તો આમ નિર્વિઘ્ને જોડાયું, પણ બીજા જોડાને પ્રસ્થાન વેળાએ અપશકુનો થયાં છે. ઈશ્વર તેમને સહીસલામત ભારતમાં લાવી ઉતારે, એટલી જ તે જગન્નિયંતાને આપણી અનન્ય ભાવે અભ્યર્થના! ચાલો ત્યારે વાંચકો! તમે પણ અમારી સાથે નીચેની પ્રાર્થનામાં સામેલ થાઓ:—

"દીનાનાથ! વિશ્વાસ તમારો-
તારો, નૌકા ને પાર ઉતારો!"

પ્રકરણ ૪૫ મું

'મેલ કરવતિયા કરવત, કે મોચીડાના મોચીડા!'

"અભાગિયા જાઇશમાં બેઠો રહેજે ભારમાં;
તું જઇશ રેલમાં તો, હું પહોંચીશ તારમાં."

એમ. એ. ના વાંચકો! માણેકચંદનું પહેલા પ્રકરણમાં ચિતારેલું ચિત્ર યાદ કરો. જેને ત્યાં દુધ લેવા જાય, તેની ભેંસ મરી જાય; જેને ત્યાં દીવો કરવા જાય છે, તેનો કુલદીપક ઓલવાય; જેના આશ્રયમાં જવાની ઇચ્છા કરે, તેનું ઘર બળે; અને જે વૃક્ષની છાયા તળે બેસે, તેનાં પાંદડાં ખરી પડે! જર આગળ પોતાના દુર્ભાગ્યનું વર્ણન કરતાં તેણે નીચલો અશઆર (શેરો) કહ્યો હતો;-

" મૌત માંગું તો રહે આર્ઝૂએ ખાબ મુઝે;
ડૂબને જાઉં તો દરિયા મિલે પાયાબ મુઝે;
મેરી ઇજા કે લિયે મુર્દેમેં જાન આતી હય;
કાટને દૌડતી હય મહીએ બેઆબ મુઝે."

તે દુર્દૈવ પીડિત માણેકચંદ, તે ભાગ્યદેવીના કોપાનળનો પતંગ માણેકચંદ, ભારતના ભદ્ર માટે લક્ષાવધિ મુદ્રાનું ઉધરાણું કરવાની હોંસમાં ઉછળતો હતો! પણ તેના દુર્ભાગ્યથી એ દેખી જ કેમ શકાય? તેમાં વળી ભારત-હીનભાગ્ય

ભારતના દુષ્ટ દિવસોની–ભારત દુર્દશાની સંમિલનતા થઈ, એટલે તો પછી પૂછવું જ શું? કારેલાનો વેલો લીંબડે ચડ્યો, એટલે પછી કડવાસમાં શી મણા રહે વારુ? તે હીનભાગ્ય ભારત, કે જેને માટે કુમ્ભકરણ અસુરે વિલાયતમાં કર્જન અવતાર ધારણ કરીને પુણવામાં ન્યૂનતા ન કરી; તે ભાગ્યહીન ભારતવર્ષ, કે જેને માટે કંસાસુરે ફુલરાવતારમાં ફાલી ફોલ્લા ફોડવામાં કમી ન કરી તે દૈવ દામેલું હિન્દ, કે જેને માટે કેયાકીચકે એમર્સનનું રૂપ ધાર્યું ને બદનસીબ હિન્દુસ્તાન, કે જેની ત્રીસ કરોડ તેજ સમાન પ્રજા સામે બ્રિટીશ સિંહની ધ્વજા તળે અન્યાયી જનો અદેખા, મઝાથી વાંકના બદલામાં મોટે ઓહદે ચઢે જાય છે! તે કમ્બખ્ત હિન્દ, કે જેની રસાળ ભૂમિને વિદેશી તુરંગી અને તોફાની તોરીઓની ટાપોએ ખોદી ખણી ખરાબ ખસ્તા કરી હણી નાંખી છે! તે સિયાહ બખ્ત મુલ્ક, કે જે વિદેશીઓની ઝેરી નજરથી નજરાઇને અસાધ્ય જ્વરથી પીડાઈ રહ્યો છે; તે ભારતવર્ષના શુભની ઇચ્છા? હરિ હરિ કહો! નારાયણ નારાયણ જપો! જેના ઉદ્યોગની ખીલવણીના બે બોલ બોલનાર વ્યકિત ભયંકર અપરાધી ગણાય, દંડાય, હીણાય અને ફજેત થાય, તેના માટે એક કરોડનું ફંડ, અને તે પણ વળી અભાગિયો માણેકચંદ, એકઠું કરવાની ધારણા ધરે? જે દેશની સ્તુતિ સાંભળનારના કાન બ્હેર મારી જાય, દુઆ માગવા હાથ ઉચકનારના હાથ ખરી પડે, હેતનાં આંસુ પાડનાર આંધળો બની જાય, તે દેશની ઉન્નતિ કરનારનો બેડો (વ્હાણ–જહાજ) પાર કયાંથી ઉતરે? શું સમુદ્ર સુકાઈ ગયો છે? મોજાં મટી ગયાં છે? બાદે મુખાલિફ–વિપરીત વાયુના દેવતાએ ચુડીયો પહેરી છે? ના ના–બને જ કેમ?

લ્યો–ભારતના ભદ્રેચ્છુ વીરો! શોકથી અશ્રુપાત કરો. સ્ટીમર ઉપડી, કોમરાસ્કી ગળે લાગેલી છે, રત્નાકર થનથન કરી રહ્યો છે, માણેકચંદ હર્ષથી થનથન કરે છે, અનુકૂળ વાયુ વહાય છે, ફુફાટા મારતો સમુદ્રઅશ્વ દોડ્યો જાય છે, સ્ટીમરના પ્રવાસી ખાસ્સી મઝા કરે છે. તેવામાં વાયુ વિફર્યો કે માણેકચંદનું ભાગ્ય પણ વિફર્યું. આકાશ ગાજી ઉઠ્યું, સ્ટીમર ડોલવા લાગી–પાણીમાં પેસવા લાગી, નાવિકો મથ્યા, પણ સઘળું અવરથા! માણેકચંદની સ્ટીમર તો ભાગીને ભૂકો થઈ ગઈ! દરિયાનો દોઝીલો દેવ પોતાના તળિયામાં હિંદ માટે આવતા ધન અને તેની આપનારી ઉપરાન્ત અનેક જીવડાને ગર્કાવ કરી, ડકાર પણ નથી કરતો! દીન કોમરાસ્કીના મનની અભિલાષા મનમાં જ લઇને સદાને માટે સમુદ્રની છોળો તળે છૂપાઈ ગઈ!!! નિરાશાના વાયુના થપેડાઓએ રેતીના રણમાં પડેલાં પગલાં જેવાં તેના નામનાં ચિહ્ન ઉપર ધૂળના ઢગલા વાળી નાંખ્યા! અસ્તિત્વના પાનાપરથી તે

પ્રેમમૂર્ત્તિનું નામ દગ્ધાક્ષર પ્રમાણે છેકાઈ ચેહરાઈ ગયું ! માર્ગમાં દરિયાઈ તોફાને ઍપોલો પેઠે આ ધૂમ્ર બોટના ગોટનો પણ નાશ કર્યો અને તે એટલો જલદી કે કોઇને બચવા બચાવવાના પ્રયત્નો કરવા જેટલી પણ તક ન આપી ! એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ પણ નથી. એનું જ નામ પલકદરિયાવ ! અને એનું જ નામ આસ્માની સુલ્તાની ! નરસું કાંઈ ઢોલ વગાડીને નથી થતું. આવી જ બને છે, ત્યારે હાથનાં હથિયારો હેઠાં પડે છે. મનુષ્યની શક્તિ જ કેટલી ! બચાવ કરનારનું બળ જુવો અને બોલવા બેઠેલાનું પ્રાબલ્ય નિહાળો ! જ્યાં ઈશ્વર જ વિમુખ થયો, ત્યાં અધુરા શોધપર ઍંટ કરનાર તુચ્છ મનુષ્યોના ભાર જ શા ? રશિયન દરિયાઈ કાફલાને જાપાનીઓએ દરિયા બુર્દ ન્હોતું કર્યું ત્યાં સૂધી કોણ જાણતુંતું કે, બાલ્ટિક કાફલાના પહાડી પોતો, કુવામાં બાલ્ડી પેઠ બૂડી જશે ? કોઈ પણ ઉપાય યોજવા જેટલો સમય ન આપતાં અડધા કલાકમાં તો માણેકચંદના તે પહાડી વહાણે, ઠેઠ તળિયે જ જઇને દમ લીધો, પણ તે છતાં એક લાકડાના કટકાએ એક હઠીલી જિન્દગીના પુરૂષને ઉગાર્યો, અને તે કોણ હતો ? માણેકચંદ એમ. એ.

હાય ! હાડમારીને હેલે હુલળી રહેલા ભાગ્યહીન રાજપૂત બચ્ચા ! તારી આ કેવી દુર્દશા !!

"અગર કુન્દન ઉઠાતા હય, તો મિટ્ટી હાથ આતી હય !;
કભી રસ્સીકો છૂતા હય, તો વોભી કાટ ખાતી હય !"

બચાવનાં અનેક સાધનો છતાં જે તોફાનમાંથી કોઈ પણ બચવા ન પામ્યું, તેમાંથી એક-માત્ર એક જ માણેકચંદ ઉગર્યો, એ પણ એક ઈશ્વરી લીલા જ તો. એક લાકડાના મોટા બીમ સાથે તેણે બાથ ભીડેલી હતી. સમુદ્રના મદોન્મત્ત તરંગો તેને આમથી તેમ ઉછાળી રહ્યા હતા. પોતાના દુર્દૈવ માટે અનેક પ્રકારે શોક કરતા તે ક્ષત્રિય પુત્રે ઘણીકવાર ઈચ્છયું કે, બાથમાંથી લાકડું છોડી દઈ પોતાની કંટાળા ભરેલી નકામી જિન્દગીનો પોતાના હાથે જ અંત આણું ! અને તે તેમ કરવા જતો પણ હતો ! પરંતુ ખેલાડણ પ્રકૃતિએ તેને તેમ કરવા પૂર્વે માણેકજીનું સ્મરણ કરાવ્યું. આશાના એ ઝીણા તાંતણાએ બંધાઇને તેણે એવો વિચાર કર્યો કે, "આમે મરેલો તો છૂં જ. છતાં આ હઠીલું જીવન શા તમાસા દેખાડે છે, તે જોઇને સ્વાભાવિક મરણથી જ મરવું વધારે સારું છે. કદાચિત્ માણેકજી પ્રમાણે સમુદ્રની લહરી તીરે લઈ જઈ નાંખે, તો ધણીની મોજ !" ને તેમ જ થયું—

"ઉસે દજલ કરતે નહીં હોતી બાર;
ન હો ઉસ્સે માયુસ ઉમ્મીદવાર !'

એક રાત અને એક દિવસ સુધી તે પોતાની જીન્દગી પેઠે છોળોના ધક્કાથી ઠેલાતો રહ્યો. બીજે દિવસે લગભગ અર્ધ મૂર્છિત દશામાં જાપાન જતી એક સ્ટીમરે તેને ઉંચકી લીધો. સારવારમાં તો કોઇ પણ કસર શાની કરે ? છતાં તેના સદ્‌ભાગ્ય યોગે તે સ્ટીમરમાં સ્વામી રામતીર્થ એમ. એ., જેઓ જાપાન જતા હતા, તેમણે દયાથી અત્યંત પરશ્રિમ કર્યો; અને જાપાનના કિનારે પહોંચવા પહેલાં માણેકચંદ વાતચીત કરતો થયો. સ્વામીજી એક દેવતાઈ મૂર્ત્તિ–કદાચિત્ વાંચનારમાંથી કોઇને તેમના દર્શનનો લાભ પણ મળ્યો જ હશે. ચિકિત્સા અને બોધ બન્નેનો તેને સાથે જ પ્રસાદ આપવા લાગ્યા. માણેકચંદે સાજો થઈ સ્વામીજીને આપ વીતી બધી વાત વર્ણવી સંભળાવી. એ સાંભળીને દયાળુ દેવ ખડખડ હસી પડ્યા. માણેકે તેમનાં ચરણ પકડી લીધાં અને દીક્ષા માગી ! જાપાનમાં ઉતરીને રામે તેને કાષાયવસ્ત્રો પરિધાન કરાવ્યાં–તે સંન્યાસી થયો !

માણેક માટે રામ રામ જ મળ્યા. અન્યથા જાપાનના કિનારાપર પાછો આવતાં તે વ્યતીત વૈભવોનું સ્મરણ કરી કદાચિત્ વિક્ષિપ્ત પણ થઇ જાત ! પણ રામ પ્રતાપે હવે તો તે એવા તુચ્છ વૈભવોને ઠોકર મારવા લાગ્યો ! હા–કોમરાસ્કીનો નિર્દોષ પ્રેમ કોઈ કોઈવાર તેનાં નેત્રોમાં ઝળઝળિયાં લાવતો અને તે વેળાએ દયાળુ રામ કહેતા કેઃ—

"મેરે પ્યારે ! તું સ્વયં કોમરાસ્કી બન જા. વો તુહી તો હય–બસ.

તુકો ઇતના મિટા કે તુ ન રહે;
ઔર તુઝમેં દુઇ કીબુ ન રહે !"

"સ્વામીજી !" માણેકે આંસુ લુંછીને કહ્યું. "મુઝકો વિશેષ શોક ઇસ બાતકા હય કે, મેરી દેશસેવા મેં વો બડી સહાયક હોનેવાલીથી."

"મેરે પ્યારે ! દેશસેવા તો તું પ્રથમહી કર ચુકા હય;" સ્વામીજીએ હસિત વદને કહ્યું. "જિસ્ને આત્મસેવા ન કી ઉસ્ને કુછ ન કિયા. તું અગર એમ. એ.કી ડિગ્રી ન પાતા, તો તેરે મનમેં અનેક અભિલાષા હોનેપરભી તું કુછ દેશસેવા ન કર સકતા. જો તુમ દેશ ભરકો હિલા દેને કી ઈચ્છા રખતે હો, તો દેશકા વો ભાગ, જો સર્વથા તુમ્હારે નિકટ હો, ઉસે હિલાના આરંભ કરો; અર્થાત્ તુમ અપને આપકો દેશકા એક ભાગ માનો, ઔર સ્વયં અપનેકો હિલાવ. યદિ અપનેકો પૂર્ણ રૂપસે હિલાવગે, તો દેશ આપહીઆપ હિલ જાયગા. એક યુનાની ઐસા શાસ્ત્રી થા, ઉસ્કા યહ કથન થા કે અગર મુઝકો એક સ્થાનપર સ્થિત હોને જિતના સ્થલ (લીવર) પ્રાપ્ય હો, તો મયેં એક છોટાસા પ્રાણી, સમસ્ત સૃષ્ટિકો

હુલા સક્તા હું. હાય! ઉસ દીનકો કોઈ સ્થાન ન મિલા! મેરે પ્યારે! વો સ્થલ–વો મધ્યબિન્દુ, જિસપર ખડે હોકર તુમ સૃષ્ટિ ભરકો હિલા સકતે હો, વો તુમ્હારા આત્મા હય–સબ વહી દૃઢ હોકર, અપને સ્વરૂપમેં સ્થિત હોકર, ફિર ગતિ દો–દેશ તો ક્યા–અખિલ બ્રહ્માંડકો હિલા દોગે!

"મેરે પ્યારે! રામનેભી દેશોન્નતિપર કમર કસી હય. ઇસી કારણ જાપાન આયા હય–યહાંસે રામ અમેરિકા જાયગા, ઔર વહાંસે ભારતવર્ષકો લૌટેગા. તબતલક સાથ રહો. હમ તુમ સંગહી દેશોદ્ધારકે પ્રયત્ન કરેંગે. રામ તેરી કોમ-રાસ્કી હય, રામસે લગન લગા લે. મેરે પ્યારે! પ્રેમ પયદા કરો, પ્રેમમય હો જાવ, ઔર પ્રેમમેં લીન હો જાવ. પ્રત્યેક બાતમેં રસ ભરદો, એસા પયદા કરો–તલ્લીન હો–મહત્ હોજાવ–

'નેમ રહે યા નાં રહે, પ્રેમ રહે ભરપૂર;
નિર્ભય સુખકા પંથ હય, હઠકી કહા જરૂર?'

"તુમ સબ કુછ હો, જો ચાહો સો કર સકતે હો–મગર પ્રેમસે કરો તો. હમારા ભાગ્ય અચ્છા નહીં. ઈશ્વરેચ્છા, કોઇ ગુરુ અચ્છા નહીં મિલ્તા, સતસંગત નહીં હોતી, ઇત્યાદિ વિચારોંકો છોડ દો–ઇસ્સે ચિત્ત આલસ્ય શીખતા હય.

'જુતું હય ખબ્તહય તકદીરસે નાહક ઝગડતે હયેં;
હમ આપહી કરનેસે બનતે ઔર બિગડતે હયેં;'

"નામદેવસે બાલકને આત્મબલસે હી ઠાકુરકો દુધ પિલાયાથા. પ્યારે! આત્મબલ બઢાવ, દુસરોંકે વિધેય ન બનજાવ."

"પરંતુ ગુરુદેવ? ગવ્હર્નમેન્ટ વિદેશીયન હય, ઉસકે કાનોં તક હમારી આવાજ પ્હોંચાના બડા કઠિન કાર્ય હય;" માણેકે કહ્યું.

"મેરે પ્યારે!" રામે ખડખડાટ હસી પડીને કહ્યું. "જબ ઉસ બડી ગવ-ર્નમેન્ટ કે નિરાકાર કાનોંતક તુમ્હારી આવાજ પહુંચા સકતે હો, તો ફિર ઇસ બેચારી નામ માત્રકી ગવર્નમેન્ટકી ગણનાહી કયા હય? કાન ક્યા, કાનોંકે પર્દોકે પરલે પાર પર્દે ચીર કર તુમ્હારી ચીખે નિકલ જાયેંગી. પ્રથમ તુમ નિશ્ચય બલકો બઢકર પુકારના શીખો, ઐકય શીખ કર ઐકય ફયલાવ. દેખના, યહ શેઅર લોગ શુક્રિયેકે સાથ કહતે સુનાઈ દેંગે—

"ગયા હય અર્શે મો અલ્લાપે શોર નાલોંકા;
ખુદા ભલા કરે ફરિયાદ કરનેવાલોંકા."

"અહાહા—ભગવન્ ! પુનઃ શબ્દામૃત પિલાઇયે." જિજ્ઞાસુ માણેકે આગ્રહ કર્યો. "ક્યા દીન ભારતવર્ષ નિજકા ઉદ્ધાર કરનેમેં સમર્થ હોગા ?"

"મેરે પ્યારે ! ક્યોં ન હોગા ?"

'કીડા જરાસા ઔર વો પત્થરમેં ઘર કરે;
ઈન્સાં વો ક્યા જો નાંદિલે દિલ્બરમેં ઘર કરે !'

"સ્કોટલેંડકે કિસી અનાથાલયમેં એક લડકા વિદ્યાભ્યાસ કરતાથા. બાળકોકે સહજ સ્વભાવાનુસાર યહ બચ્ચા ખિલાડી થા, બલ્કે ઉન્મત્ત થા. એક દિન ધુન ચઢી તો અનાથાલયસે ભાગ નિકલા. વહ માર્ગ કે ગાંવો મેં ભીક માંગતા હુવા ચલ્તા ચલ્તા ચલ્તા લંડન પહોંચા. વહાંકે સબસે અધિક ધનાઢ્ય લોર્ડ મેયરકે બાગમેં ઘુસકર, ઘૂમને લગા. વાટિકામેં ટહલ રહાથા કે એક પાલી હુઇ બિલ્લીપર ઉસ્કી દૃષ્ટિ પડી. બચ્ચા તો થાહી, લગા ઉસ્કે સંગ ખેલને, કુદને, કભી બાતેં કરતા, કભી પીઠપર હાથ ફેરતા, કભી દુમ ખીંચતા હંસતાથા. પડોસમેં એક ચર્ચ થા, વહાંસે ઘડિયાલ બજને લગા. લડકેને બિલ્લિસે પૂછા, "યહ પાગલ ઘડિયાલ ક્યા કહતી હય ?"

'ગુરૂજી, પાગલ ઘડિયાલ, લડકેને ક્યોં કહી ?' માણેકે પૂછ્યું.

"મેરે પ્યારે ! સચતો હય. અચ્છી ઘટી એકસે લેકર અધિકસે અધિક બારા તક બજાકર ચુપ રહતી હય. પરંતુ ચર્ચકી ઘડી તો જબ બજનેપર આતી હય, તો બજાહી કરતી હય—જયસે કોઇ પાગલ બકને લગતા હય તો બકાહી કરતા હય. અસ્તુ ! બિલ્લીને તો પ્રત્યુત્તર નહી દિયા, પરંતુ લડકા સ્વયંહી કહને લગા—ઘડિયાલ કહતી હય ટન ટન ટન ટન, વેટીંગટન, વેટીંગટન, લોર્ડ મેયર ઓફ લંડન. વેટીંગટન ઉસ બાલકકા નામ થા. દેખો અનાથાલયકા ભાગા હુવા બાલક ઔર ઘડિયાલમેં ક્યા સુન્તા હય કે, આપ લૉર્ડ મેયર ઓફ લંડન ! ઇત્નેમે લૉર્ડ મેયર સાહેબ અપને બાગમેં હવા ખાતે હુવે ઉસ સ્થાનપર આ પહોંચે. બાલકસે પૂછા, 'તુ કૌન હય ? ઔર ક્યા બકતા હય ?' વો બાલક મસ્તી ઔર આનંદસે બેધડક બોલા, 'ટન ટન ટન ટન વેટીંગટન—લોર્ડ મેયર આફ લંડન !' લોર્ડ મેયર ઓફ લંડન ! બાલકકી વહ સ્વતંત્ર, મુક્તરીતિ, લોર્ડ મેયર કે હૃદયમેં ખૂપ ગઈ. ક્યોં ન ખૂપે ? સ્વતંત્રતા ભલા કિસ હૃદયકો નહી ભાતી ? લૉર્ડ મેયરને પૂછા, 'સ્કુલમેં ભરતી હુવા ચાહતા હય ?' બચ્ચેને કહા, 'હાં, યદિ માસ્તર માર પીટ ન કરે તો !' લોર્ડ મેયરને પ્રસન્નતાપૂર્વક ઉસ બાલકકો સ્કુલમેં ભરતી કરાયા. ચંચલ બાલક સીખતે સ્કુલસે કોલેજમેં ભરતી હુવા, ઔર શનૈઃ શનૈઃ ગ્રેજ્યુએટ

હો ગયા. લોર્ડ **મેયર** જો મરને સોયા તો ઉસ્કે કોઈ સંતતિ નથી. ઉસ્ને વેટીંગટન કે નામ બહોતસા ધન કર દિયા. વહ અપને ચાતુર્યસે ઉસ ધનકો બઢાતે બઢાતે અંતમેં એક દિન લોર્ડ **મેયર** ઓફ લંડન બનહી ગયા. યહ મનોભાવ ઔર સાહસકા પરિણામ હય. જબ અયસા એક સાધારણ બાળક, ઇસ પ્રકાર મનોકામના પૂર્ણ કર ગયા, ઔર હમ લોગ દેશોન્નતિ કરનેમે હતાશ હો, યહ કયસે હો સકતા હય? મેરે પ્યારે! ઇચ્છા કરો--દૃઢ સંકલ્પ કરો, પ્રેમસે પ્રત્યેક વસ્તુ કરો–પ્રેમમય બનો—

"કિમ કદર અચ્છા હય યે વિકટર હ્યુગોકા ખિયાલ;
સંગ હો તો સંગે મકનાતીસ કી સુરત બનો;*
નખ્લ ખર્ચે હો તો લજવંતીસી દિખલાવો બહાર;†
ઔર અગર ઇન્સાન હો તો ઇશ્કકી મૂરત બનો!"

પ્રકરણ ૪૬ મું

પાછા જન્મભૂમિમાં

હવે **માણેકચંદ**, **માણેકચંદ** નથી, **ઇમ્તેહાનચંદ** નથી, પણ સ્વામી **રામતીર્થ**ના પ્રતાપથી સ્વામી **રામભજન** એમ. એ.ના નામથી ઓળખાતા એક સાધુ મહાત્મા છે. તે **કાશ્મીર** ભૂમિમાં ઉત્પન્ન થયેલા મનના તરંગો, અને તે **જાપાન**ના કિનારાવાળા બધા ઉમંગો, જડમૂળથી ધોવાઇ ગયા છે, યુનિવર્સિટી સ્થાપવાની કલ્પનાઓપર પાણી ફરી વળ્યું છે. હવે તો દેશોદ્ધારનો હેતુ માત્ર ધર્મ જ છે અને તેટલા માટે સત્યધર્મનો પ્રજામાં પ્રચાર કરવો, એ જ સ્વામી **રામભજન**નો પ્રિય વિષય થઈ પડ્યો છે. ગુરુના પ્રસાદથી જે કાંઈ મળ્યું છે તેનો આર્ય પ્રજાને લાભ આપવા માટે જ પોતે કમર કસીને ઉભા થયેલા છે. આપણે ગુરુ શિષ્યને **જાપાન**માં જોયા હતા, તેને પૂરાં બે વર્ષ વીતી ગયાં છે. બે મૂર્ત્તિઓ **જાપાન**થી **અમેરિકા** અને **અમેરિકા**થી **યુરોપ**માં ભ્રમણ કરીને **ભારતવર્ષ**માં પધારી ચૂકી છે. **કલકત્તા** અને **કાશી** (બનારસ)ની યાત્રા કરીને પોતાનાં વ્યાખ્યાનના મતથી પ્રજાજનોના કર્ણ પવિત્ર કરી, ગુરુશ્રી **રામતીર્થ** સાથે **રામભજન**જી મહાત્મા પોતાની જન્મભૂમિમાં પધાર્યા છે, અને **તુલારામ પટવારી**જીના સ્થાનમાં ઉતારો લીધો છે. **તુલારામ**જી પણ ભગવાં કરીને કાષાય વેષમાં વિરાજેલા છે! પણ એ કેવી રીતે

---

* તમે પત્થર હો, તો લોહચુંબક બનો.

† છોડવા હો, તો લજામણી સમાળ ઝાડ જેવા થાઓ.

થયું? તુલારામ સાધુ થયા? વિશ્વયોષિતા પતિવ્રતા!!! હા—એમ થયું છે તો ખરું! બ્રહ્મબીજ પલટે નહિ. તુલારામજી દારૂની કેફમાં એક દિવસ નિઃસરણીપરથી લપસી પડ્યા. છેક ઉપરના પગથિયેથી પડીને ધરતી માતાને નાકથી નમસ્કાર કર્યા. જમણો પગ થાપામાંથી ભાંગી ગયો. ચાર મહિના સૂધી લાહોરની ગવર્નમેન્ટ હોસ્પિટલમાં રહ્યા અને ખાટલો સેવ્યો. ખાવામાં લુખા ભાતના ડુચા અને ભંગિયાના ધક્કા, પીવામાં પાણી અને આંસુ. એ ચાર માસની સેલઘાહે ચિત્તપર પૂરેપૂરો પ્રભાવ નાંખી દીધો. તુલારામે પોતાની કુચાલો માટે વિચાર અને પશ્ચાત્તાપ કરી, ભુલ્યા ત્યાંથી ફરીથી ગણવાનો નિશ્ચય કરીને ભગવાં ધારણ કર્યાં. એમનો પગ હજી ખોડાય છે. માણેકચંદના આવવાની જાપાન, અમેરિકા ને યુરોપની જાત્રાની, કાષાયવસ્ત્ર ધારણ કરવાની ગામમાં ચારેમેર ચર્ચા ચાલી રહી છે અને લોકો દર્શને આવ્યા કરે છે. ગોવિન્દરામ હોકો ભરીને સામો બેઠો છે. અવારનવાર પુત્ર સમક્ષ દૃષ્ટિ કરીને તે માયાના બંધમાં બંધાયલો વૃદ્ધ પિતા અશ્રુપાત કરતો જોવામાં આવતો હતો. બ્હેન બીજી બાજુએ વાળ વીંખતી બેઠી હતી.

"પિતાજી!" રામભજને ગંભીર મુદ્રા અને વિનીત ભાવથી કહ્યું; "આપ શા માટે રડો છો? બ્હેન! શાને આમ કલ્પાંત કરે છે? મેં ચોરી નથી કરી, ખૂની નથી થયો કે બંદીવાન નથી બન્યો! ઉલટો આ અસાર સંસારનાં બંધનોને સુતરના તાર પેઠે તોડી નાંખીને બન્ધનમુક્ત થએલો છું. માટે હસો, મુદિત થાઓ ને ખુશી મનાવો!"

"ઓ ભુંડા બાપ!" ગોવિન્દે કપાળે હાથ મારીને કહ્યું. "તારી મા જીવતી હોત, તો અતારે ન કરત તે થોડું!"

"તે મરી ગયાં એમાં પણ રડવા જેવું કશુંય નથી, આપણા રામનો તો એ જ નિશ્ચય છે કે તે સંસારી ન બનશે. 'ઘરકો જલા તમાશા દેખા.' જેમ રડવાથી કાંઈ મારાં જનેતા પાછાં ફરવાનાં નથી, તેમ તેમનો પુત્ર પણ પાછો સંસારી થવાનો નથી." એમ કહીને તેણે નીચેનો દોહરો કહ્યોઃ—

"સન્નમ કાહકો રોઇયે, હંસિયે કાહિ બિચાર!
ગયો ન પાછો આવનો, રહ્યો સો જાવનહાર."

ગામના બીજા પણ અનેક પુરુષો તુલારામના મઠમાં આવ્યા હતા. કેટલાંક બૈરાં પણ દર્શને આવ્યાં હતાં. એક વૃદ્ધ સ્ત્રી ભ્રૂપર હાથ રાખીને બોલી ઉઠી કે:—"હાય હાય અલી! આ તો ગોવંદાનો મોંણ્યકો!"

ચેલાએ પ્રથમ હસીને ગુરુ સામું અને પછી સહજ લજ્જાથી ધરતી સામું જોયું. રામ હસીને બોલ્યા, "બેટા! યે જન્મભૂમિ હય. તુમ કયા, મહાત્મા

તુલસીદાસ ગોસ્વામી રામાયણ લિખનેકે અનંતર અપની જન્મભૂમિમેં ગયેથે. તબ વહાંકે લોગ ભીયોંહિ કહતે થેકે, તુલસિયા આયા, તુલસિયા આયા. ગોસ્વામીજીને તબ એક દોહા કહાથા—

"તુલસી વહા ન જાઇયે, જહાં બાપકો ગાંવ;
દાસ ગયે તુલસી ગયે, રહ્યો તુલસિયા નાવ."

"વારુ—બોદલજી શેઠના કેવા સમાચાર છે? પિતા રામ!" માણેકચંદ અથવા રામભજને થોડીવાર રહીને બાપના શાંત થવા પછી પૂછ્યું.

"બચારા બે મહિના થયાં ગુદરી ગયા! લાખેણો મોંણહ! વાહરે વાહ! આદલજી શેઠ જેવા લોક પેદા થનાર છે! બ્રમ્મા જેવો પુરખ!"

"તેમની પુત્રી અને તેનો વર તો સુખી છે ને?" માણેકે આગલી વાતોના સ્મરણથી એક દીર્ઘ નિઃશ્વાસ નાંખીને પૂછ્યું.

"જડીબા ને ઈનોવર બે તે બે જણ લાહોરમાં ખુશી છે. આદલજી જીવતાં જ પંદર રૂપિયા મ્હેનો મને બાંધ્યો તો. ઇમના મુવા પછે બૈ હપાતર છે તે વીહ રૂપિઆ મોકલે છે;" ગોવિન્દે કહ્યું.

એ સાંભળીને માણેકનાં નેત્રોમાં આંસુ ભરાઈ આવ્યાં. બે દિવસ અમોટામાં રહીને પિતા તથા ભગિની પાસેથી વિદાય થઇને ગુરુ ચેલો લાહોર ઉપડી ગયા. ગુરુની આજ્ઞા લઇ માણેકચંદ એકવાર જરનાં દર્શન કરવા ગયો. નોકરદ્વારા નામ લખી મોકલીને રજા મંગાવી તે ઘરમાં દાખલ થયો. જર માણેકચંદને સાધુના વેશમાં જોઇને હેબતાઈ ગઈ. માણેકચન્દે જરબાનુ અને માણેકજી આગળ બધી આપવીતી કહી સંભળાવી. જર બહુ જ રડી પડી. માણેકચંદે તેને ધીરજ આપી અને જો લાહોરમાં આગમન થશે, તો અવશ્ય મળવાનો વાયદો કરીને જવાની રુખસત માંગી.

તેના ઉઠતી વેળાએ શ્રદ્ધાળુ જરે હર્ષ અને લજ્જાથી પોતાનાં એક વર્ષની વયના બાળકને તેનાં ચરણોમાં મૂકયું અને રામભજને તેને અંતઃકરણપૂર્વક આશીર્વાદ આપ્યા.

પ્રકરણ ૪૭ મું
લાહોરમાં લેકચર

માણેકચન્દના આગલા વિચારો રહ્યા નથી. હવે સાધુવેશમાં દેશોદ્ધારનો મુખ્ય ઉપાય ધર્મની ઉન્નતિ છે, એમ તે માનવા લાગ્યો છે. તે જ માણેકચંદ

કે જે ધર્મની વાતમાં માથું મારવામાં બહુ જ કંટાળી જતો હતો, તે આજે લાહોરમાં એક મોટા મેળાવડા સમક્ષ, 'નગદ ધર્મ!'–રોકડો ધર્મ, એ વિષયપર એક જાહેર ભાષણ–વ્યાખ્યાન આપનાર છે. ચાલો, ત્યારે પ્રિય પાઠકો! જે માણેકચંદને આપણે એકલો અટુલો અનારકલીના એક કાતરિયામાં ધંધા માટે ઝુરતો પ્રથમ જોયો હતો, તેને એક મોટા જનસમુદાયમાં પોતાની વક્તૃત્વ-શક્તિનું દર્શન કરાવતો છેલ્લો નિહાળી નિરખી લઇયે.

મંડપ શ્રોતાઓથી ભરપૂર છે. કેળવણી માટે પૂરતો પરિશ્રમ કરનારા પંજાબીઓ કેટલા બધા ઉત્સાહી અને કેવા ધાર્મિક વિષય સાંભળવાના ભુખ્યા છે, તે આ મળેલી મેદિનીને જોઇને જાણી શકાય છે. પ્રમુખસ્થાને ભારતહિતૈષી લાલા લજપતરાય શોભી રહ્યા છે, પાસે જ સ્વામીજી શ્રી રામતીર્થ મહારાજ વિરાજમાન છે, તેમ જ બીજા વકીલ, બેરિસ્ટર, જજ્જો અને નગરના સંભાવિત ગૃહસ્થો, કે જેમાં સેંકડોના પ્રમાણમાં સ્વામીજીના અનુયાયી છે તે, અને અન્ય ધર્માવલંબી શ્રોતાઓની ઠઠ્ઠ જામેલી છે. પ્રમુખે સમયાનુસાર બે બોલ કહ્યા અને આપણી નવલકથાના નાયકની ઓળખાણ કરાવી. ત્યાર પછી માણેકચંદ ઉર્ફે રામભજનાનંદ સ્વામી, એમ. એ. ઉભા થયા અને પોતાના વિષય 'નગદ ધર્મ'પર નીચે પ્રમાણે વક્તૃત્વનો આરંભ કર્યો.

"મારા વ્હાલાઓ! રામ તમારો છે અને તમે રામના છો! જેવા પ્રેમથી તમે અહીં વ્યાખ્યાન સાંભળવા પધાર્યા છો, તેવા જ પ્રેમથી રામ બોલવા ઉભો છે. જેવા સ્નેહથી રામ બોલે છે, તેવા જ પ્રેમથી તમે સાંભળજો. રામ પૂર્ણ પ્રેમથી બોલશે ખરો, પણ ખુશામત નહિ કરે–સરોપરો નહિ રાખે. પ્રેમ તાકીદ કરે છે કે શ્લાઘા ન કરો. પ્રત્યેક ધર્મ પોકારી પોકારીને કહે છે કે, સત્યનો જય છે અને પ્રપંચનો પરાજય છે. સાચકો આંચ નહીં–દરોગ કો ફરોગ નહીં–

"સાચ સમાના તપ નહીં, ઝુટ સમા નહિ પાપ;
જાકે હિરદે સાચ હય, વાકે હિરદે આપ."

"ગુરુ પ્રતાપે રામ બેવાર જાપાનમાં જઈ આવ્યો છે, અને તડકા છાંયડા જોયા છે. અમેરિકા ગયો અને યુરોપના કેટલાક દેશોમાં પણ વિચર્યો, પરંતુ સર્વત્ર સત્યનો જ વિજય જોવામાં આવ્યો: પ્રપંચ અને પાખંડનો નહિ.

"ઈશ્વર કોઇનો દબાયલો નથી, તેને કોઇની શરમ નથી નડતી અને તે કોઇનો પણ પક્ષ નથી કરતો. ભાગ્ય કાંઈ ભૂગોળની સીમાનું બંધનવાન નથી. જે લોકો, યુરોપ અને અમેરિકા આદિની ઉન્નતિનો ત્યાંના શરદૃઋતુ સાથે સંબંધ

છે એમ જણાવે છે અને બીજા દેશોની વસતિને ત્યાંની અમુક દિશાઓમાં મર્યાદિત બનાવી નાંખે છે, તે લોકોની આ મોટામાં મોટી ભૂલ છે. એ વાતને તો હજી હજાર વર્ષ પણ પૂરાં નથી થયાં કે, ઈંગ્લિસ્તાનના લોકો રુસ ઇત્યાદિ દેશોમાં ગુલામ તરીકે વેચાતા હતા. આજે તે જ દેશ, કેવું અને કેટલું મોટું રાજ ચલાવે છે, તે આપણે નજરો નજર જોઇએ છિયે. ત્યારે શું યુરોપ સીમાને છોડી ક્યાંય બીજે નીકળી નાઠું, તેથી તેનો આવો ઉદય થયો? અત્યારે પણ અમેરિકાની ભૂમિ તેજ છે કે, જે પૂર્વે પણ હતી. પાંચસો વર્ષમાં ત્યાંના નિવાસીજનો કયાંથી કયાં જઈ લાગ્યા, તે જુઓ. રોમ, મિસર, યુનાન અને અસ્પહાન ત્યાંના ત્યાં જ વસેલાં છે, કે જ્યાં તે પૂર્વ કાળમાં હતાં; અને તે વેળાએ અખિલ બ્રહ્માંડના લોકોમાં તેમની વિદ્યા, કળા અને લક્ષ્મીનો અખંડ ડંકો વાગી રહ્યો હતો. ઉન્નતિ, સુખ, આનંદ, સંપ અને વૈભવો કાંઈ કોઈ દેશ કે મનુષ્યનું મોઢું રાખતા નથી. તે કોઇની લાજ, શરમ કે ઓશિયાળમાં જઇને રહેતાં જ નથી. કેવળ સત્ય, રાસ્તી અને અદલપર જ વિજય એટલે ફતેહનો આધાર અવલંબી રહ્યો છે. સત્ય ધર્મના માર્ગમાં વિચરનારનો જ જય થાય છે.

"ધર્મ બે પ્રકારના છે: એક રોકડો–નગદ અને બીજો ઉધાર છે. એક દંતકથા છે કે, એક ડોસાએ અમુક પ્રમાણમાં ધન એકઠું કરીને પૃથ્વીમાં દાટ્યું હતું. તેના પુત્રે તે ખોદી કાઢીને તે સ્થળમાં તેટલા જ તોલના પથરા દાટી દીધા અને ધન વાવરી નાંખ્યું. થોડા દિન પછી તે વૃદ્ધે ભોંય ખોદી તો માંહીથી સાલિગ્રામ જ સાલિગ્રામ!! ઘરડો માથું કુટીને રડવા લાગ્યો; એટલે છોકરાએ કહ્યું કે, 'બાપા! શા માટે રડો છો? તમારે કાંઈ તે ધન વાવરવું તો નહોતું જ. માત્ર દાટી રાખવા માટે હતું, તો તેટલા જ વજનના પથરા હાજર છે–બરાયે નેહાદન ચે સંગો ચે જર–દાટી રાખવા માટે તો પાષાણ અને ધન ઉભય એક સમાન જ છે.'

"ધર્મ માટે જે મારામારીઓ અને બખેડાઓ થાય છે, તે બધા રોકડા ધર્મ માટે નહિ, પણ માત્ર ઉધાર ધર્મ માટેની જ છે. નગદ ધર્મનો દૃઢ વિશ્વાસપર આધાર છે: ઉધાર ધર્મનો આધાર શ્રદ્ધાપર અવલંબેલો છે. રોકડો ધર્મ રહેણીનો છે અને ઉધાર ધર્મ કહેણીનો છે. ધર્મનો તે ભાગ, કે જેની રોકડમાં ગણના છે, તેમાં પ્રત્યેક ધર્મવાળાઓ એકમત છે. સત્ય બોલવું, સ્વાર્થથી અલગા રહેવું, પારકી મતાપર ડોળો ન રાખવો, માયાની જાળમાં ફસી પરમાર્થથી દૂર ન જવું. પોતાના શરીરને વિદ્યા અને વ્યાયામવડે ખીલવવું અને શોભાવવું, દૃઢ નિશ્ચય રાખવો, અંધ દુરાગ્રહ ન રાખવો, દયા, દેશાભિમાન અને મનુષ્ય માત્રમાં પ્રેમ

રાખવો; તેમજ ભેદભાવનો પરિત્યાગ કરવો ઇત્યાદિ રોકડા ધર્મનાં મુખ્ય લક્ષણો છે. એ રોકડા ધર્મ સંબંધી કોઈ પણ સ્થાને વિરુદ્ધ મત આવીને નડશે નહિ. ઝગડા બખેડા માત્ર તેજ ધર્મમાં થાય છે કે, જે ધર્મને દબાવી છૂપાવીને ગુપ્ત રાખવામાં આવે છે. એ ઉધાર ધર્મ, ધર્મની દુકાનો લગાડી બેઠેલા (વ્યાપારી આચાર્યો)ને સોંપીને, જે આન્તરિક સત્યતાપર પ્રાણ વારે છે, તેજ વ્યક્તિ ખરેખરી ઉન્નતિ પ્રાપ્ત કરી શકે છે. આ વાતનો જો પૂરેપૂરો અનુભવ લેવો હોય તો દેશાન્તર કરી જુઓ; એટલે એની પૂર્ણ સત્યતા તત્કાળ જાણવામાં આવી જશે. સાંભળવા અને વાંચવા કરતાં પોતાનો અનુભવ વધારે ઉત્તમ વસ્તુ છે.

"ધર્મમાં બે પંથ છે: નગદ ધર્મ–રોકડો ધર્મ ને ઉધાર ધર્મ, તેમજ ઈશ્વર પ્રત્યે ધર્મ ને માનવ જાતિ પ્રત્યે ધર્મના બે ભેદ છે–પણ આખરે તે એક જ છે. તે Love–પ્રેમને નામે પિછાણાય છે. ઈશ્વર પ્રત્યે, તેમ માણુસ જાત પ્રત્યે પ્રેમ રાખવો એ એક જ છે–એવો પ્રેમ કરવો એ સર્વનો ધર્મ છે. પ્રેમ હશે તો સારાં પરિણામ ઉત્પન્ન થશે. જેનામાં પરમેશ્વરનો પ્રેમ છે, તે માનવપર–દેશપર–પશુ પંખીપર–પ્રેમ કરશે–તેને જ પરમેશ્વર પોતાનો ગણશે. માનવ પ્રતિ–દેશ પ્રતિ, પશુ પંખી પ્રતિ જેને પ્રેમ નથી, તેનાં હૃદયમાં પરમેશ્વરપર પ્રેમ જાગતો નથી, તે વિનાનો પ્રેમ સાચો નથી. જાતિભાઇપર જે પ્રેમ રાખે છે તેજ પરમેશ્વરપર પ્રેમ રાખી શકે છે. પ્રત્યક્ષપર જેને પ્રેમ નથી તેનો પરોક્ષપર પ્રેમ ઠરશે ? અબુ બેન એઢમના ઉદાહરણથી એ વાત તમે જાણશો. એ કવિતા સુંદર છે, તેનું રહસ્ય તમારા હૃદયમાં ઘટાવો, તેથી પ્રત્યક્ષ ને પરોક્ષ ધર્મનું સ્વરૂપ જાણશો.

Abou Ben Adhem (my his tribe increase)
Awoke one night from a deep dream of peace,
And saw within the moonlight in his room,
Making it rich and like a lily in bloom.
An angel writing in a book of gold:—
Exceeding peace had made Ben Adhem bold,
And to the Presence in the room he said,
'What writest thou ?'–The vision raised its head,
And, with a look made of all sweet accord,
Answr'd, The names of those who love the Lord.'

'And is mine one?' said Abou, 'Nay, not so,'
Replied the Angel. Abou spoke more low,
But cheerly still; and said, 'I pray thee, then,
Write me as one that loves his fellow-men.'
The angel wrote and vanished. The next night,
It came again with a great weakening light,
And show'd the names whom love of God had blessed,
And lo! Ben Adhem's name led all the rest.

LEIGH HUNT.

"ભાવાર્થ–અબુ બેન એઢમની જાતિના માણસોની વૃદ્ધિ થાઓ! તે એક રાતે શાંત નિદ્રામાંથી જાગ્યો, અને તેણે પોતાના ચંદ્રપ્રકાશથી સુશોભિત ઓરડામાં વિકસિત કમળ જેવા એક દેવદૂતને સોનાના પુસ્તકમાં કાંઇક લખતો જોયો. તે સ્થળે વ્યાપી રહેલી અત્યંત શાન્તિથી બેન એઢમને બોલવાની હિમ્મત આવી, અને પોતાને પ્રત્યક્ષ દેખાતા તે દૂતને તેણે પૂછયું કે, "તું શું લખે છે?" તે દૂતે મોં ઊંચું કર્યું, અને પ્રસન્ન દૃષ્ટિથી અબુના સામું જોઇને ઉત્તર આપ્યો કે "ઈશ્વર ઉપર જે માણસો પ્રેમ રાખે છે તેમનાં નામ હું લખું છું." અબુએ પૂછયું કે "તેમાં મારું નામ છે?" દેવદૂતે જવાબ દીધો કે "ના, નથી." અબુ હવે ધીમા અવાજથી બોલ્યો–પણ હજુ બોલતી વખતે તેનું મન આનંદથી પૂર્ણ હતું; અને તેણે કહ્યું કે "હું તને અરજ કરું છું કે, પોતાના જાતિભાઇઓ ઉપર પ્રેમ રાખનાર માણસોની પંક્તિમાં મારું નામ લખ." દૂતે એનું નામ લખ્યું અને અંતર્ધાન પામ્યો. બીજે દિવસે રાતે પેલો દેવદૂત ફરીને આવ્યો, એટલે તેના મહાન્ પ્રકાશથી અબુ જાગ્યો, અને તે દૂતે પરમેશ્વર ઉપર પ્રેમ રાખનાર માણસોનાં નામ તેને બતાવ્યાં. અને અબુએ તે યાદમાં જોયું તો પોતાનું નામ સૌથી પહેલું દીઠું.'

"ભારતવર્ષ અને અમેરિકામાં શો અંતર છે? અહીં દિવસ તો ત્યાં રાત્રિ અને અહીં રાત તો ત્યાં દિવસ. જ્યારે ભારતની ઉન્નતિનો ડંકો વાગી રહ્યો તો, ત્યારે અમેરિકાને કોઈ જાણતું પણ નહોતું. આજે અમેરિકાનો ચઢતો દિવસ છે અને ભારતવર્ષને કોઇ પૂછતુંય નથી. હિન્દમાં ચાલતું અને ગાડી હાંકવી ઇત્યાદિ ડાબા હાથપર છે અને અમેરિકામાં જમણા હાથપર છે. પૂજાપાઠ, ભક્તિ અને સ્તુતિની વેળાએ અહીં જોડા ઉતારવામાં આવે છે અને ત્યાં ટોપી ઉતારવામાં આવે છે. અહીં ઘરનો કર્ત્તા હર્ત્તા પુરુષ હોય છે, અને ત્યાં બધો કાર્યભાર સ્ત્રીના

શિરે પડેલો હોય છે. અહીં જેમ વિધવાઓની વૃદ્ધિ છે, તેમ ત્યાં કુમારિકાઓનો વધારો છે. અહીંવાળાઓ ગધેડા અને ઘુવડ (ઉલ્લુ) મૂર્ખને કહે છે, ત્યાંવાળા એ જ જાનવરોને ભલાઈ અને બુદ્ધિયુક્તતાનું ચિહ્ન માને છે. આ દેશની ઉત્કૃષ્ટ ગ્રન્થ રચનામાં જો અર્ધ કરતાં વિશેષ ભાગમાં ભૂતકાળના મહાત્માઓનાં પ્રમાણો અને દૃષ્ટાંતો ન લખાયાં હોય, તો તેની જોઇએ તેવી પ્રતિષ્ઠા થતી નથી, અને ત્યાં આખો વિષય જ નવો ન હોય, તો તેની લેખમાં ગણના નહિ. અહીં જો કોઇ શોધ કરે, તો તેને બનતા પ્રયત્ને તે છૂપાવવાની જ વેતરણ કરવાનો અને ત્યાંની ભૂમિનો શોધક ત્વરિત જ પોતાના શોધનો વર્તમાનપત્રોદ્વારા લોકોને બોધ કરાવી દેવાનો. અહીં ધર્મનો ડોળ ઘાલીને ફરનારા લોકોની વિપુલતા જોવામાં આવે છે, ત્યારે ત્યાં નગદ ધર્મનો જ પ્રસાર વધારે પ્રમાણમાં થએલો છે. અહીંવાળાઓ વિદેશીય અને વિધર્મીઓથી વિરક્ત રહેવામાં જ ધાર્મિકતા ધારે છે અને ત્યાંવાળાઓ બીજા સાથે મળી જવામાં જ ધર્મનું મંડન માને છે. અહીંયાં પરમેશ્વર પ્રતિના પ્રેમની વાતો છે, ત્યાં માનવ જાતિપર પ્રેમની પ્રનાલિકા વહે છે. ભારતવર્ષીઓ વિદેશીય ભાષા ભણે તો ભ્રષ્ટ થઇ જાય છે, તેથી જ તેઓ 'न पठेत् यावनीं भाषाम्' એવાં અનેક સ્તોત્રો ગાય છે, અમેરિકનો જેમ વિદેશીય ભાષામાં વધારે પ્રવીણ હોય છે, તેમ તેમ તે વધારે વિદ્વાન્ અને વધારે માનનીય મનાય છે.

"જ્યારે ગુરુ સાથે રામ જાપાનમાં હતો, ત્યારે એક અમેરિકન વૃદ્ધ પ્રોફેસર સાથે મુલાકાત થઈ હતી. તે વૃદ્ધ પુરુષ રશિયન ભાષાનો અભ્યાસ કરતો હતો. વાતપરથી વાત નીકળતાં તે બીજી અગિયાર ભાષાનો પંડિત હતો, એમ જાણવામાં આવ્યું. આપણા રામે પૂછયું કે, મહાત્મન્! આટલી આટલી ભાષાઓપર કાબુ ધરાવો છો, છતાં વળી આ નવી આપદા શા માટે વ્હોરો છો? 'મરને સોઈ તબ બુરે ખાબ આય!' હવે કાંઇક ઈશ્વર સ્મરણ કરો, હત્રે આ 'डुकृञ् करणे'-કરવાથી શો લાભ થવાનો છે? પરંતુ એનું, તે દૃઢ નિશ્ચયી અને સાહસી દેશભકતે ઉત્તર આપ્યું કે, 'મનુષ્યસેવા તે જ ઈશ્વરસેવા છે. જો આ કાર્ય કરવાથી હું નરકમાં પણ જાઉં, તોપણ તેની મને પરવા નથી. નરકમાં મને દુઃખોનો અનુભવ મળશે, તેને પણ હું સ્વીકારું છું. પરંતુ મારાં તે દુઃખો સહન કરવાથી મારા સ્વદેશીય બંધુઓને કાંઈ પણ લાભ થવો જોઇએ, તેમનું કાંઈ પણ શ્રેય થતું જોઇએ, મરણ પછીના સંકટોના ભયથી ડરીને વર્ત્તમાન લોકસેવાના આનંદનો-માનવ ધર્મનો પરિત્યાગ કરું, એમ મારું હૃદય મને કહેતું નથી. જે

મનુષ્ય, મનુષ્યસેવાના આનંદમાં લીન થઈ નથી શકતો, તે ઈશ્વરસેવાનો માત્ર દંભ જ કરે છે, એવો મારો અભિપ્રાય છેઃ–

"ગર કિસી ઇન્સાન કો ઇન્સાનકી ઉલ્ફત નહીં;
અયસે ના ફરમાન કો સુબહાનકી ઉલ્ફત નહીં;
બાગબાંકી કયા હો, જબ બુસ્તાનકી ઉલ્ફત નહીં;
ગર રેઆઇયતકી નહીં સુલ્તાનકી ઇલ્ફત નહીં."

બસ એનું જ નામ રોકડો–નગદ ધર્મ. ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણચન્દ્ર પણ કહે છે કે, 'કામ કરતા રહો, પણ ફળની આશા રાખીને નહિ.' '**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन.**' લોર્ડ મેકોલે સદા સર્વદા એમ જ કહેતો હતો કે, 'મરું તો મારી લાયબ્રેરીમાં જ મરું.' વાહરે પ્રેમ! એવા ખંતીલા પુરુષો જ વિશ્વમાં કાંઈ પણ કરી શકે છે.

"દફ્ન કરના મુઝકો કૂએ યારમેં;
કબ્ર બુલ્બુલકી બને ગુલ્જારમેં.

"મરવું તો છે જ" ત્યારે કાઠાવાજીયા શા કરવા? પોતાનું કર્ત્તવ્ય પૂર્ણ કરતાં કરતાં જ શા માટે ન મરવું? બસ શસ્ત્રથી મરવામાં જ શૌર્ય સમાયલું છે? સાહસથી આનંદાવસ્થામાં રણક્ષેત્ર મધ્યે પ્રાણ અર્પનારનું જ જીવન ધન્યવાદને પાત્ર છે? ના-

"જનની જણ તો હરિભગત, કાં દાતા કાં શૂર!

"જ્યારે રામ ગુરુ સાથે જાપાનથી અમેરિકા જતો હતો ત્યારે તે જ સ્ટીમરમાં લગભગ દોઢસો છોકરા જાપાનીસ હતા. તેમાંના ઘણાક ધનાઢયોના કુળદીપકો હતા અને કેટલાક નિર્ધન જનના તનયો પણ હતા. પણ તેમનામાં એવો કોઈ વિરલ જ હશે કે, જેણે સ્ટીમરના ભાઠા તરીકે ગાંઠના ગોપીચંદ વાપર્યા હોય, તેમ જ ત્યાં જઇને પોતાના નિર્વાહ માટે પણ કોઇએ પાંચ પૈસા ગાંઠે બાંધ્યા નહોતા. ધનાઢયોના છોકરાઓ તો સ્ટીમરપર મજુરી કરતા હતા, અને નિર્ધનોનાં બાળકો ઉતારુઓના બુટ અને જોડા સાફ કરવાના કામમાં લાગેલા હતા. એવી રીતે તેઓ પોતાના ભાડા અને નિર્વાહનાં સાધનોનું ઉપાર્જન કરતા હતા. વાતચિતથી જણાયું કે, વિદેશીઓને પોતાના દેશનો પૈસો આપવા કરતાં 'યેન કેન પ્રકારેણ' તેમના પૈસા ખેંચીને વિદ્યાભ્યાસ કરવો, એવા વિચાર અને એવા નિશ્ચયથી જ તેઓ અમેરિકા જતા હતા. અમેરકા ઉતર્યા પછી તેમાંના કેટલાકો અમીરોના ઘરોમાં અને કેટલાકો હાટ બજારોમાં સડક સમારવાના કામમાં લાગી ગયા. એમ પેટનો ખાડો પૂરતા, નાઇટ્ સ્કુલોમાં ભણતા, તેઓ પોતાનો સ્વાર્થ

સાધવા લાગ્યા. આમ સાત આઠ વર્ષ શારીરિક અને માનસિક પરિશ્રમ કરીને, અમેરિકાની વિદ્યા કળાથી પોતાના મસ્તિષ્કને અને પૈસાથી ગજવાને ભરી તેઓ–જાપાનીસો–સ્વદેશમાં પાછા ફરે છે. સ્ટીમરે સ્ટીમરમાં આવા અભ્યાસીઓ જતા જોવામાં આવે છે. હજારો, બલ્કે લાખો જાપાનીસો આ પ્રમાણે અમેરિકા અને જર્મનીમાં જઇને વિદ્યા કળાથી વિભૂષિત થઇને પાછા પોતાના દેશમાં પધારે છે, જેનું પરિણામ આજે આપણે જોઇએ છિયે તેમ પચાસ વર્ષપર જાપાન, આપણા ગુલામ હિંદુસ્તાન કરતાં પણ અધમ અવસ્થામાં હતું, તે આજ યુરોપ સમાન બની ગયું છે. જાપાનમાં બાપદાદાને પૈસે દીકરાજી તાગડધિન્ના કરતા નથી; પરદેશમાં જઈ મૌજ ઉડાવતા નથી; પણ રોકડો ધર્મ પાળે છે. તમારો હાથ ઘણો જ ઉજ્જ્વળ છે અને તેમાં વહેતું લોહી પણ સ્વચ્છ અને લાલ છે, છતાં પણ જો તમે હાથને મજબુત પાટો બાંધી દેશો, તો રક્તનું અવશેષ અંગમાં વહન થઈ શકશે નહિ; રક્ત બગડી જશે, હાથ સુકાઈ જશે અને શરીર નિરુપયોગી થઈ જશે. સારાંશ કે, જે દેશ એવું અભિમાન રાખે છે કે, અમે સારા છિયે, પરિપૂર્ણ છિયે અને સર્વ શ્રેષ્ઠ છિયે, માટે અમારે મ્લેચ્છો અને કાફરો સાથે સંબંધ રાખવાનું શું કારણ છે, તે દેશ પોતે પોતાના રૂપાળા અને ઉપયોગી હાથપર જાણી જોઇને પટ્ટી બાંધી તેને સદાનો નિરુપયોગી બનાવે છે. કહેવત છે કેઃ—

"બહતા પાની નિર્મલા, ખડા સો ગન્દા હોય!"

"જો વિચાર કરીને જોશો તો જણાઈ આવશે, કે જે જે દેશોએ ઉન્નતિ મેળવી છે, તે ગતિમાન્ રહેવાથી જ, નહિ કે સ્વસ્થ અને આલસ્યમા રહેવાથી. આપણામાં પણ એક કિંવદંતી છે કે, "ફરે તે ચરે અને બાંધ્યો ભૂખે મરે!"

પ્રકરણ ૪૮ મું

લાહોરમાં લેકચર-સ્વાત્માર્પણ કરો!

માણેકચંદ તે હાલના આપણા રામભજનાનંદે આગળ ચલાવ્યુંઃ—

"પ્રિય બંધુઓ! જો વિચાર કરીને જોશો તો જાણવામાં આવશે કે, જે જે દેશોએ ઉન્નતિ પ્રાપ્ત કરેલી છે, તે ગતિમાન્ રહેવાથી જ કરેલી છે. ઉદાહરણાર્થ અમેરિકનોને લ્યો. લગભગ પીસ્તાળીસ હજાર અમેરિકનો હરહમેશ પેરિસમાં જ વસે છે–તેમના સમૂહો ત્યાં આવે છે અને જાય છે. કોઈ પણ જરા પણ નવીનતા અથવા નવા શોધો ફ્રાંસમાં થયેલા જુએ છે, તો તેને તે તત્કાલ પોતાના દેશમાં

પહોંચાડી દે છે. જુની કળાઓ અને જુના કૌશલ્યના શીખવામાં પણુ તેઓ કાંઈ કચાશ રાખતા નથી. પ્રત્યેક મોસમમાં લગભગ એંસી હજાર અમેરિકનો મિસરમાં આવે છે. ત્યાંના પીરેમિડસ જુએ છે, નવું શોધે છે. સેંકડે ચાળીસ અમેરિકનો સમસ્ત વિશ્વનો પ્રવાસ કરી ચૂકયા છે. એવી રીતે એ લોકો જ્યાં પણુ વિદ્યાકળા તેમના જોવામાં આવે છે, ત્યાંથી લાવીને પોતાના દેશમાં પહોંચાડી દે છે. જર્મનીવાળાઓની પણુ એ જ રીતિ છે. અમેરિકાથી આવતી વેળાએ રામ, જર્મન સ્ટીમરમાં સવાર થએલો હતો. તેમાં લગભગ ત્રણુસો ફર્સ્ટ કલાસ મુસાફરો હતા. તેઓમાં પ્રોફેસર ડયુક, બેરન અને બીજા સોદાગરો પણુ હતા. દિવસની વેળાએ સ્ટીમ ટોપ ડેકપર જઇને ઘણું કરીને રામ બેસતો હતો. ત્યાં એકાંતમાં વાંચવામાં, લખવામાં કે ધ્યાન વિચારમાં તે પોતાની વેળા વ્યતીત કરતો હતો. પરંતુ ત્યાં જર્મન લોકો ચઢીને રામને નીચે લઈ આવતા હતા અને રામનું વ્યાખ્યાન સાંભળતા હતા. રામને એક વિદેશીય આત્મા જાણીને તેને તેઓ મ્લેચ્છ અથવા કાફિર કહીને ધિક્કારતા નહોતા, કિંતુ તેમની એ જ ભાવના હતી કે, આ વિદેશીય પાસેથી જે કાંઈ પણુ જ્ઞાન મળે તે મેળવી લેવું. એ મુસાફરીમાં રામે જે પ્રથમ નગર જોયું તે સિયાટલ વોશીંગ્ટન હતું. ત્યાંની વોશીંગ્ટન યુનિવર્સિટીએ હિંદુ તત્ત્વજ્ઞાનના વિષયમાં એક વ્યાખ્યાન આપવા માટે રામને નિમંત્રણુ કર્યું. વ્યાખ્યાનની સમાપ્તિ પછી એક જવાન પ્રોફેસર સાથે રામની મુલાકાત થઈ. તે તરતનો જ જર્મનીથી પાછો ફરેલો હતો. રામે સવાલ કર્યો કે, 'જર્મની શા માટે ગયા હતા?' તેણે કહ્યું કે, કૃષિકર્મ વિદ્યા અને કીમિયાની કળામાં હું મારી યુનિવર્સિટીનો જર્મન યુનિવર્સિટી સાથે મુકાબલો કરવાને ગયો હતો. તેણે પોતાના ત્યાં રહેવાનું પરિણામ સંભળાવ્યું કે, 'દશ વર્ષ પહેલાં જર્મનો અમારાથી એ વિદ્યાઓમાં ચઢતા હતા, પણુ હવે આજે અમે તેમનાથી ઉતરતા અથવા ન્યૂન જ્ઞાનવાળા નથી.' બીજાને આદર આપીને અને પોતાના પ્રાણુને પણુ જોખમમાં નાંખીને, તેમણે બીજાઓ પાસેથી વિદ્યા પ્રાપ્ત કરી છે અને પછી તેની ઉન્નતિ કરેલી છે. અમેરિકાના લોકો ડાલરના ગુલામ છે, એ વાત સાચી નથી—બલ્કે વિદ્યાની પાછળ પૈસો પોતાની મેળે દોડતો જ આવે છે. જે લોકો અમેરિકાવાળાને શિરે એ કલંગ લગાડે છે કે, તેમનો ધર્મ તે રોકડો ધર્મ નથી, કિન્તુ રોકડિયો ધર્મ છે. તે કહેનારાઓ યા તો અમેરિકાની આંતરિક સ્થિતિના જ્ઞાતા નથી, યા, તો સર્વથા અન્યાયી છે. કેલિફોર્નિયામાં એક સ્ત્રીએ અઢાર કરોડ રૂપિયા આપીને એક યુનિવર્સિટીની સ્થાપના કરેલી છે. એવી રીતે વિદ્યાની વૃદ્ધિ અને પ્રચાર માટે નિત્ય કરોડો રૂપિયાનું દાન આપવામાં આવે છે.

ત્યાં વિદ્વાનની એટલી બધી મહત્તા છે કે, જેટલા વિદ્વાન્ ત્યાં મળી આવે છે, તેટલા વિદ્વાન્ હિન્દુસ્તાનમાં નથી. પરંતુ—જો—કે તેમણે વિદ્યા અને કળાને પૂર્ણ રીતે પોતાના શરીરમાં શમાવી દીધી છે, પણ તેઓ હિંદુ બની ગયા નથી. તેવી જ રીતે આપણે પણ તેમની વિદ્યા કળાને સારી રીતે લઈ લેવા છતાં, પોતાના હિન્દુત્વને કાયમ રાખી શકિયે એમ છે. વૃક્ષ બહારથી ખાતરનું ગ્રહણ કરે છે, પણ તે પોતે ખાતર બની જતું નથી. તે બહારની માટી, પાણી, હવા અને પ્રકાશને ખાઇને હજમ કરે છે, પણ તે પોતે પાણી, માટી, હવા ઇત્યાદિ બની નથી જતું. તેવો જ પ્રકાર વિદ્યા અને મનુષ્યનો છે. જાપાનીઓએ યુરોપ અને અમેરિકાની વિદ્યા કળા તો લીધી, પણ રહ્યા જાપાનીઓના જાપાની જ. દેવતાઓએ પોતાની બુદ્ધિના બળથી રાક્ષસો પાસેથી સંજીવની વિદ્યા શીખી લીધી ખરી, પણ તે પોતે કાંઈ રાક્ષસ થઈ ગયા નહિ. એવી જ રીતે તમે યુરોપ અને અમેરિકા જઇને તેમની વિદ્યા કળા શીખવાથી કાંઇ મ્લેચ્છ કે અનાર્ય થઈ શકો તેમ નથી—જો તમારામાં તમારું સત—આત્મિક બળ હોય તો તમે આર્ય તે આર્ય જ રહેશો. જે લોકો વિદ્યા કળાને ભૂગોળની સીમામાં બદ્ધ કરી નાંખે છે—એટલે કે, એમ કહે છે કે, આ અમારી વિદ્યા છે, અને આ બીજાઓની વિદ્યા છે—અને બીજાઓની વિદ્યા અમારે ત્યાં આવશે તો મહા અનર્થ થશે—તેમ જ—અમારી વિદ્યાઓ બીજાઓ શાને લઈ જાય—તે લોકો જ—એવા વિચારના લોકો જ—પોતાની વિદ્યાને અવનતિની દશામાં લાવી નાંખે છે.

" આ ઓરડામાં દિવસનો પ્રકાશ પ્રસરેલો છે. આ પ્રકાશ અત્યંત મનોહર અને શોભાયમાન છે. જો આપણે એમ કહિયે કે, આ અમારો પ્રકાશ છે-આ અમારો પ્રકાશ છે, માટે તે ક્યાંક બહારના પ્રકાશથી મળીને અપવિત્ર થઈ ન જાય એવા વિચારોથી જો આપણે આપણા પ્રકાશનું રક્ષણ કરવા માટે પડદા નાંખી દઇયે, દરવાજા બંધ કરી લઇયે, બારીઓ વાસી દઇયે અને અજવાળિયાંને અટકાવી દઇયે, તો અમારો પ્રકાશ એકદમ બંધ થઈ જશે અને સર્વત્ર અંધકાર અને અંધકાર જ પસરી જશે. આપણે હિંદુસ્તાનમાં આ હાનિકારક પોલીસીનો શા માટે સ્વીકાર કર્યો હશે—કોણ જાણે !

"હબ્બુલ્વતન અજ મુલ્કે સુલયમાં ખુશ્તર;
ખારે વતન અજ સુમ્બુલો રહાં ખુશ્તર."

"આમ કહીને પોતે ખાર—કાંટા થઈ જવું અને દેશને પણ વેરાન કરી નાંખવો—પરાઇ ગુસરીમાં રાખવો—એ દેશાભિમાન કે સ્વદેશ પ્રેમ નથી. જે વેળાએ અને

જે સ્થાને એક જ જાતિના વૃક્ષો, સમૂહના રૂપમાં ઉગી નીકળે છે, તે બહુધા બધાં જ નિર્બળ હોય છે. તેમાંથી એકને જો જૂદા જ સ્થાને રોપવામાં આવે, તો તે બહુ જ બળવાન્ થાય છે. કોમો-(જાતિઓ)નો પણ એ જ હાલ છે. કાશ્મીરના વિષયમાં કહેવામાં આવે છે કે;—

"અગર ફિર્દોસ બરરૂહે જમીનસ્ત.
હમીનસ્તો હમીનસ્તો હમીનસ્ત."

(ભાવાર્થ—"જો કોઈ સ્વર્ગ ભૂતળમાં હોય, તો તે આ છે, આ છે, આ જ છે.")

"પરંતુ તે જ કાશ્મીરના લોકો કે જેઓ પોતાના સ્વર્ગને છોડવામાં પાપ માને છે, તેઓ નિર્બળતા, નિર્ધનતા અને અવનતિના ઉદાહરણ રૂપ જ બની રહ્યા છે. એક સમયના બહાદુર કાશ્મીરી પંડિતો—જે એ સ્વર્ગથી બહાર નીકળ્યા છે, તે ખરેખર સ્વર્ગમાં આવી ગયા છે. તેમણે જ્યાં ગયા ત્યાં હિન્દુસ્તાનીઓને દરેક વાતમાં મહાત કરી નાંખ્યા છે. તેમનામાંના ઘણુખરા મોટા મોટા દરજાઓપર અત્યારે વિરાજમાન છે. જ્યાં સૂધી જાપાનીઓ જાપાનમાં જ ગોંધાઇ રહ્યા હતા, ત્યાં સૂધી તેમના જેવા નિર્બળ અને હતવીર્ય કોઈ પણ હતા નહિં. પણ જ્યારથી તેઓ બહાર જવા માંડ્યા, ત્યારથી જ બીજા દેશોની હવા લાગતાં બળવાન્ અને મજબુત બની ગયા. યુરોપના ગરીબ અને નાદાર યાને લો કલાસ પીપલ-વહાણોમાં બેસીને અમેરિકામાં જઈ વસ્યા. અત્યારે તેઓ સૃષ્ટિના બીજા બધા લોકોથી વધારે બળવાન્ અને વધારે ધનવાન્ ગણાય છે. થોડાક હિન્દુસ્તાનીઓ પણ બહાર ગયા છે, તેઓ જ્યાં સૂધી પોતાના દેશમાં હતા, ત્યાં સૂધી તેમને કોઈ પૂછતું પણ નહોતું, પણ જ્યારે તેઓ વિદેશમાં વિચર્યા, ત્યારે જ તેઓ ઊન્નત થયા. ત્યાંના આગળ પડેલા લોકોમાં પણ તેઓ અગ્રભાગે આવ્યા, અને પોતાના દેશમાં પણ વખણાયા.

"પાની ન બહે તો બુ આયે;
ખંજર ન ચાલે તો મોરચા ખાયે;
ગર્દિશસે બહડા મેહરોમાહકા પાયા;
ગર્દિશસે ફલકને ઔજ પાયા.

"જેવી રીતે વૃક્ષ જમીનમાં બધાં રોકાણોને ખસેડીને પોતાનાં મૂળિયાંને પાણીવાળા ભાગ સૂધી લંબાવી જાય છે, તેવી જ રીતે અમેરિકા, જર્મન, જાપાન, ઈંગ્લંડ, આદિના લોકો સમુદ્રોને ઉલ્લંઘીને, પર્વતોને ભેદીને અને ધનને બગાડીને, અર્થાત્ પ્રત્યેક પ્રકારના શ્રમ વેઠીને, ત્યાં ત્યાં પહોંચી ગયા છે, કે જ્યાંથી થોડો ઘણો પણ હુન્નર અને વિદ્યા તેમને મળી શકવાની આશા હોય. એ જ એ દેશોની ઉન્નતિનું એક મુખ્ય કારણ છે. હવે બીજી એક વાત સાંભળો—

"એક જાપાની સ્ટીમરમાં કેટલાક ભારતવર્ષીય વિદ્યાર્થીઓ ચઢેલા હતા. સ્ટીમરમાં તેમના કલાસવાળા મુસાફરોને જે ખાવાનું મળ્યું, તે ખાસ કરીને તેમણે લીધું નહિ. એ એક ગરીબ જાપાની તરુણે જોયું. તેના મનમાં આવ્યું કે, 'આર્યજનનીનાં આ સંતાનો નિરાહાર છે,' એટલે તે બધાં માટે દુધ અને ફળો વેચાતા લઈ આવ્યો અને તે બધો સામાન તેમના સામે મૂક્યો. ભારતવર્ષીયોએ પોતાના નિત્યના નિયમ પ્રમાણે પ્રથમ તો તે સ્વીકારવાની નાપાડી, પણ આગ્રહ થયે ફલાહાર કરી લીધો. જ્યારે તેઓ સ્ટીમરમાંથી ઉતરવા લાગ્યા, ત્યારે આભાર સહિત તે સામાનનું મૂલ્ય તે જાપાની તરુણને આપવા લાગ્યા; પણ જાપાનીએ તે ન લેતાં, રોઇને તે પ્રાર્થના કરવા લાગ્યો કે, 'જ્યારે તમે આર્યાવર્તમાં જાઓ, ત્યારે કૃપા કરીને આ વાત ત્યાં ફેલાવશો નહિ કે, જાપાની સ્ટીમરોમાં ત્રીજા કલાસના ઉતારુઓ માટે ખાવાપીવાની સારી વ્યવસ્થા નથી.' જરા વિચાર કરો કે, એક ગરીબ મુસાફર બાળક, કે જેનો સ્ટીમર સાથે કશો પણ સંબંધ નહોતો, તે પોતાના પૈસા ખર્ચ કરીને ખુશામત કરવા લાગ્યો–એટલા માટે જ કે, તેના દેશની સ્ટીમરવાળાઓને કોઈ ખરાબ ન કહે. એ બાળક પોતાના અસ્તિત્વને ભિન્ન અસ્તિત્વ માનતો નહોતો, કિંતુ આખા દેશના અસ્તિત્વને જ પોતાનું અસ્તિત્વ માનતો હતો. કેવો પ્રેમ અને કેવો સ્નેહ! એ જ સાચો સ્વદેશ પ્રેમ અને એ જ ખરું દેશાભિમાન! રોકડો ધર્મ પણ એ જ છે. આવા પ્રેમ અને આવી ભાવના વિના દુનિયામાં સારાં ફળની આશા જ નથી–

"મરના ભલા હય ઉસ્કા જો અપને લિયે જિયે;
જીતા હય વો જો મર ચુકા ઇન્સાનકે લિયે."

"આપને સ્મરણ હશે કે, જાપાનમાં જ્યારે એવી જરૂર પડી કે, રશિયનોના ધસારાને રોકવા માટે કેટલીક મનવારોને દરિયામાં ડુબાવી દેવી જોઇએ. ત્યારે મિકાડોએ કહ્યું કે, 'હું રઇયતમાંથી કોઇને આમ કરવાની ફરજ નથી પાડતો. પરન્તુ જેમને એવી સ્ટીમરો સાથે ગર્ક થવું મંજુર હોય, તે પોતે વોલંટિયર થઇને અરજીઓ આપે.' એ વાક્યો સાંભળતાં જ એકદમ હજારો અરજીઓ–જરૂર ન કરતાં વધારે પ્રમાણમાં આવી ગઈ. હવે વિચાર થઈ પડ્યો કે, કોની અરજીઓ બહાલ રાખવી અને કોની નહિ? એટલે જાપાની યોદ્ધાઓએ શરીરમાંથી લોહી કાઢીને તે લોહીની લખેલી અરજીઓ મોકલાવી કે, જેથી તે સત્વર મંજુર થઈ જાય. અંતે એ લોહીથી લખેલી અરજીઓ કબુલ કરવામાં આવી. જ્યારે એ લોકો સ્ટીમરો સાથે દરિયામાં ડુબતા જતા હતા, તેવામાં જો ઇચ્છત તો બે ત્રણ કેપ્ટનો પોતાના જીવ બચાવી શકે એમ હતું. કોઇએ કહ્યું કે, 'કેપ્ટન સાહેબ! તમે કામ તો બજાવી ચૂકયા

છો, માટે હવે જીવ બચાવીને પાછા જાપાન ચાલ્યા જાઓ.' એટલે મરણનો ઉપહાસ કરતાં તિરસ્કારની દૃષ્ટિથી કેપ્ટને જવાબ આપ્યો કે, 'શું મેં જાપાનમાં પાછા જવા માટે જ અહીં આવવાની અરજી આપેલી હતી કે?'

"ઇંજા જજા નેકે જાંબાસિપાહ રિન્દ ચારા નેસ્ત."

એ મર્દાનગીનો દરજ્જો નથી કે, પાછા ફરવું.—

"શેર સીધા તયરતા હય વકતે રફતન આબમેં.

એ જ રોકડો ધર્મ છે, એ જ સ્વદેશ સ્નેહ છે અને એ જ ખરું અને પવિત્ર દેશાભિમાન છે—

"नैनं छिंदंति शस्त्राणि नैनं दहति पावकः"

"મુઝકો કાટે કહા હય વો તલવાર?
દાગ દે મુઝકો હય કહાં વો નાર?
ગર્ક મુઝકો કરે કહાં પાની?
બાલમેં તાબ કબ સુખાનેકી—
મોત કો મોત આ ન જાયેગી,
કસ્દ મેરા જો કરકે આયેગી."

"એક વખત અમેરિકામાં વિદ્યાની ખાત્રી માટે મનુષ્યની છાતી ખોલી જોવાની—એટલે કે, જીવતા મનુષ્યની છાતી ચીરવાની આવશ્યકતા પડી. આ વિચાર જાણવામાં આવતાં જ કેટલાક નવજવાનો આવીને પોતાની છાતી ખોલીને ઉભા રહ્યા અને કહેવા લાગ્યા કે, 'કાપો—ચીરો ઇંચ ઇંચ કાપવાથી અમારા પ્રાણ જાય, અને અમારા જિગરના ટુકડે ટુકડા થાય, તો તેની ચિન્તા નથી—જો એમ કરવાથી વિદ્યાની વૃદ્ધિ થતી હોય અને બીજાઓને લાભ થતો હોય તો.' હવે આપણે એ કૃત્યને પ્રેમ કહીએ કે બહાદુરી? ખરી રીતે જોતાં તો એ સ્વદેશાભિમાન—રોકડો ધર્મ જ છે.

"અમેરિકાના પ્રેસીડેન્ટ એબ્રાહમ લિન્કન વિશે એક વાત ચાલે છે કે, એકવાર તે પોતાને ઘેરથી દરબારમાં જવા નીકળ્યો હતો. તે વખતે માર્ગમાં એક સૂકર ગારામાં ફસાઇને અધમુઓ થએલો તેના જોવામાં આવ્યો. તે ઘણુંય બળ કરતો હતો, પણ ગારામાંથી બહાર નીકળી શકતો નહોતો. તેને બહુ જ દુ:ખ થતું હતું, તેથી બૂમો પાડ્યા કરતો હતો. તેનું એ દુ:ખ લિન્કનથી દેખી ન શકાયું એટલે તે પોતાની ગાડીમાંથી નીચે ઉતર્યો અને સૂવરને ગારામાંથી કાઢી તેનો જીવ બચાવ્યો. એથી લિન્કનનાં બધાં વસ્ત્રોપર ગારાના છાંટા ઉડ્યા, પણ તેની પરવા ન કરતાં તે વેશમાં જ

તે દરબારમાં આવ્યો. જ્યારે લોકોએ પૂછ્યું, ત્યારે ઉપલી વાત તેમના જાણવામાં આવી એટલે બધાએ પ્રશંસા કરી કરીને કહ્યું કે, 'તમે ઘણા જ દયાવાન્ અને પ્રભુના ભક્ત છો.' પ્રેસીડેન્ટે કહ્યું, "બસ–બસ–વધારે ન બોલો! મેં દયા બયા કાંઈ પણ દેખાડી નથી. તે સૂવરના દુઃખે મારા હૃદયમાં દુઃખ ઉત્પન્ન કર્યું અને તેથી મારું દુઃખ મટાડવા માટે જ મેં તે સૂવરને ગારામાંથી બહાર કાઢ્યો." કેવો પ્રેમ! કેવી સમદુઃખતા! ધન્ય છે એવી હમ્દર્દીને! જો પ્રત્યેકના મનમાં એવી જ લાગણીનો વાસ સદા સર્વદા રહેતો હોય તો પછી કોઇને કાંઇ પણ દુઃખ થવાનો સંભવ જ નથી.

"ખું રગેમજનુંસે નિકલા ફસ્દ લયલાકી જોલી,

"પત્તીકો ફુલકે લગા સદમા નસીમકા;
શબનમકે કતરે આંખસે ઉસ્કે ટપક પડે!

"જીવતો ધર્મ અથવા જેને રામે રોકડા ધર્મ તરીકે ઓળખેલો છે, તેનું મૂળ એ જ છે–તેનું ઉત્પત્તિનું કારણ પણ એ જ છે કે, તમે આખા દેશના આત્માને પોતાનો જ આત્મા સમજો. ધર્મ–કર્તવ્યનો વિચાર કરો. એવો જીવ જે દેશોમાં જીવતો છે, તે ઉન્નતિના માર્ગમાં વિચરે છે, અને જે દેશોમાં એનો અભાવ છે, તે દેશો અવનતિના ખાડામાં પડી ગયા છે, પડતા જાય છે ને પડશે. સત્યને સેવો, ભક્ત બનો–હું બીજા ભક્તની વાત નથી કરતો, બગભગતનાં તો ટોળેટોળાં છે, ઠગ ભગતો રોડા માફક અથડાય છે, ખગ ભગતો ઉંચે ઉડે છે! રાંડીયા ભગતો મંદિરે મંદિરે મરી ફીટી છે! સાંઢીયા ભગતો પાણીના ઘાટ ઘાટપર ગબડે છે! તેની રામને પરવા નથી–હરગીજ રામ તે સામું જોતો નથી. રામ દેશભગતને જ રામભગત, કીસનભગત, રાધાભગત જોય છે. તેને નમે છે. દેશની કીર્તિ માટે અસતને તજો; સદા દેશભગત રહો–દેશને બચાવો–વધારો–ગમે તે ભોગે દેશપ્રેમી બનો.

"જાપાનમાં એક હિન્દુસ્તાનનો તરૂણ વિદ્યાર્થી અભ્યાસ કરતો હતો. એન્જીનીયરીંગ વિદ્યાનું એક પુસ્તક તે લાયબ્રેરીમાંથી વાંચવા લઇ આવ્યો. બીજા વિષયો અને તેની મતલબને તો તેણે પોતાની બુકમાં ઉતારી લીધા, પણ મશીનોનાં ચિત્રો ઇત્યાદિની તે કાપી કરી શકયો નહિ. તેણે એ વિચાર ન કર્યો કે, બીજા વિદ્યાર્થીઓ પણ એ ગ્રન્થનો લાભ લેવાના છે. એ વિચાર ન કર્યો કે, આવી હરકત કરવાથી મારો દેશ બદનામ થશે. તેણે તો પોતાના જ લાભનો વિચાર કર્યો–અને આકૃતિવાળાં પૃષ્ઠો ફાડી લીધાં અને પુસ્તક લાયબ્રેરીમાં પાછું

આપી આવ્યો. પુસ્તક મોટું દળદાર હોવાથી તત્કાળ તો ભેદ ખુલ્લો ન થયો. કેવી રીતે ચોરી છુપે ? સચ્ચાઇ કોઇ દિવસે છુપે ખરી? એક દિવસ એક જાપાની વિદ્યાર્થી તે ઇંડીયન વિદ્યાર્થીના ઓરડામાં આવ્યો, અને તેના ટેબલપર તે પુસ્તકનાં આકૃતિવાળાં પાનાં પડેલાં જોઇને તેણે એ વાતની પોતાના પ્રોફેસરને ખબર આપી. એટલે ત્યાં એવો કાયદો કરવામાં આવ્યો કે, હવે પછી કોઇ પણ હિન્દુસ્તાની વિદ્યાર્થીને પુસ્તક ઘેર વાંચવા માટે આપવામાં ન આવે. એ એક ડુબી મરવા જેવી વાત છે. તમે, જે જાપાની વિદ્યાર્થી, હિન્દુસ્તાની વિદ્યાર્થીઓ માટે આગબોટમાં દુધ અને ફળ લાવ્યો હતો તેની વાત પણ સાંભળી અને આ હિન્દુસ્તાનના આર્ય પુત્રનો વૃત્તાંત પણ જાણ્યો ! જાપાની પોતાનું બધું આપવાને એટલા માટેજ તૈયાર હોય છે કે, રખેને તેમ ન કરવાથી દેશને ડાઘ લાગી જાય ! અને હિન્દુસ્થાનીઓ માત્ર પોતાનો સ્વાર્થ સાધવામાંજ તત્પર હોય છે. તેથી જો દેશની બદનામી થતી હોય, તો તેની તેમને લેશ માત્ર પણ પરવા હોતી નથી."

પ્રકરણ ૪૯ મું

લાહોરમાં લેક્ચર-અમેરિકનોનો સુધારો ને શિક્ષણ

ક્ષણભર થંભી મી૦ માણેકચંદ, તે હાલના રામભજનાનંદે આગળ લંબાવ્યું,– "બંધુજનો ! હાથ એમ કહી શકતો નથી કે, 'હું એકલો અથવા ભિન્ન છું.–મારું લોહી બીજું છે અને આખા શરીરનું લોહી જુદું છે.' જો તેનામાં એવો ભેદભાવ હોય, તો તેથી તેની એવી ભાવના થઈ જવાનો સંભવ છે કે, 'હાયરે ! કમાવું હું અને ખાઇ જાય બીજા, શા માટે ?' એ શંકાને નિવારણ કરવાનો માત્ર એકજ માર્ગ છે, અને તે એકે હાથે કમાવેલો રોટલો મોઢામાં નાંખવાને બદલે તે પોતાની હથેળીમાં બાંધી લે અથવા નખોમાં ગ્રહણ કરી લે. પણ શું એ સ્વાર્થપરાયણતાનો વિચાર કોઈ કાળે પણ અમલમાં આવી શકે એવો છે ખરો ? અલબત–એના માટે એક બીજો ઉપાય પણ છે. જેવી રીતે મધુમક્ષિકા પાસેથી હાથ પોતાનીજ આંગળીઓ ડસાવી લે તો તેથી હાથ સુજીને ભારી થઇ જશે, એટલે બીજા શરીરના પ્રમાણમાં જોતાં માત્ર હાથજ મોટો દેખાશે. પણ એ મોટાપણું તે તેનાપર આવેલી સુજનું જ કારણ હોય છે.–એક પ્રકારનો એ રોગજ છે. તે કલ્યાણકારી રોગ નથી. એ પ્રમાણે જે લોકો પોતાની આખી જાતિના

ભલાને પોતાનું ભલું નથી સમજતા, પોતાના શરીરને જાતિરૂપી આત્માથી ભિન્ન માને છે તેવા સ્વાર્થી સાધુઓને સોજા જેવી બીમારીઓ વિના બીજું વધારે કાંઇ પણ હાથ આવતું નથી. તે જ હાથ મજબૂત અને બળવાન્ થાય છે કે, જે કાન, નાક, આંખ અને પગ વગેરે આખા શરીરના અવયવોને–આત્માને પોતાનો જ આત્મા માનીને તે પ્રમાણે વર્તન કરે છે; અને તે જ મનુષ્ય વધારે ફૂલે છે અને ફળે છે કે, જે પોતાની આખી જાતિના આત્માને પોતાનો જ આત્મા માને છે.

"અમેરિકામાં આ રામને પ્રથમ આશ્ચર્યકારક ઘટના એ જોવામાં આવી કે, એક ઘરમાં પતિ પ્રોટેસ્ટંટ ધર્મનો પાળનારો હતો અને તેની સ્ત્રી રોમન કેથોલિક ધર્મને માનનારી હતી. એ બનાવ જોઇને રામના મનમાં એક વિચાર આવ્યો કે, આર્યાવર્તમાં તો બે જૂદા જૂદા મતવાળાઓ–જેવા કે બ્રહ્મસમાજવાળા અને સનાતનધર્મવાળાઓ એક મોહલ્લામાં પણ કઠિનતાથી દિવસો કાઢી શકે છે, અને આ બે જૂદાં મતને માનનારાં પતિપત્નીનો એક જ ઘરમાં કેવી રીતે વર્તાવ થતો હશે ? એ વિશે પૃચ્છા કરતાં જાણવામાં આવ્યું કે, તેઓ બહુજ પ્રેમ અને સંપથી રહેતાં હતાં. રવિવારે તેનો પતિ પોતાની સ્ત્રીને પ્રથમ રોમન કેથોલિક ચર્ચમાં પ્રાર્થના કરવાને મૂકી જતો હતો અને ત્યાર પછી પોતે પોતાના ચર્ચમાં જતો હતો. એ પતિથી વાતચિત થતાં તે કહેવા લાગ્યો કે, 'મારી સ્ત્રી અને તેના ધર્મનો સવાલ તેના અને ખુદા (ઈશ્વર) વચ્ચે છે, એટલે મારે તે વિશે પૂછવાનો કશો પણ અધિકાર નથી. મારી સાથેનો એનો પ્રેમ સર્વથા પવિત્ર છે, ઈશ્વર સાથેના તેના વ્યવહારની વાત તે જાણે.'

"અમેરિકામાં સ્વદેશાભિમાન સમક્ષ ધર્માન્ધતાની કશી પણ કીંમત નથી. હિન્દુસ્તાનનો આર્યસમાજી હોય, સીખ હોય, મુસલ્માન હોય કે ક્રિશ્ચિયન હોય, પણ અમેરિકામાં તો તે જ હિન્દુ કહેવાય છે કે, જે હિન્દુસ્તાનનો નિવાસી હોય. તેમના મનમાં સ્વદેશાભિમાન એટલા બધા બળથી પ્રસરેલું છે કે, તેઓ આપણા દેશના એવા સ્વદેશાભિમાનહીન, પણ ધર્માન્ધ જનોને તત્કાળ તિરસ્કારની દૃષ્ટિથી જોવા માંડે છે. જો એવા જૂદા જૂદા ધર્મ માનનારા હિન્દુસ્તાનીઓના જાણવામાં આવ્યું હોત, કે બીજા દેશમાં આપણે માત્ર 'હિન્દુ' નામથી જ ઓળખાવાનું છે, તો તેઓ 'હિન્દુ' શબ્દ માટે આટલો બધો વિગ્રહ કરત નહિ, અને પોતાને 'હિન્દુ' નામથી એટલા બધા લજવાયલા ન માનત.

"પાશ્ચાત્ય દેશને પ્રબળ થવાનું બીજું એક એ પણ કારણ છે કે, ત્યાં બ્રહ્મચર્યનો સારો પ્રભાવ છે. તેઓ અપરિપકવ દશામાં જ વીર્યનો નાશ નથી

થવા દેતા. બહુધા વીસ એકવીસ વર્ષ પર્યંત તો ત્યાંના છોકરા છોકરીઓને એનો વિચાર માત્ર પણ હોતો નથી કે, વિવાહ કે લગ્ન શી વસ્તુ છે! ધ્યાનથી જોતાં એનું કારણ એ જણાયું કે, છોકરા અને છોકરીએ બાલ્યાવસ્થાથી એક સાથે ખેલતાં, કુદતાં અને એક જ નિશાળમાં ભણતાં શીખતાં તથા સાથે જ વસતાં જોવામાં આવે છે. પછી સાથે જ કોલેજોમાં અભ્યાસ કરે છે—એટલે સ્વાભાવિક રીતે તેમનામાં ભાઈ બહેનનો સંબંધ બંધાઈ જાય છે, અને તેમનાં હૃદયો પ્રેમ અને પવિત્રતાથી ભરેલાં થઈ જાય છે. ત્યાંની છોકરીઓનાં શરીરો પણ છોકરાનાં શરીરો જેવાં જ પુષ્ટ અને બળવાન્ થાય છે; એટલે તરુણાવસ્થામાં તેમની પ્રજા પણ તેવી જ બળવતી ઉત્પન્ન થાય છે. જો પુરુષ બળવાન્ હોય અને સ્ત્રી નિર્બળ હોય તો તેનું અર્ધ પરિણામ સંતતિના શરીરમાં પણ ઉતરે છે.

"એક વખતે લેક જીનવા નામની નદીના તીરે રામ વસતો હતો. એવામાં તેર વર્ષની વયની એક બાળા નદીમાં તરતી તરતી લગભગ ત્રણ માઇલ સુધી તરી ગઈ. હોડી તેની પાછળ પાછળ ચાલતી હતી, તે એટલા માટે કે, જો તે છોકરી ડુબવા માંડે તો તેને સહાયતા કરી શકાય. પણ ક્યાંય સહાયતાની જરૂર પડી નહિ. જ્યારે ત્યાંની છોકરીઓની આવી સારી સ્થિતિ છે, ત્યારે તેમની સંતતિ બળવતી થાય, એમાં સંશય જ શાનો હોય? જ્યાં શરીરમાં બળ અને શક્તિ છે, ત્યાં હૃદયમાં પણ બળ અને પવિત્રતા શાને ન હોય? એમના બ્રહ્મચર્યનું એ પણ એક કારણ છે કે, તેઓ પરાપૂર્વથી એ નિયમનું પાલન કરતા આવ્યા છે. નિર્બળતાથી પાપ થાય છે, અપચાથી અપવિત્રતા થાય છે, શરીર—કોઠો—બળવાન્ ન હોય તો ચિંતા અને શોક થયા કરે છે, જ્યાં વીર્યનું બળ નથી—ત્યાં વાત વાતમાં ક્રોધ આવી જાય છે. વેદમાં લખેલું છે કે, નિર્બળ મનુષ્ય આત્માને જાણી નથી શકતો.

''नायमात्मा बलहीनेन लभ्यः''

"નિર્બળ મનુષ્યનો ઈશ્વરને ત્યાં પણ ઉપાય ચાલી નથી શકતો. જેનામાં શારીરિક અને આત્મિક બળનો અભાવ છે, તે બ્રહ્મચર્યને દૃઢતાથી પાળી નથી શકતો. ત્યાંની કોલેજોમાં એવી સ્થિતિ છે કે, બી. એ. એમ. એ. અને તન મન બળની ડીગ્રી સુધીનો અભ્યાસ સાથે જ ચલાવવામાં આવે છે—શારીરિક શિક્ષણ સાથે જ આપવામાં આવે છે. એમાં યુદ્ધ શિક્ષણ, કૃષિ કર્મવિદ્યા, લુહાર, સુતાર અને કડિયાનું કામ પણ શિખવવામાં આવે છે.

"અમેરિકામાં સાધારણ રીતે યુનિવર્સિટીના શિક્ષણનો ઉદ્દેશ અને હેતુ એટલો જ હોય છે કે, દેશની વસ્તુઓ ઉપયોગમાં લાવવી જોઇએ. જમીન, ખાણો, ઉદ્ભિજ્જ વસ્તુઓ અને બીજી વસ્તુઓ ઇત્યાદિ વસ્તુઓના ઉપયોગનું અને તેને

વધારે મૂલ્યવાન્ બનાવવાનું જ્ઞાન મળવું જોઇએ. જેટલી વિદ્યા અને કળાઓ ત્યાં શીખવવાંમાં આવે છે, તે સંસાર વ્યવહારમાં સર્વથા ઉપયોગી અને હેતુને સિદ્ધ કરનારી હોય છે. કોઈ પણ વિદ્યાર્થી, ઉદ્દેશ અને હેતુ વિના રસાયનશાસ્ત્ર—કેમીસ્ટ્રીનો અભ્યાસ કરતો નથી, એટલે કે કીમીયાની કળાને વ્યવહારમાં લાવવાનો અને કૅમીકલ ઇંજિનીયરીંગનું કામ કરવાનો તેનો મનોભાવ ન હોય, તો તે વ્યર્થ કેમીસ્ટ્રીના અભ્યાસમાં વખત વીતાડતો નથી.

"એક ધાર્મિક કોલેજમાં રામનું વ્યાખ્યાન થયું. વ્યાખ્યાન પૂરું થવા પછી લોકોએ પોતાની લશ્કરી કવાયદ દેખાડી અને કોલેજના વિદ્યાર્થીઓએ, જંગી અવાજથી વ્યાખ્યાન માટે ઉપકાર માન્યો. રામે પૂછ્યું કે, 'આનો શો ઉદ્દેશ? આ કોલેજ તો ધર્મના શિક્ષણ માટેની છે, અને તેમાં આવું યુદ્ધનું શિક્ષણ આપવામાં કાં આવે છે?' એટલે પ્રીન્સીપાલ સાહેબે જવાબ આપ્યો કે, 'ધર્મનો એ જ હેતુ અને તેનું એ જ તાત્પર્ય છે કે, શરીર અને શરીરના અસ્તિત્વને શૂળીપર ચઢાવી દેવું—અહંકારનો નાશ કરવો, અને પ્રાણને દેશના લાભ માટે હાથમાં રાખીને ફરવું. એ બહાદરી ને જાંનીસારીનું તત્ત્વ માત્ર યુદ્ધના શિક્ષણથી જ મનુષ્યના હૃદયમાં પ્રવેશ કરે છે.'

"હવે નમ્રસ્વભાવ અને અંતઃકરણની શુદ્ધિના શિક્ષણનો કેવો ક્રમ છે, તે સાંભળો. એક યુનિવર્સિટીમાં રામનું ગમન થતાં ત્યાં નવો જ દેખાવ જોવામાં આવ્યો. એ યુનિવર્સિટી, વિદ્યાર્થીઓ અને શિક્ષકોનાં સાહસથી ચાલતી હતી. ત્યાં વિદ્યાર્થીઓ ફી વગેરે કાંઈ પણ આપતા નથી, અને બીજા શિક્ષણ ઉપરાંત પ્રોફેસરોના હાથ તળે તેઓ કોલેજની જમીનપર અથવા મશીનોપર કામ કરે છે. પ્રોફેસરો નવા શોધો કરે છે અને તેમનું પોતાના વિદ્યાર્થીઓને શિક્ષણ આપે છે. જમીનમાંથી જૂદા જ પ્રકારની અને સારી પેદાશ અને નવા કારીગરોની કમાઇથી કોલેજનાં બધાં ખર્ચો ચાલ્યા કરે છે. રામ ત્યાં હાજર હતો, તે વખતે એક ઓરડામાં વિદ્યાર્થીઓમાં, પોતપોતામાં કાંઇક વાતની તકરાર થઈ અને મુકર્દમો પ્રિન્સીપાલ પાસે ગયો. પ્રિન્સીપાલે એ ઓરડામાંનું બધું કામ બંધ કરાવી દીધું અને પીઆનો વગાડવાનું શરૂ કરી દીધું. પંદર મીનીટમાં તકરારનો ફેસલો થઈ ગયો—એટલે તેમના પોતપોતામાં જ પાછી સલાહ થઈ ગઈ. વાહ—જેના અંતઃકરણમાં શાંતરસ ઓતપ્રોત ભરેલો છે, તેમને વાજીંત્ર અને ગાયન ઇત્યાદિ, તેમના અંતરની શાંતિ અને સંપને ઉભરાવવાનું સમર્થ સાધન થઈ પડે છે. જુઓ તો ખરા કે, કેવો ચમત્કાર? વાયુમાં સત્વ ગુણ ભરી દીધો કે, બધાના હૃદયમાં આપો આપ જ શાંતિનો પ્રભાવ થઈ ગયો.

"ચીકાગો યુનિવર્સિટીના એક અંડર ગ્રેજ્યુએટે રામના તત્ત્વજ્ઞાનનાં વ્યાખ્યાનોની કેટલીક નોટસ કરી લીધી અને થોડા દિવસમાં પોતા તરફથી કાંઈક વધારા ઘટાડા સાથે તેનું એક પુસ્તક લખીને યુનિવર્સિટીમાં સાદર કર્યું. એ વિદ્યાર્થીને એથી એક ક્લાસ ઉપર ચઢાવવામાં આવ્યો. એ વખતે, એ વિદ્યાર્થીએ મિલ અને હેમિલ્ટન ઇત્યાદિનાં પુસ્તકોનું જ્ઞાન પોતાના મગજમાં ભર્યું છે કે નહિ, એનો જરા પણ વિચાર કરવામાં આવ્યો નહિં. બેશક, ખરા શિક્ષણની કસોટી એ જ છે કે, આપણે અંદરની વિદ્યાને કેટલા પ્રમાણમાં અને કેવી રીતે બહાર કાઢી શકિયે છિયે. બહારથી ગમે તેટલી વિદ્યા અંતરમાં ઉતારી હોય, પણ જો વિદ્યાનો પ્રભાવ ન નીકળી શકે, તો પછી તે વિદ્યા નકામી જેવી જ.

"રામ એકવાર ત્યાંના પહાડી અને ઘોર જંગલોમાં રહેતો હતો. એટલામાં ત્યાં કેટલાક મનુષ્યો મળવાને આવ્યા. તેમની સાથે એક બાર વર્ષની વયની એક છોકરી પણ હતી. સર્વ રામના ઉપદેશને ધ્યાનપૂર્વક સાંભળવા લાગ્યા, પણ થોડીવાર માટે તે છોકરી અલગ જઇને બેઠી. જ્યારે તે પાછી આવી, ત્યારે તેણે એક કાગળ રામને આપ્યો. એ કાગળ શાનો હશે? રામના આખા ઉપદેશને તે અંગ્રેજી ભાષાની કવિતામાં ગુંથી લાવી હતી. ત્યાર પછી એ કવિતા ત્યાંનાં વર્તમાનપત્રોમાં પ્રકટ પણ થઈ ગઈ. બાળકોની એવી દક્ષતા અને યોગ્યતા તે તેમને સ્વતંત્ર રાખવાનું જ પરિણામ છે.

"મનુષ્ય નાનું હોય કે વૃદ્ધ હોય, પણ તે બુદ્ધિમાન્ પ્રાણી કહેવાય છે. હવે એ બુદ્ધિ સવાર છે, અને પ્રાણી તે સવારીનો ઘોડો છે. બાળકોની શક્તિને-જ્ઞાન શક્તિને-આપણે પ્રેમથી વધારવાની કોશિશ ન કરિયે, અને તેને ધમકી, માર તથા ગાળગળોચ કરવા માંડિયે, તો હેવાનીયતના ઘોડાને લાકડીના જોરથી સવાર તળેથી એકદમ કાઢી જવા જેવું બને છે. એવી સ્થિતિમાં બાળકના આંતરિક ભાવને કોપ કેમ ન થાય વારુ? બાળકોને ધમકાવવાં, તે તેનામાં જેનાથી મનુષ્ય પૂજ્ય ગણાય છે, તેવાં તત્ત્વો રહેલાં છે તેનો નાશ કરવા બરાબર છે. તેનાપર બળાત્કાર કરવો, તે તેમનામાંના પૂજ્ય અને સંગ્રાહ્ય તત્ત્વનો નિરાદર કરવા જેવું જ છે. સમજાવ્યા વગર અથવા કારણ બતાવ્યા વગર, બાળકોપર હુકમ ચલાવવો, કે આમ ન કર, તેમ ન કર, એટલે એ તો ઉલટું તેને તે કામમાં ખેંચાણ કરવા જેવું જ છે. જ્યારે જગન્નિયંતા જગદીશ્વરે આદમને એવો હુકમ કર્યો કે, 'આ વૃક્ષનું ફળ ખાશો નહિ,' એટલે એ ના પાડવાથી જ તેમણે તે ફળ ખાવાનો વિચાર કર્યો. સ્વર્ગમાં સહસ્રાવધિ પ્રકારનાં વૃક્ષો હતાં, પરંતુ જ્યારે એવો પ્રતિબંધ કરવામાં આવ્યો કે,

'આ ન ખાશો, ને આ ન ખાશો,' એટલે ખાસ કરીને તે ખાવાની જિજ્ઞાસા ઉત્પન્ન થઈ. બહુ જ જરૂરની જાહેરખબરોનાં વર્તમાનપત્રોમાં એ જ મથાળાં હોય છે કે, 'વાંચશો નહિ,' એટલે વાંચકો તે ટુકડો વધારે ઉત્કંઠાથી વાંચે છે.

"કોઈ મનુષ્યે એક સાધુ પાસેથી મંત્ર લેવાની ઇચ્છા કરી. તે મહાત્માએ મંત્ર બતાવી કહ્યું કે, 'ત્રણ માળા જપવાથી મંત્ર સિદ્ધ થઈ જશે. પણ એમાં એટલો ભેદ છે કે, માળા જપતી વેળાએ કોઈ વાંદરાનો વિચાર મનમાં આવવો ન જોઇએ.' એ પ્રમાણે થોડોક પ્રયત્ન કરવા પછી તે બિચારો આવીને સાધુને કહેવા લાગ્યો કે, 'વાંદરો આટલા દિવસ મારા ધ્યાનમાં સ્વપ્ને પણ આવતો ન-હોતો, પણ તમારા નાપાડવા પછી હવે તો તે મારા વિચારમાંથી ખસતો જ નથી.' આવા પ્રકારનો ઉપદેશ અમેરિકાના શિક્ષકો આપતા નથી. બાળકોનું શિક્ષણ ત્યાં કિન્ડરગાર્ટન-બાળોદ્યાન-ના ક્રમથી થયા કરે છે. શિક્ષક પોતાના વિદ્યાર્થી બાળકો સાથે ખેલતા, કુદતા અને ગાતા નાચતા તેમને શીખવતા જોવામાં આવે છે. બાળકો પણ હસી ખુશીથી પોતાનું શિક્ષણ મેળવતા જાય છે. જેમકે, બાળકોને સ્ટીમર વિશેનો પાઠ ભણાવવો હોય, તો લાકડાની એક સ્ટીમર દરેક વિદ્યાર્થી બાળકની ખુરસી આગળ રાખવામાં આવે છે, અને બાંબુની સળીઓ પણ પાસે પડેલી હોય છે, કે જેથી નવી સ્ટીમર બનાવી શકાય. બાળકો સાથે બાળક બની ગયેલા શિક્ષકો અથવા શિક્ષિકાઓ, એ વેળાએ બાળ-કોને કહે છે કે, 'અમે તો આગબોટ બનાવીશું-આજે તો અમે આગબોટ બના-વીશું,' એટલે દેખાદેખી બાળકો પણ કહેવા માંડે છે કે, 'ત્યારે તો અમે પણ આગબોટ બનાવીશું,' એમ કહીને બધાં સાથે બેસી જાય છે અને જરાવારમાં આગબોટ તેયાર થઈ જાય છે. એકે બનાવી, બીજાએ બનાવી-જો કોઇને બનાવતાં ન આવડે તો શિક્ષકે સહાયતા કરી કે કામ થઈ ગયું. પછી બાળકો ઘણા જ શોખથી સવાલ કરવા માંડે છે કે, "આ ભાગનું શું નામ છે? આ ભાગ કયા નામથી ઓળખાય છે? આ શું છે?" શિક્ષક કે શિક્ષિકા સઢ, ડોલ વગેરે બધા ભાગોનાં ભિન્ન ભિન્ન નામો બતાવ્યા કરે છે અને બાળકો સ્ટીમરના વિષયની બધી બાબતો સહજમાં જ શીખી જાય છે. આપણી શાળાનું શિક્ષણ લો. ત્યાં ખીલો કહો!-ખીલો કરીને બાળકોના માથામાં ખીલો ડોકાઈ જાય છે, પણ ખીલો શું છે, એની તેમને ઓળખાણ થતી નથી. આપણે ત્યાં વસ્તુના નામનું પ્રથમ જ્ઞાન આપવામાં આવે છે, પણ વસ્તુનું મરણ પર્યન્ત પણ દર્શન ન થાય તો ચાલી જાય. પશ્ચિમમાં બાળકો સવાલ કરે છે કે અમુક કહ્યું તે શું?-એમ બાળકોનો સવાલ પૂછવાનો

સર્વત્ર કાયદોજ છે—અને શિક્ષક તેમને પૂરેપૂરા જવાબ સમજાવીને આપે છે. આ દેશના મોટા મોટા શિક્ષકોને નાનાં નાનાં બાળકોને સવાલ કરતાં અને તેમને મુંઝાવી નાખતાં શરમ જ નથી આવતી. આત્માને આસ્વાદ ન આવે, તે શિક્ષણ જ શાનું? અહીં તો શિક્ષકને જોતાં જ બાળકોના ભયથી પ્રાણ જ પ્રયાણ કરી જાય છે! ત્યાં બાળકોનો જેટલો શિક્ષકોમાં સ્નેહ ભાવ હોય છે, તેટલો સ્નેહ માબાપ સાથે પણ હોતો નથી. જે આનંદ તેમને શાળામાં મળે છે, તે આનંદ ઘરમાં મળી શકતો નથી. ત્યાં સ્કુલોમાં દરમાયો લેવામાં આવતો નથી અને વિદ્યાર્થીઓને પુસ્તકો પણ મુફત આપવામાં આવે છે. આ દેશકી બાતો સબસે ન્યારી ઓર અકારી હૈ.

"હવે અમેરિકાની દુકાનોની સ્થિતિ સાંભળો. ચીકાગોમાં રામ એક દુકાનમાં ગયો, અને તે નિમંત્રણને લીધે કે, જે દુકાનનો વિસ્તાર ગાઝીપુર ગામના ત્રીજા ભાગથી ઓછો તો નહિ જ હોય. એ દુકાનની નીચે બીજા પચીસ મજલા હતા. જે મજલામાં જવું હોય, ત્યાં યંત્રની સહાયતાથી તત્કાળ જઈ શકાતું હતું. દરેક મજલામાં નવી નવી જાતનો સામાન ભરેલો હતો. ત્યાં રોજ કરોડો ગ્રાહક આવે છે. પણ દુકાનવાળાઓની રાહ રીતિ બધાં સાથે એક સરખી જ હોય છે. કોઈ લાખનો ખરીદદાર હોય કે કોઈ પાંચ પૈસાની વસ્તુ લેવા આવ્યો હોય, પણ તેઓ તો તેને એક નજરથી જ જુએ છે. ત્યાં કીંમત પણ જે વસ્તુપર જેટલી લખેલી હોય છે તેટલી જ લેવાય છે—કોડી વધારે પણ નહિ અને કોડી ઓછી પણ નહિ. અને તેઓ બધા સાથે હસીહસી અને આદરથી જ વાત કરે છે. જો કોઈ કાંઈ પણ ન ખરીદે અને દશ વસ્તુઓની અમથી કીંમત પૂછીને હેરાન કરે ને ચાલ્યો જાય તોપણ તેઓ કંટાળ્યા વગર તેને દરવાજા સુધી પહોંચાડવાને જાય છે, અને રીત પ્રમાણે સાહેબ સલામ કરે છે. એ મોટી દુકાનપર જ નહિ, કિંતુ ત્યાંની સાધારણ દુકાનોમાં પણ એવો જ વિવેક જોવામાં આવે છે.

"અમેરિકા, જાપાન, ઈંગ્લન્ડ, જર્મની ઇત્યાદિમાં પોલીસ બહુ જ લાયકીવાળી અને પ્રજાને તાબે રહેનારી પ્રજારક્ષક છે, પ્રજાભક્ષક નથી. ઘણા શ્રોતાઓ કદાચિત્ મારા વ્યાખ્યાનનો છેડો જોવા પણ ઇચ્છતા હશે! અને અમેરિકાના લોકોની પ્રશંસા બહુ થઈ, હવે પૂર્ણાહુતિ કરો, એમ પણ કહેવાને તૈયાર હશે. હવે એમનાં ગીત ક્યાં સુધી ગાતા રહેશો? શું આપ અમને અમેરિકન બનાવવા ઇચ્છો છો? એવી શંકાવાળાઓને રામ કહે છે કે, શું ભારતવાસીઓ અમેરિકન બને? દૂર! દૂર!! દૂર!!! જેના મનમાં એવો વિચાર પણ આવ્યો હોય, તે દૂર થાઓ અને એવી

આશા જો કોઇએ રાખી હોય તો તેનો પણ લોપ થાઓ. રામનો એવો મનોભાવ છે જ નહિ, થયો પણ નથી, અને થશે પણ નહિ. ભારતવાસીઓ ભારતવાસી જ રહો! ભારતમાં છે તે કયે નથી, પણ ત્યાં છે તે હાં નથી. અલબત, કેટલીક વાતો તો આપણે તેમની પાસેથી જરૂર લેવી જ જોઇએ. આપણે નાશના પાશમાંથી બચવા ઇચ્છતા હોઇએ અને આપણું હિંદુત્વ આપણને કાયમ રાખવું હોય, તો આપણે એમની વિદ્યાકળાનો સ્વીકાર કરવો જ જોઇએ. હું તો ગમે તે રીતે મળે તોય એ લઈ લઇશ. રામની તો એવી જ ભાવના છે કે, પોતે હિન્દુસ્તાનીના હિન્દુસ્તાની કાયમ રહીને, અમેરિકા આદિ દેશવાળાઓ કરતાં પણ વધી જાય. પણ એ વાત તેમને તિરસ્કારવાથી સિદ્ધ થઈ શકે એમ નથી. આજે વીજળી, રેલવે, તાર ઇત્યિાદિથી જમીનનો મુફાસલો અને કાળ એ બન્નેને ખાઈ ગયા છે. વિશાળ સૃષ્ટિ એક નાનો ટાપુ બની ગઈ છે, જે દેશો સર્વથા ભિન્ન દેશ તરીકે માનવામાં આવતા હતા, તે નગર થઈ ગયાં છે, અને આગળનાં નગરો તે ગલીઓ બની ગઈ છે. આ વખતે જો આપણે પોતાને ભિન્ન જ રાખવા માગિયે અને પોતાને બીજી જાતિઓથી ભિન્ન માનીને પોતાના જ અઢી ચોખાની ખીચડી રાંધવાની ઇચ્છા રાખિયે, આજે વીસમી સદીમાં આપણે જો આગળના પુરાતન રીતિ રિવાજો જ રાખિયે અને પશ્ચિમના સુધારાને લેવાનું છોડી દઇયે, તેમ જ ઉધારધર્મને છોડીને નગદધર્મને ન સ્વીકારિયે, તો આપણે ફોતરા પેઠે જ ઉડી જવાના. કાળ અને પોતાની સ્થિતિને પિછાનો.

"કુંચન હોવે કીચમે, બિખમેં અમૃત હોય;
બિદ્યા, નારી નીચમેં, તીનો લીજે સોય."

——:0:——

પ્રકરણ ૫૦ મું

લાહોરમાં લેકચર–સ્વાત્માર્પણ કરો !

આગળ ચાલતાં શ્રોતાઓના આનંદ ને ઉત્સાહમાં વૃદ્ધિ કરતાં, નવીન જીવનમાં પ્રવેશ કરતાં શ્રીરામભજનાનંદ બોલ્યા કે; "પ્રિય આર્યજનો! જ્યારે રામ અમેરિકામાં વસતો હતો, ત્યારે માથે પાઘડી હિન્દુસ્તાનની જ ધારણ કરતો હતો. પરંતુ બજારોમાં બરફ હોવાથી પગમાં જોડા તે જ દેશના ધારેલા હતા. લોકોએ પૂછ્યું કે, "કેમ સાહેબ! જોડા પણ હિન્દુસ્તાનના નથી પહેરતા ?" એના ઉત્તરમાં રામે જણાવ્યું કે, 'માથું તો હું હિન્દુસ્તાની જ રાખીશ, પણ

પગ તમારા.' જ્યારે આર્યાવર્ત્ત પૂર્ણ ઉન્નતિની અવસ્થામાં હતું, ત્યારે તે પોતે આ તળાવોનું દેડકું થઈ રહ્યું નહોતું.

"જે વેળાએ પુષ્કરમાં યજ્ઞ થયો હતો, તે વેળાએ હબસી, ચીની અને ઇરાની વગેરે જાતિઓને નિમંત્રણ આપવામાં આવ્યું હતું; અને રાજસૂયયજ્ઞ પૂર્વે ભીમ, અર્જુન, નકુળ અને સહદેવ આદિ દૂર દૂરના બીજા દેશોમાં ગયા હતા. રામચન્દ્ર પોતે પણ, આર્યાવર્ત્તની મર્યાદા મૂકી સેતુ ઉલ્લંઘીને આવશ્યકતા પડવાથી સમુદ્ર પાર ગયા હતા.

"તે સમયમાં આર્યાવર્ત કોઈ બીજા દેશનું મોહતાજ હતું નહિ. પણ આજે તો બીજા દેશોની વિદ્યાકળા શીખવાની એટલી બધી આવશ્યકતા છે કે, તે વિના સર્વસ્વ જવાનો પણ સંભવ છે. અત્યારે યુરોપ, અમેરિકા, જાપાન ઇત્યાદિ અન્ય દેશોની વિદ્યાકળાથી આપણે પોતાને હીન અને દીન રાખવા ન જોઇએ. બહારની હવા લાગવાથી આપણા જીવમાં નવીન જીવ આવી જવાનો સંભવ છે અને આપણે ખરેખરા હિંદુ બની જઇશું. બહાર નીકળવાથી આપણાં શાસ્ત્રો અને આપણી નીતિ રીતિનું વધારે મૂલ્ય અંકાશે, અને આપણાં શાસ્ત્રોનો વ્યવહારમાં પણ ઉપયોગ થવા માંડશે. પુરાણોમાં સાંભળવામાં આવતું હતું અને ભણવામાં આવતું હતું કે, ફલાણા ઋષિના શાપથી ફલાણા મનુષ્યની સ્થિતિમાં આવો આવો ફેરફાર થઈ ગયો. યોગવાસિષ્ઠમાં પાષાણ સમસ્ત સૃષ્ટિને બનાવી દેવાનું વર્ણન આવે છે, પણ અમેરિકામાં તો એનાં અનેક ઉદાહરણો પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થઇ ચૂકયાં છે. યુનિવર્સિટીનાં મકાનો અને હોસ્પીટલોમાં એવા એવા ચમત્કારો કરવામાં આવે છે કે, સહસ્રાવધિ બીમારોને માત્ર વિચાર અને ધારણાના બળથી જ સારા કરવામાં આવે છે. વિઝર્ડો–જાદુઇ ખેલો કરનારાની સફાઈથી ટેબલની ઘોડી નજરે પડવી, અને સાધારણ મનુષ્યમાં ડાકટર પોલનાં દર્શન થવાં, મનુષ્યત્વનું પરિવર્ત્તન થઇ જવું–દૃષ્ટિગોચર વસ્તુઓનું અદૃષ્ટ થઇ જવું–ઇત્યાદિ નજરોનજર જોવામાં આવે છે.

"સંસ્કૃતમાં વેદાંતના વિચારો બહુ જ ગહન અને અવ્યક્ત છે. અવધૂતગીતા, અષ્ટાવક્રગીતા, શંકરાચાર્ય સ્વામીનાં સ્તોત્રો અને કેટલેક ભાગે યોગવાસિષ્ઠ એ વેદાંતના ગ્રંથો છે, અને ફારસીમાં સમ્સત ત્રીજનાં વચનો સર્વથી પ્રબળ વેદાંતનાં પ્રદર્શક છે. એથી ઉતરતી 'મસ્નવી' છે. શેખ અત્તાર અને મગરબી ઇત્યાદિ છે. પરંતુ અમેરિકામાં વાઇટ રેમંડના વાકયોમાં પણ એ જ વેદાંતની દેખાતી મદોન્મત્તતા જે મુક્તિનું ભાન કરાવે છે, તે જોઇને કોઇને પણ આશ્ચર્ય થયા વિના

રહે તેમ નથી. અષ્ટાવક્રગીતા, અવધૂતગીતા અને શંકરાચાર્યનાં સ્તોત્રો, સમ્સતબ્રીજ અને ભુલશાનાં વચનો ખરેખર જ મુક્તિના દ્વારનું દર્શન કરાવનારાં છે.

"ઠટકર ખડા હું ખૌફસે ખાલી, જહાનમેં;
તસ્કીને દિલભરી હય મેરે દિલમેં જાનમેં;
સુંધે જબાં મકાંમેં મેરે પયર મિસ્લે સગ;
મર્યે કયસે આ સકું હું યું કયદે બયાનમે?

"હબસી ગુલામોને સ્વતંત્રતા આપવા માટે અમેરિકાના દેશઝગડાની વખતે એ વાઇટ રેમંડ દરેક ઝગડામાં સર્વથી આગળ પડતો ભાગ લેતો હતો. બન્ને તરફના ઘાયલ થયેલા યોદ્ધાઓને મલમપટી કરવી, તરસ્યાને પાણી પીવડાવવું, તરફડતા જીવડાને પોતાની શુશ્રૂષાથી જીવમાં જીવ લાવવો અને એ જ સમયે પોતાની નવી રચેલી ચોપડીનાં કેટલાંક પ્રસંગને અનુસરતાં કાવ્યો ગાતા ફરવું, એ બધું તેનું એક સાધારણ કાર્ય હતું. એ લડાઇ અને યુદ્ધના વખતમાં વાઇટ રેમંડ એવો તો મદોન્મત્ત થઇને ફર્યા કરતો હતો કે, જેવી રીતે ભોલાશંકર ભૂત પ્રેતોનો સમૂહોમાં અને શ્રીકૃષ્ણ ગોપીઓના મંડળમાં ફરતા પુરાણોમાં વર્ણવેલા છે. એ પછી એક ચાલતી લડાઈઓમાં અર્ધ મરેલા એવા એક દુ:ખભંજન દેવદૂતનાં દર્શન કરતાં પ્રાણમુક્ત થયો! તે ખરેખર મુક્ત થઇ ગયો–

"શબ હો પ્યાસ ભૂત હો તૂફાં હો છેડ છાડ;
જંગલ કે પેડ કબ ઇન્હે લાતે હયેં ધ્યાનમેં ?;
ગર્દિશસે રોજગાર કે દિલ જાય જિસ્કા દિલ;
ઇન્સાંન હો કે કમ હયેં દરખ્તોકી શાનમે ?

એવા જ પ્રકારનો એક બીજો બ્રહ્મનિષ્ઠ અમેરિકામાં હેનરી થ્રો પણ થયો છે. એ સાચો બ્રહ્મચારી, એકાંતવાસમાં અને જંગલોમાં સંન્યાસીનું જીવન વીતાડતો હતો. તે સૃષ્ટિસેવકસાધુ હતો નહિ. અમેરિકાનો સર્વથી મોટો અને જાણીતો નિબંધકાર એમર્સન, એ હેનરી થ્રોના સંબંધમાં લખે છે કે, 'મધુ મક્ષિકાઓ એના ખાટલાપર સાથે જ સુઇ રહે છે, પણ એ નિર્ભય પ્રેમની પ્રતિમાને દંશનો વિકાર કરતી નથી. જંગલના સર્પો તેના હાથે અને પગે વીંટળાઈ જાય છે, પણ તેમની તેને જરાપણ ભીતિ હોતી નથી. કેવો દયાભૂષણ?' એમર્સને એકવાર માર્ગમાં ચાલતાં ચાલતાં તેને પૂછયું કે, 'અમેરિકાના મૂળ વતનીઓનાં તીર ક્યાં મળી શકે છે?' તેણે તત્કાળ જવાબ આપ્યો કે, 'જ્યાં ઇચ્છો ત્યાં.' એટલામાં નમીને તેણે એક તીર ઉપાડીને તેને આપી દીધું. વેદોમાં પણ એ જ દૃષ્ટિ સૃષ્ટિ-

વાદનો વારંવાર ઉલ્લેખ કરવામાં આવેલો છે. એમર્સન, કે જેણે નવી સૃષ્ટિમાં નવો આત્મા પ્રવેશાવી દીધો હતો, અર્થાત્ તેના લેખોથી લોકોમાં એક નવા જ ભાવનો ઉદ્ભવ થયો હતો, એવા એક વિદ્વાનનાં વાક્યો અસત્ય હોય જ નહિ. ભગવદ્ગીતા અને બીજા ગ્રંથોનો તે બહુ જ સારો વિદ્વાન્ હતો. તેણે પોતાના લેખોમાં વારંવાર ગીતા અને ઉપનિષદોનાં પ્રમાણો–વાક્યો આપેલાં છે. વળી એના મિત્રોના કથનથી પણ જાણવામાં આવ્યું છે કે, તેના વિચારોમાં ખાસ કરીને ગીતા અને ઉપનિષદોનો ઘણો જ પ્રભાવ પડેલો હતો. મહાત્મા થ્રો પોતાના એક લેખમાં લખે છે કે, 'હું ઉષ:કાળમાં ઊઠીને ભગવદ્ગીતાના પવિત્ર ગંગાજળમાં મારા મસ્તિષ્ક અને હૃદયને સ્નાન કરાવું છું. એ એટલો બધો પવિત્ર અને ગહન તત્ત્વ-જ્ઞાનનો ગ્રંથ છે કે, જગતમાં એનો પ્રચાર થવાને સહસ્રાવિધિ વર્ષો વ્યતીત થઈ ગયાં છે, તો પણ એના જેવી બીજી કોઈ રચના અદ્યાપિ પ્રસિદ્ધિમાં આવી શકી નથી. એની સાથે સરખાવતાં આપણી વિદ્યા અને આપણા તત્ત્વજ્ઞાનના ગ્રંથો બિલકુલ આપણને ઉતરતા પ્રકારના જોવામાં આવે છે. એ ગ્રંથની જ્ઞાનગંભીરતા એટલી બધી ઉચ્ચ પ્રકારની અને અદ્વિતીય છે કે, એને જોતાં જ એવો વિચાર બંધાઇ જાય છે કે, એ ગ્રંથની રચના કોઈ બીજા જ યુગમાં થએલી હોવી જોઇએ.' એક બીજા પ્રસંગે મિસરના પીરેમિડસનો ઉલ્લેખ કરતાં થ્રો લખે છે કે, 'પાછલા જમાનાની સ્મૃતિ કરાવનારી જેટલી વસ્તુઓ છે, તેમાં ભગવદ્ગીતાથી વધારે સારી વસ્તુ બીજી એક પણ નથી.' એ જ ભગવદ્ગીતા અને ઉપનિષદોનું શિક્ષણ જો વ્યવહારમાં આવી જાય, તો તે જ રોકડો ધર્મ થઈ જાય. એને જ પોતાની રગેરગમાં પ્રસરાવીને આજે વિદેશીયો આટલી ઉન્નતિ પ્રાપ્ત કરતા જોવામાં આવે છે. તમારા પાસે પ્રોમીસરી નોટ તો મોજૂદ છે, પણ એ નોટનું ભક્ષણ કરી નથી શકાતું. એ ગમે તેટલી કીમતી હોય તો પણ એથી ક્ષુધા અને પિપાસાનો લોપ નથી થતો; અર્થાત્ એ નોટને વટાવીને તેના રોકડા રૂપિયા મેળવવા જ જોઇએ. આજે તે લોકો એ નોટના રોકડા રૂપિયા આપવાને શક્તિમાન્ છે. આજે તમારી એ હુંડી ત્યાં જ ખરી થઈ શકે એમ છે. માટે જાઓ તેમની પાસે.

"જ્યારે સીતાજી અયોધ્યાથી વનમાં સીધાર્યાં, તે વેળાએ તેમના પાછળ શોભાનો લોપ થયો, શોક પ્રસરી ગયો, પ્રજા દુ:ખી થઈ ગઈ અને રાજાના (રાજા દશરથ) પ્રાણ પ્રયાણ કરી ગયા; રાણીઓમાં રુદનનું રાજ્ય વિસ્તરી ગયું, રાજ્યા-સન ચૌદ વર્ષ સૂધી શૂન્ય જ–રાજા વિનાનું જ પડી રહ્યું. જ્યારે સીતાજીને સમુ-દ્રપારથી પાછાં લાવવાને શ્રી રામચંદ્ર તૈયાર થયા, તે વેળાએ પક્ષિરાજે (જટાયુ

અને ગરુડ) ઇત્યાદિ પણ સહાયતા માટે તૈયાર થઈ ગયા. જંગલનાં પશુઓ (વાંદરા અને રીંછ ઇત્યાદિ) પણ લડવા અને મરવા માટે તેમની તહેનાતમાં આવીને ઊભાં રહ્યાં કહેવામાં આવે છે, પોતાની શક્તિ અનુસાર મગરિયો ઈત્યાદિ જલચરોએ પણ મોઢામાં રેતીનાં કણ ભરીભરીને પુલ-સેતુ બાંધવામાં સહાયતા કરી હતી, હવા અને પાણીએ પણ પોતાની અનુકૂલતા કરી આપી હતી, પાષાણોને પણ જ્યારે સમુદ્રમાં પધરાવવામાં આવ્યા, ત્યારે તેઓ સીતાની સહાયતા માટે પોતાના જાતિ સ્વભાવને ભૂલી ગયા અને ડુબવાને બદલે પાણીની સપાટીપર તરવા લાગ્યા.

"કુનમ સદસર ફિદાયે પાયે સીતા;
યે ચકતા સર ચેદાના સર યે સીતા?

"એનો ભાવાર્થ એવો થાય છે કે, અમે અમારાં સો માથાં સીતાનાં ચરણોમાં અર્પણ કરિયે છિયે. એ માથું ક્યાં, તે બુદ્ધિમાન્ માથું ક્યાં? સીતાનો મર્ત્તબો ક્યાં અને અમે ક્યાં?

"અહીં સીતા શબ્દનો અર્થ રામાયણની સીતા નથી, કિન્તુ એનો અર્થ બ્રહ્મવિદ્યા સાથે સંબંધ ધરાવે છે. એ વ્યવહારવિદ્યા અને સત્ય બ્રહ્મવિદ્યાનો ત્યાગ કરવાથી જ આજે આર્યાવર્ત્ત આટલી વિપત્તિઓથી હણાઈ ગયેલું જોવામાં આવે છે. ભારતવર્ષના શિરે ક્યાં સંકટો નથી આવ્યાં વારુ? ક્યાં દુઃખ અને કયા રોગે આપણને પોતાનું નિવાસસ્થાન નથી બતાવ્યું વારુ? હાય! આપણી સીતા-આપણી બ્રહ્મવિદ્યા સમુદ્રપાર ચાલી ગઈ છે, અને તેટલા માટે તે આપણી સીતાને સમુદ્રપારથી પાછી લાવવા માટે તૈયાર થઈ જાઓ, અને જુઓ કે, સૃષ્ટિની સર્વ શક્તિઓ પોતપોતામાં સંપ કરીને તમારી સેવામાં કેવી રીતે આવીને ઊભી રહે છે. સૃષ્ટિ-નિસર્ગના નિયમો-પ્રતિજ્ઞાઓ લઈ લઇને કમર બાંધીને તમારી સેવા માટે તૈયાર થઈ ઊભા છે. નિદ્રાથી જાગૃત થાઓ અને જુઓ કે એ પ્રમાણે થાય છે કે નહિ-

"સારે જહાંસે અચ્છા હિંદોસ્તાં હમારાં;
હમ બુલબુલેં હયેં ઇસકી યે બોસ્તાં હમારાં."

"ગૃહસ્થો! અહીં મારા આજના વ્યાખ્યાનના વિષયની પરિસમાપ્તિ થાય છે. તે પ્રસંગે બે વાત કહેવી અનુચિત નથી, કે ભ્રમ મટી જાય. પ્રવાસો-દેશાટણો, દેશોદય માટે કરવાના છે. ફક્કડભાઈ બની મોજ ઉડાવવા માટે પ્રદેશોમાં નથી ભટકવાનું. આપણા નવયુવકો ભટકવા જાય છે તેને માટે મારે નથી કંઈ કહેવાનું. જાય તો ભલે જાય, તેઓ દેશોન્નતિ કરનારા નથી, ભટકતા બુડિયનો છે, દેશાભિમાન રહિત નિર્જીવ કીડા છે, તેમનું આયુષ્ય જ અલ્પ છે. પણ જેઓ વિદ્યા-કળા-શાસ્ત્રના

શોધક છે તેમને આર્યાવર્ત્તની ઉન્નતિ માટે ઉત્તર ધ્રુવથી તે દક્ષિણ ધ્રુવ સુધી જવા દો. જાપાન એ જ રોકડધર્મથી નવું જીવન પ્રાપ્ત કરી શક્યું છે. હવે અંતમાં મારે તમને માત્ર બીજી એક જ વાત જણાવવાની છે, અને તે એ છે કે તમારામાંના ઘણાકોને કદાચિત્ મનમાં એવી શંકા થઈ હશે કે રામ પોતે એક નિવૃત્તિપરાયણ અને શાંત સંન્યાસી હોવા છતાં, વ્યવહાર પક્ષને વિશેષ ઉપયોગી થઈ પડે એવા રોકડા ધર્મનો ઉપદેશ આપવાને કેમ તત્પી રહ્યો હશે? એ તમારી શંકાનું નિવારણ કરવું એક મુખ્ય કર્તવ્ય છે. રામ પોતે કદાચિત્ સંન્યાસી થયો છે, પણ અત્યારે એકત્ર થયેલા તેના શ્રોતાઓ કાંઈ સંન્યાસી નથી. તેમને તો પોતાનો વ્યવહાર હજી સારી રીતે ચલાવવાનો છે અને પોતાની પ્રજા પણ પાછળથી તેવી જ વ્યાવહારિક નીપજે એવી સર્વની ઇચ્છા હોય, એ સ્વાભાવિક જ છે. માટે એવા શ્રોતૃસમાજ સમક્ષ વ્યવહાર પક્ષની સ્થાપના કરવામાં જ વધારે લાભ અને ભવિષ્યની ઉન્નતિનો સંભવ સમાયલો છે. તે જ મેં બોલ્યો છે. જો બધા જ મળીને સંન્યસ્ત દીક્ષા લેવાને તૈયાર થાય, તો દેશને ભુખે મરવાનો પ્રસંગ આવ્યા વિના બીજો કશો પણ લાભ થઈ શકે જ નહિ. હા, ગૃહસ્થાશ્રમમાં રહી, પોતાની, પોતાના પરિવારની અને પોતાના દેશની ઉન્નતિ કરવા સાથે જો કોઇથી પરમાર્થ પણ સાધી શકાતો હોય, તો તે સાધવાનો તેને પૂરેપૂરો અધિકાર છે. પરંતુ સાધારણ નિયમ તો એવો જ છે કે, પ્રથમ સ્વાર્થ અને પછી પરમાર્થ. શબ્દથી વ્યક્તિવિષયક લાભ લેવાનો નથી, કિંતુ દેશબાંધવોની સમષ્ટિનો અર્થ વ્યાપ્ત રીતે લેવાનો છે. એ વિશે આગળ વિવેચન થઈ ગયેલું હોવાથી અહીં વધારે વિવેચનની કશી પણ આવશ્યકતા નથી. માટે રામનો તો તેમને એજ વારંવાર ઉપદેશ છે કે, અતિ ભિન્નતા ન રાખીને, બીજા પાસેથી જે સાર ગ્રહણ કરવા જેવો હોય, તેનું ગ્રહણ કરીને પોતાના આત્માની-પોતાના જાતિ અને દેશ વ્યાપ્ત આત્માની કોઈ પણ પ્રકારે ઉન્નતિ કરવાને પ્રયત્ન કરો, અને સદા સર્વદા પાઠ કરતા ઉદ્યોગમાં તન, મન અને ધનથી મચ્યા રહો–

"उद्योगिनं पुरुषसिंहमुपैति लक्ष्मीर्दैवेन देयमिति का पुरुषावदन्ति ।
दैवं विहाय कुरु पौरुषमात्मशक्त्या यत्ने कृते यदि न सिद्ध्यति कोऽत्र दोषः ॥

"બોલો ભારતવર્ષનો જય! જય! જય! ઉન્નતિની આશા રાખીને સર્વ બંધુઓ મુખથી જય સચ્ચિદાનંદનો આનંદદાયક નામોચ્ચાર કરો!"

આ ભાષણથી આપણા એક સમયના માણેકચંદ ઉર્ફે ઇમ્તેહાનચંદ બહાદુર પણ

હાલના નવીન અવતારધારી **રામભજન** સ્વામીનું **લાહોર**માં અત્યંત ગૌરવ થયું. સ્વામીશ્રીને માનદર્શક પુષ્પમાળા ઇત્યાદિનો આરોપ કરીને સભા વિસર્જન કરવામાં આવી.

થોડોક વખત એવી રીતે **પંજાબ**માં પર્યટન કરી લોકોને પોતાના જ્ઞાનનું દાન આપીને સ્વામી **રામભજન** પોતાના ગુરુસ્વામી **રામતીર્થ** સાથે યોગનો અભ્યાસ વધારવા માટે **હિમાલય**ના પરમ આનંદદાયક પ્રદેશમાં પ્રયાણ કરી ગયા છે. ત્યાં ઉગ્રયોગનો અભ્યાસ કરે છે. પોતાના એક પત્રમાં સ્વામી **રામભજનાનંદ** લખે છે કે, સમય આવે "ગુજરાતી"ના પ્રદેશમાં ઉતરી પડી, મારી બાનકની બલહાર સુણાવીશ. **મુંબઈ**ની પ્રજાનાં સુભાગ્ય હશે તો એ મહાત્માનાં દર્શન એક રોજ થશે.

ઉપસંહાર

આપણી નવલકથાનો અહીં અંત આવે છે. છતાં પણ આ નવલકથામાંથી આપણે શો સાર સ્વીકારવા જેવો છે, તેનો જો અહીં કિંચિત્ ઉલ્લેખ કરવામાં આવશે, તો તે અસ્થાનીય અથવા અપ્રાસંગિક તો નહિ જ ગણાય, એવી ધારણાથી અહીં થોડુંક વધારે લખવાની જરૂર છે.

આપણી નવલકથાનો નાયક **માણેકચંદ** છે, અને તેના જીવન ચરિત્રમાંથી આપણે કેટલોક સાર લેવાનો છે; તે એ છે કે, બી. એ., એમ. એ. અને એવી બીજી પદવીઓ મેળવ્યા પછી પોતાના પેટ પૂરતી નોકરી મળી, એટલે સ્વદેશ બંધુઓ અને સ્વજાતિ બંધુઓના લાભને સર્વથા વિસરી જઇને પોતાના સ્વાર્થમાં જ મચ્યા રહેવું, એ આપણો ધર્મ નથી. **માણેકચંદ** પ્રથમથી જ ભારતવર્ષના શિક્ષણક્રમમાં સુધારો કરવાની અને ભારતવર્ષને ઉન્નત બનાવવાની અંતઃકરણપૂર્વક ભાવના રાખતો હતો, એનું વાચકોને પુનઃ સ્મરણ કરાવવાની આવશ્યકતા નથી. હવે તે કાર્ય સફળ થયું કે નહિ, એ જૂદી વાત છે. કારણ કે એવાં કાર્યોમાં બીજાં પણ અનુકૂળ સાધનોની આવશ્યકતા હોય છે. તે જો મળી ન શકે, તો નિરાશા થાય જ, અને થવી જ જોઇએ. પણ તેથી એવું તાત્પર્ય નથી કે, પ્રયત્ન છોડી દેવો. "यत्ने कृते यदि न सिद्ध्यति कोऽत्र दोषः?" એનું વારંવાર પઠન કરવું અને ઉદ્યોગમાં મચ્યા રહેવું એટલે "कः कालः फलदायकः"

પંજાબ, **બંગાળ** અને **મહારાષ્ટ્ર** દેશના આંગ્લવિદ્યાની પરીક્ષામાંથી ઉત્તીર્ણ થયેલા તરુણો કાંઈ પણ સ્વદેશોન્નતિની દિશામાં પ્રયત્ન કરતા આપણા જોવામાં આવે છે, તેટલું શૌર્ય ગુજરાતીઓમાં દેખાતું નથી.

સરકારી અમલદાર થવામાં અને વકીલ બારિસ્ટર થઇને કોર્ટમાં કેસ ચલાવવામાં દેશની ઉન્નતિનાં નહિ, કિંતુ દેશની અવનતિનાં જ વધારે ચિહ્નો દૃષ્ટિગોચર થાય છે. જ્યાં ટંટા બખેડા અને પરસ્પર વિગ્રહોની જ વિપુલતા હોય, ત્યાં જ વકીલ બારિસ્ટરોનો ધંધો વધારે ધીકતો ચાલી શકે છે. વળી એવા ધંધાઓમાં સ્વાભાવિક રીતે જ અંતઃકરણની ભાવનાઓ ભ્રષ્ટ થઈ જાય છે. જેમ સ્મશાનમાં લાકડાનો વ્યાપાર કરનાર વ્યાપારીને એક દિવસે ઓછી કમાણી થાય છે, તો તેના મુખમાંથી સ્વાભાવિક રીતે જ એ શબ્દો નીકળી પડે છે કે, "આજનો દિવસ કેવો અભાગિયો ઊગ્યો છે, કોણ જાણે કોણ ચંડાળનું મ્હોં જોયું!" એનું તાત્પર્ય શું વારુ ? એ જ કે, આજે મડદાં ઓછાં આવવાથી લાકડાનો વધારે ખપ થવા ન પામ્યો, એ જ. અર્થાત્ પોતાના ધંધાની નીચતાને અંગે તેના હૃદયમાં સાધારણ રીતે અને સ્વાભાવિક જ વધારે મરણની ઈચ્છા થતી રહે છે—લોકને દુઃખે પોતે સુખી, એ કેવી અધમતા! એમાં તેનો દોષ ગણિયે તો કદાચિત્ બહુ જ થોડો હોય! એ પ્રમાણે જ બખીલ, સટરપટરો અને બાલીસ્ટર ઝભ્ભા માસ્ટરની પણ વાત છે. તેમનો ધંધો—સ્વાર્થનું સાધન જ—એવો છે કે, ન ઇચ્છતા હોય તોપણ તેમના મનમાં દેશમાં વધારે વિગ્રહ અને ટંટા તકરારો થાય, તો આપણો ધંધો સારી રીતે ચાલે, એવી ભાવના થયા જ કરે છે. તેવા વિગ્રહોના કેસો હાથમાં આવતાં તેમને તે ખોટા હોય, તોપણ તેમને સાચા તરીકે સાબિત કરવા માટે અનેક પ્રકારનાં કાવત્રાં અને કાવાદાવા કરવા પડે છે, એ વાત સર્વ વિશ્રુત અને વિશ્વવિખ્યાત છે. કોઈ કોઈ વાર તો પોતાના કેસો જિતીને ધંધાને ધીકવવાના ધખારામાં બખીલો અને સટરપટરદાસો એવાં એવાં નીચ કર્મો કરી બેસે છે કે, તેથી આપણી એવી જ ભાવના થઈ જાય છે કે, તેમનું નરકમાં પણ સ્થાન થશે કિંવા નહિ ? "ગુજરાતી"ને આગળ ઉપર "સોલીસીટર" નાં કાળાં કર્મોને બતાવનારી એક નવલ કથા "ગુજરાતી"માં પ્રકટ કરવાનો વિચાર છે, માટે તે વિશે અત્યારે વિશેષ વિવેચન કરવું આવશ્યકીય નથી જ.

અત્યારે તો એટલો જ ઉપદેશ આપવો પૂર્ણ થશે કે, આગળ વિદ્યાવિભૂષિત થયેલા તરુણોએ સરકારી નોકરી અને આવા નીચ વ્યવસાયોમાં ન પડતાં, વ્યાપારકળા—સાયન્સ અને કૃષિકર્મ વિદ્યા આદિની ઉન્નતિના વ્યવસાયોમાં વધારે પ્રવીણતા મેળવી તેની ખીલવણી કરીને બને તેટલો સ્વદેશોન્નતિનો પ્રયત્ન કરવો. "હું હિંદુસ્તાની છું" એ ભાવનાની મનમાંથી કોઈ કાળે પણ વિસ્મૃતિ થવા દેવી નહિ જોઇએ. શિક્ષણ, સમાજસુધારણા, સ્વદેશી ઉદ્યોગની વધારણા અને કોંગ્રેસ

જેવા દેશોન્નતિનાં કાર્યોમાં આગળ પડતો ભાગ લેવો, એમાં જ આપણી ઉન્નતિની ભાવી આશા સમાયલી છે. ખોટા સુધારામાં ન તણાઈ જતાં પોતાનું દેશાભિમાન જાળવી રાખવાનો ગુણ પણ માણેકચંદ પાસેથી શીખવા જેવો છે. કરોડોની મિલકત મળવા છતાં પણ માણેક જાપાની ન થયો અને પોતાના દેશના ભલાની જ દિલમાં દાઝ રાખી. એવી દેશદાઝ સર્વના હૃદયમાં એક સરખી રીતે થવી જોઇએ. એ વિશે સ્વામી વિવેકાનંદના નિમ્ન લિખિત ઉપદેશ સાથે આપણે આપણી લંબાયલી નવલ કથાની પૂર્ણાહુતિ કરીશું:—

"Oh India, Forget not that your Ideal woman is Sita, Savitri, Damayanti; Forget not that your Ideal God is the great Ascetic of ascetics, Umanatha Shankara; Forget not that your marriage, your wealth, your life are not for your individual personal pleasure; Forget not that from your very birth, you are sacrificed for the *Mother*. . . . .

Hero, take courage, be proud that you are an Indian,-say in pride, "I am an Indian, every Indian is my brother," say, "the ignorant Indian, the poor Indian, the Brahman Indian, the Pariah Indian, is my brother," be clad in torn rays and say, in pride, at the top of your voice, 'The Indians are my brothers,—the Indians are my life, India's God and goddess are my God, India's Society is the cradle of my childhood, the pleasure garden of my youth, the sacred seclusion of my old age;' say, brothe,-"India's soil is my highest heaven, India's good is my good," and pray day and night, Thou Lord, Thou Mother of the Universe, Vouchsafe manliness unto me,—Thou Mother of strength, Take away my unmanliness and make me man."

"ઓ ભારત વર્ષ! તારી આદર્શ અબલાઓ સીતા, સાવિત્રી અને દમયંતી છે, એ તું ભૂલીશ નહિ; તારો આદર્શ દેવ યતિઓનો પણ મહાન્ યતિરાજ ઉમાનાથ શંકર છે એ તું ભૂલીશ નહિ; તારી ધન અને જીવન આદિ વસ્તુઓ માત્ર તારા પોતાના જ વિષય ઇંદ્રિય ઉપભોગ માટે નિર્માયલી નથી—એ માત્ર તારા

એકલાનાં જ સુખનાં સાધનો નથી, કિન્તુ જન્મથી જ તું તારી માતા–ભૂમિમાતાની સેવામાં સમર્પિત થએલી છે, એ વાતને પણ તારે ભૂલવા દેવી ન જોઇએ.

"હે વીરનર! મનમાં સાહસ રાખ અને અભિમાન ધરાવ કે, તું એક ભારતવાસી છે–અભિમાનપૂર્વક એમ કહે કે, "હું એક ભારતવાસી છું, ને પ્રત્યેક ભારતવાસી જન મારો સહોદર છે," પોકાર કરીને બોલ કે, "અજ્ઞાન ભારતવાસી, દીન ભારતનિવાસી, બ્રાહ્મણ ભારતવાસી અને ભ્રષ્ટ ભારતવાસી સર્વ મારા બંધુ છે;" ફાટેલાં વસ્ત્રો પરિધાન કર અને ગર્જના કરીને કહેતો જા કે, "ભારતવાસી જનો મારા ભ્રાતા છે,–ભારતવાસીઓ જ મારું જીવન છે, ભારતવર્ષનાં દેવ દેવીઓ જ મારાં દેવદેવી છે, ભારતવર્ષનો જનસમાજ મારી બાલ્યાવસ્થાનું પારણું છે, મારી યુવાવસ્થાનું આનંદોદ્યાન છે અને મારી વૃદ્ધાવસ્થાનો પવિત્ર એકાંતવાસ છે."–બંધો, બોલ, કે, "ભારતવર્ષની ભૂમિ જ મારું ઉન્નતમાં ઉન્નત સ્વર્ગ છે, અને આર્યાવર્તનું હિત તેજ મારું હિત છે." તેમ જ દિવસ રાત એજ પ્રાર્થના કરતો રહે કે, "હે પરમાત્મન્! હે વિશ્વમાતા! મારા મનુષ્યત્વનું રક્ષણ કર–હે શક્તિજનનિ! મારાં અમાનુષત્વનો નાશ કરીને મને મનુષ્ય બનાવ!"

"सर्वेऽत्र सुखिनः संतु सर्वे संतु निरामयाः ।
सर्वे भद्राणि पश्यंतु मा किंचिद् दुःखमाप्नुयात्" ॥

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ